Saurashtra University
Re – Accredited Grade ‘B’ by NAAC
(CGPA 2.93)

Jadeja, Anandba H., 2010, *કચ્છના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/144

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિનયન વિદ્યાશાખાના ગુજરાતી
વિષયમાં પીએચ. ડી. ની પદવી માટે પ્રસ્તુત કરવામાં આવેલ

મહાનિબંધ

# કચ્છના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય

# STONE-ERECTED MEMORIALS OF KUTCH AND THEIR TRADITIONAL 'ON THE TIPS OF THE TONGUE' LITERATURE


★ સંશોધક ★

જાડેજા આનંદબા હેમંતસિંહ

★ માર્ગદર્શક ★

ડૉ. અંબાદાન રોહડિયા
પ્રોફેસર,
ગુજરાતી ભાષા-સાહિત્ય ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ - ૫.



રજિસ્ટ્રેશન નંબર :- ૩૬૯૨. તા:-૩૧-૭-૨૦૦૭

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે, આનંદબા હેમંતસિંહ જાડેજાએ મારા માર્ગદર્શન હેઠળ અને મારા સલાહ–સૂચન અનુસાર ' 'કચ્છના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય' નામનો મહાનિબંધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં ગુજરાતી વિષયમાં પીએચ. ડી. ની પદવી માટે તૈયાર કર્યો છે. પ્રસ્તુત મહાનિબંધમાં તેમણે આ વિષય પર અધ્યયન સંશોધન કરીને તેમાં મૌલિક રજૂઆત કરી છે.

વિશેષમાં આ મહાનિબંધ કે તેનો કોઈપણ અંશ પ્રકાશિત થયો નથી કે કોઈ પદવી માટે અન્ય યુનિવર્સિટીમાં રજૂ કર્યો નથી.

**ડૉ. અંબાદાન રોહડિયા**
**પ્રોફેસર,**
**ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન,**
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૫.**

**તાઃ–**

# * ઋણ સ્વીકાર *

આમ તો બાલ્યાવસ્થાથી જ ખાંભી કે પાળિયા જોવાનું આકર્ષણ રહ્યું છે, કેમકે મારા વતનમાં રહેલાં અમારા શૂરાપૂરાનાં દર્શનાર્થે કુટુંબીજનો સાથે જવાનું વારંવાર બનતું. વળી, વરવધૂની છેડાછેડી પણ શૂરાપૂરાના સ્થાનકે જ છૂટે એટલે એ નિમિત્તે જવાનું પણ બનતું, પરંતુ તે સમયે પાળિયાના ઐતિહાસિક મહત્ત્વનો તો ખ્યાલ જ ન હતો, પણ પૂજયભાવથી પ્રેરાઈને તેનાં દર્શન કરવાનું ગમતું. તે સમયે કયારેક મારા પિતાશ્રીને પ્રશ્ન પણ પૂછતી કે આવી ખાંભીઓને આપણે શા માટે પૂજીએ છીએ ? ત્યારે મારા પિતાશ્રી અમારા શૂરાપૂરા જે ગાયો પાછળ શૂરા થયા એટલે પૂજીએ છીએ, એવી વાતો કરતા. વળી, ગામમાં રહેલ અન્ય શૂરાપૂરાની આછેરી ચર્ચા કરતાં આથી તે પાળિયાઓની કથા જાણવાનો શોખ ત્યારથી જ થોડો–થોડો ઘડાયો હતો.

વળી કોલેજ કક્ષાએ ' લોકસાહિત્યનો વિષય ' ભણવામાં આવતો ત્યારે પણ કંઠસ્થ પરંપરાના સાહિત્ય પ્રત્યે ખૂબ લગાવ રહેતો અને મૌખિક સાહિત્યનો રસ વધતો ગયો. આમ, આ કંઠસ્થપરંપરાની રુચિએ મને આ વિષય તરફ સંશોધન કરવા પ્રોત્સાહિત કરેલી.

પરંતુ સદીઓથી ચાલ્યા આવતા આ કંઠોપકંઠ સાહિત્યના સાગરમાંથી મારે કયા વિભાગના વિષયનું ચયન કરવું એ મારે માટે ઘણી કઠિન બાબત હતી. ત્યારે મારા મોટાભાઈના ગુરુ અને ચારણી સાહિત્યના વિદ્વાન એવા અંબાદાન રોહડિયા સાહેબે મારા રસનો અને ગમતો વિષય ( કચ્છના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય ) સૂચવી એ ઉલઝનમાંથી મને મુકત કરી, એટલું જ નહીં, મારા આ શોધકાર્યના માર્ગદર્શક બની, સતત પ્રેરણા અને માર્ગદર્શન પણ પૂરા પાડયા, એ રીતે હું એમની સૌથી વિશેષ ઋણી છું.

એ સાથે જ યાદ કરું છું મારાં સાસુ–સસરા અને માતા–પિતાને જેમના આશીર્વાદને લીધે જ પ્રત્યેક કપરી પરિસ્થિતિમાંથી આગળ વધવાની હિંમત મળી છે. અત્રે તેમને કૃતજ્ઞભાવે વંદન કરું છું.

આ પ્રસંગે શ્રદ્ધેય મારા મોટાભાઈ જાડેજા વનરાજસિંહને પણ યાદ કરીશ કેમકે તેઓ તો નાનપણથી જ મારા માર્ગદર્શક રહ્યા છે, તેમની પ્રેરણાથી જ અભ્યાસમાં આગળ વધી શકી છું. અભ્યાસમાં જયાં–જયાં અટવાતી ત્યાં–ત્યાં તેમણે સહાય કરી છે,

એટલું જ નહીં પણ આ શોધકાર્યમાં પણ તેમણે મને ખૂબ સહયોગ આપ્યો છે.

જેમના સહકાર વિના આ કાર્ય અધૂરું જ રહ્યું હોત એવા મારા પતિ શ્રી વિક્રમસિંહ સોલંકીનું પણ સ્મરણ કરું છું, કેમકે મારો વિષય જ ક્ષેત્રીય સંશોધનનો હોવાથી કચ્છના એક–એક ગામના સીમ–શેઢે, જળાશય કે જંગલ જેવા વિસ્તારમાં પાળિયા પથરાયેલાં હોવાથી ત્યાં એક સ્ત્રી તરીકે એકલું જવાનું શકય ન બને, આ સમયે મારા પતિએ મારી સાથે ફરતાં રહીને, સતત ખેવના સાથે મારા શોધકાર્યમાં સહયોગ આપ્યો છે. તે ભૂલી શકાય તેમ નથી.

આ સાથે યાદ કરીશ મારા જેઠ શ્રી સોલંકી જિતેન્દ્રસિંહ તેમજ મારા નાનકડા દિયર સોલંકી ચંદ્રવીરસિંહને કે જેઓની પાસે સમય ન હોવા છતાં પણ મારા શોધકાર્યમાં ઉત્સાહ દાખવીને કોમ્પ્યુટરમાં જોડણી સુધારણા, ફોટા સેટીંગ તેમજ નકશા સેટીંગનું કાર્ય કરીને મને ઋણી બનાવી છે.

ધોરાજીની આટ્ર્સ અને કોમર્સ કોલેજના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ અને મારા ગુરુ ડો. એમ. આઈ. પટેલ સાહેબનો પણ આ કાર્યમાં સહયોગ પ્રાપ્ત થયો છે, તો આ તકે હું એમનો પણ આભાર માનું છું.

મને પુસ્તકો આપીને મારા કાર્યમાં મદદરૂપ બનનાર ' સંસ્કૃતિ ફાઉન્ડેશન ' ના પ્રમુખ શ્રી બાબુલાલ ગોર તથા ફાઉન્ડેશનનાં કયુરેટર શ્રી નીતા બહેન જોશી તેમજ મા આશાપુરા બી. એડ. તેમજ પી.ટી.સી. કોલેજના લાઈબ્રેરિયન અનુક્રમે શ્રી ભાવના બહેન કક્કડ તથા ચેતના બહેન ભટ્ટ ની નોંધ ન લઉં તો હું નગુણી જ ગણાઉ.

આ સાથે જ યાદ કરું છું ઉમિયાશંકર અજાણી, પ્રમોદભાઈ જેઠી, આશાનંદભાઈ ગઢવી, મોરારદાનભાઈ ગઢવી તેમજ દિલીપભાઈ વૈદ્ય જેવા વિદ્વાનોએ મને માહિતી આપીને મને ઋણી બનાવી છે.

આ સાથે ઝડપથી થિસિસ ટાઈપ કરી આપનાર ભાઈ શ્રી નીલેશભાઈ ઠક્કર તથા મારો સ્ટાફ તેમજ નામી–અનામી વ્યકિતઓ કે જેમણે આ શોધકાર્યમાં પ્રત્યક્ષ યા પરોક્ષરૂપે મદદ કરી છે, તે સર્વેનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરું છું.

જાડેજા આનંદબા હેમંતસિંહ

સ્થળ :– ભુજ–કચ્છ.

તાઃ– ૩૧–૭–૨૦૦૭

# ❑ અનુક્રમણિકા ❑


પૃષ્ઠ ક્રમાંક

**પ્રકરણ :- ૧** ૦૦૧–૦૯૫

**કચ્છ : ભૌગોલિક, રાજકીય અને સાંસ્કૃતિક સંદર્ભ**

પ્રસ્તાવના : ૧.૧

નામાભિધાન : ૧.૨ થી ૧.૨.૨

કચ્છ : ભૌગોલિક સ્થાન : ૧.૩ થી ૧.૩.૨.૮

બેનમૂન બન્ની : ૧.૪ થી ૧.૪.૩

કચ્છ : રણપ્રદેશ : ૧.૫ થી ૧.૫.૩

કચ્છના ખનીજ ભંડાર : ૧.૬ થી ૧.૬.૬

ખડીર : ૧.૭

આબોહવા : ૧.૮ થી ૧.૮.૩

પ્રાગ ઐતિહાસિક ભૂમિકા : ૧.૯ થી ૧.૯.૭

કચ્છ પ્રાદેશિક ઈતિહાસની રૂપરેખા : ૧.૧૦ થી ૧.૧૦.૮

જાડેજા સત્તા : ૧.૧૧ થી ૧.૧૧.૧૬

ઝારાનું યુદ્ધ : ૧.૧૨

બારભાયાનું લોકતંત્ર : ૧.૧૩

કચ્છનો ક્રોમવેલ : ૧.૧૪

ભૂરિયો બાવો : ૧.૧૫

કચ્છના જયોતિર્ધરો : ૧.૧૬ થી ૧.૧૬.૫

જાડેજા વંશવૃક્ષ : ૧.૧૭

કચ્છની જ્ઞાતિઓ અને તેની લોકસંસ્કૃતિ : ૧.૧૮ થી ૧.૧૮.૯

કચ્છ લોકસંસ્કૃતિ : ૧.૧૯. થી ૧.૧૯.૮

કચ્છમાં જોવાલાયક સ્થળો : ૧.૨૦ થી ૧.૨૦.૫

કચ્છી સાહિત્ય પ્રવાહો : ૧.૨૧ થી ૧.૨૧.૪

કચ્છનું લોક સાહિત્ય : ૧.૨૨ થી ૧.૨૨.૨.૩
ઉપસંહાર : ૧.૨૩

**પ્રકરણ :- ૨** ૬૬-૧૫૯

**કંઠસ્થ પરંપરામાં પાળિયાનો સંદર્ભ**

પ્રસ્તાવના : ૨.૧
'લોક' અને સાહિત્ય : ૨.૨. થી ૨.૨.૧
કંઠસ્થ પરંપરામાં પાળિયાઓ : ૨.૩.
પ્રાક્કથન : ૨.૪.
પાળિયા શબ્દની વ્યુત્પત્તિ : ૨.૫ થી ૨.૫.૨.૯
પાળિયાનું પગેરું – વૈદિકકાળ : ૨.૬
પાળિયાઓનું ઐતિહાસિક મહત્ત્વ : ૨.૭
વિવિધભાવે અસ્તિત્વમાં આવેલ પાળિયા : ૨.૮ થી ૨.૮.૨.૧૦
પાળિયાની માંડણી કે સર્જન : ૨.૯ થી ૨.૯.૧.૭
પાળિયામાં કંડારાયેલાં વિવિધ પ્રતીકો : ૨.૧૦ થી ૨.૧૦.૪
વિશિષ્ટ પાળિયાઓ : ૨.૧૧
પાળિયામાં જોવા મળતા પ્રાણીઓ : ૨.૧૨
પાળિયાઓની વ્યાપકતા : ૨.૧૩
પાળિયાનો વિનાશ : ૨.૧૪

**પ્રકરણ :-૩** ૧૬૦-૨૦૩

**ભુજ તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય**

પ્રસ્તાવના : ૩.૧
લખપતજીનો પાળિયો : ૩.૨.
કુંવરજી સામંતજીનો પાળિયો : ૩.૩
રૂપાળીબાનો પાળિયો : ૩.૪
રૂપબા તથા રતનબાના પાળિયા : ૩.૫

મચ્છર જ્ઞાતિના સતીમાનો પાળિયો : ૩.૬
જેઠીનો પાળિયો : ૩.૭
મહારાવશ્રી પ્રાગમલ્લજી (બીજા) નો પાળિયો : ૩.૮
વાજાજીનો પાળિયો : ૩.૯
વાંઢાય ગામના પાળિયા : ૩.૧૦
કમાબાઈ સતીનો પાળિયો : ૩.૧૧.
બેનબાઈ સતીના પાળિયા : ૩.૧૨
કરસનજીનો પાળિયો : ૩.૧૩
રૂપકુંવરબા સતીનો પાળિયો : ૩.૧૪
ભાણબાઈ અને કલાદાદાના પાળિયા : ૩.૧૫
જિહોજીનો પાળિયો : ૩.૧૬
રા' દેશળજી (બીજા) નો પાળિયો : ૩.૧૭
ભારમલ્લજી (પહેલા)નો પાળિયો : ૩.૧૮
અજાજી નોંધણજીનો પાળિયો : ૩.૧૯
વાઘજી આશાજીનો પાળિયો : ૩.૨૦
તમાચીજીનો પાળિયો : ૩.૨૧
સજણકુંવરબાઈનો પાળિયો : ૩.૨૨
વેણજી રાયધણજીનો પાળિયો : ૩.૨૩
જશાદાદાની ખાંભી : ૩.૨૪
ધાણેટીના પાળિયા : ૩.૨૫
પરવાજી સોગરામજી તથા વનાજીનો પાળિયો : ૩.૨૬
નાના રેહાના પાળિયા : ૩.૨૭

**પ્રકરણ :- ૪** **૨૦૪-૨૫૫**

**માંડવી તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય**

પ્રસ્તાવના : ૪.૧
સતી પૂનઈનો પાળિયો : ૪.૨

આઈ ગુંદલનો પાળિયો : ૪.૩
જેમલજીની છતરડી : ૪.૪
દેથરની છતરડી : ૪.૫
પૂનાબાઈનો પાળિયો : ૪.૬
માનબાઈનો પાળિયો. (ગઢશીશા) : ૪.૭
વારૂ બારોટનો પાળિયો : ૪.૮
દેવા મધુડાનો પાળિયો : ૪.૯
રૂઘા જોષીનો પાળિયો : ૪.૧૦
કરસન રાબડિયાનો પાળિયો : ૪.૧૧
જેઠાણંદદાદાનો પાળિયો : ૪.૧૨
માનબાઈ સતીનો પાળિયો. (ભોજાય) : ૪.૧૩
કેસરજી હાજાજીનો પાળિયો : ૪.૧૪
મલુજી બારાતનો પાળિયો : ૪.૧૫
ખાનજી અને ખીમોજીના પાળિયા : ૪.૧૬
તલવાણાના પાળિયા : ૪.૧૭
ગુંદિયાલીના પાળિયા : ૪.૧૮
રાઓશ્રી ભોજરાજજીનો પાળિયો : ૪.૧૯
કમાસતીનો પાળિયો : ૪.૨૦
પૂંજા રોહડિયાનો પાળિયો : ૪.૨૧
આઈ દેશામાં ( દેવશ્રી આઈ ) નો પાળિયો : ૪.૨૨
નોંધણજી તથા સુમરાજીની ખાંભી : ૪.૨૩
રાણબાઈમાનો પાળિયો : ૪.૨૪
જશોદામાતાનો પાળિયો : ૪.૨૫
ઢોકળા ગામના પાળિયા : ૪.૨૬
ડોણના પાળિયા : ૪.૨૭

**પ્રકરણ :- ૫** ૨૫૬–૨૮૬

**મુન્દ્રા તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય**

પ્રસ્તાવના : ૫.૧

વીર શિવુભાનો પાળિયો : ૫.૨

છસરા ગામના પાળિયાઓ : ૫.૩

હાલા દેશળજી તથા રૂપાળીબાના પાળિયા : ૫.૪

આઈ શ્રી પુનશ્રીનો પાળિયો : ૫.૫

મોટા કાંડાગરાના પાળિયાઓ : ૫.૬

બાવાજી ચાવડા ( વીર સતાજી ) નો પાળિયો : ૫.૭

પરજીયા સોનીના પાળિયાઓ : ૫.૮

સુમરાજીનો પાળિયો : ૫.૯

વીરાણિયાનો પાળિયો : ૫.૧૦

હનુભા તેજમલજીનો પાળિયો : ૫.૧૧

હરઘોળજીનો પાળિયો : ૫.૧૨

ભારોજીનો પાળિયો : ૫.૧૩

**પ્રકરણ :- ૬** ૨૮૭–૩૨૦

**નખત્રાણા તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય**

પ્રસ્તાવના : ૬.૧

પાચાજીનો પાળિયો : ૬.૨

ધનબાઈનો પાળિયો : ૬.૩

વાનુમાનો પાળિયો : ૬.૪

પાંબાસતીનો પાળિયો : ૬.૫

પ્રેમાસતીનો પાળિયો : ૬.૬

આંબાસતીનો પાળિયો : ૬.૭

જીવાસતીનો પાળિયો : ૬.૮

નાના ધાવડાનો પાળિયો : ૬.૯

સતી તથા શૂરાનો પાળિયો : ૬.૧૦
ખોંભડી ગામના પાળિયાઓ : ૬.૧૧
આનંદકુંવરબા તથા બાવુભા ( તમાચીજી ) ના પાળિયા : ૬.૧૨
મોકાસતાનો પાળિયો : ૬.૧૩
ભોજરાજજી રત્નુનો પાળિયો : ૬.૧૪
કમાસતીનો પાળિયો ( મોરઝર ) : ૬.૧૫
નેણબાઈ સતીનો પાળિયો (ચાવડકાના પાળિયાઓ) : ૬.૧૬
નાની અરલ ગામનો પાળિયો : ૬.૧૪
બિબ્બર ગામના પાળિયા : ૬.૧૫
ટોડિયાનો પાળિયો : ૬.૧૬

**પ્રકરણ :- ૭** **૩૨૧-૩૬૯**

**રાપર તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય**

પ્રસ્તાવના : ૭.૧
વીર ચાંદોજીનો પાળિયો : ૭.૨
ભીમદેવકાના પાળિયા : ૭.૩
જીવાદાદલનો પાળિયો : ૭.૪
દેશલપરનો પાળિયો : ૭.૫
બાલાસરની ખાંભી (જશાજીદાદા) : ૭.૬
જગાદાદાની ખાંભી : ૭.૭
કીડિયાનગરના પાળિયા : ૭.૮
ગેડી (ધૃતપદી) નો આછેરો ઈતિહાસ : ૭.૯
વાઘો બારીનો પાળિયો : ૭.૧૦
ટપુભાનો પાળિયો : ૭.૧૧
ખંડોર ગામની ખાંભીઓ : ૭.૧૨
વીર વનાજીનો પાળિયો : ૭.૧૩
કેસરીસંગનો પાળિયો : ૭.૧૪

જેમલજીનો પાળિયો : ૭.૧૫
ગઢડા (રાસાજી) ના પાળિયા : ૭.૧૬
રણમલ્લજી તથા ભોજરાજજીના પાળિયા : ૭.૧૭
ભિયા કક્કલનો પાળિયો : ૭.૧૮
ઢોલીની ખાંભી : ૭.૧૯
સતી જીવણીનો પાળિયો : ૭.૨૦
વ્રજવાણીના પાળિયાઓ : ૭.૨૧
સતીમાના પાળિયા : ૭.૨૨
ભીમાસરના પાળિયા : ૭.૨૩
ગેડીગામના પાળિયા : ૭.૨૪
હમીરપર (મોટી)નો પાળિયો : ૭.૨૫
ભીમાસરનો પાળિયો : ૭.૨૬
કાનમેરનો પાળિયો : ૭.૨૭
વ્રજવાણીનો પાળિયો : ૭.૨૮
ચિત્રોડ ગામનો પાળિયો : ૭.૨૯
સુરબાવાંઢના પાળિયા : ૭.૩૦
માનગઢ (રેલડી) નો પાળિયો : ૭.૩૧

લોદ્રાણી ગામના પાળિયા : ૭.૩૨

**પ્રકરણઃ- ૮** **૩૭૦-૪૦૫**

**લખપત,અબડાસા,અંજાર,ગાંધીધામ અને ભચાઉ તાલુકાના પાળિયાઓ અને તેનુંકંઠસ્થ પરંપરાનું સાહિત્ય**

પ્રસ્તાવના : ૮.૧
વીર અલિયાજીનો પાળિયો : ૮.૨
ભમા ભાલારાનો પાળિયો : ૮.૩
દેવલબાઈનો પાળિયો : ૮.૪
ઠાકોર લાખાજીની છતરડી : ૮.૫

કાંઈયા બારોટનો પાળિયો : ૮.૬
વીર ભીમોજી તથા વિસોજીના પાળિયા : ૮.૭
વીર અબડાનો પાળિયો : ૮.૮
હમીરજીનો પાળિયો : ૮.૯
જેતમાલજી તથા તેજમાલજીના પાળિયા : ૮.૧૦

**પ્રકરણ :- ૯** **૪૦૬-૪૧૪**
**ઉપસંહાર**

**પરિશિષ્ટ :- ૧** **૪૧૫-૪૪૫**
**પાળિયાના ફોટોગ્રાફ**

**પરિશિષ્ટ :- ૨** **૪૪૬-૪૫૨**
**માહિતીદાતાની સૂચિ તથા વિશિષ્ટ વ્યકિતઓની લીધેલ મુલાકાત**

**પરિશિષ્ટ :- ૩** **૪૫૩-૪૫૮**
**સંદર્ભ ગ્રંથ સૂચિ તથા શબ્દકોશ**

Map of India


ભારત
પ્રવાસ પરીપથ
અ ર બી  સ મુ દ્ર
બંગાળા ની ખાડી
હિ  ન્દ  મ હા સા ગ ર
દેશની સરહદ
રાજ્યની સીમા
મુખ્ય પર્યટક સ્થળ
અન્ય પર્યટક સ્થળ
સૉફ્ટવેર ટેકનોલૉજી પાર્ક
(એસ.ટી.પી.આઈ) કેન્દ્ર
પ્રમાણ 0
150 કિ.મી.
દિલ્હી
શ્રીનગર
શીમલા
ચંડીગઢ
જયપુર
આગરા
લખની
પટણા
કાઠમંડુ
ગંગટોક
દીસપુર
શીલોંગ
કોહીમા
અગરતલા
આઈઝોલ
ઈમ્ફાલ
કોલકાતા
ભુવનેશ્વર
રાંચી
ભોપાલ
રાયપુર
ગાંધીનગર
અમદાવાદ
વડોદરા
મુંબઈ
પૂના
હૈદરાબાદ
બેંગલોર
ચેન્નઈ
પણજી
તીરુવનંતપુરમ
કન્યાકુમારી
પોર્ટ બ્લેર
ઇંદિરા પોઇંટ

Map of Gujarat State



Map of Kutch District



# કચ્છ જિલ્લો



# ❑ પ્રકરણ :- ૧ ❑
# કચ્છ : ભૌગોલિક, રાજકીય અને સાંસ્કૃતિક સંદર્ભ :

૧.૧. પ્રસ્તાવના.

૧.૨. નામાભિધાન.

૧.૨.૧. સંસ્કૃતમાં ' કચ્છ ' નો ઉલ્લેખ.

૧.૨.૨. પાશ્ચાત્ય સાહિત્યમાં ઉલ્લેખ.

૧.૩. કચ્છ : ભૌગોલિક સ્થાન.

૧.૩.૧. વિસ્તાર.

૧.૩.૨. પ્રાકૃતિક રચના (ભૂપૃષ્ઠ રચના).

૧.૩.૨.૧. ડુંગરનો દમામ.

૧.૩.૨.૨. રણ અને મહેરામણ.

૧.૩.૨.૩. જમીન.

૧.૩.૨.૪. કચ્છની લોકમાતાઓ (નદીઓ).

૧.૩.૨.૫. વન્ય સંપત્તિ.

૧.૩.૨.૬. વનસ્પતિ જગત.

૧.૩.૨.૭. પ્રાણીસૃષ્ટિ.

૧.૩.૨.૮. પક્ષીજગત.

૧.૪. બેનમૂન બન્ની.

૧.૪.૧. બન્ની શબ્દની ઉત્પત્તિ.

૧.૪.૨. બન્નીનું બંધારણ.

૧.૪.૩. બન્નીનું લોકજીવન.

૧.૫. કચ્છ : રણપ્રદેશ.

૧.૫.૧. રણની ઉત્પત્તિ.

૧.૫.૨. રણ પ્રદેશની સપાટી.

૧.૫.૩. રણની કપરી મુસાફરી.

૧.૬. કચ્છના ખનીજ ભંડાર.

૧.૬.૧. લિગ્નાઈટ.
૧.૬.૨. ચુનાનો પથ્થર.
૧.૬.૩. બોકસાઈટ.
૧.૬.૪. ચિરોડી.
૧.૬.૫. રેતી.
૧.૬.૬. લોખંડ.
૧.૭. ખડીર.
૧.૮. આબોહવા.
૧.૮.૧. વરસાદ.
૧.૮.૨. પીવાનું પાણી અને સિંચાઈ વ્યવસ્થા.
૧.૮.૩. કચ્છની આબોહવા : લોકવાણીમાં.
૧.૯. પ્રાગ ઐતિહાસિક ભૂમિકા.
૧.૯.૧. હડપ્પન વસાહતો.
૧.૯.૨. જળચર અવશેષો.
૧.૯.૩. હથિયારોના અવશેષો.
૧.૯.૪. શિલાલેખો.
૧.૯.૫. સિક્કાઓ.
૧.૯.૬. કચ્છનું શિલ્પસ્થાપત્ય.
૧.૯.૭. કચ્છની બૌધગુફાઓ.
૧.૧૦. કચ્છ પ્રાદેશિક ઈતિહાસની રૂપરેખા.
૧.૧૦.૧. લાખો ફૂલાણી અને મૂળરાજ સોલંકી.
૧.૧૦.૨. કાઠીઓ અને સમા.
૧.૧૦.૩. સમાવંશની સ્થાપના.
૧.૧૦.૪. લાખો ઘુરારો.
૧.૧૦.૫. મોડ અને મનાઈ.
૧.૧૦.૬. જામ સાડ અને ફૂલ.
૧.૧૦.૭. લાખો ફૂલાણી.

૧.૧૦.૮. જામ પુંઅરો.
૧.૧૧. જાડેજા સત્તા.
૧.૧૧.૧. જામ ઓઠોજી, ઘાઓજી અને વહેણજી.
૧.૧૧.૨. જામ મૂળવોજી.
૧.૧૧.૩. જામ કાંયોજી.
૧.૧૧.૪. આમર જામ.
૧.૧૧.૫. જામ ભીમજી.
૧.૧૧.૬. જામ હમીરજી.
૧.૧૧.૭. રાવ ખેંગારજી પહેલાં.
૧.૧૧.૮. રાઓશ્રી ભારમલ્લજી પહેલાં.
૧.૧૧.૯. રાઓશ્રી ભોજરાજજી, ખેંગારજી (બીજા) તથા તમાચીજી
૧.૧૧.૧૦. રાઓશ્રી રાયધણજી પહેલાં.
૧.૧૧.૧૧. પ્રાગમલ્લજી તથા ગોડજી પહેલાં.
૧.૧૧.૧૨. ગોડજી પહેલાં.
૧.૧૧.૧૩. મહારાઓ દેશળજી પહેલાં.
૧.૧૧.૧૪. મહારાઓશ્રી લખપતજી.
૧.૧૧.૧૫. ગોડજી બીજા.
૧.૧૧.૧૬. મહારાઓશ્રી રાયધણજી બીજા.
૧.૧૨. ઝારાનું યુદ્ધ.
૧.૧૩. બારભાયાનું લોકતંત્ર.
૧.૧૪. કચ્છનો ક્રોમવેલ.
૧.૧૫. ભૂરિયો બાવો.
૧.૧૬. કચ્છના જયોતિર્ધરો.
૧.૧૬.૧. ધોરમનાથ.
૧.૧૬.૨. જગડુ શાહ દાતાર.
૧.૧૬.૩. સુંદરજી સોદાગર.
૧.૧૬.૪. મેકણદાદા.

૧.૧૬.૫. શ્યામજી કૃષ્ણવર્મા.
૧.૧૭. જાડેજા વંશવૃક્ષ.
૧.૧૮. કચ્છની જ્ઞાતિઓ અને તેની લોકસંસ્કૃતિ.
૧.૧૮.૧. રાજપૂતો.
૧.૧૮.૨. પાટીદાર.
૧.૧૮.૩. જૈન.
૧.૧૮.૪. લોહાણા.
૧.૧૮.૫. ભાટિયા.
૧.૧૮.૬. મેઘવાળ / હરિજન.
૧.૧૮.૭. બ્રાહ્મણ.
૧.૧૮.૮. ચારણ.
૧.૧૮.૯. પછાત જાતિઓ.
૧.૧૯. કચ્છ લોકસંસ્કૃતિ.
૧.૧૯.૧. મેળાઓ.
૧.૧૯.૨. ભૂમિપૂજન.
૧.૧૯.૩. લગ્નપ્રથા.
૧.૧૯.૪. લોકસ્થાપત્ય.
૧.૧૯.૫. લોક માન્યતાઓ.
૧.૧૯.૬. છૂંદણાની પ્રથા.
૧.૧૯.૭. કચ્છમાં શિલ્પો.
૧.૧૯.૮. કચ્છમાં લોકવાદ્યો.
૧.૨૦. કચ્છમાં જોવાલાયક સ્થળો.
૧.૨૦.૧. નારાયણ સરોવર.
૧.૨૦.૨. કોટે✓ર.
૧.૨૦.૩. માતાનો મઢ.
૧.૨૦.૪. ભદ્રે✓ર.
૧.૨૦.૫. ધીણોધર.

૧.૨૧. કચ્છી સાહિત્ય પ્રવાહો.

૧.૨૧.૧. ભાષા અને લિપિ.

૧.૨૧.૨. ભાષામાં વિશિષ્ટતા.

૧.૨૧.૩. કચ્છ પ્રદેશનું સાહિત્ય.

૧.૨૧.૪. કચ્છનું શિષ્ટ સાહિત્ય.

૧.૨૨. કચ્છનું લોક સાહિત્ય.

૧.૨૨.૧. સંત સાહિત્ય.

૧.૨૨.૧.૧. મેકણનું સાહિત્ય.

૧.૨૨.૧.૨. જેસલ–તોરલનું સાહિત્ય.

૧.૨૨.૧.૩. મામૈયાદેવનું સાહિત્ય.

૧.૨૨.૨ કચ્છી લોકગીતો.

૧.૨૨.૨.૧. કચ્છી પિરોલી.

૧.૨૨.૨.૨. કચ્છી સલોકા.

૧.૨૨.૨.૩. કચ્છી કહેણીઓ.

૧.૨૩. ઉપસંહાર.

## ❑ પ્રકરણ :- ૧ ❑
## કચ્છ : ભૌગોલિક, રાજકીય અને સાંસ્કૃતિક સંદર્ભે

### ૧.૧ પ્રસ્તાવના:-

વિશાળ એવા ભારતખંડે પોતાના ખોળામાં અનેક પ્રાંતોને બેસાડયાં છે. એક માતાના ખોળે બેસનાર પુત્રોમાં કેવી વિવિધતા હોય છે ! એવી જ વિવિધતા ભારતમાતાના વિવિધ પ્રાંતોમાં પણ જોવા મળે છે. દરેક પ્રદેશને પોતાના ઈતિહાસ, સમાજ, સંસ્કૃતિ આદિમાં વિશિષ્ટતા હોય છે અને એટલે જ તો દરેક પ્રદેશની પ્રજા તેની પ્રાદેશિક પ્રતિભાને લઈને જીવતી હોય છે.

ભારત દેશના અનેક પ્રાંતોમાં ગુજરાત પ્રદેશની ગરિમા અનોખી છે. ગુજરાત જેવા ગૌરવશાળી પ્રાંતના દરેક જિલ્લાની પણ કંઈકને કંઈક વિશેષતા છે, પરંતુ આ સૌ જિલ્લામાં વિસ્તારની દષ્ટિએ સૌથી મોટા અને ગીચતાની (વસ્તીની) દષ્ટિએ સૌથી નાનો કચ્છ જિલ્લો તેની શૌર્યતા અને ખુમારીને કારણે અ–નોખો બની રહે છે.

ભુજ, માંડવી, મુન્દ્રા, અંજાર, નખત્રાણા, લખપત, અબડાસા, ગાંધીધામ, ભચાઉ અને રાપર જેવા તાલુકાઓથી શોભતો આ કચ્છપ્રદેશ તેની એક નહિ અનેક ખૂબીઓને લીધે વાસ્તવિક ઘટના જેવો બની ગયો છે. એક બાજુ ધગધગતું રણ અને બીજી બાજુ ફુંફાડા મારતો મહેરામણ લહેરાય છે જે આ ભૂમિના જુગજૂના સાક્ષી રહ્યાં છે. આ રણ અને રત્નાકરે અહીંની પાંચ હજાર વર્ષ પૂર્વેની મોહે – જો – ડેરો અને હડપ્પીયન જેવી સિંધુકાલીન સંસ્કૃતિઓ નિહાળી છે. તો આ ભૂમિમાં વિદેશી પ્રજાઓ જેવી કે, યાદવો, શકો, હૂણો, મૌર્યો વગેરેના સૂર્યોદય અને સૂર્યાસ્ત પણ થયા છે. આ સાથે કચ્છનો રાજકીય ઈતિહાસ રાજસત્તાઓની અથડામણોથી પણ બાકાત નથી રહ્યો. જો કે, એ પણ એક હકીકત છે કે, મહાન ઘટનાઓ વગર કોઈ પણ દેશનો ઈતિહાસ અમર બનતો નથી. સમગ્ર રીતે જોતાં કચ્છપ્રદેશ ભારતીય સંસ્કૃતિનું એક અનેરું અંગ છે. આવા અનેરા અંગને જાણવું કોને ન ગમે ? કચ્છની આ વિશિષ્ટતાને પામવા તેનો ઈતિહાસ, તેની રાજકીય ઘટનાઓ, તેની પ્રાચીનતા તથા સંસ્કૃતિ આદિ બાબતો પર વિચાર કરવો જોઈએ. જી. ડી. વ્યાસે નોંધ્યું છે કે, " કોઈપણ દેશ અથવા પ્રદેશની સંસ્કૃતિનો અભ્યાસ કરવો હોય તો

તેની ઐતિહાસિક ઘટનાઓ, રાજકીયસ્થિતિ, સમાજરચના, તથા સાહિત્ય અને કળા–સંપતિનો વિચાર કરવો જ જોઈએ, કેમકે સંસ્કૃતિના ઘડતરનો આધાર ભૌગોલિક, ઐતિહાસિક, સામાજિક અને આર્થિક સ્થિતિ ઉપર રહેલો છે." (૧) આ સિદ્ધાંત કચ્છને પૂરી રીતે લાગુ પડે છે.

આમ કોઈપણ દેશને નજીકથી જોવા–જાણવા માટે તે દેશ સાથે વણાયેલાં ભૌગોલિક, રાજકીય, સાંસ્કૃતિક, પાસાઓને જાણવા જરૂરી બને છે. અત્રે આ પાસાઓ વિશે પ્રકાશ પાડીશું.

## ૧.૨ * નામાભિધાન :–

હિન્દુસ્તાનની આ ધરતીનાં આંગણામાં અનેક પ્રજાઓ આવી અને કાળ ની ગર્તામાં વિલુપ્ત થઈ, છતાંયે આ ભૂમિએ પોતાના સંસ્કારો છોડયા નથી. હિન્દુસ્તાનનો એક–એક પ્રાંત તેનાં અતીતનાં ગર્ભનાં સંસ્કાર અને અનોખી સભ્યતાથી ભર્યો–ભર્યો છે. આ બધામાં સૌથી વિશિષ્ટ અને જેને ઓવારણાં લેવાનું મન થાય તેવી નેક–ટેક અને શૌર્યતાથી શોભતી ભૂમિ એટલે કચ્છ ભૂમિ.

આ ભૂમિનો આરંભ કયારે થયો તે એક પ્રશ્ન બની રહે છે. છતાં ઈતિહાસના આયનામાં ડોકિયું કરતાં ખ્યાલ આવે છે કે, અનેક કાળ વિંધીને છેક વૈદિકકાળ થી કચ્છનું અસ્તિત્વ જોવા મળે છે. તો મહાભારત, ' મત્સ્યપુરાણ', ' વાયુપુરાણ', જૈન મહાગ્રંથ ' ભગવતી સૂત્ર ' વગેરેમાં પણ કચ્છના ઉલ્લેખો મળે છે. શ્રી રામસિંહજી રાઠોડ નોંધે છે કે, " વૈદિકકાળના કાચ્છપો તથા પાતાલના પાણિઓ અને તે પછીની સિંધુ સંસ્કૃતિવાળી પ્રજાઓએ કચ્છ પ્રદેશના કિનારે વહાણવટું ખેડ્યાની સંભાવના દર્શાવી છે." (૨) કચ્છના નામાભિધાનની વાત કરીએ તો ત્રીજા કે ચોથા સૈકા સુધી તો કચ્છપ્રદેશનું નામ ' આભીર ' તરીકે ઓળખાતું હોવાની સંભાવના છે. આ બાબતને સમર્થન આપતા રામસિંહજી રાઠોડે નોંધ્યું છે કે, " એ સંભવિત છે કે, તેની ભૌગોલિક પરિસ્થિતિ પરથી તે કચ્છ કહેવાયું છે અને તેમાં વસતી આભીર પ્રજાના નામ પરથી તે ' આભીર' તરીકે પણ ઓળખાયું હતું." (૩)

## ૧.૨.૧ * સંસ્કૃતમાં ' કચ્છ ' નો ઉલ્લેખઃ-

સંસ્કૃતમાં 'કચ્છ' શબ્દનો અર્થ 'કાચબો' થાય છે અને ખરેખર ગુજરાતના નકશામાં કચ્છ પ્રદેશને જોવામાં આવે તો તે એક ઊંધો કાચબો જ દેખાશે. આમ છતાં કંચનપ્રસાદ છાયા ભારતના એક મહાન પુરાતત્ત્વવિદ્ ડૉ. હસમુખ સાંકળિયાનું વિધાન ટાંકતા નોંધે છે કે " કચ્છનું બે હજાર વર્ષ પૂર્વે નામ હતું " કશ " ક્ષત્રપકાળના કચ્છમાંથી જ પ્રાપ્ત થયેલ એક પાળિયાના આધારે આ વિધાન કરવામાં આવ્યું છે, કાચબાના આકારનું હોવાથી " કચ્છ " કહેવાયું એ માન્યતા કેવળ કલ્પના વિહાર જ લાગે છે. " [૪] આમ છતાં મુનિરાજ વિદ્યાવિજયજી નોંધે છે કે, " કચ્છ દેશનો આકાર જ એવો છે કે, જૂના સમયમાં આવી આકૃતિવાળી ભૂમિને ' કચ્છ ' તરીકે ઓળખવવામાં આવતી હતી. " [૫]

આમ, આપણે કચ્છ પ્રદેશના ' કચ્છ ' એવા નામાભિધાન વિશે ચોક્કસ કહી શકીએ નહીં છતાં શાસ્ત્રોનાં વિધાનોને અવગણી પણ ન શકીએ.

## ૧.૨.૨ * પાશ્ચાત્ય સાહિત્યમાં ઉલ્લેખ :-

પૌરાણિક ગ્રંથોની માફક પાશ્ચાત્ય સાહિત્યમાં પણ ' કચ્છ ' માટેના નામાભિધાન જોવા મળે છે. જેમાં નરેન્દ્રકુમાર જોષીએ નોંધ્યું છે કે, " ઈ.સ. ના પહેલાં સૈકામાં પ્લિની નામનો એક ગ્રીક પ્રવાસી ભારત આવેલો તેણે તેના પ્રવાસી પુસ્તકમાં કચ્છની પ્રજાને ' ઓદેમ્બરી ' કહી છે અને સપ્તસિંધુ તથા સુરાષ્ટ્ર વચ્ચેના આ પ્રદેશને ' આબિરિયા ' કહેલ છે."[૬] તો એલ.એફ.રશબ્રુક વિલિયમ્સે સ્ટ્રેબોનું વિધાન ટાંકતા નોંધ્યું છે કે, "સ્ટ્રેબોએ કચ્છનો ' તાજરાષ્ટ્ર' નામથી ઉલ્લેખ કર્યો છે અને રાજધાનીનું શહેર ' તેજ ' અથવા ' તાહિજ ' હતું એમ લખ્યું છે. આ કાળથી બરાબર ૧૫૦૦ વર્ષ વીત્યા બાદ ઈ.સ. ૧૫૮૨ માં અબુલફજલે કચ્છના પાટનગરને 'તેજ' નામે સંબોધ્યું છે."[૭]

આ બાબત ભલે ધ્યાન ખેંચનારી હોય છતાં પણ આ નામાભિધાનનો પણ ચોક્કસ સમય પ્રાપ્ત થતો નથી એ હકીકત છે. ડૉ.ગોવર્ધન શર્મા અને ભાવના મહેતા પણ નોંધે છે કે, " જૂનાગઢમાં પ્રાપ્ત શક રૂદ્રદામનના શિલાલેખમાં વિજિત પ્રદેશોની યાદીમાં કચ્છનો પણ ઉલ્લેખ છે. યૂનાની અને રોમન ઈતિહાસકારોના કેટલાક ઉલ્લેખોને કચ્છથી સંબંધ માનવામાં આવે છે. પણ આ યુગની ઐતિહાસિક સ્થિતિ અસ્પષ્ટ જ છે. " [૮]

આમ, પૌરાણિક ગ્રંથો, વિદેશી સાહિત્ય વગેરેમાં ' કચ્છ ' પ્રદેશ વિશે

નામાભિધાન થયેલાં છે. છતાં ચોક્કસ સ્થિતિ સ્પષ્ટ થતી નથી. આમ છતાં વિવિધ મતોને પણ નકારી શકાય તેમ નથી.

### ૧.૩ * કચ્છ ભૌગોલિક સ્થાનઃ–

હિન્દુસ્તાનની પશ્ચિમ દિશાએ એક બાજુએ રત્નાકર અને બીજી બાજુએ રણ ઉભયની વચ્ચે બેસીને પોતાની ભાતીગળ સંસ્કૃતિની સુવાસ ફેલાવતા કચ્છ દેશનું સ્થાન હિન્દુસ્તાનના નકશામાં અગ્રગણ્ય છે. અનોખું સ્થાન ધરાવતા આ કચ્છ મુલક "કર્કવૃત્ત ઉપર ૨૨ં ૪૪' ૮" થી ૨૪ં ૪૧' ૩૦" અક્ષાંશ સુધી અને પૂર્વ– પશ્ચિમ રેખાંશ ૬૮ં ૭' ૩૦" થી ૭૧ં ૪૬' ૪૫" સુધી પથરાયેલો છે. આ કચ્છ પ્રદેશની દક્ષિણ પશ્ચિમે અરબી સાગર લહેરાય છે તો કચ્છપ્રદેશની ઉત્તર દિશામાં ધગધગતું મોટું રણ દેખા દે છે." (૯) કચ્છનો પૂર્વ ભાગ એટલે વાગડભૂમિ અને આ વાગડભૂમિ કે કચ્છપ્રદેશના પૂર્વમાં કચ્છનું નાનું રણ પોતાનો વિસ્તાર આવરીને બેઠું છે. તેની સામે મીટ માંડી છે મહેસાણા, સાબરકાઠા, જેવાં શહેરોએ. રામસિંહજી રાઠોડે નોંધ્યું છે કે, "કચ્છની ભૌગોલિક અલગતા દેખાઈ આવે તેવી નિરાળી છે, લગભગ ૧૬૦ માઈલ લાંબા અને વિવિધ સ્થળે ૩૫ થી ૭૦ માઈલ પહોળા કચ્છની દક્ષિણે ને પશ્ચિમે કચ્છનો અખાત અને અરબી સમુદ્ર છે." (૧૦) આમ, ભૌગોલિક રીતે જોવા જઈએ તો કચ્છની એક બાજુ મહેરામણ પાય પખાળે છે તો બીજી બાજુ વિશાળ રણ આંધીઓ ઉડાડે છે. કચ્છના વૈવિધ્યસભર ભૂપૃષ્ઠ વિશે દુલેરાય કારાણીએ સુંદર કવિત રચ્યું છે જેમાં કચ્છની ભૂમિનું વૈશિષ્ટ પ્રગટ થાય છે. તેમાંથી થોડી પંકિતઓ આ પ્રમાણે છે. –

**" વંકી વાગડની ભૂમિ જયાં નૈસર્ગિક કળા છલકાય.**
**પત્થર પણ વીરત્વ પુકારે, મસ્તક જયાં સસ્તાં તોળાય."** (૧૧)અ

આમ, ભૂપૃષ્ઠની રીતે જોવા જઈએ તો કચ્છ સમગ્ર ગુજરાતમાં એક વિશિષ્ટ પ્રદેશ બની રહે છે.

### ૧.૩.૧ * વિસ્તાર :–

કામણગારા કચ્છ પ્રદેશના વિસ્તારની બાબતમાં જોઈએ તો " કચ્છનો સીમા – વિસ્તાર ૧,૦૮,૬૩,૬૧૬ એકર એટલે કે, ૧૬,૭૨૩.૮ ચોરસ માઈલનો છે. કચ્છની

મુખ્ય ભૂમિનો પ્રાદેશિક વિસ્તાર ૫૩,૧૨,૩૨૦ એકર છે તેમાં ૭,૪૧,૫૦૦ એકર ખેડવાણ છે. ૧૪,૬૬,૦૦૦ એકર પડતર છે અને ૨૬,૦૭,૦૦૦ એકર જમીન ખરાબો છે. આ ઉપરાંત કચ્છના નાના અને મોટા રણનો મળીને થતો ૫૫,૫૧,૨૯૬ એકર રણ વિસ્તાર છે. આ સપાટ ખારપાટ તદ્દન વેરાન છે અને ચોમાસે તેમાં પાણી ભરાઈ રહે છે. " [૧૧બ]

આમ, કચ્છની જમીન અલગ–અલગ પ્રકારની જોવા મળે છે. કયાંક ઉપજાઉ તો કયાંક બિનઉપજાઉ, કયાંક પાણી તો કયાંક રણ છતાંયે એ નોંધવું રહ્યું કે, વિસ્તારની બાબતમાં એ ગુજરાતના સમગ્ર જિલ્લાઓમાં કચ્છ સૌથી મોટો જિલ્લો છે. વળી કચ્છ ભૂમિનું વૈશિષ્ટ્ય દર્શાવતાં મધુસૂદન ભટ્ટે નોંધ્યું છે કે " ઘાસિયા વિસ્તાર, ડુંગરાળ વિસ્તાર, ધરતીકંપ વિસ્તાર, સાગરકાઠા વિસ્તાર, રણ વિસ્તાર, વિપુલ ખનીજસંપત્તિનો વિસ્તાર, દુષ્કાળગ્રસ્ત વિસ્તાર એમ વિસ્તારલક્ષી સમસ્યાઓના અભ્યાસીઓ માટે પણ કચ્છ એ અભ્યાસની દષ્ટિએ ખેડવા જેવો વિસ્તાર છે." [૧૨]

### ૧.૩.૨ * પ્રાકૃતિક રચના :– (ભૂપૃષ્ઠરચના)

**" ધોરી રસ્તા કો લાંબા ને, કો પથરાળા કો રેતાળ,**
**કો કંટકવન સમકંટાળા, કમ્પિત કરતાં કોક કરાળ,**
**કો રણ–વારિ વચ્ચે વિચરંત**
**ગરવી કચ્છ ધરા ગુણવંત. "** [૧૩]

અહીં રસ્તાઓમાં કયાંય એકરૂપતા ન હોવા છતાં કચ્છભૂમિમાં ભ્રમણ કરતાં કુદરતના કોઈ વિશિષ્ટ ખજાનો હાથ લાગ્યાનો ભાવ થયા વિના રહેતો નથી. કચ્છધરણીમાં સતત બદલાવ આવવા છતાં આ ધરતીની કમનીયતા કયારેય ઘટી નથી. આ સાથે કુદરત આ ભૂમિને કાયમ અન્યાય કરતી રહી છે એ પણ નોંધવું રહ્યું. ધરતીના પેટાળમાં થતી ઉથલપાથલને લીધે આ ભૂમિ પોતાનું સ્વરૂપ બદલતી રહી છે. કયારેક રણ તો કયારેક જળ.

### ૧.૩.૨.૧ * ડુંગરાનો દમામ :–

આમ છતાં ઊંચા–ઊંચા ડુંગરાઓએ પોતાનો ભપકો યથાવત રાખ્યો છે. આ ડુંગરમાળા જાણે પ્રવાસીઓનું સ્વાગત કરી, સ્વભૂમિનો પરિચય કરાવવાને ઊભેલી

જણાય છે. કારો, ગોરો, ખડિયો, નીલવો, મોઆણિઓ, ભંજડો તો વચ્ચેના ભાગમાં આવેલાં ધીણોધર, જારો, વારાળ, હબાય, જૂટણ, બોલાડી, કીરો, ધ્રુબવો, લકી, નનામો વગેરે જેમાં કારા ડુંગર વિશે શ્રી એલ.એફ.રશબ્રુક વિલિયમ્સ નોંધે છે કે, "કચ્છનાં નૈસર્ગિક દશ્યોને અનેરું સૌંદર્ય બક્ષનાર કચ્છના આ કાળા ડુંગર છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે જુદી–જુદી આકૃતિવાળા તેનાં શિખરો અને ઘુમ્મટો અનેરા રંગોથી ઝળકે છે. ગ્રીષ્મ ઋતુમાં આ કરાળ ડુંગરોની બાજુઓ નીચેના પ્રદેશને શીતળતા આપે છે. તેની ઊંડી બખોલો અગોચર અને પહોંચી ન શકાય તેવી છે જેમાં ગંભીર, અને નીરવ શાન્તિ છવાયેલી રહે છે. કચ્છમાં જયાં જુઓ ત્યાંથી ડુંગરો દષ્ટિગોચર થયાં વગર રહેતા નથી. આ ભૂમિના તેઓ દૈવી રક્ષકો છે. "(૧૪)

### ૧.૩.૨.૨ * રણ અને મહેરામણઃ–

કચ્છ પ્રદેશની પ્રાકૃતિક રચનામાં રણ અને મહેરામણ પણ પોતાની અગત્યની ભૂમિકા ભજવે છે. રામસિંહજી રાઠોડે નોંધ્યું છે તેમ " કચ્છના રણની ઉપસ્થિતિના કારણે હિંદની પ્રાચીન ભૂગોળના ઈતિહાસમાં કચ્છનું મહત્ત્વ ઘણું વધી ગયું છે. છેક પુરાણકાળમાં તો કચ્છની ચારેબાજુ સમુદ્રના પાણી ઘુઘવતા હતા, પણ કેટલાક ભૂસ્તરીય ફેરફારોથી કચ્છના ઉત્તર અને પૂર્વ તરફના રણસાગરનું પેટાળ ઊંચું ચડી આવ્યું અને એ બાજુઓ પર રણનું બંધારણ થયું."(૧૫) આમ, રણ અને સાગરનું મહત્ત્વ ઓછું નથી. એક જમાનામાં કચ્છ પાણીથી વીંટળાયેલો પ્રદેશ હતો. કાળાનુક્રમે કુદરતી આફતોને લીધે જળનું સ્થાન રણે લીધું, આજે રણ અને જળ ઉભયનો સમન્વય દષ્ટિગોચર થાય છે.

### ૧.૩.૨.૩ * જમીન :–

કચ્છની ધરતીનો મોટો ભાગ રેતાળ પ્રદેશ છે. તેમાં પણ ઉપજાઉ અને બિનઉપજાઉ એવાં બે વિભાગ પડે છે. જેમાં ખાસ કરીને ડુંગરોની ધોવાયેલી રેતી તથા પવનને કારણે જે રેતીના થર જામે છે તે જમીન વાવેતરને લાયક બની છે.

### ૧.૩.૨.૪ * કચ્છની લોકમાતાઓ (નદીઓ) :–

કચ્છની લોકમાતાઓ વિશે દુલેરાય કારાણીએ લખ્યું છે –

**"કો ભૂખી–સૂકી નદીઓ પણ, કોક વહન્તી બારેમાસ,**
**કો મીઠી કો ભાંભળ ખારી, કોક ધપન્તી રણ મોજાર,**
**કો પાયે સાગરમાં અંત,ગરવી કચ્છ ધરા ગુણવંત."** (૧૬)

કચ્છ પ્રદેશમાં બે પ્રકારની નદીઓ જોવા મળે છે. ઉત્તર તરફ વહેતી અને દક્ષિણ તરફ વહેતી નદીઓ જેમાં ભૂખી, ખારી, કાસવતી, ચૂપણી, કાળી, માલણ, કાયલો, ધકડ, રવ, ગોધાતર વગેરે તેમજ મીઠી, નાગમતી, નાયરો, સાઈ, કનકાવતી, રૂકમાવતી, બોઘી, મચ્છુ, લાકરા, લૂણી, રાણવાવાળી, સાંગ, શિણાય વગેરે નદીઓ બારેમાસ વહેતી નથી. ઉત્તર દિશાની રણમાં ખાબકે છે. તો દક્ષિણ દિશાની નદીઓ સાગર સાથે સંગમ સાધે છે.

### ૧.૩.૨.૫ * વન્ય સંપત્તિ :–

કચ્છની વન્ય સંપત્તિ વિશે વિચારીએ તો એક જમાનામાં કચ્છમાં ઘણાં વૃક્ષો આજે તો કુદરતી ફેરફારોને લીધે કચ્છના અમુક વિભાગમાં જ વૃક્ષો પોતાનું અદકેરું અસ્તિત્વ જાળવીને ઊભાં છે. એ છતાંય કચ્છ ભૂમિની કમનીયતા વર્ણવતા મુનિરાજ વિદ્યાવિજયજી નોંધ્યું છે કે, " કચ્છ નાનકડો દેશ હોવા છતાં અનેક પહાડો, પર્વતો, નદીઓ અને નાળાં, જંગલો ને રણોથી રળિયામણો દેખાય છે." (૧૭)

આમ, કચ્છભૂમિ ભલે હજારો વર્ષથી કુદરતના કોપથી કમનસીબ બની હોય છતાં તેણે પોતાનું નૂર ગુમાવ્યું નથી ને એટલે જ તો વિદેશીઓએ પણ તેનો કેડો છોડયો નથી. આજે હજારો વિદેશી પર્યટકો કચ્છને જાણવા અને માણવા આવે છે અને આ બધા માટે યશની ભાગીદાર બને છે કચ્છની પ્રાકૃતિક રચના. જેણે નૂરજહાંની જેમ પોતાનું નૂર કયારેય ઓછું કર્યું નથી.

### ૧.૩.૨.૬ * વનસ્પતિ જગતઃ–

જેઓએ કચ્છ પ્રદેશનો પ્રવાસ ખેડયો નથી તેઓ હંમેશાં કહે છે કે, કચ્છ એટલે માત્ર આંધી ઊડાડતા રણનો પ્રદેશ પણ એમની આ માન્યતા ભૂલ ભરેલી છે. કેમકે, કચ્છ માત્ર રેતાળ પ્રદેશ જ નથી. પણ અહીં અમુક પ્રકારની વનસ્પતિઓએ અડો જમાવ્યો છે જેમાં બારેડી, ખીજડો, બાવળ, ખેર, ગોરડ, ગૂગળ, આવળ, થોર, ખાખરો

જેવી વનસ્પતિઓનો આ ડુંગરાળ પ્રદેશમાં જોવા મળે જ છે. તો દરિયાકાંઠે ટાંકરો, કરાયડો, વીંગો જેવી વનસ્પતિ ઊગે છે, તો દરિયાના સાથી એવા ચીરિયા દરિયાકાંઠે જોવા મળે છે. મુનિરાજ વિદ્યાવિજયજી એક કવિના શબ્દો નોંધતા જણાવે છે કે,

**" બેર, બુરી ને બાવરી,**
**વરી કંઢા ને બ્યા કબ્બ "(૧૮)**

( અર્થાત્ – કાંટા, થુવર અને બાવળ જેવાં જંગલી ઝાડોથી ઢંકાઈ રહેલો પ્રદેશ તે કચ્છ પ્રદેશ.)

મનુષ્યના સ્વાસ્થ્યનું કારણ વૃક્ષો જ છે. કેમકે વૃક્ષો થકી ઔષધિઓ છે. છતાં મનુષ્ય પોતાના અંગત સ્વાર્થ ખાતર વૃક્ષો કાપીને જમીન (ખેતર) વધારતો જાય છે અને એટલે જ તો નરેન્દ્રકુમાર જોષીએ જયકૃષ્ણ ઈન્દ્રજીની પંકિતઓ નોંધતાં લખ્યું છે કે,–

**"પીપળ પાન ન તોડીએ,**
**ન ભાંગીએ વડની ડાળ,**
**વહેતાં જળમાં ન થૂંકીએ,**
**ગુરુને લાગે ગાળ." (૧૯)**

આવું કહીને વૃક્ષો તથા પાણીનો મહિમા ગાયો છે. તો નરેન્દ્રકુમાર જોષીએ સંત મેકરણદાદાની પંકિતઓ નોંધતા લખ્યું છે કે,

**" પિપર મેં પણ પાણ, નાંય બાવર મેં બ્યાં,**
**નિમ મેં ઊ નારાણ, ત કાંઢે મેં કયોં ? " (૨૦)**

( અર્થાત્ – પીપળામાં પોતે જ છે તો બાવળમાં કોઈ બીજો નથી. લીમડામાં જો નારાણ હોય તો ખીજડામાં બીજું કોણ છે ? આપણે હંમેશાં પીપરો, તુલસી, વડ, જેવાં વૃક્ષોનું પૂજન કરીએ છીએ તેને જફા પહોંચાડતા નથી. તેનું કારણ પણ આ જ છે. આમ, કચ્છની મરુભૂમિને રળિયાત બનાવતા આ પુણ્યશાળી વૃક્ષોનું જતન કરવું રહ્યું.

### ૧.૩.૨.૭ * પ્રાણી સૃષ્ટિ :–

કચ્છપ્રદેશમાં પ્રાણીઓની સંખ્યા પ્રમાણમાં સારી એવી છે. આવાં પ્રાણીઓ ખાસ કરીને રખાલો (જંગલોમાં) જોવા મળે છે જેમાં ખાસ કરીને ચિત્તા, હરણ, નીલગાય,

સસલા, ભગાડ, ઝરખ, ઘુડખર, શાહુડી, હેણાતરા, લોંકડી ઉપરાંત નાના–નાના જીવોમાં શેરવો, નોળિયો, ઉંદર, વડવાગોળ, ગરોડી, કાકીડા, દેડકા વગેરે જેમાં ચિત્તો અહીંનું મુખ્ય પ્રાણી છે. તો આ જંગલનાં બીજાં પ્રાણી એવાં ઘુડખર એક અનોખા પ્રકારનો જંગલી ગધેડો છે. તેના દોડવાની છટા પણ નિરાલી છે. એકાદ કલાકમાં લગભગ ૩૦ થી ૪૦ માઈલનું અંતર કાપી લે છે. આથી જ મધુસૂદન ભટ્ટે નોંધ્યું છે કે, " ગધૈયા સિક્કા મેકરણનો લાલીઓ ગધેડો અને ઘુડખર પરથી લાગે છે કે, કચ્છીઓ ગધેડાનું પણ સન્માન કરી શકે છે. " (૨૧)

### ૧.૩.૨.૮ * પક્ષી જગતઃ–

કચ્છભૂમિના ખોળે વનસ્પતિ અને પ્રાણીઓની માફક પક્ષીઓની અનેક જાત પણ બેઠી છે. જેના પર કચ્છની ધરતીનો હૂંફાળો હાથ ફરે છે, એવાં પ્રાણીઓમાં પોપટ, સમડી, બુલબુલ, ગીધ, સારસ, હંસ, ચકલી, ગરૂડ, મેના, કબૂતર, ગુરાણી, કાળિયો કોશી, કુંજલડીઓ, લેલુ, કલાપી, ખંજન, શકરો, ટીટોડી, બાજ, હોલો, તેતર, વગેરે પક્ષીઓ જોવા મળે છે. આ ભૂમિમાં વિશિષ્ટતા ભરેલી વાત એ છે કે, અહીં યાયાવર (મહેમાન) પક્ષીઓ પણ કચ્છ ધરાની મહેમાનગરી માણવા આવે છે. તેવાં પક્ષીઓમાં ખાસ કરીને સુરખાબ, દિવાળી ચકલી, દશરથ, ધોક્કું, ચાતક, વૈયા, કુંજ, કાશ્મીરી, ચક્રવાક, કકૂ, સ્ટોર્ક, નાઈટ–નીર, ફલાય કેચર, વગેરે પક્ષીઓ જોવા મળે છે. આ બધામાં સુરખાબ તો વળી અનેરી ભાત પાડનારું પક્ષી છે

આવા સુંદર મજાના પક્ષીઓ વિશે રામસિંહજી રાઠોડે નોંધ્યું છે કે, "આપણી સૌંદર્ય પિપાસાની તૃપ્તિ કરાવતાં કેટલાંક પક્ષીઓ તો આપણાં જીવનસંગાથી સમા બની આપણા લોકજીવન અને લોકસાહિત્યમાં મહત્ત્વનું સ્થાન જમાવી બેઠાં છે. ઘરઉંબર, ખેતર–પાદર અને વન–ઉપવનમાં પક્ષીઓનો મીઠો સહચાર આપણા સંસ્કારમાં પ્રસન્નતા ઉમેરી રહે છે." (૨૨) તો વળી પક્ષીઓ પર પોતાના હૃદયનો ઉમળકો ઠાલવતા મધુસૂદન ભટ્ટે નોંધ્યું છે કે, " પક્ષીસૃષ્ટિમાં સંસ્કૃતિનો કેકારવ સંભળાય છે." (૨૩)

આમ, વનસ્પતિ, પ્રાણી અને પક્ષીઓ એ કચ્છની ખરી સમૃદ્ધિ છે. આજે સમયની સાથે ધીમે–ધીમે તેની આ સૃષ્ટિ ઘટવા માંડી છે. ત્યારે તેને બચાવી લેવી એ કચ્છી માળુઓની ફરજ બની જાય છે.

## ૧.૪ * બેનમૂન બન્ની :-

કચ્છ ધરાની ભાતીગળ રચનામાં કયાંક વિશાળ ખારાપાટ લૂણને જોઈને આંખને થાક લાગે છે. તો આ રણની કાંધીએ આવેલ બન્નીને નિહાળતા આંખને લાગેલો થાક તરત જ હળવો બને છે. આ બન્ની એટલે ઘાસવાળો પ્રદેશ સમગ્ર કચ્છપ્રાંતમાં બન્નીનું મહત્ત્વ ઓછું નથી. બન્નીનું મહત્ત્વ જણાવતાં રામસિંહજી રાઠોડે ઉમાશંકર જોષીના વિધાનને ટાંકતા નોંધ્યું છે કે, " ૧૯૮૦ માં કારતક માસની લાભપાંચમે ભૂજમાં ભારતીય સંસ્કૃતિદર્શન ' કચ્છ ' નો કાર્યારંભ કરાવ્યો. એ વારે એમને બન્ની દર્શન કરાવ્યું ! જાણે જગને કિનારે આવ્યાં હોય એમ અહીં એમણે બન્નીની બલિહારી નિરાળી પ્રકૃતિની ગંભીર શાંતિમાં વિલસતો પ્રાણનો સંચાર એમને સ્પર્શી ગયો. ઉમાશંકર જોષી સ્મરે છે –

**" વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી,**
**પશુ છે પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ."**
**( વિ✓ શાંતિ ૫/૩૭)**

બાદ તેમણે લૂણાના ઘ્રોપટમાં ચરતી મત્તારી ભેંસો જોઈ –

**" કારીયું ને કુંઢિયું કારી સજી કતાર,**
**મઈયું ચરે મતારીયું બેડો બન્નીયજો પાર. "**

વિશાળ વિ✓ના જાણે બિંદુ સમાન બન્નીમાં સંચરતી અને અનંતગાન સંભળાવતી માતૃભૂમિ ભારતની ભવ્યતાનો અહીં એમણે અહેસાસ આવ્યો. એમના અંતરમાં ઊંડે ઊતરેલા આવા ભાવની ઉમાશંકરે એ બન્નીની ચપટી ખેપટ ઉપાડી અને માથે ચડાવી એમણે મા ભોમને વંદના કરી. " (૨૪)

## ૧.૪.૧ * બન્ની શબ્દની ઉત્પત્તિ :-

આગળ જણાવ્યું તેમ ઘાસ ઘેરાયેલો વિસ્તાર બન્ની એ ' બનઈ ' નો અપભ્રંશ છે. કચ્છીઓ નવી ઉપજેલી (બનેલી) જમીનને ' બનઈ ' કહે છે.

## ૧.૪.૨ * બન્નીનું બંધારણ :-

કહેવાય છે કે, પ્રાચીનકાળમાં બન્ની વિસ્તારમાં સિંધુ નદી વહેતી હતી.

પરિણામે ત્યાં પશુઓ ચરતા / વસતા. ખાસ કરીને ગાયો ત્યાં વધારે પ્રમાણમાં વિચરતી. તેની ખરીઓને કારણે તે સ્થળ રેતાળ બન્યું અને ત્યાં ઘાસ થવા માંડયું. વળી, અન્ય નદીઓનો લાભ પણ આ જમીનને મળ્યો, પશુઓનાં છાણ–મૂત્રને લીધે ઉત્તમકોટિનું ગણાવી શકાય તેવું ઘાસ આ ભૂમિ પર થવા માંડયું. ધીમે–ધીમે માલધારીઓનો વિસ્તાર બન્ની બન્યું. આશરે ૧૫ માઈલની પહોળાઈ અને ૬૦ માઈલની લંબાઈ બન્ની ધરાવે છે.

### ૧.૪.૩ * બન્નીનું લોકજીવન :–

બન્નીના ગામ કે વિસ્તારને ' વાંઢ ' કે ' ઝીલ ' કહેવામાં આવે છે.' ઝીલ ' એટલે જ્યાં પાણી મળતું હોય તેવું સ્થળ (સ્થાન) સ્વાભાવિક જ છે કે, જ્યાં જળ ત્યાં સ્થળ . જળ મળતું હોય તે સ્થળે રહેવાનું જ મનુષ્યો પસંદ કરે. એમાંય માલધારીઓ ખાસ. અહીં માલધારીઓની અનેક જાતો વસે છે. બન્નીનાં માલધારીઓ પશુઓની ઓલાદ ઉછેરે છે જે આખાયે ગુજરાતમાં ઉત્તમ પ્રકારની ગણાય છે. અહીંની સુંદર ઓલાદ વિશે નરેન્દ્રકુમાર જોષીએ નોંધ્યું છે કે, "બન્નીની ગાયોની ઓલાદ ખૂબ જાતવાન અને રૂપાળી છે. વઢિયાર અને વાગડિયા, કાંકરેજી અને થરી એવાં એનાં વંશભેદ છે. આ ગાયોના વૃંદોને લીલાઘાસના વિશાળ વિસ્તારોમાં મુકી અને ચરતા–ચરતા નીરખવા એ પણ જીવનનો એક લહાવો છે. એક કવિએ તો એમના વખાણ કર્યા છે. –

**" પૂર સીંગ પૂછે રૂપારિઉ સેણે જેંજી સિક્ક,**
**ખનન વજે ખરકા, ખુંયરે, બન્નીય બોક. "** (૨૫)

જો કે, આજે બન્ની વિસ્તારમાં પાણીનો પ્રશ્ન ઊભા થયા છે. તેના કારણે અંદરો–અંદર સંઘર્ષ પણ થાય છે. છતાં પણ તેઓ મુશ્કેલીઓમાં પોતાનું જીવન જીવી જાણે છે. તેમના મકાનોને ' ભૂંગા ' કહે છે. ઘણાં બન્નીવાસીઓ તો પોતાના ભૂંગાઓને સજાવી–ધજાવીને આકર્ષણનું કેન્દ્ર બનાવી શકયા છે. આ તેની વિશિષ્ટતા છે. ખરેખર બન્નીની મુલાકાત લઈ, બન્નીના ધબકતા લોકજીવનને નિહાળવું, સમજવું એ પણ એક લહાવો છે.

### ૧.૫ * કચ્છ : રણપ્રદેશ :–

કચ્છ પ્રદેશમાં મહતમ ભાગ ધરાવતી ભૂમિ (વિસ્તાર) માં કચ્છનું રણ

ગણના પામે છે. જળ અને રણથી ઘેરાયેલા આ પ્રદેશનો મોટો ભાગ ખારાપટે એટલે કે રણે રોકયો છે. પ્રકૃતિની રચના કુદરતનું સર્જન ગણાતું હોવા છતાં રણને શાપિત ભૂમિ માનવામાં આવે છે.તેનાં વિશે રશબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે કે, " રણનો પૂર્વનો વિસ્તાર બહારની દુનિયા સાથેનો કચ્છનો વ્યવહાર ટકાવી રાખવા માટે સોથી વિશેષ મહત્ત્વનો છે " (૨૬)

## ૧.૫.૧ * રણની ઉત્પત્તિ :–

રણની ઉત્પત્તિ વિશે પણ અનેક મત–મતાંતરો પ્રવર્તે છે. ઠાકર બંધુઓએ નોંધ્યું છે તેમ – " સેંકડો વર્ષ પૂર્વે કચ્છનું રણ અરબી સમુદ્ર નીચે ગરક થયેલું હતું. તેથી એક સમયે અહીં જલપ્રદેશનું અસ્તિત્વ હતું. સિકંદર આવ્યો ત્યારે પણ ત્યાં વિશાળ જલરાશિ ઘુઘવતી હતી. ત્યાર પછી આવેલાં ' પેરિપ્લસ ' ના લેખકે તેને ' છીંછરા અખાત ' તરીકે નોંધેલ છે. જલધિના સ્થાને રણની ઉત્પત્તિ અંગે બર્ન્સ માને છે કે, સમુદ્ર ખસી જવાથી, જયારે મેકમર્ડોના મતે સમુદ્રનું તળિયું ઊંચું આવવાથી રણ બનેલ છે. એબટ નોંધે છે કે, પૂર્વે રણ ' હકરા' અને સિંધુ નદીઓનો ' દોઆબ ' ગણાતો. પરંતુ ભૌગોલિક ફેરફારોથી આ નદીઓના વહેણ પલટાતા આ ફળદ્રુપ વિસ્તાર ઉજજડ બની રણમાં પરિણમ્યો. કચ્છનું રણ એ કચ્છની ભૂમિનું ' અલ્લાહબંધ ' ને બાદ કરતાં છેલ્લું પ્રાકૃતિક સર્જન ગણાય." (૨૭)

આમ, રણની ઉત્પત્તિ વિશે ચોક્કસ અનુમાન બાંધી શકાય તેમ નથી. જો કે, ત્યાં દરિયાઈ અવશેષો પ્રાપ્ત થતા હોઈ તેની સાથે જ નદીઓના અવશેષો પણ પ્રાપ્ત થાય છે. તેથી ત્યાંથી નદીઓં પસાર થઈ હોય અને સાગર સંગમ થતો હોય એવું પણ બની શકે છે.

## ૧.૫.૨ * પ્રદેશની સપાટી :–

દૂરથી નજર નાખતાં રણ એક સપાટ મેદાન લાગે. હકીકતમાં રણની સપાટી એકસરખી એટલે કે સમાંતર હોતી નથી. રણની' સૂકી સપાટીવાળા ભાગ પર વરસાદ પડે તો તે પાણી વહી જવાને બદલે જયાં સુધી તે પાણીનું વરાળમાં રૂપાંતર ન થાય ત્યાં સુધી તે ધીમે–ધીમે જમીનમાં ઉતરે છે. જો કે, ખારાપાટવાળા ભાગમાં જમા

થયેલું પાણી વરાળ થઈ અદશ્ય થવા માંડે છે. ત્યાં સુધીમાં તો નીચે મીઠાના થર જામતા જાય છે. પાણી જેટલું ઊંડું તેટલું પડ જાડું. ચોમાસામાં વરસાદ પડે છે ત્યારે ખાસ કરીને દરિયાઈ સપાટી ઊંચી આવે છે અને તેનું પાણી ફેલાઈને રણમાં આવે છે, એક તો વરસાદને લીધે રણમાં નીચાણવાળા ભાગોમાં પાણી ભરાય તેમાં આ સમુદ્રનું પાણી આવે છે. પરિણામે રણમાં પાણીની સપાટી એકંદરે ઊંચી આવે છે અને આ પાણી ઘણા વખત સુધી સચવાઈ રહે છે.

આમ, કચ્છના વિશાળ રણની સપાટી એકસરખી નથી પણ અસમાનતા ધરાવે છે. પાણીના ભરાવાની સપાટી પણ ઊંડાણ ઉપર આધાર રાખે છે.

### ૧.૫.૩ * રણની કપરી મુસાફરી :-

રણની મુસાફરી ખૂબ જ કષ્ટદાયક બની જાય છે. ખાસ કરીને રણમાં વાહન તરીકે તો ઊંટનો જ ઉપયોગ કરવામાં આવે છે. જો કે, ઊંટને રણનું પ્રાણી કહેવામાં આવે છે. છતાં પણ કયારેક ઊંટ માટે પણ આ મુસાફરી મુશ્કેલી ભરી બની જતી હોય છે. એમાંય રાત્રિના સમયે ચોમાસામાં રણમાંથી પસાર થવામાં આવે તો પ્રથમ તો દિશા જ મળતી નથી. વળી, કયાં ભાગમાં કેટલું પાણી ભરાયેલું છે તે પણ નક્કી થઈ શકતું નથી. આ ઉપરાંત પણ છીંછરા ભાગોમાં ઘણી વખત કાદવ જામેલો હોય છે. રણના અમુક વિસ્તારમાંથી જો ઊંટ પસાર થાય તો તેના પગમાં ફેકચર થઈ જાય છે. ઊંટ પર વજન નાખીને ચલાવવાનું થાય ત્યારે ઊંટના આગળના પગ ઉપર ' ડામણ ' બાંધવામાં આવે છે. જેથી ઊંટના પડવાનો ભય ઘટી જાય છે.

એમાંય વળી અજાણ્યા મુસાફરો કે જેઓ રણના માર્ગથી પરિચિત નથી અને જેમને રણની વિશાળતાનો ખ્યાલ નથી તેવાં મુસાફરો માટે તો રણની મુસાફરી ખૂબ જ કષ્ટદાયક બને છે. જો કે, કચ્છની પ્રજા માટે તો કુદરતની આવી અનિષ્ટ ભેટને સ્વીકારીને ચાલ્યા વિના છૂટકો જ નથી.

### ૧.૬ * કચ્છના ખનિજ ભંડાર :-

જેમ માતા પોતાના બાળકને મારે છે અને ખોળામાં બેસાડીને લાડ પણ લડાવે છે. બરાબર આ જ સ્થિતિ કચ્છની ધરણી માટેની છે. એકબાજુ કુદરતે કચ્છની

જનતાને લાફો માર્યો છે તો બીજીબાજુ કચ્છના આર્થિક વિકાસની ઘણી બધી તકો પણ ઊભી કરી દીધી છે. એક તો કંડલા જેવાં બંદરોની સમૃદ્ધિ છે. તો તેની સાથે જ કચ્છના ભૂગર્ભમાં કુદરતે પોતાનો ખજાનો વેર્યો છે. જેવી રીતે કુદરત ખેતરમાં મબલક પાક ઊગાડે છે તેની લણણી કરવી એ ખેડૂતના હાથમાં હોય છે. તેવી જ રીતે કુદરતે કચ્છની ભૂમિમાં જે ખનિજોનો ભંડાર ભરી દીધો છે તેને હાથવગો કરવા માટે કચ્છની પ્રજાએ તથા સરકારે કમર કસવી રહી જેનાથી કચ્છ ઉદ્યોગોનાં ક્ષેત્રમાં આગળ આવી શકે. આ વિષયમાં સરકારે સારી એવી જહેમત ઉઠાવવી પડશે. જો કે, સરકાર એકલી આ કાર્ય કરી શકે નહીં તેનાં માટે તેને પ્રાઈવેટ એજન્સીઓની મદદ લઈ શકાય તો જ આ કાર્ય ત્વરિત ગતિથી થઈ શકે.

કોઈ એક ખનિજ નહીં પરંતુ કુદરતે કચ્છની સમગ્ર ધરતીમાં જુદી–જુદી જગ્યાએ અનેક પ્રકારનાં ખનિજો છૂટા હાથે પાથર્યાં છે. તેને આયોજનપૂર્વક અને યોગ્ય સાધનોની મદદથી હાથવગા કરવાની તાતી જરૂરિયાત છે.

### ૧.૬.૧ * લિગ્નાઈટ :–

કચ્છના પશ્ચિમ વિભાગમાં ખોદકામ કરતાં લિગ્નાઈટ નામનું ખનિજ હાથ લાગ્યું છે જે કોલસાની જાતનો મોટો જથ્થો છે. કચ્છના પશ્ચિમ વિસ્તારમાંના વાડાપધ્ધર, પાનધ્રો, રતડિયા, અકરી, ઢેઢુડી, ઉમરસર, માતાનો મઢ વગેરે સ્થળોએ કાર્યો થયેલાં છે. આ પ્રકારના ખનિજમાં રાખ અને ગંધકનું પ્રમાણ વિશેષ હોઈ તેને બળતરમાં તેમજ વીજળી ઉત્પાદનમાં પણ ઉપયોગમાં લઈ શકાય છે. ખરેખર, આ દિશામાં હજુ વધારે પ્રયત્નો કરવાની જરૂર છે.

### ૧.૬.૨ * ચૂનાનો પથ્થર :–

ચૂનાનાં પથ્થરના થરો કચ્છભૂમિના પશ્ચિમ વિસ્તારના એટલે કે, નંદપાષાણ તરીકે પ્રખ્યાત બનેલાં જમીન વિસ્તારમાંથી પ્રાપ્ત થયાં છે. કહેવાય છે કે, એક જમાનામાં પકાયેલાં ચૂનાનાં વહાણો મુંબઈ નગરી ભણી રવાના થતાં.

### ૧.૬.૩ * બોકસાઈટ :–

બોકસાઈટ પણ એક મહત્ત્વનું ગણી શકાય તેવું ખનિજતત્ત્વ છે. જો કે,

આ પ્રકારનો ખનિજ કચ્છ ધરતીના અનેક વિસ્તારોમાંથી મળે છે. બોકસાઈટના એક નહીં અનેક રંગો હોય છે. જેમકે, બદામી, સફેદ, લાલ, ભુખરા, વગેરે રંગોથી રળિયામણા લાગે છે. આ પ્રકારનું ખનિજ પલાંસવા, માંડવી, મુન્દ્રા અને અંજાર જેવાં શહેરોમાંથી પ્રાપ્ત થાય છે.

### ૧.૬.૪ * ચિરોડી :–

ચિરોડીની બાબતમાં જોઈએ તો ચિરોડી પણ અનેક જગ્યાએથી ડોકિયા કરે છે. જેમાં આ જથ્થો કચ્છ જિલ્લાના નાનારણ નજીક પલાંસવા, ચિરઈ, આડેસર જેવા વિસ્તારોમાંથી મળી આવ્યો છે. તો લખપત તાલુકાના અમુક વિસ્તારમાંથી પણ ચિરોડીના જથ્થા મળી આવ્યા છે. ખાસ કરીને આ ચિરોડીનો ઉપયોગ કાચ, એમોનિયમ સલ્ફેટ તેમજ પ્લાસ્ટર ઓફ પેરિસ બનાવવાના ઉદ્યોગમાં થાય છે.

### ૧.૬.૫ * રેતી :–

ગ્રેન્યૂલર અને અશુદ્ધિ રહિત રેતીનો જથ્થાવાળો ભાગ પણ કચ્છદેશના ઘણા વિસ્તારોમાંથી પ્રાપ્ત થયાં છે. પ્રિયકાંત પંચોલી નોંધે છે – " અંજાર તાલુકાની સીલીકા સેન્ડ કંડલાના ખાતરના કારખાનામાં વપરાય છે. સીલીકા સેન્ડનો ઉપયોગ ફાઉન્ડ્રી ઉદ્યોગ અને કાચ બનાવવા માટે વિશેષ અને ડ્રિલીંગ–પોલીશીંગ વગેરેમાં વપરાય છે. આ ઉપરાંત કવોર્ટ્ઝ જે ક્રીસ્ટલ ફોર્મમાં મળે છે તે સીલીક શુદ્ધ રૂપ હોય છે અને તે હાઈ કવોલીટી કાચ બનાવવા માટે અને હાર્ડ હોઈ ક્રીટલ બેરિંગની જરૂરત હોય ત્યાં વપરાય છે." [૨૮] આમ, અહીંની રેતી પણ અમૂલ્ય છે.

### * ફટકડીના થરો :–

વળી કચ્છના માતાના મઢ પાસે ખોદકામ કરતાં ફટકડીના થરો માલુમ પડ્યા છે.

### ૧.૬.૬ * લોખંડ :–

તો કચ્છના વાંઢ, ગાત્રોડ, રતનાલ જેવાં સ્થળેથી લોખંડની કાચી ધાતુ

(હેમેટાઈટ) છૂટા–છવાયા રૂપમાં હાથવગી કરાઈ છે.

❑ આ ઉપરાંત દેવપર, લુડવા, પાનધ્રોમાંથી ચિનાઈ માટી મળી આવી છે.

❑ ફટકડીના થરો ઉપરાંત ગેરૂં, રંગીન માટી વગેરે માતાના મઢ નજીક પ્રાપ્ત થઈ છે.

❑ વળી, ચણતરમાં ઉપયોગમાં લઈ શકાય તેવા અનેક પ્રકારના વિવિધ રંગી પથ્થરો પણ કચ્છમાંથી ઉપલબ્ધ થયાં છે. જેમાં – લકીનો, ભૂકરિયો, કાળો, રાતો, છીપરિયો, પીળો વગેરેનો સમાવેશ થાય છે. જેમાં પીળો પથ્થર ખૂબ જ કઠોર (કઠણ) હોય છે તે અંધૌના ડુંગરામાંથી પ્રાપ્ત થાય છે.

❑ લખપત તાલુકાના ગુનેરી પાસેથી એવા પ્રકારનું વેળું મળે છે જે કાચના ઉદ્યોગમાં વાપરી શકાય છે. નરેન્દ્રકુમાર જોષીએ નોંધ્યું છે કે, " કચ્છના નાના રણમાં આવેલાં મરડક બેટમાંથી અકીકના પથ્થરો મળે છે." [૨૯]

આમ, કચ્છ પ્રાંત ખનીજોનો ખજાનો છે. એકબાજુ કુદરતે મુશ્કેલીઓ આપી છે તો બીજીબાજુ દુઃખ ભુલાવે તેવો ખજાનો પણ આપ્યો છે. હવે માનવે તે ખજાનો જહેમત ઊઠાવીને ખોલવો રહ્યો. કચ્છી પ્રજા કે સરકારની મહેનતનાં પરિપાક રૂપે જે એ ખજાનો પૂરી માત્રામાં પ્રાપ્ત થશે. કારાણીએ નોંધ્યું છે કે,

**ખનીજ ગંધક કૈક,**
**પથ્થરને લોહ ફટકડી સૂરોખાર "** [૩૦]

## ૧.૭ * ખડીર :– (એક વિશિષ્ટ વિસ્તાર )

કચ્છમાં અમુક એવાં સ્થળો છે જેનું નામ સાંભળતાં જ ભેંકારતાનો અનુભવ થાય. રણની પેઠે આવા સ્થળોનું નામ આપણને અકળાવી મૂકે. જંગલના જાત ભાઈઓમાંથી અટુલા પડેલા પશુઓની માફક ખડીરનો બેટ પણ રણમાં અટૂલો પડી રહે છે. ત્યાંનું લોકજીવન પણ અનેક કઠણાઈઓથી ભરેલું છે. અહીંના લોકો ખેતી અને પશુપાલન ઉપર જીવે છે. પણ રામસિંહજીએ નોંધ્યું છે કે, " ખડીરનો બેટ એટલે બેર, બાજર અને બાકરની ભૂમિ." [૩૧] અહીં આ ભૂમિમાં ઉત્તમ પ્રકારનો બાજરો થાય છે. પુષ્કળ પ્રમાણમાં સરસ મજાનાં ખાટાં–મીઠાં બોર પાકે છે. તો અહીંના બકરાઓ પણ વખણાય છે. પણ આ બેટના માનવની કઠણાઈ (કઢણા) એ છે કે, અહીં પાણીની સમસ્યા

ઊભી થાય છે અને એમાંય જો મેઘરાજા રૂઠે તો–તો આ લોકોની પાયમાલીનો પાર રહેતો નથી. દુષ્કાળના કપરા કાળમાં તો લોકોને પોતાની વ્હાલી માતૃભૂમિને છોડીને બીજા સ્થળે કે પ્રાંતમાં રઝળપાટ કરવી પડે છે.

ચારે તરફથી ખંડરો જેવા ભણકારા સંભળાતા આ ખડીર બેટ જવા માટે ચોમાસાની ઋતુમાં રણની મુસાફરી તો વળી આકરો અનુભવ કરાવે. કેમકે, ચોમાસામાં રણ બીજો રત્નાકર બની જાય છે. ભલે રણમાં રત્નાકરની અથાગતા ન હોય પણ બે–ત્રણ ફૂટ ઊંડા પાણીમાં મુશ્કેલી તો પડે જ ! રાત્રે આરામ કયાં કરવો ? તે મુશ્કેલી ઊભી થાય જ ! વળી પાણી સૂકાયું હોય તો કાદવ હોય તેમાં ચાલવું કેમ ? આ બધા પ્રશ્નો મૂંઝાવી મારે.

રામસિંહજીએ નોધ્યું છે કે, " ખડીરમાં નજર ફેરવો તો ત્યાંથી ખંડેરી સાદ સંભળાવા લાગે અને તેની ખાખની ગાથાના સાક્ષી સમ સંખ્યાબંધ પાળિયા, ફીટેલાં ગામો, પાર વિનાના ખંડેરો અને કોટડો, લોઆરવા, જગપધ્ધર, વાવડી તથા ચાંપાર પાસે શોજારેલ જેવા પુરાવશેષોના ટીંબા જયાં ત્યાં જોવા મળે. " (૩૨)

આમ, ખંડેરો, પાળિયાઓ અને મુસીબતોની આ ભૂમિમાં એકબાજુ કઠોરતા છે; તો બીજીબાજુ વિશેષતા પણ છે.

### ૧.૮ * કચ્છની આબોહવા :–

લાંબો દરિયાળ કાંઠો, વિશાળ રણ પ્રદેશ અને ત્રણેક જેટલી લાંબી ડુંગરમાળાઓ જેમ કચ્છના ભૂપૃષ્ઠની વિશેષતાઓ છે. તેમ તેની આબોહવા પણ વિશિષ્ટ પ્રકારની બની રહે છે. અહીંની આબોહવા સૂકી અને ગરમ છે. છતાં આરોગ્ય અને આનંદ આપનારી બની રહે છે. અહીં, શિયાળામાં ઠંડીનું પ્રમાણ ઘણું ઊંચું રહે છે; જયારે ઉનાળામાં દિવસે સખત ગરમી પડતી હોવા છતાં રાત્રે સાગરની લહેરો પરથી આવતો શીતળ પવન વાતાવરણમાં ખુશનુમા બક્ષે છે.

#### ૧.૮.૧ * વરસાદ :–

વરસાદની બાબતમાં જોઈએ તો એકંદરે વરસાદ ખૂબ જ ઓછો પડે છે. આખા વર્ષ દરમિયાન લગભગ ૧૪ ઇંચ જેટલો જ ગણાવી શકાય. વરસાદની આ

અનિયમિતતાને કારણે દુષ્કાળ જેવી પરિસ્થિતિ કચ્છની તાસીર બની ગઈ છે. છતાં સમગ્ર કચ્છ વિશે વિચારીએ તો કાઠી અને વાગડ વિસ્તારમાં કચ્છના અન્ય પ્રાંતોની સરખામણીમાં વધુ વરસાદ પડે છે.

## ૧.૮.૨ * પીવાનું પાણી અને સિંચાઈ વ્યવસ્થા :-

અલ્પ વરસાદને કારણે કચ્છ સૂકો મલક (મુલક) હોવાથી નદીઓ બારેમાસ વહેતી નથી. પરંતુ પીવાનું પાણી કચ્છના અસંખ્ય કૂવાઓમાંથી મળી રહે છે. રામસિંહજી રાઠોડે નોંધ્યું છે તે પ્રમાણે અંદાજે "૧૭,૦૦૦ (સત્તર હજાર) જેટલા કૂવાઓ, પીવાનું અને સિંચાઈનું જળ પૂરું પાડે છે." (૩૩)

## ૧.૮.૩ * કચ્છની આબોહવા : લોકવાણીમાં :-

ગુજરાતના વિવિધ પ્રદેશોની સરખામણીએ કચ્છની ધરતી ત્રણેય ઋતુઓમાં એકસરખો આનંદ આપનારી બની રહેતી હોવાથી કોઈ લોક કવિએ ખૂબ જ પ્રચલિત એવા દુહામાં માના ખોળા જેવી હૂંફાળી કચ્છ ધરાના આ રીતે ગુણગાન ગાયા છે.

**" શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,**
**(પણ) વર્ષામાં વાગડ ભલો, કચ્છડો બારેમાસ."**

## ૧.૯ * પ્રાગ્ ઐતિહાસિક ભૂમિકા :-

**" ભારતની ભૂમી પચ્છમ કોરે, નાની તોયે ધીંગી ધરતી,**
**માનવ મહેરામણની એણે, દીઠી બહુ ધીંગા મસ્તી,**
**ધન–ધન કચ્છની આ ધરતી. "** (૩૪)

માતાના ખોળામાં શોભતા નાના બાળકથી પેઠે ભારતભૂમિના ખોળામાં (પડખામાં) સોહાતી એક ધીંગી ધરતી એટલે કચ્છ પ્રદેશ. સમગ્ર હિન્દુસ્તાનમાં આ ધરતીએ પોતાનો પરિચય આપીને બહુમૂલ્ય બની છે. આ ભૂમિનું પગેરું અનેક કાળ વીંધીને છેક વૈદિકકાળનું મનાય છે. આ ભૂમિમાં છેક પથ્થરયુગના અને એ પછીના કાળના અનેક અવશેષો કયાંક રણમાં તો કયાંક જળમાં તો વળી કયાંક અન્ય ભાગોમાં

વેર–વિખેર હાલતમાં ધરબાઈને પડયા છે. એમાંના કેટલાક અવશેષો જે હાથવગ થયા છે તે જોતા કચ્છની તે સમયની ભવ્ય સંસ્કૃતિ તથા ઈતિહાસનાં દર્શન થાય છે. આ અવશેષોમાં શિલ્પ સ્થાપત્ય સવિશેષ દષ્ટિગોચર થાય છે. કચ્છના પુરાતન અવશેષોની વાત કરતાં રામસિંહજી રાઠોડે નોંધ્યું છે કે, " અત્યારે કચ્છમાં પુરાતન ઈતિહાસની મહત્ત્વની સામગ્રી પૂરી પાડે તેવાં ખુલ્લાં પડેલાં કેટલાક અગત્યના અવશેષો મોજૂદ છે. પ્રાચીન ઈતિહાસની સધ્ધર સાબિતી સમા આ ઐતિહાસિક અવશેષો જે સમયે તેનું સર્જન થયું તે સમયની ત્યાંની સંસ્કૃતિની પ્રતિકૃતિ હોઈ,તે વખતના રીત–રિવાજ, રહેણીકરણી અને તે વખતની સમૃદ્ધિનો ખ્યાલ આપે છે. " (૩૫)

કચ્છ ધરણીમાં ભંડારાયેલા અવશેષો પુરાતત્ત્વ ખાતાની મહેનતના પરિપાકરૂપ પ્રદર્શનમાં આવ્યા છે.

### ૧.૯.૧ * હડપ્પન વસાહતો :–

હડપ્પા સંસ્કૃતિના અવશેષો પણ કચ્છભૂમિમાંથી બહાર આવ્યા છે. જે પાંચ હજાર વર્ષ કરતાં પણ જૂના છે. માનવસંસ્કૃતિનો વિકાસ પાંચ હજાર વર્ષ પહેલાં સિંધુ નદીના કાંઠે થયેલો. ગુજરાત–કચ્છના ઘણા વિસ્તારોમાંથી આ સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. તેમાં કચ્છના : ગુંતલી, પાબુમઠ, દેશલપુર, નાનીરાયણ,ધોળાવીરા, વગેરે જગ્યાએથી સિંધુ સંસ્કૃતિના અવશેષો પ્રાપ્ત થયા છે. જે પૈકી ' ધોળાવીરા ' મુખ્ય છે. ધોળાવીરા વિશે નરેશ અંતાણીએ નોંધ્યું છે કે," ધોળાવીરા એ એ સમયનું અમદાવાદની કક્ષાનું શહેર હોવું જોઈએ, પુરાતત્ત્વવિદોના મત અનુસાર ધોળાવીરાની વસ્તી દશ હજારની આસપાસ અંદાજવામાં આવી છે. હડપ્પન વસાહતોમાં સૌથી વધુ વસ્તી મોહે – જો ડેરોની ચાલીસ હજારની અંદાજવામાં આવી છે. જયારે હડપ્પાની વસ્તી પચ્ચસી હજારની માનવામાં આવે છે." (૩૬)

આમ, હડપ્પા સંસ્કૃતિના અવશેષો કચ્છભૂમિની પ્રાચીનતાનો ખ્યાલ આપે છે.

### ૧.૯.૨ * કચ્છના જળચર અવશેષો :–

કચ્છ માટે તો અવશેષોથી ભરેલી ભૂમિ પણ કહી શકાય. આ ધરતીની

એક એક જગ્યાએ સંશોધન કરવામાં આવે તો કંઈક ને કંઈક અવશેષ પ્રાપ્ત થાય છે. અહીંથી પાણી સાથે અને વૃક્ષો સાથે સંબંધ ધરાવતા અવશેષો પણ પ્રાપ્ત થયાં છે. દિલીપ વૈદ્યે નોંધ્યું છે તેમ, " સૌપ્રથમ કચ્છમાંથી સ્થળે–સ્થળે અશ્મિભૂત અવશેષો જળચર જીવો અને વનસ્પતિના ૬૦ લાખ વર્ષ જૂના મળે છે. ભુજ નજીક આવેલ લેર ડેમના વિસ્તારમાંથી કોચલાવાળા ગોકળગાય જેવા મહાકાય જીવો હાથ લાગ્યા છે. જેને અહીંના લોકો જલેબી પથ્થર કહે છે. હકીકતમાં તે મૃદુકાય જીવનું જ એક કોચલું છે. જેની ક્રિયા કંઈક આવી હોય છે. જીવ મરી ગયા બાદ તેમાં માટી ભરાઈ કોચલાના ફરમામાંથી માટી સખત થઈ જતાં તે જીવના આકારનો જ પથ્થર બની જાય છે."(૩૭) આમ, ઠેકઠેકાણેથી આવા અવશેષો પ્રાપ્ત થયા છે.

## ૧.૯.૩ * હથિયારોનાં અવશેષો :–

કચ્છની આ ધરામાંથી અન્ય અવશેષોની માફક આજથી દોઢેક લાખ વર્ષ પહેલાના માનવ જાતના પુરાવાઓ પણ પ્રાપ્ત થયા છે. તે તેનાં હથિયારો પરથી સાબિત થાય છે. દોઢ લાખ વર્ષ પહેલાના યુગને પથ્થરયુગ કહેવામાં આવતો. કેમકે, આ યુગમાં પથ્થરની બનાવટવાળાં હથિયારો ઉપયોગમાં લેવાતાં. એ જમાનામાં અન્ય ધાતુઓની શોધખોળ થઈ ન હતી. માનવ પોતાના ઉપયોગ માટે ચપ્પુ, કુહાડીઓ વગેરે હથિયારો પથ્થરમાંથી જ પથ્થરને ધાર કઢાવીને બનાવતો હતો. એમ કચ્છના ભુજ પાસેથી મળેલાં તેમજ અંજારની સાંગ નદી કાંઠેથી મળેલાં પથ્થરના ઓજારો પરથી ધ્યાનમાં આવ્યું છે.

## ૧.૯.૪ * શિલાલેખો :–

શિલાલેખોની બાબતમાં પણ આ કચ્છભૂમિ જરાયે પાછળ નથી. શિલાલેખોની બાબતમાં જોઈએ તો કચ્છમાંથી જેટલા શિલાલેખો પ્રાપ્ત થયા છે એટલા શિલાલેખો ગુજરાતના કોઈ ખૂણેથી પ્રાપ્ત થયા નથી. ઈ.સ. ૮૯ ની સાલનો શિલાલેખ અંધૌ પાસેથી પ્રાપ્ત થાય છે. તો બીજો એક શિલાલેખ દોલતપર પાસેથી મળે છે જે આભીરોનો હોવાનો સંભવ છે. કચ્છભૂમિમાં સૌથી વધારે શિલાલેખો અંધૌમાંથી મળી આવ્યા છે. તેના વિશે નરેશ અંતાણીએ નોંધ્યું છે કે, " કચ્છ મ્યુઝિયમમાં ક્ષત્રપકાળના કુલ ૧૧ શિલાલેખો છે. જેમાંથી સાત અંધૌમાંથી તથા અન્ય શિલાલેખો વાંઢ (માંડવી),

ખાવડા, મેવાસા (રાપર) તથા દોલતપર (લખપત) ખાતેથી પ્રાપ્ત થયા છે. આ તમામ લેખો બ્રાહ્મીલિપિમાં પ્રાકૃત મિશ્રિત સંસ્કૃત ભાષામાં લખાયા છે." [(૩૮)]

કચ્છધરણીમાંથી જે શિલાલેખો પ્રાપ્ત થયા છે. એના આધારે એટલું તો ચોક્કસ કહી શકાય કે, આખા ગુજરાતમાં ગુજરાતનાં અન્ય સ્થળો કરતાં ક્ષત્રપો કચ્છ વિસ્તારમાં રહ્યાં હશે.

આમ, શીલાલેખો પણ કચ્છની અજોડ સંસ્કૃતિની પ્રતીતિ કરાવે છે.

### ૧.૯.૫ * સિક્કાઓ :-

ભારત ભૂમિ ઉપર અંગ્રેજોનો અમલ શરૂ થયો ત્યારે ચલણી સિક્કાઓ અસ્તિત્વમાં આવ્યા. પણ જયારે આપણા દેશમાં અંગ્રેજોનું શાસન ન હતું ત્યારનો ઈતિહાસ અનેરો હતો. કચ્છની જ વાત કરીઓ તો અંગ્રેજો આવ્યા એ પહેલા રજવાડાઓમાં ' કોરી ' ચલણમાં હતી. કચ્છદેશની સૌપ્રથમ કોરી ' જહાંગીર ' કોરી તરીકે અસ્તિત્વમાં આવી. આ મુસ્લિમ સુલતાને પોતાના નામની કોરી ચલણમાં મૂકેલી. ત્યારે કચ્છમાં ભારમલ્લજીનું રાજય હતું. આ રાજાએ મુસ્લિમ સુલતાન જહાંગીર પાસેથી પોતાનું ચલણ છાપવાની માંગણી કરી, માંગણી અમલમાં આવી (તેનો સ્વીકાર થયો.) પણ બાદશાહ જહાંગીરની પૂર્વ શરત એ હતી કે, કોરીની છાપણીના બદલામાં કેટલીક શરતોમાં પ્રથમ તો માંડવી બંદરેથી જે મુસ્લિમો મક્કા હજ માટે જતા તેમને વહાણોની સગવડ વિનામૂલ્યે આપવી, તેમજ મુસ્લિમ બાદશાહ જહાંગીરને ભારમલ્લજીએ નજરાણું પણ આપવું. ત્યારપછી કોરીની એક બાજુ જહાંગીર તથા બીજીબાજુ ભારમલ્લજીનું નામ ચમકતું.

પરંતુ , ૧૮૫૭ ના બળવા પછી આ કોરી અટકી (બંધ થઈ ) બ્રિટીશ પાર્લામેન્ટે ભારતનો વહીવટ હાથવગો કરતાં રાણી વિકટોરિયાએ કચ્છના સિક્કા બાબતે એવું જાહેર કર્યું કે, સિક્કાની એકબાજુ બ્રિટીશ સરકાર તથા બીજીબાજુ કચ્છના મહારાજાનું નામ મૂકવું. તેનો અમલ પણ થયો. આમ, કચ્છના રાજયમાં રાજવીઓ આવતા ગયા તેમ સિક્કાઓમાં પણ ફેરફાર થતાં રહેલા જણાય છે.

### ૧.૯.૬ * કચ્છનું શિલ્પસ્થાપત્ય :-

કચ્છધરામાંથી અનેક પ્રકારના અનન્ય એવા અવશેષો પ્રાપ્ત થયા છે. જે

કચ્છનો અજોડ ઈતિહાસ અને તેની મહામૂલી સંસ્કૃતિનાં દર્શન કરાવે છે. શિલ્પસ્થાપત્યની બાબતમાં પણ કચ્છનું નામ મોખરે છે. કચ્છભૂમિમાં જગ્યાએ–જગ્યાએ શિલ્પસ્થાપત્યના નમૂનાઓ સાંપડે છે જે અહીંની પ્રજાના કળાપ્રેમના દ્યોતક છે.આજે તો કાળની થપાટોને કારણે આવા સુંદર શિલ્પસ્થાપત્યના બેનમૂન નમૂનાઓ નામશેષ થતાં જાય છે. છતાં પણ કચ્છનાં પુરાણા મંદિરોમાં આજે પણ ભગ્નાવસ્થામાં શિલ્પસ્થાપત્યના નમૂનાઓ તૂટેલી–ફૂટેલી હાલતમાં પણ પોતાના અસ્તિત્વ જાળવતા ઊભેલા જણાય છે.

ભુજની વાત કરીએ તો ભુજની છતરડી વિભાગમાં મહારાજાઓની છતરડીઓમાં આવા કલાકારીગરીનાં અજોડ નમૂનાઓ હજુ આજેપણ દષ્ટિગોચર થાય છે જેમાં મહારાવ લખપતજીની છતરડી સવિશેષ છે. કહો કે, ઉત્તમ કલાનું જીવતું–જાગતું ઉદાહરણ છે. જો કે, અન્ય છતરડીઓ પણ કલાઓથી ભરેલી છે. આજે તો મોટાભાગની છતરડીઓ ધ્વંશ પામી છે. તો કચ્છના લખપત તાલુકાના દોલતપરા ગામેથી ક્ષત્રપકાળ નું એક કલાત્મક મસ્તક હાથ લાગ્યું છે. તો આ વિષયમાં મંજલ ગામ નજીક આવેલ ' વડીમેડી ' તરીકે જાણીતું બનેલ એક સ્થળ દેખાય છે. આ ' વડીમેડી ' ના અંદરના ભાગમાં જે મંદિરો આવેલાં છે તેમાં કલાત્મક શિલ્પાંકન જોવા મળે છે. જો કે, વડીમેડીના દરવાજાઓ પણ કલાથી ભરેલા છે. તો આ પુંઅરાગઢની બહાર એક શિવમંદિર છે તે પણ કળાનો વિશિષ્ટ નમૂનો છે.

ભુજ તાલુકાના કેરામાં પણ એક શિવમંદિર આવેલ છે. કહેવાય છે કે, આ શિવમંદિર લાખા ફુલાણીએ બંધાવ્યું હતું. આ લાખો પણ કળાનો ચાહક હતો. આજે તો આ મંદિર તૂટેલી હાલતમાં ઊભું છે. આમ, કચ્છધરાના પ્રાંગણમાં ઠેકઠેકાણે સ્થાપત્યનાં દર્શન થાય છે. એવાં અન્ય સ્થળોમાં કંથકોટ કોટાયનું સૂર્યમંદિર, જમાદાર ફતેહમહમદનો ખોરડો, લખપતનો કિલ્લો, આયના મહેલ, મેકમર્ડોનો બંગલો વગેરે સ્થાપત્યની બાબતમાં અહીંની અજોડ સંસ્કૃતિનો ખ્યાલ આપી જાય છે.

### ૧.૯.૭ * કચ્છની બૌધ ગુફાઓ :-

કચ્છ ભૂમિમાં આવેલી બૌધ ગુફાઓ પણ આગવું સ્થાન ધરાવે છે. અહીંની કોટે✓રની ગુફા જેમાં પશુ–પંખીનાં શિલ્પો કોતરાયેલાં જોવા મળે છે. આ ગુફાની દીવાલ

પણ કંઈક વિશિષ્ટ દેખાય છે. તેમાં જાણે ઘડિયાલનાં લોલક મૂકી દીધાં હોય તેવું જણાય છે.

આ સમયમાં કાષ્ટકળાના (લાકડાના) કલાત્મક નમૂનાઓ પણ દેખાય છે. જેમાં ભુજનગરીના આયનામહેલની લાકડાની બારીઓમાં કલાત્મક કોતરણી થયેલ છે. આ ઉપરાંત જમાદાર ફતેહમહમદના ખોરડામાં આવી કલા જોવા મળે છે. આ ઉપરાંત મુન્દ્રા જેવાં શહેરોમાં પણ અમુક જગ્યાએ આવી કલાના નમૂનાઓ જોવા મળે છે.

કચ્છના ઠેકઠેકાણેથી મળતા આવા નમૂનાઓ કચ્છના જાજરમાન ઈતિહાસનો પરિચય કરાવી જાય છે. આમ કચ્છનો પ્રદેશ તેના અમૂલ્ય અવશેષોથી ઊજળો બન્યો છે.

## ૧.૧૦ * કચ્છ પ્રાદેશિક ઈતિહાસની રૂપરેખા :-

**" વંકી ધરાને પાઘડી વંકી, વળી મૂછ કરારી**
**વંકી અતિ,**
**નેક ટેકના રાખણહારા માનવ કેરી આ ધરતી,**
**ધન–ધન કચ્છની આ ધરતી. "** (૩૯)

કચ્છની આ વંકી ધરા પર કોણ જાણે કેટલાયે યુગોથી અનેક રાજસત્તાઓનો ઉદય થયો અને કચ્છની ધરા કયારેય ભૂલી ન શકે તેવી પોતાની છાપ મૂકીને અસ્ત પામી છે. કચ્છની ધરણી ઉપર જયારે સિંધુખીણની સંસ્કૃતિ અસ્તિત્વ ધરાવતી હતી. ત્યારે સૌરાષ્ટ્ર – ગુજરાતમાં જવા માટે કચ્છદેશનો ઉપયોગ થતો. પરંતુ સિકંદરે જયારે ભારતભૂમિ પર આક્રમણ કર્યું ત્યારે કચ્છપ્રાંતનું કોઈ નામ મળતું નથી. છતાં પણ સિકંદર કચ્છભૂમિમાંથી જ પાછો ફર્યો હતો. આનો અર્થ એ થયો કે, ગુજરાત સાથે સંબંધ ધરાવતી કચ્છભૂમિ યુગોથી અસ્તિત્વ ધરાવતી હશે.

એવી પ્રજાઓ પૈકીની શક પ્રજા જે ઉત્તરમાંથી આવી અને ગ્રીકોને પશ્ચિમમાં ધકેલીને પોતાનું અસ્તિત્વ ત્યાં સ્થાપિત કરવા માટે પોતાનું સામ્રાજય સ્થાપ્યું. શકો પછી વિક્રમાદિત્યનું સામ્રાજય આ ધરતી પર અસ્તિત્વમાં આવેલું. સંવત્સર પણ વિક્રમાદિત્યના નામ પરથી જ અસ્તિત્વમાં આવ્યું છે.

ગુપ્તવંશના સમયમાં ચંદ્રગુપ્ત મૌર્ય અને અશોક જેવા મહાબળવાન રાજાઓ થઈ ગયા. ચંદ્રગુપ્તના સમયમાં તેના રાજયશાસનમાં સોરઠનો સમાવેશ થતો હતો. આથી આ સોરઠની ઉપરનો કચ્છ પ્રદેશ પણ તેમાં સમાવિષ્ટ થતો. આ ગુપ્તવંશ પછી વલભીવંશ અસ્તિત્વમાં આવ્યો. કચ્છમાં વલભીસત્તા પછી મૈત્રકસત્તા અસ્તિત્વમાં આવી. જોકે, વલ્લભીસત્તા તૂટી તેનાં નાનાં–નાનાં રાજયો મૈત્રકકાળમાં ઊભાં થયાં. ત્યારપછી ચાવડાઓની સત્તા અસ્તિત્વ ધરાવતી થઈ. જોકે, ચાવડાઓની રાજસત્તા ગુજરાતમાં હતી. છતાં કચ્છપ્રદેશ તેનું આધિપત્ય સ્વીકારતો હતો. આ ચાવડાઓમાં ભૂવડચાવડો અગત્યનું સ્થાન ધરાવતો હતો. કેમકે, આ ભૂવડચાવડો કચ્છમાં ભદ્રેશ્વર નજીક શહીદ થયો. તેનાં નામ પરથી ગામનું નામ પણ ભૂવડ રાખવામાં આવ્યું. આ ચાવડા વંશના શાસન દરમિયાન કાઠીઓ પણ વાગડ વિસ્તારમાં એટલે કે, કચ્છના પૂર્વ ભાગમાં પોતાની સત્તાના તોરણ બાંધે છે. આમ, કાઠીઓએ કંથકોટમાં સત્તા જમાવી પરંતુ એ સમયમાં ચાવડાઓએ કાઠીઓ પાસેથી સત્તા છીનવી લીધી અને પોતે અણહિલવાડના સત્તાધીશો બન્યા પણ ૨૦૦ (બસો) વર્ષ બાદ સોલંકીઓએ ચાવડાઓ પાસેથી પાટણ કબ્જે કર્યું. સોલંકીઓ અને ચાવડાઓ વચ્ચે જયારે યુદ્ધ ચાલતું હતું તે સમય દરમિયાન ઘણા સોલંકીઓ કચ્છ આવી વસ્યા, આ સોલંકીઓ જ કચ્છ આવ્યા એવું નથી. તેઓ તેની સાથે વાઘેલાઓને પણ લેતા આવ્યા. આમ, સોલંકીઓ અને વાઘેલાઓ એક બન્યા હવે નાછૂટકે ચાવડાઓને કચ્છપ્રદેશના આથમણા ભાગમાં ભાગવું પડયું.

### ૧.૧૦.૧ * લાખો ફૂલાણી અને મૂળરાજ સોલંકી :–

આગળ જણાવ્યા પ્રમાણે કચ્છ પ્રદેશ ચાવડાઓની સત્તા નીચે હતો. આ ચાવડાઓની રાજધાની કંથકોટ હતી. આ ચાવડાઓ પાસેથી સોલંકીઓ અણહિલવાડ (પાટણ) કબ્જે કરે છે. આમ, સોલંકી મૂળરાજની સત્તા કચ્છના રણ કંઠાર સુધી વિસ્તરેલી હતી. એ વખતે કચ્છપ્રદેશમા કપિલકોટમાં લાખાફૂલાણીની આણ વર્તાતી હતી. આ લાખો ફૂલાણી એક વીરપુરુષ હતો, આ શકિતશાળી, હિંમતબાજ એવો લાખો ચાવડાઓનો ટેકો બને છે. આથી તે સોલંકીઓનો દુશ્મન પણ બને છે. જો કે, લાખો ફૂલાણી અને મૂળરાજ વચ્ચે શા માટે દુશ્મનાવટ હતી તેની પાછળ દંતકથાઓ પણ પ્રવર્તે છે. એક દંતકથા મુજબ

ગિરનાર (જૂનાગઢ) નજીક આવેલ વંથલીમાં ફૂલાણીનો મિત્ર ગ્રહરિપુ નામનો રાજવી રાજય કરતો હતો, તે ખરાબ સ્વભાવનો હતો. સોમનાથની યાત્રાએ યાત્રા કરવા જનાર દરેક યાત્રાળુઓને પરેશાન કરતો હતો. આથી દંતકથા મુજબ એકવાર ભગવાન શંકર મૂળરાજ સોલંકીના સ્વપ્નમાં આવ્યા અને મૂળરાજને ગ્રહરિપુનો વધ કરવા જણાવ્યું. તેની સાથે જ ભગવાન શંકરે એમ પણ કહ્યું કે, ગ્રહરિપુ સાથેના યુદ્ધમાં તારો વિજય થશે. આથી ભગવાન શંકરની આજ્ઞાથી મૂળરાજ સોલંકી ગ્રહરિપુ માથે ચડી આવે છે અને આ ગ્રહરિપુને મદદ કરવા માટે ગ્રહરિપુનો પરમ મિત્ર એવો લાખો ફૂલાણી કામ આવી જાય છે. તો ઠાકરશી પુરુષોત્તમ કંસારા નોંધે છે તેમ " મૂળરાજે સૌરાષ્ટ્રના રાજા ગ્રહરિપુ પર ચડાઈ કરી ત્યારે આટકોટ મુકામે થયેલ યુદ્ધમાં લાખો ફૂલાણી પોતાના મિત્ર ગ્રહરિપુને મદદ કરવા માટે આટકોટ ગયો હતો અને ત્યાં તેણે યુદ્ધમાં અજબ શૂરાતન બતાવ્યું હતું. પણ અંતે મૂળરાજે કરેલા ભાલાના સખ્ત પ્રહારના પરિણામે લાખા ફૂલાણીનું રણમેદાનમાં વીર મૃત્યુ નીપજયું હતું." [૪૦] અહીં પણ લાખાફૂલાણીએ ગ્રહરિપુને કરેલી મદદના પરિણામે તેનું મૃત્યુ મૂળરાજના હાથે આટકોટમાં થયું હતું તેવી વાત કરવામાં આવી છે.

લાખાફૂલાણી વિશે નરેન્દ્રકુમાર જોષીએ કહ્યું (નોંધ્યું) છે કે, ' લાખોફૂલાણી પોતાના પિતાની હયાતીમાં નશીબ અજમાવવા માટે તે અણહિલવાડ પાટણ ગયો હતો. ત્યાં રહીને તેણે સારો અનુભવ, નામના અને મહત્ત્વાકાંક્ષા પ્રાપ્ત કર્યા હતા. તે સમયે પાટણમાં ચાવડાવંશ રાજ કરતો હતો. પરંતુ મૂળરાજ સોલંકીએ ચાવડાવંશનો ઘાત કરી ગાદી પચાવી પાડી હતી. તેથી લાખોને મૂળરાજ સાથે વેર થયું હતું. મૂળરાજ સાથેના વેરનું બીજું કારણ એ હતું કે, મૂળરાજના પિતા રાજનું પહેલું લગ્ન સામંતસિંહ ચાવડાની બહેન લીલાવતી સાથે થયું હતું. તેનો પુત્ર મૂળરાજ હતો. લીલાવતીના મૃત્યુ બાદ રાજસોલંકી કચ્છમાં આવી રહ્યો હતો. ત્યારે લાખાફૂલાણીના લાડીલા ઘોડા પબુસરને સાજો કર્યો એટલે ખુશ થઈને લાખાએ તેની બહેન રાયાંજીને રાજ સાથે પરણાવી હતી. તેને રખાઈત નામે પુત્ર થયો હતો. એક વખત લાખાના દરબારમાં કંઈક ઝઘડો થતાં રાજસોલંકી કપાઈ મૂઓ અને રાયાંજી સતી થયાં. બાપનું વેર લેવા માટે મૂળરાજ સોલંકીને લાખા ફૂલાણી સાથે વેર થયું હતું." [૪૧]

## ૧.૧૦.૨ * કાઠીઓ અને સમા :

અણહિલપાટણ જે ચાવડાનું રાજય હતું અને કચ્છ એ વખતે આ પાટણની સત્તા નીચે હતું ત્યારે ચાલુકયો (સોલંકી) મૂળરાજે આ અણહિલપાટણ ચાવડાઓના હાથમાંથી છીનવી લીધું. આ ચાવડાનો વંશજ વનરાજ ખૂબ નાનો હોવાથી પોતાના મોસાળ માં રહેતો હતો પણ મોટો થતાં કચ્છમાં આવ્યો ત્યાંની પરિસ્થિતિ જોઈ અને કચ્છમાં રાજય કરતો પુંઅરો કે જેને જખૌ બંદરેથી આવેલા જખૌને ખૂબ હેરાન કર્યા હતો. એ પુંઅરાને નબળો માની લઈ તેના પર ચઢાઈ કરી પરિણામે અહીં વનરાજના હાથમાં કચ્છના કેટલાંક ગામડાઓ આવ્યાં અને મોરગઢને પોતાની રાજધાની બનાવેલી. આ અહીં વનરાજનો છેલ્લો વંશજ પૂંજાજી કે જેની પાસેથી સિંધથી આવેલા લાખાએ રાજય છીનવી લીધું અને લાખિયાર–વીયરામાં ગાદી સ્થાપી. આ લાખિયારની સાત પુત્રીઓ કે જેને યોગ્ય વર ન મળતા લોકોના મેણાંથી ત્રાસી જઈ અગ્નિસ્નાન કર્યું. આ લાખિયારના વંશજ મૂળવાજીના વખતમાં ફરીથી કાઠીઓનું જોર વધ્યું. આ કાઠીઓને વાઘેલાઓનો ટેકો હતો. પરિણામે સમા એટલે કે, મૂળવાજી અને કાઠીઓ વચ્ચે વેરભાવ વધ્યો. તેમાં કાઠીઓ અને વાઘેલાઓના હાથે મૂળવાજીનું મૃત્યુ થયું. આથી મૂળવાજીના પુત્રએ કાઠીઓ અને ચાવડાઓને હાલારમાં હાંકી કાઢયા હતા

## ૧.૧૦.૩ * સમાવંશની સ્થાપના :–

ઈ.સ.ની આઠમી સદીમાં સમાવંશના રાજાઓએ સિંધમાં રાજય સ્થાપેલું. આ સમાઓની ઉત્પત્તિ વિશે આત્મારામ દ્વિવેદીએ નોંધ્યું છે કે, " શ્રી આદિનારાયણની ચોપનમી પેઢીએ ચંદ્રવંશના યાદવકુળમાં શ્રી કૃષ્ણચંદ્ર થયા. આ શ્રીકૃષ્ણના દીકરા સાંબ સાથે રોહિતપુરના રાજા બાણાસુરના પ્રધાન કૌભાંડે પોતાનું પુત્રીનું લગ્ન કર્યું. તેને ઉષ્ણિક નામે પુત્ર જન્મ્યો. યાદવાસ્થળી વખતે આ ઉષ્ણિક પોતાના મોસાળ મિસ્રદેશ(રોહિતપુર) ગયેલો હોવાથી બચી ગયેલો. વળી બાણાસુર નિર્વંશ જવાથી તેનું રાજય તેના પ્રધાન કૌભાંડના હાથમાં આવ્યું. આ કૌભાંડનું પણ આમ થવાથી તેનું રાજય તેના દોહિત્ર ઉષ્ણિકના હાથમાં આવ્યું. તેની ઓગણ્યાએંસીમી પેઢીએ રાજા દેવેન્દ્ર થયો. આ દેવેન્દ્રને ચાર કુંવરો –

**દુહો :–** **" પુત્ર થિયા દેવેંદ્રમ ચોખા ભાવર ચાર !**
**અસપત ગજપત નરપત ને ભૂપત ભૂપાર ".** (૪૨)

દેવેન્દ્રને ચાર પુત્રો થયાં જેમાં પૈકી ગજપતે પોતાના પંદર પુત્રો સાથે સૌરાષ્ટ્રમાં આવી સૌરાષ્ટ્રને રાજધાની બનાવી ત્યારબાદ આ ગજપતના વંશમાં ચંદ્રચૂડ થયો તેના નામ પરથી ચુડાસમાઓ અસ્તિત્વમાં આવ્યા. ત્યારબાદ નરપતને ગજનીની ગાદી મળેલી તેના પછી થયો તેના નામ પરથી સમાઓ અસ્તિત્વમાં આવ્યા. મુસ્લિમ લોકોએ જયારે ગજની ઉપર આક્રમણ કર્યું તેમાં સુલતાનશાહે સમા પાસેથી ગજની લઈ લીધું. આ સમાઓએ ગજની છોડી દીધું અને સિંધ ભાગી આવ્યા. સિંધમાં આવ્યા પછી નગરસમા (નગરસમૈ) ની સ્થાપના કરી.

સમાના વંશમાં લાખિયાર ભડને લાખા નામે પુત્ર થયો. આ લાખિયાર ભડે પોતાના પુત્ર લાખાનું લગ્ન કચ્છમાં આવેલ પાટગઢના રાજવી એવા વીરમ ચાવડાની દીકરી બૌધિ સાથે કર્યાં હતાં. આ લાખાને બૌધિથી ચાર પુત્રો અવતર્યા જે અનુક્રમે મોડ, વરૈય (વરેઆ), સાધ અને ઓઢો (ઓઠો) હતા.

### ૧.૧૦.૪ * લાખો ઘુરારો :-

લાખાની વાત વિસ્તારથી કરવામાં આવે તો કહી શકાય કે, લાખાના વંશમાંથી જ જાડેજાઓની ઉત્પત્તિ થઈ હતી. આ લાખો ખૂબ જ ભડવીર, સાહસિક અને પરાક્રમી રાજા હતો. આથી તે સમગ્ર પંથકમાં પ્રતિષ્ઠા પામેલો હતો. આ સમયમાં સૂર્યસિંહની કુંવરી ચંદ્રકુંવરના સગપણની વાત કનોજ ચાવડા સાથે ચાલતી હતી. આ ચંદ્રકુંવર સ્ત્રી હોવા છતાં તાકાતવાળી હતી. આથી એક દિવસ તેની ભાભીએ ચંદ્રકુંવરને કહ્યું કે, બહેનબા તમારે તો તાકાતવાળા સિંધુપતિ લાખા સાથે પરણવું જોઈએ. ભાભીનું મહેણું સહન ન થવાથી એક દિવસ ચંદ્રકુંવર સિંધ તરફ રવાના થઈ, ત્યાં જઈને તેણે પોતાના લગ્નની વાત લાખા જોડે કહેવડાવી પણ લાખો તો લગ્ન માટે અયોગ્ય હતો. આથી તેણે ચંદ્રકુંવરને કહ્યું કે તમે મારા કુંવર મોડ સાથે પરણો પણ આ કુંવરી તો હઠીલી તે ન જ માની અને લાખાને કહેવડાવ્યું –

**" લાખે ધારા લખ્ખ, મુડે બ્યાં જુવાણ તય,**
**મુકે મીડે કખ્ખ, ઘુરારેએ ગડિયાંસ. "** (૪૩)

( લાખા સિવાય લાખો યુવાનો મળે તો તેઓ મારે મન તણલખા સમાન છે,
હું તો ઘુરારાને જ પરણીશ. )

આમ, કહી ચંદ્રકુંવરે માત્ર લાખાને જ પરણવાની જીદ લીધી. પણ લાખો પોતે શરીરે એકદમ અશક્તિમાન હોવાથી નાછૂટકે ખાંડે ફેરા ફરીને ચંદ્રકુંવરને પોતાની પત્ની બનાવી. આ ગોડ રાણી તરીકે પ્રખ્યાત બની. લાખો બીમાર હોવાથી ચાલક એવી ગોડ રાણીએ એક કુશળ વૈદ્યને બોલાવી તેની દવા કરાવી. આથી ધીમે–ધીમે લાખો સાજો થયો અને ફરીથી ' ઘુર ' (ચહેરાની ઉગ્રતા) વાળો બન્યો. ત્યારબાદ આ લાખાને ગોડરાણીથી ચાર પુત્રો થયા. જે અનુક્રમે ઉન્નડ, જેહો, ફૂલ, અને મનાઈ થયા.

## ૧.૧૦.૫ * મોડ અને મનાઈ :–

મોડ અને મનાઈએ મળી કાવતરાથી ઉન્નડનું ધડ જુદું કરી દીધું. છતાં ચાલાક એવી ચંદ્રકુંવરે પોતાના પૌત્ર સમાને તિલક કરાવ્યું. બીજીબાજુ ગોડરાણીના કોપથી બચવા માટે મોડ અને મનાઈ કચ્છ તરફ રવાના થયા અને પોતાના મામા વાઘમને ત્યાં પાટગઢમાં રહ્યા. આ પાટગઢના અવશેષો હાલે પણ મળે છે. આ પાટગઢ નદી કિનારે વસેલું નગર હતું. ત્યાં વહેતી નદીમાં વહાણો ચાલતાં.કહો કે, વેપાર–વાણિજયની દષ્ટિએ પાટગઢ ઉત્તમ નગર હતું. જો કે, મોડ અને મનાઈ વહાણમાં બેસીને જ મામા વાઘમને ત્યાં આવ્યા હશે.

વાઘમ ચાવડા આમ ભોળો હતો. પણ પોતાના બંને ભાણેજોના પરાક્રમથી પરિચિત હતો. એટલે આવા ભાણેજોનો ભરોસો થાય નહીં. એમ જાણી મામા વાઘમ તેને આશ્રય આપવા જલ્દી રાજી થતા નથી. પણ આ બંનેએ તેમના મામાને મનાવ્યા એટલે વાઘમે માતા કાલી પાસે એવા સોગંદ લેવડાવ્યા કે પોતે બંને ભાઈઓ મામા સાથે દગો નહીં કરે. બંને ભાઈઓએ ખાધેલા સોગંદ વિશે જણાવતાં એલ.એફ.રશબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે કે, " મહાકાળીના સાંનિધ્યમાં અમે શપથ લઈએ છીએ કે જો અમે નિમકહરામ બનીએ તો દેવી અમને ભલે દંડે આનો અર્થ એ થયો કે આ પ્રતિજ્ઞા બંને ભાઈઓ વચ્ચે જ છે નહીં કે એક તરફ બંને ભાઈ અને બીજી તરફ ચાવડો વાઘમ." [૪૪]

આવા ખોટા સોગંદ ખાઈને આરામથી આજુબાજુના વિસ્તારમાં ફરવા લાગ્યા. હવે એક દિવસ બંને ભાઈઓ શિકાર કરીને આવતા હતા. ત્યાં રસ્તામાં તેમણે જોયું તો એક પવિત્ર તળાવના કાંઠે તેમના મામા માળા જપતા હતા. આથી લાગ સાધીને મોડે છાનામાના પોતાના મામા પાસે જઈને મામાનું ડોકું ધડથી જુદું કરી દીધું. એટલે

મામાનું રાજય પાટનગર એમના હાથમાં આવ્યું એટલે ડરના માર્યા બીજા લાકો તેમજ ચાવડાઓએ પણ તેમનું શરણું સ્વીકાર્યું.

મોડ અને મનાઈએ પાપ કરીને ઘણી જમીન જીતી હતી. તેના તેમણે ચાર ભાગ કર્યા. એમાંથી બે ભાગ મોડને મળ્યા અને એક ભાગ મનાઈને આપવામાં આવ્યા. અને એક ભાગ તેઓએ ખૂબ કેર (પાપ) કર્યાં હોવાથી દાનમાં દેવો એવું નક્કી થયું, પણ મનાઈને આ વાત ગળે ઊતરી નહીં. આથી તેમણે એક ભાગ દાનમાં આપવાને બદલે તે પચાવી ગયો. આત્મારામ દ્વિવેદીએ નોંધ્યું છે કે, " મનાઈએ તે કેરનો ભાગ દાન ન કરતાં પોતે લીધો માટે તેનાં વંશજ આજ પર્યંત ' કેર ' કહેવાય છે. તથા તેમણે વાસ બાંધ્યો તેનું નામ પણ ' કેરો ' પડયું. મનાઈ પાછળથી મુસલમાન થઈ ગયો. " [૪૫]હાલનું કેરા ગામ એ જ ' કેરો ' વાંસ હશે. જે પાછળથી કેરા ગામ બન્યું હશે.

### ૧.૧૦.૬ * જામ સાડ અને ફૂલ :-

જામ સાડના પિતા મોડની ચર્ચા આપણે આગળ કરી ગયા. આ મોડે પૂર્વ વિસ્તારમાં પોતાની સત્તા વધારવાની સાથે તે વિસ્તારના ડુંગર ઉપર કિલ્લો ચણાવવાનું વિચાર્યું પણ ત્યાં કંથડનાથ તપ કરતા હોઈ, મોડે તેને ઊઠાડી મૂક્યાં અને કિલ્લો બાંધ્યો આથી કંથડનાથે ગોદડીમાંથી દોરો કાપીને મૂકયો કે તરત જ કિલ્લો ભસ્મીભૂત થયો. આવું એક વખત નહીં પણ અનેક વખત થયું. આમ મોડની ઈચ્છા અધૂરી રહી પણ તેના પુત્ર સાડે પિતાની ઈચ્છા પૂરી કરી.સાડ રાજય વધારવાની બાબતમાં આગળ નીકળતા ધરણ વાઘેલાને તેની ઈર્ષ્યા આવતાં સાડનું કામ તમામ કરવાનું વિચાર્યું. વળી, હવે સાડના પિતા મોડે તથા કાકા મનાઈ પણ નહોતા રહ્યા. આથી સાડ એકલો પડી ગયો હતો. તેનો લાભ લઈને ધરણે એક દિવસ સાડને આમંત્રિત કરીને દગાથી ઘાત કર્યો.

આ વાતની સાડની વાઘેલી રાણીને ખબર પડતાં તેને પોતાના છ માસના પુત્ર જામ ફૂલને બચાવવા પોતાની એક વફાદાર દાસી ઝીકડી (ફારૂક) જેને પણ ફૂલની ઉંમરનો પુત્ર હતો. તેને કહ્યું કે તું ફૂલને લઈને નાસી જા. આ વાતની જાણ ધરણને પડતાં તેણે ફારૂક પાછળ પોતાના ઘોડેસવારોને દોડાવ્યા. જેઓએ ફાઢકને રસ્તામાં આંતરી આ વખતે ફાઢકે પોતાના પુત્રના કપડાં ફૂલને અને ફૂલનાં કપડાં પોતાના પુત્રને પહેરાવેલ

હોવાથી પેલા ઘાતકીઓએ ફાઢકના પુત્રને ફૂલ સમજી મોતને ઘાટ ઊતાર્યો. ત્યારપછી ફાઢક બાંભણસરના બાદશાહ લધુરાના રાજયમાં ગઈ. ત્યાં અજા અને અણગોર નામક વેપારીઓને ત્યાં દાસી (નોકરાણી) બની રહી, ફૂલ અણગોરની ગાયો ચરાવતો તેની સાથે એક લુહારની ગાયો પણ ચરાવતો. લુહાર પાસેથી ચરિયાણના બદલામાં સાંગ માગી તેની મદદથી શિકાર ખેલતાં શીખ્યો. એક વખત બાદશાહ સાથે તે શિકારે ગયો ત્યાં સિંહે બાદશાહના ' ઘા ' માંથી છટકી જઈ બાદશાહના હાથી ઉપર હુમલો કરતા ફૂલે એવી તો સાંગી મારી કે, સિંહ ત્યાંનો ત્યાં જ ઢળી પડયો.

ત્યારબાદ જામ ફૂલના જન્મ વગેરે વિશે લધુરાને ખબર પડતાં ખુશ થઈ તેણે પોતાની પુત્રી ફૂલ વેરે પરણાવી પણ ઝીકડીએ કહ્યું કે, તારે હજુ તારા બાપનું વેર વાળવાનું છે. આથી ફૂલે લધુરા પાસેથી પૈસા–સૈન્ય આદિની મદદ માંગી. અજા–અણગોર તેમજ તેની બહેન બોલાડી સાથે જઈ બોલાડી ગઢ બંધાવી ત્યાં રહ્યા. ધરણને ફૂલની શકિતનો ખ્યાલ આવતાં ધરણે પોતાની પુત્રી ફૂલને પરણાવી. ત્યારે ફાઢકદાસીએ પોતાનું નામ ફાઢકના બદલામાં ઝીકડી રાખ્યું. આજે પણ આ નામ અમર બન્યું છે. જામ ફૂલે ઝીકડીના નામ પરથી ઝીકડી ગામ વસાવ્યું. જે આજે પણ અસ્તિત્વ ધરાવે છે. બોલાડીથી પાંચેક કિલોમીટર દૂર છે. આ રીતે જામ ફૂલને બધાની મદદ મળી અને ફોજ વગેરે જમા કરીને ધરણ વાઘેલાને કહેણ મોકલ્યું કે, હું ફૂલજામ સાડનો દીકરો જીવું છું અને હવે તારી સાથે યુદ્ધ કરવા આવી રહ્યો છું. આ કહેણથી ધરણ વાઘેલો ગભરાઈ ગયો અને તેને લાગ્યું કે, ફૂલ સાથે વેર રાખવામાં સાર નથી. એમ સમજી, સમજદારીથી તેણે જામ ફૂલ સાથે સંબંધ વધારે મજબૂત કરવા માટે પોતાની પુત્રી જામ ફૂલને પરણાવી.

### ૧.૧૦.૭ * લાખો ફૂલાણી :–

જામ ફૂલને બે પુત્રો હતા જેમાં એક વાઘેલી રાણીના કૂખે જન્મેલો ઘાઓ અને બીજો તેજસ્વી એવો લાખો જે સોનલના કૂખેથી જન્મ્યો હતો. લાખો તેની માતા સોનલ જેવો જ તેજસ્વી હતો. એટલે લાખો અને ઘાઓ બંને ભાઈઓ ખરા, પણ સાવકા.

આ વાતને ઠાકરશી પુરુષોત્તમ કંસારાએ જુદી રીતે નોંધી છે. – " હબાય ડુંગર પાસે આવેલ ગામડાના રહીશ કુલધર રબારીને પોતાનો માલ કંથકોટ પાસે ચારતો હતો, ત્યારે જંગલમાંથી બારેક માસના વયની એક તજાયેલી બાળકી મળી આવેલી. એ

રબારીને કંઈ સંતાન ન હોવાથી એ બાળકીને એ પોતાની પુત્રી તરીકે પાળતો હતો. એ પોતે ઘણો શ્રીમંત હતો એને પાલિત કન્યા સુંદર અને તાકાતવાન તેમજ પ્રભાવશાળી હતી. એ જુવાનીમાં આવી તે જ વખતે ફૂલ જામ અણગોર ગઢમાં રહેવા આવ્યો હતો. કુલધર પણ નજીકમાં રહેતો હતો. એક દિવસ એ કન્યા સોનલે એક માતેલા સાંઢને અદ્‌ભુત તાકાતથી મહાત કર્યો." (૪૬)

આ રીતે તેજસ્વી પ્રભાવશાળી, સ્વરૂપવાન સોનલની તાકાતનો પરચો ફૂલ જામે પ્રત્યક્ષ નિહાળતાં તેને વિચાર આવ્યો કે, આ કન્યા ખૂબ જ પ્રતાપી છે. જો આ કન્યા સાથે લગ્ન કરવામાં આવે અને એનાથી જે પુત્ર અવતરે તે ખરેખર પ્રભાવશાળી, પ્રતાપી હોવાનો એમાં કોઈ શંકા નથી. આમ, વિચારી ફૂલે ફાઢકદાસી તેમજ અજાના વિરોધ છતાં પેલી સોનલ સાથે લગ્ન કર્યાં. એક વર્ષ પછી તેને ત્યાં પ્રતાપી એવા લાખાનો જન્મ થયો.

આ લાખા ફૂલાણી વિશે ચારણી છંદની નીચેની પંકિતઓ પ્રચલિત છે.

–

**" લાખા પુત્ર સમુદ્રકા, ફૂલ ઘરે અવતાર,**
**પારેવાં મોતી ચુગે, લાખાને દરબાર,**
**પલ્લાણી હીરે જડી સૂરત પંચાણી**
**પછ્છમ હિંદો પાદસા લાખો ફૂલાણી. "** (૪૭)

લાખા ફૂલાણીનો મોટો ભાઈ ઘાઓ અણગોર ગઢમાં રાજય કરતો હતો. જયારે લાખાએ પોતાના બાહુબળથી ' કેરા ' નામના અલગ રાજયની સ્થાપના કરી. ત્યાં ' કેરા 'માં લાખાએ એક કલાત્મક શિવમંદિર પણ બંધાવ્યું. તે ભારે દાને✓રી હોવાથી રોજ સવારે વહેલા ઊઠીને દાન આપવા બેસતો. આ દાને✓રી લાખાને સંતાનમાં પુત્રી હતી. આ પુત્રી બાલ્યાવસ્થામાં જ મૃત્યુ પામી હતી. આથી તેણે પોતાના ભાઈ ઘાઓના પુત્ર પુંઅરાને દત્તક લીધેલો. કચ્છમાં જયારે જામ લાખાનો રાજકીય ક્ષેત્રે મધ્યાહ્‌ન તપતો હતો તે સમયમાં સૌરાષ્ટ્રમાં ગ્રહરિપુ નામનો બળવાન રાજાની આણ વર્તાતી હતી. હવે તે એક પછી એક રાજયને કબ્જે કરીને પોતાનો વિસ્તાર વધાર્યે જતો હતો. તે પાટણના રાજવી મૂળરાજ સોલંકીને આ બાબત પસંદ ન હોવાથી તેણે ગ્રહરિપુને હણવાનું વિચાર્યું. પરંતુ તે તકનો લાભ લેવા વિચાર કરતો હતો ત્યારે ગ્રહરિપુની નજર આટકોટ ભણી

ગઈ. પણ આટકોટ – કચ્છ રાજવી લાખાનું હતું. કેમકે, તે એક વખત પોતાના પિતાથી રિસાઈને ત્યાં ગયેલો અને આટકોટ કબ્જે કરીને ત્યાં રહેલો. આ આટકોટ ઉપર લાખાનો અધિકાર હતો. એટલે લાખાએ આટકોટમાં પોતાનું નાનું સૈન્ય રાખ્યું હતું. પણ તે ગ્રહરિપુના મોટા સૈન્ય સામે ટકી શકયું નહીં ત્યારે આટકોટમાં રહેતી ડાહી ડુમરી નામની ઉપાંગનાએ છાની રીતે લાખાને સંદેશો મોકલ્યો –

**" અટ્ઠ કોઠા ધાર ઉથાપિયા,**
**મું વીટ્ટી ડુંગરધાર,**
**કાં દરિયો ડૂબજો લખમશી,**
**કાં વેગે કરજો વાર. "** (૪૮)

(અર્થાત્ ગ્રહરિપુએ આઠ કોઠા જીતી લીધા છે અને હું નાશીને ડુંગરની ધારમાં છુપાઈ છું. હે, લાખાજી કાં દરિયામાં ડૂબી મરજો નહીં તો ઝડપથી ચડાઈ કરજો.)

ડુમરીના સંદેશાની લાખા પર ઘેરી અસર થઈ. તે મારતે ઘોડે આટકોટ ભણી વળ્યો, પણ ત્યાં સુધીમાં તો ગ્રહરિપુએ ઘણાં રાજયો હાથવગ કર્યાં હતાં. છતાં બંને પ્રતાપીઓની જોરદાર લડાઈમાં કોઈપક્ષ મચક આપતો ન હતો. આ પરિસ્થિતિનો લાભ લઈ મૂળરાજે કચ્છ પર ચડાઈ કરી આથી લાખો મુંઝાયો, હવે શું કરવું ? પણ એવામાં દાંસોદી નામના એક ચારણની મદદથી ઉભય પક્ષ વચ્ચે સમાધાન થયું અને લાખો તથા ગ્રહરિપુ એક બન્યા. મૂળરાજને આ વાતની જાણ થતાં તે ભાગ્યો પણ ગ્રહરિપુને તે ભૂલ્યો ન હોવાથી મૂળરાજ ગ્રહરિપુ પર ફરીથી ચડાઈ કરે છે. તે વખતે ગ્રહરિપુનો મિત્ર લાખો પણ તેની મદદે જઈ ચડયો છે. ફરીથી આટકોટ પાસે જાંબુમાલી નદીના કિનારે મૂળરાજ સાથે ગ્રહરિપુ તથા લાખાનું યુદ્ધ થયું. તેમાં મૂળરાજના હાથે લાખો ફૂલાણી મરાણો.આટકોટ પાસેની ભયંકર લડાઈમાં લાખાનું મૃત્યુ થયું. લાખો જેવો બળવાન, મહાપરાક્રમી, રાજા એમ આસાનીથી થોડો મરવાનો હતો ! આ શૂરવીર– મહાયોદ્ધાએ યુદ્ધના મેદાનમાં ઘણા લડવૈયાઓને સુવડાવ્યા અને પછી પોતે મર્યો. તે મર્યો ત્યારે તેની ઉંમર ૧૨૪ વર્ષની હતી.

લાખા ફૂલાણીના મૃત્યુ પ્રસંગને બિરદાવતાં કવિ કારાણીની પંકિત નરેન્દ્ર જોશી એ નોંધી છે કે,

**" ભાદર તારા કાંઠડિયા પર, રસનો સાગર સૂતો**

**રસનો સાગર સૂતો કચ્છનો સૌમ્ય સૂધાકર સૂતો ભા.**
**લાખેણો લાખો ફૂલાણી, કચ્છનો નર–વર સૂતો**
**નવે કૂવે નીત દાતણ કરતો, રસિયો રસધાર સૂતો ભા.**
**સુવર્ણના દાન દેનારો, દેવદિલાવર સૂતો**
**અપ્સરા ઉદરે અવતરનારો, કચ્છનો કેશર સૂતો ભા.**
**મેઘ તણો અવતાર મનાતો દેશ દિવાકર સૂતો**
**સોરઠ ભોમ તણે સીમાડે, અમર મુસાફર સૂતો ભા."** (૪૯)

લાખા ફૂલાણીનું મૃત્યુ થયું ત્યારે લાખા ફૂલાણી સાથે પ્રીત બાંધીને બેઠેલા અને લાખાના મૃત્યુના સાક્ષી એવા કેરાકોટાના મૂક પથ્થરોને જાણે વાચા ફૂટી હોય અને તે પોતાની વેદનાને વ્યકત કરતાં હોય એવું એક કવિને ભાસતા તે બોલી ઊઠે છે. –

**" લડાં કી લાખે પુઆ, થાડું વઈયું પાતાર**
**લાખે જે આધાર, વિઠી ધારિયાં કીંયડા. "** (૫૦)

( અર્થાત્ – અમારા મૂળ પાતાળે ગયાં છે એટલે લાખા સાથે કેમ જવાય ! પણ અહીં લાખાના નામના આધારે ઊભા રહીને દિવસો કાઢીશું.)

આમ, જન્મથી મહાન, કર્મથી મહાન અને મૃત્યુથી મહાન બનેલા વીરપુરુષની કીર્તિ અંતરિક્ષમાં રહેલ ધ્રુવના તારાની માફક કાયમ રહેશે, એમાં કોઈ શંકા નથી.

### ૧.૧૦.૮ * જામ પુંઅરો :-

આગળ જણાવ્યું તેમ લાખો ફૂલાણી નિઃસંતાન હતો. આથી તેણે તેના મૃત્યુ પછી કેરાની ગાદીએ એનો ભત્રીજો જામ પુંઅરો આવે છે. આ પુંઅરાની કારકિર્દી ખૂબ જ ખરાબ નીવડી. તે અભિમાની અને ખરાબ તથા ઘાતકી રાજા પુરવાર થયો. તે પોતાના સ્વજનોને પણ છોડતો નહીં તેના સ્વભાવ વિશે નોંધતા આત્મારામ દ્વિવેદીએ જણાવ્યું છે કે, " લાખાએ કેરાના કિલ્લાના વાસ્તુમાં પોતાના ભત્રીજા પુંઅરાને બોલાવ્યો હતો. પુંઅરાએ કિલ્લામાં એક કિંમતી પથ્થર જોઈ લાખાની મશ્કરી કરી, ત્યારે લાખાની સ્ત્રીએ કહ્યું કે,

**" લાખે ખરથી લખ કેરે કોટ અડાયો**

**ગઠ મેં ઉવે ગારથ ત પધર ન અડાયે પુંઅરા "** (૫૧)

( અર્થાત્ – લાખે લાખો ખર્ચી કેરાનો કિલ્લો ચણાવ્યો. તારી ગાંઠમાં પૈસા હોય તો હે પુંઅરા તું પધરગઢ ચણાવ. ) જો કે, આ કહેવત કચ્છમાં આજે પણ પ્રચલિત છે. આના પરથી પુંઅરાનો ખરાબ સ્વભાવ છતો થાય છે.

ત્યારપછી લાખાનું મૃત્યુ થાય છે. તેના મૃત્યુ પછી કેરાની ગાદીએ તેનો ભત્રીજો પુંઅરો આવે છે. આ પુંઅરો કઠોર મનસ્વી રાજવી હોવાથી તેણે પોતાના જીવન દરમિયાન ઘણાં ઘાતકી કૃત્યો આચર્યાં હતાં. તેના ઘાતકીપણા વિશે એલ.એફ.રશબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે કે, " પધ્ધરગઢનાં બાંધકામો પૂરાં થયાં બાદ તેમણે મુખ્ય શિલ્પીના હાથ કપાવી નાખ્યા, કે જેથી તે બીજા રાજવીને માટે એવું જ કલામય કામ ન કરી શકે. " (૫૨)

પધ્ધરગઢના બાંધકામ પછી ત્યાં બાયઝેનશીઅમની આસપાસના પ્રદેશમાંથી કેટલાક સંત–પુરુષો કચ્છમાં ઊતરી આવ્યા. આ સંતપુરુષો ' યક્ષદેવો ' તરીકે કચ્છમાં પંકાયા. આ યક્ષો (જખૌ) ને પણ પુંઅરાએ છોડ્યા નહીં. આ યક્ષદેવોના આશીર્વાદથી ઘણાં નિઃસંતાન દંપતીઓને સંતાન અવતરતાં. આ યક્ષો એક વખત પધ્ધર ગામને પાદરે આવે છે. આ સંતોની ખ્યાતિ મુજબ પુંઅરાની રાણી યક્ષો પાસે જાય છે. પણ આ સંતો પુંઅરાની રાણીને એક મહારાણીને છાજે તેવું સન્માન આપતા નથી. આથી પુંઅરાની રાણી યક્ષો ઉપર ખૂબ જ ગુસ્સે થાય છે. રાજમહેલમાં જઈને પોતાના પતિ એવા પુંઅરા જામને યક્ષો વિશે ઘણું ખરાબ કહે છે. એક તો પુંઅરો કર્મે ઘાતકી હતો અને એમાંય એની રાણીએ પુંઅરાને સાધુઓ (યક્ષો) વિરુધ્ધ ઉશ્કેર્યો, આથી જલ્લાદ એવો પુંઅરો ઉશ્કેરાયો. વળી બીજી એક માન્યતા મુજબ પુંઅરાની રાજૈ રાણી યક્ષોની માનીતી શિષ્યા બની ગઈ. એ ત્યાં સુધી કે તે યક્ષ ઋષિઓને મળી શકે અને આ ઋષિઓ તેણીને મળી શકે તે માટે રાણીએ એક ગુપ્ત જમીન માર્ગ બનાવેલો. યજ્ઞાદિ વગેરે આ રસ્તાના ઉપયોગથી થતા રહેતાં. પરંતુ એક દિવસ આ ક્રૂર, જલ્લાદ એવા પુંઅરાને આખી વાતનો અણસાર આવી જાય છે. આથી તેણે પોતાની રાણી ઉપર શંકા જાય છે અને સજા પેલા ઋષિઓને આપે છે. પુંઅરાએ લોખંડના અણીદાર કાંટા પથરાવ્યા તેના પર આ નિર્દોષ ઋષિઓને ચાલવાની ફરજ પાડી. આ ઘટના દરમિયાન ત્યાં ઉપસ્થિત રહેલ એક હજામે એક યક્ષઋષિને છોડાવીને તેની જગ્યા હજામે લીધી. આથી આ ઋષિ ત્યાંથી ભાગ્યો

અને લાખિયાર ભીટ નામની એક ટેકરી પર ચઢી ગયો અને પોતાના દેવની મદદ માગવા લાગ્યો. આથી બીજા યક્ષો ત્યાં આવી પહોંચ્યા. આ બધા યક્ષોએ એક વિશિષ્ટ ટેકરી ઉપર પોતાનાં સ્થાનક બનાવ્યાં. તે ટેકરી ક્કકટ ભિટ, નામે પ્રખ્યાત બની. પરંતુ આગળ જણાવ્યા પ્રમાણે બીજા કેટલાક ઋષિઓ કે જેને પુંઅરાએ કાંટા પર ચલાવ્યા હતા તે બધા પુંઅરાની નજરકેદમાં હતા. પુંઅરો કોઈપણ કાળે ઋષિઓને છોડવા તૈયાર ન હતો.આથી યક્ષોએ જામ પુંઅરા પર તીરોનો મારો ચલાવ્યો. પણ પુંઅરો એક રક્ષિત માઈલયું પહેરતો હતો. આથી યક્ષોનાં બાણોની તેના પર કશી જ અસર થતી નહીં. હવે શું કરવું એવા યક્ષોના પ્રશ્નોના જવાબ રૂપે આ ૭૨ (બોતેર) યક્ષોની સાથે તેની શાયરી નામની એક બહેન હતી. તેણે મચ્છરનું સ્વરૂપ ધારણ કરીને પુંઅરાને ચટકા ભરવાનો મારો ચલાવ્યો. મચ્છરની બળતરાથી પુંઅરો કંટાળ્યો પુંઅરાએ વિચાર્યું કે, જો હું સ્નાન કરી લઉં તો આ વેદનામાંથી મુકત બનું એમ વિચારીને માઈલિયું એક તરફ રાખીને તે સ્નાન કરવા બેઠો આ તકનો લાભ લઈને એક યક્ષે બરાબર સ્નાનાગૃહ પર બાણ ફેંકયું કે, તરત જ એક પથ્થર સીધો પુંઅરા પર પડયો અને પુંઅરાને ગંભીર ઈજા થઈ અને વેદનામાં ને વેદનામાં પુંઅરાનું એકાદ મહિના પછી અવસાન થયું. જો કે, પુંઅરાના નાશ (પતન) વિશે એલ.એફ.રશબ્રક વિલિયમ્સે નોંધ્યું છે કે, "લોકકથા પ્રમાણે પુંઅરાના અસહ્ય જુલમથી ત્રાસી તે વખતે સંગારોએ મધ્ય એશિયામાંથી કચ્છમાં ઊતરેલા કોઈ ગૌર ચામડીવાળા ઘોડેસવારોની મદદ માંગી અને તેમની મદદથી પુંઅરાગઢને ઊડાડી દીધો અને પુંઅરાને મારી નાખ્યો." [૫૩] તો રામસિંહજી રાઠોડે ' યક્ષોનાં બાણોથી પુંઅરાનું મૃત્યુ નોંધ્યું છે. જયારે ઠાકરશી પુરુષોત્તમ કંસારાએ નોંધ્યું છે કે, " ક્કકડ તથા સાંયરી નામો દેશી છે. વિદેશી નથી. સાંયરા ગામ પધ્ધરગઢની બાજુમાં આવેલ છે. ત્યાંની કોઈ સાંયરી નામે બહાદુર યુવતી તથા એના ભાઈ ક્કકડે વિદેશી અરબો અથવા બીજા કોઈ વિદેશીઓની મદદ મેળવીને અથવા અહિવનરાજની મદદ મેળવીને પધ્ધરગઢ પર ઘેરો ઘાલીને આક્રમણ કરેલ હોય અને બહુ દિવસની લડાઈ બાદ પધ્ધરગઢનું પતન થયેલ હોય તથા પુંઅરાજ મરાયો હોય એમ પણ બનવા જોગ છે. " [૫૪]

## ૧.૧૧ * જાડેજા સત્તા :-

સિંધમાંથી આવેલા જાડેજાઓની સત્તા કચ્છમાં સદીઓ સુધી ચાલી. આ

જાડેજાઓની સત્તા અને રાજવીઓ વિશે વાત કરતાં પહેલાં જાડેજા વંશની ઉત્પત્તિ વિશે એક નજર નાખીએ તો યાદવ કુળમાં છેક આઠમી પેઢીએ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયેલો. આ કૃષ્ણનો પુત્ર અનિરુદ્ધ કે જેને શોણિતપુરનો રાજા બાણાસુરની પુત્રી ઓખા (ઉષા) સાથે લગ્ન કરેલાં. આ અનિરૂદ્ધને ઓખાથી પુત્ર જન્મે છે જેનું નામ વજ્રનાભ રાખવામાં આવે છે. આ વજ્રનાભના વંશમાંથી જાડેજાઓની ઉત્પત્તિ થઈ છે. આ વાતને સમર્થન આપતા વિદ્યાકાંત પટ્ટણી નોંધે છે કે, " શ્રીકૃષ્ણના પૌત્ર અને અનિરુદ્ધ – ઓખાના પુત્ર વજ્રનાભના વંશજ તરીકે કચ્છના જાડેજાઓની વંશાવળીને જોડવા અંગેની સમગ્ર વિચારણા માટેનો સંદર્ભે અભ્યાસનિષ્ઠ રીતે કારાણીએ શ્રીમદ્ ભાગવત, હરિવંશ અને મહાભારત જેવા પ્રાચીનગ્રંથોમાંથી શાસ્ત્રીય પુરાવાઓ સહિત રતડિયાના બાલુભાભાઈ અમરસિંહજીએ પૂરો પાડયાનો તેમણે ઉલ્લેખ કર્યો છે." [૫૫]

જાડેજાના પૂર્વજો સિંધમાં રહેતા હતા ત્યારે સિંધમાં નવી મુસ્લિમ સત્તાનો ઉદય થયો. વળી સિંધના પૂર્વ તરફના ભાગમાં સુમરાવંશની સ્થાપના થઈ. ધીમે–ધીમે સમાઓ અને સુમરાઓ વચ્ચેના સંબંધો ખરાબ થવા લાગ્યા. વળી, સુમરાઓ સમા રાજપૂતોને કનડગત કરતા હતા. અધૂરામાં પૂરું સિંધુ નદીનો પ્રવાહ બદલવાથી સમા રાજપૂતોને ઘણું નુકશાન સહન કરવું પડતું હતું. આથી સમાઓની દષ્ટિ ઘણા વખતથી કચ્છ તરફ રહેતી હતી. સમાઓના પૂર્વજોનું ઘણા સમય પહેલાં કચ્છ ઉપર આધિપત્ય હતું. આથી સમાઓની દષ્ટિ કચ્છ પ્રદેશ તરફ રહેતી હોય એ સ્વાભાવિક છે.

આથી જામ ઉન્નડની છટ્ટી પેઢીએ થયેલ જામ જાડો ગાદી ઉપર આવ્યો. આ જામ જાડાને સંતાન ન હોવાથી જાડાએ પોતાના ભાઈ વેરેજીના પુત્ર લાખાને દત્તક લીધો હતો. ત્યારપછી વર્ષો વીત્યાં બાદ જામ જાડાને વૃદ્ધાવસ્થામાં પોતાની રાણીથી કુંવર ઘાઓનો જન્મ થયો. આ ઘાઓ ઉંમર લાયક થતાં ઉભય ભાઈઓ વચ્ચે ગાદીની બાબતમાં તકરાર થઈ. આથી લાખાએ ઘાઓને કહ્યું કે, હવે હું મારા પિતા વેરેજીનો પુત્ર નથી પણ જામ જાડાનો પુત્ર છું. આથી ગાદીનો હક્કદાર હું છું. ઘાઓ કહે હું જાડાનું સગું સંતાન છું. માટે હું ગાદીનો ખરો વારસ કહેવાઉં. આમ બંને વચ્ચે સંઘર્ષ થતાં લાખો કંટાળ્યો અને પોતાના જોડિયા ભાઈ લાખિયારને લઈને નસીબ અજમાવવા રણની પેલે પાર કચ્છભૂમિમાં પગરવ માંડે છે અને આ જામ લાખો પોતાના ભાઈ લાખિયારના નામ ઉપરથી લાખિયાર નામે નવા ગામનું તોરણ બાંધે છે. જો કે, જાડેજા અવટંકનું મૂળ પણ

અહીં જ છે. જે જામ જાડાએ પોતે નિઃસંતાન હોવાથી પોતાના ભાઈના પુત્ર જામ લાખાને દત્તક લીધો હતો. આથી આ લાખો પોતાના ભાઈનો મટીને પોતાનો પુત્ર બન્યો હતો. જેમકે, જાડાનો એટલે જાડેજો (જાડેજા) જો કે, આ વાતને સમર્થન આપતા આત્મારામ દ્વિવેદીએ નોંધ્યું છે કે, ' કચ્છના હાલના રાજવંશને જાડેજાની અવટંક આ જામ લાખાથી ચાલી છે. તેનું એક કારણ એ બતાવે છે કે, લાખાને જાડાએ દત્તક લીધો તેથી સિંધી ભાષા પ્રમાણે તે જાડેજો (એટલે જાડાનો) કહેવાયો. બીજું એ કે લાખો અને લાખિયાર બંને બેલડા (જોડિયા) જન્મ્યા હતા. બેલડાને સિંધી ભાષામાં જાડા કહે છે.

**" લાખો ને લખધીર બએ જનમ્યા જાડા**
**વેરે ઘર લાખો વડો જે ધું જાડેજા. "** (૫૬)

( લાખોને લખધીર બેઉ બેલડા જનમ્યા, વેરેજીના લાખો મોટો દીકરો જાડેજા થયો.)

લાખો તથા લાખિયાર બંને ભાઈઓ વચ્ચે ખૂબ જ સંપ હતો. આગળ આપણે મોડ અને મનાઈ બંને બંધુઓની ચર્ચા કરી તે મુજબ અહીં આ ઉભય બંધુઓ વચ્ચે પણ ઐકય હતું. આ બંને ભાઈઓ અલગ–અલગ હતા છતાં બંનેને એકજ નામથી બોલાવવામાં આવતા.

આ લાખાએ ઘણાં વર્ષો સુધી ગાદીએ રાજય કર્યું. આ લાખાના મૃત્યુ પછી તેનો પુત્ર રાયધણ ગાદીએ આવ્યો. રાયધણની એક વિશેષતા એ હતી કે તે જયારે–જયારે યુદ્ધના મેદાનમાં દુશ્મનો સામે લડવા જતો ત્યારે–ત્યારે હંમેશાં પોતાની પાઘડી ઉપર રાતા કલરનો એક રૂમાલ કે પેચ મારતો માટે તેને લોકો રત્તારાયધણને નામે ઓળખતા. રત્તારાયધણને એક બહાદુર–પરાક્રમી રાજવી સાબિત થયેલો. કેમકે, તેનું વર્ચસ્વ આખા કચ્છ ઉપર હતું. રત્તા રાયધણને ચાર કુંવરો હતા. રાયધણે આ ચારેય ભાઈઓ અરસ–પરસ ઝઘડે નહીં તે માટે અનુક્રમે દેદાને કંથકોટ, ગજણને બાડા, હોથીને ગજોડ, તથા બાર જેટલાં ગામો આપ્યાં અને નિષ્કપટી સદાચારી એવા ઓઠાને મહારાજ રાયધણે લાખિયાર વિયરા આપ્યું જે તેના માટે લાયક હતો.

**" વિહાર વાંઈઆં ગજણજી હોથિય બારો ગામા**
**શીકરે પરચાં દેદો ધણી ધીઅરે ઓઠોજામ. "** (૫૭)

( અર્થાત્ – વિહારથી પશ્ચિમ તરફ ગજણજી, હોથીજીને બારગામ, સીકરાની પાછળ દેદો અને લાખિયાર વીયરે ઓઠો જામ.)

જામ ઓઠા સિવાયના ત્રણ ભાઈઓ જેવા કે, હોથી, દેદો, ગજણને જયારે પોત–પોતાના પરગણાની માહિતી આપવામાં આવી ત્યારે માતંગજીએ ત્રણેય ભાઈઓને જણાવ્યું કે, તમે ત્રણેય ભાઈઓ અલગ–અલગ દેવીઓની ઉપાસના કરશો તો ચાલશે. જેમકે, દેદો કુંવર રવેચી માતાજીની આરાધના કરશે. ગજણકુંવર આશાપુરા માતાજીની આરાધના કરશે અને હોથીકુંવર મહામાયાની આરાધના કરશે તો સદાને માટે સુખી રહેશે. આમ કહીને આ દૈવી પુરુષે આ ચારેય ભાઈઓને શંકાથી બચાવ્યા એટલે કે પરસ્પર ઝઘડો થયો નહીં.

## ૧.૧૧.૧ * જામ ઓઠોજી, ઘાઓજી અને વહણેજી :–

આપણે આગળ રાયધણના કુંવરો દેદો, ગજણ, હોથી અને ઓઠાની ચર્ચા કરી જેમાં જામ ઓઠો રાયધણ પછી લાખિયાર વીયરાની ગાદીએ આવ્યો. જામ ઓઠો ખૂબ જ તાકાતવર હતો. આ જામ ઓઠાના અવસાન બાદ તેનો કુંવર ઘાઓ લાખિયારની ગાદી પર આવ્યો. ત્યારે બારાના હાલાના કુંવર રાયધણે પોતાના કાકાના દીકરા ઘાઓને પરેશાન કરવા જત લોકોને આમંત્રિત કરીને રાખ્યા. તત્કાલીન સમયમાં ઘાઓ સાથે રહેતા જેહાના કુંવરો અનુક્રમે અબડો અને મોડ હતો. જેમાં અબડો તાકાતવર હોઈ, રાયધણ ફાવ્યો નહીં.

જામ ઘાઓના અવસાન પછી તેના કુંવર જામ વહેણજી ગાદીપતિ થયા. ત્યારે જામ વહેણજીએ અબડાને કહ્યું કે, હવે તું સમજદાર થયો છે. એટલે તું મારી પાસે રહેવા કરતાં રાયધણ પાસે જઈને રહે. આથી અબડાએ વહેણજીને કહ્યું કે, ના હું એવી ગુલામી કરવા રાયધણ પાસે જઈશ નહીં. આ અરસામાં જામ વહેણ તથા રાયધણ વચ્ચે અણબનાવ રહેતો. પરંતુ હવે વધારે વખત લાખિયાર વીયરામાં રહેવાનું ઉચિત ન લાગતાં વહેણે પોતાનું નિવાસસ્થાન હબા ડુંગરની ટેકરી પર રાખ્યું ત્યારે રાયધણને પણ એમ લાગ્યું કે, હવે પોતાની શકિત ઘસાતી જાય છે. એના કરતાં વહેણજી સાથે સમાધાન કરવું વધારે યોગ્ય છે. એમ વિચારીને તે વહેણજી સાથે સુલેહ કરી લે છે. પરંતુ –

**" અબડો કઢેં સિંધ ડુ, રાયધણ જામ નમાય**
**હબે અથી અડાંય, સમેં સૂઆણાં ભુંગડા. "** (૫૮)

( અર્થાત્ – વહેણ જામે અબડાને સિંધ તરફ કાઢી જામ રાયધણને નમાવ્યો અને પોતાનું

રહેઠાણ હબા ડુંગર પર કાયમ કર્યું. )

જો કે, જામ રાયધણે દેખીતી રીતે જ જામ વહેણ સાથે સમાધાન કર્યું હતું. મનથી તે જામ વહેણને નમાવવા ઈચ્છતો હતો. આથી તે તકની રાહ જોવા લાગ્યો. બરાબર તે જ વખતે દિલ્હીનો શાહજાદો મક્કા હજ કરવા જતો હતો. તે શાહજાદો રાયધણના રાજયમાંથી પસાર થતાં રાયધણે તક ઝડપી લઈને શાહજાદાની શુશ્રૂષા કરી અને શાહજાદાને જામ વહેણ વિરુદ્ધ ભડકાવ્યો. આથી શાહજાદાએ હબા ડુંગર પર લશ્કર સાથે ચડી ગયો. પરંતુ આ હબાનો કિલ્લો મજબૂત હોવાથી શાહી લશ્કર આ મહાન, પરાક્રમી, બળવાન એવા જામ વહેણને નાથી શકયા નહીં અને રાયધણની મનની મનમાં જ રહી ગઈ.

### ૧.૧૧.૨ * જામ મૂળવોજી :-

જામ વહેણનું સંવત ૧૩૦૭ માં અવસાન થતાં તેના પાટવી કુંવર જામ મૂળવોજી તખ્તનશીન થયા. પરંતુ તેની મુશ્કેલીએ હતી કે, જામ મૂળવાજીના સાંધા કામ કરતા ન હતા. તે રાજવી હથિયાર ઉપાડવા અશકત હતો. તે વખતે માતંગ દેવની તેરમી પેઢીએ થઈ ગયેલ મામૈદેવ જે દૈવી શકિત ધરાવતા હતાં. મામૈદેવ જૂનાગઢ જતા હતા ત્યારે ત્યાંના રાજવી રા' નવઘણ મામૈદેવ પ્રત્યે આદર રાખતો હતો. તેની મહેમાનગીરી પૂરી કરી મામૈદેવ જામ મૂળવાજી પાસે હબા ડુંગર પર આવ્યાં. કેમકે, મૂળવાજી મામૈદેવને પૂજતો આથી મામૈદેવને જોઈને મૂળવાજી ખૂબ જ આનંદિત થયા ત્યારે રાયધણના પૌત્ર જામ હરધોળ મૂળવાજીને પરેશાન કરતો હતો. પણ મૂળવાજી તેને નાથવા અશકિતમાન હતા. આ બધી પરિસ્થિતિ મૂળવાજીએ પૂજય મામૈદેવને કહી સંભળાવી. ત્યારે મામૈદેવે મૂળવાજીને પાડાનું મસ્તક ઉડાડી દેવા કહ્યું. ત્યારે મૂળવો પોતે આમ કરવા શકિતમાન નથી એવું જણાવ્યું. છેવેટ મામૈદેવના આગ્રહથી આ શકય બન્યું અને એક અજબનો કરિશ્મા રચાયો, મૂળવાજીના હાથમાં અપૂર્વ તેજ આવી ગયું અને તેણે જતોને પકડી–પકડીને માર્યા.

### ૧.૧૧.૩ * જામ કાંયોજી :-

આગળ જણાવ્યું તેમ જામ મૂળવોજીએ ઘણાં કાર્યો કર્યાં અને છેવટે મૃત્યુ

પામ્યા. મૂળવોજી પછી તેના કુંવર કાંયાજી ગાદીપતિ થયા. આ કાંયાજીને આસપાસનાં રજવાડાંઓ ખૂબ જ પરેશાન કરતાં હતાં. હવે જામ કાંયોજી શાંત શા માટે રહે ? તેણે પોતાને પરેશાન કરનારા રાજવીઓ ઉપર ખૂબ જ ક્રોધ ચડયો હતો. કારાણી નોંધે છે તે મુજબ –

**" મુરવે કાંઈયો જનમેઓ, કારો કાન જેકો,**
**વિલટાયો એડો, કર મણધર પાતાઓં. "** (૫૯)

( અર્થાત્ – જામ મૂળવાને ત્યાં કૃષ્ણ જેવા શ્યામવર્ણ વાળા કાંઈયા જનમ્યો એને છંછેડવામાં આવે, તો એ પાતાળના કાળા નાગ જેવો ક્રોધાયમાન બની જાય તેવો હતો.)

ખરેખર કાંઈયો જામ તેના પિતાજી મૂળવાજી અને દાદા વહેણ જેવો જ તાકાતવાન હતો. કાંઈયાએ પણ પોતાના પિતાની માફક દુશ્મનોને હટાવવા લાગ્યો.

આમ, વહેણના પૌત્ર જામ કાંઈયાએ પણ પોતાની કારકિર્દી દરમિયાન પોતાની અથાગ શકિતથી અનેક દુશ્મનોને હરાવ્યા. છેવટે જયારે કાંઈયાનું અવસાન થયું ત્યારે તેના આઠ પુત્રો પૈકીનો આમર જામ ગાદીએ આવ્યો.

### ૧.૧૧.૪ * આમર જામ :–

આ આમર જામ વિશે દુલેરાય કારાણીએ દુહો નોંધ્યો છે. –

**" કાંઈએ ઘર આમર થેઓ, ઓઠેહરો અડીયલ,**
**વિઠો હબે વિસમે, મુંછું મોડે મલ્લ. "** (૬૦)

( અર્થાત્ – જામ ઓઠાના વંશમાં કાંઈયા જામનો કુમાર આમર થયો તે મલ્લ જેવો હબા ડુંગરની વચમાં બેસીને મૂછો મરડે છે. )

જામ આમરના પિતાના હાથમાંથી ઉમા વાઘેલો કે જે મૂળવાજીના ખૂનમાં સામેલ હતો. તે બચી ગયો હતો. આથી આમરે વિચાર્યુ કે, પ્રથમ તો મારા દાદાની હત્યામાં સામેલ એવા ઉમાને પતાવવો. બીજી બાજુ આ વાઘેલો હવે વૃદ્ધ બન્યો હતો. તેણે પણ યુદ્ધભૂમિમાં જવાના કોડ જાગ્યા. હોથલ વિગામરીના ભોંયરા પાસે બંને પક્ષ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. જેમાં વૃદ્ધ ઉમા વાઘેલો કામ આવ્યો.

જામ આમરને પણ જૂની અને નવી એમ બે રાણીઓ હતી. જેમાં નવી

રાણી જામ આમરની માનીતી રાણી હોઈ, આમર બધો પ્રેમ નવી રાણી પર વરસાવતો હતો. આ જામ આમરના અવસાન સમયે તેની નવી રાણીની ઈચ્છા મુજબ જામની ગાદીએ નવી રાણીના કુંવર આમર–આમરાણીને બેસાડવામાં આવ્યો. પણ આ આમર–આમરાણી નબળો નીકળ્યો. એટલે ફરીથી જામની પાઘડી આમર જામના મોટા કુંવર ભીમજીને બાંધવામાં આવી.

**૧.૧૧.૫ * જામ ભીમજી :–**

આગળ જણાવ્યા મુજબ જામ આમરની નવી રાણીના કુંવરને જામની પાઘડી બાંધવામાં આવી હતી. પરંતુ તે પાઘડીને લાયક ન હતો. આથી ભાયાતોના આગ્રહને વશ થઈને તે પાઘડી જામ ભીમજીને પહેરાવવામાં આવી. આ ભીમજી રાજકારણમાં ખૂબજ કાબેલ હતો. –

**" કાંઈયે ઘર આમર થેઓ, આમર ઘરજો ભીમ,**
**સમે સંધી સીમ, પસી કંઈ પિંઢજી. "** (૬૧)

(અર્થાત્ – જામ કાંઈયાને ત્યાં આમર થયો અને આમરનો ભીમજી. તેણે સઘળી હદ સંભાળીને તે પર પોતાની હકુમત બેસાડી. )

આ વખતે બારાની ગાદી પર પણ જામ હરઘોળજીનો કુંવર લાખો બિરાજમાન હતો. લાખા અને ભીમજીના પરિવાર વચ્ચે પહેલેથી જ વેરભાવ ચાલતું. જોકે, લાખો એક પરાક્રમી રાજવી હતો. તે વાગડમાં પરણેલો હોવાથી એક વખત ત્યાંથી પાછા ફરતી વેળાએ ભીમજીને મળવા હબા ડુંગર પર ગયો ત્યાં ભીમજીએ લાખાની ખૂબ આગતા–સ્વાગતા કરી અને લાખાને ત્યાં રોકયો. આથી લાખો ભીમજી પાસે રોકાયો પરંતુ ભીમજી પોતાનું જૂનું વેર વાળવા ઈચ્છતા હોઈ, લાખાનું ખૂન કરાવી નાખ્યું.

**૧.૧૧.૬ * જામ હમીરજી :–**

રાજયની પરંપરા મુજબ ભીમજીના અવસાન પછી તેનું રાજય તેના (ભીમજીના) પાટવી કુંવર જામ હમીરજીને મળ્યું. હમીરજીના પિતા ભીમજીએ લાખાને મરાવ્યો હતો. તે વાત લાખાનો કુંવર રાવળજી જાણતો હતો. આથી પિતાના વેરનો બદલો લેવા તે તરસતો હતો. એવામાં ભીમજીનું અવસાન થયું. એટલે તેના કારજમાં બધા ભાયાતોની માફક રાવળ પણ હમીરજી પાસે આવે છે અને આ રીતે હમીરજીને ત્યાં રાવળ

આવતો–જતો થાય છે. રાવળ જામ પર હમીરજીને વિશ્વાસ ન હોવાથી તે જતા નથી. એક વખત રાવળજીનાં ઘણા આગ્રહને વશ થઈને હમીરજી જવા તૈયાર થાય છે. પણ તે પહેલાં હમીરજી આશાપુરા માતાજી સમક્ષ રાવળજીને પોતે દગો નહીં કરે તેવા સોગંદ ખવડાવે છે. આથી રાવળજી આશાપુરા માતાજી સમક્ષ સોગંદ પણ ખાય છે. પરંતુ તેના સોગંદ વિશે એલ.એફ. રશબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે કે, " જામ રાવળે ખાનગી રીતે દગાબાજી કરી કે જે હજુ ગવાય છે. તેની ભેઠના અડીઆમાં તેણે એક જીવતી ચકલી સંતાડી હતી. (આવી અડીઆ સહિતની ભેઠ જાડેજા ભાયાતો બાંધે છે.) અને જાણે કે તે પોતાની છાતી પર હાથ મૂકતો હોય તે રીતે ચકલી પર હાથ રાખી, માતાજી સમક્ષ પોતાના જીવના સમ ખાઈ પ્રતિજ્ઞા કરી કે, હમીરજીનો વાંકો વાળ પણ થવા દઉં. " (૬૨)

આ રીતે તેણે ચકલીની ઓથમાં સમ ખાધા. ગમે તે હોય પણ જામ રાવળે હમીરજીને બારા આવવા મનાવી લીધા. ખેંગારજી (ઉ.વ. – ૧૧) અને સાહેબજી (ઉ.વ. – ૯) ને લઈને હમીરજી જામ રાવળના આમંત્રણને માન આપવા બારા જવા રવાના થયા. તત્કાલીન સમયમાં ખેંગારજી સાહેબજીની માસી કે જે વિંઝાણમાં રહેતી હતી. તેને વાતની ગંધ આવતાં અને મનમાં કંઈક શંકા જવાથી પોતાના બંને ભાણેજરા ખેંગારજી તથા સાહેબજીને પોતાની પાસે રોકીને હમીરજીના વફાદાર માણસ છચ્છર બુટાને કહ્યું કે, જામ રાવળની મહેફિલમાં વાત બગડે ત્યારે તું તરત જ અહીં આવી પહોંચજે. ખેંગારજીની માસી ચાલાક હતી. હવે બારામાં ખેંગારજી પહોંચતાં જ ખૂબ દમામથી તેનું રાવળજી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. જામ રાવળે પોતાની યોજનાનો જામી અણસાર જરાપણ આવવા દીધો નહીં. પણ મહેફિલ જયારે પૂર જોશમા ખીલી હતી ત્યારે રાવળ ના માણસોએ હમીરજીના તથા તેના સાથી મિત્રોને ખૂબજ દારૂ પાયો અને યોજના મુજબ જામ રાવળના માણસો જામ હમીરજીના માણસોને કાપવા માંડયા. હમીરજીના માણસો પણ લડયા. પણ બધા નશામાં હોઈ, કપાઈ મૂઆ. હમીરજીના રસાલામાં એક હમીરજીનો વફાદાર લંગો પણ હતો. પોતાના માલિક હમીરજીને બચાવવા તેનું રક્ષણ કરવા ખૂબજ લડયો અને છેવટે મૃત્યુને આધિન થતાં પહેલાં પોતાનું લોહી પોતાના માલિક એવા જામ હમીરજીના લોહીમાં ન ભળે તેની કાળજીમાં લાગ્યો અને છેવટે મર્યો. તેની યાદીમાં આજે પણ બારા – તેરા ગામની વચ્ચે હમીરજીની છત્રી તથા અન્યના પાળિયા ઊભા કરાયા છે.

## ૧.૧૧.૭ * રાવ ખેંગારજી પહેલાં :-

જામ રાવળે જામ હમીરજીનું ખૂન કરી નાખ્યું. તેની જાણ છચ્છર બૂટાને થતાં તે વિંઝાંણ તરફ રવાના થયો અને ખેંગારજી તથા સાહેબજીની માસીને મળીને બધી જ હકીકત કહી સંભળાવી. અજોજીની પત્ની એટલે કે, ખેંગારજીની માસીએ વિચાર કર્યો કે, આ જામ રાવળ કુમળાં બાળકોને પણ છોડવાનો તો નથી જ. માટે તેને છચ્છર બૂટાને કહ્યું કે, તું આ બંને બાળકોને લઈને ભાગી જા. કયાં જવું? તેના પ્રશ્નના જવાબમાં અજોજીની પત્નીએ કહ્યું કે, તું શાપર (હાલનું રાપર) ભણી જા, તેના કહેવા મુજબ છચ્છર બૂટો બંને બાળકોને લઈને શાપર ભણી ભાગ્યો. ચાલતાં–ચાલતાં કક્કલના ખેતરે બધાં આવી પહોંચ્યાં અને કક્કલને છચ્છર બૂટોએ આપવીતી કહી સંભળાવી. આથી ભિયા કક્કલે અને તેમની પત્ની મલ્લણી બાઈએ આ બાળકો તથા છચ્છર ને એક કાલરમાં સંતાડી રાખ્યાં. થોડીવાર થઈ એટલે જામ રાવળ પોતાના રસાલા સાથે પગનાં નિશાન શોધતો–શોધતો અહીં સુધી આવી પહોંચ્યો. પગનાં નિશાન ભિયા કક્કલના ખેતર સુધી જ મળતાં હતાં. આ નિશાન આગળ મળતાં ન હોવાથી જામ રાવળને ભિયા ઉપર શંકા ગઈ કે, નક્કી આ કક્કલે જ ખેંગારજી, સાહેબજીને આશ્રય આપ્યો હશે. એમ વિચારીને જામ રાવળે ભિયાને આદેશ આપ્યો કે, બંને કુંવરો મને સોંપી દે. આથી ભિયાએ કહ્યું કે, અહીં કોઈ આવ્યું જ નથી. જામ રાવળની ઘણી મહેનત છતાં ઉભય પતિ–પત્ની મૌન રહ્યા. આથી જામ રાવળે પોતાના માણસોને કહ્યું કે, આ કક્કલ એમ નહીં માને, તેના સાત દીકરાઓમાંથી એકનું માથું ઉડાડી દો. રાવળના કહેવા મુજબ તેના માણસે ભિયાના એક દીકરાનું માથું ધડથી અલગ કરી દીધું. છતાં ભિયો તથા તેની પત્ની મલ્લણી અડગ રહ્યા. આથી મહારાવના ક્રોધનો પાર રહ્યો નહીં અને તેમણે સાત પુત્રોમાંથી છ ને વધેરી નાખ્યા અને પછી ચાલ્યા ગયા. આ રીતે ભિયો તથા તેની પત્ની ધન્યવાદને પાત્ર બન્યાં.

આ ભિયાની રજા લઈને છચ્છર , ખેંગારજી તથા સાહેબજી રવાના થયા. બીજા દિવસે સાંજે ચરાડવા ગામે પહોંચ્યા. રાત થઈ હોવાથી તેઓને અહીં જ રાત ગાળવાનું નક્કી કર્યું અને સૂતા. વહેલી સવારે આ ગામનો માણેક મેરજી નામક અંબા માતાનો પરમ ભકત ત્યાંથી પસાર થયો અને તેને ખેંગારજીના પગમાં તે ભવિષ્યનો મહારાજા થવાનો છે તમે જણાવ્યું. ત્યારે ગોરજીએ જણાવ્યું કે હે ખેંગારજી તમને તમારી

મુસાફરી દરમિયાન સફેદ શિરામણ અને કાળો ઘોડો મળે તો માનજો કે, હું સાચું કહું છું અને ખરેખર આવું જ બને છે. દહીંસરા ગામના તળાવની પાળ પર ખેંગારજી, સાહેબજી તથા છચ્છર બેઠા હતા. તેવામાં ગામની અનેક પનિહારીઓમાંથી એક પનિહારી લાખિયાર–વીયરાની હતી તેને કુંવરોને ઓળખ્યાને પોતાના ઘરે લઈ જઈને માન–પાન આપ્યું. શિરામણમાં ગોરજીની ભવિષ્યવાણી મુજબ જુવારનો રોટલો ને દહીં આપ્યા. તથા જયારે આ મહેમાનો વિદાય થતા હતા ત્યારે આ સૂતરણ બાઈના સસરાએ મુસાફરી કરવામાં સરળતા રહે તે માટે કાળો ઘોડો પણ આપ્યો. દુલેરાય કારાણી નોંધે છે. –

**" કારો ઘોડો, જુઆર, સમેકે, સુકન થેઆ,**
**માતા કઈ વાર, ખુશી થઈ ખેંગતે. "** (૬૩)

( અર્થાત્ – કાળો ઘોડો અને જુવારના શિરામણની, પ્રાપ્તિ આ લોકોને ગોરજીના કહેવા મુજબ શુભ શુકન થયા. માતા ખેંગારજી ઉપર ખુશ થઈને તેની વહારે ચઢી. )

જો કે, કુમારશ્રી ખેંગારજીના આવા કપરા કાળમાં છછ્રની વફાદારી ભૂલાઈ એવી નથી. છચ્છર, ખેંગારજી, સાહેબજી વગેરે અમદાવાદ આવી પહોંચ્યા. જયાં મહમદ બેગડો રાજય કરતો હતો ત્યાં ઉભય બંધુઓ પટ્ટાબાજી તેમજ તલવાર ચલાવવાનું શીખ્યા. તે વખતે અમદાવાદમાં સિંહની રંજાડ વધવાના સમાચાર મહમદ બેગડાને મળ્યા. પણ આ સિંહ કોઈના હાથમાં આવતો નહીં. એક વખતે ખુદ બેગડાએ સિંહનો શિકાર કરવાનું બીડું ઝડપ્યું. બેગડો સારા–સારા શિકારીઓ સાથે હાથીની સવારી પર સિંહનો શિકાર કરવા ચાલ્યો. આ વાતની જાણ ખેંગારજીને થતાં તકનો લાભ લેવા તે પણ સાંગ લઈને ગયો. જે સાંગ માણેક મેરજીએ આપી હતી. સિંહ ગુફામાં હોઈ, બહાર કાઢવા માટે શિકારીઓએ પ્રયત્નો કર્યા. આથી છંછેડાયેલો સિંહે સીધો જ બેગડાને નિશાન બનાવ્યો, બધા ડરીને ભાગ્યા. બેગડાએ મોતને નજરે જોયું. ત્યાં જ બહાદુર, પરાક્રમી, નવયુવાન એવા ખેંગારજીએ પોતાની મોટી સાંગ એવી તો સિંહ પર મારી કે, સિંહનું જડબું તેનું નિશાન બન્યું અને સિંહ ધરતી પર ઢળ્યો. આ રીતે એક અદ્ભુત પરાક્રમથી ખેંગારજીએ બેગડાને બચાવ્યો તથા બેગડાના દિલમાં સ્થાન પામ્યો.

## ૧.૧૧.૮ * રાઓશ્રી ભારમલ્લજી પહેલા :–

રાઓશ્રી ખેંગારજી પછી તેમના પાટવી કુંવર ભોજરાજજી મૃત્યુ પામ્યા

હોવાથી ગાદીના હકદાર ભારમલ્લજી (પહેલા) થયા. આ ભારમલ્લજી ઘણાં સારાં અને અમુક ખરાબ પાસાંઓથી ભરેલા હતા. તે એક બળૂકો રાજવી તો હતો જ. તેના સમયમાં ખાસ બનાવો બનતા નથી. પરંતુ તે વખતે મુઝફરખાન ગુજરાતની ગાદીએ હતો. તેના પર ચઢાઈ કરીને અકબર બાદશાહે ગુજરાતનો કબજો મેળવ્યો અને મુઝફરને હરાવ્યો. હારેલો મુઝફર ભાગ્યો પ્રથમ જામનગર તે વખતે ત્યાં જામ સત્તાજી રાજય કરતો હતો. તે તેના આશ્રયે ગયો. રાજવીઓનો એક નિયમ હતો કે, પોતાના આશ્રયે આવેલ શરણાગતનું રક્ષણ કરવું, પણ અકબરે મુઝફરને પકડવા તેની પાછળ કોકાને મોકલ્યો. કોકાને ખબર પડી કે મુઝફર જામનગર છે. આથી તે જામનગર ગયો ને રાવને કહેણ મોકલાવ્યું કે, તમે મુઝફરને અમારા હવાલે કરો, રાવ માન્યા નહીં તે એક રાજપૂત હતા. આથી રાવે કચ્છના ગાદીપતિ એવા ભારમલ્લજીને પોતાની મદદે બોલાવ્યા. જામનું લશ્કર ભારમલ્લનું લશ્કર એક થયાં તેની સાથે લોમો ખુમાણ અને દોલતખાને રહ્યા. એક બાજુ શાહી લશ્કર અને બીજી બાજુ ઉપર્યુકત બંને લશ્કરો વચ્ચે લડાઈ થઈ. પણ તેમાં લોમા ખુમાણ અને દોલતખાને રાજવીઓ સાથે દગો કરી, શાહી લશ્કરમાં ભળ્યા. આથી રાવનું લશ્કર હાર્યું. તેથી મુઝફર ત્યાંથી ભાગ્યો અને ઓખા મંડળ પહોંચ્યો તેને પકડવા અઝીઝ કોકાએ પોતાના માણસો મોકલ્યા. ઓખાના વાઢેરાએ પણ મુઝફરને આશ્રય આપ્યો. આથી કોકાના માણસોએ ઓખા પર હુમલો કરીને ઓખા જીત્યું. છતાં વાઢેરો એક ના બે ન થયા. તેમણે આ જગ્યા હવે મુઝફર માટે યોગ્ય ન લાગતા મુઝફરને કચ્છમાં ભારમલ્લજી પાસે મોકલી આપ્યો. ભારમલ્લજીએ મુઝફરને આશ્રય તો આપ્યો પણ બીજી એક મુસીબત એ આવી કે, ભારમલ્લજી પાસે સૈન્યની મર્યાદા હતી. તે શાહી લશ્કરને હરાવી શકવામાં સક્ષમ ન હતો. બીજી બાજુ કોકાના માણસોને અને કોકાને એ વાતની જાણ થઈ કે, મુઝફર ભારમલ્લજીના આશ્રયે રહ્યો છે. આથી શાહી લશ્કર ત્યાં પહોંચ્યું અને મુઝફરને સોંપી દેવા ભારમલ્લજીને કહેણ મોકલાવ્યું. ભારમલ્લજીએ સામે સુલેહ કરવા માણસો મોકલ્યા, પણ કોકા તેમ માને તેમ ન હતો. એમણે ભારમલ્લજીને ધમકીના સ્વરૂપમાં કહેવડાવ્યું કે, આપ નામદાર મુઝફરને અમારે હસ્તક કરો, નહીંતર અમે આપના રાજય પર ચડી આવીશું. આથી ભારમલ્લ મૂંઝાયો. શું કરવું એ ન સમજતાં રાવ ભારમલ્લે કોકાની વાત કબૂલી આયોજન મુજબ મુઝફર જે જગ્યાએ સંતાયો હતો ત્યાં ભારમલ્લજી પહોંચ્યા અને મુઝફરને કહેવડાવ્યું કે, તેને કહો કે, રાવ ભારમલ્લજી તેને મળવા માંગે છે.

મુજફ્ફરને ભારમલ્લજી પર પૂરો વિશ્વાસ હતો. આથી ભારમલ્લજીનું નામ પડતાં તે તરત જ બહાર આવ્યો. જેવો મુઝફ્ફર બહાર આવ્યો કે, શાહી લશ્કરે તેને કેદ કરી લીધો અને અમદાવાદ લઈ જવા રવાના થયા. પરંતુ તેઓ અમદાવાદ પહોંચે તે પહેલાં જ મુઝફ્ફરે રસ્તામાં જ આપઘાત કરી લીધો. ભારમલ્લજી એક રાજપૂત હોવા છતાં શરણાગત સાથે દગો કર્યો એ યોગ્ય ન ગણાય. અહીં તેના વ્યકિતત્વ પર છાંટા ઊડયા. આ ભારમલ્લજીનું ખરાબ કૃત્ય ગણાવી શકાય. તેની સામે તેનાં સારાં પાસાં પણ જોવા મળે છે.

એક વખત ભગન નામનો ભાટ રાજવીઓની કસોટી કરતો–કરતો કચ્છપ્રદેશમાં ઊતરી આવ્યો અને તે ભારમલ્લજીની કસોટી કરવા ખાતર રાજવીની કચેરીમાં હાજર થયો. આથી રાજવીએ ભાટને કહ્યું કે, હું તમારી શી સેવા કરી શકું ? આપ કહો તે હું તમને આપું ! આથી પેલા ભગનભાટે કહ્યું કે, મારી માગણી થોડી ઊંચા પ્રકારની છે, આપ આપી શકશો ? ત્યારે રાજવીએ કહ્યું કે, આપ કહો તો ખબર પડે. ત્યારે પેલા ભાટે કહ્યું કે, મારી એક ટેક છે કે, મારી પાસે રહેલ આ ગદા જે લોઢાની છે. તે ગદા કોઈ વ્યકિત પોતાના મસ્તક પર મારવા દે તેની પાસેથી દાન સ્વીકારવું. પણ કોણ તૈયાર થાય ! આ ગદાના એક જ પ્રહારથી મસ્તિકના ચુરેચુરા થઈ જાય એવી હતી, આથી ભારમલ્લજી પોતે તૈયાર થયા અને પેલા ભગન ભાટને કહ્યું કે, એના માટે હું તૈયાર છું.

આથી આનંદમાં આવી ગયેલ ભગન ભાટે રાજવીની પ્રશંસા કરતાં ગાયું કે, –

**" જહાં નાહિ જલ બિપલ, કપલ ફૂલે ન સરોવર**
**અથક થુઅર અપાર, એક પંખી નહિં બઢભર..**
**કઠન ભોમ ડુંગર અઘાત, સિંહ તેહિ કોર હી હૂંકે,**
**પંથી ચલે ન પંથ, ચોર ઠીંગાલું લૂંટે,**
**ભુખરી ભૂરટ લગે ઘનાં, નર તુરંગ થક્કે ગવન.**
**તું ન હોત ભારા નૃપત, કચ્છ દેશ, આવન કવન ?"** (૬૪)

આ રીતે ભગને રાવના વખાણ કર્યાં. પણ રા' ભારમલ્લના જીવનમાં સતત એક વાતનું દુઃખ રહ્યાં કરતું હતું. કે, તેમને ત્યાં સંતાનો જન્મ્યાં હતાં પણ જીવિત રહેતાં ન હતાં. આ બાબત તેમના જીવનમાં આજીવન ચિંતાજનક રહી હતી અને સંવત

૧૬૮૮ માં કાર્તિક વદ સુદ ૨ ના તેમનું અવસાન થયું હતું.

## ૧.૧૧.૯ * રાઓશ્રી ભોજરાજજી, ખેંગારજી (બીજા) તથા તમાચીજી :-

રાવશ્રી ભારમલ્લજીના કુંવર જેહોજી નાની અવસ્થામાં લગ્ન વખતે મૃત્યુ પામ્યા હતા. આથી ગાદી ભોજરાજના હાથમાં આવી. ભોજરાજ વિદ્વાન રાજપુરુષ હતો. તે સાહિત્યકારોને રાજયમાં આશ્રય આપતો. આ ભોજરાજજી વિશે કચ્છ ઈતિહાસકારોમાં ઠાકરશી પુરુષોત્તમ કંસારાએ નોંધ્યું છે કે, " રાવશ્રી ભોજરાજજી પોતે વિદ્વાન હતો અને ' ધર્મપ્રદીપ ' નામે સંસ્કૃત ગ્રંથ તેમણે રચેલ હોવાનું કહેવાય છે અને અત્યારે કચ્છના આયના મહેલમાં રક્ષિત હોવાનું કહેવાય છે." (૬૫) ભોજરાજજીના સમયમાં ખાસ બનાવો બન્યા નથી. ત્યારપછી રાવશ્રી ભોજરાજનું અવસાન થાય છે. પણ રાવને સંતાન ન હોવાથી પોતાના ભાઈ મેઘજીના પુત્ર ખેંગારજી (બીજા) ગાદી પર આવ્યા. આ ખેંગારજી બીજા ને પણ કુંવર ન હતો પણ એક હમીરજી નામે અનૌરસ પુત્ર હતો. ખેંગારજીની ઈચ્છાથી તે પુત્રને ગાદીએ બેસાડવામાં આવ્યો. પણ આ હમીરજી ગાદી સંભાળી શકે તેવો ન હતો. આથી ખેંગારજીના ભાઈ તમાચીજી જે શકિતશાળી, પરાક્રમી, પુરુષ હતો. તેને ગાદી પર બેસાડવામાં આવ્યા. રાવશ્રી તમાચીજીના હાથમાં રાજયની લગામ આવી કે તરત જ અમુક સમસ્યાઓનો સામનો કરવાનો વારો આવ્યો. જેમાં શહેનશાહના શાહજાદા. દારા અને ઔરંગઝેબ વચ્ચે ગાદીને લઈને ઝઘડાઓ થતા હતા. એક વખત ઉભય બંધુઓ વચ્ચે યુદ્ધ થયું. જેમાં દારાની હાર થતાં તે ગુજરાત ભણી ભાગી આવ્યો ને ત્યાંથી તે કચ્છપ્રદેશમાં આવ્યો. તે સમયમાં કચ્છ પર રાવશ્રી તમાચીજીનું આધિપત્ય હતું. દારા શાહજાદો હોવાથી રાવશ્રી તમાચીજીએ તેની સારી એવી આગતા–સ્વાગતા કરી અને એક વાડીમાં તેને રોક્યો. તે સ્થળ આજે પણ દારાવાડી તરીકે ઓળખાય છે. તેમજ રાવશ્રી તમાચીજીએ આ દારાને ઘણી ભેટ સોગાદો પણ આપી હતી. પણ છેવટે ઔરંગઝેબે દારા સહિત બીજા ભાઈઓને પણ મરાવી નાખ્યા હતા. આ ઘટના ઈ.સ. ૧૬૫૭ માં બની હતી. તેનાં થોડાં વર્ષો પછી એટલે કે, ઈ.સ. ૧૬૬૬ માં રાવશ્રી તમાચીજીનું પણ નિધન થયું હતું.

## ૧.૧૧.૧૦ * રાઓશ્રી રાયધણજી ( પહેલા ) :-

આગળ જણાવ્યા પ્રમાણે રાવશ્રી તમાચીજીના અવસાન બાદ તેમના જયેષ્ઠ પુત્ર રાઓશ્રી રાયધણજી તખ્તનશીન થયા. આમ તો તમાચીજીને છ કુંવરો હતા. જેમાં રાવશ્રી રાયધણજી તથા હાલાજી વચ્ચે થોડા મતભેદો હતા. વાત એમ હતી કે, તે જમાનામાં રાજાઓને એક નહીં પણ અનેક રાણીઓ હતી. તે ન્યાયે તમાચીજીની બંને રાણીઓ રાયધણજીની માતા સાથે તથા હાલાજીની માતાને થોડા સમયને અંતે ગર્ભ રહ્યો. રાયધણજીની માતાને રાયધણના જન્મ સમયે પ્રસવની પીડા થતી હતી. આ વાતની જાણ હાલાજીની માતાને થતાં પોતાનો કુંવર પાટવી કુંવર બને તે માટે તેણે પોતાને પ્રસવની વાર હોવા છતાં પુત્ર જન્મની વધામણી આપી દીધી. ત્યારબાદ બે–ત્રણ દિવસ પછી રાયધણજીનો જન્મ થયેલો. આમ, હાલાજીની માતાએ દગાથી પોતાના પુત્રને મોટો બતાવ્યો એટલે રાઓશ્રી તમાચીજીના અવસાન બાદ હાલોજી ગાદીએ આવ્યો. ઘણાં વર્ષો પછી રાઓશ્રી રાયધણજીને આ છળ–કપટનો ખ્યાલ આવ્યો. આથી તેને પોતાના ભાઈ હાલાજી પાસેથી ગાદી છીનવી લીધી હતી.

આ રાવશ્રી રાયધણજીને પણ અગિયાર જેટલા કુંવરો હતા. જેમાં જયેષ્ઠ કુંવર નોંધણજીનું રાવશ્રી રાયધણજીના જીવતા ને અવસાન થયું હતું. બાકીના પુત્રોને રાયધણજીએ અલગ–અલગ પરગણાં સોંપ્યાં હતાં અને રાયધણજીના પાટવીકુંવર નોંઘણજીનું યુવાવસ્થામાં અવસાન થતાં અને બીજા નંબરના કુંવર રવાજીનું પણ અમુક કાવાદાવાથી મૃત્યુ થયું હોવાથી તેના ત્રીજા નંબરના કુંવર પ્રાગમલ્લજી ગાદી પર આવે છે. જો કે, રાવશ્રી રાયધણજીના સમયમાં એટલા મોટા બનાવો બન્યા ન હતા, પણ અમદાવાદનો સૂબો મુઆઝિમ બેગ જે ખૂબજ ધનનો શોખીન હોવાથી તે સૈન્ય સાથે કચ્છ ધરણી પર ચડી આવ્યો અને ખંડણીની માંગણી કરવા લાગ્યો. પણ રાયધણજીએ જણાવ્યું કે, મુઘલ બાદશાહ સાથે ભારમલ્લજીની એવી વાટાઘાટ થઈ હતી કે, હજ કરવા જતાં મુસ્લિમ યાત્રાળુઓને કચ્છના બંદરે મફત મુસાફરી કરાવવી તેના બદલામાં મુઘલ બાદશાહે કચ્છની ખંડણી માફ કરી હતી. આ વાત રાયધણે મુઆઝિમને કરી પણ મુઆઝિમ જે ધનનો લાલચું હતો. તે એમ માને ! પણ તે સમયમાં કચ્છમાં એક બુખારાના શાહીવંશના સંત ઓલિયાજી પધાર્યા હતા. જે પવિત્ર જીવન જીવતા તેમનાં પગલાં થતાં ધંધો વેપારમાં પણ ફાયદો થતો. તેમના વિશે ઠાકરશી કંસારાએ પણ નોંધ્યું છે કે, " એ વખતે થોડા સમય પહેલાં બુખારાના શાહીવંશના અને સંત ઓલિયાનું પવિત્ર જીવન

ગાળનારા પીર શાહ મુરાદ કચ્છમાં આવ્યા હતા અને મુન્દ્રામાં સ્થિર થયા હતા. તેમના પ્રભાવથી મુન્દ્રાની જાહોજહાલી વધી હતી અને સમુદ્રનો દરિયાઈ વેપાર ખીલ્યો હતો. એમણે કેટલાક પરચા પણ બતાવ્યા હોવાનું કહેવાય છે." [૬૬] આવું સાદું જીવન જીવનારા સંત ફકીર પ્રત્યે આદર કોને ન હોય ! રાવશ્રી રાયધણજીની સામે મોટો પ્રશ્ન ઊભો થયો હતો એટલે તેઓ (રાયધણજી) સંત ફકીરના આશીર્વચને ગયા હતા અને સંતને વિનવણી કરી કે, તેઓ કચ્છને ખંડણી ભરવામાંથી બચાવે. રાવની વિનવણી સૂણીને દયાળુ સંતે સમજાવટથી મુઆઝિમને હાંકી કાઢયો હતો.

આમ, રાવશ્રી રાયધણજીના સમયમાં કોઈ મોટી રાજકીય ઘટના બનવા પામી ન હતી. અને છેવટે રાવશ્રી રાયધણજીનું અવસાન થયું હતું.

**૧.૧૧.૧૧ * પ્રાગમલ્લજી :-**

આગળ જણાવ્યાં મુજબ રાવ રાયધણને ૧૧ (અગિયાર) કુંવરો હતા જેમાં નોંઘણજી જયેષ્ઠ પુત્ર, રવાજી બીજા નંબરના અને પ્રાગમલ્લજી ત્રીજા નંબરના કુંવર હતા. આ પ્રાગમલ્લજી લાલચુ માણસ હતા. સત્તા પ્રાપ્ત કરવા પોતાના સગા ભાઈઓને પણ છોડે તેવો ન હતો. આગળ કહ્યા મુજબ પ્રાગમલ્લજીના મોટાભાઈ નોંઘણજીનું યુવાવસ્થામાં જ અવસાન થયેલું. તેના બીજા નંબરનાં ભાઈ રવાજી સાથે દગો થયો હતો. તેમાં તે માર્યો ગયો. આથી ગાદીના ખરા હકદાર નોંઘણજીના કુંવરો ગણાય પણ પ્રાગમલ્લે રાજય પર કબ્જે કરી લીધું હતું. પોતાના પિતા રાયધણજીનું અવસાન થયું ત્યારે તેને રાજા બનવાની તક ઝડપી લીધી હતી. તેના માટે તે અગાઉથી જ તૈયારી કરતો. તેણે પોતાના કેટલાક વિશ્વાસુ માણસો તથા તેજસ્વીપુત્રને સાથે રાખીને અયોગ્ય કાર્ય કર્યું હતું. રાયધણનું અવસાન થયું ત્યારે બધા ભાઈઓ તેમજ ભત્રીજાઓ અગ્નિદાહ આપવા સ્મશાને ગયા પણ પ્રાગમલ્લે જણાવ્યું કે, આજે પોતાની આંખો ખૂબ જ દુઃખે છે માટે પોતે સ્મશાને જઈ શકશે નહીં. જેવા બધા અંતિમવિધિ પૂરી કરવા સ્મશાને ગયા કે આ સત્તા લાલચુ પુરુષે પોતાના માણસો તેમજ પુત્રની મદદથી ગાદી લઈ લીધી. સ્મશાનેથી પાછા ફર્યા બાદ પોતાના અધમકાર્ય બદલ કોઈ હુમલો ન કરે એ હેતુથી તેણે શહેર તેમજ રાજયના દરવાજા સહિત બંધ કરાવી દીધા. જો કે, આવા પ્રકારનાં તેનાં કાર્યોથી તે કલંકિત બન્યો હતો. તેને પોતાનાં આવાં કાર્યોથી થોડું નુકશાન થયેલું. જેમાં ભાયાતો વચ્ચે જે એકરૂપતા (સંપની

ભાવના હતી ) હતી તે પડી ભાગી.

## ૧.૧૧.૧૨ * ગોડજી પહેલા :-

પ્રાગમલ્લજીના આ કુંવરો ગોડજી શકિતશાળી અને ચાલાક રાજવી હતો. ગોડજી વિશે દુલેરાય કારાણીએ નોંધ્યું છે કે –

**" સમે સાંખુ કઢઈયું, મંગણેમથે મેર,**
**પાટ કુંવર પ્રાગજો, ગૂઢે રંગ ગોડેર. "** (૬૭)

( અર્થાત્ – માગણ વર્ગ પર જેની મહેર છે, એવા ગૂઢારંગવાળા પ્રાગમલ્લજીના પાટવી કુંવર ગોડજીએ પોતાના પ્રતાપનાં કિરણો ફેલાવવાં માંડયાં. )

' બાપ કરે ને દીકરા ભરે ' એ વાત અહીં ગોડજી માટે વાપરી શકાય. પણ પિતાનાં અધૂરાંકાર્ય પુત્ર આરંભે છે. ગોડજી બળવાન હોવાથી પોતાના જ ભાયાતોના ગરાસ દબાવતો. છતાં તેણે ઘણાં કાર્યો કર્યાં હતાં. આ ગોડજી વધારે જીવ્યો નહીં. તેણે માત્ર ત્રણ વર્ષ જ રાજય કર્યું. તેના પિતા પ્રાગમલ્લજી સંવત ૧૭૭૨ માં અવસાન પામતાં તેના પાટવી કુંવર રાવગોડજીનો રાજયાભિષેક થયેલો. ગોડજી હોંશિયાર ને શકિતશાળી રાજવી હતા. વધારે જીવ્યા હોત તો પોતાના રાજયની કાયાપલટ કરી શકયા હોત. આ ગોડજીનું અવસાન સંવત ૧૭૭૫ માં થયું.

## ૧.૧૧.૧૩ * મહારાઓ દેશળજી (પહેલા) :-

મહારાવ ગોડજીને આઠ કુંવરો હતા. જેમાં દેશળજી બીજા નંબરના કુંવર હતા. અને તે ગાદીએ બેઠા. દેશળજીના મોટાભાઈ ખાનજી ખૂબ નાના હતા ત્યારે જ અવસાન પામેલા એટલે ગાદીના હકદાર દેશળજી બન્યા. રાવશ્રી ગોડજી નાની વયે અવસાન પામ્યા હતા. તેથી જ દેશળજી નાની વયે ગાદીએ આવ્યા. રાજયનો વહીવટ બધા ભાયાતો ચલાવતા. બધા દેશળજીના પક્ષમાં હતા. માત્ર કાંયાજી એવો હતો કે દેશળજીના વિરુદ્ધમાં હતો. પરંતુ દેશળજીમાં ભલમનસાઈ, સમાનતા, આદિના ગુણો હોવાથી તે બધાના પ્રિય બની શકયા હતા. તેના માટે સઘળી માનવનાત સમાન હતી. મુસલમાનોના ધર્મને પણ તેઓ આદરથી જોતાં. કાપડી, કાનફટ્ટા, આદિ સંપ્રદાયના

મહંતોને મદદ કરતાં અને એટલે જ તેઓ ' દેશરા—પરમે✓રા ' જેવા નામથી પ્રખ્યાત બન્યો. દેશળજીની માનવતા અને ન્યાય પ્રિયતા વિશે એલ.એફ.રશબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે કે, " મહારાઓ શ્રી દેશળજી મોચી જ્ઞાતિનો ઝઘડો પતાવવા માટે પોતાનું જમવાનું અધૂરું મૂકીને, કેવી રીતે ઊઠયા હતા અને એક ગરીબ ખેડૂતના દસ્તાવેજમાં યુકિતથી છેકછાક કરીને, તેના પર પોતાનું લેણું જેમનું તેમ ઊભું રાખવા માગતા વિશ્વાસઘાતી લેણદારની લુચ્ચાઈ તેમણે ખતને સૂર્ય સામે ધરીને કેવી રીતે પકડી પાડી હતી. એવી એવી અનેક વાતો આ ધર્માત્મા અને લોકપ્રિય રાજવી પ્રત્યેની પ્રજાની ભકિતનો પૂરવાર કરી આપે છે. " (૬૮)

મહારાઓ સામે એક સમસ્યા એ હતી કે, ગુજરાતના સૂબાઓનું જોર ધીમે—ધીમે વધવા માડયું હતું. આથી આર્થિક ભીંસને પહોંચી વળવા આ સૂબાઓનું લક્ષ્ય કચ્છ બન્યું હતું. કચ્છી પ્રજા તથા તેના નેતા એટલે કે રાઓશ્રીને ખ્યાલ જ હતો કે કચ્છભૂમિ સુરક્ષિત નથી. આથી તેણે ભુજ નગરની રક્ષા કાજે ફરતો ગઢ કે મજબૂત કિલ્લો ચણાવવા માંડેલો. આ કિલ્લાને કારણે ભુજ નગરીને ઘણું રક્ષણ મળતું હતું. પરંતુ ફરીથી એક મોટી આફત મહારાઓ પર મંડાણી. એ આફત આગળ નામ સૂચવ્યા મુજબ મોરબીના ઠાકોર કાંયાજીનાં કારણે ઊભી થઈ હતી. કાંયાજી દેશળજી પાસેથી સત્તા ઝૂંટવા માંગતા હતાં. વળી તેમને એ પણ ખ્યાલ હતો કે શેર બુલંદખાન લાલચુ માણસ છે. આથી તેને લાલચ આપીને આપણું ધાર્યું કામ કરાવી શકાય. તે માટે કાંયાજીએ શેર બુલંદખાનને જણાવ્યું કે, તમારે કચ્છ ઉપર ચઢાઈ કરવામાં અમને સાથ આપવો તેના બદલામાં હું તમને બહુ મોટી રકમ ચૂકવીશ. ધનનો લાલચુ શેરબુલંદ તરત જ તૈયાર થયો.

ઠાકરશી પુરુષોત્તમ કંસારાએ નોંધ્યું છે કે, " ગુંદાળાના વયોવૃદ્ધ ઠાકોર મોડજી લાગ સાધીને કાંયાજીને મળ્યા અને એમને ઠપકો આપીને લડાઈથી એમને દૂર રહેવા સમજાવ્યો." (૬૯) એટલે તેઓ પોતાનું સૈન્ય પાછું લઈ ગયો. ત્યારપછી દેવકરણ શેઠની મદદથી રાજય કારભાર પણ સારી રીતે ચાલતો હતો.

### ૧.૧૧.૧૪ * મહારાઓ શ્રી લખપતજી :-

મહારાઓ શ્રી દેશળજી (પહેલા) ની હયાતીમાં જ લખપતજી ગાદીએ બેઠા હતા. એની પાછળ અનેક કારણો જવાબદાર હતાં. પ્રથમ તો જયારે શેર બુલંદખાન

કચ્છ પર ચડી આવ્યો હતો ત્યારે કુંવર લખપતજી યુવાન હતો. આથી તેણે આ શાહી લશ્કરને હટાવવા માટે મોટો ભાગ ભજવ્યો હતો. કેમકે પોતે બહાદુર અને શકિતશાળી હતા. છતાંય લગામ બધી જ દેવકરણના અને પોતાના પિતાના હાથમાં હતી. એમાંય વળી દેવકરણ આગળ પડતું સ્થાન ધરાવતો હતો. લખપતજી પહેલેથી જ સત્તા અને નામનાના શોખીન હતા. પોતે મહેનત કરવા છતાં પોતાનું કશું જ ઉપજતુ નહીં. વળી કહેવાય છે કે, લાખાજી રંગીન પ્રકૃતિના હતા. તે સ્વભાવે ઉડાઉ અને ખર્ચાળ પણ ખરા જ ! તેની વિરુદ્ધમાં મહારાવ કરકસરવાળી પ્રકૃતિના હતા. આથી મહારાઓને પોતાના પુત્રનાં આવાં લક્ષણો ગમતાં નહીં. ધીમે–ધીમે ઉભય પિતા–પુત્ર વચ્ચે ઝઘડાઓ થતા. એમાંય વળી જે ભાયાતોને મહારાવની સત્તા ગમતી નહીં. તેઓ બળતામાં ઘી હોમવાનું કાર્ય કર્યે જતાં. જેમ બંને તેમ પિતા–પુત્ર વચ્ચેના સંબંધ બગાડવામાં માનતા હતા.વળી લાખોજી એક મહત્ત્વાકાંક્ષી યુવાન હોવાથી ભાયાતોની ઉશ્કેરણીની અસર લાખાજી પર થતી. બીજી બાજુ પોતાના પિતાના રાજયમાં દેવકરણનું સ્થાન ઊંચું હતું તે પણ લાખાજીને ગમતું નહીં. આથી તેણે વિચાર્યું કે, કોઈને કોઈ ભોગે દેવકરણનું કાસળ કાઢવું રહ્યું. દેવકરણ જયાં સુધી હયાત હશે ત્યાં સુધી તેના પિતા દેશળજીની સત્તા પોતાના હાથમાં નહીં આવે. એમ વિચારી એક દિવસ દેવકરણના ઘર પાસે કંઈક રમખાણ તેમના માણસોએ કરી. હકીકત જાણવા દેવકરણ ઘરની બહાર નીકળ્યો કે તરત જ લાખાના માણસોએ દેવકરણનું ઢીમ ઢાળી દીધું. એક પ્રતિભાશાળી દેશ સેવકનું ખૂન આ લાખાએ ઠંડે કલેજે કરાવ્યું.

હવે તેના પછીનો વારો તેના પિતા મહારાઓ દેશળજીનો હતો. આથી એક દિવસ લાખો પોતાના ભૂલોની ક્ષમા માગતો પોતાના પિતા પાસે પહોંચ્યો. દેશળજી દેવ જેવા દયાળુ હોઈ પુત્રને માફ કર્યો. આથી લાખાજીએ પોતાના પિતાને પોતાના રાજમહેલમાં ભોજન માટે આમંત્ર્યા. આમંત્રણને માન આપીને દેશળજી પોતાના વફાદાર માણસો સાથે લખપતજીના મહેલમાં ભોજન માટે ગયો. ત્યાં લખપતે દેશળજીની ખૂબજ આગતા–સ્વાગતા કરીને માનસહિત ભોજનખંડમાં લઈ ગયો. પણ ત્યાં જમવાનું પીરસાણું ન હોવાથી લખપતજી જાતે તપાસ કરવાના બહાને બહાર નીકળ્યા એવા જ તેના માણસોએ દેશળજીને તથા તેના વફાદાર માણસોને કેદ કર્યા. આ લખપતજીના જીવનની ઘૃણાસ્પદ બાબત ગણાવી શકાય.

પણ સાથે–સાથે તે સાહિત્ય રસિક અને કલાપ્રેમી પણ હતો. તેને

રામસિંહ માલમની પ્રતિભાને ઓળખી કાઢી હતી અને એટલે તેનો લાભ લેવા માટે રામસિંહને પોતાની સાથે રાખ્યો હતો. ભુજમાં ભવ્યતાનું ભાન કરાવતો આયના મહેલ એ રામસંગની કળાનું જ એક પરિણામ છે. રામસિંહજી રાઠોડે નોંધ્યું છે કે, " સોના–રૂપાનું નકશીકામ, મીનાકારીકામ, ઘડિયાળો, બંદૂકો, તોપો અને કાચ બનાવવાના કારખાના વગેરે હુન્નર–ઉદ્યોગનાં કાર્યોની શરૂઆત કરી, રામસંગે તેની ખીલવણી કરી. " (૭૦) આમ, આ રામસંગ માલમને લાખાજી જેવો કદરદાન પ્રાપ્ત થયો. આ લાખોજી સાહિત્યનો પણ એટલો જ શોખીન હતો. એટલે જ તેણે વ્રજભાષાનો અભ્યાસ કરીને પોતે જ 'લખપત–પિંગલ' ની રચના કરી અને કાવ્યના અભ્યાસુઓ માટે ' પાઠશાળા ' ની સ્થાપના કરી જે વિશિષ્ટ હતી. –

**" કિનો લખપતિ કચ્છપતિ, ભલે સુનો કવિ ભૂપ ।**
**સુંદર કૃત અનુરુપ યહ, રસતરંગ રસરુપ ।।**
**મહારાજ લખપતિ કિયા શુભ લખપતિ શૃંગાર ।**
**રચ્યા દેખી " રસમંજરી " સકલ રસનિકો સાર ।।"** (૭૧)

( અર્થાત્ – જયાં અભ્યાસની તમામ સગવડ આપવામાં આવતી, જયાં કવિતાનો કુદરતી પ્રેમ કેળવવામાં આવતો અને જયાં ઘણા કવિઓ રહ્યા હતા. તેવી કવિને સનદ આપનારી પાઠશાળા આખા ભારતખંડમાં એક જ હતી. આમ કળા અને સાહિત્યમાં તે રસવંતો હોવાની સાથે કુશળવહીવટકર્તા, રાજસત્તાનો જાણકાર પણ હતો જ. )

મહારાઓ લખપતજીને મહારાણીઓ ઉપરાંત ઘણી રખાતો અને નૃત્યાંગનાઓને આશ્રય આપેલો. જયારે આ મહારાઓનું અવસાન થયું ત્યારે તેની મહારાણીઓ નહીં પરંતુ આ રખાતો–નર્તકીઓ સતી થઈ હતી. ભુજ છતરડી વિભાગમાં લખપતજીની ભવ્ય છતરડીમાં મહારાવના પાળિયાની સાથે બંને બાજુએ આ રખાતો–નર્તકીના પાળિયા છે.

### ૧.૧૧.૧૫ * ગોડજી બીજા :–

મહારાઓ શ્રી લખપતજીનું મૃત્યુ થયું તે વખતે કુંવરશ્રી ગોડજી (બીજા) મુન્દ્રા પોતાની માતા સાથે હતા. લખપતજી મનથી એવું ઈચ્છતા હતા કે, પોતે મૃત્યુ પામે પછી પોતાના અનૌરસ પુત્ર માનસિંહ ગાદીપતિ બને. આ વાત લખપતજીએ ભાયાતોને

કરી ત્યારે રૂઢિચુસ્ત ભાયાતોને યોગ્ય લાગ્યું નહીં. આથી મુન્દ્રા વસતા કુંવર ગોડજીને તેઓએ ઝડપથી તેડાવી લીધા. સમાચાર મળતાં ગોડજી પવનવેગે ભુજ નગરીમાં આવી પહોંચ્યા. પણ ત્યાં સુધીમાં તો લખપતજી સ્વર્ગે સીધાવી ગયા હતા. તેના પછી ગોડજી બીજા ગાદીપતિ થયા છેવટે ગોડજી સંવત ૧૮૩૫ માં શ્રાવણ મહિનાની નાગપંચમીએ અવસાન પામ્યા.

## ૧.૧૧.૧૬ * મહારાઓ શ્રી રાયધણજી (બીજા) :-

મહારાઓ શ્રીગોડજી દેવ થયા ત્યારે તેની ઉંમર ૪૪ વર્ષની હતી તેમને રાયધણજી અને પૃથ્વીરાજજી એમ બે કુંવરો હતા. બંને ભાઈઓમાં રાયધણજી મોટા હોવાથી ગાદીના હકદાર તેઓ થયા. જયારે રાયધણજીને ગાદી મળી ત્યારે તેની ઉંમર ૧૪ (ચૌદ) વર્ષની હતી. ત્યારે રાજયનો કુનેહભર્યો વહીવટ રાજયના દીવાન એવા દેવચંદ શેઠ ચલાવતા હતા. દેવચંદ કાબેલ તથા નિષ્ઠાવાન હતો. એટલે મહારાણી (રાયધણની માતા) ને તેના પર પૂરો ભરોસો હતો. એટલું જ નહીં બલ્કે મહારાણી પોતાના પુત્ર રાયધણને દેવચંદની સલાહ લેવા આગ્રહ કરતી. પણ રાયધણ પોતાના સંસ્કારોને નેવે મૂકીને પોતાનું ધાર્યું કરવામાં માનતો હતો. રાયધણના બેજવાબદાર વર્તન વિશે વિદ્યાકાંત પટ્ટણીએ નોંધ્યું છે કે, "એને પિતાની ભયગ્રંથિઓ, હબસીદળો પરનો વિશ્વાસ, પ્રધાનો તથા આપ્તજનો તરફનો ઊંડો ધિક્કાર ગજા બહારના ગજરાજો તથા અશ્વોના બિનજરૂરી ભભકાનો વારસો મળ્યો. પરિણામે જીવને તેને દુર્ભાગ્ય સિવાય કશું જ આપ્યું નહીં. કેટલાક કટ્ટરપંથીઓએ એને ઈસ્લામના નામે હિંસાખોરી, વિધ્વંશ અને ખૂન–ખરાબાને રવાડે ચડાવ્યો અને એની અતિશયતાએ ભારત–ભરમાં અજોડ એવી રાજયક્રાંતિનું એક પર્વ કચ્છના ઈતિહાસમાં અંકિત કર્યું." (૭૨)

સૌપ્રથમ તો તે મરીચ નામના સીદીની સલાહ લેતો હતો. ત્યારપછી તે જીવનને અસંસ્કૃત બનાવનાર એવા મુસ્લિમ સૈયદ મહમદપના ના સંપર્કમાં આવ્યો. આ મુસ્લિમ સૈયદે એના જીવનની કાયાપલટ કરી નાખી. તે માત્ર મુસ્લિમ ધર્મને જ માનતો. આ અધર્મી રાજવીની હિંસાખોરી દિવસે ને દિવસે વધતી ચાલી. તેને ખુલ્લેઆમ કત્લ ચલાવી. શહેરમાં ઉઘાડી તલવારે ફરતો અને સામે મળેલ નગરજનોને મુસ્લિમધર્મ અંગીકાર કરવા જબરજસ્તી કરતો. નગરજન એની વાત માને નહીં તો તલવારના

જટકાથી તેને કાપી નાખતો. આટલું જ નહીં, પરંતુ આ ઝનૂની રાજવીએ માંડવી શહેરમાં જઈને મૂંગા જાનવરોને પણ છોડયાં ન હતાં. પશુઓ પર કત્લેઆમ કરતો. આ વિકૃત રાજવીને દેવચંદશેઠની રાજયકુનેહ નીતિ જરાયે ગમતી નહીં. આથી આ કુશળ દીવાનને પણ મરાવી નાખ્યો. થોડા જ સમયમાં મહારાણી (રાયધણની માતા) બિમારીને કારણે મૃત્યુ પામી. હવે આ રાજવીનું કોઈ શુભ ચિંતક રહ્યું નહીં. આથી તેણે હિંસાખોરી માટેનો છુટ્ટો દોર મળી ગયો હતો.

છેલ્લે સંસ્કૃતિનાં અનેક પગથિયાં ઊતરેલા એવા આ મહારાવનું મૃત્યુ થયું તે પહેલાં તેની એક ઈચ્છા એવી હતી કે, પોતાને મુસ્લિમ રીત–રિવાજ મુજબ દફનાવવાની ક્રિયા થાય. પરંતુ ભાયાતોએ તેની આ ઈચ્છાનો વિરોધ કર્યો ને અંતે એક હિન્દુ રાજવીને છાજે એ રીતે તેનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. આ રીતે ઝનૂની, હિંસાખોર મહારાવનો અંત આવતાં પ્રજાએ નિરાંતનો શ્વાસ લીધો.

ત્યારપછી કચ્છભૂમિ પર મહારાઓ દેશળજી બીજા, પ્રાગમલ્લજી (બીજા) તેમજ મહાધિરાજા મિરજા મહારાઓ શ્રી ખેંગારજી બહાદુર (ત્રીજા) એમ એક પછી એક મહારાઓએ કચ્છની ગાદી શોભાવીને એ પરંપરાને જીવતી રાખી હતી.

### ૧.૧૨ * ઝારાનું યુદ્ધ :-

**દુહો:– " હલ થઈ હકલ જિત ડેસજી, ભાવર હલી ભેરા થેઓ,**
**ગડજી અચો ઝારે પથે, રણ–જોગીએ મેડા કેઆ. "** (૭૩)

ઝારાનું યુદ્ધએ કચ્છના ઈતિહાસમાં વિશિષ્ટ ગણાવી શકાય તેવો બનાવ છે. વળી આવું યુદ્ધ એક વાર નહીં પરંતુ બબ્બે વાર થયાં છે. ઝારાનું પ્રથમ યુદ્ધ કચ્છમાં હમીરજીના કુંવર ખેંગારજી સત્તાધીશ હતા ત્યારે સિંધ દિલ્હીના કબજામાં હતું અને ત્યાંનો બાદશાહ ઈસાખાન હતો. આ ઈસાખાનને સાલે અને બાકી નામે બે પુત્રો હતા. પરંતુ ઈસાખાનને સાલે ગમતો હોવાથી, રાજયનો સઘળો હવાલો સાલેને સોંપી દીધો અને બાકીના ભાગમાં થોડા ભાગ સિવાય કાંઈ બાકીને મળ્યું ન હતું. આથી બાકીને આ અન્યાય સહન ન થતાં તે મૂંઝાયો પણ કચ્છના રાજવી ખેંગારજીની કીર્તિ તેના ધ્યાન બહાર ન હોવાથી તે કચ્છ ખેંગારજી પાસે આવી પહોંચ્યો ને દયાળુ દિલના ખેંગારજી સમક્ષ તેને પોતાની કથની કહી સંભળાવી. ત્યારે ખેંગારજીએ બાકીનો ભાગ અપાવવાની જવાબદારી

પોતાના ભાઈ સાહેબજીને સોંપી. સાહેબજી પણ એક વીર પુરુષ હતો. સાહેબજી પોતાના વીર સાથીદારો પબુજી, રવાજી, મોકળશી વગેરેને લઈને ઝારાના ડુંગર ઉપર મેલાણ કર્યું ને યુકિત મુજબ ઈસા અને સાલે પર ચડી ગયો અને બંને બાપ–દીકરાને ખૂબ ઘાયલ કરી દીધા. સાહેબજીની આવી તાકાત જોઈને સારવાર પામેલ સાલે તો ડરી જ ગયો. –

**" કન માંધ્રાણા મીર, સાલે ઈસા પાણમેં,**

**હઠેઓ પુત્ર હમીર, સિંધડી જોરે સાહેબા. "** (૭૪)

(અર્થાત્ – મિર્જા સાલે તથા ઈસા પોત–પોતાનામાં સલાહ કરે છે. કે, જો હમીરજીનો કુમાર સાહેબજી હઠે ચડયો તો તે સિંધને પણ ભાંગવા સિવાય રહેશે નહીં.)

આમ તે ખેંગારજીના ભાઈ સાહેબજીની રાજપૂતી તાકાતને જાણી ગયો હતો. આથી તેઓએ સાહેબજી સાથે સમાધાનની નીતિ જ યોગ્ય રહેશે એમ વિચારીને સાહેબજી સાથે સમાધાન કર્યું અને પોતાના ભાઈ બાકીને પોતાના ભાગની મિલ્કત આપી દીધી. આ યુદ્ધ પણ ઝારામાં જ ખેલાયેલ હતું, પરંતુ હળવું હતું.

જયારે ગોડજી બીજાના સમયમાં પૂંજા શેઠની મહેરબાનીથી જે યુદ્ધ ખેલાયું હતું તે મહાભયંકર હતું. જેની કલ્પના યુદ્ધના બીજ વાવનાર પૂંજો પણ નહતો કરી શકયો. હરેશ ધોળકિયાએ નોંધ્યું છે કે, " કચ્છના ઈતિહાસમાં જે ભયાનક અને કરુણ ઝારાનું યુદ્ધ નોંધાયું છે અને જેમાં લાખેક લોકો કપાઈ મૂઆ છે. તે બધાની આળ આ પૂંજા શેઠ પર આવે છે." (૭૫)

પૂંજાને અહીં મહાભયંકર સ્વભાવવાળો બતાવ્યો છે. પૂંજો બુદ્ધિશાળી હતો કે મહત્ત્વાકાંક્ષી પણ વધારે પડતી મહત્ત્વાકાંક્ષા કુશળતાને કચડી નાખે છે. તેનું જલવંત ઉદાહરણ છે. – પૂંજો શેઠ. ગોડજી ગાદી પર બિરાજમાન થયા કે દીવાન બનવાના ઓરતા લઈને પૂંજો છેક જૂનાગઢ હતો ત્યાંથી કચ્છ આવે છે, પણ મહારાવે તેને પાછો તગડયો. આથી અપમાનિત પૂંજો મનમાં વેર–ભાવના લઈને થરપારકરમાં રહેવા લાગ્યો. ને સાથે–સાથે આ રાવ અને દીવાનની શાન ઠેકાણે લાવવા તેને કચ્છ પર ચઢાઈ કરવા ગુલામશાહ કલોરાને આમંત્ર્યો. વળી મહારાવની પરવાનગી વગર કચ્છની કુંવરી પરણાવવાની વાત પણ કરી આથી યોજના મુજબ કલોરા કચ્છ પર રણ ઓળંગીને ચડી આવ્યો. છેવટે ગોડજીનાં સૈન્ય અને કલોરાનાં સૈન્ય વચ્ચે મહાભયંકર યુદ્ધ ખેલાયું. જે ઝારાના ડુંગર ઉપર થયું હોવાથી ' ઝારાનું યુદ્ધ ' તરીકે જાણીતું થયું. ઝારાના બીજા

યુદ્ધ વિશે એલ.એફ. રશબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે કે, " કચ્છના લોકો માટે ઝારાનું આ બીજું યુદ્ધ અને તેને પરિણામે ઊભી થયેલી કચ્છની પરિસ્થિતિ સ્કોટ લોકો માટે ફ્લોડન ફીલ્ડની લડાઈ અથવા હંગેરીના લોકો માટે માહેજની લડાઈ સમાન છે. ત્રણે સ્થળે સરખો કરુણાજનક વિનાશ સર્જાયો છે. " (૭૬)

અઢી દિવસ આ લોહિયાળ યુદ્ધ ચાલ્યું. કચ્છનું આ મોટામાં મોટું યુદ્ધ જેને વાઘુભા જાડેજા કુરુક્ષેત્રના યુદ્ધ સાથે સરખાવે છે. " સંવત ૧૮૧૯ ના માગસર સુદ ૯ ના યુદ્ધ શરૂ થયું અને માગસર સુદ ૧૧ ના દસ વાગ્યે પૂરું થયું. જયારે મહાભારતનું યુદ્ધ પાંચ હજાર વર્ષ પહેલાં માગસર સુદ ૧૧ ના શરૂ થયું અને અઢાર દિવસ ચાલેલું. " (૭૭)

યુદ્ધના કારણે ઝારાના ડુંગરે ઈતિહાસના સોનેરી પાનામાં પોતાનું સ્થાન ગ્રહણ કર્યું છે. તે ઝારા કચ્છના રણની કાંધીએ નરા ગામ નજીક આવેલો છે. તેના પર જવા માર્ગ હતો. એ ઝારા પર કચ્છના ખુમારી ભર્યા વીરપુરુષોએ છાવણી નાખી હતી અને દેવો પણ ત્રાહીમામ્–ત્રાહીમામ્ બોલી જાય એવું ભીષણ યુદ્ધ ખેલાયું હતું.

## ૧.૧૩ * બારભાયાનું લોકતંત્ર :-

ગોડજીના અવસાન પછી તેના જયેષ્ઠ કુંવર રાયધણજી (બીજા) ગાદીયે આવ્યો. ત્યારે તેની ઉંમર ચૌદ વર્ષની હોવાથી રાજયવહીવટમાં તેને કશી ગતાગમ પડતી ન હતી. એમાંય વળી એક મુસ્લિમે તેને હિન્દુધર્મ વિરુદ્ધ ભડકાવ્યો. પરિણામે રાયધણજી એકદમ જુલ્મી રાજા બની ગયો અને કત્લેઆમ ચલાવવા લાગ્યો. તે વખતે તેના ભાઈ પૃથ્વીરાજ (ભાઈજીબાવા ) સગીર વયના હતા. રાજયમાં ચારે કોર અંધાધૂંધીએ માઝા મૂકી ત્યારે નાછૂટકે વકરેલા રાજવીને કેદ કરવો પડયો અને ભાઈજીબાવાને ગાદીએ બેસાડયો અને એવું નક્કી થયું કે, બારભાયા મંડળની સ્થાપના કરવી. જેમાં બાર સભ્યોની નિમણૂક થઈ. આ બારભાઈઓમાં –

૩ સભ્યો મહાજનના.
૩ સભ્યો મુસલમાનના.
૩ સભ્યો ભાયાતોમાંથી.
૧ નોકર વર્ગનો.
૧ મિયાણાનો.

૧ મૂળ ગરાસિયાનો.

જેમાં જૂઠો, ડોસલવેણ, મેઘજી શેઠ, ભારો, ઓસમાણ, રાજમહમદ, ફતેહમહમદ, તુર્ક વાયદિના અબડો, ભટ્ટી હમીર વગેરેને ગણાવી શકાય. આ બાર સદસ્યો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા જ જોડાયા હતા. તે નિઃશંક છે. બારભાયા વિશે હરેશ ધોળકિયાએ નોંધ્યું છે કે, " બારભાયાની" વ્યવસ્થા પ્રજાકીય ન હતી, પણ લશ્કરી વ્યવસ્થા હતી. તેમાં જે સભ્યો હતા તેમાંના મોટા ભાગના મુસ્લિમો હતા. માટે ' સમગ્ર ' પ્રજાના પ્રતિનિધિઓ હતા એવું ન કહી શકાય. વળી, જે બાર જણા જોડાયા હતા, તે કંઈ પ્રજા કલ્યાણ માટે જોડયા ન હતા. દરેકનો પોતાનો સ્વાર્થ હતો અને તે જાળવવા જ જોડાયા હતા. " (૭૮)

વાત પણ બિલકુલ સાચી છે. તે બાર સભ્યો આજના સ્વાર્થી રાજકારણીઓ જેવા જ હતા. પોતાના સ્વાર્થ પૂર્ણ થાય એટલે ભાગવું. એલ.એફ.રશબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે કે, " યુવરાજ કુમારશ્રી પૃથ્વીરાજજીને સામાન્ય રીતે ભાઈજી બાવાના નામથી લોકો ઓળખતા. તેમને રાજયતંત્ર– સંચાલન માટે કંઈપણ સત્તા આપવામાં આવી ન હતી. રાજાની બધી સત્તા રાજન્સી કાઉન્સીલમાં કેન્દ્રિત થઈ હતી. જેને ' બારભાઈ ' નામ આપવામાં આવ્યું હતું. " (૭૯)

## ૧.૧૪ * કચ્છનો ફોમવેલ :-

કચ્છના ઈતિહાસમાં અમર થનારાઓમાં વિશિષ્ટ વ્યકિતઓમાં અભણ, ગમારોનો પણ સમાવેશ થાય છે. તેના વ્યકિતઓમાં જમાદાર ફતેહમહંમદનું નામ આદરથી લેવું પડે. આ ફતેહમહંમદ વિશે દુલેરાય કારાણીએ નોંધ્યું છે કે, " સિંધપતિ જામ રાયધણના આઠ કુંવરોમાંથી સૌથી નાના નોતિયારના વંશજો પાછળથી ઈસ્લામમાં આવ્યા અને એ વંશમાં જમાદાર ફતેહમહંમદનો જન્મ થયો. ફતેહમહંમદનું કાર્ય પ્રથમ ઘેટાં–બકરાં ચારનાર ગોવાળિયાનું હતું. એના શરીરની સુદઢતા અને એની વાણીની વાક્પટુતા નિહાળી, કોઈ કે એને લશ્કરી દળમાં જોડાવાની સલાહ આપી. એ સમયમાં લશ્કરની ભરતીમાં આવા પુરુષોની અતિ અગત્ય હોવાથી જમાદાર ડોસલવેણે તેને જોતાં જ વીસ પાળાની જમાદારીના પદ પર નિયુકત કર્યાં. " (૮૦)

જમાદાર ફતેહમહમદમાં દેશભકિત ભારોભાર ભરેલી હતી. તે એક

મુસ્લિમ હોવા છતાં તેને હિન્દુઓના હિંદુત્વને જાળવવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો. એટલે જે રાયધણજીને કેદ કરવામાં તે મદદરૂપ બને છે. તેના વિશે હરેશ ધોળકિયા નોંધે છે કે, "કેટકેટલાં પાસાં છે આ ફતેહમહંમદના ! વારી જવાય તેના વ્યકિતત્વ પર ! તેની ઉદારતા, શિસ્ત, ઈચ્છાશકિત, રાજકીય કુનેહ, વફાદારી, બહાદુરી બધાં પર. માટે તો કવિઓ તેના પર ફિદા છે અને વારંવાર તેની પ્રશંસા કરે છે." (૮૧)

**" ફતિયા ! તારી ફોજરો, ભય – ડંકો ભારી,**
**સૂતી થડકે રાતમાં, નગરરી નારી. "** (૮૨)

આ ફતિયા (ફતેહમહંમદ) નો ડંકો ચારેકોર વાગતો હતો. નિષ્ઠાવાન, વ્યકિત હંમેશાં નિર્ભય હોય છે. તે ફતેહમહમદના જીવન પરથી જાણવા મળે છે. નરેન્દ્રકુમાર જોશીએ નોંધ્યું છે તેમ. " સમગ્ર કચ્છ પર તેની હાક બોલતી હતી અને ગાદીનશીન રાજવી કરતાં તે પોતે વધુ સત્તાધીશ હતો. તેનાં બુદ્ધિ, નિષ્ઠા અને ન્યાય અનન્ય હતાં. પ્રલોભનોથી દૂર રહીને રાજા તથા પ્રજાને ખાતર તેણે વહીવટ કર્યો હતો. " (૮૩)

ફતેહમહંમદનાં છેલ્લાં વર્ષો અકળાવી મૂકનારાં બન્યાં છે. જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં તે અચાનક જ લૂંટફાટ કરે છે અને મહત્ત્વાકાંક્ષી બને છે આવું શા માટે ? એક પ્રશ્ન બને છે પણ કદાચ એવું બને કે, તે પૂરો વફાદાર હોવા છતાં તેના પર આક્ષેપો મૂકાય છે. પરિણામે, આ વીરપુરુષ કંટાળ્યો હોય એવું બને પણ એથી એના તેજમાં થોડી ઝાંખપ આવે છે અને છેલ્લે ૬૧ વર્ષની વયે પ્લેગમાં પલટાઈને મોતને વરે છે.

### ૧.૧૫ * ભૂરિયો બાવો :-

કચ્છભૂમિમાં કેટલીયે પ્રજા આવી ને ગઈ. તેમાંથી અમુક માણસો માણસાઈના તેજ પ્રગટાવીને કાળની ગર્તામાં વિલીન થઈ ગયા. જેમ જમાદાર ફતેહમહંમદ કચ્છના ઈતિહાસમાં કચ્છનો ક્રોમવેલ તરીકે ઓળખાય છે. તેમ કચ્છના ઈતિહાસમાં એક વિદેશી ભૂરિયા બાવાના નામથી પ્રચલિત બન્યો હતો અને આ બાવો એટલે કેપ્ટન મેકમર્ડો. નરેન્દ્રકુમાર જોશીએ નોંધ્યું છે કે, " તે જાત માહિતી મેળવવા માટે બાવાનો વેશ ધારણ કરીને અંજારની બજારમાં વર્ષો અગાઉ બેઠો હતો. એટલે ભૂરિયાબાવાને નામે દેશી બનીને ખૂબ જ લોકપ્રિય બન્યો હતો. તેત્રીસ વર્ષની ભરયુવાન વયે કોલેરાનો ભોગ બનીને વરણું

ગામ નજીક તે મૃત્યુ પામ્યો હતો. તેની કબર ત્યાં છે. તેની કબર ઉપર નીચે મુજબનું લખાણ જોવા મળે છે. –

In Memoriam
Captain jemes mac murdo
First british political Resident in cutch.
Died of cholera at warmh
On 28th April - 1820. " (૮૪)

## ૧.૧૬ * કચ્છના જ્યોતિર્ધરો :–

**૧ ❑ ધોરમનાથ :–**

**" આઈસ જી આવો બા બા ।**
**આવત જાત બહુત જુગ દીઠા ।,**
**કછુ ન ચઢિયા હાથ ।**
**અબકા આવરણ સફલ ફળિયા,**
**પાયા નિરંજન સિધકા સાથ. ।"** (૮૫)

ગુઢ ધોરમનાથ ખૂબજ તેજસ્વી અને પ્રતાપી યોગી હતા. આ ધોરમનાથને માત્ર હિન્દુઓ નહીં પણ મુસલમાનો પણ માને છે. કહેવાય છે કે, આ સિદ્ધપુરુષે ધીણોધર ડુંગર પર ૧૨ (બાર) વર્ષ સુધી તપ✓ર્યા કરી હતી. આ યોગી ધીણોધર પર ગયા તે પહેલાં બીજા ઘણા ડુંગરો પર ગયા હતા પણ તેમના તપના બળે ડુંગરોમાંથી કોઈ ડુંગર હલતો, કોઈ ધ્રુજતો કોઈ ડોલતો પરંતુ ધીણોધર ડુંગર ઝૂરવા માંડયો ત્યારે યોગીએ તેમને ધીર (શાંત) રહેવા જણાવ્યું. આવી માન્યતા પ્રવર્તે છે.

પીરશ્રી ગરીબનાથ અને તેના પ્રતાપી ગુરુ ધોરમનાથની કીર્તિ માત્ર અલૌકિક સિદ્ધિઓના પરચા બતાવનાર તરીકે કચ્છમાં ગવાય છે. એટલું જ નહિ, પણ " કાનફટ્ટા સંપ્રદાયના" આદિ પુરુષ તરીકે પણ તેઓ પ્રખ્યાત છે.

## ૧.૧૬.૨ * જગડુ શાહ દાતાર :–

કચ્છના દાતારોમાં જગડુ શાહનું નામ આદરથી લેવું પડે. જગડુ શાહ

ધનવાન હતો. જોકે, તેની અખૂટ સંપત્તિ કયાંથી સાંપડી તેનાં વિશે અનેક કિવદંતીઓ પ્રવર્તે છે. કોઈ કહે તેને ચાંચિયા પાસેથી મીણની ઈંટોનું વહાણ ખરીદયું હતું. વાસ્તવમાં તે સોનાની ઈંટો હતી. તો વળી કોઈ કહે તે ગરીબ હતો. એક વખત પોતાના ખેતરમાં બીજ વાવવા જાય છે ત્યારે ખેતરમાંથી બાજુમાંથી કેટલાક ભૂખ્યા સંતો પસાર થાય છે એટલે જગડુ શાહ દાતાર તેને વાવવાના બીજ પેલા સાધુઓને આપીને તેની ભૂખ સંતોષે છે. પોતે આમ જ ઘેર પાછો ફરે છે. થોડા સમય પછી તેના ખેતરમાં સારો એવો મોલ તૈયાર થાય છે. જેની જાણ જગડુ શાહને ન હતી, પણ લોકોના કહેવાથી તે ત્યાં જાય છે અને જુએ છે તો ખરેજ તેના ખેતરમાં મબલખ પાક હતો. ગમે તે હોય પરંતુ તે ધનવાન હતો. કેમકે, તેની પાસે ધન હોય તો જ તે દાન કરી શકે.

આ દરિયાદિલના મહામાનવે કપરા કાળમાં માનવને ઉગાર્યા છે. તેની દાતારી અજોડ રહી હતી. તેની ઉદારતા માટે ડૉ. ભાવના મહેતા અને ગોવર્ધન શર્માએ (નોંધ્યું છે કે, ) પંકિતઓ નોંધી છે. –

**" આઠ હજાર વિશલને, બાર હજાર હમીર,**
**એકવીસ સુલતાનને, દીધા જગડુ વીર."** (૮૬)

ઈ.સ. ૧૨૫૯ માં એક ભયાનક દુષ્કાળ પડયો હતો ત્યારે આ મહામાનવે પોતાની દાતારીનો પરિચય કરાવતા પોતાના ' અન્નભંડારો ' ખોલી નાખીને દુઃખી લોકોના પાલનહાર બન્યો હતો. તેના વિશે દુલેરાય કારાણીએ નોંધ્યું છે કે, " જગડુશાહને સંતતિમાં પ્રતિમતિ નામની એક સદ્‌ગુણી કન્યા હતી. કર્મસંયોગે આ કન્યા વૈધવ્ય પામેલી હોવાથી જગડુશાહનું હૃદય શોકાતુર રહેતું. તેણે તેની કન્યાના કલ્યાણ અર્થે કેટલાંક જૈનમંદિરો અને દહેરાંઓ તૈયાર કરાવ્યાં હતાં. આ ઉપરાંત તેણે કચ્છ–કાઠિયાવાડમાં અનેક સ્થળે મંદિરો, ધર્મશાળાઓ, કૂવાઓ–વાવો, આદિ અનેક લોકોપયોગી કાર્યો કરીને પોતાની સંપત્તિનો સદ્‌વ્યય કર્યો હતો. ધન્ય હો ! કચ્છડાના શણગાર જગત દાતાર જગડુ ને ! " (૮૭)

### ૧.૧૬.૩ * સુંદરજી સોદાગર :–

રાષ્ટ્રપિતા ગાંધીજી સાથે જો કોઈની સરખામણી થઈ શકે એમ હોય તો

તે કચ્છ જિલ્લામાં આવેલ માંડવી તાલુકાના ગુંદાલા ગામમાં જન્મેલા સુંદરજી સોદાગર સાથે થઈ શકે. મહાત્મા ગાંધીજી અલ્પાત્મામાંથી મહાત્મા બન્યા એજ રીતે સુંદરજી સોદાગર પણ એક જુગારની લતે ચડેલો તુચ્છ માનવી હતો. તેના વિશે તો એવું કહેવાય છે કે તેણે એક વખત જુગાર રમતી વેળાએ પાસે મૂડી ન હોવાથી આ શોખીન જુગારિયાએ પોતાની પત્નીને દાવમાં મૂકી દીધી હતી. આથી તેની પત્નીને ખોટું લાગ્યું હતું. ત્યારપછી તેના પિતાએ પણ તેને સુધારવાનો પ્રયત્ન કર્યો. પણ નિષ્ફળતા ! છેવટે, જૂનાગઢ જાય છે. ત્યાંના દીવાન પાસે જઈને વ્યવહારમાં કુશળ બને છે. ધીમે–ધીમે પોતાની કુટેવો ગાંધીજીની માફક છોડી દઈને ખાનદાની સજજન બની જાય છે. પોતાની પાસે ધીમે–ધીમે અઢળક સંપત્તિ આવવા લાગે છે. આ રીતે તે સામાન્ય માણસમાંથી શ્રેષ્ઠ માણસ બની જાય છે. એટલું જ નહીં પરંતુ તે એક શ્રેષ્ઠ સમાજસુધારક બની રહે છે. ભાવના મહેતા તથા ગોવર્ધન શર્મા નોંધે છે તેમ – જગડુશાહ દાતાર જેવું જ બીજું ઝળહળતું નામ છે સુંદરજી સોદાગરનું. તેની ચતુરાઈ, કાર્યદક્ષતા, સમાજસુધારક, તરીકેની સાહસિકતા અનોખી હતી. કચ્છમાં જયારે–જયારે દુષ્કાળ પડયો ત્યારે આ દાનવીરે તન, મન અને ધનથી પ્રજાની સેવા કરી, અનેક સ્થળે અન્નક્ષેત્રો શરૂ કર્યાં. જેમાં કચ્છ, માંડવી, ગુંદીયાલિ, અને પોરબંદર મુખ્ય હતાં. સુંદરજી કચ્છનો ટોડરમલ હતો." [૮૮]

આ સુંદરજી સોદાગરે પોતાના જીવનને સુગંધિત બનાવ્યું હતું. તે સાચો ભકત, દાતા અને શૂર હતો. તેનું કાર્ય ગરીબ અને દુઃખી માણસોનાં દુઃખ દૂર કરવાં. એટલે જ તો દુલેરાય કારાણીએ નોંધ્યું છે – " સુંદરજી શેઠ એક મહાપુરુષ હતા, ભાગ્યશાળી પુરુષ હતા, કચ્છની સરકારના જમણા હાથ જેવા હતા. કચ્છના ઝળહળતા કીર્તિકળશ સમા હતા. એમના કીર્તિધામો, એમનું ઉજજવળ નામ સદાસર્વદા અખંડ અને અમર રાખશે. એમના વંશજો કચ્છ ગુંદીયાલિમાં સારી સ્થિતિમાં છે. " [૮૯]

આમ, એક વ્યાપારકુશળ, રાજનીતિજ્ઞ, ધર્મપરાણય એવાં આ વિશિષ્ટ પુરુષનું મૃત્યુ સંવત ૧૮૭૮ ના ફાગણ માસમાં ૧૨ ના રોજ થયું હતું.

### ૧.૧૬.૪ * મેકણદાદા :–

કચ્છનાં અણમોલ રત્નોને જો યાદ કરવામાં આવે તો સંત કબીર સમા કચ્છના શિરોમણી સંત મેકણજીને યાદ કરવા પડે. બીજાઓના માટે પોતાનું જીવન ખર્ચી

નાખનાર આ સંતે હંમેશાં પોતાના લાલિયા ગધેડા અને મોતિયા કૂતરા સાથે રહીને રણમાં ભૂલા પડેલાંઓને અન્ન–પાણી આપીને જીવાડયાં છે. તેના વિશે પણ અનેક દંતકથાઓ પ્રચલિત છે. જેમાં મેકણને ત્યાં એક દિવસ એક મહેમાન આવેલા તેમણે આ બાળક વિશે કહ્યું કે, આ બાળક મોટો થઈને એક મહાન પ્રભુભકત થશે. અને ખરેખર એવું જ બને છે. મેકણદાદાનું બાલ્યાવસ્થાનું નામ ' મેકોજી ' હતું. આ મેકોજી તેજસ્વી હોઈ, એક વખત ઘર (મકાન) નું સમારકામ ચાલતું હતું ત્યારે જમીનમાંથી અધ્યાત્મને પોષતી અનેક વસ્તુઓ મળે છે અને પોતાને વૈરાગ્ય લેવાના ઓરતા જાગે છે અને માતાના મઢમાં જ પાઠપૂજા વગેરે આદરી દે છે.

આગળ જણાવ્યું તેમ રણમાં ભૂલા પડેલાંઓને રસ્તો બતાવીને માનવસેવાનું અનન્યકાર્ય કરતા હતા તેના માટે પોતાનાં બે પશુ સાથીઓને પણ રાખતા હતા. તેના વિશે હરેશ ધોળકિયાએ નોંધ્યું છે કે, " સંત મેકણનું આ કાર્ય અદ્ભુત હતું. યુરોપમાં બરફના વરસાદમાં દટાતા મુસાફરોને બચાવવાનું કાર્ય સંત બર્નાડે જે રીતે પોતાના મઠના કૂતરાઓ દ્વારા કરાવતા તે જ રીતે અહીં મેકણના ગધેડા તથા કૂતરાએ થોડી જુદી રીતે કર્યું. મેકણ પોતાના આ બે વહાલાં પ્રાણીઓ વિશે કહેતા કે, – " લાલિયો લક્ષણવાન છે, તે મારા ભાઈ જેવો છે. " [૯૦]

મેકણની વાણી તેના વ્યકિતત્વનો આયનો બને છે. તેની રચનાનો એક નમૂનો જોઈએ તો –

**" જિયો તાં ઝેર જા થિયો, સક્કર થિયો મુંજા સુણ,**
**મરી વેધા મેકણ ચેં, રોંધા ભલેં જા વેણ. "** [૯૧]

(જીવતા રહો પણ ઝેર જેવા થશો નહીં, મારા વ્હાલાં !

તમે સાકર જેવા મીઠા થજો. મેકણ કહે છે કે, માનવ મરણાધીન છે. માત્ર મહાન પુરુષોનાં વચનો અમર રહેવાનાં છે.)

દાદા મેકણની એક એક રચના હૃદય સોંસરવી ઊતરી જાય તેવી સચોટ છે. મધ્યકાળના કવિઓની માફક માત્ર લખવામાં જ રચ્યા–પચ્યા રહ્યા નથી. પણ ખરા અર્થમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવાના પ્રયત્નો કર્યા છે. તેને 'કચ્છના કબીર' કહ્યા છે. કબીર સાથે સરખાવતાં દુલેરાય કારાણીએ નોંધ્યું છે કે, " મેકણદાદાએ કચ્છી ભાષામાં ઉત્તમ પ્રકારના તત્ત્વજ્ઞાનનો બોધ કર્યો છે. એમની અને કબીરની વાણીનો ભાવાર્થ ઘણીવાર

એક સરખો જોવામાં આવે છે. એટલે એમને કચ્છના કબીર કહીએ, તો કંઈ જ ખોટું નથી. " (૯૨)

## ૧.૧૬.૫ * શ્યામજી કૃષ્ણવર્મા :–

કચ્છ માતૃભૂમિ માટે પોતાના પ્રાણોની આહુતિ આપનાર વીર પુરુષોની યાદી ઘણી લાંબી છે. જેમકે, રાજયસત્તા દરમિયાન નરા ગામના ઠાકોર ભીમજી, વીસોજી તથા લાખોજી જેવા નામી–અનામી કોણ જાણે કેટલાયે વીરોએ પોતાની માતૃભૂમિને સમર્પિત થઈને ઈતિહાસને ઊજળો બનાવ્યો છે. આવા વીરોને યાદ કરતાં હોઈએ ત્યારે વતન માટે જીવન સમર્પિત કરનાર શ્યામજી કૃષ્ણવર્માને કંઈ રીતે ભૂલી શકાય ?

એક બાજુ દેશી રજવાડાંઓ અને બીજી બાજુ બ્રિટીશ સામ્રાજય ઘણાં અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થવા ઈચ્છતાં હતાં. તો ઘણાં દેશી રાજયોની ઝાળમાંથી. તેમાં માંડવીના શ્યામજી કૃષ્ણવર્મા બહાર રહીને લડત લડતા હતા. તેનાં વિશે નરેશ અંતાણીએ નોંધ્યું છે કે, " સમગ્ર દેશની જેમ કચ્છમાં પણ આઝાદી મેળવવાની લડતની હવા પ્રસરી હતી. કચ્છી લોકો તેમાં રંગાયાં હતાં. શ્યામજી કૃષ્ણવર્મા જેવા ક્રાંતિકારીએ આંતરરાષ્ટ્રીયક્ષેત્રે સ્વરાજયની લડતમાં ખ્યાતિ મેળવી છે." (૯૩) ભારતના એક પનોતા પુત્ર તરીકે શ્યામજી કૃષ્ણવર્મા હંમેશાં કચ્છના ઈતિહાસમાં અમર રહેશે.

## ૧.૧૭ * જાડેજા વંશવૃક્ષ :–

જાડેજા વંશનું કેન્દ્રસ્થાન કચ્છ રહ્યું છે. પરંતુ સૌરાષ્ટ્રના જામનગર, મોરબી, રાજકોટ, ગોંડલ, ધ્રોલ જેવાં રાજકુળ ત્યાંથી ઊતરી આવ્યાં અને તેમાંથી નાનાં રજવાડાંઓનાં રાજકુળોનો વિસ્તાર થયો, નીચે કચ્છના રાજકુળની વંશાવલિ આપી છે. જે ભા.ભો.ક. માં નરેન્દ્રકુમાર જોશીએ પૃ. ૧૮૧–૧૮૨ માં નોંધી છે.

* **જામ લાખો ( ઈ. સ. ૧૧૪૭–૧૧૭૫ )**

|

**જામ રાયધણજી (ઈ. સ. ૧૧૭૫–૧૨૧૫ )**

|

| | | |

| | | | |
|---|---|---|---|
| જામ ઓઠો | ગજણ | દેદો (કંથકોટ) | હોથી (પુનડી) |
| (૧૨૧૫–૧૨૫૫) | | | |
| । | । | । | |
| જામ ઘાઓજી | હોલો | જેહો | |
| (૧૨૫૫–૧૨૮૫) | | | |
| । | । | | |
| જામ વહેણજી | રાયધણ | મોડ (મોડાઓ) | અબડો (અબડાસા) |
| (૧૨૮૫– ૧૩૨૧) | | | |
| । | । | | |
| જામ મૂળવોજી | કુંવરજી | | |
| (૧૩૨૧–૧૩૪૭) | । | | |
| । | હરપાળ | | |
| | । | | |
| જામ કાંયાજી | આમરજી | | |
| (૧૩૪૭–૧૪૧૪) | | | |
| । | । | | |
| જામ આમરજી | તમાચીજી | | |
| (૧૪૧૪–૧૪૨૯) | | | |
| । | । | | |
| જામ ભીમજી | ઉન્નડજી | | |
| (૧૪૨૯–૧૪૭૨) | । | | |
| | હરભમજી | | |
| । | । | | |
| જામ હમીરજી | હરધોળજી | | |
| (૧૪૭૨–૧૫૦૬) | । | | |
| | લાખો | | |
| । | । | | |

| | | |
|---|---|---|
| રાવ ખેંગારજી | જામરાવળ | હરધોળ |
| (૧૫૧૦–૧૫૮૬) | (નવાનગર) | (ધ્રોલ) |
| । | । | |
| રાવ ભારમલ્લજી | મહેરામણજી | |
| (૧૫૮૬–૧૬૩૨) | સાહેબજી | કુંભોજી |
| | (રાજકોટ) | (ગોંડલ) |
| । | । | |

રાવ ભોજરાજજી
(૧૬૩૨–૧૬૪૫)
।
રાવ ખેંગારજી બીજા
(૧૬૪૫–૧૬૫૪)
।
રાવ તમાચીજી
(૧૬૫૪–૧૬૬૬)
।
રાવ રાયધણજી
(૧૬૬૬–૧૬૯૮)

| | |
|---|---|
| । | । |
| મહારાવશ્રી પ્રાગમલ્લજી | રવાજી |
| (૧૬૯૮–૧૭૧૫) | મયાજી (મોરબી) |

।
મહારાવ ગોડજી
(૧૭૧૫–૧૭૧૯)
।
મહારાવ દેશળજી
(૧૭૧૯–૧૭૫૨)

।

મહારાવશ્રી લખપતજી (૧૭૫૨–૧૭૬૧)

।

મહારાવશ્રી ગોડજી બીજા (૧૭૬૧–૧૭૭૯)

।

મહારાવશ્રી રાયધણજી બીજા (૧૭૭૯–૧૮૧૪)

।

મહારાવશ્રી ભારમલ્લજી બીજા (૧૮૧૪–૧૮૧૯)

।

મહારાવશ્રી દેશળજી બીજા (૧૮૧૯–૧૮૬૧)

।

મહારાવશ્રી પ્રાગમલ્લજી બીજા (૧૮૬૧–૧૮૭૬)

।

મહારાવશ્રી ખેંગારજી ત્રીજા (૧૮૭૬–૧૯૪૨)

।

મહારાવશ્રી વિજયરાજજી (૧૯૪૨–૧૯૪૮)

।

મહારાવશ્રી મદનસિંહજી (૧૯૪૮) ઈ. સ. ૧૯૪૮ ના ભારતના સંઘ રાજયમાં કચ્છ ભળી ગયું. કચ્છી રાજયવંશની વંશાવલિને કચ્છી એકાક્ષરી ભાષામાં એક કવિએ આમ ગાયું છે.

" ખેં, ભા, ટ, ભો, ખેં, ત, રા, પ્રા, ગો, ડે, લા ગો,
રા, ભા, ડે, બા ખે, મા મ. " (૯૪)

## ૧.૧૮ * કચ્છની જ્ઞાતિઓ અને તેની લોકસંસ્કૃતિ :-

કચ્છ પ્રદેશની કથા કહેવા બેસીએ ત્યારે કચ્છમાં ધબકતી કચ્છી પ્રજાઓને કેમ ભૂલી શકાય ? કચ્છમાં કોઈ એક નહીં અનેક જ્ઞાતિઓ વસવાટ કરે છે. કેટલીક પ્રજા મૂળ કચ્છની છે. તો કેટલીક પ્રજા બહારથી આવીને કચ્છભૂમિ સાથે ઓતપ્રોત બનીને

વણાઈ ગઈ છે. આમ પણ કોઈપણ પ્રદેશની અસ્મિતાને ઊભી કરનાર તેની પ્રજા જ હોય છે. કચ્છી પ્રજાઓમાં અનેક વિશિષ્ટ ગુણો દેખાઈ આવે છે. અહીંની પ્રજાનાં રીત–રિવાજો, રહેણીકરણી, ધાર્મિક માન્યતાઓ, ઉચ્ચ વિચારો, જેવી બાબતો સાહજિક છે. કુદરતના ઓરમાયા વલણને પચાવીને કચ્છની પ્રજા પરિસ્થિતિ મુજબ કરાલ–કોમલ બની છે. એવી અનેક પ્રજાએ અહીં પડાવ નાખ્યા છે. જેમાં રાજપૂત, જૈન, લોહાણા, પાટીદાર, બ્રાહ્મણ, નાગર, ગઢવી, હરિજન, ચારણ, ભાનુશાલી, વગેરેનો સમાવેશ થાય છે. જેના વિશે ડોકિયું કરવાનો અત્રે આશય છે.

**૧.૧૮.૧ * રાજપૂતો :–**

રાજપૂત જ્ઞાતિમાં પણ બધા જ રાજપૂતો કચ્છના જ છે એવું નથી. રાજપૂતોમાં પણ રાજાશાહીની બાબતમાં પરિસ્થિતિને અનુરૂપ અનેક રાજપૂતોએ કચ્છભૂમિમાં પગ–પેસારો કર્યો છે. જેમાં વાઘેલા, સોલંકી, ચાવડા, સોઢા, રાઠોડ, પઢિયાર, ગોહિલ, ચૌહાણ, મોખા, જેઠવા, ગોહેરસમા, સમાઘોઘા, ઝાલા, પરમાર, સરવૈયા, સિસોદિયા, ચુડાસમા, રાયજાદા, મહીડા, વાજા, વાઘા, સિંઘલ, વગેરે ક્ષત્રિયો રણને પેલે પારથી કચ્છમાં આવી વસ્યા હતા તે બધાનો આશય જમીન–જાગીર હાંસલ કરવાનો જ હતો. આ રાજપૂતોની પણ વિશિષ્ટતા ભરેલી દેહસૃષ્ટિ જોવા મળતી. સપ્રમાણ ઊંચાઈ, કાળી મોટી આંખો, પડછંદ કાયા, સમગ્ર રીતે પ્રભાવશાળી વ્યકિતત્વથી ઉભરતો રાજપૂત માથે પાઘડી બાંધે. આ ખમીરવંતી પ્રજા જરૂર પડયે પોતાના માથાનાં બલિદાન આપતાંયે ખચકાતી નહીં.

**૧.૧૮.૨ * પાટીદાર :–**

ભારતભરના તમામ પાટીદાર (કણબી) એ મૂળે આર્યોના જ વંશજ કૂર્મી–ક્ષત્રિય છે. તેઓનું મૂળવતન પંજાબ હતું. ઈ.સ. પૂર્વે ૬૦૦ થી ઈ.સ. ૨૦૦ ના સમયગાળા દરમિયાન આ પ્રજા પંજાબમાંથી નીકળીને ભારતનાં જુદાં–જુદાં સ્થળોએ વસવાટ કરવા લાગી. આજે આ પાટીદારોમાં પણ લેઉવા અને કડવા એવા બે વિભાગો છે, પરંતુ ત્યારે માત્ર પાટીદાર કણબી તરીકે જ ઓળખતા હશે.

## ૧.૧૮.૩ જૈન :-

ભારતીય સંસ્કૃતિને કાયમ રાખવા માટે ત્રણેક પ્રજાઓનો સિંહ ફાળો છે. જેમાં જૈનો એ અગત્યનો ભાગ ભજવ્યો છે. સુધા પી. ઝવેરીએ નોંધ્યું છે તેમ– " બૌધ્ધ ધર્મ સાથે સંકળાયેલી પ્રજા, જૈનધર્મ સાથે સંકળાયેલી પ્રજા તથા વૈદિક ધર્મને અનુસરતી પ્રજા પાછલાં અઢી હજાર વર્ષ દરમિયાન ભારતની સંસ્કૃતિને ધબકતી રાખવામાં પ્રયત્નશીલ રહી હતી જેમાં જૈન પ્રજાનો ફાળો નાનો–સૂનો નથી. જે અહિંસાના સંદેશને ' હૃદયમાં ભરીને જીવે છે. " (૯૫)

## ૧.૧૮.૪ * લોહાણા :-

કચ્છભૂમિમાં વસવાટ કરતા લોહાણાઓનો ઈતિહાસ પણ મોટો છે. લોહાણા મૂળે ક્ષત્રિયવંશના એટલે સ્વાભાવિક છે કે, તેનામાં શૌર્યતા ભારોભાર ભરેલી હોય. તે સમયે કચ્છમાં પરદેશીઓનાં આક્રમણોને રોકવા આ લોહાણાઓ છેક અફઘાન સુધી છવાયેલા હતા. પછીથી તેઓ વેરવિખેર થયા અને સિંધમાં જ રહેતા લોહાણા પર આફત આવી કે, અલ્લાઉદ્દીને સિંધ પર આક્રમણ કરીને પ્રજાને ત્રાસ આપવાનું ચાલું કર્યું. આથી આ લોહાણાઓ સિંધ છોડીને કચ્છમાં આવી વસવાટ કર્યો. ઘણા લોહાણાઓને મુસ્લિમ બનાવવા મજબૂર કરેલા, તેઓ કયાંય ભાગી શકયા ન હતા. તેઓ મુસ્લિમોમાં મેમણ, ખોજા તરીકે ઓળખાય છે.

## ૧.૧૮.૫ * ભાટિયા :-

ભાટિયા મૂળે તો રાજસ્થાનના રાજપૂતો છે. આ ભાટિયા મૂળે યાદવકુળના હોવાની માન્યતા છે. અત્યારે આ ભાટિયાઓ મુંબઈ નગરીમાં વસવાટ કરે છે. આ પ્રજા એકદમ સાદગીભર્યું જીવન જીવવામાં માને છે. તેઓ માથા ઉપર લાલ પાઘડી બાંધે છે. કોટ પણ લાંબો હોય છે. એકદમ ઝીણું ધોતિયું એનો પોષાક છે. તેઓ ધર્મમય જીવન ગાળે છે.

## ૧.૧૮.૬ * મેઘવાળ / હરિજન :-

કચ્છમાં હરિજનોની (દલિતોની) એક વિશિષ્ટ ગણાવી શકાય તેવી

જાતિઓ છે. એક હરિજન જ્ઞાતિના મહાપુરુષે (દૈવીપુરુષે) મેઘ (વરસાદને) ને પાછો વાળ્યો હતો. ત્યારથી આ કોમ મેઘવાળ તરીકે ઓળખાય છે. મેઘવાળમાં રિશીયા, ગણેશિયા, રખિયા, જેવા મેઘવાળો એક જમાનામાં સમગ્ર સમાજ માટે ઉપકારક રહ્યા હતાં.

**૧.૧૮.૭ * બ્રાહ્મણ :-**

બ્રાહ્મણો વિશે તો એવું કહેવાય છે કે, તેની ચોર્યાસી જેટલી જ્ઞાતિ–પેટાજ્ઞાતિઓ હોય છે. જેમાંથી મોટા ભાગની જ્ઞાતિ કચ્છપ્રાંતમાં વસવાટ કરે છે. જેમાં – મોઢ, પુરબિયા, મલ્લ, પુષ્કરણા, શ્રીમાળી, નાગર, ઔદિચ્ય, કાયસ્થ, અબોટી, ગિરનારા વગેરે. આ દરેક બ્રાહ્મણની પણ પોતપોતાની વિશિષ્ટતાઓ છે.

**૧.૧૮.૮ * ચારણ :-**

દૈવી ઉપાસકો –

**" ચારણ ચોથો વેદ, વણપઢિયે વાતું કરે. "**

આવું કહેવાયું છે, ચારણ વિશેના ઉલ્લેખો મહાભારત, બ્રહ્મપુરાણ, વાયુપુરાણ, વાલ્મીકિ રામાયણ આદિમાં મળે છે. આ ચારણો ભારતભરમાં જોવા મળે છે. કચ્છમાં થરપારકરમાં, સિંધ, ગુજરાત, સૌરાષ્ટ્ર, માળવા વગેરે જગ્યાએ ચારણો વસવાટ કરે છે. ચારણનાં મુખમાં સરસ્વતી વસેલી હોવાથી તે કયાંય દુઃખી થતો નથી. પોતાનું પેટિયું રળી લે છે.

**૧.૧૮.૯ * પછાત જાતિઓ :-**

કચ્છભૂમિમાં માત્ર સવર્ણો જ વસવાટ કરે છે એવું નથી. અહીં પછાત કોમ પણ પાર વિનાની છે. જે દરેકની પોત–પોતની આગવી અદા છે. એવી પ્રજાઓમાં– ગરોડ, સમાર, ભંગી, તૂરી, ડફેર, મિયાણા, સિંધી, મેતા, વગેરે. તો વિચરતી જાતિઓમાં જોઈએ તો – બજાણિયા, ગારૂડી, ભાટ કથોડીનાથ, વાદી, વેરાગી, ભવાયા, વાઘરી, પારધી, ઓડ, રાવળિયા, વણઝારા, ભોપા, જોગી, કાંગસિયા, ગાલડિયા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, લુહાર, મિસ્ત્રી, સુથાર, ભાવસાર, કુંભાર, દરજી, વાણંદ, ખવાસ,

આહિર, ભરવાડ, રબારી, મોતી, અતિત, ખારવા, સમેજા, સમા, સુમરા, હિંગોરા, હિંગોરજા, જત, હાલેપોત્રા, આ ઉપરાંત પણ સૈયદ, શેખ, પઠાણ, મેમણ, વોરા, ખોજા, ખત્રી, નોડે વગેરે મુસ્લિમકોમમાં સમાવેશ પામે છે.

આમ, કચ્છી પ્રજાઓમાં જે પ્રજા બહારથી આવી છે તે પણ અહીંની મૂળ પ્રજા સાથે ભળી જઈને કચ્છને પોતાનો પ્રદેશ બનાવીને, અહીંના રીતરિવાજ અપનાવીને આ પ્રદેશનાં સુખ–દુઃખની સહભાગી બની છે.

## ૧.૧૯. * કચ્છ :– લોકસંસ્કૃતિ :–

લોકસંસ્કૃતિ એ જે–તે પ્રદેશની આગવી ઓળખ છે. પોતાની વિશિષ્ટ લોકસંસ્કૃતિને કારણે જે–તે પ્રદેશ પોતાની ભાત ઉપસાવે છે. મધુસૂદન ભટ્ટે નોંધ્યું છે તેમ – " અત્યારે લોકસંસ્કૃતિ " એટલે લોકસાહિત્ય, લોકનૃત્ય, શિલાલેખો, સ્થાપત્યના નમૂનાઓ, સંગ્રહસ્થાનો, સિક્કાઓ, અને કવચિત્ યુગે–યુગે જીવાએલા માનવજીવનને સ્પર્શતાં પાસાં જેવાં કે, તત્કાલીન રિવાજો, તત્કાલીન પોશાકો, ઘરેણાં, ગીતો, કલાઓ, શૂરવીરતા અને મર્દાનગીની કથાઓ, દાનવીરતા અને શહાદતની ગાથાઓ ઈત્યાદિમાં " લોકસંસ્કૃતિ " ના અભ્યાસનું પૂર્ણવિરામ મૂકાતું હોય છે. પરંતુ લોકસંસ્કૃતિનું ફલક, કેવળ ઉપર નિર્દિષ્ટ કરેલ મર્યાદિત ' સ્વરૂપો ' માં જકડાયેલું નથી. લોકસંસ્કૃતિનું ફલક, તેનો વ્યાપ અતિ વિસ્તૃત છે. " [૯૬]

આમ, લોકસંસ્કૃતિના અભ્યાસીઓએ તેનાં તમામ પાસાંઓનો અભ્યાસ કરવાનો હોય છે. પરંતુ અહીં આ મુદ્દામાં આપણે લોકજીવન સાથે જોડાયેલા અમુક મુદ્દાઓની આછેરી ચર્ચા કરીશું.

### ૧.૧૯.૧ * મેળાઓ :–

ભારતીય પરંપરા મુજબ શ્રાવણમાસ પવિત્ર ગણાય છે. આ માસમાં મોટાભાગનાં ધાર્મિક સ્થળોએ મેળાઓ યોજાતા હોય છે. મેળાની આ પરંપરા કચ્છમાં પણ જોવા મળે છે. કચ્છમાં ઠેકઠેકાણે મેળાઓ યોજાય છે. જેમાં "શ્રાવણમાસમાં નાગપંચમીના દિવસે ભુજના ભૂજિયા ડુંગરનો મેળો પ્રખ્યાત છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં નાગનું મહત્ત્વ હોવાથી તેનાં માનમાં આવા મેળાઓ યોજાતા હોય છે."[૯૭]

એજ રીતે માંડવીનો જન્માષ્ટમીના બીજા દિવસે (નોમે) ભરાતો રવાડીનો મેળોપણ પ્રખ્યાત છે. વળી તેના બીજા દિવસે એટલે કે, ૧૦ (દશમ) ના દિવસે રથયાત્રા નીકળે છે. શ્રાવણમાસને બાદ કરતાં નવરાત્રિના સમયે માનવમહેરામણથી ઊભરાતો મેળો માતાના મઢનો હોય છે. કચ્છમાં આ મેળો મહત્ત્વનો છે. નવરાત્રિના સમયે આખા ગુજરાતમાંથી યાત્રાળુઓ માતાના દર્શનાર્થે આવે છે. તેના વિશે ડૉ. દિનેશ જોશીએ નોંધ્યું છે કે, " નવરાત્રિમાં માતાના મઢમાં કચ્છની કુળદેવી મા આશાપુરાનો મહાન મેળો કચ્છની ભાતીગળ લોકસંસ્કૃતિના નમૂનારૂપ છે. શહેરી સંસ્કૃતિથી દૂર ગ્રામ્ય વિસ્તારમાં ભરાતા આ મેળામાં કચ્છની અનેક લોકજાતિઓ પગપાળા માતાજીના દર્શને આવીને કૃતાર્થ થાય છે. હવે તો શહેરી વિસ્તારના તથા બહારથી પણ પગપાળા યાત્રિકો આવે છે. પણ આ ધાર્મિક મેળાનું ખરું આકર્ષણ છે લોકજાતિઓનાં ગીતો દ્વારા વ્યકત થતી ભાવનાઓનું. જેમકે –

**" આશાપુરા માત મારી આશ પૂરજો,**
**આશા પૂરજો માત, મારી દરશન દેજો. "** (૯૮)

આ ઉપરાંત પણ શ્રાવણમાસ અને શ્રાવણમાસ સિવાયના મહિનાઓમાં ભરાતા મેળાઓની સંખ્યા કચ્છમાં ઘણી છે.

### ૧.૧૯.૨ * ભૂમિપૂજન :–

આપણી ભારતીય સંસ્કૃતિમાં ભૂમિપૂજનનું પણ એટલું જ મહત્ત્વ છે. એમાંય ખાસ કરીને આ પ્રથા ક્ષત્રિયોમાં જોવા મળે છે. ક્ષત્રિયોના રજવાડા હોવાથી ક્ષત્રિયો કોઈ નવાગામનું તોરણ બાંધતી વખતે ભૂમિપૂજન કરે છે. આ ક્રિયામાં ગામના નાકે ખીલો ખોડવામાં આવે છે. ત્યારબાદ એક માણસ પાણીનો હાંડો લઈને ગામ ફરતે પાણીની ધારાવાળી કરે છે. બીજો માણસ હાથમાં ઘીનો દીવો અને દૂધનો લોટો લઈને દૂધની ધારાવાળી કરે છે. આ દરમિયાન ગામની શીલાવિધિ પણ થાય છે. એમ દિનેશભાઈ જોશીએ ' કચ્છ તારી અસ્મિતા ' માં પૃ. ૪૨, ૪૩ માં નોંધ્યું છે.

### ૧.૧૯.૩ * લગ્નપ્રથા :–

આપણા સોળ સંસ્કારોમાં લગ્નને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

એટલે દરેક જાતિઓમાં આ પ્રથા ફેરફાર સાથે જોવા મળે છે. લગ્ન વિષયક કચ્છની જ વાત કરીએ તો કચ્છમાં ગોકુળિયાં લગ્ન અગત્યનાં બને છે. આ પ્રકારના લગ્ન બપોરના સમયે ગોઠવાતાં હોય છે. ખાસ કરીને કચ્છી આહિર, રબારીમાં થતાં આ ગોકુળિયાં લગ્ન કચ્છી લોકસંસ્કૃતિનું વિશિષ્ટ અંગ બની રહે છે. લગ્નવિધિ સારો એવો બ્રાહ્મણ કરાવે છે અને આવો બ્રાહ્મણ ન મળે તો જે તે સમાજના કોઈ વરિષ્ઠ બુઝર્ગ પણ કરાવી શકે છે.

### ૧.૧૯.૪ * લોક સ્થાપત્ય :–

કચ્છમાં લોક સ્થાપત્યના નમૂના ઘણી જગ્યાએ દષ્ટિગોચર થાય છે. " લખપતમાં આવેલ પીર ઘોષ મહમ્મદનો કૂબો, તથા લખપતિ પીરની દરગાહ અમદાવાદના સીદ્દી સૈયદની મસ્જિદની કોતરકામવાળી બારીના નમૂના સાથે સ્પર્ધા કરે તેવા બારીક કોતરકામવાળી છે. " (૯૯) આ ઉપરાંત પણ કંથકોટનો કિલ્લો, સૂથરી, વડીમેડી વગેરે તેના ઉત્તમ નમૂનાઓ છે.

### ૧.૧૯.૫ * લોકમાન્યતાઓ :–

જોકે, માનવજીવનમાં માનવીના મનમાં કોઈ ને કોઈ ખૂણે અમુક માન્યતાઓ પડેલી હોય છે. કચ્છીઓ પણ અમુક પ્રકારની માન્યતાઓ ધરાવે છે. જેમાં કચ્છભૂમિ એટલે પાળિયાઓનો પનોતો પ્રદેશ. અહીં ગામેગામ પાળિયા જોવા મળે છે. નેક, ટેક અને શૌર્યતાથી શોભતા આવા પાળિયાઓ પૂજાનું પ્રતીક છે. માટે તેની આમન્યા રાખીને ' લોક ' તેનું પૂજન કરે છે. અહીં વસતી તમામ જાતિઓ અમુક શુકન–અપશુકનમાં માને છે. ભૂતપ્રેતની માન્યતા પણ જોવા મળે છે. જેને ભૂત વળગ્યું હોય તેને મુંજાવર પાસે લઈ જવામાં આવતા હોય છે. અન્ય રાવળિયા વગેરે ડાકલા વગાડીને પણ ભૂત કાઢવાનું કાર્ય કરતા હોય છે. ગામડાં ગામમાં રહેતી અમુક પ્રજા આજે પણ આ માન્યતામાંથી મુકત થઈ નથી. જે તેના લોકમાનસનો પરિચય કરાવે છે.

### ૧.૧૯.૬ * છૂંદણાની પ્રથા :–

જો કે, દરેક જગ્યાએ અમુક જ્ઞાતિઓમાં ઉપરોકત રિવાજ પ્રચલિત હોય છે. કચ્છમાં બન્ની વિસ્તારમાં વસતી પ્રજામાં છૂંદણાં છૂંદાવવાનું પ્રચલિત છે. આ બન્ની

વિસ્તારમાં રહેતી ભડવાર, આહિર, રબારી, હરિજન, જાતિઓની સ્ત્રીઓ શરીરના અમુક ભાગે છૂંદણાં ( ત્રાજવા ) છૂંદાવે છે. તેમાં પણ જુદાં–જુદાં પ્રતીકો હોય તો કયારેક પોતાના સ્વજનનું નામ પણ લખાવે છે.

### ૧.૧૯.૭ * કચ્છમાં શિલ્પો :–

કચ્છ ખમીરવંતા વીરપુરુષોની ભૂમિ હોઈ, અહીં ડગલે–ને પગલે સ્મૃતિચિહ્નોનાં શિલ્પો જોવા મળે છે. ખાંભી, પાળિયા, ઠેસ, ચગો, વગેરે મનુષ્ય પોતાના સ્વજન કે પ્રિય પ્રાણીની યાદમાં આ સ્મૃતિચિહ્ન રૂપ શિલ્પો ઊભાં કરે છે. વ્યકિત જે જગ્યાએ મૃત્યુ પામ્યો હોય તે જગ્યાએ તેની યાદમાં ખાંભી ઊભી કરવામાં આવે છે. જયારે, પાળિયામાં આવું હોતું નથી. તે સ્વજનની યાદમાં ગમે ત્યારે કોઈપણ સ્થળે લખાણ સહિત ઊભા કરવામાં આવે છે. ઘણી જગ્યાએ અણઘડ પથ્થરા પણ મૂકવામાં આવતા હોય છે.

### ૧.૧૯.૮ * કચ્છનાં લોકવાદ્યો :–

લોકવાદ્યો એ લોકસાહિત્યમાં અદકેરું સ્થાન ધરાવે છે. લોકવાદ્યો માત્ર લગ્નપ્રસંગે જ ઉપયોગમાં લેવાય છે એવું નથી. સ્થળે–સ્થળે અને ઘટનાને અનુરૂપ લોકવાદ્યો વપરાય છે. લગ્નપ્રસંગથી માંડીને યુદ્ધ સુધી લોકવાદ્યોનું મહત્ત્વનું છે.

- ❑ બધાને એકઠા કરવા માટે બુંગિયોત વગાડવામાં આવે છે.
- ❑ ધીંગાણું બરાબરનું જામ્યું હોય ત્યારે આ પ્રકારનો ઢોલ વગાડવામાં આવે છે. મીર આ ઢોલ વીરોને પાણી ચડાવવા માટે વગાડે છે.
- ❑ સિંધુડો એવા પ્રકારનું વાદ્ય છે જેમાં સૈન્ય સામસામે આવે ત્યારે વગાડવામાં આવે છે.
- ❑ રામસાગર : તંબુરો કે એકતારાને કચ્છીભાષામાં રામસાગર તરીકે ઓળખાવે છે.
- ❑ કૂંજીયો ભજનના ભાવ પ્રમાણે વગાડવામાં આવે છે.

આમ, લોકવાદ્યો પણ લોકજીવનનાં અભિન્ન અંગ જેવાં બની ગયાં છે.

## ૧.૨૦ * કચ્છનાં જોવાલાયક સ્થળો :–

કચ્છમાં ઐતિહાસિક અને પોરાણિક સ્થળોનો તોટો નથી. ગામેગામ આપણા સાંસ્કૃતિક વારસાને પોષક પાળિયાઓ, કિલ્લા, ઈમારતો, ધાર્મિક સ્થળો વગેરે ઈતિહાસના મૂક સાક્ષી બનીને ઊભા છે. તેવાં સ્થળો વિશે આછેરી ચર્ચા કરવાનો હેતુ અત્રે રહ્યો છે.

### ૧.૨૦.૧ * નારાયણ સરોવર :–

ગુજરાતનાં મહત્ત્વનાં સ્થળોમાંનું આ એક પ્રાચીન સ્થળ છે જેનો મહિમા આપણાં શાસ્ત્રોએ પણ ગાયો છે. આ મંદિરની સ્થાપના વિશે કહેવાય છે કે, કચ્છપતિ દેશળજી પહેલાનાં મહારાણી એક વખત સૌરાષ્ટ્રમાં આવેલ દ્વારકાધીશની યાત્રા કરવા ગયેલાં. ત્યાં રહેલ પંડિતોનું વર્તન મહારાણીને અપમાનજનક લાગે છે. આથી તેણે યાત્રાએથી પાછા ફરીને નારાયણ સરોવરમાં ત્રિકમરાયનું સરસ મજાનું મંદિર બંધાવ્યું હતું.

### ૧.૨૦.૨ * કોટેશ્વર :–

નારાયણ સરોવરથી અર્ધો માઈલ દૂર ' કોટેશ્વર મહાદેવનું મંદિર ' આવેલું છે. ત્યાં સુંદર મજાનો દરિયાકાંઠો આ મંદિરને શોભાવે છે. કહેવાય છે કે, શિવાલયમાં ચાર ફૂટ ઊંચું શિવલિંગ છે જે સ્વયંભૂ છે, ત્યાં એક શિલાલેખ જોવા મળે છે. જેમાં સુંદરજી સોદાગરે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યાનો ઉલ્લેખ વાચવા મળે છે. કોટેશ્વર મહાદેવ વિશે પણ દંતકથા પ્રવર્તે છે.

### ૧.૨૦.૩ * માતાનો મઠ :–

કચ્છના પશ્ચિમ ભાગમાં દેશદેવી આશાપુરા માતાનો મઢ આવેલ છે. આ મંદિર જૂનું છે. રાજકુળ દ્વારા તેની પૂજા થાય છે. કેમકે, ખેંગારજી આશાપુરા માતાજીની કૃપાથી રાજવી બને છે. ત્યારથી રાજકુટુંબ આશાપુરા માતાજીની આરાધના કરે છે. મંદિર વિશેની દંતકથા નરેન્દ્રકુમાર જોશીએ આ રીતે નોંધી છે. – " મારવાડનો એક સોદાગર નામે શા દેવચંદ ફરતો–ફરતો આ સ્થળે આવીને રાત રહ્યો હતો. તેને સ્વપ્નમાં માતાજીનાં

દર્શન થયાં અને મંદિર રચવા આજ્ઞા મળી. મંદિરની અંદર મૂર્તિ કંડારતી વખતે છ માસ સુધી દ્વાર બંધ રાખવાનું હતું. પરંતુ પાંચમા માસે એક રાત્રિએ મંદિરમાં માતાજીનાં ગીતો ગવાતાં સાંભળીને દેવચંદે મંદિરનું દ્વાર ઉઘાડીને અંદર જોયું તો અંદરથી બધું દશ્ય અલોપ થઈ ગયું. તેણે વાણી સંભળાઈ કે, અધૂરી મુદ્દતે દરવાજા ખોલ્યા એટલે મૂર્તિ અધૂરી રહી જશે. આ મૂર્તિ જોતાં છ ચોરસ ફૂટ જેટલી શિલામાંથી પ્રતિમા ઊપસતી હોય તેવી દેખાય છે. " (૧૦૦) આસો મહિનામાં આઠમના દિવસે ત્યાં હવનાષ્ટમીનો મેળો ભરાય છે.

**૧.૨૦.૪ * ભદ્રેશ્વર :–**

ભદ્રેશ્વર પહેલાં ભદ્રાવતી નગરી હતી. આ નગરી ચાવડાઓની હતી. ભદ્રેશ્વરમાં પણ અનેક જોવાલાયક સ્થળો છે. – જેમાં ખીમણી મસ્જિદ, હરિજનોએ બંધાવેલ સાત મજલવાળી વાવ વગેરે ભદ્રેશ્વરની શાન વધારે છે.

*** અંજાર :–**

ઈતિહાસ પ્રસિદ્ધ સતી તોરલ અને જેસલની સમાધિ અંજાર શહેરમાં આવેલી છે. એક ભયંકર બહારવટિયાને ધર્મના રાહે દોરી જનાર સતી તોરલનો ઈતિહાસ સમગ્ર ગુજરાતમાં જાણીતો છે.

**૧.૨૦.૫ * ધીણોધર :–**

કચ્છના યોગી ધોરમનાથ સાથે ધીણોધર ડુંગર જોડાયેલો હોય એટલે સ્વાભાવિક છે કે, તે ઈતિહાસ પ્રસિદ્ધ હોય. આ ડુંગર પર આવેલ યોગી ધોરમનાથની મૂર્તિ ત્રણેક ફૂટ ઊંચી છે. નરેન્દ્રકુમાર જોશી નોંધે છે. –

**" ધીંગો ધોરમનાથ, ધીણોધર ધાબે વિઠો,**
**સામિડે જો સાથ, કામણ કાછે મેં ડિઠો. "** (૧૦૧)

કામણગારી કચ્છભૂમિમાં આવેલ ધીણોધર ડુંગર પર ધોરમનાથનાં બેસણાં હતાં. આજેપણ અખંડ ધૂણો રાખવામાં આવ્યો છે. નાથ સંપ્રદાયના સાધુઓને કાનફટ્ટા કહેવાય છે. કેમકે તેના કાનમાં મોટા કુંડળ પહેરતા હોવાથી તેના કાન ફાટી જાય છે. આથી તેને કાનફટ્ટા કહે છે. આ સાધુઓ એકદમ સાદું સરળ જીવન ગુજારે છે. તેના વિશે નરેન્દ્રકુમાર નોંધ્યું છે કે, " ગરુ – શિષ્ય ઉત્તરમાં ચાલી એક ડુંગર ઉપર ચડવા

લાગ્યા પણ તેમના ભારથી તે નમવા લાગ્યો. તે નમ્યો એટલે ' નનામો ' કહેવાયો. તેને છોડી આગળ ચાલ્યા અને બીજા ડુંગર ઉપર ચડયા તે ડુંગર તૂટવા–ઝરવા લાગ્યો. તે જર્યો એટલે ' ઝૂર્યો ' કહેવાયો. પછી તેઓ એક મોટા ડુંગર ઉપર આવ્યા. સિદ્ધ યોગીના ભાર ઝીલતાં તે મોટો ડુંગર પણ હલવા માંડયો એટલે યોગીએ તેને આજ્ઞા કરી કે, " ધીરો ધર " સ્થિર થા. એ ઉપરથી તેનું નામ " ધીણોધર " પડયું. " (૧૦૨)

આ ઉપરાંત પણ કંથકોટ, ધ્રંગ, કેરા, રવેચી, ભુજ વગેરે જગ્યાએ પોતાના અતીતની ભવ્યતા, સાચવીને અવશેષો પડયા છે.

## ૧.૨૧ * કચ્છી સાહિત્ય પ્રવાહો :–

**" મોતીડા અમોલ એડા બાબાણી બોલી જા બોલ,**
**જગ મેં જુડે ન જોડ, જાડેજી જબાનજી. "** (૧૦૩)

દરેક પ્રજાને પોતાની ભાષાની આગવી વિશેષતા હોવાની. બાર ગાઉએ બોલી બદલાય એ ન્યાયે કચ્છની ભાષા ગુજરાતના અન્ય પ્રદેશોની ભાષા કરતાં કંઈક અંશે કામણગારી છે. જેમાં મીઠાશ પણ ભારોભાર ભરેલી છે. અનેક ભાષાઓનાં મિશ્રણથી અસ્તિત્વમાં આવી હોવા છતાં આ ભાષાએ પોતાનું નૂર કયારેય ગુમાવ્યું નથી. કચ્છી પ્રજા કચ્છીભાષામાં જ વ્યવહાર ચલાવે છે, પણ કચ્છની બહારથી આવેલ પ્રજા પણ આ ભાષાનાં તત્ત્વોને પોતીકાં બનાવે છે, એમ કહીશું તોય જરાયે અતિશયોકિત નહીં લાગે.

લખાણમાં કચ્છી ભાષાને અલગ લિપિ નથી. આથી તે ગુજરાતી લિપિમાં લખાય છે. કચ્છી ભાષાનો જન્મ મૂળે રાજસ્થાની, સિંધી, ગુજરાતી તથા હિન્દી એમ અનેકવિધ ભાષામાંથી થયો છે.

### ૧.૨૧.૧ * ભાષા અને લિપિ :–

કચ્છી લિપિ રચવાના પ્રયોગો ઘણા ઉત્સાહી અને વતનપ્રેમી મહાનુભાવોએ કરેલા છે. જેમાં લાલજી નાનજી વકીલ, પ્રતાપરાય ત્રિવેદી, પ્રભુદાસ રણછોડજી આદિનાં નામ આદરથી લેવાં પડે. કચ્છી લિપિ રચવા પાછળનો તેમનો મૂળ હેતુ કંઈક એવો હતો કે, બાળકો પોતાની માતૃભાષા કચ્છીમાં જ શિક્ષણ પ્રાપ્ત કરે. તે માટે

તેઓએ વ્યાકરણ પણ બનાવ્યું છે.

## ૧.૨૧.૨ ભાષામાં વિશિષ્ટતા :-

હિન્દી ભાષાની માફક કચ્છી ભાષામાં બે લિંગો જ દષ્ટિગોચર થાય છે. સ્ત્રીલિંગ તેમજ પુલિંગ. વળી તેની વિશેષતાઓમાં ડોકિયું કરીએ તો સહેજેય ખ્યાલ આવે કે, અહીં મોટા ભાગના એકાક્ષરી શબ્દોમાં મોટા શબ્દોના અર્થ સમાઈ જાય છે. દા.ત. ભો – હા, મા – માતા, નોં – પુત્રવધૂ, ડો – દશ, પે – પિતા, વગેરે આ ભાષામાં જોડાક્ષરોને મહત્ત્વ આપવામાં આવ્યું નથી. અમુક મૂળાક્ષરો બિલકુલ ઉચ્ચારતા જ નથી.

## ૧.૨૧.૩ * કચ્છપ્રદેશનું સાહિત્ય :-

" કચ્છી સાહિત્ય કચ્છીમાં, ગુજરાતીમાં તેમજ મિશ્ર ભાષામાં મળી રહે છે. જૂના સમયથી અનેક કવિઓ, શાયરો, અને સાધુ–સંતો, બેતો, દોહારાઓ વગેરે રચીને વારસામાં આપી ગયાં છે. આવું સાહિત્ય થોડુંક પ્રગટ થયું છે. પરંતુ મોટા ભાગે અપ્રકટ અને કંઠસ્થ છે. " [૧૦૪]

## ૧.૨૧.૪ * કચ્છનું શિષ્ટ સાહિત્ય :-

કચ્છની ધરતીએ પ્રથમ પંકિતના ગણાવી શકાય એવા વિદ્વાન સાક્ષરો આપ્યા છે. જેમાં 'કચ્છની રસધાર' અને ' કારાણી કળાકુંજ' જેવા પ્રસિધ્ધ અને મૂલ્યવાન ગ્રંથના રચયિતા દુલેરાય કારાણી , 'કારા ડુંગર કચ્છજા' જેવા કચ્છ વિષયક પ્રમાણભૂત માહિતી પૂરી પાડનાર ગ્રંથના રચયિતા વિદેશી વિદ્વાન – સંશોધક વિલિયમ રશબ્રુક, ' કચ્છ દેશનો ઈતિહાસ' જેવા ઐતિહાસિક ગ્રંથના સર્જક આત્મારામ દ્વિવેદી, ' કચ્છ સંસ્કૃતિ દર્શન' ના કર્તા રામસિંહજી રાઠોડ ' ભાતીગર ભોમકા કચ્છ' ના સર્જક નરેન્દ્રકુમાર જોશી વગેરેને મુખ્ય ગણાવી શકાય. એ સિવાય મધુસૂદન ભટ્ટ, હરેશ ધોળકિયા, નરેશ અંતાણી, ભાવના મહેતા, ગોવર્ધન શર્મા, વીનેશ અંતાણી, જયંત ખત્રી, વગેરે પણ કેટલુંક ઉપયોગી સાહિત્ય આપ્યું છે. કચ્છી સાહિત્યકારોમાં પ્રથમ પંકિતના ગણાવી શકાય તેવા સાહિત્યકારોમાં ખાસ કરીને દુલેરાય કારાણી, રામસિંહજી રાઠોડ, રસિકલાલ જોશી,

ગોકુળદાસ બાંભડાઈ, લાલજી નાનજી વકીલ, નરેન્દ્રકુમાર જોશી, એલ.એફ.રશબ્રુક વિલિયમ્સ, વગેરેનું સાહિત્ય અનુક્રમે ચંદ્રવંશ ચરિત્ર, કચ્છની રસધાર, કારાણી કળાકુંજ, વગેરે છે. કચ્છનું સંસ્કૃતિ દર્શન, વિવિધ પ્રકાશનો" બૃહદ ભૂગોળ, " કચ્છ જો કુરુક્ષેત્ર ઝારો " ભાતીગર ભોમકા કચ્છ" તેમજ " કારા ડુંગર કચ્છજા" વગેરે ગ્રંથો અગત્યનું સ્થાન ધરાવે છે.

## ૧.૨૨ * કચ્છનું લોકસાહિત્ય :-

જો કે, દરેક પ્રદેશને પોતાનું આગવું, વિશિષ્ટ એવું લોકસાહિત્ય હોય છે. કોઈપણ પ્રજા તેના લોકસાહિત્ય વગરની હોતી નથી. એ ન્યાયે કચ્છી લોકસાહિત્યમાં કચ્છી પ્રજાનો ધબકાર ઝીલાયેલો છે. " મધ્યકાળમાં રચાયેલ લોકસાહિત્ય ( કે સંત સાહિત્ય ) ને સમજવા તત્કાલીન પરિસ્થિતિને સમજવી પડશે. કચ્છમાં બહારની પ્રજાઓનું આગમન સતત રહ્યું છે. કચ્છ પર તેની પુષ્કળ અસર પડી છે. કચ્છમાં વિવિધ સમયે જુદા–જુદા કબીલાઓ આવતા રહ્યા. જળ કે સ્થળ માર્ગે તેઓ આવ્યાં અને સ્થિર થયાં. કેન્દ્રિય સ્તરે રાજકીય રીતે કોઈ શકિતશાળી એકમ ન હોવાથી કચ્છ વેરવિખેર અને અસ્થિર રહ્યું હતું. આવનાર કબીલા અલગ–અલગ હોવા છતાં મિશ્ર સંસ્કૃતિ અને ભાષાને કારણે જોડાયેલા હતા. આ સંસ્કૃતિ પુરુષ પ્રધાન, સાહસ પ્રધાન, શૂરવીરતા પ્રધાન હતી. વફાદારી, પડકારનો સામનો, આત્મસન્માન, ધૈર્ય, સમૂહ માટે ત્યાગ, સમર્પણની ભાવના, વગેરે ગુણોને માન આપવામાં આવતું હતું. " [૧૦૫] બધાં જ પાસાંઓને અહીંના લોકસાહિત્યએ ઝીલ્યાં છે.

કચ્છી લોકસાહિત્યમાં ખાસ કરીને પિરોલી, ગરબા, કાફી, લોકગીતો, વિનોદ કથાઓ વગેરેનો સમાવેશ થાય છે.

### ૧.૨૨.૧ * સંત સાહિત્ય

### ૧.૨૨.૧.૧ * મેકણનું સાહિત્ય :-

સંતસાહિત્યમાં દાદા મેકણનું સાહિત્ય અગત્યનું છે. આ સંત પુરુષે પોતાના લાલિયા અને મોતિયા સાથે રહીને ભૂખ્યાને રોટલો અને તરસ્યાને જળ આપીને ઉત્તમ માનવસેવા બજાવી હતી. તેમના સાહિત્યમાં આધ્યાત્મિકતા ટપકતી હતી.

**" રે રે મને રામ ઓ, આતમ ઈ મ ભુલ,**
**ત કડેં કનેં ન સુણે, જમે સંઘો હુલ. "** (૧૦૬)

'ર' અને 'મ' અક્ષરથી બોલાતા રામનામનો ઉચ્ચાર કર ઓ આત્મા ! તું આટલું ભુલીશ મા. એમ કરીશ તો કદી જમની હાકલ તને સાંભળવા મળશે નહીં. કચ્છના આ સંત કબીરે લોકોને ઉપદેશ આપવા માટે સાખીઓ અને ભજનોની રચના કરેલી.

### ૧.૨૨.૧.૨ * જેસલ–તોરલનું સાહિત્ય :–

કચ્છના ઈતિહાસમાં જેસલ–તોરલનું નામ પણ પ્રખ્યાત છે. આ ઉભય સંતોએ પણ સંત સાહિત્યની રચના કરી છે. સતી તોરલના ભજનની અમુક પંકિતઓ જોઈએ તો –

**" જેસલ કરી લે વિચાર, માથે જમ કેરો માર,**
**સપના જેવો આ સંસાર, તોરી રાણી કરે છે પોકાર,**
**આવોને જેસલ રાય, પ્રેમ થકી આપણ મળીએ,**
**પૂરા સાધ હોય ત્યાં જઈ ભળીએ. – હો જી...."**(૧૦૭)
**" રોઈ રોઈ કેને સંભળાવું રે, જાડેજો કે' છે,**
**ઊંડા દુઃખ કેને સમજાવું રે, જેસલજી કે' છે,**
**રુદિયો રૂવે ને માયલો ભીતર જલે....."** (૧૦૮)

### ૧.૨૨.૧.૩ * મામૈયાદેવનું સાહિત્ય :–

આ મામૈયાદેવ હરિજન જ્ઞાતિના હતા. પરંતુ તે દૈવીપુરુષ હતા. તેની આગમવાણી કચ્છમાં આજે પણ સંભળાવવામાં આવે છે. મામૈયાદેવનું ખૂન નંદાજામે કર્યું હોવાથી આ મામૈયાદેવે પોતાના કપાયેલા મસ્તક વડે આગમવાણી ઉચ્ચારવા માંડી.

**" કાંઈયું, કુડધર, મૂરવો, રાધુ થીંધો રા,**
**જાડેજેં હથા, ખાંખડ થીંધો કચ્છડો. .. "**

(ભા.ભો.ક) નરેન્દ્ર જોશી. પૃ. ૯૧. આમ કચ્છમાં સંતો દ્વારા સંત સાહિત્યનું પણ ખેડાણ થયું છે.

### ૧.૨૨.૨ * કચ્છી લોકગીતો :-

કચ્છી લોકસાહિત્યમાં લોકગીતોનું ખેડાણ પણ પુષ્કળ માત્રામાં થયેલું છે. સ્ત્રીઓના વિવિધ મનોભાવોને વ્યકત કરતાં લોકગીતોમાં પણ મધુરતા જોવા મળે છે. જેમકે, –

**" કૂંવે પાણીડા કીં વિનાં, પવન તો લગે...**
**પવન તો લગે તે નજર તીં લગે... (૧૦૯)**

### ૧.૨૨.૨.૧ * કચ્છી પિરોલી :-

કચ્છી ભાષામાં પિરોલી પણ એટલી જ અગત્યની છે. આ પિરોલી ઉખાણા જેવો જ એક પ્રકાર છે. જેમાં રમત–ગમ્મત દ્વારા ચાતુર્યતા કેળવવાનો આ ઉદ્દેશ હોય છે. " પિરોલી "શબ્દ સંસ્કૃતના ' પ્રહેલિકા' શબ્દમાંથી અપભ્રંશ થયેલો હોઈ તેનો અર્થ 'ઉખાણું'(૧૧૦) એવો થાય છે. પિરોલીનાં થોડાં ઉદાહરણો જોઈએ તો –

**" લગ લગ ચો, ત ન લગે,**
**મ લગ મ લગ ચો, ત લગે. " (૧૧૧)**

આની નવ ખાણો છે. ઉત્તર આપનાર પૂછે કે જવાબ ઉદ્ભોજમાં છે ? નથી. તો જરોજમાં છે ? હા, એટલે કે મનુષ્યને લગતું છે. પછી વિચારીને જવાબ દેશે કે " હોઠ "

### ૧.૨૨.૨.૨ * કચ્છી સલોકા :-

આમ તો સલોકા એ સંસ્કૃત શબ્દ શ્લોકનું જ અપભ્રંશ છે. તેની રચના સમયોચિત હોય છે. ખાસ કરીને નાત જમણ વખતે કોઈ જમણ બાંધી રાખે ત્યારે આવા સલોકા બોલીને જમવાનું શરૂ કરાય છે. તેવા સલોકામાં જોઈએ તો –

**" એરડો સો જો તા સડકો કૂવો,**
**બેતાલીએમેં ઝગડો થેઓ,**
**દેવધર વાણીએ સરુખો ચેઓ,**
**કારસીંજો નાલો જુગજુગ રેઓ. " (૧૧૨)**

## ૧.૨૨.૨.૩ * કચ્છી કહેણીઓ :- (લોકોક્તિઓ)

કહેણીઓ પણ લોકસાહિત્યનો જ એક પ્રકાર છે. લોકકંઠે રમતી આવી કહેણીઓ ભાવસભર હોય છે. તેની પાછળનો ઈતિહાસ પણ છતો થાય છે. આવી કહેણીઓમાં જોઈએ તો –

**૧. અઘાટ હમીરાવાર :–** જયારે રા' પુંઅરા ઉપર વિયડ ગુર્જરે ચઢાઈ કરી ત્યારે હમીર સુમરો રા ' ની મદદે આવ્યો હતો. તેના સ્મરણમાં કચ્છમાં દસ્તાવેજોમાં ' હમીરની વાર ' એવા શબ્દો લખવાનું શરૂ કર્યું. આ શબ્દ આજે પણ વપરાય છે.

**૨. ફૂલણસી આય :–** "લાખો ફૂલાણી દાન દેવામાં કોઈથી ઊતરતો નહીં. આજે ગજા વગર ચેડસા–ચેડસીમાં ઊતરનાર માણસને માટે ફૂલણસી શબ્દ વપરાય છે."(૧૧૩)

આમ, લોકસાહિત્ય એ આપણી " લોકસંસ્કૃતિનું " અભિન્ન અંગ છે.

## ૧.૨૩ * ઉપસંહાર :–

આ વિશાળ પટાંગણ ધરાવતી આ કચ્છભૂમિની પ્રાકૃતિક રચના અનેરી રહી છે. કુદરતે એક હાથે થપ્પડ મારી છે તો બીજા હાથે પૃથ્વીના પાતાળમાં અઢળક ખનીજસંપત્તિ પણ ઢોળી છે. આ કામણગારી ભૂમિના કામણથી આકર્ષાઈને અનેક પરપ્રાંતીઓએ પગલાં માંડયાં છે. અહીંના સંસ્કારો અપનાવીને કાળની ગર્તામાં વિલુપ્ત થયા છે. તો નેકટેકના રાખણહારાઓ દ્વારા અનેક યુદ્ધો ખેલાઈને શમ્યાં છે. તો કચ્છની જાતિઓ અને તેની લોકસંસ્કૃતિમાં ભારતીય સંસ્કારોનું પ્રતિબિંબ ઝિલાયું છે. આ સંસ્કારી પ્રજાએ પોતાના સાંસ્કૃતિક વારસાને પોષતા ઐતિહાસિક અને પૌરાણિક સ્થળોને સંભાળ્યાં છે. જેમાં– ભદ્રેશ્વર, માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર, અંજાર, કંથકોટનો દુર્ગ વગેરે પોતાનો પ્રાચીનતાનો પરિચય આપે છે. આવી બળવાન ભૂમિ સાહિત્યથી અલિપ્ત કઈ રીતે રહી શકે ? એટલે જ તો અહીંના ઈતિહાસ, સંસ્કૃતિનો સંદર્ભ, આપતા ' કચ્છજા કારા ડુંગર ' , કચ્છ દેશનો ઈતિહાસ, ચંદ્રવંશ ચરિત્ર, કચ્છનું સંસ્કૃતિ દર્શન, ભાતીગર ભોમકા કચ્છ, જેવાં અનેક પુસ્તકો લખાયાં છે. તો તેનું લોકસાહિત્ય અને સંત સાહિત્ય અહીંના મહેરામણની માફક છલકાતું રહ્યું છે.

આમ, રણ અને રત્નાકરથી શોભતી આ ભૂમિ, તેનો અતીત અને અહીંની લોકસંસ્કૃતિ એ સઘળું ઈતિહાસમાં અનેરી ભાત પાડી જાય છે.

## ❑ સંદર્ભ સૂચિ ❑


૧. ડી.જી. વ્યાસ : ' કચ્છનું સંસ્કૃતિ દર્શન', અંતર્ગત ' વાર્તિક ' – પૃ. ૭.

૨. એજન , પ્રકરણ – ૨, પૃ. ૩૬.

૩. એજન, પ્રકરણ – ૨, પૃ. ૩૭.

૪. કંચનપ્રસાદ છાયા : 'ઈતિહાસની આરસીમાં કચ્છ' , –પૃ. ૧૪.

૫. મુનિરાજ વિદ્યાવિજયજી : ' મારી કચ્છયાત્રા', પૃ. ૧૯.

૬. નરેન્દ્રકુમાર જોશી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૭.

૭. એલ.એફ.રશબ્રુક વિલિયમ્સ : 'કારા ડુંગર કચ્છજા', પૃ. ૬૩.

૮. ડૉ. ગોવર્ધન શર્મા, અને ભાવના મહેતા : 'કચ્છ : લોક અને સંસ્કૃતિ',પૃ. ૨૪.

૯. નરેન્દ્રકુમાર જોશી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૧૦, ૧૧.

૧૦. રામસિંહજી રાઠોડ : 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', પૃ. ૧.

૧૧. દુલેરાય કારાણી : 'કચ્છ કલાધર', પૃ. ૨૩.

૧૨. મધુસૂદન ભટ્ટ : 'કચ્છ, કચ્છ ને કચ્છ', . ૧૩.

૧૩. દુલેરાય કારાણી : 'કચ્છ કલાધર', પૃ. ૨૪.

૧૪. એલ.એફ.રશબ્રુક વિલિયમ્સ : 'કારા ડુંગર કચ્છજા', પૃ. ૯.

૧૫. રામસિંહજી રાઠોડ : 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', પૃ. ૩.

૧૬. દુલેરાય કારાણી : 'કચ્છ કલાધર', પૃ. ૨૨.

૧૭. મુનિરાજ વિદ્યાવિજયજી : 'મારી કચ્છયાત્રા', પૃ. ૨૧.

૧૮. એજન, પૃ. ૨૨.

૧૯. નરેન્દ્રકુમાર જોશી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૬૬.

૨૦. એજન, પૃ. ૬૫.

૨૧. મધુસૂદન ભટ્ટ : 'કચ્છ, કચ્છ અને કચ્છ', પૃ. ૨૪.

૨૨. રામસિંહજી રાઠોડ : 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', પૃ. ૧૨.

૨૩. મધુસૂદન ભટ્ટ : 'કચ્છ, કચ્છ અને કચ્છ', પૃ. ૨૫.

૨૪. રામસિંહજી રાઠોડ : 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', . પૃ. ૧૩૮.

૨૫. નરેન્દ્રકુમાર જોશી : 'ભાતીગર ભોમકા', પૃ. ૭૭.

૨૬. એલ.એફ.રશબ્રુક વિલિયમ્સ : 'કારા ડુંગર કચ્છજા', પૃ. ૬૦.

૨૭. ઠાકર બંધુઓ : 'કચ્છ તારી અસ્મિતા અંતર્ગત – કચ્છનું રણ'– પૃ. ૧૪૭.

૨૮. એજન, પૃ. ૯૬.

૨૯. નરેન્દ્રકુમાર જોશી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૨૫૭.

૩૦. દુલેરાય કારાણી : 'કચ્છ કલાધર',પૃ. ૨૩.

૩૧. રામસિંહજી રાઠોડ : 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', પૃ. ૨૩૪.

૩૨. એજન, પૃ. ૨૩૪.

૩૩. એજન, પૃ. ૨

૩૪. દુલેરાય કારાણી : 'કચ્છ કલાધર', પૃ. ૨૩.

૩૫. રામસિંહજી રાઠોડ : 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', પૃ. ૩૦.

૩૬. નરેશ અંતાણી : 'સંશોધનની કેડીએ કચ્છ', પૃ. ૧૬.

૩૭. દિલીપ વૈદ્ય : 'કચ્છ તારી અસ્મિતા', અં. પુરાતત્ત્વની પ્રયોગશાળા, પૃ. ૪૯.

૩૮. નરેશ અંતાણી : 'સંશોધનની કેડીએ કચ્છ', પૃ. ૨૫.

૩૯. નરેન્દ્રકુમાર જોશી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૧૫૧.

૪૦. ઠાકરશી પુરુષોત્તમ કંસારા : 'કચ્છ : ઈતિહાસ અને સંસ્કૃતિ', પૃ. ૨૨.

૪૧. નરેન્દ્રકુમાર જોશી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૧૫૮.

૪૨. એજન, પૃ. ૫.

૪૩. એજન, પૃ. ૬.

૪૪. રશબ્રુક વિલિયમ્સ : 'કારા ડુંગર કચ્છજા', પૃ. ૭૨.

૪૫. એજન, પૃ. ૯.

૪૬. ઠાકરશી પુરુષોત્તમ કંસારાઃ 'કચ્છ : ઈતિહાસ અને સંસ્કૃતિ', પૃ. ૨૬.

૪૭. આત્મારામ દ્વિવેદી : 'કચ્છ દેશનો ઈતિહાસ', પૃ. ૧૩.

૪૮. હરેશ ધોળકિયા : 'મેઘધનુષી કચ્છ', પૃ. ૨૨.

૪૯. નરેન્દ્રકુમાર જોશી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૧૫૯.

૫૦. એજન, પૃ. ૧૫૯.

૫૧. આત્મારામ દ્વિવેદી : 'કચ્છ દેશનો ઈતિહાસ', પૃ. ૧૫.

૫૨. રશબ્રુક વિલિયમ્સ : 'કારા ડુંગર કચ્છજા', પૃ. ૮૨.

૫૩. એજન, પૃ. ૮૩.
૫૪. ઠાકરશી પુરુષોત્તમ કંસારા : 'કચ્છ ઈતિહાસ અને સંસ્કૃતિ',પૃ. ૩૧.
૫૫. વિદ્યાકાંત પટ્ટણી : 'ક. તા. અ. અંતર્ગત', કચ્છ તવારીખ – પૃ. ૬.
૫૬. આત્મારામ દ્વિવેદીઃ 'કચ્છ દેશનો ઈતિહાસ', પૃ. ૨૨–૨૩.
૫૭. આત્મારામ દ્વિવેદી : 'કચ્છ દેશનો ઈતિહાસ', પૃ. ૨૪.
૫૮. દુલેરાય કારાણી : 'ચંદ્રવંશ ચરિત્ર', પૃ. ૬૫૭.
૫૯. એજન, પૃ. ૬૭૪.
૬૦. એજન, પૃ. ૬૭૭.
૬૧. એજન, પૃ. ૬૮૩.
૬૨. રશબ્રુક વિલિયમ્સ : 'કારા ડુંગર કચ્છજા', પૃ. ૧૦૩.
૬૩. દુલેરાય કારાણીઃ 'ચંદ્રવંશ ચરિત્ર', પૃ. ૬૯૬.
૬૪. એજન, પૃ. ૭૬૧.
૬૫. ઠાકરશી પુરુષોત્તમ કંસારા : 'કચ્છ ઈતિહાસ અને સંસ્કૃતિ', , પૃ. ૩૫.
૬૬. એજન, પૃ. ૬૬.
૬૭. દુલેરાય કારાણી : 'ચંદ્રવંશ ચરિત્ર', પૃ. ૮૦૦.
૬૮. રશબ્રુક વિલિયમ્સ : 'કારા ડુંગર કચ્છજા', પૃ. ૧૨૩.
૬૯. ઠાકરશી કંસારા : 'કચ્છ : ઈતિહાસ અને સંસ્કૃતિ', પૃ. ૭૦.
૭૦. રામસિંહજી રાઠોડ : 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', પૃ. ૫૩.
૭૧. એજન, પૃ. ૫૩.
૭૨. વિદ્યાકાંત પટ્ટણી : 'કચ્છ તારી અસ્મિતા', અં. ક.ત., પૃ. ૧૪.
૭૩. દુલેરાય કારાણી : 'ચંદ્રવંશ ચરિત્ર',પૃ. ૮૨૨.
૭૪. એજન, પૃ. ૭૨૦.
૭૫. હરેશ ધોળકિયા : 'કચ્છ કેટલાંક અવલોકનો', પૃ. ૨૦.
૭૬. રશબ્રુક વિલિયમ્સ : 'કારા ડુંગર કચ્છજા', પૃ. ૧૪૯.
૭૭. વાઘુભા જાડેજા : 'ઈતિહાસની આરસીમાં કચ્છ', પૃ. ૯૦.
૭૮. હરેશ ધોળકિયા : 'કચ્છ : કેટલાંક અવલોકનો', પૃ. ૬.
૭૯. રશબ્રુક વિલિયમ્સ : 'કારા ડુંગર કચ્છજા', પૃ. ૧૬૯.

૮૦. દુલેરાય કારાણી : 'ચંદ્રવંશ ચરિત્ર', પૃ. ૮૪૦.

૮૧. હરેશ ધોળકિયા : 'કચ્છ : કેટલાંક અવલોકનો', પૃ. ૨૪.

૮૨. દુલેરાય કારાણી : 'ચંદ્રવંશ ચરિત્ર', પૃ. ૮૪૪.

૮૩. નરેન્દ્રકુમાર જોશી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૧૭૪.

૮૪. એજન, પૃ. ૧૭૬.

૮૫. ડૉ. ગોવર્ધન શર્મા અને ભાવના મહેતા : 'કચ્છ : લોક અને સંસ્કૃતિ', પૃ. ૨૩.

૮૬. ડૉ. ગોવર્ધન શર્મા અને ભાવના મહેતા : 'કચ્છ તારી અસ્મિતા અંતર્ગત', કચ્છનાં અણમોલ રત્નો, પૃ. ૭૦.

૮૭. દુલેરાય કારાણી : 'ચંદ્રવંશ ચરિત્ર', પૃ. ૬૫૫.

૮૮. ડૉ. ગોવર્ધન શર્મા અને ભાવના મહેતા : 'કચ્છ તારી અસ્મિતા અંતર્ગત' કચ્છનાં અણમોલ રત્નો પૃ. ૭૦.

૮૯. દુલેરાય કારાણી : 'ચંદ્રવંશ ચરિત્ર', પૃ. ૮૫૪.

૯૦. હરેશ ધોળકિયા : 'સંત મેકણ : એક વીરલ વ્યકિતત્વ', પૃ. ૫.

૯૧. એજન, પૃ. ૩૦.

૯૨. દુલેરાય કારાણી : 'ચંદ્રવંશ ચરિત્ર', પૃ. ૮૦૫.

૯૩. નરેશ અંતાણી : 'સંશોધનની કેડીએ કચ્છ', પૃ. ૩૯.

૯૪. નરેન્દ્રકુમાર જોષી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૧૮૧–૧૮૨.

૯૫. સુધા પી ઝવેરી : 'કચ્છ તારી અસ્મિતા અંતર્ગત' કચ્છની જ્ઞાતિગંગા, પૃ. ૨૯૮.

૯૬. મધુસૂદન ભટ્ટ : 'કચ્છ, કચ્છ ને કચ્છ', પૃ. ૨૦.

૯૭. નરેશ અંતાણી : 'સંશોધનની કેડીએ કચ્છ', પૃ. ૪૭.

૯૮. લે. ડૉ. દિનેશ જોષી : 'કચ્છ તારી અસ્મિતા અંતર્ગત ' કચ્છની લોકસંસ્કૃતિ ' પૃ. ૩૯.

૯૯. એજન, પૃ. ૪૩.

૧૦૦. નરેન્દ્રકુમાર જોષી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૨૩–૨૪.

૧૦૧. એજન, પૃ. ૨૫.

૧૦૨. એજન, પૃ. ૨૭.

૧૦૩. એજન, પૃ. ૮૨.

૧૦૪. એજન, પૃ. ૮૪.

૧૦૫. હરેશ ધોળકિયા : 'મેઘધનુષી કચ્છ', પૃ. ૧૩૦–૧૩૧.

૧૦૬. નરેન્દ્રકુમાર જોષી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૮૮.

૧૦૭. એજન, પૃ. ૯૦.

૧૦૮. એજન, પૃ. ૯૦.

૧૦૯. હરેશ ધોળકિયા : 'મેઘધનુષી કચ્છ', પૃ. ૧૩૨.

૧૧૦. એજન, પૃ. ૧૩૨–૧૩૩.

૧૧૧. નરેન્દ્રકુમાર જોષી : 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ. ૯૫.

૧૧૨. હરેશ ધોળકિયા : 'મેઘધનુષી કચ્છ', પૃ. ૧૩૩.

૧૧૩. મધુસૂદન ભટ્ટ : 'કચ્છ, કચ્છ ને કચ્છ', પૃ. ૨૭.

## ❑ પ્રકરણ :- ૨ ❑
## : કંઠસ્થ પરંપરામાં પાળિયાનો સંદર્ભ :


૨.૧. પ્રસ્તાવના.

૨.૨. 'લોક' અને સાહિત્ય.

૨.૨.૧. લોકસાહિત્ય એટલે શું. ?

૨.૩. કંઠસ્થ પરંપરામાં પાળિયાઓ.

૨.૪. પ્રાક્કથન.

૨.૫. પાળિયા શબ્દની વ્યુત્પત્તિ.

૨.૫.૧. 'પાળિયા' શબ્દનો ઉદ્ભવ.

૨.૫.૨. જુદાં–જુદાં નામો.

૨.૫.૨.૧. ખાંભો કે ખાંભી.

૨.૫.૨.૨. નાગલિયા અને ચગલિયા.

૨.૫.૨.૩. લાઠ કે લાઠય – લાટ.

૨.૫.૨.૪. ઠેશ કે ઠેશ્ય.

૨.૫.૨.૫. રાગ, છગ, અને ચગ.

૨.૫.૨.૬. ફળા કે ફડેલા.

૨.૫.૨૭. પોરસો.

૨.૫.૨.૮. ઝુંઝાર કે ઝુઝાર.

૨.૫.૨.૯. પાળિયા – પારીઆ – પાવરિયા.

૨.૬. પાળિયાનું પગેરું – વૈદિકકાળ.

૨.૭. પાળિયાઓનું ઐતિહાસિક મહત્ત્વ.

૨.૮. વિવિધભાવે અસ્તિત્વમાં આવેલ પાળિયા.

૨.૮.૧. શૂરાપૂરા કે સૂરધનના પાળિયા.

૨.૮.૨. સતીના પાળિયા.

૨.૮.૨.૧. વિવિધભાવે થતી સતી.

૨.૮.૨.૨. ચારણ આઈઓના પાળિયા.

૨.૮.૩.	સતાના પાળિયા.
૨.૮.૪.	સહગમનના પાળિયા.
૨.૮.૪.૧	અનુમરણ.
૨.૮.૫.	સદેહે સાગવન કે ત્રાગાના પાળિયાઓ.
૨.૮.૬.	અવગતિયાના પાળિયાઓ.
૨.૮.૭.	ઓટો અને પગલાં.
૨.૮.૮.	સમાધિ.
૨.૮.૯.	ક્ષેત્રપાળ કે ખેતરપાળના પાળિયા.
૨.૮.૧૦.	સાંકેતિક પાળિયા.
૨.૯.	પાળિયાની માંડણી કે સર્જન.
૨.૯.૧.	પાળિયાની માંડણી.
૨.૯.૧.૨.	લોકમાન્યતા.
૨.૯.૧.૩.	સ્થાપનાવિધિ.
૨.૯.૧.૪.	સ્થળ.
૨.૯.૧.૫.	પ્રતિષ્ઠાનો સમય.
૨.૯.૧.૬.	ઉત્થાપન.
૨.૯.૧.૭.	જીર્ણોદ્ધાર.
૨.૧૦.	પાળિયામાં કંડારાયેલાં વિવિધ પ્રતીકો.
૨.૧૦.૧.	પાળિયાઓની ઊંચાઈ અને પહોળાઈ.
૨.૧૦.૨.	પાળિયાની દિશા.
૨.૧૦.૩.	પાળિયામાં જોવા મળતાં ત્રણ વિભાગ.
૨.૧૦.૪.	પાળિયાના આકાર.
૨.૧૧.	વિશિષ્ટ પાળિયાઓ.
૨.૧૨.	પાળિયામાં જોવા મળતા પ્રાણીઓ.
૨.૧૩.	પાળિયાઓની વ્યાપકતા.
૨.૧૪.	પાળિયાનો વિનાશ.

## ❑ પ્રકરણ :- ૨ ❑
## : કંઠસ્થ પરંપરામાં પાળિયાનો સંદર્ભ :

### ૨.૧ * પ્રસ્તાવના :-

નદી તેના ખળખળતા નીર દ્વારા ધ્વનિ ઉત્પન્ન કરી શકતી હોય, વૃક્ષ(તરુ) તેનાં પર્ણોથી રાગ રેલાવી શકતાં હોય, પશુઓ પોતાના મુખમાંથી અવાજો કાઢી શકતા હોય, પંખીઓ સુમધુર ટહુકાથી વાતાવરણમાં સંગીત ભરી દેતાં હોય, ભમરાઓ ગુંજારવ કરી શકતા હોય, અરે ! ઘંટીના બે પડમાંથી અવાજ ઉત્પન્ન થતો હોય, જો પનિહારીના બેડામાંથી ધ્વનિ નીકળતો હોય તો માનવ શા માટે મૂંગો રહે ? પ્રકૃતિમાંથી પ્રેરણા લઈને ધીરેધીરે માનવે પોતાની સુખદુઃખની સંવેદનાઓ, ભાવનાઓ મુખદ્વારા પ્રગટ કરી.

જોકે, માનવ પાસે ભાષા ન હતી ત્યારે પણ તે પોતાની ભાવનાઓને હાવભાવ દ્વારા રજૂ કરતો હતો. પણ જયારે ભાષાનો ઉદ્‌ભવ થયો ત્યારે તે તેની ભાવનાઓ લાગણીઓ અનાયાસે જ ભાષા દ્વારા પ્રગટ થતી રહી છે. ઝવેરચંદ મેઘાણીએ નોંધ્યું છે, " એની કુંજોમાં પંખીઓ ટહૂકયા વિના ન રહી શકયાં. તેમ ગુજરાતના માણસો પણ ગાયા વિના ન રહી શકયા. દરજીએ–મોચીએ સીવતાં–સીવતાં ગાયું, ધોબીએ નદીની ભેખડોમાંથી પડછંદ જગાવી પોતાના વસ્ત્રને ઘાએ–ઘાએ ગીતના તાલ બાંધ્યા, વણકરે શાળોના ખડખડાટ સાથે પોતાના સ્વરો મેળવ્યા. ઘાંચીએ પોતાના બળદને પણ રાગે ચડાવી, પરોણાનો પ્રહાર કર્યા વિના કે જીભનો ડચકારો કર્યા વિના એ થાકેલા પશુને પ્રોત્સાહિત કર્યા. ખાણ ખોદનારાએ ત્રિકમના ઘાએ–ઘાએ સૂર છોડયા, મજૂરોએ સૂંડલા સારતાં–સારતાં વાણીને વહેતી કરી, ગાડાવાળાએ પૈડાનો કિચડ–કિચડ અવાજ સાથે અવાજ મેળવ્યો. આ રીતે લોકમાનસના ઉદ્યમો અને ધંધાએ તેને બોલતા કર્યા." (૧) છતાં પણ તેનું પ્રથમ પ્રભાત વણઉકેલ્યું રહે છે. તેની શરૂઆત કોણ, કયારે અને કયાં કરી એ એક પ્રશ્ન છે. વેદકાળની કયારીઓમાં એનાં મૂળ હોય તો પણ પ્રથમ શરૂઆત કોણે અને કયાં કરી તે ચોક્કસ કહી શકાતું નથી. કેમકે, દરેક દેશને, પ્રાંતને તેનું ચોક્કસ લોકસાહિત્ય છે અને તે સદીઓથી ચાલ્યું આવે છે. કહેવાય છે – ચારણ, બારોટ, ભાટ, ભરવાડ, રબારી, ક્ષત્રિયો, પટેલ એમ અઢારેય વર્ણની પ્રજાના મુખમાંથી પ્રસંગોપાત્‌ સાહિત્ય સરી પડયું છે. જે વ્યકિતગત ન રહેતાં આખા સમૂહનું બન્યું. ખાસ તો પ્રકૃતિની એકદમ

નજીક રહેલી પ્રજાએ પ્રકૃતિ પાસેથી પ્રેરણા લઈને પોતાની વાણી ખોલી જે પાછળથી કંઠોપકંઠ બની. એટલે કે, એકના મુખેથી બીજાના મુખે અને બીજાના મુખેથી ત્રીજાના મુખે, એમ એનો અસ્ખલિત પ્રવાહ વહેતો થયો. આવી કંઠોપકંઠ વાણી વિશે પ્રકાશ પાડી તેમાં પાળિયાઓનો સંદર્ભ કઈ રીતે જોડાયેલો છે અત્રે તેના વિશે ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

## ૨.૨ * ' લોક ' અને સાહિત્ય :-

કંઠસ્થ પરંપરાને આમ તો ' લોક વિદ્યાના એક અંગ તરીકે ઓળખી શકાય. કેમકે, કંઠસ્થ પરંપરામાં ઝીલાયેલું સાહિત્ય ' લોક ' માંથી જ ઉદ્‌ભવ્યું છે. માટે તેને લોકસાહિત્ય પણ કહેવામાં આવે છે. કનુભાઈ જાની જેવા વિદ્વાન તો લોકોના સાહિત્યને ' લોકવાઙ્મય ' જેવા શબ્દથી નવાજે છે. જેમાં ' લોક ' શબ્દ તો બહુ જૂનો છે અને અનેક નામો સાથે જોડાયેલો છે. કદાચ વેદોથી પણ પ્રાચીન છે. લોકસંસ્કૃતિ, લોકનાટય, લોકમેળા, લોકજીવન વગેરે તથા જગતના અર્થમાં જનલોક, તપલોક, મૃત્યુલોક, વગેરેમાં ' લોક ' શબ્દ જોડાયેલો છે. જયારે બીજા શબ્દમાં ' લોક ' એટલે અશિક્ષિત, નિરક્ષર એવો જનસમુદાય અને એનું સાહિત્ય એટલે લોકસાહિત્ય.

પરંતુ આ સાહિત્યએ તેની સાથે 'લોક' શબ્દ કયારે લગાડયો તેના અતીતમાં પહોંચવું અઘરું છે, પરંતુ તે માટે પહેલાં સાહિત્યનો વિચાર કરવો જરૂરી થઈ પડે છે. જયમલ્લ પરમારે નોંધ્યું છે. ' સાહિત્ય એ કોઈ વિષયનું નામ નથી. સાહિત્ય આજે વાઙ્મયના અર્થમાં લીધા પછી સંસ્કૃતમાં સાહિત્ય એટલે કાવ્યશાસ્ત્રના અર્થમાં વપરાતો. આજે આપણે જેને સાહિત્ય કહીએ છીએ તે બધું એક કાળે કાવ્યમાં જ ગણાતું ત્યારે ભરતમુનિએ બધું સાહિત્ય એટલે કાવ્ય શુદ્ધાનો નાટકમાં સમાવેશ થઈ જાય છે. એમ પ્રતિપાદન કર્યું છે." (૨)

આ ' લોક 'નાં સુખ—દુઃખ, આનંદ શોક, અનેક આશાઓ વગેરે જીવનના ભાવો જે સાહિત્યમાં રચાયા તે લોકસાહિત્ય બન્યું.

### ૨.૨.૧ * લોકસાહિત્ય એટલે શું ?

ઈતિહાસ, પુરાણો ને માનવ સમૂહોનાં વિધિવિધાનો તથા ધાર્મિક ગ્રંથો

ન હોતાં રચાયાં ત્યારે પણ લોક હતો અને હજી આજે પણ છે. શરીર, મન, ઈન્દ્રિયો, બુદ્ધિ, અને સાધન–સંપત્તિના ઓછા–વધતા વિકાસને કારણે અહંના અને સંસ્કારના ભેદ ઊભા થતા ગયાને એમાંથી ' લોક ' અને ' શિષ્ટ ' એવી બે પરિપાટી સજાયી. શિષ્ટ સંસ્કાર, શાસ્ત્રીયતા, અને પાંડિત્યની ચેતના અથવા અહંકાર જેનામાં નથી અથવા ઓછો છે અને જે એક પરંપરાના પ્રવાહમાં જીવે છે. એવા લોકોની અભિવ્યકિતમાંથી જે તત્ત્વ મળે છે, તેને ' લોક ' તત્ત્વ કહેવામાં આવે છે. આ લોકતત્ત્વ આદિજાતિઓમાં સ્પષ્ટ રૂપે અને સભ્ય–શિષ્ટ સમાજમાં અપ્રત્યક્ષરૂપે રહેલું છે. જયમલ્લ પરમારે, ડૉ. સત્યેન્દ્રનો સંદર્ભ ટાંકતા નોંધ્યું છે – "વાણીમાં ન હોય તે માનસમાં હોય એ માનસને અનુકૂળ – અનુરૂપ લોકસાહિત્યની વસ્તુ અને તેનાં રૂપ પ્રગટ થાય છે. પણ જે પૂરું પ્રગટ થવા સુધી અવૈજ્ઞાનિક રહે એ અવૈજ્ઞાનિકતામાં લોકતત્ત્વ રહેલું છે. એટલે અવૈજ્ઞાનિક અહં ચૈતન્યમાં લોકતત્ત્વ રહેલું છે. આ લોકતત્ત્વ જયાં–જયાં પ્રધાનપણે રહેલું છે. ત્યાં–ત્યાં લોકસાહિત્યનો સ્વીકાર કરવો પડે." (૩)

લોકતત્ત્વનો અંશ ધરાવતી કૃતિ કોઈ ચોક્કસ વ્યકિતની હોતી નથી. જેમાં પ્રકૃતિગત લોકમાનસના અંશો પડેલા હોય છે. આવી કૃતિઓમાં લોકની તમામ ભાવનાઓનો પડઘો પડતો હોય છે. માટે જ તેની વ્યાખ્યા આ રીતે આપી શકાય.

"લોકો થકી, લોકો માટે, લોકો વચ્ચે, રહીને જે રચાયું તે લોકસાહિત્ય." (Of the people, by the people, for the people)." (૪)

અહીં 'લોક'નો નિર્દેશ થયેલ છે. કોઈ ચોક્કસ વ્યકિતનો ઉલ્લેખ થયો નથી. માટે તે સૌ કોઈની કૃતિ બની રહે. ખાસ તો તેમાં લોકમાનસની ભાવના ઝીલાતી હોય છે અને તે અપ્રગટ હોવાથી તેનું ક્ષેત્ર વિશાળ હોવા છતાં નાનું ગણાય. તેની તુલનામાં શિષ્ટ સાહિત્યનો વિસ્તાર ઓછો હોવા છતાં ગ્રંથસ્થ થવાને લીધે તે વિસ્તૃત લાગે. હકીકતમાં શિષ્ટ સાહિત્યની જનની લોકસાહિત્ય જ છે.

જયમલ્લ પરમારે કે.કા. શાસ્ત્રીનું વિધાન ટાંકતા નોંધ્યું છે કે, " આપણા અપૌરુષેય ગણાતા ઋગ્વેદના સૂકતો તથા કથાઓ, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો વગેરે સ્વરૂપની દષ્ટિએ લોકસાહિત્ય જ છે. " (૫)

ભારતના વિદ્વાનો જે લોકસાહિત્યને નવાજે છે, તેનું ઊંચું મૂલ્ય આંકીને શાસ્ત્રો સાથે સરખાવે છે, તેજ લોકસાહિત્યને પાશ્ચાત્ય વિદ્વાનો નિમ્નકક્ષાનું કહેતાં.

ડૉ. ભગવાનદાસ પટેલે નોંધ્યું છે. " આરંભમાં પશ્ચિમના વિદ્વાનોએ જે Folk ને literature નું સ્ત્રોત માન્યું છે તે છે. આદિમ, અસભ્ય, જંગલી લોકો કે જેઓ અંધવિશ્વાસમાંથી મૌખિક સાહિત્યનું પોષણ મેળવે છે. વીસમી સદીના આરંભિક દશકમાં રોબર્ટ ગ્રીવ્સ, ફ્રેંક સિજવિક અને ફ્રાંસિસ ગુજાર જેવા પશ્ચિમના વિદ્વાનોએ ફોકલોરની શાખા–પ્રશાખાઓનું વિવેચન કરતાં ત્યાં સુધી કહ્યું કે "ફોકલોર મનુષ્યની આદિમ અવસ્થાની અભિવ્યકિત છે. તે અસંસ્કૃત સમાજનો વિષય છે." (૬)

* બાર્કરે નોંધ્યું છે – " લોકસાહિત્ય એટલે અસંસ્કૃત લોકોનું જ્ઞાન, સંસ્કૃતિથી દૂર રહેવાવાળા જાતિ સમૂહોનું જ્ઞાન. " (૭)

આવા વિચારોની સામે ભારતના વિદ્વાનોએ તેના હંમેશાં ગુણગાન ગાઈને આપણા પ્રારંભિક સાહિત્ય તરીકે લોકસાહિત્યનો સ્વીકાર કર્યો છે.

જયમલ્લ પરમારે નોંધ્યું છે – " લોકવાણીએ વેદવાણી જેટલી જ પ્રાચીન, સંસ્કારી અને સમૃદ્ધ છે. લોકસાહિત્ય એ લોકવાણીનું સાહિત્ય છે. એટલે તેમાં લોકસંસ્કૃતિનું પ્રભુત્વ રહેલું છે. જેટલી લોકસંસ્કૃતિમાં વિવિધતા, વિપુલતા, અને વ્યાપકતા છે. તેટલી જ લોકસાહિત્યમાં પણ ભરી પડી છે. જેમ લોકસાહિત્યનો આત્મા લોકજીવન છે. તેમ લોકજીવનનું વિજ્ઞાન લોકસાહિત્ય છે. લોકસાહિત્ય તો ધરતીના કણેકણમાં પથરાયેલું છે." (૮)

અને એટલે જ તો ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્યને "બોલાતી જનવાણીનો નિચોડ કહે છે. " (૯)

પરંતુ આ લોકસાહિત્યનો ઉદ્ભવ કયા અને કયારે થયો તેનાં વિશે કહી શકાતું નથી. કેમકે જગતની તમામ પ્રજાને પોતાનું અદકેરું લોકસાહિત્ય છે. આથી તેનું પ્રથમ પ્રભાત વણઉકેલ્યું રહે છે. આદિમાનવ પાસે જયારે ભાષા ન હતી ત્યારે પણ તે પોતાની લાગણી, ભાવનાઓને મુખના વિવિધ અવાજોથી પ્રગટ કરવાનો પ્રયત્ન કરતો રહ્યો છે અને એમાંય જયારે આદિમાનવ પાસે જયારે ભાષા આવી ત્યારે તો દોડનારને જેમ ઢાળ મળ્યો હોય તેમ પોતાની વિવિધ ભાવનાને કંઠમાં સાચવીને એક કંઠથી બીજા કંઠ એમ તેનો પ્રવાહ વહેતો થયો. તે જ કંઠસ્થ સાહિત્ય.

સદીઓથી ચાલ્યો આવતો આ કંઠસ્થ લોકવાણીનો પ્રવાહ કયાંક સાંકળો બન્યો હશે. તો કયાંક પૂરજોશમાં ચાલ્યો હશે. છતાં પણ તેને પોતાની ગતિ છોડી

દીધી નથી.

જયમલ્લ પરમારે નોંધ્યું છે, " લોકસાહિત્ય એટલે વહેતિયાણ નદી સરખું પ્રવાહી સાહિત્ય. " તે વહેતું રહે તેટલા પ્રમાણમાં જ એની નિર્મળતા, એ થંભી જાય ત્યારે નદી મટીને ખાડો બને, ખાડાનુંય ખાબોચિયું બને, ગંધાઈને પછી સુકાઈ જાય, અને લોકસાહિત્યનું સુકાવું એટલે શું ?"(૧૦) પ્રજાના અંતરજીવન પરની અનેક મોટી વિપત્તિ. લોકસાહિત્યની ગંગાને સુકાવું પોષાય નહીં. આજે સાહિત્યમાં સતત ભેળસેળ થતી હોવા છતાં પણ શિષ્ટ સાહિત્યની દાત્રી કાયમ જીવતી રહી છે. અહીં મૌખિક પરંપરાનું લિખિત પરંપરામાં અને લિખિત પરંપરાનું મૌખિક પરંપરામાં સતત રૂપાંતર થતું રહેલું છે. સાથે–સાથે જે કથાઓ મુખ પરંપરામાં જળવાઈ તેમાં પણ સમયાનુક્રમે અનેક ફેરફારો થતા રહ્યા છે. લોકસાહિત્યની મૂળની કથાઓમાંથી કાળક્રમે સાહિત્યકૃતિઓ સિદ્ધ થાય છે. આપણા રામાયણ અને મહાભારતમાં જ નહીં અન્ય વિદેશી ભાષાઓનાં મહાકાવ્યો પણ મૂળભૂત લોકસાહિત્યની પરંપરાના જ લિખિત પરંપરાના સાહિત્યમાં સિદ્ધ થયેલાં સ્વરૂપો છે. છતાંયે લોકસાહિત્ય ( કંઠસ્થ સાહિત્ય ) નો પ્રવાહ આજે પણ અવિરત પણે વહ્યા કરે છે."(૧૧)

"કંઠસ્થ પરંપરાના વાહકોએ લોકસાહિત્યની નહેરને કાયમ વહાવી છે એ એટલે સુધી કે, વેદો, ઉપનિષદો, આરણ્યકો ને સ્મૃતિઓ જ નહીં. પરંતુ કાલિદાસ તથા જયદેવ સુધ્ધાની ઉત્તમ કૃતિઓને અંતરમાં ઝીલીને લોકભાષામાં લોકો સુધી પહોંચાડી હતી."(૧૨)

હજારો વર્ષ પહેલાના લોક અને તેના સાહિત્યના આરંભને તપાસવા કયાં સુધી દષ્ટિ દોડાવવી ? વિનોબાજીએ કહ્યું છે તેમ " બુઝુર્ગોના ખભા ઉપર બેસીને દષ્ટિપાત કરતાં મારી નજર દેશ અને કાળને ઓળંગતી રહી અસ્ખલિત ધારે ચાલી રહેલા માનવવણઝારો માથે મંડાય છે. અતીતને ભેદતી રહી ઈતિહાસયુગને ઓળંગતી રહી એ નજર પુરાણયુગ માથે મંડાય છે. ત્યાં પણ એ જ માનવ વણઝાર વહેતી દેખાય છે. દષ્ટિ દોડતી જ રહે છે. પુરાણકાળને વીંધીને એ વેદકાળ માથે મંડાય છે."(૧૩)

"કંઠસ્થ સાહિત્યની ભાષા એ લોકોની બોલચાલની ભાષાઓ હતી અને એનાં ઊંડામાં ઊંડા મૂળ વ્યાકરણબદ્ધ સંસ્કૃત ભાષાની નહીં પણ વેદકાળમાં ભિન્ન–ભિન્ન પ્રદેશોમાં બોલાતી પ્રાદેશિક પ્રાકૃત ભાષાઓની કયારીઓમાં હતાં."(૧૪)

આ રીતે લોકસાહિત્યનાં મૂળ અનેકકાળ વીંધીને છેક વેદકાળમાં જોવા મળે છે. ત્યારે આપણે આવા આદિમ સાહિત્ય ઉપર કાદવ ન ઉછાળી શકીએ. તે માનવની લાગણી, સંવેદનાને વ્યકત કરતું સાહિત્ય છે. તેના માટે જયમલ્લભાઈ બહુ સૂચક વાત કરતાં કહે છે. – " લોકસાહિત્યની કેટલીક કૃતિઓ શિષ્ટ સાહિત્યના ઘણા કવિ લેખકો કરતાં ઉત્તમ કોટિની છે. છતાં શુદ્ધ ગુજરાતીમાં લખાયું માટે તે શિષ્ટ અને લોકભાષામાં રચાયું માટે તે ઉપસાહિત્ય. શિષ્ટ ગણાતું નૂતન સાહિત્ય આજે કયાં પહોંચ્યું છે ? શિષ્ટ સાહિત્યનું મોટા ભાગનું લખાણ લોકસાહિત્યમાંથી સરજાય છે. ત્યારે મોટાભાગનું લોકસાહિત્ય જીવનમાંથી પ્રગટે છે. સરળ શબ્દ દ્વારા સત્ય પ્રગટ ન થાય ? સરળતા વડે સૌંદર્ય ન નીપજે ? સરળ લાગતા શબ્દોની રચનામાં અર્થ અને રહસ્ય નથી હોતા ? અઘરા કે દુર્બોધ શબ્દોમાંથી જ પ્રાણ પ્રગટે ? જો શબ્દ વગરના સૂરમાંથી ભાવ પ્રગટ કરી શકાતાં હોય તો લોકભાષામાંથી તે કેમ ન પ્રગટે ? સરળ જીવનમાં જે સંસ્કાર અને સરલતા હોય છે. તેની અભિવ્યકિત વિશિષ્ટ ભાત નીપજાવે છે." [૧૫]

આમ, લોકોનું, લોકો વડે જે જે સાહિત્ય નીપજતું હોય છે. તે સઘળી માનવજાતની ભાવનાનું પ્રતિબિંબ પાડે છે. શરૂઆતમાં ભલે તે કોઈ એક વ્યકિત દ્વારા સર્જાતું હોય પરંતુ પાછળથી તે સમૂહનું સર્જન બને છે. કેમકે, એકના કંઠેથી તે બીજાના કંઠે જાય છે. ત્યારે તેમાં સતત ફેરફાર થયા કરે છે. વળી અઢારેય વર્ણના લોકો પાત્રો તરીકે આવે છે. માટે તે વ્યકિતગત સર્જન મટી સમગ્ર સમાજનું સર્જૅન બને છે. વિશ્વના દરેક દેશને, પ્રાંતને, સમાજને આવા સર્જનની ભેટ મળેલી છે. કોઈ દેશ એવો નહીં હોય કે જેને પોતાનું નિરાળું લોકસાહિત્ય ન હોય.

"સાહિત્યની વિશ્વવ્યાપી કામધેનુના આંચળો દોહવાનો અધિકાર પ્રત્યેક ભાષા કે બોલીના સર્જકને નથી ? લોકસાહિત્યના પુરસ્કર્તાઓએ ઉપસાહિત્યનું એ અપમાન ગળી નથી ખાધું. એ નિષ્ક્રિય નથી રહ્યા. ભલે લોકસાહિત્યના મસ્તક ગગને ન અડતાં હોય, પણ એના પગ તો ધરતીને અડેલા છે. ધરતીની રજ રજોટાવામાં એ સૌભાગ્ય માને છે. લોકસાહિત્ય જીવી ગયું છે. ઝળહળે છે એ જ એનાં ચીર અસ્તિત્વનો પુરાવો છે. એ શિષ્ટ સાહિત્યના મહિમાનો પડછાયો બનીને પાછળ–પાછળ નથી ભાગ્યું. એટલા માટે કે એનામાં જીવનનિષ્ઠા છે, પ્રામાણિકતા છે, ભદ્રિકતા છે, કુલીનતા છે. સાહિત્ય તો આકાશ જેટલું અગાધ અને પાતાળ જેટલું પ્રસારિત છે. એમાં મહત્તાને લઘુતાની શિષ્ટ

અને અશિષ્ટની ભેદ દીવાલો શે સંભવે ? એ ભેદ મનની સંકુચિતતામાંથી ઉચ્ચતાના અહંમાંથી પેદા થયા છે. વર્ષાના વારિ છીપમાં ઝીલાય ત્યાં મોતી પાકે અને ખેતરમાં ઝીલાય ત્યાં મોલ પાકે, બેમાંથી એકેય ઓછાં મૂલ્યવાન નથી." (૧૬)

લોકસાહિત્ય એ જીવનનું સાહિત્ય છે. જેને–જેને લોકસાહિત્ય સમજાયું છે, તે દરેકે તેનું મૂલ્ય આંકયું છે અને શ્રદ્ધાથી જોયું છે. લોકસાહિત્યને ઓળખવા માટે એક અલગ જ જીવનદષ્ટિ જોઈએ, તો જ તેને પામી શકાય. આ સાહિત્ય વિશે ઘણા વિદ્વાનોએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. ઝવેરચંદ મેઘાણી, જયમલ્લ પરમાર, કાકાસાહેબ કાલેલકર, પુષ્કર ચંદરવાકર વગેરે. જેમાં જયમલ્લ પરમારે નોંધ્યું છે, " લોકસાહિત્ય માત્ર રસદર્શન નથી. પ્રથમ તો એ જીવનદર્શન છે. આજસુધી આપણી સામે એનું રસદર્શન જ થતું રહ્યું છે. તેથી જીવન દર્શન ભૂલાયું છે. લોકસાહિત્ય એ મનોવ્યાપારનું સાહિત્ય નથી. પણ મન સાથેના જીવનનું એટલે કે, જીવનનિષ્ઠ સાહિત્ય છે. લોકસાહિત્ય પુસ્તકોમાં નથી. ફિલ્મો કે રેકોર્ડમાં નથી. નથી એનાં ગીત–સંગીત કે મનોરંજનમાં એ તો લોકજીવનમાં છે. લોકજીવનનો જેટલો અનુભવ એટલું લોકસાહિત્ય સમજાય, પુસ્તકો સમજવામાં તે આપણને મદદ કરે. પ‍િમનાં પુસ્તકો વાંચીને તેને આધારે આપણા લોકસાહિત્યની મૂલવણી કરવી એમાં નથી તર્ક કે નથી વિજ્ઞાન. એના અભ્યાસ સિવાય જીવનદષ્ટિ ખુલ્યા સિવાય લોકસાહિત્ય પમાતું નથી. લોકસાહિત્યની જીવનદષ્ટિ એટલે લોકજીવનના વિજ્ઞાનનો માર્મિક અભ્યાસ. એકવાર એ દષ્ટિ ખુલી જતાં લોકજીવન જેના–જેના વડે પુષ્ટ થયેલું છે, તેવાં પ્રકૃતિના કુદરતનાં તમામ રહસ્યો ખુલતાં આવશે. લોકસાહિત્ય માત્ર દુહા, ગીત, છંદ કે વાર્તામાં જ પરિસમાપ્ત થતું નથી. જેટલું જીવન વ્યાપક છે, તેટલું જ લોકસાહિત્ય વિશાળ છે." (૧૭)

આપણી લોકસંસ્કૃતિ હંમેશાં આ વિશાળ–વ્યાપક લોકસાહિત્યનો મહિમા ગાતી રહે છે અને પ્રગટ કરતી રહી છે. સાહિત્યના ક્ષેત્રે પ્રત્યેક રાજયની પોતાની વિશેષતા હોય છે. "ગુજરાત ગૌરવ લઈ શકે તેવો લોકવિદ્યાનો સમૃદ્ધ વારસો તેની પાસે છે." (૧૮) ગુજરાતમાં આ કંઠસ્થ લોકવાણી લોકસાહિત્યનો સમૃદ્ધ વારસો સદીઓથી ચાલ્યો આવ્યો છે. "લોકસાહિત્ય પ્રાણ ધબકતી જાતિનું સંસ્કારો ઉચ્ચારણ અને સંવેદનાયુકત સાહિત્ય છે." (૧૯)

આમ જુઓ તો કચ્છ, સૌરાષ્ટ્ર, મારવાડ, મેવાડ, અને માળવાનું

લોકસાહિત્ય એ એક ભાષાનો અને સંસ્કૃતિનો વારસો છે, પણ જયારે કોઈ એક પ્રદેશમાં ચોક્કસ સાહિત્યની ગ્રંથમર્યાદા બંધાય અને પ્રાદેશિકતા ઊભી થાય ત્યારે બીજા પ્રદેશનું સાહિત્ય આપોઆપ અલગ તરી આવે છે." [૨૦]

### ૨.૩ * કંઠસ્થ પરંપરામાં પાળિયાઓ :-

એ જ રીતે ગુજરાતના દરેક પ્રદેશને પોતાનું નિરાળું લોકસાહિત્ય છે. જેમાં કચ્છી લોકસાહિત્ય પોતાનું એક આગવું સ્થાન ધરાવે છે. કંઠસ્થ પરંપરામાં દુહાઓ, કથાઓ, રાસડાઓ વગેરેનો સમાવેશ થાય છે. કચ્છપ્રદેશનું એક ગામ પણ એવું નથી કે જયાં સંત, સૂરા, સતી, ભકત તથા દાતાઓ ન પાકયા હોય, અને જયાં સંત, શૂરા પાકયા હોય ત્યાં તેને કથામાં કે દુહામાં બિરદાવનારા પણ પાકયા હોય છે. રામસિંહજી રાઠોડે નોંધ્યું છે. " કચ્છી દુહામાં વીરરસની વાતો વધારે હોય છે. કચ્છમાં પાળિયાઓનો એક અનોખો માહોલ છે." [૨૧] જેમાં પાળિયો થઈને પૂજાતા વીરપુરુષની શૌર્યતા ભરી વાતો કહેવાનું કચ્છના ચારણો કયારે ચુકયા નથી.

પહેલાંના જમાનામાં ચારણો માત્ર રાજાઓ માટે જ દુહા રચતા એવું નથી. પરંતુ કોઈ બહેન–દીકરી, ગાય કે ગામના રક્ષણ માટે બલિદાન આપનાર કોઈપણ વીરપુરુષની બિરદાવલીઓ પણ રચતા.

આમ તો લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય વચ્ચે ખૂબ પાતળી ભેદરેખા છે. કેમકે જયારે કોઈ બનાવ કે ઘટના બને છે ત્યારે સામાન્ય જનસમુદાય અને ચારણો એમ બધા તેના સાક્ષી રહેતા હોય છે. પરંતુ સામાન્યજન (ચારણેત્તર) તેના રાસડા બનાવે છે. કે પછી એ ઘટનાને પોતાના કંઠમાં સાચવી રાખે છે અને પછી એ વાત બીજાને કહે છે, બીજા ત્રીજાને અને ત્રીજા ચોથાને એમ આખી વાત પરંપરાગત બને છે. જયારે ચારણો એ ઘટનાને દુહામાં રચે છે. એ દુહામાં કયાંકને કયાંક પોતાનું નામ મૂકે છે, એટલે એ સાહિત્ય ચારણોએ રચેલું છે એવું સાબિત થાય છે. જયારે ચારણેતર પોતે રચેલ રાસડા કે કથામાં પોતાનું નામ મૂકતો નથી. પરિણામે એ આખા જન કે સમાજનું સાહિત્ય બને છે. ચારણો પોતાની રચનાને લોકસાહિત્યમાં ખપાવતા નથી. છતાં પણ વીરરસના વાહક ચારણોના દુહા પરંપરાગત બને છે. ડૉ. બળવંત જાનીએ નોંધ્યું છે– "ઈતિહાસમૂલક વિગતોને યાદ રાખનારાઓ–જાળવનારા અને એને કથન દ્વારા રજૂ કરનારાઓની પણ

એક પરંપરા આપણે ત્યાં પ્રાચીનકાળથી વિદ્યમાન છે. બારોટ અને ચારણ બે જ્ઞાતિઓનું પ્રમુખ કાર્ય રાજકીય–સામાજિક ઈતિહાસને સંસ્કૃતિને અભિવ્યકિત અર્પવાનું રહ્યું છે. સાંસ્કૃતિક–રાજકીય બનાવોને કવિતાનો – કથાનો વિષય બનાવીને કવિતા કે વાર્તા રચેલ હોય, પછી આ કાવ્યો લોકસાહિત્યની પ્રકૃતિને અનુકૂળ–અનુરૂપ કથનનાં સ્વરૂપના હોવાને કારણે તથા લોકગીત રાગમાં અભિવ્યકિત પામતાં હોવાને કારણે, લોક પરંપરામાં – કંઠસ્થ પરંપરામાં વહેતાં રહીને લોક સાહિત્યના ક્ષેત્રમાં ભળી જતાં હોય છે. આ બારોટ–ચારણોની રચેલ કવિતા – વાર્તા – સાહિત્ય આખરે તો ' લિરિકલ નેરેટિવ મોડ ' કે માત્ર નેરેટિવ મોડમાં દુહા, રાસડા, કે દુહાબદ્ધ કથાઓ અને ' નેરેટિવ મોડ ' માં પવાડા, રાસા કવિતાઓ મુખ્યપણે પ્રયોજાયેલી જોવા મળે છે. આમાંનું મોટાભાગનું સાહિત્ય સર્જન રાજયાશ્રિત બારોટ કે ચારણો દ્વારા રચાયેલું હોય છે. એટલે એમાં પ્રશસ્તિનો ભાવ સવિશેષણપણે પ્રવેશ્યો હોય એ પણ સ્વાભાવિક છે. એમનો આશય પરાક્રમશીલતાને બિરાદાવવાની અને અન્યાય સામે અવાજ ઉઠાવવાની નિર્ભકતાની વૃત્તિ પ્રજામાં પણ ઊતરે એ હતો. આવા લોકાભિમુખ આશયને કારણે આવી રચનાઓ લોકોમાં ઝીલાઈને કંઠોપકંઠ જળવાઈ રહેતી હોય છે." (૨૨)

ડૉ. અંબાદાન રોહડિયાએ નોંધ્યું છે, " ચારણી સાહિત્યમાં ભકિત જેટલું જ મહત્ત્વ ઈતિહાસને મળ્યું છે. સંત, સતી અને શૂરાના ઈતિહાસને ચારણોએ જીભને ટેરવે સાચવેલ છે. મધ્યકાલીન રાજાઓના પૂર્વજોથી આરંભીને તેમનાં સાંપ્રત સમયનો ઈતિહાસ ચારણોએ કાવ્યોમાં જાળવ્યો છે. વસ્તુતઃ સમાજમાં ધર્મ, નીતિ, સત્ય, ત્યાગ, બલિદાન અને માતૃભૂમિ પ્રત્યે આદર ઈત્યાદિ સંસ્કારો દઢમૂળ કરવા માટે ચારણોએ ઐતિહાસિક પરંપરાને સવિશેષ મહત્ત્વ આપ્યું છે." (૨૩)

ચારણોએ ભકતો, શૂરા, સંતો, દાતાઓ, બહારવટિયાઓના દુહા જ ગાયા છે એવું નથી. પરંતુ આ ઉપરાંતની ઘણી વાતો તેના સાહિત્યમાં કરી છે. ચારણી સાહિત્ય ' કલા ખાતર કલા ' નું નહીં પણ ' જીવન ખાતર કલા ' નું હિમાયતી છે. ચારણી સાહિત્યમાં જીવન કેવું છે, તેનું નહીં પણ જીવન કેવું હોવું જોઈએ તેની વાત કરવામાં આવી છે. ચારણોએ સાહિત્ય દ્વારા આદર્શ પ્રસ્થાપિત કરવાની વાત કરી છે. ભૌતિકલાલસાઓ – એષણાઓને બદલે તપ, ત્યાગ, બલિદાન, શૂરવીરતા, અને જીવનમૂલ્યોને પ્રાણાંતે પણ ટકાવી રાખવાની પ્રેરણાના પીયૂષ ચારણી સાહિત્યએ

પીવડાવ્યાં છે. સમરાંગણમાં પારોઠનાં પગલાં ભરવાને બદલે ધર્મ, ધરા અને ચારિત્ર્ય માટે સર્વસ્વની આહુતિ આપવાની સોનેરી શિખામણ આપીને ચારણોએ વીરમૃત્યુનો મહિમા દર્શાવ્યો છે. વળી, સાંપ્રદાયિક સદ્‌ભાવ અને સર્વધર્મસમ – સર્વધર્મમમની હિમાયત કરીને ધાર્મિક ઝઘડાઓ નિવારવાની વાત કરી છે. અર્થાત્ ચારણોએ સ્વધર્મનું જતન કરવાની વાત કરી છે. પરંતુ વિધર્મીઓ પર જુલ્મ ગુજારવાની વાત કરી નથી. આમ, જીવો અને જીવવા દો, ની વાત ચારણી સાહિત્યમાં છે. અલબત્ત કોઈથી ડરીને, ભૌતિક સુખની એષણાથી કાયરતાપૂર્ણ જીવન જીવવા ને બદલે મોતને મીઠું કરવાની વાત ચારણી સાહિત્યનો આદર્શ છે." (૨૪)

જો કે, કચ્છભૂમિ પ્રારંભથી જ ચારણો અને ચારણી સાહિત્ય સાથે સંકળાયેલી હોવાથી સ્વાભાવિક છે કે, કચ્છની દરેક પ્રજાના દરેક પ્રસંગના તેઓ સાક્ષી રહ્યા હોય, ત્યારે શુભ કાર્ય માટે રાજા તથા પ્રજાને જોમ આપીને ઊભી કરી છે. તેમજ ભૂલ ભરેલાં કાર્ય માટે એ જ ચારણે પોતાના દુહાથી તેને ફટકાર્યા છે. અંબાદાન રોહડિયાએ નોંધ્યું છે, " અવસર આવે ખાંડાના ખેલ ખેલીને પણ ધર્મ, ધરા અને ચારિત્ર્યનું રક્ષણ કરનારા શૂરવીરોના ગુણાનુવાદ જ ચારણોએ કર્યા છે. એ ક્ષણે તેઓએ રાય કે રંકના ભેદ ગણ્યા નથી. ચારણી પરંપરામાં તો " ગાય ને વાળે (બચાવે) તે જ અરજણ " અર્થાત્ ગાયને કસાઈ વાડે જતાં બચાવે તે જ અર્જુન એવી માન્યતા પ્રવર્તે છે. આથી ચારણોએ એવા વીરો, સતીઓ અને દાનવીરોના જ ગુણાનુવાદ કર્યા છે. એ વાતની પ્રતીતિ કરાવતો એક દુહો મળે છે. :

**" માત પિતા સુત મેહળા, બાંધવ બિસારેહ,**
**શૂર દત્તા સતિયાં ચરિત, ચારણ ચિતારેહ. "** (૨૫)

( માતા–પિતા, પુત્ર, પત્ની અને ભાઈએ સર્વ માનવને મૃત્યુ પછી થોડા સમયે વીસરી જાય છે. પરંતુ શૂરવીરો, દાતારો અને સતીઓનાં ચરિત્રોને ચારણો કયારેય વીસરતા નથી. તેને દીર્ઘકાળ સુધી યાદ રાખે છે. )

સત્યવકતા ચારણો માત્ર ગુણગાન જ નથી ગાતા, પરંતુ વખતે આવ્યે આશ્રયદાતા રાજાની પણ સખત શબ્દોમાં ઝાટકણી કાઢતા ખચકાતા નથી.

"માવલ વરસડા રાજકવિ હોવા છતાં અવસર આવ્યે લાખા ફૂલાણીને પણ સત્ય સંભળાવીને પોતાનો ચારણધર્મ બરોબર જાળવે છે. એક વખત લાખા ફૂલાણીએ

માવલ વરસડાની હાજરીમાં જ પોતાની ઉદારતા અને દાનવીરતા અંગે પોતાની રાણી પાસે ગર્વોકિત કરી, ત્યારે સ્પષ્ટવકતા કવિએ તત્ક્ષણ સત્ય સંભળાવતા દુહો કહ્યો કે,

**" લાખા ! રાણી ન પૂછીએ, પૂછો મંગળહાર,**

**જેના ઘરમાં ઘૂમતા, દશ દિશના દાતાર. "**

( લાખા ! આવી, મારા સરખો કોઈ બીજો દાતાર છે ? એવી, વાત રાણીને ન પૂછીએ, પણ કવિઓને પૂછો કે જેમના દિલમાં દશેય દિશાના દાતારો રમી રહ્યા છે.) રા ' લાખા ફૂલાણીના રાજકવિ હોવા છતાં ચારણે રા ' ના મોં ઉપર સ્પષ્ટ વાત જણાવીને તેને ( રા' ને) અભિમાન ન કરવા જણાવ્યું." (૨૬)

આવા સ્પષ્ટ વકતા ચારણોએ પાળિયા થઈને પૂજાતા વીરપુરુષો કે સતીઓને પણ પોતાના દુહાઓ તેમજ કવિતમાં જીવતા રાખ્યા છે. જોકે, પાળિયાકથા સાચવવામાં બારોટોનું પ્રદાન પણ મોટું છે. તેને પોતાની વહીમાં ઘટના કે પ્રસંગોને જાળવ્યા છે.

બળવંત જાનીએ નોંધ્યું છે કે, " પરહિતાર્થે પરાક્રમ કરનારા, પરહિતાર્થે બલિદાન આપનારનો મહિમા ઈતિહાસલક્ષી કવિતામાં સવિશેષ ગવાયો છે. આમ કંઠસ્થ પરંપરાની ઈતિહાસલક્ષી કવિતાએ મૂલ્યબોધની અને એ નિમિત્તે લોકસંસ્કૃતિનો સંનિકટ પરિચય કરાવનારી કવિતા છે. એમાં ઈતિહાસના અંશો – ખંડ રૂપે હોય છે.પૂર્ણ ઈતિહાસનું આલેખન એનો હેતુ જ નથી હોતો લોકસંસ્કૃતિ અને મૂલ્યબોધ એના કેન્દ્રમાં હોય છે." (૨૭)

"મધ્યકાળમાં જયારે પ્રકાશનની સુવિધા ન હતી, ત્યારે ચારણોએ વિગતોને કંઠોપકંઠ સાચવવા માટે તેને દુહાઓમાં કાવ્યબદ્ધ કરીને તેનું સંગોપન કર્યું છે. આથી જિહ્‌વાગ્રે જળવાયેલ વિગતો તુરત જ ખપમાં આવી શકે છે. આ પરંપરાનું અનુસંધાન આજપર્યંત જળવાયેલ છે." (૨૮)

આમ, અન્ય ઘટનાઓની સાથે–સાથે પાળિયાકથાઓને દુહામાં, કવિતમાં કે નોંધ કરીને જાળવવામાં ચારણો અને બારોટો મુખ્ય છે. જો કે, ચારણેતર સમાજે પણ પાળિયાકથાને કંઠોપકંઠ સાચવવામાં પોતાનો ફાળો નોંધાવ્યો છે. આજે નામશેષ થતા જતા શૂરા–સતીના પાળિયાઓની કથા ચારણો પાસેથી, બારોટના ચોપડામાંથી અને ગામને પાદર બેઠેલા કોઈને કોઈ વૃદ્ધ પાસેથી પ્રાપ્ત થાય છે. તો

પાળિયા એટલે શું ? પાળિયાનું શિલ્પવિધાન, પાળિયા બેસાડવાની પ્રથા કયારે શરૂ થઈ, તેના વિગતે વિશે ચર્ચા કરીશું.

## ❑ પાળિયાની વિભાવના અને પરંપરા ❑

### ૨.૪ * પ્રાક્કથન :-

ગુજરાત અનેક બાબતોમાં સમૃદ્ધ વારસો ધરાવે છે. એ પછી ઈતિહાસ હોય, સંસ્કૃતિ હોય, સાહિત્ય હોય, કે પછી પુરાતત્ત્વના અવશેષો હોય. એમાંય આ સમૃદ્ધિનો મબલખ પાક ગુજરાતના કોઈ ખૂણે ઊતર્યો હોય તો તે છે. કોડિલી, કામણગારી, અલગારી એવી કચ્છ ધરા. આ ધરાના વિશાળ પટાંગણમાં શું નથી ? કુદરત અને માનવે મળીને વિપુલ સમૃદ્ધિ ખડકી દીધી છે. આ ધરાને ધાર પછી કુદરતે બક્ષેલ રણ હોય કે મહેરામણ હોય કે પછી પૃથ્વીના પેટાળમાં રહેલી ખનીજસંપત્તિ હોય કે પછી માનવમાંથી જ ઉદ્‌ભવેલ સંતો હોય, પીરો હોય, દાતાઓ હોય કે ખાંડાના ખેલ ખેલનાર શૂરવીરો હોય ! નાગજીભાઈ ભટ્ટીએ નોંધ્યું છે : " ઈતિહાસ, પુરાતત્ત્વ અને સંસ્કૃતિની દષ્ટિએ કચ્છ સમૃદ્ધ છે. ઈતિહાસ આલેખનની પરંપરિત વિચારણા અર્વાચીન સંદર્ભમાં તદ્દન બદલાઈ ગઈ છે. ઈતિહાસ એ રાજવીઓની પરાક્રમગાથા નથી, પણ પ્રજાના પુરુષાર્થનો પ્રવાહ છે. વિશિષ્ટ વ્યકિત તરીકે એમાં રાજાનું સ્થાન ખરુ, પણ કેન્દ્ર સ્થાને તો પ્રજા જ છે. " (૨૯)

કચ્છી પ્રજાની ઉદારતા, તેની અસ્મિતા, તેની નૈતિકતા ટૂંકમાં તેના બેમિશાલ વ્યકિતત્વની ઓળખ કે પિછાણ કચ્છ વિષયક લગભગ દરેક પુસ્તકમાં પાને–પાને પથરાયેલ છે. કચ્છભૂમિનો એકેય વિસ્તાર એવો નથી કે જયાં નેક–ટેકવાળા ખમીરવંતા નર–નારીઓ ન પાકયાં હોય. એક બાજુ મેકણદાદા, મામૈયાદેવ, તોરલ, જેવાં સંત સ્ત્રી–પુરુષો દેવ થઈને પૂજાય છે. તો રાવળપીર, હાજીપીર, મોડપીર જેવા પીરો પોતાનો પરચો પૂરો પાડે છે. બીજી બાજુ જગડુશા દાતાર, સુંદરજી સોદાગર, લક્ષ્મીદાસ કામદાર, જેવા દાનવીરોની દાતારી આજેપણ પુસ્તકનાં પાનાઓમાં અંકિત થયેલી છે. તો માનવ તેમજ માનવેતર માટે આત્મબલિદાન આપનાર ચારણઆઈઓનાં સ્થાનકો ગામેગામ તેની ઊજળી પરંપરા ગાય છે. તેજ રીતે વિપત્ત આવ્યે કચ્છનો નાનામાંનાના માણસે પણ રણમેદાનમાં કૂદીને પોતાની બહાદુરીનો પરિચય આપ્યો છે.

એ પછી ગમે તે જાતિનો માણસ હોય, રાજપૂત હોય, પટેલ હોય, બ્રાહ્મણ હોય, વણિક હોય, લોહાણા હોય, ચારણ હોય, કોળી હોય, હરિજન હોય, કે પછી ઢોલ વગાડનારો મામૂલી ઢોલી હોય. કયાંક ગામના રક્ષણને ખાતર, બહેન–દીકરીને ખાતર, મૂંગાપશુઓને ખાતર કે ન્યાયને ખાતર તેણે પોતાનાં લીલુડાંમાથાં ધરણીને ખોળે રમતાં મૂકયાં છે. પરિણામે અસ્તિત્વમાં આવ્યા છે આપણા પાદરના પાળિયાઓ. નાગજીભાઈ ભટ્ટીએ નોંધ્યું છે, " પાળિયાઓની કથાઓ રાજાથી માંડીને અદના માનવી સુધીની વિરાટ જનતાને આવરી લે છે. ઈતિહાસ મોટેભાગે રાજવીઓ વચ્ચેની સ્પર્ધા, પરાક્રમ અને કાવાદાવાઓની કથા વર્ણવે છે. સામાન્ય માનવીઓની એ સદંતર ઉપેક્ષા સેવે છે. પાળિયાઓની કથાઓ તત્કાલીન સમાજ, તેની પરંપરા કે રૂઢિભાવના, રહેણીકરણી તેમજ વટવ્યવહારનું રોમાંચક ચિત્ર પૂરું પાડે છે. તેમાં સમાજના દરેક વર્ગનું પ્રતિનિધિત્વ થતું હોઈ, સમાજનું તત્કાલીનચિત્ર ઉપસતું હોય છે. ગરાસિયા, ઠકરાઈ કે રાજપૂત, બ્રાહ્મણ, વાણિયા, ઠક્કર, સલાટ, સુથાર, ઘાંયજા (વાણંદ, કોળી, લંઘા) જેવી કચ્છની વિવિધ જાતિઓએ પ્રાણાર્પણ કરી, એક ભવ્ય સામાજિક પરંપરાનું સર્જન કે અનુસરણ કર્યું છે." (૩૦)

આમ, અવસર આવ્યે અદના–માનવીએ પણ કયારેય પાછું વળીને જોયું નથી અને હસતાં મુખે પ્રાણોની આહુતિ આપીને ઈતિહાસને ઉજાવ્યો છે. ઊજળાં બલિદાન આપનારાઓના પાળિયા એ તો આપણી લોકસંસ્કૃતિનાં પ્રતિનિધિઓ છે. આપણા લોકસંસ્કારનું જીવતું પ્રતીક જો કોઈ હોય તો તે છે શૂરા–સતીઓના પાળિયાઓ. જયમલ્લ પરમારે નોંધ્યું છે : લોકસંસ્કૃતિનાં બેસણાં કયાં ? કયાં સંઘરાયા છે જોરાવર ને વિલક્ષણ પ્રેમના મધુરાપરાગ, સોજા શીલના આત્મ–સર્મપણ, સ્વધર્મની રક્ષા કાજે થોક–થોક આપેલાં તેજસ્વી બલિદાનો અને વિધર્મીકોમ, અવગણાયેલાં ને અસ્પૃશ્યો પ્રત્યેની એ ખાનદાની ને ન્યોછાવરી ?

લોકસંસ્કૃતિનાં આ ભાવપ્રતીકોમાં – ચિરંતન માનવતાના પ્રતિબિંબ સમાં ત્યાગ–બલિદાનોનો ઈતિહાસ માત્ર નથી. એમાં તો સમાજના, કુળના, હૃદયના, શરીરના ને આત્માના અનેકવિધિ ધર્મોની અટવિ વચ્ચે જીવનસંગ્રામ ખેલી ગયેલાં નર–નારીઓનાં આશ્વાસ – નિઃશ્વાસ પણ ભર્યા છે. પશુ–પ્રાણીઓ પ્રત્યેની કઢણા આત્મભાવ અને અતીતના અનુભવ સંઘરાયેલા છે." (૩૧)

એટલે જ તો તેઓ તેના પાળિયામાં જીવતા રહીને હોંકારા કરતાં રહે છે.

પિંગળશીભાઈ ગઢવીએ પોતાના ‘ પાળિયાને જુહાર ’ કાવ્યમાં નોંધ્યું છેઃ

**" પરહિત કાજે પ્રાણ, દીધા લવ ડગિયા વિહીણ;**
**(એથી) હજી લગ હિંદવાણ, પૂજે એવા પાળિયા,**
**હજી પણ હોંકાર કરે, હોમાઈ ગયેલાં હાડ;**
**(તેથી) સહુજન રાખી ચાડ, પૂજે એના પાળિયા,**
**છોરૂ અસ્તરી સાથે તેં છોડયો તૃણવત ગણી;**
**હર હર કહીને હાથ, પોંખ્યા ધીંગાણે પાળિયા.**

× × × × × × × × × × × × × × × × × ×

પાસે જઈને પૂછશો, ખમતા રાખી ખાસ,
(તો) આપે છે ઈતિહાસ, પૂર્વજ કેરા પાળિયા. " (૩૨)

પાળિયાના હોંકારામાં સાદ પૂરાવે છે. ગામને પાદર બેઠેલા વૃદ્ધોના કંઠ, ચારણોના દુહા, અને બારોટના ચોપડા. આમ, પોતાનું હૃદય નિવેદિત કરતા પાળિયાઓનો ઉદ્‌ભવ, તેનાં બેસણાં, તેના પ્રકારો વિશે અત્રે વિગતવાર પ્રકાશ પાડીશું.

## ૨.૫ * પાળિયા શબ્દની વ્યુત્પત્તિ :-

**" સતી ભકતાં દાની શૂરા, અણનમ સારપ એકં,**
**(એવા) માનવના મૃતલોક ; પૂજાય આજે પાળિયા."** (૩૩)

ગુજરાતમાં સતી, ભકતો, શૂરાઓના પાળિયાઓ પૂજાય છે. ગુજરાતની ભૂમિ હંમેશાં ધર્મને રંગે રંગાતી આવી છે. આ ભૂમિને ધર્મ સાથે નિકટનો સંબંધ કાયમ રહ્યો છે. ગુજરાતની ગરવી પ્રજા પથ્થરને પણ દેવ માનીને પૂજતી આવી છે. પછી તે પ્રતિમા હોય કે પાળિયો. હંમેશાં તેમાં તેને દેવત્વની ઝાંખી થઈ છે. પાળિયાઓનો પ્રદેશ માત્ર ગુજરાત જ છે એવું નથી. પરંતુ ગુજરાત સિવાય બિહાર, કર્ણાટક, તામીલનાડુ, બંગાળ જેવા પ્રદેશો રહ્યા છે. છતાંપણ જયારે ગુજરાત અને ગુજરાત બહારના પ્રદેશોના મૃત્યુ સ્મારકો (વીર સ્મારકો) ની તુલના કરવાની થાય ત્યારે એમ કહેવું પડે કે ગુજરાત બહારનાં રાજયોમાં પાળિયા વિશે વીરપૂજાનાં સ્મારકો કરતાં મૃત્યુ સ્મારક તરીકે સવિશેષ સંશોધન થયું છે. જયારે ગુજરાત અને રાજસ્થાન એવા સંવેદનશીલ પ્રદેશો છે જયાં વીરગતિ કે મૃત્યુ પામેલાનાં સ્મારકોને માત્ર મૃત્યુસ્મારકો ન ગણાવતાં વિશેષ અર્થમાં વીરપૂજાનાં

સ્મારકો ગણીને પૂજયાં છે. આમ પાળિયા એટલે વીરપૂજાનાં પ્રતીકો. આ ' પાળિયા ' શબ્દ કઈ રીતે ઉદ્‌ભવ્યો તેના વિશે થોડી ચર્ચા કરીએ.

## ૨.૫.૧ * ' પાળિયા ' શબ્દનો ઉદ્‌ભવ :–

આમ તો ' પાળિયા ' શબ્દ કઈ રીતે ઉદ્‌ભવ્યો છે તે ચોક્કસ રીતે તો કહી શકાય તેમ નથી. પરંતુ એક માન્યતા કે ખ્યાલ બાંધી શકાય. જો કે, લોકજીભે તેના ખ્યાલો જુદા–જુદા છે. પહેલાના જમાનામાં ગામ ઉપર દુશ્મનોનું કટક ચડી આવતું તેને 'પાળ' કહે છે. બીજા અર્થમાં ' પાળ ' એટલે પાલક ( પાળી–પોષીને મોટા કરે તે રક્ષકના અર્થમાં નહીં.) છતાં ઋગ્વેદમાં રક્ષકના અર્થમાં પાળિયાને ગણાવ્યો છે. તો પણ આ પાળિયા શબ્દને ' પાળ ' કે ' પાલક ' સાથે સંબંધ છે.' પાળ' એટલે કે દુશ્મનો સાથે લડીને કામ આવ્યા હોય અને તેનું મૃત્યુ સ્મારક બન્યું હોય તેને ' પાળિયો ' નામ આપ્યું હોય તેવું બને કે પછી ગામ, ધણ કે બહેન–દીકરીનું રક્ષણ કરવા (પાળનાર) ખાતર મરાયા હોય તેનું વીરસ્મારક બન્યું હોય તેને ' પાળિયો ' કહેતા હોય. ગમે તે હોય પરંતુ જયમલ્લ પરમારે નોંધ્યું છે : "ગામ ઉપર ચડી આવનાર ' પાળ ' ને અને ' પાળિયા ' ને નિકટનો સંબંધ છે. એવો અર્થ બેસાડાય કે 'પાળ' ની સામે ઝૂઝીને મરનાર તે ' પાળિયો, ' તો પછી ' પાળ ' શબ્દનું મૂળ શોધવાનું બાકી જ રહે છે. એક અર્થ કરી શકાય. આગળના વખતમાં ઘોડે ચડીને આવનારા જેમ હતા, તેમ ઘોડાનો વપરાશ બહુ શકય ન હોય ત્યાં પદાતિ એટલે પગપાળા પણ કટક લઈ આવતા. પદાતિનું સૈન્ય જ મુખ્યત્વે હતું. ઘોડા કે વાહન વગરના તે પગપાળાને લોક બોલીમાં ' પાળા ' કહે છે. સ્વામિનારાયણના સાધુઓ પગપાળા આવતા તેમને ' પાળા ' કહેવાય છે. આમ પાળાનું ટોળું તે ' પાળ ' કહેવાયું હોય એવો સંભવ વધારે છે. બાકી ગામ ઉપર ચડી આવે તે પણ ' પાળ 'અને ગામનું રક્ષણ કરનાર તે પણ ' પાળ ' એવા એક જ શબ્દના બે વિરોધી અર્થ ન લઈ શકાય." [૩૪] જયારે નરોત્તમ પલાણે નોંધ્યું છે. "આપણે ત્યાં ' પાલક ' , ' પાળો ', ' પાલ ' , પાદચિહ્‌ન, પદાતિ પુષ્ટકલક શબ્દ ઉપરથી ' પાળિયા ' શબ્દ આવ્યાનાં અનુમાનો થયાં છે. જોડણીકોશ સંસ્કૃત શબ્દ ' પાલિ ' નું પ્રશંસા ગ્રહણ કરી ' પ્રશંસાચિહ્‌ન ' એવો અર્થ આપવા પ્રેરાય છે. પરંતુ ભાષાશાસ્ત્રની દષ્ટિએ આમાંના એક પણ શબ્દમાંથી ' પાળિયો ' વ્યુત્પન્ન થઈ શકે નહિ.

સંસ્કૃતમાં ' પાલક ' માટે એક બીજો શબ્દ ' પાલયિત્ ' કાલિદાસે રઘુવંશ ૨–૬૦ તથા ૮.૩૨ માં એમ બે વાર આ ' પાલયિત્ ' શબ્દ વાપરેલો છે.' પાલયિત્ ' માંથી જ ' પાલિયઉ ' અને પાલિયો– પાળિયો શબ્દ આવેલ છે." (૩૫)

આમ, પાળિયો શબ્દ ' પાળ ' કે ' પાળા ' માંથી ઉદ્ભવ્યો છે કે, પછી પાલક (રક્ષક) શબ્દમાંથી ઊતરી આવ્યો છે. તે વિશે ચોક્કસ રીતે કહી શકાય તેમ નથી.

### ૨.૫.૨ * જુદાં–જુદાં નામો :–

લોકજીવનમાં પ્રદેશભેદે પાળિયાઓને જુદા–જુદા નામે ઓળખવામાં આવે છે. જેમકે, ખાંભી, ખાંભો, લાઠ–લાઠય, ઠેસ–ઠેશ્ય, ફળા–ફડેલા, ચગો–છગો–શગો, નાગલિયા, ચાગલિયા, સર, પોરસો, ઝુઝાર–ઝુંઝાર, ખીલો, ખૂંટો, પાળિયા, પારીઆ, પાવરિયા વગેરે.

### ૨.૫.૨.૧ * ખાંભો કે ખાંભી :–

ખોડીદાસ પરમારે નોંધ્યું છે : "સંસ્કૃત શબ્દ સ્તંભ–ખંભા ઉપરથી ખાંભો કે ખાંભી અસ્તિત્વમાં આવ્યાં છે." (૩૬) તો નરોત્તમ પલાણે નોંધ્યું છે : ' ' ઋગ્વેદમાં પાળિયા માટે ' સ્થૂણા ' શબ્દ છે. "એતાં સ્થૂણાં પિતરો ધારયન્તુ" આ સ્થૂણા શબ્દ ઉપરથી સ્તંભ, ખંભ–ખોભી એવાં શબ્દો આવેલા છે. યાસ્ક પોતાના નિરુકત ૧–૧૨ માં ખૂંપવાની–ખૂંચવાની ક્રિયા જેમાં છે એવાં અર્થમાં સ્થૂણા શબ્દ સમજાવે છે. પાળિયો ' ખોડવો ' માં ' ખોડવું ' આ શબ્દની ક્રિયા છે. ખૂંટ, ખૂંટી, ખાંભો તેમજ માથામાં નાખવાનો ખૂંપ, કૂંપી, ખૂંપો અને થંભ–થાંભલી જેવાં શબ્દો સ્થૂણાનો પરિવાર છે." (૩૭)

### ૨.૫.૨.૨ * નાગલિયા અને ચગલિયા :–

નાગલિયા વિશે જોઈએ તો નાગદેવતાની ખાંભી હોય છે. તેમાં વચ્ચેના ભાગમાં પાતળો આકાર હોય છે. તેના પરથી જયારે નાગદેવતાની પૂજા–અર્ચના કરવામાં આવે છે. ત્યારે રૂ ની લાંબી સેર (વાટ) બનાવી, સેરના થોડા–થોડા અંતરે કંકુવાળી આંગળી કરીને તે ભાગને ખૂબ ઝીણો (પાતળો) વણવામાં આવે છે. આથી તેને પણ આપણે વ્યાવહારિક જીવનમાં નાગલિયા તરીકે ઓળખીએ છીએ. જે નાગની પૂજામાંથી આવ્યાં

છે. જયારે ' ચગ ' એટલે ટોચ. પથ્થરનો આકાર ટોચ જેવો હોય છે. આ ચગનું બહુવચન તે 'ચગલિયા' તરીકે ઓળખાય છે.

### ૨.૫.૨.૩ * લાઠ કે લાઠય – લાટ :–

લાઠ – લાઠય કે લાટ શબ્દ ' યષ્ટિ ' એટલે કે, લાકડી ઉપરથી આવ્યો લાગે છે. એવું નથી કે, લાકડાની હોય તેને જે લાઠ – લાઠય કહેવાય. લોઢાની કે પથ્થરની પાતળી છીપરને કે પટ્ટીને પણ લાઠય કે લાઠ કહેવામાં આવે છે.

### ૨.૫.૨.૪ * ઠેસ કે ઠેશ્ય :–

એક નાનકડો, અણઘડાયેલો પથ્થરો કોઈપણને હાલતા–ચાલતા ધ્યાન વિના વાગી જાય, તેના પગમાં આવે તેવા પ્રકારનો એક પથ્થરો તેને લોકભાષામાં ઠેશ કે ઠેશ્ય કહે છે. જોકે, આપણા બળુકા દેવ હનુમાનજીના સ્મારક માટે પણ ઘણી વખત આપણે હનુમાનની ઠેશ્યે ગયો હતો કે જઈશ. જેવા શબ્દો ઉચ્ચારીએ છીએ. તેનો અર્થ એ થયો કે તેનો પથ્થર પણ અણઘડ અને નાનો હશે. પરંતુ ઘણીવખત આપણે હનુમાનજીના મોટા પથ્થર પણ જોયા છે છતાં પણ લોકો ઉપરોકત શબ્દનું ઉચ્ચારણ કરતાં હોય છે. તેનો અર્થ એ થયો કે અહીં આપણે આ શબ્દને વિસ્તૃત અર્થમાં લીધો છે.

### ૨.૫.૨.૫ * શગ, છગ અને ચગ :–

' ચગ ', ' છગ ' , ' શગ ' ના અર્થમાં પણ કંઈક આવું જ છે. સામાન્ય રીતે આપણે એવું કહેતા હોઈએ છીએ ' શગ ' કે ' છગ ' ચડાવી છે. ' શગ ' એટલે એક પ્રકારના ઢગલાના અર્થમાં વપરાય છે. ' ચગ ' એટલે ટોચ જેની ચર્ચા આપણે આગળ કરી.

### ૨.૫.૨.૬ * ફળા કે ફડેલા :–

ફળા મોટે ભાગે દેવના કે પછી માતાજીના હોય છે. વળી ચાંદીના હોય છે. જયારે લાકડાના ફડેલા ભૂવા આતાના હોય છે. એજ રીતે કોઈ વહુ મરીને અવગતે ગઈ હોય અને ઘરનાને નડતરરૂપ બનતી હોય ત્યારે નાળિયેરને લાલ–લીલુ કપડું ઢાંકીને ગોખલામાં કે મઢમાં રાખવામાં આવે છે અને તેની પૂજા કરાય છે. આ રીતે આપણે

ત્યાં શિકોતેર સ્વરૂપે વહુવારુંઓને બેસાડવાનો પણ એક રિવાજ છે.

### ૨.૫.૨. ૭ * પોરસો :-

પોરસો શબ્દ પોરસાવવાના અર્થમાં વપરાય છે. પહેલાના જમાનામાં વિપત્તિના સમયે ચારણો પોતાના દુહામાં વીરપુરુષની કીર્તિગાઈને તેને પોરસાવતા. આથી પેલાં વીરપુરુષને પોરસ ચડતો અને ધીંગાણામાં કૂદી પડતો અને તેમાં કામ આવતાં તે પોરસો તરીકે પણ ઓળખાતો. જયમલ્લે પરમારે નોંધ્યું છે : "પોરસો શબ્દ ' પુરસા ' પરથી અને પુરુષો પુરુષ ઉપરથી પણ આવ્યો હોય. જે પુરુષનું સોનાનું પૂતળું હોય અને માથું અકબંધ રાખી એના હાથ–પગ કપાય તો એ ફરી પાછા સોનાના થઈ જાય એને ' પુરસા ' – પોરસો કહેતા. પાળિયો પૂજતાં સુવર્ણ – સંસ્કાર પ્રાપ્ત થાય એવી કોઈ ભાવનાથી પાળિયાને ' પુરસો ' કે ' પોરસો ' કહેતા હોય. ' પોરસ ' શબ્દમાં ' પોરસાવું ' એટલે કે જે પુરુષમાં ભાવની ઉત્કટતા કે ઉત્તેજના આવે તેને પોરસાવું કહે છે. ' પોરસ ' ચડયો એટલે એક પ્રકારનું શૂરાતન ચડયું. આવો ' પોરસ' ચડતા જે કામ આવ્યો તેને ' પોરસો ' કહેવાયો હોય. પોરસો એટલે શૂરાતનથી પોરસાયેલો. એના મૂળમાં ' પ્રસવું ' શબ્દ હોય. ગાય દોવાવા તૈયાર થાય તેને ' પારહો ' મૂકયો કહેવાય છે." (૩૮)

### ૨.૫.૨.૮ * ઝુઝાર કે ઝુંઝાર :-

ઝુઝાર કે ઝુંઝાર શબ્દ એ યુદ્ધમાં ઝઝુમનાર પરથી આવ્યો હોય એવું લાગે છે. યુદ્ધભૂમિમાં દુશ્મનોની સામે લડતાં–લડતાં જે વીરગતિને પામ્યા હોય તેના માટે ઝુઝાર થયો કે ઝુંઝાર થયો એમ પણ કહેવાય છે. જો કે, આ શબ્દના મૂળમાં ' જોધાર ' શબ્દ પણ રહ્યો છે.

### ૨.૫.૨.૯ * પાળિયા – પારીઆ – પાવરિયા :-

ઘણા પાળિયા ઉપરના લખાણમાં પાળિયા– પારિયા–પાવળિયા પાલિયા જેવા શબ્દો વંચાતા હોય છે. જે પાળિયા શબ્દના જ પર્યાય તરીકે વપરાય છે. જયમલ્લ પરમારે નોંધ્યું છે : "પાળિયાનું લાડકું નામ ' પાવલિયો ' થયો હોય, પાવલિયાનું ' પાવરીઓ ' થયું હોય, અથવા પાળિયાનું ' પારીઆ ' થઈ ' પાવરીઓ '

થયો હોય. પાળિયામાંથી ' ળ ' નો ' ર ' થઈને ' પારીઓ ' થયું હોય. એ બધા તો એક જ શબ્દના પર્યાયો છે. જાડેજી વિસ્તારોમાં ' ળ ' ને બદલે ' લ ' અથવા ' ર ' બોલાય છે." (૩૯)

તામીલનાડુમાં ખાંભી કે પાળિયા માટે ' નદુકલ ' શબ્દ છે. કન્નડમાં ' વીરકલ્લુ ' કહેવાય છે. જે ' ઐદુક ' ઉપરથી આવ્યો હોવાનું અનુમાન છે.

આમ, પાળિયાના પર્યાય તરીકે ઓળખાતો ખાંભા કે ખાંભી શબ્દ સ્કંભ કે ' થંભ' પરથી આવ્યો છે. પરંતુ ' પાળિયા ' શબ્દની વ્યુત્પત્તિ વિશે ચોક્કસ કહી શકાય તેમ નથી. પાળિયો વિશે જયમલ્લ પરમારે નોંધ્યું છે, " આજસુધીના અભ્યાસ પરથી એમ લાગે છે કે, સ્મારક માટે મૂકાતા પાણા કે ઢેફાના ઢગલા પછી ચગો, ઠેશ, લાઠય, મૂકાતી થઈ હશે અને પછી ખાંભો–ખાંભી અનુક્રમે આવી હશે. ફળા કે ફળેલા પથ્થરને બદલે લાકડાના મૂકાતા હશે. આ ચાલ આદિવાસીઓમાં વિશેષ છે. ત્યારપછી વીરગતિને પામનાર ' પાળિયો ' કહેવાતો થયો. પહેલાં એની ખાંભી મૂકાતી હશે. ખાંભી કોરવાની શરૂ થઈ અને પાળિયો પણ કોરાઈને મૂકાતો થયો એમ બંને કોતરાયેલાં અને વણકોતરાયેલાં ખાંભી–પાળિયા તરીકે કહેવાતા રહ્યાં છે. " (૪૦)

## ૨.૬ * પાળિયાનું પગેરું – વૈદિકકાળ :–

જેમ લોકસાહિત્યની ગંગા કયાંથી ઉદ્‌ભવ પામી તેના વિશે કંઈ કહી શકાય તેમ નથી. તેજ રીતે પાળિયા મૂકવાની પ્રથા કયારે શરૂ થઈ તેના વિશે પણ ચોક્કસપણે કહી શકાય તેમ નથી. પરંતુ માનવ જીવનના મૂળમાં એક સ્વભાવ રહેલો છે કે, પોતાના મૃત સ્વજનને કોઈપણ વસ્તુમાં જીવતો રાખવો કે યાદ રાખવો. માનવજાતિના આ સ્વભાવને લઈને જ પાળિયાઓનું પગેરું છેક વેદકાળ સુધી પહોંચે છે. એક જમાનામાં માનવીઓ પોતાના મૃત સ્વજનની યાદમાં માટીમાંથી કશુંક ઊભું કરતાં જેનો આકાર ચૈત્યસ્તૂપ પ્રકારનો ગણાવી શકાય. આ પ્રથા પાછળથી તો વિકસીને વટવૃક્ષ જેવી બની.

પાળિયાઓનું દર્શન કરતાં આપણને એવો ભ્રમ ઊભો થાય કે, આ મૃત્યુચિહ્‌નો વટ–વચન અને વેરના જમાના મધ્યકાળથી જ અસ્તિત્વમાં આવ્યા હશે. પરંતુ આ ખ્યાલ ભૂલ ભરેલો છે. પ્રાચીનકાળથી ચાલી આવતી માનવપ્રકૃતિની દેણ છે. આ દેણ યુગે–યુગે સતત બદલાતી રહી છે. એમાં અનેક ફેરફારો જમાના પ્રમાણે અને માનવીના વિચારો પ્રમાણે થતા રહ્યા છે. પરંતુ તેના પ્રથમ પ્રભાત વિશે વિદ્વાનોએ પણ

કેટલીક ચર્ચાઓ કરી છે. ખોડીદાસ પરમારે નોંધ્યું છે : " મૃત્યુ પામેલાં માનવીના માથે તેનાં કુટુંબીઓ માટીથી આવી સ્મૃતિઓ રચતા અનુમાનાય છે કે તેનો આકાર ચૈત્ય – દેરા જેવો હશે. તે પાછલા કાળમાં મળતા ચૈત્યસ્તૂપના ઘાટ–આકાર પરથી કલ્પી શકાય છે. કારણ કે, પરંપરા ભારતમાં નાશ પામતી નથી. તેથી જ કહી શકાય કે મૃત માનવીની ઉપર નાનો ચૈત્ય કે સ્તૂપ તેનાં સ્મરણચિહ્‌ન તરીકે તે કાળમાં બાંધતા. આ પ્રથા પછીના કાળમાં પણ પરંપરાગત ચાલી આવી છે. જેનું રૂપ ઈ.સ. પૂર્વેની બીજી અને ત્રીજી સદીઓનાં સ્તૂપોમાં આપણને જોવા મળે છે. દા.ત. સાચી, ભારહૂત વગેરે." (૪૧)

વળી આ સ્તૂપનું આદિરૂપ ' પથ્થરની પાળ ' માં જોવા મળે છે. મરનાર વ્યકિતની અસ્થિને દાટી દેવામાં આવતા. દાટયા પછી પણ તેની યાદ રૂપે તેની આજુબાજુ પથ્થરની એક પાળ બનાવવામાં આવતી. ત્યારબાદ ધીમે–ધીમે તેમાં ફેરફાર થવા લાગ્યા અને તેના આકારો બદલતા ગયા. જેમાં સાદા સ્તૂપોથી માંડીને આજે દેખાતા પાળિયા સુધીનો વિકાસક્રમ ખેડાયેલો દેખાય છે. આવા સ્તૂપો વિશેની વાત નરોતમ પલાણે કરી છે. ઋગ્વેદના પ્રથમ મંત્રમાં સંતાન અને વીરોની રક્ષા કરવાનું કહેવાયું છે. ચોથા – મંત્રમાં મૃત્યુને રોકવા માટે, ચિરંજીવ રહેવા માટે પથ્થરની આડ કરવાનો નિર્દેશ છે. દશમાં મંત્રમાં દેહ જેણે છોડયો છે એવા આત્માને – મૃતકને ' પૃથ્વી પાસે જાવ તેજ તમારી સંભાળ રાખશે. 'એમ કહી અગિયારમાં મંત્રમાં ' માતા પોતાના પાલવથી પુત્રની રક્ષા કરે તેમ પૃથ્વી મૃતકની ( તેની સ્મૃતિ સાચવીને ) રક્ષા કરશે. એવું સૂચન છે. બારમાં મંત્રમાં મૃત્યુ પામેલાને ' સ્તૂપના આકારમાં પાછા આવો ' એવી પ્રાર્થના છે. તેરમાં મંત્રમાં અસ્થિકુંભને માટીમાં દાટી તેની ઉપર પથ્થર ઊભો કરવાનો આદેશ છે." (૪૨)

ઉપરોકત બાબતના આધારે આપણે એવું કહી શકીએ કે, પાળિયાની પરંપરા ઋગ્વેદમાંથી ઉદ્‌ભવી હશે. આ રીતે સ્તૂપ અને પાળિયાનું ઉદ્‌ગમ સ્થાન એકજ ગણાવી શકાય.

આપણે જાણીએ છીએ કે, પ્રાચીનકાળમાં પણ વિવિધ પ્રકારનાં પ્રતીકો, પ્રતિમાઓ ઊભાં કરવામાં આવતા. ઘણીવખત તો તે વ્યકિત જીવંત હોય તો પણ તેની ગેરહાજરીમાં તેની પ્રતિમા (મૂર્તિ) બનાવીને કાર્ય સંપન્ન થતાં. જેમકે, મહાભારતમાં પ્રખર બાણાવિદ્ એકલવ્ય હતો. જેણે દ્રોણાચાર્યને વિદ્યા આપવા જણાવ્યું હતું ત્યારે દ્રોણાચાર્યે પોતે તો માત્ર ક્ષત્રિયોને જ વિદ્યા આપતા. ક્ષત્રિયેતરને નહીં. આથી એકલવ્યએ

એક વૃક્ષની નીચેના ઓટલા પર દ્રોણાચાર્યને ગુરુ પ્રસ્થાપિત કરતી મૂર્તિ બનાવી હતી. તેજ રીતે રામાયણમાં સીતાના વનમાં ગયા પછી રામ અશ્વમેધ યજ્ઞ કરે છે. ત્યારે સીતાની ગેરહાજરીમાં તે તૃણની સીતા ઊભી કરે છે અને પોતાનું કાર્ય પૂર્ણ કરે છે. આ રીતે છેક વેદકાળથી વિવિધ પ્રતિમાઓ કે પ્રતીકો ઊભાં કરવાનો રિવાજ ચાલ્યો આવે છે. તે પણ પાળિયાના મૂળમાં ગણાવી શકાય. શરૂઆતમાં આવાં પ્રતીકો કાચી માટીનાં કે લાકડાનાં બનાવવામાં આવતાં. મૃત્યુ સ્મારકોની બાબતમાં પણ આમ જ છે. શરૂઆતમાં લાકડાના કે પછી કાચી માટીમાંથી સ્મારકો ઊભાં કરવામાં આવતાં. પરંતુ કાળક્રમે લાકડાઓ અને માટી ઝડપથી નાશ પામતા હોવાથી વિચારશીલ માનવીઓએ વિચાર્યું હશે કે, આવાં મૃત્યુ સ્મારકો પથ્થરમાંથી બનાવવામાં આવે કે પથ્થરને જ રોપવામાં આવે તો તે લાંબા સમય સુધી નાશ પામતાં નથી. ત્યારથી પથ્થરનો ઉપયોગ થયો હશે.

આદિવાસીઓમાં પણ આવાં મૃત્યુચિહ્નો મૂકવાનો રિવાજ સદીઓથી ચાલ્યો આવે છે. ત્યારે આદિવાસીઓ આવા મૃત્યુચિહ્નોમાં લાકડાનો ઉપયોગ કરતાં જેમાં મરનાર સ્ત્રી કે પુરુષ કંઈ રીતે મૃત્યુ પામ્યા છે તે મુજબ લાકડામાં કોતરણી થતી. જોરાવરસિંહ જાદવે પોતાના ' લોકજીવનનાં મોતી ' પુસ્તકમાં ચૌધરી, ગામીત, ઢેઢિયા, વગેરે આદિવાસીઓની સ્ત્રીઓનાં મૃત્યુચિહ્નો સચિત્ર આપેલાં છે.ચિત્રોમાં જોઈએ તો મૃત્યુ પામેલી સગર્ભા નારીનો પાળિયો છે. તેના લાકડાના ખંભામાં ઉપરના ભાગે મરનાર સગર્ભા સ્ત્રીનું મોઢું (મુખ) ઘડવામાં આવ્યું છે, તેની બાજુમાં બાળકના મુખની પ્રતિમા છે. સાથે–સાથે સ્ત્રીની બંગડી, દાંતિયો, બાળકની ચૂંસણી પણ બાંધવામાં આવી છે. બીજી એક સ્ત્રીના પાળિયામાં લાકડાના ખંભાની ઉપરના ભાગમાં એક કપડું ઢાંકયું છે. અહીં પણ બંગડી, ચૂંસણી, દાંતિયો, બાંધેલો છે. તે જ રીતે ડાંગ વિસ્તારના ભીલના એક પાળિયામાં લાકડાના ખંભા ઉપરની ટોચ અને તેની નીચે ચંદ્રની નિશાની કંડારેલી છે. તેની નીચે પગપાળા સૈનિકો દષ્ટિગોચર થાય છે. તેની નીચેના ભાગમાં એક ઘોડેસવાર છે. નીચે ઊભેલો વ્યકિત તેની સાથે યુદ્ધ કરે છે."[૪૩] છેલ્લી આકૃતિ સ્પષ્ટ થતી નથી. આ રીતે આદિવાસીઓમાં પણ મૃત્યુ પામવાનું કારણ લાકડાની આકૃતિમાં અને તેની સાથે જોડેલી વસ્તુમાં સ્પષ્ટ થાય છે. તો વળી નાગજીભાઈ ભટ્ટી નોંધે છે : " પ્રાચીન રોમમાં એક રિવાજ પ્રચલિત હતો. વિજયી યોદ્ધાને રોમની સેનેટ કે પંચાયત ટ્રોફી એનાયત કરતી. આ વખતે ભવ્ય ઉત્સવ ઉજવવામાં આવતો. શણગારેલાં શીંગડાવાળા સફેદ બળદનું

બલિદાન દેવામાં આવતું અને વિજયી યોદ્ધાને જયુપીટર દેવના મંદિરે લઈ જવામાં આવતો. એક ગુલામ એ વીરના મસ્તક ઉપર સુવર્ણનો મુગટ ધરી રાખતો. મંદિરે હારેલા યોદ્ધાનો વધ કરવામાં આવતો અને વિજયી વીરનું ફરીથી સ્વાગત થતું. આવા વીરોનાં સ્મરણોમાં રચાયેલી સુંદર કમાનો નષ્ટભ્રષ્ટ થયેલી હાલતમાં આજે પણ જોઈ શકાય છે. આ કમાનોમાં વિજયનું વર્ણન, યોદ્ધાનાં નામ વગેરે આલેખાતાં. ભારતમાં પણ ચિતોડનો વિજયસ્તંભ, દિલ્હીનો પ્રખ્યાત લોહસ્તંભ, એવાં જ વિજયનાં સ્મારકો છે. આવા સ્મારકોમાંથી પ્રેરણા લઈને આવા વીરોનાં વ્યકિતગત સ્મારકો તરીકે પાળિયા પ્રથા શરૂ થઈ હોય એવો પણ એક સંભવ મનાય છે." (૪૪)

જો કે, મૃત્યુ પામેલ સ્વજનની યાદને કાયમી રાખવા જગતભરની પ્રજામાં આ રિવાજ ચાલુ હતો, એવું કહી શકાય. કેમકે, માનવમાં સમજણ શકિતનો વિકાસ થયો હશે ત્યારથી તેને પોતાના મૃત સ્વજનનાં સ્મરણોને જીવંત રાખવા માટે પોતાની બુદ્ધિ મુજબ જુદાં–જુદાં શિલ્પો, સ્તંભો, પ્રતિમાઓ તથા વિવિધ પ્રતીકો કે ચિહ્નો ઊભાં કર્યાં હશે. કેમકે, બેબિલોનના હમ્મુરાબીના શિલાખંડો, ઈજિપ્તના પિરામીડો કે પછી નેપોલિયને ઈ.સ. ૧૮૦૫–'૬ ના સમયગાળામાં ઊભી કરેલી કમાનની નીચેના ભાગમાં એક યોદ્ધાની કબર હોય આ બધાં મૃત્યુ પામેલાં સ્વજનો કે વીરોનાં જ સ્મરણચિહ્નો છે. જો કે, ઉપરોકત સ્મૃતિચિહ્નો પાળિયાના પ્રકારમાં આવી શકે કે નહીં, તે કહી શકાય તેમ નથી. પરંતુ એટલું તો ચોક્કસ કહી શકાય કે, ઉપરોકત બધા જ પ્રકારનાં ચિહ્નો પાળિયાના મૂળમાં રહેલાં હશે.

આની સાથે જ એક બીજો વિચાર ઉદ્ભવ્યો વીરપૂજાનો. પાળિયા ભલે મૃત્યુના સ્મારક હોય પરંતુ તેના કેન્દ્રમાં વીરપૂજા પણ રહેલી છે. આપણે ત્યાં નીતિ, ધર્મ, ન્યાય ને નેકટેક ખાતર ખપી જનાર નર–નારી પૂજાને પાત્ર બને છે.

**' જનની જણ તો ભકત જણ, કાં દાતા કાં શૂર,**
**નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર. '**

આપણે ત્યાં આવા ભકતો, દાતાઓ, શૂરવીરોનો પણ એક આગવો માહોલ છે. જે સાચા અર્થમાં પૂજવાને પાત્ર ઠરે છે. તેમની ભકિત, દાતારી કે શૂરવીરતાને આપણે ધર્મના રંગે રંગી નાખીએ છીએ અને તેમના તરફ શ્રદ્ધા કે ભકિતથી જોઈએ છીએ. એ માનવજાતનો વિશિષ્ટ ગુણ છે જે પ્રજામાં ખપી જવાની ખુમારી વિશેષ હોય તે પ્રજામાં

સતી–શૂરાના પાળિયાઓ વિશેષરૂપમાં જોવા મળે છે. બારોટો, અને ચારણો વિપત્તિના સમયે ક્ષત્રિય પ્રજાને ઢંઢોળતા. પરિણામે પોતાની ઊજળી કુળ પરંપરાને નીભાવવા જતા ક્ષત્રિયો પાળિયામાં પરિણમતા. જો કે, તેની સાથે બીજી કોમનો પણ સમાવેશ થતો. આ દરેક પ્રજા મરીને પાળિયાના સ્વરૂપમાં પૂજાતી. મણિભાઈ વોરાએ નોંધ્યું છેઃ " માનવ સંસ્કૃતિની શરૂઆતથી જ માણસ જયાં–જયાં વસ્યો ત્યાં–ત્યાં તેણે વીરતા, મમતા, આત્મભોગની તૈયારીને ઝૂજવેરૂપે યથાકાળ પૂજયા છે. આદિકાળથી આજ પર્યંત પોતાના વીરપૂર્વજોને તેના વંશજો કે અનુયાયીઓએ હૃદયથી સન્માન્યા છે. માણસ પોતાના મહાન માનવને લાંબાકાળ સુધી ભૂલી શકતો નથી. આથી જ ભયમિશ્રિત – પૂજયભાવથી શૂરવીરના પાળિયા પૂજાતા રહ્યા છે. આફ્રિકા, અમેરિકા, યુરેશિયા કે ઈન્ડોનેશિયાના આદિવાસીઓ પોતાની ઢબે પોતાના વડેરાઓને પૂજે છે. કંઈક જંગલી અને પ્રાકૃતિક રીતે એમનાં સ્મારકો રચે છે. એંધાણીઓ ઊભી કરે છે. આ પૂર્વજોને ન પૂજે તો વરસાદ ન આવે, ઋતુઓ બદલે, ખાદ્ય પદાર્થોની ખેંચ પડે, રોગચાળો અને મૃત્યુ જેવી આફતો ઊતરે એવી માન્યતા સમાજમાં બંધાય છે. મરેલાના આત્માને ખુશ કરવા, શાંત કરવા અને શાતા અર્પવા માનવી બધું કરી છૂટતો અને એમ કરવું તે આદિમાનવ કુળોમાં કર્તવ્ય ગણાતું. જગત પરનાં ઘણાં વનવાસીકુળોમાં હજુપણ આવી માન્યતા પ્રવર્તે છે. સુધરેલા આધુનિક લોકો તેના પ્રસિદ્ધ પુરુષોને માનપૂર્વક જાહેર કે પવિત્રસ્થાને દફનાવી કે દહનક્રિયા કરી તે પર ભવ્ય સ્મારક રચે છે. રાજા, કવિ, સંત, વીરનાવિક કે સૈનિકના સ્મારક સર્વત્ર છે. સદ્ગતનું ઋણ લોકો અદા કરે, દિવંગતના ગુણોની લોકો પૂજા કરે તે પ્રજાજીવન માટે સુયોગ્ય છે, પથ્ય છે." (૪૫)

આમ પણ આપણે વિચારીએ જે નેક–ટેક, ધર્મ, નીતિ, ન્યાય ખાતર મરી પરવારે છે. તે ખરા અર્થમાં પૂજાને યોગ્ય બને છે. ધીમે–ધીમે તેના ધર્મ ભળતા તે વીરપુરુષ દેવત્વને પામે છે. ત્યારે તેની પૂજા કરવા માટે પણ કોઈપણ પ્રકારનું સ્મૃતિચિહ્ન તો જોઈએ જ ! એવા ભાવ સાથે જ છેક વેદકાલીન સમયમાં અસ્તિત્વમાં આવેલા સ્તૂપથી માંડીને અનેક ફેરફારો સાથે પાળિયાઓ અસ્તિત્વમાં આવ્યા છે. બધી રીતે સ્તૂપ અને આજના આપણા ખાંભી–પાળિયા મળતા આવે છે. એ જમાનામાં પણ લોકો સ્તૂપને પૂજતા અને આજે આપણે પણ ખાંભી–પાળિયાને પૂજીએ છીએ. વળી આકારની બાબતમાં પણ આવું જ સામ્ય જોવા મળે છે. સ્તૂપના ઉપરનો જે નળાકાર જેવો ભાગ છે

તેવો ખાંભી કે પાળિયામાં પણ જોવા મળે છે. ટૂંકમાં માનવી જયારથી સમજતો થયો ત્યારથી તે પોતાના સ્વજનોની યાદમાં તથા પૂજયભાવથી પ્રેરાઈને તેનાં મૃત્યુચિહ્નો મૂકતો થયો જે આજે પાળિયાના સ્વરૂપમાં આપણને જોવા મળે છે.

## ૨.૭ * પાળિયાઓનું ઐતિહાસિક મહત્ત્વ :-

બદલાતા સમયની સાથે જયારે સમગ્ર વિ✓ આધુનિક ટેકનોલોજીના સથવારે હરણફાળ ભરી રહ્યું છે. ત્યારે સાહિત્ય જગતમાં પણ અનેક, શાખાઓ, પ્રશાખાઓ, અસ્તિત્વમાં આવી. ખ્યાલો બદલાયા, નૂતન વૈજ્ઞાનિક દષ્ટિબિંદુથી અધ્યયન થવા લાગ્યું. છેલ્લાં ઘણાં વર્ષોથી નવા પ્રયોગો અને વાદોથી ઊભરાતું સાહિત્ય જગત હવે પોતાના મૂળ તરફ પાછું ફર્યું છે. યંત્રવાદે જીવનમાં નૈરાશ્ય ભરી દીધેલું તે સઘળું તત્કાલીન સાહિત્યમાં નિરુપિત થવા લાગ્યું. પરંતુ યુરોપમાં ઉદ્ભવેલી નૃવંશશાસ્ત્રની નવી શાખાએ બીજી કેટલીયે શાખાઓના દ્વાર ખોલ્યાં ત્યારે આ નવી શાખાએ માનવને વધારે વિચારતો કરીને પોતાના ભૂમિગત સંસ્કારો તરફ વાળ્યો અને આ રીતે તે પોતાના ભવ્ય ઈતિહાસ અને સંસ્કૃતિનાં મૂલ્યો સમજતો થયો. આમ, તે યુગોથી લોકજીવનમાં સાક્ષી બનેલાં પુરાતાત્ત્વિક અવશેષોના સંશોધન સંપાદન તરફ ઢળતો થયો. યંત્રવાદની અસરથી સાહિત્યમાં ઊભરાતી જીવનની વિફળતા કરતાં પુરાતાત્ત્વિક સમૃદ્ધિમાં જેની ગણના થાય છે. તેવાં મંદિરો, મૂર્તિઓ, ગુફાઓ, પાળિયાઓ વગેરેનાં સંશોધનો–અભ્યાસો માનવને તાજગી બક્ષે છે. એ સાથે જ ઐતિહાસિક અવશેષોમાં પડેલાં ઉદ્દાતતત્ત્વો, સૃષ્ટિસંરચનાનાં રહસ્યો તેમજ માનવજીવનના અણઉકેલ્યા કોયડાઓ પણ અહીં કંઈક અંશે ઉકેલાતા અનુભવાય છે.

પ્રવીણચંદ્ર શાહે નોંધ્યું છે. : " ઈતિહાસ–સંશોધન પરિશ્રમ માંગી લેતી વિદ્યા–પ્રવૃત્તિ છે. તેમાંય મુદ્રણકળા શોધાઈ અને પ્રચલિત બની તે પહેલાંના ઈતિહાસ સંશોધન અને દસ્તાવેજીકરણ માટેનું અત્યંત ઉપયોગી માધ્યમ, બીજા કેટલાંક માધ્યમોની સાથે, ગ્રામીણ વિસ્તારોના પાદરે પાદરે અને સીમે–સીમે ખોડાયેલા પાળિયા રહેતાં આવ્યા છે. પાળિયા કે શિલાલેખોના ચુસ્ત અભ્યાસ અને ચકાસણીમાંથી માત્ર રાજકીય તવારીખ જ નહીં, પણ સામાજિક અને સાંસ્કૃતિક ઈતિહાસના વિવિધ સગડ અને કેડીઓની દશા અને દિશાના નિર્દેશો સાંપડતા રહ્યા છે." [૪૬]

ઐતિહાસિક દષ્ટિએ પાળિયાનું ખૂબજ મહત્ત્વ છે. પાળિયાએ જે–તે ગામની ઐતિહાસિક ઓળખ છે. આવા પાળિયાઓની મદદથી જ લોકજીવનના પ્રવાહને ઓળખી શકાય છે અને એટલે જ તો પાળિયાઓને લોકજીવનનો ધબકાર કહ્યો છે. આવા સ્મૃતિચિહ્નોના નિર્માણ વેળાના પ્રજાજીવનના પ્રવાહોને તો જાણી જ શકાય તેમ છે. કારણ કે આવા સ્મારકો સાથેના અભિલેખોમાં ઈતિહાસ, પુરાતત્ત્વ, તેમજ નૃવંશશાસ્ત્ર વિશેની સામગ્રી મળી આવતી હોય છે.

પાળિયાઓ એ કેવળ પથ્થરમાં કંડારાયેલાં પૂર્વજોનાં સ્મૃતિચિહ્નો નથી. પણ તેની સાથે જનસમાજ એક વિશિષ્ટ ભાવાત્મક સંબંધથી જોડાયેલો હોય છે. જીવનના સનાતન મૂલ્યોની રક્ષા માટે વીર પૂર્વજોએ આપેલા આત્મબલિદાનની ગૌરવાન્વિત સ્મૃતિ આ પાળિયાઓ સાથે જોડાયેલી હોય છે. આ રીતે જોવા જઈએ તો પાળિયાઓમાંથી વિશેષ કરીને ભારતીય સાહિત્ય, સંસ્કૃતિ, ઈતિહાસ અને પુરાતત્ત્વ વિષયક કેટલીક ખૂટતી કડીઓ પણ મળી રહે છે. માટે આ સામગ્રી ઐતિહાસિક દષ્ટિએ બહુમૂલ્યવાન બની રહે છે.

જયમલ્લ પરમારે નોંધ્યું છે : "આભ–ધરતીના છેડે જેમના જીવનહીંડોળ આંબતા હતા, એવા અદના ઉપાસક, પ્રેમધર્મી, સેવાધર્મ, છતાં સાદા–સરળ સંતો–ભકતો અને રૂઢિજડ સમાજની વિઘાતકતાને ગાળી નાખનારી એમની કઢણ–ભવ્ય લહેરો જેટલી ચારણો–બારોટોના કંઠે નથી ચડી એટલે આ સમાધિને દેરીઓમાં દટાયેલી પડી છે. પ્રેમોર્મિઓનાં ઘેરાં–પ્રચંડ તોફાનો જાગતા વિવિધ જાતિઓ વચ્ચે સગપણની – સંઘર્ષોની, જાતિમિલનની ગંગાઓ વહી, રાજમુગુટોની પણ ન્યોચ્છાવરી થઈ, ઈતિહાસ–પ્રસિદ્ધ ખુટલાઈઓ ભજવાણી અને બલિદાન – કથા કંડારેલી અને વણકંડારેલી આ ખાંભીઓ સાથે જોડાયેલી છે. જાલીમ સત્તાધારીઓની સીત્તમખોરીના ભોગ બનેલાં માનવીઓનાં અણનમ વીરત્વની કથાઓ આ પાળિયા પોકારી રહ્યા છે." (૪૭)

પાળિયાએ પ્રજાજીવનનો જીવતો જાગતો આયનો છે. પાળિયામાં કંડારાયેલી આકૃતિ અને તેના અક્ષરો આખો ઈતિહાસ આપણી સમક્ષ વર્ણવી દે છે. જયમલ્લ પરમારે નોંધ્યું છે." પાળિયાના હૈયામાં ન કોતરાઈ હોય એવી વાતો માનવીઓનાં હૈયાંમાં કોતરાયેલી મળી આવશે. પણ એવાં સામાન્ય માનવીઓનાં હૈયાં સુધી હજી બહુ ઓછા પહોંચ્યા છીએ. રાજાઓની વાતો એના આશ્રિતોએ લખી અને

આશ્રય–પરંપરા માટે સંઘરી. શ્રેષ્ઠીઓની વાતો જૈન મુનિઓએ લખીને ગ્રંથોમાં સંઘરી. ઈતિહાસોની રચના અર્ધી મળી આવતાં પ્રમાણો ઉપર અને અર્ધી અનુશ્રુતિઓ ઉપર થાય છે. પણ એ અનુશ્રુતિઓ બહુધા રાજવીઓ અને શ્રેષ્ઠીઓની જ વિશેષ છે. સામાન્યજનોની અનુશ્રુતિઓ–લોકકથાઓ કે દંતકથાઓ તો હજી હવે મેળવવાની રહે છે. ખાંભી અને પાળિયા એ લોકજીવનનો વ્યાપક અર્થમાં, પ્રજાજીવનનો ઉકેલ્યા વગરનો ઈતિહાસગ્રંથ છે." (૪૮)

પાળિયા પરથી જ આપણે કેટલીક હકીકતો તારવી શકીએ છીએ. ઘણી વખત ઈતિહાસ પણ અધૂરો કે ધૂંધળો હોય છે. તેવા સમયે આવાં મૃત્યુચિહ્નો આપણી મદદે દોડીને ખરા ઈતિહાસથી વાકેફ કરી દે છે.

અરવિંદ આચાર્યએ નોંધ્યું છે. – " પાળિયા જેમ આપણા પૂર્વજોની યશોગાથાના, નેક ને ટેક ખાતર મરી ખૂટનારાં, ભાઈબંધી માટે મોત સુધી સાથે દેનારાં, અબળા અને સત્ય માટે ઝૂઝનારાંનાં પ્રતીકો છે. તેવી જ રીતે તે સમયના સમાજજીવન, રહેણી–કરણી, રાજકીય કે સામાજિક વ્યવસ્થા અને અવ્યવસ્થા, સ્થિરતા અને અસ્થિરતા, રૂઢિઓ અને રિવાજોના બોલતા પુરાવા છે." (૪૯) આમ, જે–તે સમયની સામાજિક, રાજકીય વ્યવસ્થાનો ઈતિહાસ છે. ભારતના કોઈપણ ભાગ કરતાં સૌથી વધુ વૈવિધ્યસભર ઈતિહાસ જો કયાંય રચાયો હોય તો તે છે કચ્છપ્રદેશ. આ ભૂમિ; સંતો, મહંતો, અને વીર પુરુષોની ભૂમિ ગણાય છે અને એટલે જ અહીં એક સાથે તલવાર, કલમ અને પ્રેમની ગાથાઓ વિશેષ રચાતી રહી છે. કચ્છના ગામડે–ગામડે આવા પાળિયાઓ લોકજીવનનો ઈતિહાસ સાચવીને બેઠાં છે. તેના વિશે પ્રવીણચંદ્ર શાહે નોંધ્યું છે." ગ્રામીણ કચ્છ કે શહેરી કચ્છની સીમે–સીમે, પાદરે–પાદરે કે નાકે–નાકે હજીયે માંડ–માંડ હયાત રહી ગયેલાં કાળની આંધીઓ અને ચક્રવાતોની જીવલેણ અસરોમાંથી સલામત કે અર્ધ સલામત બચી ગયેલા સતીઓના કે શૂરાઓનાં પાળિયાઓ મળી આવે છે. મધ્યયુગીન કચ્છના સામાજિક ઈતિહાસ અને સાંસ્કૃતિક તવારીખના આવા પાળિયાઓ–ખાંભીઓ, મૌન પ્રતીકો છે. લોકજીવનની અનેક કથાઓ અને ગાથાઓના એ પેટી–પટારા, સૈકાઓથી અવાવરું ઘરખૂણે નખાઈ ગયેલી, ઉપેક્ષિત પોટલીઓ, ગાંઠડીઓ કે વીતેલા યુગમાં હોંશે–હોંશે સચવાતી તેવી કિંમતી અલંકારોની સળવણીની હાથીદાંતની નકશીદાર ડબ્બીઓ છે." (૫૦)

સમગ્ર કચ્છ જિલ્લામાં આવી કિંમતી ડબ્બીઓ ગમે તે જગ્યાએ જોવા મળે છે અને આ ડબ્બીઓ ખોલવાથી મળે છે, ઈતિહાસનો અસલી ખજાનો. કચ્છનો ઈતિહાસ જાણવામાં હંમેશાં શૂરા – સતીના પાળિયાઓ મદદે રહ્યા છે. કચ્છનીભૂમિ એ રાજા–મહારાજાઓની ભૂમિ રહી છે. માટે કચ્છનો ઈતિહાસ રાજા–મહારાજાઓની ઘટનાઓથી હંમેશાં વિવાદાત્મક રહ્યો છે. આવા સમયે બલિદાન આપનાર સામાન્ય લોકો પર પાળિયાઓએ પ્રકાશ પાડીને તેને ઉજાગર કર્યા છે. નાગજીભાઈ ભટ્ટીએ નોંધ્યું છે : " રાજાઓની છતરડી અને તેમાંના પાળિયા એમના રાજય અમલનો સમય નિ્િત કરવામાં ઉપયોગી થઈ શકે. તેમની રાણીઓની છતરડીઓ તથા પગલાં ઉપરથી પણ ઈતિહાસને લગતી કેટલીક માહિતી મેળવી શકાય." (૫૧)

કચ્છના ભિન્ન તાલુકાઓમાં આવેલી જાગીરોમાં જે છતરડીઓ છે તેમાંના પાળિયા કચ્છ રાજય સાથે જાગીરદારોને થયેલ ઘર્ષણની સાક્ષી પૂરે છે. એની વાતો જે–તે સ્થળોએ થઈ શકે. કચ્છનો ઈતિહાસ લખવામાં એ કેટલા પ્રમાણમાં ઉપયોગી થઈ શકે તેમ છે.

આ ઉપરાંત જેને મહાભારતના યુદ્ધ સાથે સરખાવી શકાય તેવું અઢી દિવસ ચાલેલું ઝારાનું યુદ્ધ કયાં, કયારે, કોની–કોની વચ્ચે થયું હતું તેનો ખ્યાલ પણ આપણને ઝારાના યુદ્ધમાં ખપી ગયેલાં વીરબંકાઓનાં પાળિયા પરના લેખો પરથી આવે છે.

વળી, પાળિયામાં જે–તે સમયના રાજવીનો પણ ઉલ્લેખ હોય છે. સાલ, નામ, કારણ વગેરે વિગત મળતી હોય છે.

એજ રીતે, ગામડાના કહેવાતા સામાન્ય માણસના પાળિયાનું પણ ઐતિહાસિક રીતે ખૂબ મહત્ત્વ રહ્યું છે. એ પછી ગરીબોનો બેલી કરસન રાબડિયા, હોય, કુળ પરંપરાને ઊજળી કરતી ચારણ આઈયું હોય, કે તુચ્છ ગણાતો ભંગી કોમનો ઢોલી હોય તો તેની પાછળ સતી થનારી સાત વીસુ આહિરાણીઓ હોય કે પછી મૂંગા પશુઓની વહારે ચઢીને મોતને મીઠું કરતા અનેક નરબંકાઓ હોય કે પછી વીરપુત્રની પાછળ સતી થનારી ભાણબાઈમાં કે કુંદરોડીના શિવુભાની માતા હોય. આમ, દરેકના પાળિયાઓ તેમનો રસભર્યો ઈતિહાસ સાચવીને બેઠા હોય છે.

આમ, આવા ઠેક–ઠેકાણે રહેઠાણ બનાવીને રહેતા પાળિયાઓ સાચા

અર્થમાં ઈતિહાસના પરિચાયક છે, ઐતિહાસિક સામગ્રી પૂરી પાડનાર સાધનો જ નથી, પણ ઈતિહાસનો આયનો બનીને સ્વજીવનની શૌર્યતાનાં પાન કરાવતા નિવેદકો છે. માટે આવા વીરબંકાઓને કેવી રીતે ભૂલી શકાય ? વર્ષોથી તેની ગાથા, સમય વગેરે મેળવવાના આછેરા પ્રયત્નો થયેલા છે.

વળી, પુરાતાત્ત્વિક સમૃદ્ધિ એ તો લોકસૃષ્ટિનો લહેરાતો મહાસાગર છે. તેનાં અફાટ તળને ડહોળીને મહામૂલા મોતી કોઈએ ન કાઢયા હોય એવું બને ખરું ? આ મહાસાગરના તળિયેથી ઘણા વિદ્વાન મરજીવાઓએ સંશોધનના ફળ સ્વરૂપ અને પુરાતાત્ત્વિક સમૃદ્ધિ અંતર્ગત પાળિયાઓ રૂપી મોતી મેળવ્યાં છે.

પ્રથમ પ્રયત્ન કરનાર કેપ્ટન જેમ્સ મેકમર્ડોને, સન ૧૮૧૩–૧૯ માં આ પ્રકારનાં સ્મૃતિચિહ્નો મેળવવાનો પ્રયત્ન કરેલો. દલપતરામ પ્રાણજીવન ખખ્ખરે સન ૧૮૭૯ માં પ્રયત્નો કરેલા. સન ૧૮૫૬ માં ફાર્બસ સાહેબના પ્રયત્નો થયેલા. જોકે, સમગ્ર ગુજરાતમાં આવા પ્રકારનાં સ્મૃતિચિહ્નો મેળવીને તેને પ્રકાશમાં લાવવાનાં કાર્યો અનેક વિદ્વાનોએ કરેલાં : જેમાં કઝીન્સ ને કીન કેઈડ, હયુજીસ થોમસ સાહેબ, બાર્ટન સાહેબ, વોટસન, કેમ્પબેલ વગેરે આ દિશામાં કાર્ય કર્યું છે. તો ભારતમાં ગુજરાતી વિદ્વાનોએ પણ આ દિશામાં માતબર કાર્ય કર્યું છે.

❑ ગુજરાત દીપોત્સવી અંક ( વિ.સ. ૨૦૨૬) માં " સૌરાષ્ટ્ર કચ્છના પાળિયા આ લેખમાં કે.કા.શાસ્ત્રીએ પાળિયાઓ વિશેની શાસ્ત્રીય મીમાંસા આપી છે. આ લેખમાં પાળિયા વિષયક વિભાવના સ્પષ્ટ કરી, તેના સાંસ્કૃતિક મૂલ્ય તરફ આંગળી ચીંધી છે. તો નાગજીભાઈ ભટ્ટીનો ' કચ્છનો સાંસ્કૃતિક વારસો : પાળિયા ' પણ અદ્વિતીય ગ્રંથ બની રહ્યો છે. આમ, તેનો આછેરો ઉઘાડ થયાં પછી પાળિયાઓનું ઐતિહાસિક મહત્ત્વ વધતું ગયું છે અને વિદ્વાનો આ દિશામાં આગળ વધ્યા છે.

## ૨.૮ * વિવિધભાવે અસ્તિત્વમાં આવેલા પાળિયા :–

કહેવાય છે કે, ભૂતકાળને જોવો હોય તો પાનાં ફંફોસવાં પડે, ઈતિહાસનાં, એ પાનામાં વહી ગયેલા સમયની ગતિવિધિઓ કંડારાયેલી હોય છે. જયારે પુરાતાત્ત્વિક સમૃદ્ધિમાં જેની ગણના થાય છે. તેવાં સ્થાપત્યો, શિલાલેખો, પાળિયા એ તો ઈતિહાસનો અરીસો છે. આ અરીસામાં જે–તે સમયના પ્રસંગો, બનાવો દષ્ટિગોચર થાય છે.

આવા અરીસારૂપ પાળિયાઓ ગુજરાતમાં વિશેષતઃ કચ્છનાં ગામડે–ગામડે આવેલા છે. કયાંય ગોષ્ઠિ માંડીને સમૂહમાં બેઠા છે. તો વળી કયાંક પંગતની માફક એક હારમાં ગોઠવાઈને બેઠા છે. તો વળી કયાંક દહેરી કે છતરડીમાં પોતાનો મોભો બતાવવા બેઠા છે. તો કોઈક પાળિયાઓ જળાશયના કાંઠે કે દેવ–દેવીના મંદિરમાં દેવના ઓથાર નીચે નિરાંત કરીને બેઠા છે.તો વળી કોઈ વૃક્ષ નીચે ઠંડા છાયડામાં જમાવટ કરી છે. કોઈક તો વળી પોતાની નાતથી જુદા પડી ગયા હોય તેમ એકલા–અટૂલા ધ્યાનસ્થ ઋષિઓની માફક સમાધિ લગાવીને બેઠા છે. આવા પાળિયાઓનો ઈતિહાસ કે કથા પ્રકારની છે તેવું નથી. દરેકના ભાવ નિરાળા છે.

વટ–વચન ને નેકીના એ જમાનામાં કાંટિયાવરણના લોકોથી લઈને અદનાના આદમી અને ઢોલ વગાડનાર ઢોલી સુધીના વિવિધ ભાવવાળા પાળિયાઓ અસ્તિત્વમાં આવ્યા છે. ત્યારે લોકજીવનમાં તેનો શ્રદ્ધાથી આદર થયો છે. કચ્છભૂમિમાં એવા તો કેટલાયે નર–નારીઓએ અનેક કારણોસર પોતાના પ્રાણોની આહુતિ આપી છે. જેમાં કેટલાક પાળિયાઓ પ્રણાલિકાગત અસ્તિત્વમાં આવ્યા છે. તો કેટલાક પાળિયાઓ ગામની બહેન–દીકરીના રક્ષણકાજે અસ્તિત્વમાં આવ્યા છે. તો કેટલાક પાળિયાઓ, પશુધનની રક્ષા કાજે ઊભા છે, તો કેટલાક પાળિયાઓમાં પોતાના પતિની પાછળ સતી થયેલી સ્ત્રીની ઓળખ મળે છે. કેટલાક પોતાનાં ભાઈ–બહેન, દીકરી, દીકરા કે સગાંઓની પાછળ અસ્તિત્વમાં આવ્યા છે. તો કેટલાક પોતાના કુળની ઊજળી પરંપરા નિભાવવા માટે અસ્તિત્વમાં આવ્યા છે. તો કેટલાક નાનાં મૂક પશુઓને ન્યાય અપાવવા પાછળ ખોડાયા છે. તો કેટલાક અન્યાય સહન ન થતાં પોતાના ખાતર કે બીજાઓની ખાતર ત્રાગાના સ્વરૂપમાં પાળિયાઓ ઊભા છે. આમ, પાળિયાઓનો પ્રદેશ વિવિધભાવોને લીધે અસ્તિત્વમાં આવ્યો છે.

મણિભાઈ વોરાએ નોંધ્યું છે કે " જે પ્રજા વિશેષ ખમીરવંત હોય, જેને લડવા, ખપી જવા, મરીને જીવવાના મંત્ર મળેલા હોય, પ્રજામાં વીરગતિ પામેલાનાં સ્મારક વિશેષ હોય છે. સ્વધર્મ, સ્વધરા કે પરમાર્થે અર્થે આપભોગ, કેસરિયા, જૌહર, ધરણાં જલસમાધિ કે કમલપૂજા દ્વારા દેહત્યાગ અહોભાવ મનાય છે. જીવન કરતાં મૃત્યુને મોંઘું ગણવું, સત્ધર્મ માટે પ્રેમ અને ભકિતપૂર્વક આત્મત્યાગ કરવો, એ માટે પોરસ લેનારી પ્રજાએ વીરપૂજાને જન્મ દીધો છે અને વીરપૂજા આવી પ્રજાને જીવતી રાખવા માટે

આવશ્યક છે. સત્ય, સ્નેહ ને શૌર્યનો માર્ગ જ હરિનો મારગ છે." (૫૨) આવી એક માન્યતા હતી. આવા કારણોસર અનેક પાળિયાઓ અસ્તિત્વમાં આવતા. અહીં વિવિધભાવે અસ્તિત્વમાં આવેલા પાળિયા વિશે જોઈએ.

### ૨.૮.૧ * શૂરાપૂરા કે સૂરધનના પાળિયા :–

શૂરાપૂરા વિશે એવી માન્યતા છે કે, કોઈ વીરપુરુષ લડતાં લડતાં કામ આવી જાય તેને શૂરોપૂરો કહે છે. તો વળી ઘણા પ્રદેશોમાં કોઈ વીરપુરુષ લડતાં–લડતાં કામ આવી જાય અને તે તેનાં કુટુંબીજનોને નડતો હોય ત્યારે તે સૂરધન બને છે આવું કહેવાય છે.

જયારે અમુક જગ્યાએ યુદ્ધભૂમિમાં મૃત્યુ પામ્યો હોય તેને સૂરધન કહે છે અને અવગતે જઈને નડતો હોય તેને શૂરોપૂરો કહે છે. એટલે પ્રદેશભેદે તે જુદા–જુદા નામે ઓળખાય છે. પરંતુ સામાન્ય રીતે વ્યવહારમાં પણ આપણે કોઈક હેરાન કરનાર વ્યકિત માટે ' એ તો સાલો સૂરધન છે. ' આવું કહીએ છીએ. એનો અર્થ એ થયો કે નડતરરૂપ બનનાર વ્યકિત માટે આ શબ્દ બોલાય છે. છતાં સૂરધનનો અર્થ બેસાડવો પડે તેમ છે. ખોડીદાસ પરમારે નોંધ્યું છે. બધા જ ક્ષત્રિયો કે બીજા વર્ણના લોકો કાંઈ લડાઈમાં જ ખપી જઈને શૂરવીરતાભર્યા મૃત્યુને વરતા નથી અને હવે તો એવી હાથોહાથની લડાઈ જ કયાં છે ? જમાનો બદલાયો છે. છતાં ખાંભીઓ તો ગામડામાં ખોડાયેલી દેખાશે. આ બધી ખાંભીઓને ' સૂરધન ' કહે છે. આ ખાંભીઓ અકસ્માત, આપઘાત, ખૂન કે અકુદરતી રીતે માણસ મરે છે તેની છે. માણસ આ રીતે મરે છે. તેથી પ્રેતયોનિમાં જાય છે. તેનો જીવ ભડકે બળે છે. તે વલખાં મારે છે, કારણ કે અકુદરતી મૃત્યુ થવાથી તેની વાસનાઓ રહી ગઈ હોય છે અને તેથી તેની અસદ્‌ગતિ થઈ હોય છે. તે માટે તે પાછળ રહેલાં કુટુંબીઓમાંથી કોઈને કનડે છે. કુટુંબીઓ ભૂવા પાસે દાણા જોવડાવે છે. ભૂવો દાણાના વાસા જોઈને અનુમાન કરીને કહે છે કે તમને તમારો પૂર્વજ, જે કમોતે મર્યો છે. તે નડે છે. પછી પૂર્વજના નામે ડાકલાં માંડી, માંડલું બેસાડે છે. તેમાં ભૂવો ધૂણે છે. ત્યારે ઘરના કે કુટુંબના કોઈ આદમીની સરમાં તે પૂર્વજ આવે છે ને પોતાને બેસવું છે તેમ કહે છે." (૫૩)

અહીં ખોડીદાસ પરમારે નડતરરૂપ બનતો હોય તેવી વ્યકિત તરીકે સૂરધનની ચર્ચા કરી છે. પરંતુ શૂરાપૂરા અને સૂરધન વિશે અલગ–અલગ પ્રાંતમાં

અલગ–અલગ માન્યતા પ્રવર્તે છે એ પણ હકીકત છે.

## ૨.૮.૨ * સતીના પાળિયાઓ :-

સતીના પાળિયા કેવા પ્રકારના હોય છે તેની ચર્ચા કરતાં પહેલાં ' સતી ' શબ્દનો અર્થ જોવો જોઈએ ' સ્ત્રીઓના પાળિયામાં સતી ' શબ્દ કયારથી અને શા માટે વપરાય છે ? તેની આછેરી ચર્ચા કરવી જરૂરી બને છે. તો કહી શકાય કે પ્રાચીનકાળ માં વિવિધ અર્થમાં ' સતી ' શબ્દ વપરાયો છે. જેમકે, સતી સીતા, સતી સાવિત્રી, સતી અંજની, સતી અહલ્યા, સતી અઢંધતી, સતી અનસૂયા વગેરે સ્ત્રીઓને આપણે સતી તરીકે સંબોધન કરીએ છીએ. એજ રીતે રામાયણના પ્રસંગને યાદ કરીએ તો રાવણના મૃત્યુ પછી મંદોદરી રાવણના ભાઈ વિભીષણ સાથે લગ્નગ્રંથિથી જોડાય છે. ત્યારે આપણે સતી મંદોદરી શબ્દ વાપરીએ છીએ. એજ રીતે સતી પાર્વતી વિશે આપણે સ્પષ્ટ કહી શકતા નથી. કેમકે એક વખત સતી દક્ષને પોતાના પિતાને ત્યાં યજ્ઞના પ્રસંગમાં જાય છે. ત્યારે ત્યાં પતિના અપમાનને લીધે યજ્ઞમાં જ બળી મરે છે. ત્યારે આપણને એ પ્રશ્ન થાય કે, બળી મૂઆ એટલે તેને સતી કહેવાય છે કે, પછી સીતા, અનસૂયા, સાવિત્રીની માફક, સત્યનિષ્ઠાને લીધે ? તો એવું કહી શકાય કે, સતીના બળી મરવાને લીધે નહીં કેમકે સીતા, અનસૂયા, સાવિત્રી, અહલ્યા, જેવી વિદૂષી નારીઓ બળી મરી નહોતી. છતાં પણ તેને સતી તરીકે ઓળખવામાં આવતી, કદાચ ' સતી ' શબ્દની પાછળ સત્યનિષ્ઠા રહેલી હશે.

પોતાના પતિની પાછળ એક જમાનામાં એટલે કે, મધ્યકાળમાં સ્ત્રીઓ ચિતાએ ચડીને પોતાના પ્રાણની આહુતિ આપી દેતી. આવું કપરું કાર્ય તો સત્યપાલન કે સત્યનિષ્ઠાવાળી સ્ત્રીઓ જ કરી શકે, માટે તેના માટે સતી શબ્દ પ્રચલિત થયો હોય એ સ્વાભાવિક છે. પરંતુ પછીથી તો પોતાના મૃત પતિની પાછળ સતી થવા ઈચ્છતી ન હોય તેવી સ્ત્રીઓને પકડીને ધરારથી ' સતી ' કરવામાં આવતી તેના માટે પણ આ ' સતી ' શબ્દ અસ્તિત્વમાં આવ્યો હોય તેવું બને ખરું ! એટલે પૌરાણિકકાળમાં સત્યનિષ્ઠ સ્ત્રીઓને માટે ' સતી ' શબ્દ પ્રયોજાતો હતો. પરંતુ પાછળથી મધ્યકાળમાં તો ઈચ્છાએ–અનિચ્છાએ અગ્નિસ્નાન કરનાર સ્ત્રીઓ માટે આ ' સતી ' શબ્દ પ્રચલિત થયો હશે.

## ૨.૮.૨.૧ * વિવિધભાવે થતી સતી :–

જે સ્ત્રી પોતાના પતિની પાછળ સતી થતી તેને જ સતી કહેવાય એવું નથી. પરંતુ પોતાના લાડકવાયા પુત્ર, પુત્રી, ભાણેજ, ભાઈ, ભત્રીજા, માતા વગેરે સ્વજનોની પાછળ સતી થાય તેને પણ સતી કહેવામાં આવે છે. ગુજરાતમાં એવી કેટલીયે સ્ત્રીઓ છે કે, જે પોતાના વહાલસોયા સ્વજનને ગુમાવ્યા પછી પોતે પણ એ જ માર્ગ લીધો હોય અને સતી કહેવાઈ હોય. જેમાં કચ્છની જ વાત કરીએ તો મહારાવ લખપતજીના માતૃશ્રી મલુકબા માતાભાવે લખપતજીની પાછળ સતી થયાં હતાં. તે જ રીતે કુંદરોડીના વીર શિવુભાની માતા પણ શિવુભાની પાછળ સતી થયેલાં. એજ રીતે ભુજ તાલુકાના માનકૂવા ગામના કલુ લુહાર પાછળ તેમની માતા ભાણબાઈ સતી થયાં હતાં. તો મોટી ભાડાઈના રાણબાઈ પણ પોતાના પુત્રની પાછળ સતી થયાં છે. તો લાખોંદ ગામનાં કમાસતીનો પાળિયો પણ આ કારણે અસ્તિત્વમાં આવ્યો છે. આ ઉપરાંત અહીં ભાઈ, ભાણેજ, ભત્રીજા, દોહિત્ર, પૌત્રની પાછળ સતી થનાર સ્ત્રીઓના પાળિયા પણ જોવા મળે છે.

## ૨.૮.૨.૨ * ચારણ આઈઓના પાળિયા :–

કચ્છના ગામેગામ ચારણ આઈઓનાં સ્થાનકો આવેલાં છે. લોકો તેના પાળિયાને પૂજે છે. આ ચારણ આઈઓ માત્ર પોતાના પતિ, ભાઈ, પુત્ર, પિતા, ભાણેજ, ભત્રીજા, દોહિત્ર કે પૌત્ર પાછળ જ નહીં પરંતુ ધર્મને કારણે, ન્યાયને કારણે કયારેક પોતાના કુટુંબ કે ગામના રક્ષણને કારણે તો કયારેક અપમાનને કારણે તો વળી કયારેક તો મૂંગા પશુઓને ખાતર પણ પોતાના પ્રાણોનું બલિદાન આપી દેતી. જેમાં પાંચોટિયાના આઈ પુનઈએ ધર્મને લીધે પોતાનું બલિદાન આપ્યું છે, વાગડમાં આવેલ કાનમેર ગામની સતી જીવણીએ ન્યાયને ખાતર પોતાના પ્રાણની આહુતિ આપી છે. તો પંચગંગાજીના કમા સતીએ પોતાના કુટુંબના રક્ષણકાજે બલિદાન આપ્યું છે. લાખોંદના સતી બેનબાઈ તથા લાખિયાર વિયરાના સતી જીવામાએ પોતાના ગામના રક્ષણકાજે પ્રાણોની બલિ ચડાવી છે, માંડવી તાલુકાના વીંગણિયા ગામના ગરાસદારના દીકરી જશોદાઆઈએ પોતાના ભાઈ દ્વારા થયેલ અપમાનને લીધે સતી થયાં છે, તો મૂંગા પશુઓની પાછળ સતી થનાર સ્ત્રીઓ પણ છે. જેમાં મુન્દ્રા તાલુકામાં આવેલ શેખડિયા ગામના પુનશ્રીઆઈએ

એક નાના એવા સસલા ખાતર પ્રાણ ત્યજયા છે. એજ રીતે ઘેડ વિસ્તારમાં આવેલ મીતિ ગામની ચારણ કન્યાઓએ એક રોઝને ખાતર આત્મબલિદાન આપ્યું છે. બરડામાં રોઝી માતા પણ એક રોઝ ખાતર જ સતી થયાં છે. બાવીસ કોટડાના આઈઓ પણ આવા જ કારણોસર સતી થયેલાં છે. આમ, પશુઓને ખાતર પ્રાણોની આહુતિ આપનાર સ્ત્રીઓ પણ આજે પાળિયા સ્વરૂપે પૂજાય છે.

અરે ! પશુઓ જ નહિ પણ એક મામૂલી ગણાતા ઢોલ વગાડનાર ઢોલી પાછળ એકસોને ચાલીસ આહિરાણીઓ ઢોલીની સાથે ચિતામાં ખડકાણી હતી. આમ, કચ્છ જેવા નિરાળા પ્રદેશના પાળિયાઓ પણ કેવા નિરાળા છે. !

### ૨.૮.૩ * સતાના પાળિયા :-

આપણે ત્યાં સતીઓની માફક પુરુષો પણ સતા થયા છે. પોતાના કોઈ વહાલા સ્વજન પુત્ર, પુત્રી, ભાણેજ કે કોઈ નજીકનાં સગાં પાછળ સતા થયા હોય તેવા પુરુષોના પાળિયાઓ પણ દષ્ટિગોચર થાય છે. જેમાં નખત્રાણા તાલુકામાં આવેલ ખારડિયા ગામ. આ ગામના મોકાજી કે જેનો પૌત્ર મૃત્યુ પામતા પોતે પણ તેની સાથે ચિતામાં ચડયા અને સતા બન્યા. એજ રીતે મુન્દ્રા તાલુકામાં આવેલ નવીનાળ ગામના બાવાજી ચાવડા કે જેઓ હિંગલાજની યાત્રાએ ગયા હતા. પાછા ફર્યા ત્યારે તેનો પૌત્ર ગુજરી જતાં પોતે પણ સાથે ચિતામાં પ્રવેશી સત્તા થયાં. એજ રીતે દશા ઓસવાળ કોમના એક પિતાએ પોતાના દીકરા પાછળ સત ચડતા સાગવન લીધા. એટલે કે, સતા થયા. મોટા રતડિયાના વાલા ભોજા નામના એક ચારણે પોતાની પત્ની મૃત્યુ પામતા વાલો તેની પાછળ સતો થયો. આમ, એક જમાનામાં પુરુષો પણ પોતાના વહાલા સ્વજન પાછળ સતા થયા.

### ૨.૮.૪ * સહગમનના પાળિયા :-

' સતી ' કે ' સતા ' શબ્દ અસ્તિત્વમાં આવ્યો એ પહેલાં કદાચ રાજાની પાછળ કે અન્ય કોઈની પાછળ મરનાર માટે સહગમન શબ્દ વપરાતો હશે. જયમલ્લ પરમારે નોંધ્યું છે કે, એક કાળે રાજાઓ ગમે તે કારણે મરતા તો પણ તેની પાછળ એની સારી ને નરસી રાણીઓ, રખાતો, ને દાસ–દાસીઓ પણ મરતી કે પછી બળી મરવું

પડતું. રાજા મરી જાય એની પાછળ એની દાસીઓ ચૂડીકર્મ તો હજી રાજાશાહી ગઈ ત્યાં સુધી કરતી અને સુંવાળું તો લગભગ આખું ગામ સાગમટે ઊતરાવતું. દિવસો કે મહિનાઓનો શોક પાળવો પડતો." (૫૪)

આમ એ જમાનામાં સ્વેચ્છાએ કે ફરજિયાત પણે સહગમન કરવું પડતું હશે. કચ્છના કેટલાક પાળિયાઓમાં સ્ત્રી પોતાના પતિનું શબ બે હાથમાં ધારણ કરીને ઊભી હોય. તેનો અર્થ એ કહી શકાય કે કદાચ તે સ્ત્રી પોતાના પતિની સાથે જ તેના શબને ખોળામાં લઈને સહગમન કર્યું હશે. કચ્છમાં આવા ઘણા પાળિયા જોવા મળે છે.

પિરામિડોમાં તો રાજા મરતાં તેની સાથે તેની રાણીઓ, દાસ–દાસીઓ, ઘોડાઓ, એમ બધાને એક સામટા દાટી દેવામાં આવતાં એટલે કે, રાજાની સાથે જ આ બધાને દાટવામાં આવતા માટે તેને સહગમન કર્યું કહેવાય. નાગજીભાઈ ભટ્ટીએ નોંધ્યું છે. " કલ્યાણીના ભુવડ અને ચાવડા જયશિખરીને લડાઈ થઈ તેમાં જયશિખરી મૃત્યુ પામ્યો ને તેના શરીર ઉપર થઈને શત્રુ પંચાસરમાં બેઠો. કિલ્લાના રક્ષકો અને દરબારના રક્ષકોએ મરતા સુધી તેમને પેસવા દીધા નહિ, પણ છેવટે ભયંકર લડાઈ થઈ પછી ભુવડે મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં દાસીઓ ઘણા જુસ્સાથી સામી થઈને હાથમાં ભૂગળ કે જે કાંઈ આવ્યું તે લઈને દુશ્મનોને શહેરના દરવાજા બહાર હંકાવી દીધા. તેમની ઈચ્છા જયશિખરીની લાશ લેવાની હતી તે અહીં પૂરી થઈ. પછી તેમણે ચંદનની ચિતા ખડકી, માંહી નાળિયેર નાખ્યાં અને જયશિખરીની સાથે તેઓ બળી મરી. તેમાં ચાર રાણીઓ, દાસદાસી સાથે ચિતામાં પડી. નગરના લોકોમાંથી જેઓ રાજાના ઉપર ઘણો સ્નેહ રાખતા તે પણ પોતાના રાજાની સાથે સ્વર્ગમાં રાજાની હજુરમાં જવા બળી મુવા." (૫૫)

### ૨.૮.૪.૧ અનુમરણ

' એટલે પોતાના સ્વજનની પાછળ સ્ત્રી કે પુરુષે મૃત્યુ પામવું. અમુક જગ્યાએ પશુઓ પણ પોતાના સ્વામીની પાછળ ચિતામાં કુદ્યા હોય તેવા દાખલા મળે છે. જોકે, અનુમરણના કિસ્સાઓ ઠેક–ઠેકાણે જોવા મળે છે. પોતાના સ્વામી કે સ્વજનની સાથે ચિતામાં ન પડતાં, પાછળથી મરે તેને અનુમરણ કહેવાય. રજવાડામાં ઘણીવખત સ્ત્રીઓ સહગમન કરતી તો ઘણીવખત પોતાના પતિનું શબ હાથમાં ન આવતાં પાછળથી પતિની કોઈક વસ્તુ લઈને સતી થતી. રાજપૂતાણી પછી તો દરેક કોમમાં આવો રિવાજ

પ્રચલિત થયો હતો. જોકે, સ્ત્રી પોતાના પતિ પાછળ જ સતી થાય એવું નથી. પોતાના કોઈપણ સ્વજન પાછળ સતી થતી.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ નોંધ્યું છે : કલ્હણ–કૃત " રાજતરંગિણી" માં રાજકુલમાં અનુમરણનાં અનેક દૃષ્ટાંતો મળે છે. રાજા ઉચ્ચલની રાણી જયમતિ જેવી શીલહીન રાણીઓ પણ પતિ પાછળ સતી થતી ! કલશ ઉત્કર્ષ જેવા રાજાઓ પાછળ રાણીઓ ઉપરાંત રખાતો પણ સતી થઈ હતી ! કયારેક માતાઓ અને બહેનો જેવી સગી સ્ત્રીઓ ય અનુમરણ અંગીકાર કરતી. કવચિત અમાત્યો અને અનુચરો જેવા પુરુષો પણ સ્વામી પાછળ મરણને ભેટતા. રાજા સુસ્સલની પાછળ એની વહાલસોયી બિલાડીએ પણ ચિતામાં પ્રવેશ કરેલો !" (૫૬)

## ૨.૮.૫ * સદેહે સાગવન કે ત્રાગાના પાળિયાઓ :-

અહીં વિવિધ કારણસર સતી કે સતાના પાળિયાઓનો સમાવેશ થાય છે. આવા પાળિયાઓ ન્યાય કે ધર્મખાતર અસ્તિત્વમાં આવ્યા હોય છે. આપણે ત્યાં કમળ પૂજા ખાધાના, જળસમાધિ લીધાના અને ત્રાગાના ઘણા પાળિયાઓ મળી આવે છે. તેમાંય ત્રાગાની પાળિયાઓની સંખ્યા કચ્છમાં વિપુલમાત્રામાં દેખાય છે. ખાસ કરીને બ્રાહ્મણ, ગઢવી–ચારણો, અન્યાય સામે અવાજ ઊઠાવવા ત્રાગાં કરીને મૃત્યુને વરતા. આથી ઉચ્ચવર્ગની પ્રજા સામાન્યપ્રજાને અન્યાય કરતાં ડરતી. આવા પાળિયાઓમાં જીવા દાદલ, માનબાઈ સતી, જગમાલ પંડયા, સતી જીવણી, ધનબાઈ. કચ્છમાં ચારણઆઈઓમાં આ પ્રથા વિશેષ હોય એવું લાગે છે. આવાં ત્રાગાં કરીને સામેની દુઃખ આપનારી વ્યકિત ઉપર પાપની આળ ચડાવીને તેને બદનામ કરવાની ભાવના જોવા મળતી.

## ૨.૮.૬ * અવગતિયાના પાળિયાઓ :-

આપણે ત્યાં યુદ્ધભૂમિમાં કામ આવેલા શૂરવીરોના પાળિયાઓથી માંડીને અવગતિયાઓના પાળિયાઓ પૂજાય છે. શૂરા અને સતીઓના પાળિયાઓ તો ઠીક પણ જેઓ વિવિધ કારણોસર મરતા તેઓના પાળિયાઓ પણ મૂકાતા. જો કે, આ પ્રથા હાલમાં પણ કોઈક જગ્યાએ જોવા મળે છે. આવા પાળિયાઓમાં કુદરતીમોત, અકસ્માત, ઝેરી જીવ કરડવાથી મૃત્યુ પામ્યા હોય તેનો સમાવેશ થાય છે. કચ્છમાં આવા પાળિયાઓ

પણ ઘણા જોવા મળે છે. જેમાં સૂરબાવાંઢમાં અસ્તિત્વમાં આવેલા ગઢવીઓના પાળિયાઓ, નખત્રાણા તાલુકાના લોરિયા ગામમાં એક રબારીનો સાપ કરડવાથી અસ્તિત્વમાં આવેલો પાળિયો છે, તો માંડવી તાલુકાના આસરાણી ગામનો એક વ્યકિત દુબઈમાં રહેતો હતો, તે પ્રાઈમસથી દાઝયો અને મૃત્યુ પામ્યો તેનો પાળિયો તેના ગામમાં બેસાડવામાં આવ્યો છે. આવાં તો ઘણાં ઉદાહરણો મળી રહે છે. કુટુંબની વહુવારું કમોતે મરી જાય તો તેને પણ શિકોતેર તરીકે પૂજવામાં આવે છે. આવા જીવો ભૂત થઈને કનડે નહીં માટે તેને બેસાડવામાં આવે છે અને તેની પૂજા પણ થાય છે. આમ વીરગતિથી માંડીને અવગતિયા સુધીના પાળિયાઓ આપણે ત્યાં અસ્તિત્વમાં આવ્યાં છે.

### ૨.૮.૭ * ઓટો અને પગલાં :-

સામાન્ય રીતે જોવા જઈએ તો ઓટો એટલે ઘરની બાજુમાં કે ઘરને એઢેલીને બેસવા માટે બનાવ્યો હોય તેને ઓટાના નામથી ઓળખીએ છીએ. ધીમે–ધીમે આ શબ્દ વિસ્તૃત બન્યો હોય તેમ લાગે છે. કેમકે, મધ્યકાળમાં મૃત વ્યકિતને જયાં દાટયો ( દફનાવ્યો ) હોય ત્યાં પણ ઓટો બનાવવામાં આવતો. ઘણીવખત જે જગ્યાએ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હોય ત્યાં પણ ઓટા બનાવવામાં આવતા. જેમકે, લખપતજીની છતરડીની પાછળના ભાગમાં તેનો એક ઓટો છે, એજ રીતે રાયધણજી બીજાના અત્યાચારને લીધે પ્રજાએ તેના પર હુમલો કર્યો ત્યારે આ રાજવીએ પ્રજાને અમુક પ્રકારના ધુમાડા કરીને ગૂંગળાવી નાખી હતી. તેમાં કેટલાંક મૃત્યુ પામ્યાં હતાં, ત્યારપછી તેને દફનાવી દીધાં અને તેનાં ઉપર એક મોટો ઓટો બનાવડાવ્યો હતો.

તેજ રીતે કમળપૂજા ખાધાના ઓટલા પણ મળે છે. ઘણા કમળપૂજાના શોખીનો તો યુદ્ધના મેદાનમાં દુશ્મનોના હાથે મરવા કરતાં જે–તે જગ્યાએ ધૂળ કે ગમે તેની લિંગ જેવું ઊભું કરીને પોતાનું મસ્તક તે ઢગલા આગળ વધેરી નાખતા. તેના પણ ઓટલા બનાવવામાં આવતા.

પગલાં પણ આમ તો ઓટાનો જ એક પ્રકાર ગણાવી શકાય. ખાસ કરીને રાજની કોઈ સ્ત્રી મૃત્યુ પામે તો તેનાં પગલાં રાખવામાં આવે છે. આવાં પગલાં તો સાધુ–સંતોનાં પણ હોય છે. પગલાં આવવા જવા બંનેનું સૂચન કરે છે. આવાં પગલાંઓ ઘણી જગ્યાએ પધરાવવામાં આવે છે.

## ૨.૮.૮ * સમાધિ :–

આમ તો સમાધિ એટલે એક પ્રકારનું ગહન ધ્યાન. ધ્યાન એટલે કોઈ એક વસ્તુ કે પરમાત્મામાં એકરૂપ થવું. બાહ્ય જગતથી દૂર થવું. કંઈક આવા અર્થમાં સમાધિ શબ્દ વપરાય છે. આપણે ત્યાં સાધુ–સંતોના મૃત્યુ પછી તેની જે દફનવિધિ કરવામાં આવે છે. તેની ઉપર કંઈક સ્મૃતિચિહ્‌ન ઊભું કરવામાં આવે છે. તેને આપણે સમાધિ કહીએ છીએ.

ઘણી વખત જીવતાં પણ સમાધિ લેવામાં આવતી. એક જમાનામાં જીવતાં સમાધિ લેવી એ ગૌરવની વાત ગણાતી. આપણે ત્યાં ગુજરાતમાં ઘણાં સાધુ–સંતો અને સતીઓ પણ જીવતાં સમાધિ લેતાં. ગુઢની સાથે શિષ્યો પણ સમાધિ લેતા એવા ઘણા દાખલાઓ છે. ધર્મને કે પુનઃજીવનના કોઈ ઉદ્દેશથી પ્રેરાઈને આ રીતે સમાધિ લેવામાં આવતી.

## ૨.૮.૯ * ક્ષેત્રપાળ કે ખેતરપાળના પાળિયા :–

ક્ષેત્ર એટલે જગ્યા, સ્થાન વિસ્તારના અર્થમાં લઈ શકાય. પાળ એટલે પાળનાર કે પછી ' રક્ષણ કરનાર ' એ રીતે જોવા જઈએ તો ખેતર એક વિસ્તાર કે જગ્યા જ કહેવાય. તેનું રક્ષણકરનારો તે ખેતરપાળ કે ક્ષેત્રપાલ. અહીં નાગદાદાની ખાંભી જે ખેતરમાં કે શેઢે આવેલી હોય છે. તેને પણ ખેતરપાળ તે ક્ષેત્રપાળ કહેવામાં આવે છે. સાપના અર્થમાં જોવા જઈએ તો સાપ એ જીવ–જંતુ કે પાકને નુકશાન પહોંચાડનાર ઉંદર વગેરેને ખાઈને હકીકતમાં તો ખેતરનું રક્ષણ જ કરે છે. એ અર્થમાં પણ લઈ શકાય. જો કે, ખેતરપાળની નાગની આકૃતિવાળી ખાંભી કે પાળિયો મંદિર, વૃક્ષ કે ગમે તે જગ્યાએ પણ જોવા મળે છે. બધા તેની આમન્યા જાળવીને પૂજા કરતાં હોય છે. ડૉ. નાગજીભાઈ ભટ્ટીએ નોંધ્યું છે. " કચ્છમાં નાગને ખેતરપાળ તરીકે ઓળખવામાં આવે છે. એટલું જ નહીં, કચ્છમાં ગામડે–ગામડે ખેતરપાળનાં સ્થાનકોમાં નાગદેવની ગોળ ગૂંચળું વાળીને બેઠેલી ફણાવાળી મૂર્તિ જોવા મળે છે. અહીં નાગ માત્ર જમીન કે ક્ષેત્રના રક્ષક ક્ષેત્રપાલ કે ખેતરપાળ રહેતા નથી, પણ ' ગ્રામદેવતા ' બની જાય છે." (૫૭)

વળી, એવું પણ બની શકે કે, જૂના જમાનામાં ખેતરનું રક્ષણ કરવા માટે કોઈ એક વ્યકિતને નિમ્યો હોય ત્યારે કોઈ કારણસર તે ખેતરનું રક્ષણ કરનાર વ્યકિતનું

મૃત્યુ થયું હોય અને તેનો પાળિયો બેસાડયો હોય.

વળી, આપણી બીજી એક માન્યતા છે કે, કોઈ વ્યકિત મર્યા પછી એ પિતૃ બની જતા હોય છે. આવા પિતૃઓ નાગના સ્વરૂપમાં ફરતાં હોય છે. આપણું અને આપણી જમીન–જાગીરનું રક્ષણ આવા પિતૃઓ જ નાગના સ્વરૂપમાં કરતાં હોય છે. આવી પણ એક લોકમાન્યતા છે. આવા કારણસર જ આપણે ભયમિશ્રિત ખેતરપાળની પૂજા કરીએ છીએ. નાગપંચમીના દિવસે ખેતરમાં નાગને નૈવેદ્ય ચડાવવાની પ્રથા કોઈક–કોઈક જ્ઞાતિમાં જોવા મળે છે. આમ, ખેતરપાળ કે ક્ષેત્રપાળના અર્થમાં માનવ અને માનવેતર બંને પાત્રો એકસાથે ચાલે છે.

## ૨.૮.૧૦ * સાંકેતિક પાળિયા :–

આવા સાંકેતિક પાળિયા કે જમીનમાં ધન દાટીને ઊભા કરેલા પાળિયાની વાતો પણ ખૂબ સાંભળવા મળે છે. આવું પણ સાંભળવા મળ્યું છે કે, આવા સાંકેતિક પાળિયાઓ કાંતો વણઝારા કોમના હોય અથવા તો કાઠીલોકોના હોય. કેમકે, આ લોકોને વારંવાર સ્થળાંતર કરવું પડતું હોવાથી પોતાની પાસે રહેલ ધન સાથે ફેરવવામાં આવે તો જોખમ વધી જાય. માટે આવું ધન સાથે ન ફેરવવું પડે તે માટે સલામત જગ્યાએ ધનને દાટીને તેની ઉપર પાળિયો ઊભો કરવામાં આવતો. પ્રજા મોટાભાગે અભણ હોવાથી પાળિયાને હાથજોડે પણ નુકશાન તો ન જ કરે. આમ છતાં પણ જો કોઈને ખબર પડી જાય તો ધન કાઢીને પાળિયાને એક બાજુ નાખી દેતા આવી માન્યતાઓ પણ ચાલે છે. દિલીપભાઈ વૈદ્ય સાથેની મારી મુલાકાત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, આવા પાળિયા ઉપર ' ઢોલ વા ને તીર વા ' એમ લખેલું હોય છે. પરંતુ તેના અર્થની કોઈને ખબર પડતી નથી. આમ, સાચી હકીકત આજે પણ જાણવા મળી નથી.

## ૨.૯ * પાળિયાની માંડણી કે સર્જન :–

આપણે આગળ ચર્ચા કરી ગયા એ મુજબ પાળિયાના મૂળ અનેકકાળ વીંધીને છેક વેદકાળમાં મળે છે. સૌપ્રથમ આદિમાનવે પોતાનો સ્વજન પોતાનાથી દૂર ન થાય માટે તેના મૃતદેહને સાચવવાનો પ્રયત્ન કર્યો હશે પણ પછી એ શકય ન બનતાં ધીમે–ધીમે બુદ્ધિ અને સમજણશકિતનો વિકાસ થતાં તેની યાદ સાચવવા પ્રયત્નો કર્યા

હશે. આવા પ્રયત્નો દરેક દેશમાં, કોમમાં જોવા મળે છે. પ્રથમ માટી કે લાકડાની મદદથી તેનાં મૃત્યુચિહ્ન ઊભાં કરવાં પ્રયત્ન થયા હશે. તેમાંથી સ્તૂપો ઊભા થયા અને આ સ્તૂપોમાં કાળક્રમે અનેક ફેરફાર થતા ગયા અને જુદા–જુદા આકારો અસ્તિત્વમાં આવ્યા હશે. ઠેશ, લાઠ, ખાંભા, પાળિયા વગેરે તેમાં પાળિયાએ વ્યવસ્થિત રીતે કંડારાયેલું સ્મૃતિચિહ્ન બને છે. આ પાળિયાઓ ઊભા કરવાનું કાર્ય મધ્યકાળમાં જોવા મળે છે.

જો કે, પાળિયા મૂકવાનો રિવાજ શરૂ થયો તે પૂર્વે પાળિયાના સ્વરૂપના નમૂનાઓ ઘણી જગ્યાએ જોવા મળતા હતા. જેમકે, ખોડીદાસ પરમારે નોંધ્યું છે. ઈ.સ. ની છઠ્ઠી સદીમાં બાણે ' હર્ષચરિત્ર ' લખ્યું છે. રાણી યશોમતિ તેના પતિ પાછળ સતી થાય છે. ત્યારે હાથમાં એક પતાકા (ધ્વજ) હોય છે, જેમાં તેનો પતિ ઘોડા પર બેઠો છે. તેવું પ્રતીક છે. મધ્યકાલીન તેમજ અદ્યતન પાળિયા–ખાંભીમાં આ પ્રતીક ' મૃતકના પાળિયાના પ્રતીક ' તરીકે રૂઢ થઈ ગયું છે. જો કે, ઈ.સ. પૂર્વેની સદીમાં સાંચીના તોરણ ઉપર કંડારેલાં આવા ઘોડેસવારના શિલ્પ તો છે જ, પણ મૃત્યુસ્મારક પાળિયાના પ્રતીક તરીકે આ છઠ્ઠી સદીની આસપાસ જોવા મળે છે. સાતમી આઠમી સદીમાં આ પ્રથા ધીમે–ધીમે સર્વત્ર પ્રસરી ગઈ." (૫૮)

મધ્યકાળમાં કંડારતા પાળિયાઓની આકૃતિની આમાંથી પ્રેરણા મળી હોય એવું લાગે છે. મધ્યકાળનો જમાનો એટલે નેક–ટેક, પ્રામાણિકતા અને ધર્મના રંગે રંગાયેલો યુગ હતો. ત્યારની ખમીરવંતી પ્રજા તો ઠીક પણ સામાન્ય માનવીઓ પણ વાત–વાતમાં માથું આપવા તૈયાર થતા અને તેની પૂજા કે યાદ માટે ઠેક–ઠેકાણે પાળિયા–ખાંભી, છતરડીઓ, દહેરીઓ, ઓટાઓ ઊભા કરવામાં આવતા. જો કે, છતરડી કે દહેરીમાં પણ પાળિયા જ રોપવામાં આવતા. આ પાળિયાઓની માંડણી કયારે થતી તેના વિશે અછડતો દષ્ટિપાત્ કરીએ.

### ૨.૯.૧ * પાળિયાની માંડણી :–

એ જમાનામાં અનેક નાનીથી માંડીને મોટી ઠકરાતો હતી. આ બધા વચ્ચે ' મારે તેની તલવાર અને જીતે તેનું રાજ ' એવી એક પ્રથા હતી. આથી બળવાન ઠકરાતોનું મોટું ટોળું કોઈ ગામ કે નાની–મોટી જાગીર ઉપર ત્રાટકતું તે વખતે ગામનો નાનામાં નાનો માણસ પણ યુદ્ધમાં સાથ આપતો, ભાગવાને બદલે આખું ગામ સાગમટે મળીને

આવનાર દુશ્મનોનો સામનો કરતું. પછી જેનામાં તાકાત હોય તે જીતે, પણ યુદ્ધમાં બંને પક્ષના માણસો મરાતા. ત્યારે એક રિવાજ મુજબ એક ગામના દુશ્મનો બીજા ગામમાં મરાતા તો ત્યાં જ તેનું સ્મારક રચતા. એ સ્મારક વિધિસરનું ન હોય પણ પોતાના સ્વજન કે રાજા જે જગ્યાએ મરાયા હોય તે જગ્યા અને સ્વજનને યાદ રાખવા માટે પ્રથમ તો ઘડયા વગરનો પથ્થરો ખોડવામાં આવતો. તેના પર સિંદુર લગાવવામાં આવતું અને ઘણી વખત મૃતકનાં વંશજો વર્ષો પછી તે જગ્યાએ જઈને તેની પૂજા કરતાં, નૈવેદ્ય કરતાં. આમ તેને વીરપૂજામાં ખપાવીને તેનાં નૈવેદ્ય ઉપરાંત ઘણીવખત અનેક જાતિઓમાં તો વરકન્યાની છેડાછેડી છોડવામાં આવે છે. હુતાસણી–પડવાના દિવસે નૈવેદ્ય ધરાય, કસુંબો ચડાવાય કે મેળાનું પણ આયોજન કરે છે. ' બાલમુવારા ' પણ ઉતારવાનો રિવાજ ઘણી જગ્યાએ જોવા મળે છે. કચ્છના લખપત તાલુકાના કોરા ગામના અલિયાજીનો પાળિયો જે જગ્યાએ છે ત્યાં મેળો ભરાય છે.

આમ, ' રણચગાઓ ' માત્ર પથ્થર ન રહેતા તેનું લોકજીવનમાં ઘણુંબધું મહત્ત્વ છે. પાળિયા મૂકવાનો રિવાજ તો પછીથી શરૂ થયો. પરંતુ આવા પાળિયાઓ સીધેસીધા બેસાડવામાં આવતા નહિ, તેમાં ભૂવા પાસે દાણા નખાવે અને તેમાં મૃત્યુ પામેલ પૂર્વજ જો હા પાડે તો તેનો પાળિયો બેસાડવામાં આવે. ઘણી વખત તો તેના પૂર્વજ તેના વંશજોને સ્વપ્નમાં આવે અને પોતાને બેસવું છે, એવી વાત જણાવે ત્યારે તેના વંશજો રાવળ કે ભૂવા પાસે તેની ખાત્રી કરાવે પછી જ બેસાડે.

### ૨.૯.૧.૨ * લોકમાન્યતા :-

જે વીરપુરુષ ગામ, ગૌધન, બહેન–દીકરી કે સત્યને ખાતર લડતાં–લડતાં યુદ્ધભૂમિમાં પોતાના પ્રાણની આહુતિ આપી દે છે તે ખરા અર્થમાં પૂજાને લાયક બને છે. જેથી કરીને વીરપૂજા અસ્તિત્વમાં આવી પણ તેની સાથે આપણી અને પાળિયાની વચ્ચે ભૂવા કે રાવળિયાને રાખ્યા ત્યારથી સતી–શૂરાના ખુમારીભર્યા મોતની વાતો પડદા પાછળ આવી જતી હોય એવું લાગે છે. જે ખમીરવંતા વીરપુરુષની કથા ધીમે–ધીમે ચમત્કારની અને મંત્રયંત્રની કથા બનવા લાગી. જે વીરબંકાઓ બીજા માટે યુદ્ધભૂમિમાં ખપી ગયા હોય તે ઘરનાઓને કંઈ રીતે નડે ? છતાં પણ રાવળો આ યોદ્ધાઓના આત્મા સાથે વાતો કરીને તેનાં કુટુંબીજનોને ભડકાવે છે. ત્યારે કુટુંબીજનો કયારેક ભયના માર્યા પણ પોતાના

પૂર્વજોની પૂજા કરે છે. આ રીતે ભયમિશ્રિત પૂજા અસ્તિત્વમાં આવી. મણિભાઈ વોરાએ નોંધ્યું છે. : " દેવના કરવાથી આપણા કુળ ઉપર પિતૃ તૃષ્ટ થઈ પ્રસન્ન રહે. ઋઠમાન થાય તો અચ્છો વાના વરતે. દેવને વિસારી મૂકવાથી એ રૂઠે એવી લોકમાન્યતાએ ખમીરની અમીરીને ઢાંકી દીધી. વીરપૂજામાંય ' રાવળિયા ' જેવાં આગવા પુરોહિતો ઊભા થયા. પાદરના પાળિયા કે ઘરમાં પધરાવેલી દેવ માટેની વિધિ આ રાવળિયા દ્વારા થવા લાગી. ભૂવા–જાગરિયા ગતાત્મા જોડવાનું કરે છે : એ માન્યતાએ નિમ્ન સમાજના લોકોમાં મંત્રયંત્રનો ભય ઊભો કર્યો. રાવળ ડાકલું વગાડી જુદા–જુદા દેવની આવણીઓ બોલે, કોઈના સરમાં તેનો દેવ આવે, ભૂવો સ્થપાય, નૈવેદ્ય ચડે. આમ, ભકિતને વહેમ ભેગાં–ભેગાં જ પોષાતાં રહ્યાં.

"શૂરાની સંગમાં રમે ઘોડેલાં, એની માથે સોનેરી રણમાં શૂરીઓ આવે રમતો, તે દી ઝાલ્યા, ને રે ઝૂંઝાર." (૫૯)

એક કાળે રાવળદેવ આવી આરણ્યું ગાતો તેને બદલે હવે પ્રેતાત્માના વળગાડ કાઢતો થયો છે. પાળિયાને કેમ જુવારવો, એની તિથિ કેમ ઊજવવી, દેવથાન કે પૂજન અર્ચન કેમ કરવાંએ બધું ' ભૂવો ને બીજો ડાકલાવાળો ' અથવા કોઈ ' ગુરુમારાજ ' ની દોરવણી હેઠળ ચાલે છે.– વીરપૂજા આમ નિર્વીર્ય બની.

આ રીતે ભૂવા–જાગરિયાને કારણે લોકોના માનસમાં કેટલીક માન્યતાઓ ઘર કરી ગઈ છે. જે ચોખ્ખી વીરપૂજામાં બાધક બની છે.

## ૨.૯.૧.૩ * સ્થાપના વિધિ :–

પાળિયાની સ્થાપના કરવાનાં કેટલાંક કારણો છે. ઘણીવખત મરનાર વ્યકિતનાં કુટુંબીજનોને મૃતવ્યકિત સ્વપ્નમાં આવે અને બેસાડવાની વાત કરે. તો ઘણી વખત ઘણાને પોતાનાં મૃત સ્વજન નાગના રૂપમાં અવારનવાર આડા આવે આથી તેનાં કુટુંબીજનોને શંકા જતાં તેને બેસાડવાનું નક્કી કરે. તો કયારેક પોતાના મૃતસ્વજન અમુક જગ્યાએ મૃત્યુ પામ્યા હોય ત્યાં તેની ઠેશ હોય તે જગ્યા ખૂબ દૂર હોવાથી પરિવારજનો વિચારે કે તેનાં મૃતસ્વજનનો પાળિયા ગામમાં કે નજીકના સ્થળમાં બેસાડવામાં આવે તો સારી રીતે તેની પૂજા–અર્ચના થઈ શકે અને વારંવાર પેલી જગ્યાએ જવું ન પડે. તો અમુક વખત મૃત વ્યકિતના વંશજો પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે આવા પાળિયાઓ

બેસાડે છે. તો અમુક વખત વ્યકિત એવા ઈરાદાથી મૃતસ્વજનનો પાળિયો ઊભો કરવાનું વિચારે કે, જો પાળિયો બેસાડવામાં આવે તો તે મૃતસ્વજન તેના પરિવારની રક્ષા કરે. જો કે, પાળિયાનો અર્થ જ રક્ષણ કરવાવાળો એવો થાય છે. આમ, પાળિયા ઊભા કરવાનાં અનેક કારણો છે. સૌ જન પોતપોતાની માન્યતા પ્રમાણે પાળિયા ઊભા કરે છે. પાળિયો ગમે તેમ બેસાડવામાં આવતો નથી, પરંતુ ચોક્કસ વિધિથી તેની સ્થાપના કરવામાં આવે છે. આપણે આગળ ચર્ચા કરી એ મુજબ ઠેશ કે ખાંભી તો વ્યકિત જયાં મરાય ત્યાં સંસ્કાર વિધિ વગર ઊભી કરવામાં આવે છે. પણ પાળિયાની અમુક સંસ્કારવિધિ કરવામાં આવે છે. નાગજીભાઈ ભટ્ટીએ નોંધ્યું છે : " કોઈને સ્વપ્નમાં આવે અને એ રીતે પોતાની ઈચ્છા વ્યકત કરી પોતાને ઘરમાં બેસાડવાનું સૂચવે. ઘરધણી પૂછે કે તમે અમારા વડીલ છો કે ઘરના છો એની ખાત્રી શી ? ત્યારે કહે કે ભૂવા કે રાવળદેવને બોલાવી ખાત્રી કરો.પછી ભૂવો અને રાવળને બોલાવવામાં આવે, રાવળ માતાજીની લોબડી માથે નાખે, ઘી કે તેલનો દીવો કરે, અગરબત્તી કરે. ડાકલાં વાગે, માતાજી સરમાં આવે એટલે જુવારના માગે એટલા દાણા આપી પૂછે કે આ કામ સાચું છે કે ખોટું ? પંચ બેઠું હોય તે રાવળદેવને કહે એટલે ગણતરીના દાણા ૧૬ થી માંડીને ગમે તેટલા દાણા માગે. રાવળદેવ આપે અને જેટલા દાણા માગ્યા હોય તેટલા જ દાણા આવે તો નક્કી થાય કે જે કાંઈ થાય તે બરાબર છે. આમ, માગ્યા દાણા જોઈ સાચા ખોટાની ખાત્રી કરી કામ આગળ ચાલે. ત્યારબાદ તિથિ અંગેની પૂછપરછ પણ દાણા જોઈને નક્કી થાય. તિથિ નક્કી કરવામાં જે દિવસ સાચો લાગે તેના દાણા આવે." [૬૦]

આ રીતે એવી માન્યતાઓ પ્રચલિત છે કે, મરનારનો જીવ સદ્ગતિ પામવાને બદલે ભટકતો હોય છે. ઘરના સદસ્યો કે અમુક મિલ્કતમાં તેનો જીવ ભરાયેલો હોય છે. આથી તે બેસવાની વાત કરે છે. પરિણામે કુટુંબીજનો નિયત સમય નક્કી કરાવીને તેને જયાં બેસવું હોય ત્યાં બેસાડે છે. ઘણી વખત મૃતવ્યકિતના ફળા પણ ઊભા કરવામાં આવે છે.

જો કે, આદિવાસીઓમાં પણ આ રિવાજ પ્રચલિત છે. જો આદિવાસીઓ કોઈક પ્રકારનું ધીંગાણું ખેલીને મૃત્યુને વર્યા હોય તો તેની યાદમાં લાકડાની કે પથ્થરની ચપટી મૂકવામાં આવે છે. વળી તેમાં પણ અમુક આકૃતિ કંડારાયેલી હોય છે. મોટેભાગે તો ચપટી લાકડાની હોય છે, પણ અમુક જગ્યાએ પથ્થરનો પણ ઉપયોગ થયો હોય છે.

તેની પૂજા–વિધિ કરવામાં આવે છે.

સૌપ્રથમ કાઠીઓમાં આ રિવાજ પ્રચલિત હતો. કાઠી એટલે બળવાન ગરાસિયાની કોમ. લડાયક જાતિઓમાં પ્રથમ કાઠીઓનું નામ લેવું પડે. ! ? જરાપણ, અન્યાય, અધર્મ, અનૈતિકતા દેખાય કે કાઠીઓ મેદાને પડીને યુદ્ધ ખેલતા. પરિણામે તેમની ખાંભીઓ–પાળિયા વિશેષ અસ્તિત્વમાં આવતા. કાઠીઓમાં પાળિયા મૂકવાનો રિવાજ થોડી જુદી રીતે થતો. અહીં પ્રથમ તો મુહૂર્તના આધારે સગાં–સંબંધીઓને તેડાવવામાં આવે છે. તેની હાજરીમાં આ પ્રસંગ પાર પાડવામાં આવે છે. પાળિયાને સ્નાન કરાવી, માથે મોભારૂપી પાઘડી બાંધી, લીલા કપડાથી સજજ કરી, વાજતે–ગાજતે આ સમૂહ જે જગ્યાએ પાળિયો માંડવાનો હોય ત્યાં આવી પહોંચે છે અને પછી કોઈ ભૂદેવના હસ્તે પાળિયો વિધિ સાથે પધરાવવામાં આવે છે. બ્રાહ્મણોને દાન–દક્ષિણા આપવામાં આવે છે. માગણોને પણ અમુક વસ્તુઓ આપીને રાજી રાખવામાં આવે છે. નાનાભાઈ બારોટે નોંધ્યું છે કે, " પહેલાના વખતમાં શણગારેલ ઘોડું પણ ઢાઢી લોકોને આપતા. આ રિવાજ હવે તો સાવ ઘટી ગયો છે. ખાંભી માંડવાનો રિવાજ પણ હવે તો ઘસાતો જાય છે. આ પ્રથાની પાછળ પિતૃ–પૂજાની ભાવના હોય છે. આ પ્રસંગે જાગરિયો (ડાકલિયો) આરણિયું (દેવોની બિરદાવલી) ગાતો શૂરાપૂરાની ડાક વગાડે છે, ત્યારે ખાંભી સ્થાપિત થયેલી મનાય છે. આ ડાકલિયાને પણ વસ્ત્રો અને રોકડ દાન દેવાય છે. " [૬૧]

**૨.૯.૧.૪ * સ્થળ :–**

આમ તો વિવિધ સ્થળે પાળિયા ઊભા કરવામાં આવતા હોય છે. સામાન્ય રીતે કાઠી ગરાસિયા અને રાજકુટુંબમાં પાળિયા માટેની જગ્યા નિ‌િ‌્‌ચત હોય છે. તેઓ એકજ જગ્યાએ બધાના પાળિયા ઊભા કરતા હોય છે. દા.ત ભૂજના છતરડી વિભાગમાં દરેક રાજવીઓ તથા તેનાં કુટુંબીજનોના પાળિયાઓ આવેલાં છે. જો કે, કોઈ રાજાના ચાહક હોય કે પછી રાજાના વંશજો બીજા ગામ રહેતા હોય તો તેનો પાળિયો જે–તે ગામમાં પણ જોવા મળે છે. એટલે વ્યકિતના પાળિયા ઘણી વખત એકથી વધારે જગ્યાએ જોવા મળે છે. જેમકે, કચ્છમાં હમીરજીનો પાળિયો, દેશળજીનો પાળિયો, લખપતજી, રાયધણજીનો પાળિયો, તેમજ વારું બારોટનો પાળિયો વગેરે. એટલે વ્યકિતના પાળિયા જુદી–જુદી જગ્યાએ જોવા મળે છે. વળી, આવા પાળિયાઓ ગામથી બહુ દૂર નહિ ને

બહુ નજીક નહિ એ રીતે માંડવામાં આવે છે. ઘણી જગ્યાએ સ્મશાનમાં પણ પાળિયાઓ ઊભા કરવામાં આવે છે, તો ઘણીવાર નદી, તળાવ જેવાં જળાશયો પાસે પણ ઊભા કરવામાં આવે છે. તો ઘણી જગ્યાએ દેવ–દેવીઓનાં મંદિરના પ્રાંગણમાં કે મંદિરની અંદર પણ જોવા મળે છે. તો ઘણી વખત ગામના પાદરમાં, સીમ–સેઢે કે કોઈ વૃક્ષ નીચે પણ પાળિયા જોવા મળે છે. આમ, ઘણા પાળિયાઓને પોતાના પૂર્વજો કે ગામના કોઈ પૂર્વજોની હરોળમાં બેસવાનું ગમે છે. તો કોઈ મૌનવ્રત ધારણ કરતા ઋષિ જેવા પાળિયાને એકલા અટૂલા રહેવાનું અને જગતને નિહાળવાનું પસંદ પડે છે.

ત્રાગું કરનાર નર–નારી નદી કે શંકરભગવાનના મંદિરેથી ચાલવાનું શરૂ કરીને ત્યાં સુધી પહોંચતા જે વ્યકિતએ તેની સાથે કે અન્ય સાથે અન્યાય કર્યો હોય, આવા પાળિયા મંદિરની બાજુમાં કે નદીની બાજુમાં જોવા મળે છે. આમ છતાં પણ મૃતકની ઈચ્છા જાણીને તેનાં કુટુંબીજનો તેને જે–તે જગ્યાએ બેસાડતાં.

## ૨.૯.૧.૫ * પ્રતિષ્ઠાનો સમય :-

પાળિયાની પ્રતિષ્ઠાનો સમય ચોક્કસ હોતો નથી. વીરપુરુષ કે સતીના મૃત્યુ પછી તરત જ તેના પાળિયા ઊભા કરવામાં આવે છે એવું પણ નથી. મૃત્યુ પછી તરત તો અણઘડ ખાંભી કે ઠેશ ઊભી કરવામાં આવે છે. પરંતુ પાળિયા તો છ મહિના પછી, વર્ષ પછી કે બે–ત્રણ વર્ષ પછી પણ ઘણી વખત ઊભા કરવામાં આવે છે. દા.ત. ભુજના છતરડી વિભાગમાં રહેલ લખપતજીની છતરડી કલાત્મક છે. તેને જોતાં તરત જ ખ્યાલ આવે કે આ છતરડી ઊભી કરવા માટે કેટલો સમય લાગ્યો હશે. વળી લખપતજીના પાળિયામાં રાયધણજીનો ઉલ્લેખ મળે છે. તેનો અર્થ એ થયો કે પાળિયો મોડો બેસાડવામાં આવ્યો હશે. તો અમુક જગ્યાએ તો વીરપુરુષનાં કુટુંબીજનોની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી તે ઝડપથી પાળિયો ઊભો કરી શકતા નથી. આર્થિક પરિસ્થિતિ અનુકૂળ થાય ત્યારે તે તેનાં વડીલ કે કુટુંબીજનનો પાળિયો ઊભો કરે છે. આ ઉપરાંત પણ અમુક વ્યકિતઓને તેનાં મૃતસ્વજન સ્વપ્નમાં આવે ત્યારે તે પાળિયો ઊભો કરવાનું વિચારે ત્યારપછી ભૂવા પાસે દાણા નખાવે અને જે સમય આવે ત્યારે પાળિયો ઊભો થાય. આમ, ઠેશ કે અણઘડ ખાંભી તત્કાળ જે–તે જગ્યાએ ઊભી થાય છે. પણ પાળિયાનો કોઈ ચોક્કસ સમય હોતો નથી.

## ૨.૯.૧.૬ * ઉત્થાપન :–

ઘણી વખત બેસાડેલા પાળિયાનું ઉત્થાપન પણ કરવામાં આવે છે. જેમાં ઘરધણી કે મૃતકના કુટુંબીજન પોતાની મરજી મુજબ પાળિયાનું ઉત્થાપન કરતાં નથી. પણ મૃતક સ્વપ્નમાં આવીને જણાવે છે કે, હવે હું અહીં રહેવા ઈચ્છતો નથી. મારી અવધિ હવે પૂર્ણ થઈ. કહેવાય છે કે, શૂરાપૂરાની પણ ચોક્કસ અવધિ કે સમય હોય છે. એ સમય પૂરતા તે પાળિયાના સ્વરૂપમાં પૂજાય છે. પરંતુ સમય જતાં તેનું કાર્ય પૂર્ણ થતાં તે ત્યાંથી જવા ઈચ્છતા હોય છે. આના માટે નાગજીભાઈ ભટ્ટીએ નોંધ્યું છે : " માનવીની પેઠે શૂરાપૂરાની આવરદા પણ વધુમાં વધુ એકસો વર્ષની માનવામાં આવે છે. એ મર્યાદા વટાવ્યા પછી કે કેટલીક વખત એ મર્યાદા પહેલાં પણ એમનું પ્રાણત્વ ઘટતું જતું કલ્પવામાં આવ્યું છે. એક માન્યતા પ્રમાણે વાસના ક્ષીણ થતાં આયુષ્ય પૂર્ણ થાય છે." [૬૨]

અહીં એ પ્રશ્ન થાય કે, મૃતકનું આયુષ્ય પણ પૂર્ણ થતું હશે ! લોકમાન્યતા મુજબ મૃતકને જયારે જવાની ઈચ્છા થાય ત્યારે જે રીતે પાળિયાની સ્થાપના કરવામાં આવી છે તે જ રીતે ફરીથી તેનું ઉત્થાપન પણ કરવામાં આવે છે. અહીં પણ ભૂવા–જાગરિયા કે રાવળિયાને બોલાવીને મૃતકની ઈચ્છા જણાવવામાં આવે છે. ભૂવા કે રાવળિયાની મદદથી આ વાત સાચી છે કે ખોટી છે તેની પૂરી ખાતરી કરવામાં આવે છે. ખાતરી થયાં પછી વિધિ મુજબ તેનું કાર્ય થાય છે.

## ૨.૯.૧.૭ * જીર્ણોદ્ધાર :–

સામાન્ય રીતે આપણે એવું માનતા હોઈએ છીએ કે, જીર્ણોદ્ધાર માત્ર મંદિરોના જ થાય. જૂનું મંદિર પડી ભાંગે અથવા તેની તૈયારીમાં હોય ત્યારે આપણે જે–તે દેવ–દેવીઓનું નવું મંદિર ઊભું કરીએ છીએ. પરંતુ આ પ્રથા મંદિર પૂરતી જ મર્યાદિત હોય છે એવું નથી પણ પાળિયાઓ, દહેરીઓ કે છતરડીઓનો જીર્ણોદ્ધાર પણ કરવામાં આવે છે. કચ્છમાં એવાં ઘણા પાળિયાઓ છે કે, જેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હોય. ડોણ ગામનાં જનકબા સતીનો પાળિયો, માંડવી તાલુકાના કાઠડા ગામના વારુ બારોટનો પાળિયો, માંડવી તાલુકાના માપર ગામના જેઠાણંદદાદાનો પાળિયો, માંડવી તાલુકાના વીંગણિયા ગામના જશોદા સતીનો પાળિયો, ભુજના છતરડી વિભાગમાં રહેલ ઓટલા પર ઘણા પાળિયાઓ આવેલા છે તેમાં કુંવરસિંહ સામંતસિંહના પાળિયાનો

જીર્ણોદ્ધાર કરાવેલ છે. હમણાં લખપતજીની ભવ્ય છતરડી ( જેનો ઉપરનો ભાગ તથા નીચેના સ્તંભ ભસ્મીભૂત થયા હતા ) નું સમારકામ ચાલે છે.

કચ્છ જિલ્લાના અનેક ગામમાં આવા પાળિયાઓના તથા છતરડીઓના જીર્ણોદ્ધાર થયેલ છે. જેમાં જૂના પાળિયાની અકબંધ વિગત તો નવા બેસાડેલાં કોઈક પાળિયામાં જ જોવા મળે છે. બાકી તો પાળિયાના ઉપરના ભાગમાં કે બહારના ભાગમાં કયાંક અલગ તક્તી લગાવેલી હોય છે. તેમાં જ પાળિયાની વિગત લખેલી હોય છે. કેમકે, મોટા ભાગના જીર્ણોદ્ધાર થયેલ પાળિયાઓને દહેરીમાં, છતરડીમાં કે ઓટલા પર બેસાડેલાં હોવાથી લખાણની જગ્યાવાળો ભાગ જમીનની નીચેના ભાગમાં આવી ગયેલો હોય છે. કચ્છમાં આવા પાળિયાઓ ઘણા જોવા મળ્યા છે. જયાં સુધી વીરપૂજાને માનનારા હશે ત્યાં સુધી પાળિયાઓના જીર્ણોદ્ધાર થતા રહેશે.

## ૨.૧૦ * પાળિયામાં કંડારાયેલાં વિવિધ પ્રતીકો :-

પાળિયાના પથ્થરો અનેક પ્રકારના જોવા મળતા હોય છે. કચ્છની જ વાત કરીએ તો કચ્છમાં ત્રણ–ચાર પ્રકારના પથ્થરો જોવા મળ્યા છે. જેમાં છતરડી વિભાગમાં રાજા કે તેનાં કુટુંબીજનોના પાળિયા હોવાથી ઉત્તમ પ્રકારના પથ્થરોનો ઉપયોગ થયેલો છે. વળી રંગની બાબતમાં પણ થોડી વિવિધતા જોવા મળે છે. જેમકે, રતાશ પડતો, લીલાશ પડતો, ભૂખરા કે સફેદ જેવા પથ્થરાઓ પણ જોવા મળ્યા છે. તેમાં અમુક પાળિયાઓ તો આરસના પાષાણમાંથી બનાવેલા છે. રાજા લખપતજીનો પાળિયો સફેદ આરસનો છે. તેની છતરડીની કોતરણી પણ કલાનો ઉત્તમ નમૂનો પૂરો પાડે છે. બાજુમાં રહેલ પ્રાગમલ્લજીની છતરડી પણ સુંદર છે. આ થઈ છતરડીની વાત પણ કચ્છના દરેક શહેર અને ગામડામાં પણ જુદા–જુદા પથ્થરાની જુદી–જુદી કોતરણી પાળિયામાં જોવા મળે છે. કોઈક પાળિયામાં કલા વધારે પ્રમાણમાં દેખાય છે. તો કોઈક પાળિયામાં ઓછી. તેમાંય ઘણા પાળિયાઓતો એકસરખા દેખાય છે. તેને જોઈને આપણને એવું લાગે કે આ પાળિયાઓ જાણે એકજ સલાટે બનાવ્યા ના હોય ! પાળિયામાં કેવા પ્રકારની કોતરણી કરવી એ તો ગજધરની બુદ્ધિ અને સ્થાપિત થયેલ પરંપરા ઉપર આધાર રાખે છે.

આવા પ્રકારના કલાયુકત નમૂનાઓ તો આપણે ત્યાં સદીઓથી થતા

આવ્યા છે. માત્ર મધ્યકાળમાં જ આવા પ્રકારના આકારો અસ્તિત્વમાં આવ્યા હશે એવું આપણે કહી શકીએ નહીં. કેમકે, ઈ.સ. પૂર્વેના સંસ્કૃત અલંકારિકોએ પોતાની કૃતિઓમાં આવા ઉત્કૃષ્ઠ, નમૂનેદાર કલાઓની વાત કરી છે. પાળિયાના ટાંકણહારા ગજધરોએ તેમાંથી પ્રેરણા લીધી હોય તેવું બને. ઘણાખરા પાળિયામાં સૂર્ય–ચંદ્રની કોતરણી હોય છે. જોકે, ડોણ ગામના જીર્ણોદ્ધાર કરેલ જનકબાના પાળિયામાં સૂર્ય–ચંદ્રને બદલે બંને સૂર્યની જ કોતરણી હોય તેવું લાગે છે. આ નિશાની સિવાય અંદરની કોતરણી થોડા કે વધારે ફેરફાર સાથે અલગ–અલગ જોવા મળે છે.પાળિયામાં રહેલ કોતરણી, માપ, દિશા વગેરે વિશે આછેરો દષ્ટિપાત કરીએ.

## ૨.૧૦.૧ * પાળિયાઓની ઊંચાઈ અને પહોળાઈ :–

કચ્છ જિલ્લાના દરેક ગામમાં પાળિયાઓ જોવા મળે છે. કોઈગામ પાળિયા વગરનું ખાલી નહીં હોય, કયાંક એકલ–દોકલ તો કયાંક પાંચ–પચીસના જથ્થામાં પાળિયાઓએ અડ્ડા જમાવ્યા છે. સૌરાષ્ટ્રની માફક કચ્છમાં પણ મોટા જથ્થામાં પાળિયાઓ જોવા મળે છે. આ બધા જ પાળિયાની ઊંચાઈ અને પહોળાઈ એકસરખી જોવા મળતી નથી. અહીં પાંચ–છ ફૂટ ઊંચાઈ અને બે–ત્રણ ફૂટ પહોળાઈ ધરાવતા પાળિયાઓથી લઈને બાર–તેર ફૂટ ઊંચાઈ ધરાવતા પાળિયાઓ પણ જોવા મળે છે. ખૂબ ઊંચાઈ ધરાવતા પાળિયાઓમાં લોડાઈ–ધ્રંગ મુકામે જોવા મળ્યા તેવા જ ઊંચા પણ આકૃતિ કે લખાણ વગરના પાળિયાઓ છસરા ગામની સીમમાં લાખણસિંહ તથા તેમના ભાઈઓના જોવા મળ્યા. તેવી જ રીતે નખત્રાણા તાલુકાના નાની અરલ ગામના કુંભાજીનો પાળિયો પણ પહોળાઈમાં ઓછો પણ ઊંચાઈમાં વિરાટ આકાશને આંબતો હોય તેમ બાર–તેર ફૂટનો ઊંચો જોવા મળે છે. સામાન્ય પાળિયાઓ પાંચ–છ ફૂટની ઊંચાઈ તથા પહોળાઈ ધરાવતા જોવા મળ્યા છે. ઝારાના યુદ્ધના પાળિયાઓ એકસરખા જોવા મળ્યા છે.

આમ, પાળિયાના માપમાં એકસરખાપણું જોવા મળતું નથી. કયાંક ઊંચા તો કયાંક નીચા પાળિયાઓનો પણ ઈતિહાસ વિશાળ છે. આ પાળિયાઓએ અનેક સ્થળોએ પોતાનું નિવાસસ્થાન જમાવ્યું છે. ડુંગર, જંગલ, જળાશય, સીમ–શેઢે, મંદિર, નદી, તળાવ, સ્મશાન વગેરે જગ્યાએ તો પાળિયા હોય જ છે. પરંતુ અમુક જગ્યાએ તો

ઘરમાં પણ પાળિયા જોવા મળે છે. નાગજીભાઈ ભટ્ટીના નોંધ્યા પ્રમાણે ' લાકડિયામાં એક જગ્યાએ ઘરમાં પાળિયો જોવા મળ્યો છે. એટલે પાળિયાનાં બેસણાં કયાં નથી. ? લગભગ દરેક સ્થળે પાળિયાઓએ પોતાની હાજરી નોંધાવી છે. આમ, ઈતિહાસ ધરતીના દરેક ખૂણે જડાયેલો પડયો છે.

## ૨.૧૦.૨. * પાળિયાની દિશા :–

પાળિયાની સ્થાપના ગમે ત્યાં આડેધડ કરવામાં આવતી નથી. ઘણું ખરું પાળિયાઓ પૂર્વદિશામાં ખોડાયેલા હોય છે. દહેરી કે છતરડી પણ એ જ દિશામાં જોવા મળે છે. જો કે, મકાન કે મંદિરો પૂર્વદિશામાં બાંધવામાં આવે છે. આવા બાંધકામ પાછળ નો ચોક્કસ હેતુ હોય છે. સ્વાસ્થ્યની દષ્ટિએ સૂર્યનાં કિરણો ઉત્તમ એટલે મકાન પૂર્વ દિશામાં બાંધવામાં આવે તો સૂર્યના કિરણો સીધાં એ મકાનમાં પ્રવેશે.

પરંતુ પાળિયાઓ પૂર્વૅદિશામાં શા માટે ઊભા કરવામાં આવતા હશે ? એ એક પ્રશ્ન છે. કદાચ એવું હોય કે, મોટા ભાગે મંદિરો પૂર્વદિશામાં બાંધેલાં હોય છે. એક એવી માન્યતા છે કે, દેવ–દેવીનું મુખ પૂર્વદિશામાં હોય. એટલે કદાચ મંદિરો પૂર્વાભિમુખ બાંધવામાં આવતાં હશે અને પાળિયાઓને પણ દેવ સ્વરૂપે જ માનવામાં આવે છે. એ કારણસર પાળિયાઓ પૂર્વદિશામાં ખોડવામાં આવતા હશે.

વળી, પૂર્વૅદિશામાં ઊભા કરવામાં આવેલા પાળિયાઓના ઘોડેસવાર ઉત્તરદિશામાં ગતિ કરતાં હોય એવું કંડારવામાં આવ્યું હોય છે. જોકે, દરેક પાળિયામાંના ઘોડેસવાર ઉત્તરમાં જ ગતિ કરતા હોય છે. એવું નથી. ગોહેલવાડ પંથકના કેટલાક પાળિયાઓમાં રહેલ ઘોડેસવારના મુખ દક્ષિણમાં પણ જોવા મળે છે. પરંતુ મોટાભાગના પાળિયાઓના ઘોડેસવાર ઉત્તર તરફ ગતિ કરતા હોય છે. એવું વિશેષ જોવા મળે છે. જો કે, કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના મોરઝર ગામની ટેકરી પર રહેલ વાનુમા સતીના મંદિરની આગળના ભાગમાં ચાર પાળિયાઓ ઊભા કરવામાં આવ્યા છે. જેમાં પાળિયાઓ પૂર્વદિશામાં રાખવામાં આવ્યાં છે. પરંતુ ઘોડાઓનાં મુખ દક્ષિણદિશામાં જોવા મળે છે.

બીજું એ કે, મોટાભાગે ઘોડાના અસવાર એટલે કે વીરપુરુષનું મુખ પૂર્વમાં હોય છે. કેમકે, તેની એક આંખ ન બતાવાય, આકૃતિમાં બંને આંખ દેખાવી જોઈએ.

સામાન્ય રીતે એક માન્યતા છે કે, દેવ કાણા ન હોય, દેવની બંને આંખો બતાવવી પડે. આ દષ્ટિએ વિચાર કરવામાં આવે તો વીરપુરુષ પણ દેવ જ ગણાય માટે તેની બંને આંખ બતાવવી પડે. પરંતુ ઘોડા કે ઊંટ જેવા પશુની એક જ  આંખ દેખાતી હોય છે.

એ જ રીતે સતીઓના પાળિયાઓમાં પણ એક નિયમ છે કે, જે–તે સતીનો જમણો હાથ અભયમુદ્રામાં કંડારાયેલો હોય છે. પરંતુ અમુક જગ્યાએ સતીના પાળિયામાં જમણા હાથના બદલે ડાબો હાથ પણ બતાવવામાં આવ્યો હોય છે. આ રીતે જુદી દિશા કે હાથ બતાવનારા શૂરા–સતીના પાળિયાઓ પણ અમુક જગ્યાએ જોવા મળતા હોય છે. આ બાબતનો પાળિયાનો ઘડનાર ગજધર કે સલાટને ખ્યાલ ન હોય તેવું બનતું હશે ?

## ૨.૧૦.૩ * પાળિયામાં જોવા મળતાં ત્રણ વિભાગ :–

દરેક પ્રકારના પાળિયામાં સામાન્ય રીતે ત્રણભાગ જોવા મળે છે. ઉપરનો ભાગ જેમાં સૂર્ય–ચંદ્રની નિશાની કંડારવામાં આવેલી હોય છે. પાળિયો સતીનો હોય કે શૂરાનો હોય, પરંતુ પાળિયાની એક પરંપરા મુજબ ઉપરની આકૃતિ સૂર્ય–ચંદ્રની હોય છે. જેમાં કેટલીક વખત સૂર્ય જમણી બાજુએ અને ચંદ્ર ડાબી બાજુએ જોવા મળે છે. તો કેટલીક વખત સૂર્ય  ડાબી બાજુએ અને ચંદ્ર જમણી બાજુએ પણ દેખા દે છે. આ સૂર્યચંદ્રની આકૃતિ શા માટે કંડારવામાં આવે છે. તેના વિશે પણ અમુક માન્યતાઓ છે. અમુક પાળિયા નીચેના લખાણમાં એવું લખેલું હોય છે કે, જયાં સુધી સૂર્યઅને ચંદ્ર રહેશે ત્યાં સુધી મૃતક વીરની કીર્તિ અમર રહેશે. તો અમુક માન્યતા એવી પણ છે કે, સૂર્ય અને ચંદ્રની સાક્ષીમાં આ પાળિયાની સ્થાપના કરવામાં આવી છે. વળી, કચ્છમાં જૂનાકાળમાં કાઠી દરબારોનો વસવાટ હતો. આ કાઠી દરબારો માથાભારે અને લડાયક કોમ. જયાં અન્યાય, અધર્મ, અનીતિ દેખે એટલે તરત રણમેદાનમાં કૂદીને પ્રાણોની આહુતિ આપતા અને તેનાં પાળિયા ખોડાતા, આ જાતિ સૂર્યની ઉપાસક – સૂર્યની પૂજા કરનારી એટલે કદાચ તેના પાળિયામાં આવાં પ્રતીકો ઊભાં થયાં હોય. વળી, કચ્છમાં કયાંક–કયાંક સૂર્યનાં મંદિરો પણ જોવા મળે છે. વળી એક જમાનામાં આપણા દેશમાં સૂર્યપૂજા પ્રચલિત હતી. પાળિયામાં રહેલ સૂર્ય–ચંદ્રનાં પ્રતીક માટે આ કારણ પણ જવાબદાર હોય.

બીજો વિભાગ એટલે કે, પાળિયાનો મધ્યભાગ. જેને આલેખન કે

ભાસ્કર્ય પણ કહી શકાય. આ વિભાગમાં શૂરાઓને ઘોડેસવારમાં કે ઊંટ સવારીમાં આલેખેલા હોય છે. જે પ્રમાણે વીરનું મૃત્યુ થયું હોય તે પ્રમાણેની આકૃતિ કંડારવામાં આવે છે. ભરવાડ કે રબારીનો યોદ્ધો વીરગતિ પામ્યો હોય તો તેની ઊંટ સવારી કંડારેલી હોય છે. કેટલાક પાળિયાઓમાં પદાતિની આકૃતિ કંડારાયેલી હોય છે. આપણે ત્યાં સામાન્ય રીતે એવી માન્યતા ચાલી આવે છે કે, રબારી વીરગતિ પામે તો તેનો પાળિયો ઊંટસવારીનો હોય, રાજપૂત વીરગતિ પામે તો તેનો પાળિયો ઘોડેસવાર હોય, રાજા–મહારાજા મૃત્યુ પામે તો તેનો પાળિયો રથારૂઢ હોય અને સામાન્ય માણસના પાળિયા પદાતિના હોય છે. પણ આ માન્યતા ભૂલ ભરેલી છે. રબારીના અમુક પાળિયા ઘોડેસવારીના કે પદાતિના જોવા મળ્યા છે. અમુક રાજપૂતોના પાળિયા પદાતિના જોવા મળ્યા છે. રાજા–મહારાજાના પાળિયા ઘોડેસવારના જોવા મળ્યા છે.

વળી, આ પાળિયાઓમાં પણ મરનાર વ્યકિત કઈ રીતે મરાઈ છે. અથવા તો શાનાથી મરાઈ છે તેનાં પ્રતીકો પણ કંડારાયેલાં હોય છે. વાણંદના એક પાળિયામાં અરીસા જેવી આકૃતિ નીચેના ભાગમાં કંડારાયેલી જોવા મળી હતી, લોરિયાના એક રબારીને સાપ કરડયો હોવાથી પોતાની આકૃતિ સાથે સાપની આકૃતિ જોવા મળી હતી. તેમજ ભુજના મચ્છરનાં સતીમાના પાળિયામાં પણ તેની કથા મુજબ અભય મુદ્રામાં કંડારાયેલાં તેના જમણા હાથની બાજુમાં નાગની આરસ પાષાણમાં કંડારાયેલી આકૃતિ જોવા મળે છે. કમળપૂજા ખાનારના પાળિયામાં, શિવની પૂજા કરતી વ્યકિતની આકૃતિ હોય છે. આ ઉપરાંત વ્યકિત જે હથિયાર દ્વારા મૃત્યુ પામ્યો હોય તેની આકૃતિ પણ કંડારવામાં આવે છે. અકસ્માત, ખૂન, ત્રાગાના પણ અનેક પાળિયાઓ અસ્તિત્વમાં આવ્યા છે ત્યારે જે–તે વ્યકિતના મરણ સાથે સંબંધિત કોઈપણ વસ્તુ પાળિયામાં કોતરાયેલી જોવા મળે છે.

પુરુષોના જ નહીં, સ્ત્રીઓના પાળિયામાં પણ આવું જ જોવા મળે છે. અહીં વચ્ચેની આકૃતિમાં બે–ત્રણ પ્રકાર હોય છે. જેમકે, સ્ત્રીનો અભયમુદ્રામાં કંડારાયેલો જમણો કોણીથી વળેલો ચુડાવાળો ભાગ, જમણા હાથમાં માત્ર પંજો, ખમૈયા કરતી સ્ત્રીના બે હાથના થાપા, કચ્છની સ્ત્રીઓના ઘણા પાળિયામાં આખી આકૃતિ પણ જોવા મળે છે. જેમકે, ભુજના છતરડી વિભાગમાં લખપતજીની સાથે સતી થયેલ સ્ત્રીઓની આખી આકૃતિ જોવા મળે છે, ચાવડકા ગામના નેણબાઈ સતીની આખી આકૃતિ જોવા

મળે છે. ડોણ ગામના જનકબા જાડેજાની આખી આકૃતિ કંડારાયેલી છે. આવી તો અનેક સતીઓની આખી આકૃતિ જોવા મળે છે. વળી પૂર્ણ આકૃતિમાં મોટાભાગે સતીએ જમણા હાથમાં  કળશ, ડાબા હાથમાં માળા તેમજ સતીના પગ પાસે નીચેના ભાગમાં કમંડલ જેવી કોતરણી જોવા મળે છે. વળી રાજાશાહીનો આખો પોષાક, આભૂષણો પણ કંડારાયેલાં જોવા મળે છે. પુરુષોના પોષાકમાં પણ કેડિયું, અંગરખું માથા પર પાઘડી જોવા  મળે છે. વળી, ઘોડેસવારના જમણા હાથમાં તલવાર કે ભાલું, ડાબા હાથમાં ઢાલ અને ઘોડાની લગામ દષ્ટિગોચર થતી હોય છે. સ્ત્રીઓના ઘણા પાળિયાઓમાં સતી સ્ત્રીને પુરુષનું શબ લઈને ઊભેલી બતાવાઈ છે. તો પુત્ર પાછળ સતી થનાર અમુક સ્ત્રીઓના ખોળામાં પોતાનો પુત્ર હોય એવી આકૃતિ પણ કંડારાયેલી જોવા મળે છે.ઉપરની સૂર્ય–ચંદ્રની આકૃતિ વચ્ચે ઘણી વખતે પર્ણો, પક્ષીઓ, વેલ કે સાથિયાની આકૃતિ જોવા મળે છે. કેટલાક પાળિયાઓની આકૃતિ કલાત્મક, જોવા મળે છે, તો કેટલાક પાળિયા ખૂબ ઓછી આકૃતિવાળા એટલે કે સાદા જોવા મળે છે.

નીચેનો ત્રીજો વિભાગ એટલે કે આકૃતિ નીચેનો ભાગ લખાણવાળો જોવા મળે છે. જેમાં મરનાર કે વીરગતિ પામનાર સતી–શૂરાની તમામ માહિતી આપવામાં આવેલી હોય છે. ગામનું નામ, રાજાનું નામ, મૃત્યુ તારીખ, પિતાનું નામ, મરનારનું નામ, વાર, તિથિ વગેરે માહિતી લખેલી હોય છે. શરૂઆતમાં સંસ્કૃતમાં લેખ લખાતા. ત્યારપછી ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ થતાં જાડી–મોટી ગુજરાતીમાં લખતા થયા. કામ આવ્યા, ધારાતીર્થ, મામલે કામ આવ્યા, સ્વરગી થયા, હરિચરણ પામ્યા, મારાણા, શરીર પાડયું, જેવા શબ્દો જોવા મળે છે. તો સતી થતી સ્ત્રી માટે ' સાગવન', ' સહગમન,' ' મૃતસતી થીંઆ' જેવાં શબ્દો વપરાય છે.

આ રીતે તમામ વિગત પાળિયા નીચેના લખાણમાં જોવા મળે છે. ઘણી વખત પાળિયા નીચે લખાણ આપેલું હોતું નથી તો ઘણી વખત લાંબું લખાણ પણ જોવા મળે છે. ઘણા પાળિયા નીચે લખાણ આપેલું હોય છે. પરંતુ કાળના પ્રવાહમાં લુપ્ત થયેલું હોવાથી ઐતિહાસિક વિગત પ્રાપ્ત થઈ શકતી નથી. તો કોઈકવાર જીર્ણોદ્ધાર કરેલા પાળિયામાં લખાણ હોતું નથી. પરંતુ પાળિયા ઉપર કે બહાર લખાણની તખ્તી મારેલી હોય છે, જેના પરથી ખ્યાલ આવે છે.

અમુક પાળિયામાં એકજ ભાષા નહીં પણ સંસ્કૃત, ગુજરાતી એમ બન્ને

ભાષાનું મિશ્રણ પણ જોવા મળે છે. તો વળી કયાંક પાળિયાને બદલે 'પાણિયો' બેસાડયો છે, ને ઘણાં બોલે ' પાળિયો ' ચોડયો છે,"પાળિયો ઊભો કીધો છે." વગેરે શબ્દો કે વાકયો જોવા મળે છે.

### ૨.૧૦.૪ * પાળિયાના આકાર :-

પાળિયાના આકારોની બાબતમાં એકરૂપતા જોવા મળતી નથી. કયારેક ચોક્કસ જ્ઞાતિ પ્રમાણે પણ આકારો આપવામાં આવતા હોય છે. તો કયારેક સારો એવો કલાકાર હોય તો પરંપરાને ધ્યાનમાં રાખીને પોતાની વિશિષ્ટ સૂઝબૂઝથી સુંદર ઘાટ આપે છે. પરંતુ જો કોઈ કારીગર શિખાઉ કે અણઘડ હોય તો અમુક પ્રકારનો આકાર આપવાનો પ્રયત્ન કરવા છતાં બીજા જ પ્રકારનો આકાર અપાઈ જતો હોય છે, તો વળી કયારેક મૃતકનાં કુટુંબીજનોના કહેવા પ્રમાણે જ્ઞાતિને ધ્યાનમાં રાખીને આકાર ઘડવામાં આવતો હોય છે. આમ તો આકાર આપવાના પ્રયત્નો સદીઓથી થતા આવ્યા હશે. પરંતુ વિશિષ્ટ કહી શકાય તેવા આકાર આપવાની પ્રથા મધ્યકાળથી શરૂ થઈ હોય તેમ લાગે છે. જોકે, અમુક પ્રકારના આકાર આપવામાં પથ્થરો પણ જવાબદાર ગણી શકાય છે.

આમ છતાં "મૃત્યુ પામેલાનાં સ્મારક હોવાથી તેનો ઉપરનો તેમજ બાહ્યાકાર ચૈત્ય, સ્તૂપ, ઘૂમટ–શિખર આકાર કે શંકુ જેવો તેમજ સપાટ પણ હોય છે." [૬૩] દા.ત. આહિર, દરબાર, ભરવાડ જેવી જ્ઞાતિઓના પાળિયા ઉપરનો ભાગ લગભગ ગોળાકાર જેવો કે પછી ચૈત્યના આકાર જેવો જોવા મળે છે. આમ છતાં પણ કેટલાક પાળિયાઓના ઉપરના આકારોમાં સીધી ગોલાઈ, ગોલાઈ ઉપર થોડો ઉપસાવેલો ભાગ, ઉપરનો ત્રિકોણાકાર, પાંચ–છ ફૂટની ઊંચાઈ ધરાવતા ખાંભા જેમાં માત્ર ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનાં પ્રતીકો વચ્ચે મૃતકની કોઈપણ પ્રકારની આકૃતિ, નીચેના ભાગમાં લખાણ હોય એવા પાળિયાઓ પણ જોવા મળ્યા છે.

આમ, આકારોમાં વિવિધતા કે અનિયમિતતા હોવા છતાં પણ કેટલીક સમાનતાનાં દર્શન પણ થાય છે. લગભગ દરેક પાળિયામાં તેના ત્રણ વિભાગ સ્પષ્ટ થતાં હોય છે. વળી, પાળિયાના આકાર કે કોતરણીમાં લોકશૈલી પણ એટલી જ જવાબદાર ગણી શકાય.

## ૨.૧૧ * વિશિષ્ટ પાળિયાઓ :-

સામાન્ય રીતે પાળિયો શબ્દ કાને પડે એટલે એક ચોક્કસ પ્રકારની આકૃતિ આપણી આંખ સમક્ષ ઊભી થાય છે. પાળિયામાં ઘોડેસવાર હોય, ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન હોય, નીચે લખાણ હોય, કે પછી વચ્ચેના ભાગમાં સતી સ્ત્રીનો જમણો હાથ કંડારાયેલો હોય. પરંતુ એક જમાનામાં પાળિયાઓ તે જે મરનાર વ્યકિતના મોભા પ્રમાણે રચાતા જેમકે, કોઈ રાજા–મહારાજા હોય તો તેને કયારેક રથારૂઢ પણ બતાવવામાં આવતાં. ભદ્રવર્ગની કોઈ વ્યકિત હોય તો તેને ઘોડા ઉપર બેસાડવામાં આવતો, રબારી, ભરવાડ જેવી ગોપ જાતિ મોટાભાગે (હંમેશા નહીં) ઊંટની સવારી રહેતી. વસવાયા ભલે યુદ્ધમાં મર્યા હોય તોયે ઘણીવખત તેમને પાયદળ બતાવવામાં આવતાં. તો પરંપરાગત વર્ણભેદને લીધે સામાજિક રીતે નીચલા સ્તરની વ્યકિતને ઘોડા ઉપર ન બેસાડાય આ માન્યતા કદાચ કામ કરતી હોય એવું બને. તો બીજી બાજુ મરનાર વ્યકિત કઈ રીતે મરી છે. તે મુજબ તેની આકૃતિ કંડારવામાં આવતી જેની ચર્ચા આપણે આગળ કરી.

ખારવા ગમે તે કારણે મર્યા હોય તો પણ તેના પાળિયામાં વહાણની આકૃતિ ઊભી થતી. જે તેના વ્યવસાયનો નિર્દેશ કરે છે.

માતાજીની ખાંભી હોય તો તેમાં કોઈ આકૃતિ જોવા મળતી નથી પણ ત્રિશૂલ કંડારેલું હોય છે. કોઈ સતી સ્ત્રીને માતાજી કે દેવી તરીકે કોઈ સમાજ કે ગામજનો પૂજતા હોય તો તેને પૂરાં વસ્ત્રોથી સજજ કરવામાં આવે છે. જે સતી–શૂરાના પાળિયાઓ નિયમિત રીતે પૂજાય છે. તેવા પાળિયાઓની જાળવણી કરવામાં આવે છે, પરંતુ જે સીમ–શેઢે કે કોઈ અવાવરું જગ્યાએ ઊભા છે. અને કયારેક પૂજાય છે. તેની હાલત દયનીય છે.

જેનાં ધડ ધીંગાણું ખેલતાં–ખેલતાં રણભૂમિમાં પડયાં છે એવા વીરબંકાઓ તેમજ જે સ્ત્રીઓએ પરોપકાર અર્થે પોતાના પ્રાણની આહુતિ આપી દીધી છે તેવા સતી–શૂરાઓ ખરેખર પૂજનીય બને છે અને એટલે જ પાળિયાઓને વીરપૂજાના પ્રતીક માનવામાં આવે છે. પરંતુ આજકાલ કેટલાક પાળિયાઓ મશ્કરીનું પાત્ર બને તેવા ઊભા કરવામાં આવ્યા છે. તેવા પાળિયાઓને વીરપૂજાના પ્રતીક કંઈ રીતે ગણી શકાય ? આવા પાળિયાઓએ પાળિયાઓની સદીઓથી ચાલી આવતી આખી પરંપરાને ઉથલાવી નાખી છે. ગુજરાતમાં ઘણી જગ્યાએ આવા હાસ્યાસ્પદ પાળિયાઓ પણ ઊભા

થયા છે. આવા પાળિયાઓ વિશે અરવિંદ આચાર્યે નોંધ્યું છેઃ " વંડીએથી પડીને મરી ગયેલા, ભેંસે કચરી નાખવાથી રામશરણ થયેલા, કૂવામાં પડીને મરી ગયેલા અને એથી ય વિશેષ દારૂના નશામાં ને નશામાં જીવ ખોઈ બેઠેલાના પાળિયા હાથમાં દારૂનો શીશો પકડેલો હોય એ રીતે ઊભા થયા છે. થોડા સમય પહેલાં ધ્રાંગધ્રાના એક સોમપુરા પાસે એક બાઈનો પાળિયો ઘડાવવા આવી હતી. કારીગરે વિગત પૂછી તો બાઈ કહે કે એનો દીકરો ભાખરી નહોતો ખાતો, તેથી માનતા માની હતી કે, જો દીકરો ભાખરી ખાતો થશે, તો ભાખરી–માનો પાળિયો ઊભો કરીશ. કારીગરે પાળિયામાં એક સ્ત્રી કંડારી અને હાથમાં ભાખરી આપી !" (૬૪)

આમ, વર્ષોથી ચાલી આવતી આ પ્રથામાં માણસોની છીછરી વિચારસરણી પ્રવેશી હોય તેવું લાગે છે.

## ૨.૧૨ * પાળિયામાં જોવા મળતાં પ્રાણીઓ :–

સદીઓથી પ્રાણીઓનો માનવી સાથેનો અજબનો નાતો રહ્યો છે. આપણે ત્યાં એવા કેટલાયે દાખલાઓ છે. જેમાં માનવની સુખ–દુઃખની પરિસ્થિતિમાં પ્રાણીઓએ સાથ આપ્યો હોય. જયારે–જયારે પ્રાણીઓએ માનવ સાથેની વફાદારી બતાવી છે ત્યારે–ત્યારે માણસે પણ આવા પ્રાણીઓની નોંધ લીધી છે. આપણા પ્રાણીઓની મદદ કે વફાદારીને લીધે જ તેઓ એકલા કે માનવ સાથે પાળિયામાં કંડારાયા છે. આપણા પાદરના, ખેતરના અનેક પાળિયામાં પ્રાણીઓ છે. સમગ્ર પ્રાણીઓના પાળિયાઓના ગાયના પાળિયાઓમાં જ ગાયને એકલી કે વાછરડા સાથે બતાવવામાં આવી હોય છે. ગાયના પાળિયાઓ ઘણી જગ્યાએ જોવા મળે છે. એકલા વાગડ વિસ્તારમાં જ ઘણા પાળિયાઓ ઊભા છે. તો ઘોડો એ ઝડપથી દોડતું પશુ છે અને એટલે જ કદાચ યુદ્ધમાં ઘોડાનો ઉપયોગ થતો હશે. મોટાભાગે વીરપુરુષોને ઘોડાની અસવારી કરતો બતાવાયો હોય છે. કચ્છના ધીણોધરની જગ્યાએ બે પાળિયાઓ છે. જેમાં એક એકલા ઘોડાનો પાળિયો છે. ઘોડાએ કંઈક કૌતુક દાખવ્યું હોય કે પછી અસવારની સાથે મૃત્યુ પામ્યો હોય. ગમે તે કારણ હોય કચ્છમાં ઊંટસવારના ઘણા પાળિયાઓ જોવા મળ્યા તે મોટાભાગે ગોપજાતિઓના હોય છે. ઊંટને શા માટે પસંદ કર્યો હશે ? ઊંટ એ રણમાં સારી રીતે ચાલી શકે માટે આવી રખડતી જાતિઓ તેનો વધારે ઉપયોગ કરતી હોય કે

પછી આજેપણ ઘણી જગ્યાએ ભરવાડ, રબારી કે ભોપા જેવી રખડતી રહેતી જાતિઓ ઊંટ પાળે છે. ઊંટની મદદથી તે એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા હોય છે. આ કારણ પણ હોય, આ જ રીતે ગધેડાના પાળિયાઓ પણ જોવા મળે છે. જો કે, ગધેડાના આવા પાળિયાઓ 'ગદ્ધેગાળ' તરીકે અસ્તિત્વમાં આવેલા હોય છે. અમુક જગ્યાને બચાવવા માટે પણ આવા પાળિયા મૂકાતા હોય છે. કોઈ વ્યકિત તે જગ્યાનો ઉપયોગ કરે તો તેને આ ગાળ લાગે એવું કહેવાય છે, તો કયારેક દુભાયેલા સલાટો પણ ગાળના સ્વરૂપમાં આવા પાળિયાઓ ઊભા કરતા હોય છે. જો કે, કુંભારના કોઈ પાળિયામાં કુંભાર સાથે ગધેડો કંડારેલો હોય છે, ધોબીના પાળિયામાં પણ કયારેક આવું જોવા મળે છે. આમ છતાં ધ્રંગ મુકામે દાદામેકણની સમાધિની બહારના ભાગમાં ગધેડો અને કૂતરાની ખાંભીઓ છે. તો બળદની આકૃતિવાળા પાળિયાઓ પણ જોવા મળે છે. આમ તો બળદ એ ખેડૂતનો સાથી ગણાય છે. છતાં પણ બળદની આકૃતિવાળા પાળિયા જવલ્લે જ દેખાય છે. ટંકારા અને તરણેતરના આવા બળદના વેલડાના પાળિયાની નોંધ મણિભાઈ વોરાએ તેનાં 'વીરપૂજા '[૬૫] લેખમાં કરી છે. આવા પાળિયાઓ કોઈ વણઝારા જેવી ગોપજાતિના હોય એવું બને. કેમકે ખાસ તો વણઝારા એક ગામથી બીજે ગામ આવા ગાડા લઈને જતા હોય છે. આજે પણ વણઝારા કોમમાં આ પ્રથા જોવા મળે છે.

આજ રીતે પક્ષીઓનાં ચિત્રો પાળિયામાં સ્થાન પામ્યાં છે. એક જમાનામાં જેમ પશુઓ માનવના મિત્ર ગણાતા અને તેને મદદરૂપ બનતા તે જે રીતે પક્ષીઓ પણ માનવના મિત્ર ગણાતા. આ કારણ હોય કે પછી પાળિયામાં સુશોભનો હેતુ હોય પણ ઘણાં પાળિયામાં આવાં મોર, પોપટ કે બીજાં પક્ષીઓ કંડારાયેલાં જોવા મળે છે. આમ, માનવની સાથે પશુ–પંખીઓનો પણ પાળિયામાં સમાવેશ થાય છે.

## ૨.૧૩ * પાળિયાઓની વ્યાપકતા :-

ગુજરાતની વાત ન કરતાં કચ્છની જ વાત કરીએ તો એકલા કચ્છ જિલ્લામાં વિપુલ પ્રમાણમાં પાળિયાઓ ઊભા થયેલા છે. તો ગુજરાત અને સારાયે ભારતદેશમાં કેટલા પાળિયા હશે ? ગુજરાતના ગામડે–ગામડે દેખાતી પાળિયાની સંખ્યા જ લોકજીવનની ખુમારી બતાવે છે. જાણે લડવા માટે જ પ્રજા સર્જાયી હોય તેવું લાગે. સ્ત્રી અને પુરુષ વાત–વાતમાં મોતને મીઠું કરતાં ધર્મ, ન્યાય, પરહિતઅર્થે, લડવું એ

જાણે દરેક કોમનો ઈજારો ન હોય ! ગામ ઉપર, પશુઓ ઉપર, ધર્મ ઉપર આફત આવી હોય ત્યારે ખરો વીર રોકયા ન રોકાય કાંતો એ જીતીને આવતો અથવા તો રણમેદાનમાં પોતાનો દેહ પાડતો. એક જમાનામાં પ્રજાની આવી ખુમારી, આવી બડાઈ ને આવી નેક, ટેક, વટ, વચનને લીધે આજે ગામેગામ પાળિયાઓ થયેલા જોવા મળે છે. એમાંય કચ્છ–સૌરાષ્ટ્રનું લગભગ કોઈ ગામ પાળિયા વગર ખાલી નહીં હોય.

પુરુષોમાં જે મર્દાનગી જોવા મળતી તેવી જ મર્દાનગી સ્ત્રીઓમાં પણ જોવા મળતી. પોતાના ગામ ખાતર, ન્યાય ખાતર, કુટુંબ ખાતર, આબરૂ ખાતર, પશુઓ ખાતર પ્રાણ અર્પનારી ઘણી નારીઓ ગુજરાતના ગામડે–ગામડે પાળિયાના સ્વરૂપમાં ઊભી છે. મુશ્કેલીના સમયે એ રણચંડીએ કયારેય પાછું વળીને જોયું નથી. તો કંઈ કેટલીય નારીઓને પોતાના પતિ, પુત્ર, કે કુટુંબીજનો પાછળ અરે પુનશ્રી જેવી સ્ત્રીને તો એક નાનકડા સસલા પાછળ સત ચડયું છે અને જયઅંબેના નાદ સાથે પોતાની જાતને જીવતે જીવત અગ્નિદેવના ખોળામાં હોમી દીધી છે.

એક સમયમાં દરેક કોમ જંગે ચડી હશે પરિણામે પાળિયાઓનો પ્રદેશ આટલો વ્યાપક બન્યો છે.

પાળિયાઓનો પ્રદેશ માત્ર ગુજરાત જ નથી પરંતુ ગુજરાત બહારનાં રાજયો તેમજ વિ✓ના દેશોમાં પણ આ પ્રથા ચાલુ હશે તેવો ખ્યાલ ત્યાંના પાળિયાઓ ઉપરથી આવે છે. ભારતની વાત કરીએ તો કર્ણાટક, બિહાર, રાજસ્થાન, તામીલનાડુ, એમ દરેક પ્રાંતોમાં આ પ્રથા જોવા મળે છે. તેમાંય ગુજરાત અને રાજસ્થાનમાં પાળિયાઓની બાબતમાં વધારે સામ્યતા પરખાય છે. મૃત્યુ સ્મારકો એ માત્ર મૃત્યુનાં જે સ્મારકો નથી પણ આભને ટેકો દે તેવાં નર–નારીઓનાં વિશાળ હૃદયનાં પરિચાયક છે. આ ધરતી જ એવી બળવાન છે કે તેને અદના માનવીને પણ બળુકો બનાવીને ઝઝૂમતો કર્યો છે. આ ધરતીના ખોળે અનેક કોમની પ્રજાએ બલિદાન આપ્યાં છે. બ્રાહ્મણ જેવા ઉચ્ચવર્ગના લોકથી માંડીને ભંગી કે હરિજન સુધી બલિદાન આપનારનો દોર લંબાયેલો છે. ખાનદાની ને ખુટલાઈ એમ બધું સાથે ચાલ્યું છે અને તેમાંથી જ ધર્મયુદ્ધો ખેલાયાં છે. પરિણામે ગામેગામ કયાંક પાંચ, પચ્ચીસ કે પચાસની સંખ્યામાં પાળિયાઓએ પોતાના નિવાસ–સ્થાન ઊભાં કર્યાં છે.

## ૨.૧૪ * પાળિયાનો વિનાશ :-

સદાચાર, ધર્મ, નૈતિકતા માટે ખપેલાં આ નર–નારીઓનાં પાળિયાની નોંધ કયાંક લેવાઈ છે તો કયાંક લેવાઈ નથી. જેઓ ઈતિહાસ અને સંસ્કૃતિના રક્ષક છે. તેવા રક્ષકોનું રક્ષણ કરતાંય આપણને તો આવડતું નથી. સૂર્ય–ચંદ્રની માફક એક જમાનામાં રણમેદાનમાં ચમકનાર નર–નારીઓના પાળિયાઓ આજે વિનાશના આરે બાપડા બનીને ઊભા છે. જયમલ્લભાઈ પરમારે નોંધ્યું છે. " કહે છે કે જેટલા ઊભા છે તેનાં કરતાં ઉપાડી વધુ ગયા છે તે ઉપાડી ગયા છે તેનાં કરતાં ઊખડી વધુ ગયા છે. અબુધ માનવીઓએ જયાં જરૂર પડી ત્યાં એ પાળિયાઓને ઉપાડી–ઉપાડીને ધરબી દીધા છે એના પૂર્વજોના જવલંત ઈતિહાસને સંસ્કાર વારસાને તળે કચડીને સંસ્કારની ઘોર ખોદી નાખી છે. એવાં ખાંભી–પાળિયાને ધૂળમાં ધરબનારા પણ વહેતા થઈ ગયા છે ને એનાં ભીંતડાંમાં ધરબેલા પાળિયા એ અવશેષોના ઢગલામાં પડયા–પડયા નાશવંત જગતના મિથ્યાભિમાન સાથે બગડાલમ ઋષિની જેમ મુશ્કુરાઈ રહ્યાં છે." (૬૫)

આમ, ઈતિહાસને ઉજાળનાર એ ઉપાસક, સેવાધર્મી, નેક–ટેકવાળા, પાત્રોના પાળિયા જ નહીં રહે તો ઈતિહાસ પાંગળો બની જશે અને લોકજીવનની અસંખ્ય ઘટનાઓની ભીતરમાં ડોકિયું કરવાપણું જ નહિ રહે. આજે માનવની અજ્ઞાનતાને કારણે તેની વ્યાપકતા ઘટતી જાય છે. એ નિઃશંક છે.

## સંદર્ભસૂચિ


૧. સંપાદક : ઝવેરચંદ મેઘાણી :' રઢિયાળી રાત' , પૃ. ૧૮

૨. જયમલ્લ પરમાર : ' લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન ', પૃ. ૧૩૧.

૩. એજન, પૃ. ૬૦.

૪. એજન, પૃ. ૬૨.

૫. જયમલ્લ પરમાર : ' લોકસંસ્કૃતિનાં કલાધરો ', , પૃ. ૧૩.

૬. ડૉ. ભગવાનદાસ પટેલ : ' ગુજરાત દીપોત્સવી અંક વિ.સં. ૨૦૫૯ અંતર્ગત ' ભીલ–આદિવાસીઓની મૌખિક પરંપરા ' , પૃ. ૧૦૭.

૭. જયમલ્લ પરમાર : ' લોકસાહિત્ય : તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પૃ. ૬૧.

૮. જયમલ્લ પરમાર : 'લોકસંસ્કૃતિનાં કલાધરો', પૃ. ૧.

૯. ઝવેરચંદ મેઘાણી : 'લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય', પૃ. ૩૩.

૧૦. જયમલ્લ પરમાર : 'લોકસંસ્કૃતિનાં કલાધરો' , પૃ. ૨.

૧૧. સં. ડૉ. હસુ યાજ્ઞિક : 'મુખ્ય સંપાદક હરિવલ્લભ ભાયાણી', ' ગુજરાતી લોકકથા' લોકસાહિત્યમાળા મણકા ૧ થી ૧૪ અંતર્ગત, પૃ. ૨૧.

૧૨. જયમલ્લ પરમાર : ' લોકસંસ્કૃતિનાં કલાધરો', પૃ. ૬૬.

૧૩. જયમલ્લ પરમાર : 'લોકસાહિત્ય : તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પૃ. ૬૯.

૧૪. ઝવેરચંદ મેઘાણી : 'લોકસાહિત્ય અને ચારણીસાહિત્ય', પૃ. ૩૪.

૧૫. જયમલ્લ પરમાર : 'લોકસંસ્કૃતિનાં કલાધરો' , પૃ. ૬૬.

૧૬. એજન, પૃ. ૬૮.

૧૭. એજન, પૃ. ૪૨.

૧૮. એજન, પૃ. ૨૪.

૧૯. એજન, પૃ. ૧૩.

૨૦. જયમલ્લ પરમાર : 'દુહો દસમો વેદ' ,–પૃ. ૩.

૨૧. એજન, પૃ. ૧૦૬.

૨૨. ડૉ. બળવંત જાની : 'ગુજરાત' દીપોત્સવી અંક વિ. સં. ૨૦૫૪ અંતર્ગત કંઠસ્થ પરંપરાની ઈતિહાસમૂલક રચનાઓ : તત્ત્વ અને તથ્ય , પૃ. ૫૯.

૨૩. ડૉ. અંબાદાન રોહડિયા : 'સાહિત્યાભિમુખ' , પૃ. ૧૧.

૨૪. ડૉ. અંબાદાન રોહડિયા : ' અસ્મિતા અને અનુસંધાન' , પૃ. ૭.
૨૫. એજન, પૃ. ૧૧.
૨૬. એજન, પૃ. ૩.
૨૭. ડૉ. બળવંત જાની : 'ગુજરાત' દીપોત્સવી અંક વિ. સં. ૨૦૫૪ અંતર્ગત કંઠસ્થ પરંપરાની ઈતિહાસમૂલક રચનાઓ : તત્ત્વ અને તથ્ય, , પૃ. ૬૦.
૨૮. ડૉ. અંબાદાન રોહડિયા : ' અસ્મિતા અને અનુસંધાન' , પૃ. ૫૭.
૨૯. નાગજીભાઈ ભટ્ટી : ' કચ્છનો સાંસ્કૃતિક વારસો' પાળિયા', પૃ. ૧.
૩૦. એજન, પૃ. ૨.
૩૧. જયમલ્લ પરમાર : 'ભાગું તો ભોમકા લાજે', – ' પરાક્રમનાં પ્રતીકો, પૃ. ૪૨૧.
૩૨. કવિ : પિંગળશીભાઈ ગઢવી : 'ભાગું તો ભોમકા લાજે', – ' પાળિયાને જુહાર, પૃ. ૩૧૩.
૩૩. એજન, પૃ. ૩૧૩.
૩૪. જયમલ્લ પરમાર : ' લોકસાહિત્ય : તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પૃ. ૧૧૬.
૩૫. નરોત્તમ પલાણ : 'ભાગુ તો ભોમકા લાજે'. – પાળિયાની વિભાવના, પૃ. ૩૦૭.
૩૬. ખોડીદાસ પરમાર, –'ભાગું તો ભોમકા લાજે'. – ' પાળિયા–ખાંભી અને તેનાં શિલ્પપ્રતીકો, પૃ. ૨૯૦.
૩૭. નરોત્તમ પલાણઃ 'ભાગું તો ભોમકા લાજે'. – પાળિયાની વિભાવના, પૃ. ૩૦૬–૩૦૭.
૩૮. જયમલ્લ પરમાર : 'ભાગું તો ભોમકા લાજે ' ખાંભીને પાળિયાના અભ્યાસક્ષેત્રમાં, પૃ. ૨૬૪.
૩૯. જયમલ્લ પરમાર,: ' લોકસાહિત્ય : તત્ત્વદર્શન અને મૂલ્યાંકન', પૃ. ૧૧૬–૧૧૭.
૪૦. એજન, પૃ. ૧૧૯.
૪૧. ખોડીદાસ પરમાર : 'ભાગું તો ભોમકા લાજે', પાળિયા–ખાંભી અને તેનાં શિલ્પપ્રતીકો, પૃ. ૨૮૧–૨૮૨.
૪૨. નરોત્તમ પલાણ : 'ભાગું તો ભોમકા લાજે', પાળિયાની વિભાવના, પૃ. ૩૦૬.

૪૩. જોરાવરસિંહ જાદવ : ' લોકજીવનનાં મોતી', પૃ. ૨૫૪.

૪૪ ડો. નાગજીભાઈ ભટ્ટી : ' કચ્છનો સાંસ્કૃતિક વારસો : પાળિયા', પૃ. ૩.

૪૫. મણિલાલ વોરા:,'ભાગું તો ભોમકા લાજે'. ' વીરપૂજા ', પૃ. ૩૨૬.

૪૬. પ્રવીણચંદ્ર શાહ:' કચ્છમિત્ર' – દૈનિકપત્ર મધુવન પૂર્તિ ,– પૃ. ૨,
તાઃ– ૧–૩–૦૯.

૪૭. જયમલ્લ પરમાર : 'ભાગું તો ભોમકા લાજે'. પરાક્રમનાંપ્રતીકો,પૃ. ૪૨૧–૪૨૨.

૪૮. એજન, પૃ. ૪૨૪–૪૨૫.

૪૯. અરવિંદ આચાર્ય :'ભાગું તો ભોમકા લાજે'. પાદરના પ્રતિહારી, પૃ. ૩૦૦.

૫૦. પ્રવીણચંદ્ર શાહ,' કચ્છમિત્ર' દૈનિકપત્ર, મધુવનપૂર્તિ, પૃ. ૨.

૫૧. ડૉ. નાગજીભાઈ ભટ્ટીઃ, ' કચ્છનો સાંસ્કૃતિક વારસો : પાળિયા', પૃ. ૫૫–૫૬.

૫૨. મણિભાઈ વોરા : 'ભાગું તો ભોમકા લાજે'. વીરપૂજા,, પૃ. ૩૨૭.

૫૩. ખોડીદાસ પરમાર : 'ભાગું તો ભોમકા લાજે'. પાળિયા–ખાંભી અને તેનાં
શિલ્પ–પ્રતીકો, પૃ. ૨૯૨–૨૯૩.

૫૪. જયમલ્લ પરમારઃ ' લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન',પૃ. ૧૨૨–૧૨૩.

૫૫. ડૉ. નાગજીભાઈ ભટ્ટીઃ, ' કચ્છનો સાંસ્કૃતિક વારસો : પાળિયા', પૃ. ૯૦.

૫૬. ડૉ. નાગજીભાઈ ભટ્ટીઃ 'ભાગું તો ભોમકા લાજે'.– ખાંભી–પાળિયા અને તેનાં
અભિલેખો પૃ. ૩૧૮.

૫૭. ડૉ. નાગજીભાઈ ભટ્ટી : ' કચ્છનો સાંસ્કૃતિક વારસો : પાળિયા',પૃ. ૮૨.

૫૮. ખોડીદાસપરમાર : 'ભાગું તો ભોમકા લાજે'. – ખાંભી–પાળિયા અને તેમાં
શિલ્પ–પ્રતીકો, પૃ. ૨૮૫.

૫૯. મણિભાઈ વોરા : 'ભાગું તો ભોમકા લાજે'. – વીરપૂજા, પૃ. ૩૨૮.

૬૦. ડૉ. નાગજીભાઈ ભટ્ટી : ' કચ્છનો સાંસ્કૃતિક વારસો : પાળિયો', પૃ. ૨૭–૨૮.

૬૧. નાનાભાઈ બારોટઃ 'ભાગું તો ભોમકા લાજે'. કાઠીઓમાં ખાંભીઓનો રિવાજ,
પૃ. ૨૯૮.

૬૨. ડૉ. નાગજીભાઈ ભટ્ટી :' કચ્છનો સાંસ્કૃતિક વારસો : પાળિયા', પૃ. ૨૯.

૬૩. એજન, પૃ. ૪૨.

૬૪. અરવિંદ આચાર્ય : 'ભાગું તો ભોમકા લાજે'. પાદરના પ્રતિહારી, પૃ. ૩૦૧.

૬૫.	જયમલ્લ પરમાર : 'ભાગું તો ભોમકા લાજે'.– પરાક્રમનાં પ્રતીકો, પૃ. ૪૨૨.



# ભુજ તાલુકાનો નકશો


કુરન
ધ્રોડાણા
દિનારા
રતડિયા
કુનરિયા
ખાવડા
ધોરાવર
લુડિયા
ગોડપર
ખારી
જુણા જારિયા
ગોરેવાલી
ભીટારા મોટા
હાજીપીર
મીઠડી
સોયલા
અંધૌ
સાધારા
દેઢાર નાની
દેઢર મોટી
લૂણા
ભાગડિયો
હોડકા
મીસરીયાદો
ભોજારડો
ભીરંદિયારા
રાઈયાડા
બરડો
સુમરાસર
શેખવલી
ધરમપુર
ઢોરી
લોરીયા
કોટાય
ધ્રંગ
લોડાઈ
જવાહર-નગર
જુરીયા
કુનારિયા નાના-મોટા
નાડારા
મોખણા
કમાગુના
વરનોરા
જીકડી
હબાય
ડગાળા
સુમરાસર
બાઉખો (સમ.)
કુક્રમાતા
નાના વરનોરા મો.
મામુઆરા
નાગોર
ચાપરેલી
કાનૈયાબે
નથરકુઈ
બાઉખો (ઓઢે)
જમ્બો
રાયધણપર
કાલી તલ.
વડવારા
ધાણેટી
મખણા
લાખોંદ
કોડકી
ગડો
પાધર
માધાપુર
કુકમા
કન્ડેરાઈ
ફોટડી
સુખપર
ભુજ
ભુજોડી
નાગિયારી
મીરઝાપુર
આણંદસર
દેશલપર
સામત્રા
ભારાસર
માનકુવા
સેડાત
રેહા મોટા
હરૂડી
વડવા
રાવળા
નારણપર
રેહા નાની
ગોડપર
રાવલી
ભારાપર
સણોસરા
કોટડા ઉગ.
વરલી
મેઘપર
બળદિયા
કોટડા અથ.
જાંબુડી
સરલી
કેરા
ચકાર
દહીંસરા
બંધારા મોટા
ચુનડી
44
24
12
8

## ❑ પ્રકરણ :- ૩ ❑
## ભુજ તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય :

૩.૧. પ્રસ્તાવના.

૩.૨. લખપતજીનો પાળિયો.

૩.૩. કુંવરજી સામંતજીનો પાળિયો.

૩.૪. રૂપાળીબાનો પાળિયો.

૩.૫. રૂપબા તથા રતનબાના પાળિયા.

૩.૬. મચ્છર જ્ઞાતિના સતીમાનો પાળિયો.

૩.૭. જેઠીનો પાળિયો.

૩.૮. મહારાવશ્રી પ્રાગમલ્લજી (બીજા) નો પાળિયો.

૩.૯. વાજાજીનો પાળિયો.

૩.૧૦. વાંઢાય ગામના પાળિયા.

૩.૧૧. કમાબાઈ સતીનો પાળિયો.

૩.૧૨. બેનબાઈ સતીના પાળિયા.

૩.૧૩. કરસનજીનો પાળિયો.

૩.૧૪. રૂપકુંવરબા સતીનો પાળિયો.

૩.૧૫. ભ્માણબાઈ અને કલાદાદાના પાળિયા.

૩.૧૬. જિહોજીનો પાળિયો.

૩.૧૭. રા’ દેશળજી (બીજા) નો પાળિયો.

૩.૧૮. ભ્મારમલ્લજી (પહેલા)નો પાળિયો.

૩.૧૯. અજાજી નોંધણજીનો પાળિયો.

૩.૨૦. વાઘજી આશાજીનો પાળિયો.

૩.૨૧. તમાચીજીનો પાળિયો.

૩.૨૨. સજણકુંવરબાઈનો પાળિયો.

૩.૨૩. વેણજી રાયધણજીનો પાળિયો.

૩.૨૪. જશાદાદાની ખાંભી.

૩.૨૫. ધાણેટીના પાળિયા

૩.૨૬. પરવાજી સોગરામજી તથા વનાજીનો પાળિયો.

૩.૨૭. નાના રેહાના પાળિયા.

# ❑ પ્રકરણ :- ૩ ❑
# ભુજ તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય

## ૩.૧ પ્રસ્તાવના :-

અનેક યુગપુરુષો અને મહામાનવોનાં ચરણોથી પાવન થયેલો સમગ્ર કચ્છ જિલ્લો તેના દસ તાલુકાઓમાં વહેંચાયેલો છે. જેમાં ભુજ, માંડવી, મુન્દ્રા, અંજાર, નખત્રાણા, રાપર, લખપત, અબડાસા તથા ભચાઉ અને ગાંધીધામ દસમો તાલુકો, જેમાં દરેક તાલુકાના નામકરણ પાછળ કંઈકને કંઈક કથા ઘટેલી છે. કચ્છના પાટનગર સમા ભુજ શહેરની ઉત્પત્તિ વિશે જોઈએ તો – લેખકોની અલગ–અલગ કથાઓ જોવા મળે છે. "રાઓ ખેંગારજીના પુત્ર ભોજરાજજી ગાયોની વારે ચડી કામ આવ્યા હતા, તેથી તેમનું નામ અમર કરવાને માટે આ નગરનું નામ ' ભુજ ' રાખ્યું." [૧]

ભુજનો પ્રાચીન ઈતિહાસ નાગકુળ સાથે સંકળાયેલો છે. ભેરીઆ ગાઢડી અને ભુજંગ નાગની એ દંતકથા કચ્છ, સૌરાષ્ટ્ર અને મારવાડમાં ઘેર–ઘેર પ્રચલિત છે. ભેરીઓ ભટ્ટ નાગલોકોના દમનમાં મશગૂલ હતો. કચ્છના ઉત્તર પ્રદેશમાં ત્યારે સંઘારીઓનું વર્ચસ્વ વધતું જતું હતું. જો કે, હજુ બધે નાગલોકોનું આધિપત્ય હતું. શેષપટ્ટણની સગઈ નામની સંઘરીએ કેટલાયે નાગ રાજાઓને મ્હાત કર્યા હતા ; પણ ભુજંગ નાગ તેને વશ વર્ત્યો ન હતો. ભેરીઆ કુમારનાં પરાક્રમોથી મોહવશ બની સગઈ તેને જીવનસાથી તરીકે સ્વીકારવા તૈયાર થઈ અને ભુજંગ જેવા વિકરાળ વેરીને વશ કરવા તેની સહાયતા માગી. પછી તો ભેરીઆ અને ભુજંગ વચ્ચે તુમુલ યુદ્ધ જામે છે, ભુજંગ નાસતો ફરે છે અને છેવટે એ સુરાષ્ટ્રથાન (સૌરાષ્ટ્ર) થઈ કચ્છના મધ્ય ભાગે આવી ડુંગરમાં ભરાય છે. અહીં તે સબળ બને છે, ભેરીઓ મ્હાત થાય છે ને સગઈ સતી બને છે. અંતે એ ડુંગર ભુજંગિયા–ભુજિયા નામે ઓળખાઈ ભુજંગનું કાયમી વિશ્રામસ્થાન થઈ રહે છે." [૨] તો પ્રમોદ જેઠી પણ કહે છે કે, ભુજિયા ડુંગરનું નામ ભુજંગ નાગ સાથે સંકળાયેલું છે અને ભુજ શહેરનું નામ પણ ભુજિયા ડુંગર પરથી પડેલ છે. પ્રમોદ જેઠીએ પણ ઉપરોકત દંતકથાથી થોડા અલગ સ્વરૂપે ભુજંગ–ભુજિયા ડુંગરની કથા આલેખી

છે.

ચંદ્રવંશી રાઓ ખેંગારજી (પહેલાં) પોતાની સત્તાની સ્થાપના માટે આમતેમ ફરતા હતા. ફરતાં–ફરતાં તેઓ (મહારાજ) કચ્છભૂમિ ભણી પગરવ માંડે છે અને આ ભૂમિમાં તેને તેજસ્વિતાનાં દર્શન થવાથી અહીં કાયમ માટે વસવાટ કરવાનું વિચારીને વિક્રમ – સંવતની ૧૬૦૫ માં ભુજનું તોરણબાંધે છે. (સ્થાપના કરે છે.) પહેલાં ભુજ નાનું હતું. માત્ર હમીરસર તળાવ હતું તે પણ નાનકડું હતું. એ ઉપરાંત થોડે વસવાટ હતો. ઈતિહાસના પાને નોંધાયેલું એક જમાનાનું આ નાનકડું ભુજ ગામ આજે વિકસીને વટવૃક્ષ સમું બની ગયું છે. આજે ભુજ શહેરમાં સચવાયેલાં સ્મારકો પર્યટકોનાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. જેમાં – આયના મહેલ, કચ્છ મ્યુઝિયમ, શરદબાગ પેલેસ, પ્રાગમહેલ, લખપતજીની છતરડી, ફતેહમહમ્મદનો હજીરો, જેવાં મથકોથી શોભતી આ નગરી ૨૩ અંશ થી ૧૫ અંશ ઉત્તર અક્ષાંશ અને ૬૯ અંશ થી ૪૦ અંશ  પૂર્વ રેખાંશ પર આવેલ છે. ઉત્તરે મોટું રણ અને પછી પાકિસ્તાન, પ૪િમે નખત્રાણા તાલુકો, દક્ષિણે માંડવી તથા મુન્દ્રા તાલુકો અને પૂર્વે અંજાર તાલુકો છે. કચ્છ જિલ્લાની પાટનગરી આ ભુજ તાલુકામાં ૧૬૦ ગામોનો સમાવેશ થાય છે. જેમાં માધાપર, સુખપર, માનકૂવા, કેરા, પાંચ હજાર કરતાં પણ વધારે વસ્તી ધરાવે છે. અહીં જુદા–જુદા સમયે અનેક લોકો વસ્યા છે. રાજપૂતો, કણબી, આયર, મીયાણા, ખોજા, જત, રબારી, ચારણ, લોહાણા, વાણિયા, બ્રાહ્મણ, સમા વગેરે મુખ્ય ગણાવી શકાય. આ લોકોને તેના ઈતિહાસની વાત કહેતા બેઠા છે ત્યાંના પાળિયાઓ. ભુજ તેમજ ભુજનાં લગભગ ગામોમાં શૂરવીરતાની સુવાસ ફેલાવતા પાળિયાઓ તેમજ છતરડી (છત્રડી) જોવા મળે છે. પુરાતત્ત્વ જગતની જાગૃતિ કરાવે તેવો છતરડીઓનો એક મોટો માહોલ માત્ર આ નગરી ધરાવે છે. જેમાં જાલમસંગની દહેરીની બાજુમાં રહેલો રૂપાળીબાનો પાળિયો ભારતીય રિવાજની પરંપરા છતી કરે છે, તો સોની પરિવારોથી ત્યજાયેલી રૂપબા અને તેના ખોળામાં રહેલી તેની માસુમ પુત્રીની આકૃતિવાળો પાળિયો છતરડી વિભાગમાં જોવા  મળે છે. આ ઉપરાંત પણ આ વિભાગમાં આવેલ છતરડી તેમજ છતરડી સિવાયના પાળિયાઓ તે સમયનો રાજકીય ઈતિહાસ પ્રગટ કરે છે. આ સિવાય પણ આ તાલુકાનાં ગામોમાં પણ પાળિયાઓએ પડાવ નાખ્યો છે. માનકૂવાના કલાદાદા, અજાજી વગેરેના પાળિયાઓ, કરસનજીનો પાળિયો કદી ન ભૂલી શકાય. આ રીતે સાહિત્ય, સંસ્કૃતિ, રાજકીય ઈતિહાસ અને પુરાતત્ત્વ વિષયક

કેટલીક ખૂટતી કડીઓ અહીંથી મળે છે. તેવા ગામોમાં વડવા, ધાણેટી, કેરા, ગજોડ, નાના રેહા વગેરે છે.

### ૩.૨ * લખપતજીનો પાળિયો :-(ભુજ)

ભુજ નગરમાં છતરડી વિભાગમાં સૌથી મોટી કલાત્મક છતરડી લખપતજીની છે. ધરતીકંપને લીધે ઉપરનો ઘુમ્મટ તૂટી ગયો છે. આ છતરડી ભુજની ખ્યાતનામ છતરડી ગણાય છે. એ એટલા માટે કે, છતરડીની ફરતે વિવિધ પ્રકારની શિલ્પાકૃતિ જોવા મળે છે. જેમકે, "સરસ્વતી, દશાવતાર, ગોપીવસ્ત્રાહરણ, કાલીદમન, ખાખીબાવા, મૃગયા વગેરે શિલ્પાકૃતિઓ જોવા મળે છે. વળી, છતરડીમાં ઉપર મોટો ઘુમ્મટ છે. નીચેના ભાગમાં લખપતજીનો પાળિયો જોવા મળે છે. આ લખપતજીનો પાળિયો આરસનો છે. તેની બંને બાજુએ તેની પંદર પ્રેયસીઓના પાળિયાઓ જોવા મળે છે. જેમાં ડાબી બાજુએ સાત અને જમણી બાજુએ આઠ પ્રેયસીઓ જોવા મળે છે." (૩)

ઉપરોકત વર્ણન ' સંસ્કૃતિદર્શન ભૂજ ' પુસ્તક માં જોવા મળે છે. પરંતુ અત્યારે તો બધું જ ધ્વંશ થઈ ગયું છે. છતરડીમાંના ઉપરના ઘુમ્મટનું તો નામ નિશાન જ નથી. ઉપર નજર કરો એટલે સીધું જ આકાશ દેખાય. કેટલાય સ્તંભો નાશ પામ્યા છે. માત્ર કેટલાક સ્તંભો જ ઊભા છે, કેટલાક શિલ્પાકૃતિવાળાં શિલ્પો છતરડીની અંદર જ પડી ગયાં છે. વચ્ચે આરસના પથ્થરમાં કોતરાયેલો લખપતજીનો પાળિયો છે, જયારે તેની બંને બાજુએ આવેલ સતીઓના પાળિયાઓમાં કેટલાક પાળિયાઓ પણ પડી ગયા છે. જે પાળિયાઓ બચ્યા છે તેમાં વિશેષ લખાણ જોવા મળતું નથી. પરંતુ માત્ર નામો વંચાય છે. જેમાં જેઠીબાઈ, પદ્માબાઈ, રામાબાઈ, મેઘબાઈ એવાં નામોનો ઉલ્લેખ છે.

તેના વિશે કારાણીએ નોંધ્યું છે. –

**" સોરો ચતિયું સતરઉ રાજા, ચડયા અગનજી પી,**
**લાખે વારી લી, કરે હલ્યો કાછે ધણી. "** (૪)

(સોળ સતીઓ અને સત્તરમો રાજા સૌ ચિતા પર ચડયા)

આ છતરડીનું નિર્માણ રામસંગજી માલમના સમયમાં થયું હોવું જોઈએ કેમકે કલાની દષ્ટિએ લખપતજીની છતરડી અન્ય છતરડીઓની તુલનાએ અદ્‌ભુત બને છે અને આવી કલા–કારીગરીતો રામસંગના મનમાં જ ઉદ્‌ભવે.

પ્રમોદભાઈ જેઠી નોંધે છે. કે," આ કલાત્મક છતરીઓની કર્નલ ટોડે મુલાકાત લીધેલ હતી. એથી એવું અનુમાન કરી શકાય કે, કર્નલ ટોડની ડાયરીમાં આ છતરડીનો ઉલ્લેખ જરૂરથી હશે. સાથે–સાથે તેણે અન્ય પાળિયાની નોંધ પણ કરી હોવી જોઈએ. તેમજ ફોટોગ્રાફ પણ લીધા હશે જ. બીજું લોર્ડ કર્નલ આ છતરડીની અવદશા જોઈને તેના રક્ષણ માટે યોગ્ય કરવાની ભલામણ કરેલ હતી. તેથી કહી શકાય કે આ છતરડીની યોગ્ય સારસંભાળ લેવામાં આવતી નહીં હોય." (૫)

આજે તો ઈ.સ. ૨૦૦૧ ના ધરતીકંપને લીધે ૮૦ % જેટલું નુકશાન થયું છે. સાથે–સાથે આજે સાવ જમીનદોસ્ત થયેલ છતરડીનો ઘુમ્મટ ફરીથી ઊભો કરવાનું કાર્ય ચાલુ થઈ ગયું છે. જો કે, બહાર ચેતવણી બોર્ડ રાખેલું છે. છતાં અંદર જઈને રહ્યા સહ્યા અવશેષો જોઈ શકાય છે.

"લખપતજીના પાળિયા નીચેનું લખાણ –

સ્વચિત્રશ્રી મગલાભ્યોધ્વ✓ સંવત ૧૯૩૯ (૧૮૩૮)
વરસે શાકે ૧૭૦૪ સંવતિ પ્રવર્તમા ને સવૈ
ઉતરાયણે ગતે શ્રી સૂર્યે માંગલે ફલ પ્રદમા
સોત્રમ વૈશાખમાસે કૃષ્ણ પક્ષે ૧૧ ' એકોદશાયાં '
તિયૌથી બુધવાસરે શ્રી કચ્છ દેશે શ્રી ભુજનગર મધ્યે
મહારાજા રાઓશ્રી રાયધણજી વિજયછત્રે મહારાજા
રાઓશ્રી લખપતજી સંવત ૧૯૧૭ (૧૮૧૭) વર્ષ શાકે
૧૬૮૬ પ્રવા જયેષ્ઠ × દિવખૌના દેવ લોક થિયા ॥
તિ કેડે પૂંનરસ્ત્રી બંસતી × થી × ॥ તેના નામ ॥ સંદાતા"
×× રાજવાઈ સતી રજા બાઈ × × × × × × × × ×
× × × × × × × × × × × × × × × × × × × ×
× × × × × × × × × × × × × × × × × × × ×

આરસ પહાણમાં કોતરાયેલી આકૃતિ ઘોડેસવારની છે. ઉપર બંને બાજુએ સૂર્ય–ચંદ્રની નિશાનીઓ છે. જમણા હાથમાં ભાલું તેમજ ડાબા હાથમાં ઘોડાની લગામ છે. તેમજ ભેઠમાં ઢાલ–તલવાર છે. આ પાળિયાઓ પૂર્વ દિશામાં છે. જયારે ઘોડાનું મુખ ઉત્તર દિશામાં છે. લખપતજીની ડાબી બાજુએ રાજબાઈ, સદાબાઈ, હીરાબાઈના

પાળિયાઓ આવેલા છે. તેની બાજુના ચાર પાળિયા નાશ પામ્યા છે. લખપતજીના પાળિયાની જમણીબાજુએ પદમાબાઈ, દેવબાઈ, જેઠીબાઈ, રામાબાઈના ક્રમમાં પાળિયાઓ આવેલા છે. પાંચમો પાળિયો તૂટેલો છે. છટ્ઠો પાળિયો ઉપરથી અડધો તૂટેલો છે જે મેઘબાઈનો અને સાતમો પાળિયો રૂપબાઈનો છે. આ સતીઓની આકૃતિ સમાન છે. બધા પાળિયાના ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રના નિશાન જોવા મળે છે. દરેક સતીના જમણા હાથમાં માળા અને ડાબા હાથમાં કળશ છે. લખાણમાં માત્ર સતીઓનાં નામનો જ ઉલ્લેખ મળે છે. બાકીનું લખાણ ઘસાઈ ગયું હોય તેમ લાગે છે.

લખપતજીના સમયમાં કોઈ મોટી લડાઈ થઈ ન હતી. માત્ર તેરાના ઠાકોર સુમરોજી તેની વિઢદ્ધ કંઈક બોલ્યા હશે. આથી લખપતજીએ તેરા ઉપર તોપનો મારો ચલાવ્યો હતો. આથી ઠાકોર તરત જ શરણે આવતાં બધું શાંત થયું. આ રાજવી કલાનો સાચો પારખું હતો અને એટલે જ રામસિંહ માલમને પોતાને ત્યાં રાખીને તેની કલાનો પૂરો લાભ લીધો હતો. આખી રાત જાગીને સવારે ચાર વાગે સૂતા આ રાજવીમાં ઘણા ગુણો હતા. તો કેટલીક અયોગ્ય આદતો પણ હતી.

કહેવાય છે કે, છેલ્લે પોતાના પરમે✓ર જેવા પિતાને કેદ કરીને રાજયની સત્તા દેશળજીના જીવતા જ પોતાના હસ્તે કરી લીધી હતી. આમ છતાં પણ કચ્છના રાજવીઓના ઈતિહાસમાં ડોકિયું કરતાં ખ્યાલ આવે છે કે આ રાજવી શ્રેષ્ઠ સાબિત થયો હતો.

## ૩.૩ * કુંવરજી સામંતજીનો પાળિયો :- (ભુજ)

બિહારીલાલના મંદિર પાછળ આવેલ તળાવમાં છતરડી વિભાગ છે. આ છતરડી વિભાગથી થોડે દૂર, તળાવમાં જ એક મોટા અને લાંબા ઓટલા પર વીસેક જેટલા પાળિયાઓ હારબંધ ઊભા છે જેમાં અમુક પાળિયાઓ પડી ગયેલી હાલતમાં અને અમુક પાળિયા તૂટેલા જોવા મળે છે. આ ઓટલા પર જમણી બાજુએથી ઓટાને અડીને એક પાળિયો છે જે રાજકોટ નિવાસી પરમાર કુંવરજી સામંતજીનો પાળિયો છે. આ પાળિયાની સ્થાપના તાઃ– ૧૭–૧૦–૧૯૯૦ ના દિવસે વિધિવત્ રીતે કરવામાં આવી છે.

પ્રમોદભાઈ જેઠીએ નોંધ્યું છે એ મુજબ "આજથી એંસી (૮૦) વર્ષ પહેલાં

કુંવરજી સામંતજીએ પોતાની દીકરીને કચ્છમાં પરણાવેલી, તેને મળવા માટે કુંવરજી ભુજમાં આવ્યા. તેઓ એક પાક્કા શિવભકત તો હતા જ ! એમાંય વળી શ્રાવણ માસ ચાલતો હોવાથી તેમણે બિહારીલાલના મંદિરમાં જળનો કળશ ચડાવવાના ઈરાદાથી તળાવમાંથી પાણી ભરવા જતા હતા. ત્યારે તેમની સારણગાંઠ તૂટી જવાથી મૃત્યુ થયું. જે જગ્યાએ તેમનું મૃત્યુ થયું તે જગ્યાએ પાળિયાની સ્થાપના કરેલ છે. વળી, તેમના કુટુંબીજનોનું કહેવું છે કે, અમારા કુટુંબના સભ્યોને જુદી–જુદી રીતે પણ દુઃખવાની તકલીફ થવા લાગી. ઘણા ઉપચાર કરવા છતાં તેમાં કોઈ રાહત દેખાતી નહીં. તેમજ તે કુટુંબના એક ભાઈએ નવું મકાન બનાવતા વાસ્તુખાતે ચંડીપાઠ બેસાડેલ ત્યારે અમારા દાદા કુંવરજીનો આત્મા એક જણાના શરીરમાં આવ્યો અને એમના મૃત્યુની વાત કરી અને પોતાનો પાળિયો સ્થાપવા જણાવ્યું. આથી તેનાં કુટુંબીજનો રાજકોટથી ભુજ આવ્યાં. જે વાત આત્માએ જણાવેલ તે જગ્યા તેમણે શોધીને પાળિયાની સ્થાપનાવિધિ કરી. આ કુટુંબના સભ્યોએ દર પાંચ વર્ષે કુટુંબના એક સભ્યે દર્શનાર્થે આવવું એવું આત્માએ જણાવેલ તે મુજબ તેઓ અહીં આવતા રહે છે."[૬]

પ્રમોદ જેઠી સાથેની મુલાકાત દરમિયાન પણ તેમણે ઉપરોકત કથા કહી હતી.

કુંવરજી સામંતજીના પાળિયા નીચેનું લખાણ નીચે મુજબ છે. –

પરમાર કુંવરજી ડાડા

શ્રી કુંવરજી સામતસિંહ પરમાર

જામનગર નિવાસી

શ્રી ખીમજીભાઈ લક્ષ્મણભાઈ પરમાર

તથા રાજકોટ નિવાસી

શ્રી વાલજીભાઈ લક્ષ્મણભાઈ પરમાર

કુટુંબના ડાડા અત્રે બિરાજમાન છે.

સ્થાપના : તાઃ– ૧૭ – ૧૦ – ૧૯૯૦.

વિ. સં. ૨૦૪૬ ના આસો વદ – ૧૪ ને બુધવાર

પુન : સ્થાપના : ૩૧ – ૧૦ – ૨૦૦૫.

વિ. સં. ૨૦૬૧ આસો વદ ૧૪ ને સોમવાર

કુંવરજી સામંતજીનું ઉપર મુજબનું લખાણ મળે છે. પ્રમોદભાઈ જેઠીએ કુંવરજીની કથામાં તેના પિતાનું નામ સામંતજી લખ્યું છે, જયારે પાળિયા પરના લખાણમાં ' સામતસિંહ ' નામ લખેલ છે. આકૃતિ પરંપરિત છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની નિશાનીઓ, હાથમાં ઢાલ–તલવાર છે.

### ૩.૪ * રૂપાળીબાનો પાળિયો (ભુજ) :–

ભુજની છતરડી વિભાગમાં રૂપાળીબાની છતરડી આવેલી છે. આજે તો આ છતરડી સાવ જીર્ણશીર્ણ થઈને પડવાની હાલતમાં ઊભી છે. છતાંય હિંમત કરીને અંદર રહેલા પાળિયાઓને જોવાનો પ્રયત્ન કર્યો છે. આ છતરડીમાં બે પાળિયાઓ જોવા મળે છે. એક શૂરાનો અને એક સતીનો. પ્રમોદભાઈ જેઠી કહે છે કે માત્ર શૂરાના પાળિયા નીચે જ લખાણ વંચાય છે પણ એવું નથી, સતીના પાળિયા નીચે પણ લખાણ વંચાય છે. દૂરથી જ વાઘેલી બાઈ શ્રી રૂપાળીબા આવા શબ્દો વાંચવા મળે છે. જયારે શૂરાના પાળિયાનું લખાણ ઉકલી શકાતું નથી. છતાંયે પ્રમોદભાઈ લખે છે એ મુજબ –

શ્રી ગણેશાય નમઃ ।। સંવત ૧૮૯૨ વર્ષ શાકે
૧૭૫૭ રવી ઉતરાત્મે ગતે શ્રી સૂર્ય સારશ્રુ
માંગલ્ય માસોતમ માસે શ્રી ફાલ્ગુન
માસે શ્રી કૃષ્ણપક્ષે ૬ તિથિ બુધવારે
કચ્છ દેશે શ્રી ભુજનગર મધ્યે દેશ શ્રી
૫ ખેંગારજી સુત ઉનડજી સૂત મહોડજી
સુત ભોજરાજજી દેવલોક પામ્યા છે.
વાઘેલી બાઈ શ્રી રૂપાળીબાએ સહગમન કીધું છે.

પ્રો. નાગજીભાઈ ભટ્ટીએ પોતાના પુસ્તકમાં રૂપાળીબાઈની જે કથા નોંધી છે તે પ્રમોદભાઈ જેઠીએ પોતાના પુસ્તકમાં લીધી છે તે આ નીચે મુજબ છે.– "રૂપાળીબા વાગડના વાઘેલાનાં કુંવરી હતાં. તેનાં લગ્ન કચ્છમાં ગઢશીશાના દેદાઓના કુટુંબમાં થયેલાં. તેના પતિનું નામ ભોજરાજજી હતું.ભોજના પિતા મોડજી ખૂબજ ઉગ્ર સ્વભાવના હતા. તેના મૃત્યુ પછી ભોજરાજજી ભુજ આવીને રહ્યા. ભુજમાં મહાદેવનાકા પાસે ગોહિલની ડેલી પાસે ભોજરાજજીની ડેલી હતી. ઈશ્વરની ગતિ ન્યારી છે. ભુજમાં

થોડો સમય રહ્યા પછી ભોજનું મૃત્યુ થયું. રૂપાળીબાએ પણ સતી થવાનો પ્રણ લીધો. એ જમાનો અંગ્રેજોનો. એ જમાનામાં ભયંકર એવો પ્રચલિત રિવાજ જો કોઈ હોય તો તે હતો સતી થવાનો. અંગ્રેજો તેને જડમૂળથી દૂર કરવા ઈચ્છતા હતા. પણ દરેક સ્ત્રી સ્વેચ્છાએ સતી થતી એવું નથી, અમુક સ્ત્રીને ફરજ પાડવામાં આવતી.

રૂપાળીબા સતી થવાનાં છે. એ વાત આખા ભુજ નગરમાં વાયુવેગે પ્રસરી ગઈ. સતીની પ્રથાને માનનારા કેટલાક ઠકરાઈઓ રૂપાળીબાને અંગ્રેજો અટકાવે નહિ તે માટેની તૈયારીઓ કરવા લાગ્યાં. રૂપાળીબા પણ પતિનો સંગાથ છોડવા તૈયાર ન હતાં. પોલિટિકલ એજન્ટને ખબર પડતાં તેણે પણ આ કુરિવાજ સામે સરકારશ્રીની મદદથી લડી લેવાનું નક્કી કર્યું. ભોજને વરરાજાના કપડાં પહેરાવ્યાં. પોતે નવવધૂનો શણગાર સજી અતરની રેલમ–છેલમ, લોકો સતીમાના પગે પડીને આશીર્વાદ લેવા માંડયાં. શરણાઈના શૂરો ગાજી ઊઠયા. સ્ત્રીઓ ગીતો ગાવા લાગી. વળી "સતીમાનો જય", "રૂપાળીબાનો જય" એવા બુલંદ નાદ સાથે સતીનો વરઘોડો ભુજની સાંકળી ગલીઓ વીંધીને છેક હમીરસર પાસે પહોંચ્યો, ત્યાં ગોરા ઘોડેસવાર સાથે ટુકડી હતી. બધા થંભી ગયા, હવે શું થશે ? કેટલાક હથિયાર સજજ રાજપૂતો આગળ આવ્યા. આથી ગોરો હસ્યો છતાં બધા સ્મશાને પહોંચ્યાં ત્યાં પોલિટિકલ એજન્ટ તથા ઘણા અંગ્રેજો હાજર હતા. ગોરાએ તેમને ખૂબ સમજાવ્યા, ધમકીઓ આપી, કાયદાની વાતો કરી પણ માને તો રૂપાળીબા શાનાં ! હું કોઈ કાયદાને જાણતી નથી. મારે મારા પતિ પાછળ સતી થવું છે એજ મારો કાયદો છે. રૂપાળીબા હસતા મુખે ચિતામાં બેઠાં. અમુક અંગ્રેજો છેલ્લી સલામ કરવા લાગ્યા, પણ અમુક ગોરાઓ ચિતા ફરતે ગોઠવાઈ અને તેમ ન કરવા રૂપાળીબાને ફરીથી સમજાવવા લાગ્યા, રૂપાળીબાને કેદ કરવાની વાત કરી. રૂપાળીબાએ કહ્યું કે, ભાઈ ! તું તારો સમય બગાડે છે. અહીં હજારો રાજપૂતો કેદ થવા તૈયાર થશે. તું કેટલાને કેદ કરીશ ? અંગ્રેજે વિચાર્યું કે આ બાઈ એમ નહિ માને. હમણાં આગ લાગશે તેથી ચિતા છોડીને ભાગશે. પરંતુ રૂપાળીબા તેજસ્વી રાજપૂતાણી હતાં. તેણે ગોરા સાથે કરાર કર્યા કે, હું જરાપણ અવાજ કરું તો તું આ ચિતા ઠારી નાખજે અને ભોજના અંગુઠે અગ્નિનો સ્પર્શ કરાયો. રૂપાળીબા એકપણ દુ:ખભર્યા શબ્દ બોલ્યા વગર પતિના મસ્તકને ખોળામાં લઈને બળે છે. તેના તેલથી નીતરતા વાળ પણ દીવાની જેમ ભડભડ બળે છે. અધિકારીઓ સ્તબ્ધ બની ગયા. ઢોલના અવાજ સાથે સતીમાના જયના પોકારો, સૌને

આવરતો ભડભડતો અગ્નિ રૂપાળીબાના તેજને રૂપાળા શરીરને પોતાના તેજોમય આવરણમાં છુપાવી રહ્યો." (૭)

શૂરા અને સતીની આકૃતિઓ પરંપરિત છે. શૂરાના હાથમાં ઢાલ–તલવાર છે. સતીનો હાથ છે. ઉપર સૂર્ય–ચંદ્રની નિશાની છે.

કચ્છના સાહિત્યકાર શંભુદાન ગઢવીએ પોતાના ' કચ્છ દર્શન ' પુસ્તકમાં રૂપાળીબા પોતાના પતિ દેદા ભોજરાજજી પાછળ સતી થયાં હતાં એવો ઉલ્લેખ કરેલો છે." (૮)

## ૩.૫ * રૂપબા તથા રતનબાના પાળિયા :– (ભુજ)

ભુજના છતરડી વિભાગમાં ઘણીબધી છતરડીઓ અને છતરડી વગરના પાળિયાઓ આવેલા છે. જેમાં છતરડી વિભાગમાં આવેલ સ્મશાનની બરાબર બાજુમાં એક દહેરી–મંદિરમાં રૂપબા તથા રતનબાના પાળિયાઓ છે. જેની પૂજા વાલજીભાઈ રઘુરાય ત્રિવેદી કરે છે. જેમાં રતનબાનો પાળિયો જોવા મળે છે. રૂપબા તેની પુત્રીને ખોળામાં લઈને સતી થયાં હતાં.

૧. ❑ રતનબા સંવત ૧૭૭૭ વદ આઠમના રોજ સતી થયાં છે.

૨. ❑ સંવત ૧૮૬૭ ના વદ પાંચમના રોજ રૂપબા સતી થયાં છે.

૩. ❑ સંવત ૧૮૬૭ વદ પાંચમના રોજ તેમનાં દીકરીને ગોદમાં (ખોળામાં) લઈને સતી થયાં છે.

ત્રણેય પાળિયા ઉપર સૂર્ય–ચંદ્રનું નિશાન છે. તેમના વંશજોએ તેમના હાથને શણગાર્યા છે. રૂપબાના પાળિયાને મોતીની માળા પહેરાવેલ છે, માથા પર મોળિયા પહેરાવ્યાં છે, ચૂંદડી ઓઢાડી છે. ત્રણેય પાળિયાને આરસની લાદીવાળા મંદિર કે દહેરીમાં બેસાડયા છે. ત્રણેયમાં અભયમુદ્રામાં હાથ જોવા મળે છે.

તેમના વિશેની જે કાંઈ આછેરી કથા મળે છે તે આ મુજબ છે. સુરેન્દ્રનગર જિલ્લાનું કોઢ ગામ. જેમાં આ બાઈ રહેતાં. ત્યારે કંઈક મુશ્કેલીના કારણે રૂપબા અહીં ભુજમાં પધારેલાં. આ ભુજના વાણિયા(સોની) ઓને ત્યાં તેમણે આશરો માંગેલો. પણ કોઈ વ્યકિત એવી નીકળી નહીં કે તેમને આશરો આપે. આથી સતીમાને લાગી આવ્યું અને આવેશમાં ને આવેશમાં પોતાની દીકરી સાથે સતી થયાં. સતી થયાં એ પહેલાં શાપ

આપ્યો કે, આ પરિવારની એટલે કે, કોઢની કોઈ દીકરી સુખીથી રહેશે નહિ." (૯)

આ કથા પ્રમોદભાઈ જેઠીએ પણ નોંધી છે. "કોઢ સુરેન્દ્રનગર બાજુમાં ઝાલાઓનું ગામ છે. અહીંથી રૂપબાઈ ભુજ ગામે મુશ્કેલીના સમયે આવેલ ત્યારે ભુજમાં વસતા સોની વાણિયાને ત્યાં તેઓએ આશરો માંગેલ પણ કોઈએ આશરો આપેલ નહીં. તેથી તેઓ પોતાની દીકરી સાથે સતી થયાં. અને શાપ આપ્યો કે કોઢની દીકરી કોઈ સુખી થશે નહીં. જે આજપર્યંત એમ થઈ રહ્યું છે." (૧૦)

## ૩.૬ * સતીમાનો પાળિયો (ભુજ) :-
## (મચ્છર જ્ઞાતિના સતીમા)

ભુજમાં ભીડના નાકા બહાર નાગોર જવાના રસ્તે ભેંસવાળો આવે છે. ત્યાં આગળ ગલીમાં જતાં કંસારાવાળો છે. એ જગ્યાએ ભટ્ટ તથા મચ્છરનાં સતીમાનો પાળિયો છે. નામ મળતું નથી. પાળિયા નીચેનું લખાણ કંઈક આવા પ્રકારનું છે. જો કે, તે બીજા પાળિયામાંથી થોડું જુદું મળે છે.

સંવત ૧૭૭૩ વરષે વેસાષ

× × ×

દેવતંણી ધનાની પોત

ણ ૫ તે × × ×

નરોતમની દીકી ત્મ

દેનની પોતરી શ્રેણે સાગવાન.

"આજથી ચારસો (૪૦૦) વર્ષ પહેલાં તેમના પરિવારને કચ્છ રાજયે બોલાવેલો. તેઓ ભાટ તરીકે ઓળખાતા બાદમાં ભાટમાંથી ભટ્ટ થયેલ છે. તેમના પરિવારની દીકરીનાં સગપણ થયેલાં તે દીકરીનો ધણી નિઝામ હૈદરાબાદની લડાઈમાં કચ્છ તરફથી ગયેલ અને ત્યાં કામ આવી ગયેલ. જેથી તે દીકરી સતી થવા તૈયાર થયાં. ઘરમાં તેમજ રાજના લોકોએ તેણીને સતી થતાં રોકયા અને સમજાવેલ પણ તેણી તેના વિચારમાં મક્કમ રહેલ. આથી રાજ તરફથી તેણીને કહેવામાં આવ્યું કે તેણી કંઈક ચમત્કાર બતાવે તો સતી થવાની રજા આપવામાં આવે. આથી પેલી બાઈએ મોઢામાંથી નાગ કાઢીને બતાવેલ. આ નાગ પછી ભટ્ટ પરિવારના ઘર સુધી ગયો અને ત્યાં મૃત્યુ પામ્યો.

આથી ભટ્ટ પરિવારના ઘર પાસે પણ નાગની દહેરી કરી અને ત્યાં સતીમાના થાપા છે. આ ભટ્ટ મોનજી ભટ્ટ કે જેઓ રાજમાં ધર્માદાખાતું ચલાવતા તેમનું રાજમાં વર્ચસ્વ હતું. સતીમાના પાળિયામાં નાગનું શિલ્પ છે." (૧૧)

ઉપરોકત પાળિયાની કથા પ્રમોદ જેઠીના પુસ્તકમાંથી મળે છે. વળી પાળિયા નીચેનું લખાણ પણ તેમણે લીધું છે. જયારે અમારી મુલાકાત દરમિયાન અમે પણ પાળિયા નીચેનું લખાણ લીધું છે, પરંતુ અમને છેલ્લી બે લીટી ઉકલી નથી. જયારે પ્રમોદભાઈ જેઠીએ ઉકેલી છે.– 'નરોતમની દીકરી ત્મ,

દેનની પોતરી શ્રેણે સાગવાન.'

અહીં નરોતમની દીકરી ઉલ્લેખ કર્યો છે. જયારે કથામાં આ કન્યાના પિતા મોનજી ભટ્ટ હતા તેવું દર્શાવેલ છે. એટલે આ વસ્તુ સ્પષ્ટ થતી નથી કે તેના પિતાનું નામ શું હતું. મોનજી કે નરોતમ?

આ સતીમાનો પાળિયો દહેરીમાં છે તેની ચાવી દહેરીની બાજુમાં રહેતા એક બહેનના ઘરે રાખે છે. આ સતીનાં પરિવારજનો સૌ ગામમાં દૂર રહે છે. એટલે સાંજ–સવાર દીવા–બત્તી કરવા આવે.

અહીં સતીનો જમણો હાથ દેખાય છે. પાળિયાનો પથ્થર આરસનો છે. વળી, રંગીન કોતરણી ફરતી બાજુએ કરેલી છે. બાજુમાં એટલે કે, એ પાળિયામાં નાગની આકૃતિ પણ જોવા મળે છે.

### ૩.૭ * જેઠીનો પાળિયો (ભુજ) :-

ભુજમાં હમીરસર તળાવની સામે રામધૂનની બાજુવાળી કે પાછળની ગલીમાં જતાં ઘણાં પ્રાચીન, તૂટી ગયેલાં મંદિર, મૂર્તિઓ વગેરે મળે છે. જે રાજાશાહી વખતના હોય તેવું જણાય છે. જે જગ્યા પણ અવાવરું જેવી છે. ત્યાં આગળ ચાલતા એ જ ગલીમાં જેઠીનો પાળિયો છે. આ પાળિયો થોડો વિશિષ્ટ ગણાય છે. કેમકે, તે પુરુષના એક હાથમાં ગદા અને બીજા હાથની આંગળીએ એક નાની બાળા છે. તેના પાળિયા નીચે નીચે મુજબનું લખાણ વાંચવા મળે છે.

શ્રી । સવત ૧૮૬૮ વ × શ્રી સુચક

૧૪ માં મે જૈ ડી દમો થ વાઈ દેવી

થાપના કરી છે રાઓશ્રી રાયધણજી

ની વારમા સ ૧૮૪૭ દેઆ.

ઉપરનું આટલું લખાણ વંચાય છે આ પાળિયો બહુ જૂનો ન હોવા છતાં જૂનો દેખાય છે. પાળિયા ઉપર સૂર્ય–ચંદ્રના નિશાન પણ ઝાંખા–ઝાંખા દેખાય છે. આકૃતિમાં એક પુરુષના હાથમાં ગદા અને બીજા હાથની આંગળીમાં એક કન્યા દેખાય છે. તે વ્યકિત ઊભેલી છે. ઘોડેસવાર નથી. જેઠીના પાળિયા વિશે પ્રમોદ જેઠીએ આછેરી માહિતી આપી છે.

"એ જમાનામાં ગામમાં લૂંટારાઓ લૂંટફાટ કરવા આવ્યા હતા. ત્યારે ગામને બચાવવા અને લૂંટારાઓને હાંકી કાઢવા માટે આ જેઠીએ પોતાની દીકરીને પથ્થર પર પટકીને ત્રાગું કર્યું હતું. આથી ડરના માર્યા લૂંટારાઓ ત્યાંથી નાસી ગયાં અને ગામ લૂંટાતું બચ્યું. આમ, પુત્રીનું બલિદાન આપી તેમને ગામને બચાવ્યું. તેની યાદમાં પાળિયા ઊભો કરવામાં આવ્યો છે. જે હાલમાં પણ દષ્ટિગોચર થાય છે." (૧૨)

પ્રમોદ જેઠી સાથેની રૂબરૂ મુલાકાત સમયે તેમણે ઉપરની કથા કહી હતી.

### ૩.૮ * મહારાવશ્રી પ્રાગમલ્લજી (બીજા) ભુજ :–

મહારાઓ શ્રી પ્રાગમલ્લજીનો પાળિયો છતરડી વિભાગમાં જોવા મળે છે, તેની કથા નીચે મુજબ છે.

મહારાઓ શ્રી દેશળજીનાં કુંવર વીર પ્રાગમલ્લજી ઉર્ફે બાલુભા સં. ૧૯૧૭ ના રોજ ગાદીએ બિરાજમાન થયા હતા. તેઓ બીજા રાજવીઓ કરતાં થોડી જુદી પ્રકૃતિના હતા. આ રાજવીમાં રાજપૂતાઈ ભારોભાર ભરેલી હતી. અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યારે ઘણા રાજાઓતો નિર્બળ બની ગયા હતા અને બીજા માર્ગે દોરવાયા હતા. જેમકે, મદ્યપાન કરવો, વ્યભિચાર કરવો વગેરે કુકાર્યોમાં રાજાઓ અટવાયેલા હતા. જાણે તેની સઘળી સત્તા અંગ્રેજોએ ખેંચી લીધી હતી પરંતુ આમાંનો એક પણ દુર્ગુણ પ્રાગમલ્લજીમાં જોવા મળતો ન હતો. તે એક વીરપુરુષ હતા. તે નિઃશંક છે. પ્રજા હિતનાં ઘણાં કાર્યો તેમણે કર્યાં હતાં. વળી પ્રજા પર પણ આર્થિક બોજો ન વધે તેનું ભાન પણ તેમને હતું. આથી તો કચ્છની પ્રજા માટે તે દેવતુલ્ય હતા. કચ્છની પ્રજા પોતાના માલિકના વખાણ કરતી થાકતી ન હતી. વળી, અંગ્રેજી ભાષા પર પણ તેમનું પ્રભુત્વા વિશેષ હતું. ન્યુઝપેપર વાંચવાના જબરા શોખીન.

તેમના શાસનકાળ દરમિયાન દીવાન પણ અનેક બદલ્યા હતા. છેલ્લા દીવાન હતા આજમ કૃષ્ણાજી તેમણે મહારાઓની હયાતી સુધી કાર્યભાર સંભાળ્યો હતો. "મહારાઓશ્રીમાં એકપણ દુર્ગુણ હતો નહિ, રાજપૂતાણું બતાવવા કોઈ મોટી લડાઈ કરવાનો પ્રસંગ મળ્યો જ ન હતો. તો પણ શિકાર કરવામાં તેમણે એક ખરા ૨૪૫ ચિત્તાઓનો અને સૂવરો તથા બીજા અસંખ્ય શિકારી જાનવરોનો શિકાર કર્યો હતો." (૧૨)

મહારાઓની બીજી પણ કેટલીક વિશિષ્ટતાઓ છે. જેના વિશે રશબુક વિલિયમ્સે નોંધ્યું છે તેમ – " તેઓશ્રી જયારે રાજયગાદી પર આવ્યા ત્યારે કચ્છમાં માત્ર ત્રણ જ નિશાળો હતી.એક એંગ્લો વર્નાૅકયુલર અને બે વર્નાકયુલર. મહારાઓશ્રીના સ્તુત્ય પ્રયાસથી અને ભાયાતો પરના તેમના વર્ચસ્વથી બીજા એક જ દશકામાં ચૌદ જેટલી નિશાળો ઊઘડી ગઈ. મહારાઓશ્રી દેવલોક પામ્યા તે પહેલાં તેમણે તે વખતના ડયૂક ઓફ એડિન બર્ગના માનમાં ભુજમાં ઓલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના કરી. આ શાળામાં મુંબઈ યુનિવર્સિટીમાં દાખલ થઈ શકાય તેટલી ઉચ્ચ કેળવણી અપાતી." (૧૩)

અંગ્રેજ સરકાર સાથેના પણ મહારાઓશ્રીના સારા એવા સંબંધો હતા. અને એટલે જ તો સંવત ૧૯૨૭ માં મહારાઓશ્રીને અંગ્રેજ સરકાર તરફથી નાઈટ ગ્રાંડ કમાંડરનો સ્ટાર પહેરાવવામાં આવ્યો હતો. પણ સારો માણસ કયાં સુધી જીવે એ ન્યાયે મહારાઓ લાંબું જીવ્યા નહીં અને ૩૭ વર્ષની યુવાન વયે તેઓ પ્રિન્સ આપ વેલ્સની મુલાકાતે મુંબઈ ગયેલા ત્યારે ત્યાં એ જમાનાનો જાણીતો ગુરદાનો રોગ મુંબઈમાં ફેલાયેલો હતો. તેનો ચેપ મહારાઓને લાગ્યો અને ત્યાંથી પાછા ફર્યા ત્યારે મહારાઓને આ રોગે ઘેર્યા તે સમયે પણ તેની હિંમત દાદ માગી લે તેવી હતી અને છેલ્લે પોષ મહિનામાં શનિવારે ૧૮૭૬ ના રોજ તેઓનું નિધન થયું. આવા પ્રખ્યાત વિદ્વાન, સાહિત્યરસિક રાજાના પાળિયા વિશે નીચે નીચે મુજબનું લખાણ જોવા મળે છે –

સ્વસ્તિ શ્રી સંવત ૧૮૩૨ ના વર્ષે શક ૧૭૬૭
વર્તમાને સર્વધારિના મિન સંવત્સરે રવૌદા ।
કૃિણાયતંત્રે હેમંત શતૌ માસો ત્રમશ્રી પૌષ
માસે શ્રુફપદે પૂજયમ્યાતિ થૌ શનિવારે ।
શત નિશાન નક્ષત્રે સિદ્ધિયોગે × × ×
દિને મહારાજા થિરાજ મિરજાંમહારાઓ શ્રી ૭

પ્રાગમલ્લજી બહાદુર સ્વર્ગવાસ થયા ।
ત્યાર પછી સંવત ૧૯૩૬ મહારાજા ધિરજ
મિરજા મહારાઓશ્રી ૭ ખેંગારજી બહાદુર
વિજયરાજયે કા કાર્તિક વિદ ૧૨ બુધ દિને દિ
માનમાષ્ટ શુભપ્રતિષ્ઠા કરી ।। શ્રી રસ્ક ।।

આ મહારાઓનો પાળિયો ઉપરથી અડધો તૂટી ગયો છે. જે પહોળાઈમાં નાનો છે. નીચેનું લખાણ ઉપર મુજબનું વંચાય છે. પ્રાગમલ્લજી બીજાનો પાળિયો મોટા–ઊંચા કલાત્મક ઓટલા ઉપર છે. તેનાં પગથિયાં કલાત્મક અને મનભાવન છે. પાળિયા ઉપરનો ભાગ તૂટેલો હોવાથી ઘોડેસવારની આકૃતિ કે સૂર્ય–ચંદ્રનાં નિશાન પ્રાપ્ત થયાં નથી.

## ૩.૯ * વાજાજીનો પાળિયો (કેરા) :–

કેરા ગામમાં ખેંગારજીના વંશજ દરબારો વસે છે. ડૉ. રામસંગજીના કહેવા પ્રમાણે આ ગામની વસ્તી અંદાજિત ૨૦,૦૦૦ આસપાસની છે. તેમાં ખેંગાર જાડેજાના ૨૫ (પચ્ચીસ) ઘર, હોથી જાડેજાના ત્રણ ઘર છે. આ સિવાય આ ગામની વસ્તીમાં પટેલ, મુસલમાન તેમજ અન્ય જાતિના લોકો વસે છે.આ ગામમાં વાજાજી તથા તેના સાથીદારોના પાળિયા હિંગળાજ માતાના મંદિરના પ્રાંગણમાં જોવા મળે છે, તેની કથા નીચે મુજબ છે.

"મહારાવશ્રી તમાચીજીના કુંવર રાયધણજી સંવત ૧૭૪૨ શ્રાવણ સુદ ૮ ના ગુજરી ગયા. તેમના કુંવર જુણોજીને કેરા સહિતના સાત ગામ મળ્યા હતા. જેમાં કેરા, ભારાપર, નારણપર (પસાયત), ભાચુંડા (અબડાસા), સાંધવમાં ત્રીજો ભાગ, બીટીયારીમાં પણ તેમનો ગરાસ હતો. દહીંસરામાં પણ થોડો ગરાસ હતો. જુણોજીના વારસામાં વાજાજી થઈ ગયા. જેઓ ગાયોને હાંકી જતા લૂંટારાઓને રોકવા માટે જઈ રહ્યા હતા. ગાયોને વાળીને પાછા ફરતા હતા. ત્યારે ' સોલોર ' (વાવ) માં પાણી પીવા ઉતર્યા. તેની સામેના ભાગમાં ડુંગરની ઊંચી ધાર હતી. તેથી વાજાજી અને તેમના ભાઈઓએ આ લૂંટારાઓને જોયા નહિ કેમકે, સોલોર (વાવ) નીચાણવાળા ભાગમાં હતી. તે સમયે વાજાજી અને તેમના ભાઈઓ પર લૂંટારાઓ ચડી આવ્યા અને ત્યાં બંને પક્ષ વચ્ચે જોરદાર ધીંગાણું થયું. તેમાં વાજાજી શૂરા થયા. આ વાત લગભગ સંવત ૧૮૦૦ ની આસપાસની

છે. વાજાજી સાથે તેમના ભાઈઓ પણ શૂરા થયેલ છે. આ સિવાય સમાઘોઘાના મહેમાન તરીકે આવેલ વીર દરબાર પણ ગાયોને વાળવા માટે ગયેલા. તેઓ પણ શૂરા થયા. એક બાવાજી સાથે હતા. તેઓ પણ આ ધીંગાણામાં કામ આવ્યા છે.

બીજા બાર પાળિયાઓ છે જે ગામના જ વીર યોદ્ધાઓના છે. જેઓ વાજાજી સાથે ગયેલા અને આ બધા તે ધીંગાણામાં કામ આવ્યાં છે." (૧૫) આ બાર પાળિયાઓ ઉપરાંત ઉપર જણાવ્યા પ્રમાણે વીર બાવાજીની સ્મૃતિમાં લિંગ મૂકેલ છે જે પાળિયાની બાજુમાં ઓટા ઉપર છે.

આ ' સોલોર ' વાવ જે હાલમાં નારાણપરગામની વાડીમાં હતી. પરંતુ તે દટાઈ ગયેલ છે. ત્યાં પણ આ વીરોની ખાંભીઓ મૂકેલ છે. તેના વંશજોએ પાળિયાઓ ઉપર છતરડી બનાવેલ છે.

આ ઉપરાંત બીજા પાળિયા મંદિરની બહાર ઓટા ઉપર છે, બે પાળિયાઓ છતરડીની ફરતે દીવાલમાં છે, છતરડીઓની વચ્ચે બે અલગ પાળિયાઓમાં એક પાળિયો સમાઘોઘાના શૂરા થયેલ દરબારનો છે અને બીજો ભાચુંડાના કોઈ વીરનો છે. તે પણ આ ધીંગાણામાં કામ આવેલ હતા.

અહીં આવેલા લગભગ બધા જ પાળિયા નીચેનું લખાણ વંચાય છે. તે બધામાં આપણે વાજાજીના નામવાળા પાળિયાનું લખાણ જોઈએ તો આ છતરડીમાં ૭ (સાત) પાળિયાઓ છે, જેમાં વાજાજીનો પાળિયો દક્ષિણ બાજુથી પ્રથમ છે. તેનું લખાણ આ મુજબ છે. –

શ્રી ગણે શાય નમ :

× × × × વા જા જિ

પા મ × રાવ શ્રી × × × સવંત ૧૮ × ×

× × ના ડ વા વદ પદ ને × ×

નીચેનો ભાગ સિમેન્ટથી લીસ્સો કરી નાખ્યો છે. એટલે લખાણ મળતું નથી. પરંતુ અહીં સ્પષ્ટ રીતે વાજાજીના નામનો ઉલ્લેખ મળે છે. વળી માહિતીદાતા જે ૧૮૦૦ નું અનુમાન કરે છે. તે મુજબ પાળિયા નીચેની લિપિમાં પણ ૧૮ × × જેવું વંચાય છે.

આકૃતિમાં ઘોડેસવારના હાથમાં ભાલો અને બીજા હાથમાં ઘોડાની

લગામ છે. ઉપર ડાબી અને જમણી બાજુએ સૂર્ય–ચંદ્રનાં નિશાન જોવા મળે છે. ઘોડેસવારની ભેઠમાં તલવાર છે.

આ પાળિયાની આછેરી કથા બીજા માહિતીદાતા પાસેથી મળે છે. જેનું નામ છે રામસંગજી. તેમના કહેવા પ્રમાણે આ ગામના પાળિયાઓ લગભગ ૧૮૦૦ ની આસપાસના છે. કદાચ ૨૫૦ વર્ષ આ વાતને વીતી ગયાં છે. મંદિરના પ્રાંગણમાં રહેલ, પાળિયાઓ ગાયોની વહારે થયેલાઓના છે. જેમાંથી એક હોથી જાડેજાનો પાળિયો છે. જેઓ મહેમાન તરીકે આવ્યા હતા, બીજા બાવાજી (ગિરિ) ની સ્મૃતિમાં લિંગ મૂકેલ છે.

આમ જોવા જઈએ તો બંને માહિતીદાતા એકજ વાત કરે છે. પહેલા માહિતીદાતા વિસ્તૃતમાં કથા કહે છે, જયારે બીજા માહિતીદાતાનો ઉલ્લેખ પણ કંઈક આવો જ છે.

### ૩.૧૦ * વાંઢાય ગામનો પાળિયો :-

ભુજથી ૧૪ કિલોમીટરના અંતરે આવેલ વાંઢાય ગામ તેના પાળિયાઓને કારણે ઓળખાય છે. આ ગામથી ઉત્તરમાં થોડે દૂર તળાવ છે જેની પાળ ઉપર આ પાળિયાઓ છે. આ ઝૂંઝારવાળી જાર (પીલુ)ની જગ્યા જ તળાવની પાળ ઉપર છે અને સામેના ભાગમાં રામજી મંદિર છે. તે પ્રખ્યાત છે. અયોધ્યામાં જે રીતે મંદિર પ્રખ્યાત છે અહીં પણ તેવું જ છે. ત્યાં થોડી ખુલ્લી જગ્યા પછી તરત જ ઉમિયા માતાજીનું પ્રસિદ્ધ મંદિર છે. તેની પાસે રહેલી એક દુકાન મોબતસિંહ મમુજી સોઢાની છે. જેઓએ એક વખત ' કચ્છમિત્ર ' સામયિકમાં આ પાળિયા વિષયક લેખ પણ આપેલ હતો. મોબતસિંહના કહેવા પ્રમાણે બે ઝુઝાદાદા કે જેઓ ઝારાના યુદ્ધમાં શૂરા થયા છે. તેઓના કહેવા પ્રમાણે સોઢાની વસ્તી પાકિસ્તાનમાંથી આવી છે. (એવું નથી,પરંતુ તે પહેલાં પણ સોઢાની વસ્તી કચ્છમાં હતી જ.) કચ્છ નરેશ આ સોઢાના ભાણેજ થતા હતા. અને તે સમયમાં જ ઝારાનું યુદ્ધ થયું હતું. તે સમયે વાંઢાય ગામમાં સોઢાનાં કુલ આઠ ઘર હતાં. તેમાંથી આ રાજપૂતો ઝારાના યુદ્ધમાં ગયા. મોબતસિંહના કહેવા પ્રમાણે આ રાજપૂતો રાતના સમયે કુદરતી હાજતે ગયા અને પાછા ફરતી વખતે ઝાકળના લીધે અંદરોઅંદર કાપકૂપ થતાં સોઢા રાજપૂત ઝુઝાર થયા હતા." [૧૭]

આ વીરપરુરૂષોમાંથી એકના પાળિયા નીચે થોડું દેખાય છે તે નીચે મુજબ

છે.

× × –ા × ૮ × ૪ મ વા લ ટ

જ ટ મુ ધ ૧૧ વદ

× × × × દ ન જા દા

નીચેનો ભાગ તૂટી ગયેલ છે. ઉપરથી છતરડી ઉતરી ગયેલ છે. આ પાળિયા પાસે જ એક મોટું પીલુનું ઝાડ છે. તેની નીચેના ભાગમાં આ પાળિયો છે. માગસર સુદ ૧૧ સંવત ૧૮૧૯ ના દિવસે ઝારાનું યુદ્ધ થયું હતું. તેમાંથી તો પાળિયાની લિપિમાં તો માત્ર ૧૧ વદ જેવું વંચાય છે. અહીં વદ વંચાય છે. કદાચ એમ પણ બને કે, ૧૧ વદ ના પાળિયાની સ્થાપના કરી હોય.

આ પાળિયો આડો પડી ગયો છે. જેમાં ઘોડેસવારના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં લગામ છે. તેમજ ૦ ક જેવી કંઈક નિશાની છે. ઉપરના ભાગમાં ડાબી બાજુએ સૂર્યની નિશાની અને જમણી બાજુએ ચંદ્ર છે. બાકીના બીજા પાળિયાઓથી આ ઉપરની નિશાની કશીક અલગતા સૂચવે છે.

## ૩.૧૧ * કમાબાઈ સતીનો પાળિયો (લાખોંદ) :-

### * લાખોંદ ગામનો આછેરો ઈતિહાસ :-

બારોટ શ્રી કાનજીભાઈ રવજીભાઈના કહેવા પ્રમાણે "સંવત ૧૮૮૯ માં આ ગામનું તોરણ બરાડિયા લાખા વીઘાણીએ બાંધ્યું હતું. આ ગામમાં આવેલ રઘાસુરાણીનું તળાવ ૧૬૮૭ માં બંધાવ્યું હોવાનો ઉલ્લેખ પણ ઉપરોકત બારોટના ચોપડે જોવા મળે છે. આ ગામની અંદાજિત વસ્તી ૪૦૦ (ચારસો) આસપાસની છે. આ ગામ ઐતિહાસિક હોવાથી ખૂબ જૂનું માનવામાં આવે છે. લાખો ફૂલાણી આ ગામમાં રોજ નવા કૂવા ખોદાવીને પાણી પીતો એવી માન્યતાઓ પણ પ્રવર્તે છે. સાંકરીવાવનું પાણી આરોગ્યપ્રદ હતું જે તળાવ આજેપણ છે. આ ગામની અંદર રેંઢ (ગઢવી) પરિવારનાં ચાલીસ (૪૦) ઘર છે. આ સિવાય આહિર, મુસલમાન, જત, હરિજન, કોળી, વગેરે જાતિના લોકો વસે છે." [૧૮] એક એવી માન્યતા પણ પ્રવર્તે છે કે, આ ગામ વડાલાના ગઢવીને રાજ દ્વારા આ જગ્યા આપવામાં આવેલ હતી. મહારાવનું નામ જાણવા મળ્યું નથી.

લાખોંદ ગામના પાદરમાં સતીમાનું મંદિર છે તે સતીમા કમાબાઈ સતી તરીકે પ્રસિદ્ધ છે. આ મંદિરની બહાર લગાવેલી તક્તીમાં નીચે મુજબનું લખાણ છે.

'શ્રી રેંઢ વરજાંગ રાઘવદા સાણીના ઘરવાળા
તથા ગામ ઝારિયાના અરજણ લાંગાની દીકરી
માતાજી શ્રી કમાબાઈ મહાસતી સવંત ૧૮૬૫ ના
મહાવદ ૬ નાં રોજ પુત્ર ખેંગારભાઈ પાછળ
લાખોંદ મધ્યે સતી થયાં છે.'

*** કમાબાઈ સતીમાના પાળિયા નીચેનું લખાણ નીચે મુજબ છે. –**

શ્રી ગણેશાય નમ :
સવંત ૧૮૬૫ ના મહાવદ
૬ × × × × × કમા સતી
શ્રી ખેંગાર × × × × ×
× × × × × × × × × ×

પાળિયાની આકૃતિમાં સ્ત્રી પોતાના ખોળામાં (ગોદમાં) બાળક રાખીને બેઠેલ છે.

માહિતીદાતાના કહેવા પ્રમાણે"લાખોંદ ગામના ગઢવીઓનો વ્યવહાર પ્રથમ રાજકોટ બાજુ હતો. આ ઝારિયા ગામ, જિલ્લો ખબર નથી. ત્યાંના કમાબાઈ લાંગસાંગની દીકરી હતાં અન રેંઢ સાંગની વહુ હતાં. પતિનું નામ વરજાંગ રાઘવદા હતું. તેમનો એક પુત્ર નામે ખેંગાર હતો. હવે સંજોગોવસાત્ કમાબાઈને તેના પિયરે જવાનું થયું. આ વખતે કમાબાઈ પોતાના પુત્ર ખેંગારને લાખોંદ ગામ મૂકીને ગયાં હતાં. ત્યાં ગયા પછી તેમના પુત્ર વિશે તેમને અંતઃ સ્ફૂરણા થઈ કે, તેમના પુત્ર સાથે કંઈક અઘટિત ઘટયું છે. એટલે તે તાત્કાલિક પોતાના પિયરથી લાખોંદ આવવા રવાના થયાં. તે વખતે વાહન વ્યવહાર હતો નહીં. ઊંટ અને બળદની સવારી જ હતી. તે જયારે ગામમાં આવ્યાં ત્યારે તેમની શંકા સાચી પડી હોય એવું જણાયું. તેમને રસ્તામાં જાણવા મળ્યું કે, તેમનો પુત્ર રામશરણ પામેલ છે. એટલે માતૃહૃદયને અતિ આઘાત લાગ્યો તેમને કહ્યું કે,

હું મારા પુત્ર વગર જીવી શકીશ નહીં, કુટુંબ અને ગામ લોકોને બોલાવો હું મારા પુત્રગામ સાથે સતી થવા માંગું છું. પરંતુ કુટુંબ તથા ગામલોકોએ ઘણી વિનંતી કરી જોઈ, પરંતુ માતાજીનો નિ√ય દઢ હતો, સિંદૂર હાથમાં લઈ અને ચારણોના દરેક ઘરે થાપા માર્યા અને વાજતે–ગાજતે આ મંદિરની જગ્યા ઉપર જયાં હાલમાં સતીનો પાળિયો છે ત્યાં તેમણે ચિતા પ્રગટાવી, પુત્રને ખોળામાં રાખીને અગ્નિદાહ લીધો અને સતી થયા.

આજે પણ સંપૂર્ણ ગામની તમામ જાતિઓ આ માતાજીને માને છે. તાવ, આંખ, માથું, વખતે લોકો બાધા પણ રાખે છે. આ ગામના લોકો પોતાના શુભ પ્રસંગે પ્રથમ મા સતીમાના નામનો ઉલ્લેખ કરે છે." (૧૯)

સતીમાના પાળિયાની જગ્યાએ દહેરી હતી જેનો જીર્ણોદ્ધાર કરીને નવું મંદિર ૧૯૯૧ માં બનાવ્યું છે.

## ૩.૧૨ * બેનબાઈ સતીના પાળિયા :–

આ પાળિયાઓ પણ લાખોંદ ના જ છે. બંને બહેનોના પાળિયાઓ અલગ–અલગ છે. પાળિયાના ઉપરના ભાગમાં અનુક્રમે સૂર્ય અને ચંદ્રનાં નિશાન છે. નીચેના ભાગમાં ઓટો છે. તેમાં ત્રિશૂલ અને બંને બાજુ સતીનાં પગલાં છે. સતીના બીજા પાળિયાની બાજુમાં નાગદેવતાની નાની આકૃતિવાળો પથ્થર છે.

જમણા હાથથીપોતાના સ્તન કાપીને ત્રાગું કરેલ છે. પ્રથમ પાળિયા નીચેનું લખાણ –

શ્રી ગણેશાય નમ :
સવંત ૧૮૬૮ ના વરષે
× × × × × બેન બાઈ
× × × × × × ×
શ્રી × × × × × ×
રાઓશ્રી રાયધણજી ×
× × × × × × × ×

જયારે બીજા પાળિયા નીચેનું લખાણ ઉકલતું નથી.

આ બેનબાઈ સતીઓની કથા થોડી મળે છે. તે જોઈએ તો –

જમાદાર ફતેહમહમદ કચ્છ ભુજ પર હતો ત્યારે આ ગામ પોતાના ત્રાજા હેઠળ (તાબામાં) લેવા માટે ચડી આવ્યો, તે સમયે આ સતીઓએ ગામના હિત માટે પોતાના સ્તન કાપીને લોહી છાંટયું હતું." [20] આ બનાવ તરવારિયા ખેતરમાં બનેલો છે. એવું કહેવાય છે આ તરવારિયા ખેતર લાખોંદથી જખ મંદિર તરફ બે થી ત્રણ કિલોમીટર દૂર છે (નોંધઃ– બેનબાઈ સતીના પાળિયામાં પણ બેનબાઈ નામ મળે છે. તેનું મૂળ નામ મળતું નથી. કદાચ પાછળથી પાળિયા મૂકયા હોય એવું બને.)

### ૩.૧૩ * કરસનજીનો પાળિયો :-

ધાણેટી ગામના પાદરમાં કરસનજીનો પાળિયો ઊભો છે તેના વિશે માહિતીદાતા શ્રી ભીખુભા જાડેજાના કહેવા પ્રમાણે "આમરજીના કુંવર કરસનજી હિંમતવાન હતા. એક વખત પધ્ધર ગામની ગાયોની વહારે જતાં ત્યાં દુશ્મનો સામે ધીંગાણામાં કામ આવી ગયા. બાકીના પાળિયાઓ અંદરો–અંદર ઝઘડાથી માર્યા ગયેલાના છે." [21]

ઉપરોકત વાત મૂળ ધાણેટીના અને હાલ રાજસ્થાનમાં રહેતા કરસનજીના બારોટ શ્રી શિવનારાયણજી કહી છે. બારોટના કહેવા પ્રમાણે "આમરજીના પુત્ર કરસનજી થીયો અને કરસનજીના આમરજી અદાભાઈ અને દજાજી હુઆ. તેમાં ઠાકોર કરસનજી પધ્ધરમાં ઝુઝા થયો. ૧૮૧૬ ના વર્ષ શ્રાવણ સુદ પૂનમ બુધવાર દિને રાવજી લખપતજીના રાજમાં ધાણેટી સુરજના શાખે પાળિયો ટંકાયો છે. સુથાર દાદા લધા ટાંકયો છે." [22]

કરસનજીનો પાળિયો ઉપરથી ટોચમાં ગોળાકાર છે. ડાબી બાજુ સૂર્ય અને જમણી બાજુ ચંદ્રનું નિશાન છે. ઘોડેસવારની આકૃતિ છે તીરનું ભાથું છે. ઘોડેસવારના હાથમાં તલવાર અને ઢાલ છે. ઘોડા ઉપર બેસવા માટેની કમાન છે. ઘોડેસવાર માથા પર પાઘડી પહેરેલ છે. બીજા હાથમાં ધનુષ્યનું બાણ જેવું કંઈક છે. અને પાળિયાના ઉપરના ભાગની આકૃતિમાં ભાલા જેવું કંઈક આડું છે. બાણવાળા બીજા હાથમાં ઘોડાની લગામ છે. ઘોડાનું મુખ થોડું લાંબું દેખાય છે. પાળિયાનો નીચેનો ભાગ પહોળો છે. અનિયમિત ગોળાકાર જેવો પાળિયો દેખાય છે. તેની નીચે મુજબનું લખાણ વંચાય છે.

શ્રી સવંત ૧૮૧૬ ના વરષે સર
વણ સુદ ૧૫ વાર બુધ જાડેજા શ્રી

કરસનજી ગો। મરજી શ્રી
એ શ્રી પધર ના ગાયની વા
રે હ રી સુ રા × × થ યા છે.
રા ઓ શ્રી લ × પ ત જી વ
ભા વા સે ઘા ણે ટી શ્રી સુરજની
× × × × × × મા ની સા ષ થ
× × × × સુ દ દ દા લ પ × × ×
× × × × જી

## ૩.૧૪ * સતીમાનો પાળિયો (વડવા) :-

વડવા ગામ ભુજ તાલુકાનું ગામ છે. આ ગામમાં હોથી જાડેજાઓ વસે છે. આ ગામમાં એકજ ઘર બાવાજીનું છે. બાકીનાં બધાં ત્યાંના હોથી જાડેજાઓ છે. આ વડવા ગામથી થોડે દૂર તળાવ છે. આ તળાવની પાસે એક સતીમાની દેરી છે. તેની બહારના ભાગમાં હોથી જાડેજાના વડીલોની સમાધિઓ છે. જયારે ઓટાથી નીચેના ભાગમાં જૂના સમયના કાઠી દરબારોનું સ્મશાન છે. જે જગ્યાએ પથ્થરો તેમજ સ્મશાનના અવશેષો પ્રાપ્ત થાય છે. વડવા ભૂકંપમાં નાશ પામ્યા પછી હાલમાં નવ મકાનો બાંધી આપેલ છે. આ ગામની વસ્તી ૪૫૦ માણસોની છે. લગભગ ૭૦ ઘર છે. એમાં એક ઘર બાવાજીનું છે. આ હોથીવાળા વડવામાં ભોજાણી અને મંગરાણી નામની બે પાંખવાળા દરબારોની વસ્તી છે. માહિતીદાતાના કહેવા પ્રમાણે ભોજરાજજી અને મંગળજીદાદાની કૃપાથી આ ગામ વસ્યું છે. તેમાં તળાવની પાસેનો રૂપકુંવર સતીમાનો પાળિયો જે ભોજાદાદાની વારનો છે. ભોજાણી પરિવારમાંથી આ દીકરી સતી થયાં છે. આશરે ૨૫૦ વર્ષની આસપાસનો બનાવ છે. રૂપકુંવરબા મૂળીનાં દીકરી હતાં ને વડવાનાં વહુ હતાં. તેનો સાત વર્ષનો દીકરો મરી ગયો તેની તેણીને સત ચડયું અને દીકરાને ખોળામાં લઈને અગ્નિપ્રગટ કર્યો." [૨૩] માહિતદાતાના કહેવા પ્રમાણે આ સતીનો પરચો ખૂબ છે. આ સતીના પાળિયા નીચે માત્ર 'સતી' જેવા અક્ષરો દેખાય છે. ડાબી બાજુ સૂર્ય અને જમણી બાજુ ચંદ્રની નિશાની છે.

## ૩.૧૫ * ભાણબાઈ અને કલાદાદાના પાળિયા ( માનકૂવા ) :–

### * માનકૂવા ગામનો પરિચય :–

૩૧૪ વર્ષ પહેલાંની એટલે કે, સંવત ૧૭૫૦ ની આ વાત છે ત્યારે કચ્છમાં રાઓશ્રી રાયધણજી પહેલાનું શાસન હતું. રાજધાની ભુજનગરીની પિશ્ચમે વાડીવાળું લીલુંછમ્મ એક ગામ માનકૂવા, ભુજ જવા માટે એ જમાનામાં માત્ર ગાડાવાટ હતી. ઘોડાપર, ગાડામાં કે પગપાળા થકી અવરજવર કરતાં લોકો તથા પશુઓ માટે ઝૂડકો–ઝૂડકી નામે ઓળખાતા બે મોટા પાતાળી કૂવા હતા. કાયમ બંનેમાં પાણી ભરેલાં રહેતાં. ઝૂડકો મોટો તેમાં દુષ્કાળ આવે ત્યારે જ પાણી ખૂટે પછી નાનો ઝૂડકી કૂવો મીઠા પાણીથી ભરેલો રહેતો. જે વટેમાર્ગુઓને ઉપયોગી થતો. આ સ્થળ સાથે પણ દંતકથા જોડાયેલી છે. તે કૂવામાં સુવર્ણ પોરસો હોવાનું કહેવાતું અને તે કાઢવા નિષ્ફળ પ્રયાસની વાતો પણ પ્રચલિત છે. આમ, ઐતિહાસિક બે કૂવા પરથી જ ગામનું નામ " માનકૂવા " જે અપભ્રંશ થઈ પડેલું હોવાનું કહેવાય છે. આ ગામમાં મુખ્ય વસ્તી રાજપૂતોની પણ તેની સાથે કમી–કસબી જેવો કારીગર વર્ગ પણ ખરો જ. હિન્દુ–લોહાર જ્ઞાતિના પણ થોડાં ઘર ખરાં ! જેઓ ખેડૂતો માટે જરૂરી ઓજારો બનાવવાનું કાર્ય કરે.

### * કલાદાદા અને ભાણબાઈ :–

માનકૂવા ગામની ઉત્તરે નદીકાંઠે પાળિયાઓની હાર છે. તે હારમાં ભાણબાઈમા તથા કલાદાદા (શૂરાપૂરા) ના બે પાળિયા દેરીમાં આજે પણ પૂજાય છે. આ દહેરી ભૂકંપમાં જર્જરિત થતાં તેનો જીર્ણોદ્ધાર કરેલ છે. સિંદૂરને કારણે પાળિયા નીચેનું લખાણ વાંચી શકાતું નથી. કલાદાદાનો પાળિયો ઘોડેસવારની આકૃતિવાળો છે. ઉપર સૂર્ય–ચંદ્રના નિશાન છે. ભાણબાઈમાના પાળિયામાં હસ્તની નિશાની છે.

ભાણબાઈમા અને કલાદાદાની કથા જોઈએ તો માનકૂવા ગામની ઝાંપા પાસેની વાડી નજીક એક શ્રમજીવી લોહાર પરિવાર રહેતો હતો, જેમાં માતા ભાણબાઈ તથા તેનો એકનો એક પુત્ર કલો. મા વિધવા હતાં, કલો લોહારી કામ કરતો તેનાં ઓજારો આજુબાજુના પંથકમાં પ્રખ્યાત હતાં. કલો ગામના ખેડૂતો માટે ઓજારો બનાવે અને જો તેમાંથી ઓજારો વધે તો તે પોતાના ગાડામાં ભરીને ભુજનગરીમાં વેંચી મારે. તેનું ગાડું પણ કંઈક કારીગરના ઓપથી શોભતું અને બળદો પણ જાતવાન રાખે. ભુજનગરીમાં

તે–જે જગ્યાએ પોતાનું ગાડું છોડતો ત્યાં ઘણાં ગાડાંઓ હોય પણ કલાનાં ગાડાં–બળદ જેવું ગાડું–બળદ બીજાનું ન ભાળો. આ રીતે એક વખત કલો પોતાના વધેલાં ઓજારનું ગાડું ભરીને જવાનો હતો. માતા પાસે હટાણાનું લીસ્ટ બનાવીને વહેલી સવારમાં ઉપડયો. અજવાળું થતાં તો ભુજમાં. ભીડનો દરવાજો ખુલતાં જ ગાડાની હેડ હાલવા લાગી. કલાનું ગાડું જઈને લોહાર અકલાના ચોકમાં ઊભુ રાખીને છોડ્યું. બળદો પણ કહ્યાગરા કલાના ભાઈઓ જોઈ લ્યો જાણે ! ખૂબજ સમજુ. કલો પોતાનાં ઓજારો ઉતારે છે. એટલામાં તો રાજનો સિપાઈ પાસે આવતાંની સાથે જ કરડાકીથી બોલ્યાં. "એય છોકરા કયાંનો છે?" "માનકૂવા." કલાએ ગભરાયા વગર સ્વસ્થતાથી જવાબ આપ્યો. "આ ગાડું કોનું છે ? મારું. આ બળદ પણ તારા જ છે ? હા, આવા બળદ તો રાજમાં શોભે, વેચવા છે ? ના. બળદ આપી દે નહીંતર જબરજસ્તી કરવી પડશે. કલો મુંઝાણો હવે શું કરવું ? આમ, તો પોતે ખૂબજ તાકાતવર હતો. લોઢું ટીપી–ટીપીને તેના હાથ હથોડા જેવા બન્યા હતા. પણ અહીં એકલો હોવાથી પોતે કહે છે કે, મારે મારા વડીલોને પૂછવું જોઈએ. આથી પેલાએ કહ્યું. આના બદલામાં અમે તને બીજા બળદો આપીશું. કલાએ હા ભણીને કહ્યું કે હું માલસામાન પહોંચાડીને બળદો આપી જાવું. સિપાઈએ કહ્યું ઠીક છે. સિપાઈઓ બીજા બળદોની વ્યવસ્થામાં હતા ત્યાં કલાએ ગાડું માનકૂવા તરફ મારી મૂકયું. સિપાઈએ જોયું તો ગાડા સાથે જુવાન ગાયબ. આથી મારતે ઘોડે સિપાઈઓએ કલાના ગાડાને કલ્યાણપર જાગીરની હદની વાડી વચ્ચેથી પસાર થતાં રસ્તે આંતરી લીધું. કલાએ ગાડું ઊભું રાખ્યું. સિપાઈએ તલવાર ખેંચી કલો પણ તૈયાર થઈ ગયો. લૂંટારાઓની બીકે કલો હંમેશાં પોતાની પાસે તલવાર રાખતો. બળદો પણ ભયના ઓથારથી સચેત થઈ ગયા. ઉભય પક્ષ વચ્ચે ધીંગાણું થયું. જેમાં સિપાઈએ પાછળથી ઘા કરીને કલાના મસ્તકને ધડથી અલગ કરી દીધું. સિપાઈઓએ બળદોને છોડયા પણ વફાદાર બળદો સિપાઈ સાથે શાના જાય ! તે તો કલાને સુંઘીને ભાગતા–ભાગતા માનકૂવા ભાણબાઈમાનો પછેડો પકડયો. ભાણબાઈ ગભરાઈ ગયાં. એકલા બળદો જોઈને તે પાડોશીઓ સાથે દોડયાં. અધવચ્ચે જોયું તો કલાનું માથું ગાડામાં ને ધડ રસ્તા વચ્ચે.આ જોઈ માથી દીકરાનો વિયોગ સહન થયો નહીં. આથી પુત્ર સાથે મરવાનું નક્કી કર્યું. ગામમાં પણ ગયાં નહીં અને માનકૂવાના ઝાંપે જ રોકાઈ ગયાં અને પુત્ર સાથે જ સતી થયાં." [૨૪]

ભાણબાઈ સતીમા સંવત ૧૭૫૦ માં સતી થયા છે અને સ્વ. શ્રી દેવુબેન પરસોતમ પિત્રોડા ગામ :– માનકૂવા, તેમણે આ મંદિર ફરીથી બનાવ્યું છે.

## ૩.૧૬ * જિહોજીનો પાળિયો :– (ભુજ)

ભૂજની છતરડી વિભાગમાં જેહાજીની છતરડી જોવા મળે છે. જો કે, આજે છતરડી તૂટી ગઈ છે. પરંતુ તેમાં ચાર પાળિયાઓ જોવા મળે છે., જેમાં જમણી બાજુના બે પાળિયા સતીના છે. ડાબી બાજુનો પ્રથમ પાળિયો પણ સતીનો છે. ડાબી બાજુનો બીજા નંબરનો પાળિયો જેહાજીનો છે.

સ્વ. દુલેરાય કારાણી એ નોંધ્યું છે કે, "કચ્છના મહારાવ ભારમલ્લજીના હૃદયમાં એક દુઃખ રાત–દિવસ ખટકી રહ્યું હતું. તેમના કુમારો બાલ્યાવસ્થામાં જ મરણને શરણ થયા હતા. રાઓશ્રીએ કેટલાયે ઈલાજ અજમાવ્યા, પરંતુ તેમનાં સંતાનો જીવંત રહેવા પામતાં નહિ. આથી તે સદા ચિંતામગ્ન રહેતા.

એક યોગનિષ્ઠ બ્રહ્મચારી ફરતાંફરતાં ભુજ નગરમાં આવી ચડયો. રાઓશ્રીએ આ બ્રહ્મચારીને માનપૂર્વક બોલાવીને પોતાના હૃદયની વ્યથા વ્યકત કરી. બ્રહ્મચારીએ જણાવ્યું કે, રાજાએ પૂર્વજન્મમાં એક ગરીબ બ્રાહ્મણની થાપણ ઓળવેલી હોવાથી, તે બ્રાહ્મણોએ  આત્મહત્યા કરેલી, અને એ પાપકર્મને લીધે રાજાની સંતતિ જીવતી નથી. બ્રહ્મચારીએ એ પાપની અસર દૂર કરવા રાઓશ્રીને દાન–પુણ્ય આદિ ખૂબ ધર્મકાર્યો કરવાની સલાહ આપી. તે દિવસથી રાઓશ્રીએ પોતાના હાથે પુણ્યની સરિતા વહાવવા માંડી. તેમણે પોતાના પ્રદેશમાં બાર ઝોળીઓ બાંધી આપી, સુવર્ણરાયનું મંદિર બંધાવ્યું અને એવા અસંખ્ય ધર્મકાર્યમાં છૂટે હાથ પૈસા વાપરવા માંડયા." (૨૫)

ભારમલ્લજીના આવા પ્રકારનાં શ્રેષ્ઠકાર્યોને લીધે તેમને ત્યાં સરસ મજાના કુંવરનો જન્મ થયો તે જન્મથી જ તેજસ્વી હતો એવા આ કુંવરનું નામ જેહોજી (જિયોજી) રાખવામાં આવ્યું. આ જેહોજી મોટો દાનવીર સાબિત થયો. દાન આપવામાં તેના જેવું બીજું કોઈ હતું નહિ. સમય જતાં આ અજોડ દાનવીરની પ્રશંસા બધે ફેલાવા લાગી. અનેક યાચકો તેની પાસે દાન માંગવા આવતા હતા. આથી જેહોજી છૂટા હાથે બધાને દાન આપતા. કારાણીએ નોંધ્યું છે કે, જામ રાવળે જયારે પોતાની આખી જિંદગીમાં બાવન હજાર ઘોડાનું દાન કર્યું, ત્યારે જેહાજીએ માત્ર સોળ વર્ષની નાની ઉંમરમાં ત્રીસ હજાર ઘોડાનું દાન કર્યું.

ચારણ લોકો જેહાજીની પ્રશંસા કરતાં કહે છે કે –

**સોળ વરસે સમપેઆ, તુરંગ ત્રીસ હજાર,**

**જેહલિયા ભારે તણા, તો હત્યાં બલિહાર."** (૨૬)

આમ, સોળ વર્ષના જેહાજીની કીર્તિ ચારે તરફ ફેલાવા લાગી. જેહાજી મહાન દાનવીર છે. એવી વાત મેડતાના જેમલજી રાઠોડને જાણવા મળી એટલે તેણે પોતાની દીકરીનું સગપણ જેહાજી સાથે કરવા કહેણ મોકલ્યું અને સગપણ થયું અને જેમલજીએ તો લગ્નની પણ ઉતાવળ કરી કેમકે તેની ઉંમર મોટી હોવાથી તેની તબિયત સારી રહેતી ન હતી.

મેડતાથી આણાની વેલ કચ્છમાં રવાના થઈ. બીજી બાજુ લગ્ન શરૂ થયાની સાથે જ જેહાજીની તબિયત બગડી. ખૂબ જ ઝડપથી માંદગીએ ભયંકર હુમલો કર્યો અને હજુ તો વેલ ગામમાં આવી ત્યાં સમાચાર આવ્યા કે વેલ પાછી વાળી જાવ. હવે જેહાજી કુમાર આ દુનિયામાં રહ્યા નથી. આ સાંભળી કુંવરીને તો જાણે વજ્રપાત થયો. છતાં તેણે સ્વસ્થતા જાળવતાં કહ્યું કે, હવે આ રાજપૂતાણી પાછી ન ફરે. તેમણે પોતાની વેલ છતરડી વિભાગમાં આવેલ સ્મશાન તરફ લઈ જવા સૂચન કર્યું. ને આમ મનથી વરી ચુકેલી કુંવરીએ જેહાજી સાથે સ્વર્ગલોકમાં સાથ આપવાનું વિચારીને સતી થઈ.

એટલું જ નહિ, પરંતુ કુંવરીની સાથે બે અમીરો પણ મેડતાથી આવ્યા હતાં. તેમણે વિચાર્યું હવે જીવાય નહીં અને તેઓ જીવતે જીવ ધરતીમાં સમાઈ ગયાં.

જમણી બાજુએ રહેલ સતીના પાળિયા નીચે કંઈક આવું વંચાય છે.

સંવત ૧૬૭૭ વર્ષ ચૈત્ર સુદી

૧ ૩ × × × જેહાજી ભાર્યા બાઈ × × ×

× × કી ય × શ્રુત સદામજીનો

× × × × × પરાપતી.

થોડો પાળિયા જમીનમાં છે. બીજા નંબરના પાળિયા એટલે કે, જેહાજીના પાળિયા નીચે નીચે મુજબ વંચાય છે. –

સંવત ૧૬૭૭ વર્ષ ચૈત્ર × × × ×

× × × પછી × × × × ×

પછીનું લખાણ ઉકલતું નથી.

પાળિયાની આકૃતિમાં ઉપર સૂર્ય–ચંદ્રનું નિશાન છે અને ઘોડેસવારના જમણા હાથમાં ભાલું અને લગામ છે. ડાબા હાથમાં ભેઠમાં તલવાર છે. ઘોડાનું મુખ ઉત્તરમાં છે.

જયારે સતીઓના પાળિયાઓમાં જમણી બાજુની સતીઓની આકૃતિમાં ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનું પરંપરિત નિશાન છે. ડાબા હાથમાં કળશ અને જમણો હાથ ઉપરની દિશામાં હોઈ, માળા પકડેલી છે. ડાબી બાજુના સતીના પાળિયામાં પણ આવી જ નિશાની જોવા મળે છે.

## ૩.૧૭ * રા' દેશળજી (બીજા) :– (ભુજ)

રા' દેશળજીનો પાળિયો ભુજના છતરડી વિભાગમાં આવેલો છે. અહીં પાળિયાની ઉપરની છતરડી તૂટી ગઈ છે. જેની કથા નીચે મુજબ છે.

રા' રાયધણના અવસાન પછી તેનો પંદર વર્ષનો પુત્ર માનસિંહજી ભારમલ્લજી એવું નામ ધારણ કરીને ગાદી ઉપર બેઠો. આ સમય દરમિયાન રાજયની લગામ હુસેનમિંયાના હાથમાં હતી. ( આ હુસેનમિંયા ફતેહમહમદનો દીકરો ) એક બાજુ હુસેનમિંયાએ સરકાર સાથે વાટાઘાટ કરી હતી કે, અમે લૂંટારાઓને ખતમ કરી નાખીશું. આ લૂંટારાઓ વાગડના પ્રખ્યાત પ્રજાપ્રિય એવા ચાંદોજી અને સરમણ હતા. હુસેનમિંયાએ સરકાર સાથે વાયદો કર્યો હતો. તેને પણ ઘણો સમય થયો છતાં લૂંટારાઓ ખુલ્લે આમ ફરતા હતા. કેમકે આ કામમાં હુસેનના ભાઈ ઈબ્રાહીમે તેને સાથ ન આપ્યો. જો કે, પછીથી તો બંને ભાઈઓ ફરીથી એક થયા પરંતુ ઈબ્રાહીમ થોડો ઊંધી પ્રકૃતિનો. વળી, જગજીવન શેઠે રાજયને સલામત રાખવા સરકારની નીતિ મુજબ ચાલવા જણાવ્યું હતું. પરંતુ આગળ કહ્યું તેમ ઈબ્રાહીમ નોખી માટીનો માનવી હોવાથી તેને જગજીવન શેઠે કાંટા જેવા લાગતા તેનો કાંટો કઢાવી નાખ્યો. જગજીવન શેઠ જતાં કચ્છમાં અંધાધૂંધી ફેલાઈ. હુસેને અંજાર કબ્જે કર્યું અને સરકાર પણ રાજયમાં માથું મારવા લાગી. ડુંગરશી ધરમશી નોંધે છે એ મુજબ "અધૂરામાં પૂરું વાગડના લૂંટારાઓએ મેકમર્ડોની છાવણી લૂંટી આથી રા' ભારમલ્લજી નાછૂટકે વાગડ પર ચડી આવ્યા અને વીર ચાંદોજી તથા સરમણનો નાશ કર્યો. પણ આ સમયમાં ભારમલ્લજીની મતિ મારી ગયેલી કે તેને બીજા ખરાબ માણસોના રવાડે ચડવાથી દરબારોની જમીન છીનવા લાગ્યા. ભાયાતો ગુસ્સાના માર્યા સરકારને

ફરિયાદ કરી અને સરકારે ભારમલ્લજીને કેદ કર્યા. તે વખતે દેશળજીની ઉંમર માત્ર ત્રણ વર્ષની જ હતી. ભારમલ્લજી કેદમાં હોવાથી ગાદીએ કોને બેસાડવા ? એવો પ્રશ્ન ઊભો થયો. તેથી લક્ષ્મીદાસે પોતાનો સ્વાર્થ સાધવા ત્રણ વર્ષના કુંવરને ગાદીએ બેસાડવાની વાત કરી અને રાજયના વહીવટ માટે છ સભ્યો નિમવામાં આવ્યા. (૧) જાડેજા વિજયરાજજી(સુમરી રોહા), (૨) જાડેજા પૃથ્વીરાજજી (નાગ્રેચા), (૩) ઓધવજી રાજગોર, (૪) લક્ષ્મીદાસ મહેતા, (૫) ખત્રી રતનજી જેઠાણી અને (૬) અંગ્રેજ રેસીડેન્ટ. [૨૭] ત્યારપછી દેશળજી યુવાનવયે પહોંચતાં તેમનાં લગ્ન થયાં. તેઓ હોંશિયાર હતા. ઘણા વિષયોનું જ્ઞાન ધરાવતા હતા. જેમાં અંગ્રેજી, ભૂગોળ, ગણિત જેવા વિષયોના જાણકાર હતા. સંવત ૧૮૯૧ માં તેમને હવાલો સોંપવામાં આવ્યો. આ રાજાને સંતાનમાં બે કુંવર તથા એક કુંવરી હતાં. રવાજી (બાલુભા) પાટવી કુંવર અને હમીરજી ફટાયા હતા. છતાં હમીરજી રા' ને પસંદ હતો. રા' હમીરજીને ગાદી આપવા ઈચ્છતો હતો પણ મોટા પુત્રને આ વાતની જાણ થતાં તે ભુજ છોડી મુન્દ્રા જતા રહ્યાં છતાં રા' દેશળજી એવું ઈચ્છતા હતા કે, પોતે રાજગાદી હમીરજીને આપે. આ વાત તેમણે સરકારને કરી ત્યારે અંગ્રેજ સરકારે કહ્યું કે તમને વાંધો ન હોય તો અમને પણ વાંધો નથી. છતાં પ્રજાના વિરોધને કારણે ના છૂટકે ગાદી બાલુભાને આપવામાં આવી અને હમીરજીને તેરાનું પરગણું આપવામાં આવ્યું. ત્યારપછી રા' ની ગરદનમાં એક રોગ થયો અને એ રોગે રા' નો જીવ લીધો.

રા' દેશળજીના પાળિયામાં નીચે મુજબનું લખાણ મળે છે.

" દ ન મહારાજા × × × × ×<br>
રાજેશ્રી ૭ દસલજી સ્વર્ગવાસ × × ×<br>
યા ત્યારપછી સંવત ૧૮૧૮<br>
વર્ષ શા કે ૧૭૮૩ શ્રી મહારાજાધિરાજ<br>
પિરજામહારાઓ શ્રી ૭ પ્રાગમલ્લજી<br>
બહાદુર વિજયરાજયે × × × પ્રસાદશ્રુતિ<br>
૧૧ સરૌ દિને દિમાનમા × × × પ્રતિ<br>
છાકરી છે ॥ શ્રી × × × × × × × × ॥

## ૩.૧૮ * ભારમલ્લજી પહેલા (ભુજ) :–

ભુજના છતરડી વિભાગમાં તૂટી ગયેલી છતરડીમાં બે પાળિયા જોવા મળે છે જેમાં એક પાળિયો ભારમલ્લજીનો છે.જેની કથા નીચે મુજબ છે.

"રાઓશ્રી ખેંગારજીના પાટવીકુંવર ભોજરાજજી સ્વર્ગવાસી થયા. તેમની પાછળ તેમના કુંવર અલિયોજી હતો. તેઓ નાના હોવાથી રાજયની લગામ કુંવર ભારમલ્લજીના હાથમાં આવી. લોકો કહેવા લાગ્યા કે, ખાટયો ખેંગાર ને ભોગવ્યો મારે." (૨૮) અહીં કદાચ મારે ના બદલે ભારે હશે. તે સમયમાં અકબરે મુઝફર જે ગુજરાતનો બાદશાહ હતો તેને ગાદીએથી ઉઠાડી મૂકયો. કેમકે તે સતત હુમલાઓ કરતો હતો. આથી મુઝફર ભાગીને સૌરાષ્ટ્રના જામનગરના જામ સતાજીના આશ્રયે આવ્યો. તેને પકડવા તેની પાછળ કોકા ગયો. કોકાને ખબર પડી કે, મુઝફરે જામનગરના રા' સતાજીનું શરણું લીધું છે. આથી કોકાએ સતાજીને કહ્યું કે તમે મુઝફરેને મને સોંપી દો. પણ શરણે આવેલાને કેમ છોડવો એ પ્રશ્ન સતાજીને થયો. આ વિકટ પરિસ્થિતિમાં તેમણે ભુજના રા' ભારમલ્લજીની મદદ માંગી. આથી ભારમલ્લજીનું સૈન્ય તથા સતાજીનું સૈન્ય એક થયાં અને આમરણ બહાર લડાઈ ચાલુ કરી. જેમાં જેમ–જેમ લડાઈ ચાલતી ગઈ તેમ–તેમ જામ જીતતા ગયા. પણ જામની સેવામાં રહેલા દોલતખાન અને લોમોખુમાણ ભૂતકાળના રા' સાથેના વેરને ભૂલી શકે તેમ ન હોવાથી તેનો બદલો લેવા આ બંને મહાવીરો કોકા સાથે ભળી ગયા. આથી સૈન્યમાં ભંગાણ પડયું, સતાજી મીંઢળબંધા પુત્ર અજાજી તથા બીજા ઘણાં આ લડાઈમાં કામ–આવી ગયાં. આથી જામ અને મુઝફર ડુંગરમાં છુપાયા. કોકાએ જામનગરને જીતી લીધું અને તેનું નામ ઈસ્લામાબાદ રાખી દીધું. મુઝફર ત્યાંથી ઓખા ભણી ભાગ્યો કેમકે અહીં સલામતી લાગતી ન હતી. પરંતુ કોકાએ નવરંગખાનને મુઝફર પાછળ મોકલ્યો. આથી સતાજીને લાગ્યું કે હવે પોતાની સત્તા જશે. આથી તેઓ કોકાને શરણે થયા અને કોકા સાથે યુકિતમાં ભળ્યો. મહારાજે મુઝફરને કહેવડાવ્યું કે તેઓ મુઝફરને મળવા માગે છે. આથી મુઝફર બહાર આવ્યો. અને તરત જ રા' એ મુઝફરને કોકાને સોંપી દીધો. આથી મુઝફરે અમદાવાદ જતી વખતે રસ્તામાં જ આત્મહત્યા કરી લીધી. અમુક પ્રસંગમાં ભારમલ્લજીની વ્યાવહારિકતા છતી થાય છે. જેમકે, જહાંગીર ગુજરાતમાં ફરવા આવ્યો ત્યારે ભારમલ્લજીએ તેમને ઘણી વસ્તુઓ ભેટમાં આપી સામે પક્ષે જહાંગીરે પણ ભારમલ્લજીની કદર કરીને તેને હાથી, ઘોડા

વગેરે આપી, કોરીના ચલણની પરવાનગી આપી. ભારમલ્લજીએ ભોજરાજજીના કુંવર ઓલિયોજીને કોરાનું પરગણું આપ્યું. આથી અલિયોજીએ તેનો વિરોધ કર્યો. આ અલિયોજી છેલ્લે પીર થઈ પૂજાયા. એકંદરે ભારમલ્લજી પહેલાનો રાજયકાળ સુખદાઈ પૂર્વકનો વીત્યો. અને છેલ્લે સંવત ૧૬૮૮ ના કાર્તિક મહિનાની સુદ–બીજ ના રોજ તેમનું નિધન થયું. ભારમલ્લજીના પાળિયા નીચે નીચે મુજબનું લખાણ જોવા મળે છે.

સ્વસ્તિ શ્રી નૃપ × વિક્રમાર્ક સમયા × × સંવત ૧૬૮૮
વર્ષ શાલિવાહન શાકે ૧૫૫૩ પ્રર્વતમાને સૌમ્યા દને
શિશિર સતૌ પૌષ માસે × × × તિથૌ ગુઢવાસરે શ્રી
ભુજનગર મધ્યે રાઓશ્રી ખેંગાર સૂતરાઉશ્રી ભારમલજી
સ્વર્ગ પધા × × × × × × × બાઈ શ્રી લીલાવતી યેંસ
× × × × × × × સંવત ૧૭૧૪ વર્ષે છ માસે શુકલ
પક્ષે ૧૩ ગુરો × × × × × × × ×
× × × × × × × × × × × × × × ×

છતરડી તૂટી ગઈ છે. છતરડીમાં ભારમલ્લજી તથા લીલાબાઈના પાળિયા જોવા મળે છે. જેમાં બંને પાળિયા ઉપરથી તૂટી ગયા છે. નીચેનું લખાણ દેખાય છે. સતીના પાળિયામાં પગનાં નિશાન છે. પાળિયાના પથ્થર પીળા જેવા છે.

### ૩.૧૯ * અજાજી નોંઘણજીનો પાળિયો :– (માનકૂવા)

ભુજથી અગિયાર કિલોમીટર દૂર આવેલ માનકૂવા ગામમાં પણ પાળિયાઓ પોતાનો અનેરો ઈતિહાસ સાચવીને બેઠા છે. અહીં અનેક જાતિઓની સાથે ખેંગાર જાડેજાઓ પણ વસવાટ કરે છે. આ ગામની વચ્ચે બે પાળિયાઓ આવેલા છે. પાળિયા ઉપર દેરી બાંધેલી છે. એક પાળિયા નીચે નીચે મુજબનું લખાણ મળે છે.

શ્રી ગણેશાય નમ : સાવંત ૧૮૭૪ ના
આસો સુદ ૧૫ રવઉના રોજ શ્રી ૩૭
દા કા અજાજી નોંધણજી આંભી શ્રી વાડાસ
ર વી આવતે રાજશ્રીના બારવરી આ થી
ઝગડો થીયો તેજા કામ આવ યા
દેરી આસુ શ્રુધ ૧૦ બુધ નુ કીધુ

ઘરવાળા રામુજા એ ચણાવી છે ૧૮૮૬

## ૩.૨૦ * વાઘજી આસાજીનો પાળિયો :- (માનકૂવા)

જમણી બાજુના પાળિયા નીચે નીચે મુજબનું લખાણ મળે છે.

શ્રી ગણેશાહે નમ : ।। સંવતા
૧૮૮૧ ના ચઈત્ર સુદ ૧૩ ના ભુજ
શ્રી વાઘજી આસાજી ઉશ્રાણી થી રાણે ઘ
" વ ' તે માં મહે રાઓશ્રી ૭ ભારમલજી
ને કામ આવા છ તેની દેરીનુ જાર શા ૧૮
૮૬ ના આશ્રુ સુદ ૧૦ બુધનું કીધુ છે. પાજા
રી જીજીના જાડેજા શ્રી વાઘજીના ઘરવાળા.

ઉપરોકત પાળિયા વિશે એટલે કે, જમણી બાજુના પાળિયા વિશે આછેરી માહિતી મળે છે. તે મુજબ "વાઘજી આશાજીના સમયમાં કચ્છની ગાદી પર મહારાઓશ્રી ભારમલ્લજી બિરાજમાન હતા. તે સમયના રિવાજ મુજબ રાજાઓને યુદ્ધ વખતે જયારે–જયારે જરૂર પડતી ત્યારે તે ભાયાતોને બોલાવતા. આવી જ એક લડાઈમાં તેઓ ગયા હતા. અને ભુજ તાલુકાના રાયધણપર પાસે કામ આવેલ છે." (૨૯) ડાબી બાજુના પાળિયાના અજાજી ઉર્ફે અદાભાના જીવન વિષયક માહિતી મળે છે. એ મુજબ ૧૯૫ વર્ષ પૂર્વે કચ્છની અંદર શ્રીજી મહારાજ, છ ભૈયા તથા દાદાખાચર ગઢડાથી સંત વિહાર કરતાં–કરતાં માનકૂવા આવેલ અને નોંઘણજી બાવાના ઘરે રોકાયેલ અને તે વખતે શ્રીજી મહારાજના હાથે અદાભાજીએ ગુરુ કંઠી બાંધેલ અને મહાન ભકત બનેલ તેનો આખો ઈતિહાસ સ્વામિનારાયણ સંપ્રદાય વચનામૃતમાં આપેલ છે.

અજાજીના પાળિયા વિષયક કથા પણ મળે છે. પોતે બીજાના દુઃખમાં સહભાગી થવાથી વૃત્તિ ધરાવતા હતા. એક વખત માનકૂવાના દરબારોની ખવાસણ સુવાવડમાં ગુજરી જતાં તેનાં બાળકને કોઈ દૂધ પીવડાવતું ન હતું. જેના દૂધ માટે આ દરબાર પોતાના વાડાસરથી બકરી લઈ માનકૂવા આવતા હતા ત્યારે ચરાડવા રખાલમાં બકરી માટે ઝઘડો કરી બહારવટિયાને નમતું ન આપ્યું અને યુદ્ધમાં કામ આવી ગયા. જે જગ્યાએ તેઓ કામ આવી ગયા ત્યાં પણ તેમની ખાંભી છે. ત્યાં દર વર્ષે દિવાળી–પડવાના દિવસે સિંદૂર ચડાવવામાં આવે છે." (૩૦)

ઘોડેસવારની આકૃતિ છે. ઉપર સૂર્ય–ચંદ્રની નિશાની છે. ઘોડીનું મુખ ઉત્તરદિશામાં છે. ઘોડેસવારના હાથમાં ભાલો છે. બીજા હાથમાં લગામ અને પાછળ ઢાલ છે.

### ૩.૨૧ * તમાચીજીનો પાળિયો :- (ભુજ)

ભુજના છતરડી વિભાગમાં તમાચીનો પાળિયો જોવા મળે છે .જેની કથા નીચે મુજબ છે.

ભારમલ્લજીના કુંવર જેહાજી નાની વયે સ્વર્ગવાસી થયા હોવાથી ગાદી ભોજરાજજીને મળી. પણ રાઓશ્રી ભોજરાજજીને સંતતિ ન હોવાથી પાછળ તેમના ભાઈ મેઘજીના કુંવર ખેંગારજીને દત્તક લીધા. તેમને સંવત ૧૭૦૨ માં ગાદી મળી. ખેંગારજીએ એક મારવાડી ચારણને આશ્રય આપેલો. આ મારવાડી ચારણને લાખિયારવિયરાના ચારણોએ મારી નાખ્યો. આથી ખેંગારજી લશ્કર લઈને લાખિયારવિયરા પર ચડી આવ્યા. પણ ત્યાં એક ચારણીયાણીએ તેમને શાપ આપ્યો. આથી રાઓશ્રી ખેંગારજી પોતાના જ તંબુમાં બળી મૂઆ. કહેવાય છે કે તે દિવસથી કચ્છના રાજવીઓએ લાખિયારવિયરાનું પાણી અગ્રાહ્ય કરેલાં છે. આ ખેંગારજીને એક સુમરીના પેટે હમીરજી નામે અનૌરસ કુમાર હતો. સિંગ્રાહસિંહે તેને ગાદીએ બેસાડયો તે રોજ ટંકશાળાની લીંબડી નીચે દાતણ કરવા બેસે ત્યારે બોલતો કે, " લીંબડી તારા પર નલિયાના હોથીજીને લટકાવ્યા હોય તો તું એનો ભાર ઝાલ કે નહીં ? આ વાતની ખબર હોથીજીને હતી. આથી હોથીજી તમાચીજીને ખાંભરેથી તેડી લાવ્યા અને હમીરજીને ૧૯ દિવસ રાજગાદી ભોગવીને ઊઠાડી મૂકયા અને તમાચીજીને ગાદીએ બેસાડયા." (૩૧)

દિલ્હીના રાજવી જહાંગીરના અવસાન પછી તેના પુત્ર શાહજહાંને ચાર દીકરાઓ હતા. આ ચારમાંથી ઔરંગઝેબ લાલચી સ્વભાવનો હતો. આથી પોતાનો ભાઈ દારા તેને આડો આવતો હોવાથી દારાને મારી નાખવાના ઈરાદાથી તે દારાની પાછળ પડયો. આ દારો ભાગતો–ભાગતો કચ્છમાં આવ્યો ત્યારે તમાચીજીએ તેને મદદ કરી હતી. રશબ્રુક વિલિયમ્સએ નોંધ્યું છે કે, " દારો ભાગતો–ભાગતો કચ્છમાં આવ્યો આ વખતે કચ્છમાં તમાચીજીનું રાજય ચાલતું હતું. તમાચીજીએ દારાને હાર્દિક આવકાર આપી, પોતાના સુંદર બગીચામાં રહેવાની વ્યવસ્થા કરી આપી. આ બગીચો હજુ પણ દારાવાડી તરીકે અસ્તિત્વ ધરાવે છે." (૩૨) આ દારાને ખ્યાલ હતો કે, ગુજરાતમાં તેને સારો એવો સહકાર મળી રહેશે. આથી તે કચ્છમાંથી ભાગ્યો. દારાએ પોતાનું સ્થાન

જમાવવા પ્રયત્ન કર્યો નહિ, નહિંતર દક્ષિણ ગુજરાતમાં પોતાનું ધાર્યું કરી શકયો હોત. દારાનો ભાઈ ઔરંગઝેબ ખરાબ સ્વભાવનો હોવાથી લોકોની નફરતનો ભોગ બન્યો હતો. વળી તેણે ઔરંગઝેબે દારાને પણ ફસાવ્યો હતો. આ વાતની જાણ દારાને થતાં દારા પોતાના થોડા માણસો સાથે ભાગ્યો. આથી ઔરંગઝેબે કાઠિયાવાડ અને સૌરાષ્ટ્રના રાજવીઓને સૂચના આપી દીધી હતી કે કોઈએ દારાને આશ્રય આપવો નહીં. સૂચના મુજબ કોઈએ દારાને આશ્રય આપ્યો નહીં. આથી દારાને તમાચીજી યાદ આવ્યા. આથી તે કચ્છમાં તમાચીજી પાસે જવા રવાના થયો અને રણ પાર કરે એ પહેલાં મૃત્યુ પામ્યો. આથી કચ્છ ઉપર ચઢાઈ કરવાનો ઔરંગઝેબનો કોઈ હેતુ રહેતો જ નથી.

રાવ તમાચીજી ઈ.સ. ૧૬૬૬ માં સ્વર્ગવાસી થયા તે પહેલાં કચ્છમાં બુખારાના એક ઓલિયા નામે શાહ મુરાદ આશ્રય લેવા કચ્છના સદ્‌ભાગ્યે પધાર્યા હતા.

તમાચીજીનો પાળિયો ભુજની છતરડી વિભાગમાં જોવા મળે છે. તેના પાળિયામાં થોડું લખાણ વંચાય છે.

શ્રી ગણેશાય નમ : ॥

માગશર સદ – ૩ × × ×

સં × × ૧૭૧૭ × × × મહારાજા તમાચજી × × ×

પછીનું લખાણ વંચાતું નથી. આકૃતિ પરંપરિત છે. ઘોડેસવારના હાથમાં તલવાર અને ઢાલ છે.

પાળિયામાં લખાણ છે એ મુજબ તમાચીજી સં. ૧૭૧૭ માં અવસાન પામ્યા, જયારે ઈતિહાસ મુજબ સં. ૧૭૨૨ માં તેમનું અવસાન થયું હતું.

### ૩.૨૨ * સજણકુંવરબાઈનો પાળિયો :- (ભુજ)

ભુજના છતરડી વિભાગમાં જેહાજીની છતરડીમાં ડાબી બાજુનો પ્રથમ પાળિયા સજણકુંવરબાઈનો છે. જેની કથા નીચે મુજબ છે.

"કચ્છના મહારાવશ્રી ભારમલ્લજી પહેલાંને સંતાનની બાબતમાં ચિંતા રહેતી હતી. કેમકે, તેમને ત્યાં સંતાનો જન્મતાં પરંતુ તે બાલ્યાવસ્થામાં જ મૃત્યુ પામતા હતાં. આ બાબતનું દુઃખ ભારમલ્લજીના હૃદયને કોરી ખાતું હતું. પરંતુ એક યોગનિષ્ઠ બ્રાહ્મણની કૃપાથી તેમને ત્યાં એક તેજસ્વી બાળકનો જન્મ થયો હતો. તે બાળપણથી જ ખૂબજ તેજસ્વી અને દાનવીર હતો. સોળ વર્ષની ઉંમરમાં તો એક શ્રેષ્ઠ દાનવીર તરીકે તેમની કીર્તિ ચારે દિશામાં ફેલાઈ ગઈ હતી. આ બાળવીર રોજ ઘોડાઓનું દાન

કરતો હતો. તેમની કીર્તિકચ્છ, મારવાડ, ગુજરાત એમ દરેક સ્થળે પ્રસરેલી. સૌ તેની દાનવીરતાની પ્રશંસા કરતાં થાકતા નહીં. આમ કરતાં–કરતાં દિવસો પસાર થવા લાગ્યા. તેની દાનવીરતાની વાત એક દિવસ મેડતાના રાજવી રાઠોડ જેમલજીના કાને આ વાત પહોંચે છે. આથી જેમલજી જેહોજીથી આકર્ષાઈને પોતાની કુંવરી સજણકુંવરનું સગપણ કચ્છના જેહોજી સાથે કરે છે. લગ્ન લેવાયાં જેમ–જેમ લગ્નની વિધિ આગળ વધે છે. તેમ–તેમ જેહોજીના શરીરમાં ભયંકર રોગ આગળ વધતો ચાલ્યો.

છેવટે વેલ ગામના પાદરમાં પહોંચી આવીને તે સાથે જ કુમારનો આત્મા ઊડી ગયો." [૩૩] તે સમયે સજણકુંવરની ઉંમર માત્ર સોળ વર્ષની હતી. છતાં તે પોતાના પતિને છોડે તેમ ન હતી. તે સમજણ શકિત ધરાવતી હતી. આથી તેમણે વેલ સીધી જ સ્મશાનગૃહે લઈ જવા સૂચવ્યું ત્યાં જિહોજીનો સાથ છોડવા ન ઈચ્છતી સજણકુંવરે જિહોજીનું માથું પોતાના ખોળામાં મૂકીને પતિ સાથે જ સ્વર્ગારોહણ કર્યું. તેની છતરડી ભુજના છતરડી વિભાગમાં આવેલી છે. જેમાં ચાર પાળિયાઓ છે. હાલમાં આ છતરડી ઉપરથી આખીયે તૂટી ગયેલી છે. માત્ર મોટો ઓટો બચ્યો છે. તેના પર આ ચાર પાળિયા છે.

જેમાં જમણેથી બે પાળિયા સતીઓના છે અને ડાબેથી પ્રથમ પાળિયો આ સજણકુંવર સતીનો છે. ડાબેથી બીજો પાળિયો જેહોજીનો છે. જેમાં જમણીબાજુઓના સતીઓના પાળિયાનું લખાણ વંચાતું નથી. પરંતુ જેહાજી તથા તેમનાં પત્નીના પાળિયા નીચેનું લખાણ વંચાય છે. પાળિયા નીચે નીચે મુજબનું લખાણ વંચાય છે.

સંવત ૧૬૭૭ વર્ષ ચૈત્ર કુમુદી
૧૩ × × × × જેહોજી ભાર્યા બાઈ × × ×
× × × કી × ય × શ્રૃત × × × × જેમભજી
× × × × × × × × × પરાપતિ × × ×

આવું કંઈક વંચાય છે. સ્ત્રીની આકૃતિમાં તે ઊભી છે. ડાબા હાથમાં કળશ અને જમણો હાથ ઉપરની દિશામાં હાથમાં કંઈક ગોળ વસ્તુ પકડેલી હોય તેવું દેખાય છે.

### ૩.૨૩ * વેણજી રાયધણજીનો પાળિયો – ગજોડ :–

ગજોડ ગામથી થોડે દૂર ખારાવાડની જગ્યામાં એક છતરડી આવેલી છે,

આ છતરડીમાં વેણજીનો પાળિયો બેસાડવામાં આવ્યો છે. વેણજીના પાળિયા નીચે થોડું –ઘણું લખાણ વંચાય છે. જે નીચે મુજબ છે.

૯૪ તશ્રાત છતડી તાર – ૨ ૬
ત ઝરા × જા છે.
॥ શ્રી ગણેશાય નમ હોથી
વેણજી રાહેધણજી રવ
ણોતુ પારીભ્યો પરયમ થોડ ણ
સંવત ૧૮૬૦ માં × × × ×
× × × × × × × × ×
પારી × × × × × × × × ×

માહિતીદાતાના કહેવા પ્રમાણે "પહેલા બાર ભાઈઓના રાજ હતા. એ સમયમાં બેરાજામાં જેસર જાડેજાઓ અને ગજોડમાં હોથી લાખિયાર જાડેજાઓ વસવાટ કરતા હતા. આ બંને જેસર અને હોથી જાડેજાઓ વચ્ચે વેર ચાલતું હતું. ત્યારે વારંવાર ધીંગાણા થતાં તેમાં એક વખતનાં ધીંગાણામાં હોથી વેણજી રાયધણજી કામ આવી ગયા.

જયારે માહિતીદાતાના કહેવા પ્રમાણે અમુક લોકો એમ પણ કહે છે કે, વેણજી ઝારાના યુદ્ધમાં કામ આવ્યાં હતાં." (૩૪)

* "ઝારાનું યુદ્ધ સંવત ૧૮૧૯ માં થયું હતું. જયારે પાળિયા નીચે સંવત ૧૮૬૦ વંચાય છે. કદાચ એવું પણ બને કે, પાળિયો સં. ૧૮૬૦ માં ઊભો કર્યો હોય, પરંતુ સંવત ૧૮૬૦ માં વેણજી મૃત્યુ પામ્યા કે પાળિયો ઊભો કર્યો એ બાબત અધૂરા લખાણને કારણે સ્પષ્ટ થતી નથી.

માટે બંને જાડેજા વચ્ચેના ઝઘડામાં કામ આવ્યાં હોય કે, ઝારામાં તે સ્પષ્ટ કરવું અઘરું છે.

### ૩.૨૪ * જશાદાદાની ખાંભી :–

"કચ્છમાં થયેલ અનેક નાનાંમોટાં યુદ્ધોમાં ઝારાના યુદ્ધને મહાભારતના યુદ્ધ સાથે સરખાવી શકાય તેવું ભયંકર હતું. આ યુદ્ધમાં લાખની સંખ્યામાં માણસો મર્યાં. ઝારાનું યુદ્ધ ચાલતું હતું તે દરમિયાન ગુલામશાહ અર્ધું લશ્કર લઈને અબડાસા ભણી

વળ્યો, ત્યાં તેમણે ઘણાં ગામો લૂંટયા, બાળ્યાં, ઠાકોરો પાસેથી દંડના લીધા અને ભુજ તરફ વળ્યો. ગુલામશાહ આવે છે તેવી વાત સાંભળીને લોકોમાં ચકચાર ચાલવા લાગી. રાજમાતાએ પૂંજાને બોલાવીને પોતાનો સફેદવાળ દાબડીમાં ભરીને આપ્યો. ક્રૂર પૂંજાએ ગુલામને સમજાવ્યો અને સિંધ જવા કહ્યું. પરંતુ રાજકન્યા લીધા સિવાય તે પાછો જાય તો તે ગુલામશાહ શાનો ? પરંતુ પૂંજાએ તેને ખાખરના જાડેજાની કન્યા આપવાની વાત કરી રવાના કર્યો, પરંતુ પાછળથી પૂંજાનું જોર વધતા મહારાવશ્રીએ તેને (પૂંજાને) કેદ કરી, ઝેર પાઈને મારી નાખ્યો. આ વાતની જાણ ગુલામશાહને થતાં તેણે ફરીથી ભુજ પર હુમલો કરવા નિર્ણય કર્યો અને તેની ફોજ રુદ્રમાતા પાસે આવી પહોંચી અને ત્યાં પડાવ નાખ્યો. આ વખતે રુદ્રમાતા પાસે પડેલા ગુલામશાહના લશ્કરમાં નાડાપાના એક જશા નામના બહાદુર આહિરે આવીને એવી તલવાર ચલાવવા માંડી કે તેથી શાહી ફોજ ત્રાસી ઊઠી હતી." (૩૫) આ આહિરની ખાંભી આજે રુદ્રમાતાના મંદિરની, બહાર, જતાં જમણી બાજુએ ઊભી છે.

### * માત્ર પાળિયા નીચેનું લખાણ મળતું હોય તેવા પાળિયા :-

### ૩.૨૫ * ધાણેટી ગામના પાળિયા :-

કરસનજીના પાળિયાની ઉત્તરે રાઠોડના પાળિયા છે. એના પર હાલમાં મંદિર બાંધી લોખંડનો દરવાજો મૂકેલો છે. તેની બાજુના બે પાળિયા પર લેખ વંચાય છે. પ્રથમ પાળિયા નીચેનું લખાણ નીચે મુજબ છે.–

સવાંત ૧૬૯૬ વરષે શ્રાવણ
વદ ૨ સામે ધાણેટી મધે રા × ×
ઉપ શ્રી ભો જ રાજ જીની વાર
મધે ગાયની વહારે પડી
ઝુઝી રામ શરણ થ યા ક
શ્રીર સોર ઢીયા લાડુ બાય છે
લ ય આ નુ સૂત પટેલ લાદ
વા દે વ ગા શ્ર તી વાહા રે દ
શ્રી ચરણ થી સા શ્રી સુરજ

ચંદ્ર મા ની સાવે છે શ્રી

× × લખાણ અહીથીં લીસુ છે. –

આકૃતિ પરંપરિત છે, ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન છે. નીચેની ઘોડેસવારની આકૃતિમાં ઘોડેસવારના એક હાથમાં ભાલો અને બીજા હાથમાં લગામ છે. ઘોડીનું મુખ ઉત્તરબાજુ છે.

*** બીજા પાળિયા નીચેનું લખાણ –**

સંવત ૧૬૯૩ વરષે શ્રાવણ
વદ ૨ સોમે ધાણેટી મ ધે રી
રુપ શ્રી ભો જ રા જ જીની વા
રે ભો મ ધે ગા ય ની વાહારે ય
ડી ઝુ ઝી રામ શરણ ય × શ્રી
ક યાં ર સો ર દી યા ના ડ વા
પટ લ પ્રાધાન સુતલા
હુ : વા સ ગા લ ગા મ ની
બ હા ર હઃરી ચરણ પાં
માં : શ્રી સૂરયં ચદમાની સાવે.

ઘોડેસવારની આકૃતિ છે. ઉપર સૂર્ય–ચંદ્રની નિશાની છે. એક હાથમાં તલવાર છે. બીજા હાથમાં ભાલું તથા લગામ છે. આ ઉપરાંત પણ કંઈક નિશાની દેખાય છે, જે સ્પષ્ટ થતી નથી. ઘોડેસવારની ભેટમાં પણ તલવાર લટકે છે. ઘોડાના પાછળના બે પગની આકૃતિ થોડી તૂટી ગઈ છે.

આ પાળિયા રાઠોડના મંદિરમાં રહેલ પાળિયાની બહારના પાળિયા છે જેમાં બંને પાળિયામાં સંવત ૧૬૯૩ ની મળે છે. શ્રાવણ વદ બીજ ને સોમવાર વંચાય છે. બંને ગાયોની વહારે થયેલાના પાળિયા છે.

## ૩.૨૬ * પરવાજી તથા વનાજીના પાળિયા :– (કેરા)

અહીં પ્રથમ છતરડીમાં રહેલ પાળિયા નીચે નીચે મુજબનો લેખ વંચાય છે. –

॥ જા ડેજા શ્રી પરવાજી સોગરામજી

ુ શ્રીણી સવંત ૧૮૮૧ ના ચેટબુધ ૧૪

॥ નો મારા ઓ શ્રી ભારમલજી ના ક

× × મા ગામ શ્રી રાણેધણ ઠુર ના છે.

ત પ ર કેરા ના જાડેજા શ્રી રવાજી

× × × × સતા મા કામ છે ત

- બીજી છતરડીમાં રહેલ દક્ષિણ બાજુથી બીજા પાળિયાનું લખાણ.

પા જી ણી કસર જી મેઘરા

જ જી પ્રાણ જાડેજા ટી પા ×

જિ પાસે કામ આવા ના સવંત

ત ૧૮ × × નો જ × × × ×

અહીંથી લખાણ નથી મળતું. દક્ષિણ બાજુથી સાતમા પાળિયા નીચે પણ લખાણ વંચાય છે.

॥ હોથી શ્રી દ ઘા જી ભોજજી

× સવંત ૧૮૨૮ ના ભાદ×વા વદ

ના રાઓ શ્રી ગોડજી નુ ક × કા ણા

યુવા । શ્રુત જાડેજા શ્રી વનાજી

મ જા કામ ગ્રાઆ છે × ×

× × × × × × ×

× × × × × × ×

ચોથી છતરડીમાં પ્રથમ પાળિયા નીચેનું લખાણ નીચે મુજબ છે.

॥ કુ અ ર શ્રી સુ તા જી દી જી શ્રી

હિ તે યા રે વ રા હ ત × × × ×

× × × × સંવત ૧૮૩૬ પોષ વદ

૨ ની ત ક કિધુ છે × × × ×

× × × × × ॥ શ્રી ॥

પાંચમી છતરડીમાં બીજા નંબરના પાળિયા નીચે લેખ વંચાય છે.

શ્રી સગરાયજી વિધા

જી યા × × ગ્રામ શ્રી કેરા

× ક ટ ક કામ સવંત ૧૮૪ ×

ચૈદ સુદ ૧૨ મા × × અહીંથી તૂટેલો ભાગ હોવાથી સિમેન્ટ કરી છે.

આ ઉપરાંત પાંચમા નંબરની છતરડીમાં બારેક જેટલા પાળિયાઓ છે. જેમાં બીજા નંબરનો, ચોથા નંબરનો, પાંચમા નંબરનો, સાતમા નંબરનો, આઠમા નંબરનો, અને નવમા નંબરના પાળિયાઓમાં એકસરખો મળે છે. સંવત ૧૮૪૧, ચૈત્ર સુદ – ૧૨ અને સોમવાર ગામ કેરા વંચાય છે. આ પાળિયાઓ એક જ સમયે શહીદ થયેલ વ્યકિતઓના અસ્તિત્વમાં આવ્યા હશે.

ઘોડેસવારના એક હાથમાં ભાલું અને લગામ છે. બીજા હાથમાં તલવાર છે. ઉપર સૂર્ય–ચંદ્રની નિશાની છે.

### ૩.૨૭ * નાના રેહા :–

ભૂજથી લગભગ ૪૫ (પીસ્તાલીસ) કિ.મી. દૂર આવેલ નાના રેહા ગામમાં જાડેજા દરબારો ઉપરાંત અન્ય જ્ઞાતિ પણ વસવાટ કરે છે. જેમાં જાડેજા દરબારોમાં ત્રણ પાંખળિયા દરબારો છે. જેવા કે, (૧) પંચરાણી (૨) માનાણી અને (૩) ખાનાણી. આ ગામમાં ઝારાના યુદ્ધના પાંચ પાળિયાઓ એક હરોળમાં બેસાડવામાં આવ્યાં છે. જેમાં પ્રથમ અને ત્રીજા નંબરના પાળિયા નીચે લખાણ વંચાય છે. બીજા, ચોથા અને પાંચમા પાળિયા નીચે માત્ર ૧૮૧૯ અને ઝારા જેવું વંચાય છે.

*** પ્રથમ પાળિયા નીચેનું લખાણ :–**

× × ૧૮૧૯ × ા ×

× ળ મ ગ દ × ૦ દ

– ા ૫ ઝા રા × ળ

સુમરાજી × × ×

× × × × ×

*** ત્રીજા પાળિયા નીચેનું લખાણ :–**

સંવત ૧૮૧૯ શાળ સુહત કા

રા ૫ ય ૫ ર મ્ત મા × રા સર

માસે સુકે બમ ખૈકપે કાદગ

× × × × × × રાઓશ્રી

૭ ગોડજી પૈ રા જે ।। જે થી

પી વી ભાજી જગાજી શ્રી ચરળ

અહીં બંને પાળિયામાં અનુક્રમે સુમરાજી તથા વિભાજીનો ઉલ્લેખ મળે છે.

# સંદર્ભસૂચિ


૧. મુનિરાજ વિદ્યાવિજયજી : 'મારી કચ્છ યાત્રા', પ્રકરણ – ૫, પૃ. ૩૩.

૨. રામસિંહજી રાઠોડ : 'કચ્છનું સંસ્કૃતિ દર્શન', પૃ. ૧૯૯.

૩. પ્રમોદ જેઠી : 'સંસ્કૃતિદર્શન ભુજ', પૃ. ૯૨, ૯૩.

૪. દુલેરાય કારાણી : ' કચ્છ કળાધરો અથવા ચંદ્રવંશ ચરિત્ર', પૃ. ૮૧૫.

૫. પ્રમોદ જેઠી : 'સંસ્કૃતિદર્શન ભુજ', પૃ. ૯૪.

૬. એજન, પૃ. ૯૬.

૭. એજન, પૃ. ૧૦૨ થી ૧૦૪.

૮. શંભુદાન ગઢવીઃ ' કચ્છ દર્શન '. પૃ. ૨૨૮–૨૨૯.

૯. માહિતીદાતા : વાલજીભાઈ રઘુરામ ત્રિવેદી,
(રૂપબા, રતનબા, ના મંદિરના પૂજારી, ઠે : દેશદેવી આશાપુરા મંદિરની બાજુમાં,
ઉ.વ. ૫૮, ગામ– ભુજ–કચ્છ.

૧૦. પ્રમોદ જેઠીઃ 'સંસ્કૃતિદર્શન ભુજ', પૃ. ૧૦૧.

૧૧. એજન, પૃ. ૧૦૬.

૧૨. પ્રમોદ જેઠી : 'ઈતિહાસની આરસીમાં કચ્છ',પૃ. ૫૬.

૧૩. આત્મારામ દ્વિવેદીઃ ' કચ્છ દેશનો ઈતિહાસ ' પૃ. ૭૧.

૧૪. એલ.એફ. રશબ્રુક વિલિયમ્સ : ' કારા ડુંગર કચ્છજા ' પૃ. ૨૩૬.

૧૫. માહિતીદાતા :– જાડેજા હરભમજી ખુમાનસંગજી, ઉ.વ. ૭૫, ધો. ૪ પાસ,
વ્યવસાય :– ખેતી, શોખ : વાંચનનો, વ્યવસાયમાં ખેતી ઉપરાંત પ્રાથમિક
આરોગ્ય કેન્દ્રમાં ચાલીસ વર્ષ ડ્રેસર તરીકે ફરજ બજાવેલ, ૧૫ વર્ષથી
રીટાયર્ડ. ગામ : કેરા.

૧૬. માહિતીદાતા :– ડૉ. રામસંગજી દેશલજી જાડેજા, ઉ.વ. ૮૧, શોખ :– વાંચનનો,
ગામ : કેરા.

૧૭. માહિતીદાતા :– સોઢા મોબતસિંહ મમુજી, ઉ.વ. ૫૦, ગામ : વાંઢાય.

૧૮. માહિતીદાતા :– બારોટ કાનજીભાઈ રવજીભાઈ, ઉ.વ. ૪૦ વર્ષ,
ગામ : લાખોંદ, આહિરોના બારોટ.

૧૯. માહિતીદાતા :– વિજયદાન ખોડીદાન રેંઢ, ઉ.વ. ૪૫ વર્ષ, ગામ : લાખોંદ, શોખ : ઐતિહાસિક વાતો જાણવાનો.

૨૦. માહિતીદાતા :– અજયદાન શંકરદાન ગઢવી, ઉ.વ. ૫૨, ગામ : લાખોંદ.

૨૧. માહિતીદાતા :– જાડેજા ભીખુભા, ગામ : ધાણેટી, વ્યવસાય : ખેતી.

૨૨. માહિતીદાતા :– બારોટ શિવનારાયણજી (કરશનજીના બારોટ). મૂળ. ધાણેટી, (હાલ : રાજસ્થાન) , ઉ.વ. ૬૨.

૨૩. માહિતીદાતા :– જાડેજા હરભમજી સંગ્રામજી, ઉ.વ. ૬૨, વ્યવસાય : ખેતી, ગામઃ વડવા, શોખ : ઈતિહાસની વાતો સાંભળવી અને કહેવી.

૨૪. મહેશ સોલંકી : કચ્છ શકિત (કચ્છી નવા વર્ષ નિમિત્તે બહાર પડેલ સામયિક ) અંતર્ગત : પ્રાણી અને પુત્રપ્રેમના બલિદાનની લોકગાથા.પૃ. ૨૬ થી ૨૮

૨૫. દુલેરાય કારાણી : 'કચ્છ કલાધર (ભાગ–૨)' પૃ. ૩૦૪.

૨૬. એજન, પૃ. ૩૦૭.

૨૭. ડુંગરશી ધરમશી સંપટ : 'વિવિધ ગ્રંથમાળા (કચ્છ કલાધરના અગત્યના લેખોમાંથી)' પૃ. ૩૧૯.

૨૮. આત્મારામ દ્વિવેદી : 'કચ્છ દેશનો ઈતિહાસ' , પૃ. ૪૧.

૨૯. માહિતીદાતા :– જાડેજા બહાદુરસિંહ સુમરાજી, ઉ.વ. ૬૦, વ્યવસાય : જમાદાર (નિવૃત), ગામ : માનકૂવા.

૩૦. માહિતીદાતા :– જાડેજા નરપતસિંહ ગજુભા, ઉ.વ. ૫૦, વ્યવસાય : ખેતી, ગામ : માનકૂવા.

૩૧. આત્મારામ દ્વિવેદી : ' કચ્છ દેશનો ઈતિહાસ ' પૃ. ૪૩.

૩૨. એલ.એફ. રશબ્રુક વિલિયમ્સ : ' કારા ડુંગર કચ્છજા ' પૃ. ૧૧૯.

૩૩. પ્રમોદ જેઠી : 'સંસ્કૃતિદર્શન ભુજ', પૃ. ૧૦૧.

૩૪. માહિતીદાતા :– જાડેજા હઠુભા ઝુઝરાસિંહ, (માજી સરપંચ), વ્યવસાયઃ ખેતી,ઉં.વ. ૭૫, ગામ : ગજોડ, શોખ : ઐતિહાસિક વાતો સાંભળવાનો તથા રાજકારણનો.

૩૫. દુલેરાય કારાણીઃ ' કચ્છ કલાધર', ભાગ – ૨, પૃ. ૪૨૪.



# માંડવી તાલુકાનો નકશો



વડવા
રુકમાવતી
બિદડા
દેવ-પર
દુજાપર
વીરાણી
જામથડા
મઉ મોટી
ભેરાયા
રામપર
મકડા
ગઢસીસા
લુડવા
મામ્ય મોટા
વેકરા
પુનડી
કોટડી
રાજપર
શેરડી
હાલાપર
સાભરાઈ મોટી
કોજાચોરા
ભોજાય
રતડિયા મોટા
ભાડાઈ
વાંઢ
મોટી
આસબીયા મોટા
રામાણીયા
દેઢિયા
ડોન
તલવણા
કોકલિયા
બાયઠ
63
લાયજા મોટા
કોડાય
બાંભડાઈ
ગાધરા
રાયણ મોટી
બિદડા
બાડા
વાડા
લાયજા નાના
રાયણ
પીપરી
નાના ભાડિયા
ભાડા
દુર્ગાપર નાની
નાગલપર
મોટા ભાડિયા
પાંચટિયા
શીરવા
બાગ
મસ્કા
કાઠડા
તરગડી
માંડવી
50

# ❑ પ્રકરણ :- ૪ ❑
# માંડવી તાલુકાના પાળિયાઓ અને કંઠસ્થ પરંપરાનું સાહિત્ય


૪.૧. પ્રસ્તાવના.

૪.૨. સતી પૂનઈનો પાળિયો.

૪.૩. આઈ ગુંદલનો પાળિયો.

૪.૪. જેમલજીની છતરડી.

૪.૫. દેથરની છતરડી.

૪.૬. પૂનાબાઈનો પાળિયો.

૪.૭. માનબાઈનો પાળિયો. (ગઢશીશા).

૪.૮. વારૂ બારોટનો પાળિયો.

૪.૯. દેવા મધુડાનો પાળિયો.

૪.૧૦. રૂઘા જોષીનો પાળિયો.

૪.૧૧. કરસન રાબડિયાનો પાળિયો.

૪.૧૨. જેઠાણંદદાદાનો પાળિયો.

૪.૧૩. માનબાઈ સતીનો પાળિયો. (ભોજાય).

૪.૧૪. કેસરજી હાજાજીનો પાળિયો.

૪.૧૫. મલુજી બારાતનો પાળિયો.

૪.૧૬. ખાનજી અને ખીમોજીના પાળિયા.

૪.૧૭. તલવાણાના પાળિયા.

૪.૧૮. ગુંદિયાલીના પાળિયા.

૪.૧૯. રાઓશ્રી ભોજરાજજીનો પાળિયો.

૪.૨૦. કમાસતીનો પાળિયો.

૪.૨૧. પૂંજા રોહડિયાનો પાળિયો.

૪.૨૨. આઈ દેશામાં ( દેવશ્રી આઈ ) નો પાળિયો.

૪.૨૩. નોંધણજી તથા સુમરાજીની ખાંભી.

૪.૨૪. રાણબાઈમાનો પાળિયો.
૪.૨૫. જશોદામાતાનો પાળિયો.
૪.૨૬. ઢોકળા ગામના પાળિયા.
૪.૨૭. ડોણના પાળિયા.

❑ પ્રકરણ :– ૪ ❑

# માંડવી તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય

## ૪.૧ પ્રસ્તાવના :–

ઈતિહાસમાં અમર થઈ ગયેલા ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા માંડવી તાલુકાના છે. સને ૧૮૭૮ માં સ્થપાયેલ માંડવી તાલુકો ૨૨.૫૦ અંશ અક્ષાંશ અને ૬૯.૨૦ અંશ રેખાંશ પર આવેલ છે. દક્ષિણે કચ્છનો અખાત, પશ્ચિમે પણ કચ્છનો અખાત અને અબડાસા તાલુકો, ઉત્તરે નખત્રાણા તથા ભુજ તાલુકો અને પૂર્વે મુન્દ્રા તાલુકો છે. આ શહેરના ઐતિહાસિક સ્થળોની વાત કરીએ તો અહીં પ્રસિદ્ધ એવું સુંદરવન અને રાણેશ્વરના મંદિર આવેલાં છે. આ શહેરનો દરિયાકિનારો પણ ખૂબ સોહામણો છે. એક જમાનામાં આખા કચ્છમાં માંડવીનું બંદર અગ્રેસર હતું. જૂના રાયણના પતન પછી અત્યારનું માંડવી બંદર વિકાસ પામ્યું છે. નરેન્દ્રકુમાર જોશીએ નોંધ્યું છે – " રૂકમાવતી નદીના મુખ ઉપર આવેલું આ બંદરી શહેર ઈંગ્લેન્ડમાં ટેમ્સ નદી ઉપર આવેલા લંડન શહેરની નાની આવૃત્તિ જેવું છે. " [૧] દરિયાકાંઠે આવેલ વિજયવિલાસ પેલેસ પણ કેવો સોહાય છે.! મહારાજા ગોડજીને વહાણવટા સાથે સીધો સંબંધ હતો. તેમના જમાનામાં વહાણવટું સારું એવું ચાલતું હતું. મહારાઓ પોતે તેમાં અંગત રીતે રસ લેતા. દરિયાઈ સમૃદ્ધિ ઉપરાંત અહીંની ધરતીએ અનેક નરપુંગવો આપ્યા છે. જેમાં શ્યામજી કૃષ્ણવર્મા, પ્રા. કે. ટી. શાહ, ગોકલદાસ બાંભડાઈ, જયંત ખત્રી, વગેરે દેશ–દુનિયાનાં ગાજતાં નામો છે. ૯૨ જેટલાં ગામોમાં વિભાજિત થયેલ આ તાલુકામાં જૈન, ભાટિયા, લોહાણા, કણબી, ખારવા, રાજપૂત, તથા મુસ્લિમોની વસ્તી મુખ્ય છે. તેમજ ગઢશીશા, બિદડા, મસ્કા, ગુંદિયાળી, કોડાય વગેરે મોટી વસ્તી ધરાવતાં ગામો છે. આ તાલુકાનાં મોટા ભાગનાં ગામો તેના કોઈને કોઈ ઈતિહાસથી ભર્યાં–ભાદર્યાં છે. તેમાં પાળિયા, કિલ્લા, ઈમારતો ઈતિહાસના મૂક સાક્ષી બનીને ઊભા છે. આ બધામાં પુરાતત્ત્વની વિપુલતા પાળિયાઓમાં દેખાઈ આવે છે. જે મધ્યકાલીન વીરતા તેમજ રીત–રિવાજોના દ્યોતક માનવી અને પશુઓના સ્મૃતિચિહ્નો જોવા મળે છે. ગૌ માતાની રક્ષા કાજે લગ્નમંડપમાંથી ઊભા થઈ દુશ્મનો સામે પડી ફરાદીના જેમલજી વીરગતિ પામ્યા. તેવા તલવાણાના જીવણજીના દીકરા ડુંગરજી તથા

તેના પુત્ર અખેરાજજી તથા ડુંગરજીના ભાઈ દેવાજીના કુંવર ભાવસંગજી ગાયોને બચાવવા જતાં શહીદ થયા. અહીં ગૌરક્ષક ક્ષાત્રત્ત્વનાં લક્ષણો છતાં થાય છે. તો નાગ્રેચાના દુખિયાનો ભેરુ વીર કરસન રાબડિયાનો પાળિયો પણ કરસનની યાદમાં તેના મિત્રોએ ઊભો કર્યો છે. તેમજ, અજોજી, નોંઘણજી, ખેંગાર રબારી અને મમુજીના પાળિયા ગાયોના ધણને વાળવા જતાં ગુંદિયાળી ગામમાં અસ્તિત્વમાં આવ્યાં છે. ભોજાયમાં રાવ ભોજરાજનો પાળિયો રાજપૂત પ્રથાના એક ભાગરૂપે ઊભો કરાયો છે. નેક, ટેક અને ભકિતભાવથી ભરેલાં આઈશ્રી પૂનઈમાતાનો પાળિયો પાંચોટિયા ગામમાં ઊભો છે. સમગ્ર ચારણો અને ચારણેતર સમાજ તેમને શ્રદ્ધાપૂર્વક પૂજે છે, તેવા જ રાજભકત રાજકુટુંબોના મધ્યસ્થ વારુબારોટનો પાળિયો કાઠડા ગામમાં આવડ માતાના મંદિરમાં ઊભો છે. તો પારકી થાપણ માટે આત્મબલિદાન આપનાર બાઈશ્રી માનબાઈનો પાળિયો ગઢશીશામાં ઊભો છે. આવા તો કેટ–કેટલાયે પાળિયાઓ આ તાલુકાના અનેક ગામમાં પથરાયેલા પડયા છે જે કુરબાનીની કથાઓ કહેતા આજેપણ એવા ને એવા ઊભા છે.

### ૪.૨ * સતી પૂનઈનો પાળિયો (પાંચોટિયા) :–

માંડવી તાલુકાનું ચારણોની વધારે વસ્તીવાળું પાંચોટિયા કરીને એક ગામ છે. તે ગામની પાદરમાં સતી પુનઈનો પાળિયો જોવા મળે છે. રાજાશાહીના વખતમાં આ ગામની જાહોજલાલી જોવા મળતી હતી. કચ્છમાં ચારણોના જે સાઠ પાદર છે, તેમાં આ ગામ અવલ નંબરે હતું.

આ ગામમાં હરજુગ નામે માતાજીના પરમભકત ચારણ રહે. આ ગઢવી સદાચારી, સત્યવકતા, અને ધર્મપરાયણ પુરુષ હોવાથી ગામના કે બીજા કોઈપણ શુભ કાર્યમાં પોતાથી બનતો સાથ–સહકાર આપી તેને પાર પાડવા હંમેશાં મથતા રહેતા. હરજુગ ગઢવી દરેક બાબતે સંતોષી અને સુખી હતા, પરંતુ તેને શેર માટીની ખોટ હોવાથી તેને તથા તેની પત્નીને કાયમ દુઃખ રહ્યા કરતું હતું. એક વખત એવું બન્યું કે, પાંચોટિયા ગામના પાદરમાં એક જટાધારી સાધુ પડાવ નાખી, ઈંટના ચુલા પર રસોઈ બનાવી રહ્યા હતા. હરજુગ ગઢવી પોતાની ગાયોને વાડામાં મૂકવા જતા હતા. ત્યાં તેમની દષ્ટિ આ સાધુ ઉપર પડી.

તેઓએ તરત જ એમની પાસે જઈ દંડવત્ પ્રણામ કરી પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. ગઢવીના આગ્રહને વશ થઈ સાધુ ગઢવીને ત્યાં ગયા. ત્યાં

ગઢવી દંપતીએ સાધુની આગતાસ્વાગતા કરી. આથી પ્રસન્ન થયેલ સાધુએ આ દંપતીને વરદાન માંગવાનું કહ્યું. છતાં બંને પતિ–પત્ની મૂંગા રહ્યાં, પણ સાધુના આગ્રહથી તેમણે પોતાના સંતાન ન હોવા વિશેની વાત સાધુને કહી. સાધુએ ધ્યાનથી જોઈને કહ્યું કે, તમારા ભાગ્યમાં સંતાન સુખ તો નથી, પણ આજથી દસ (૧૦) મહિના પછી પૂનમની રાત્રે આપને ત્યાં એક દીકરી અવતરશે તેનું નામ પૂનઈ રાખજો. ત્યારબાદ સાધુના કહ્યા પ્રમાણે થયું અને આ પૂનઈ ધર્મ, ધ્યાન કરતી. આ પૂનઈને બાજુના ગામ ભાડામાં આવેલ વીર વાછરાનાં દુખણાં લેવા જવાનું વ્રત હતું. આથી નિયમ મુજબ તે રોજ ભાડા ગામે વાછરાનાં દુખણાં લેવા જતી હતી. એક વખત એવું બન્યું કે, ભાડા ગામનો પૂંજો વિઘાણીએ કરીને એક ગઢવીએ પૂનઈને અહીં રોજ આવવાનું કારણ પૂછયું : ત્યારે પૂનઈમાતાએ વાછરાના દુખણાં લેવાનું પોતાનું વ્રત છે એમ જણાવતાં પેલાએ કહ્યું કે તો પછી તારા વીર વાછરાને તારા ગામમાં જ બોલાવી લે અને બીજા દિવસે તું આ ગામમાં આવી છો તો સારાવાર નહીં રહે ! પૂનઈ તો ચિંતામાં ખાધા–પીધા વગર એક ઓરડામાં જઈ વાછરાનું સ્મરણ કરીને પોતાને દર્શન આપવા વિનવવા લાગી. એટલામાં એક વાણી સંભળાઈ અને તેને કહ્યું કે, બાજુના બાયઠ ગામમાં એક આંધળો સુથાર રહે છે. તેમની પાસે જઈને મારું (વાછરાનું) પાલખ બનાવ એ પાલખ બનાવતી વેળાએ એ સુથાર દેખતો થઈ જાય તો માનજે કે, મારું કહેવું સત્ય છે. આથી તેણી બાયઠ આંધળા સુથાર પાસે ગઈ અને પાલખ બનાવી દેવા વિનંતી કરવા લાગી. છેવટે થાકેલા સુથારે આ કામ ઉપાડયું. પણ ત્યાં તો આ✓ર્ય વચ્ચે સુથાર દેખતો થયો અને પૂનઈના પગે પડયો. બીજા દિવસે ભાડાના મંદિરમાં રહેલ વીર વાછરાની મૂર્તિ ગાયબ થઈ ગઈ અને પાંચોટિયામાં પૂનઈએ બનાવડાવેલ પાલખ પર સવાર થઈ ગઈ. આ પછી પૂનઈની કીર્તિ ચારે તરફ ફરી વળી. આ પૂનઈમાતા ગમે તેવા ઝેરી તાવવાળાને હાથ ફેરવી આશીર્વાદ આપે એટલે તેનો તાવ ઊતરી જાય, ગમે તેવું હડકાયું કૂતરું કોઈને કરડયું હોય અને પૂનઈમાતા પાણી છાંટે એટલે તે મનુષ્ય પીડા મુકત થઈ જાય.

આ સમયે કચ્છની ગાદી પર જામ તમાચીજી બિરાજમાન હતા. પૂનઈમાતાના ચમત્કારોની આ વાત તેમના કાને આવી, એટલે તેનું પારખું કરવાની ઈચ્છાથી પોતાના એક માણસને મોકલવાની આજ્ઞા આપતાં કહ્યું કે, " તું પૂનઈમાતાને જઈને કહેજે કે, રાઓશ્રીના ઘોડારના તમામ ઘોડા હડકાયા થયા છે. માટે મંતરીને પાણી

આપો. " તે માણસે રાઓશ્રીની શિખામણ મુજબ પૂનઈમાતાને વાત કરી, પૂનઈમાતા પોતાના તપોબળ વડે પારખી ગયાં અને પૂનઈમાતાએ કહ્યું કે, અત્યાર સુધી તો રાઓના ઘોડાઓ સાજા હતા પણ જા, હવે હડકાયાં થઈ ગયાં છે અને જામ તમાચીજી જાતે અહીં આવશે ત્યારે જ ઘોડા શાંત થશે.

ખરે જ, પેલો ઘોડેસવાર ત્યાં પહોંચે એ પહેલાંજ ઘોડાઓ હડકાયાં થઈ ચૂકયાં હતાં. ગાંડા થઈને એકબીજાને બચકાં ભરતાં, ધમાચકડી મચાવતાં હતાં. આ બધું જાણીને તમાચીજીને ખૂબ જ પસ્તાવો થયો અને તરત જ ઘોડા પર સવાર થઈ પૂનઈમાતાની ક્ષમા યાચવા રવાના થયા. જામ પોતે પૂનઈમાતાનાં દર્શન કરવા આવે છે. આ વાતની જાણ થતાં પૂનઈમાતાને હર્ષ થયો. તેમણે વિચાર્યું કે, રાજાનું સ્વાગત કરવા મારે સામે ચાલીને જવું જોઈએ. આમ વિચારીને તે રવાના થયાં. જયાં નાના લાયજા ગામના પાદરમાં આવ્યાં ત્યાં તમાચીજીનો ભેટો થયો. તમાચીજી ઘોડા પરથી ઊતરી પૂનઈમાતાના પગમાં પડયા. પૂનઈમાતાએ દીર્ઘાયુષ્યના આશીર્વાદ આપ્યા અને પોતાના જમણા પગનો અંગૂઠો દબાવ્યો એટલે જમીનમાંથી પાણી ભભકવા માંડયું. તેમાંથી એક પિતળનો કળશિયો ભરીને ઘોડા પર છાંટવા રાજાને આપ્યું. તમાચીજી ત્યાંથી રવાના થયા. એટલે પૂનઈમાતા આજુબાજુમાંથી લાકડા એકઠા કરીને, ચિતા ખડકાવી, વીર વાછરાનું સ્મરણ કરતાં–કરતાં ચિતા પર ચડી સતી થયાં. જે જગ્યાએ પૂનઈમાતા સતી થયાં તે જગ્યાએ નાના લાયજા ગામમાં સડકના કાંઠે બીજા પાળિયાઓ સાથે તેનો પાળિયો છે." [૨] જો કે ભીમશીભાઈ સાથેની રૂબરૂ મુલાકાત વખતે પણ તેમણે ઉપરોકત કથા મૌખિક કહી હતી.

કચ્છમિત્ર પૂર્તિમાં વિશ્રામ ગઢવીએ પણ આઈ પુનઈની કથા આપી છે, જે કથામાં પણ એક જ રાજવી તમાચીજીનો ઉલ્લેખ મળે છે. "તલવાણા ગામની દરગાહમાં પૂજાતા રૂકનશા પીર પણ આઈના ભકત હતા." [૩]

તારીખઃ– ૨/૧૧/૦૮ ના રોજ અમે પાંચોટિયા મુકામે આવેલ આઈશ્રી પૂનઈમાતાની દહેરીની મુલાકાત લીધી હતી. આઈશ્રી પૂનઈમાતાના મંદિરની બરાબર બાજુમાં આઈના આરાધ્યદેવ વાછરાદાદાની દેરી બનાવી છે. જેઠાભાઈ ગઢવીના કહેવા મુજબ તારીખઃ– ૧૫–૧૬–૧૭ ની નવેમ્બરના રોજ વાછરાદાદાની મૂર્તિનો પ્રાણ–પ્રતિષ્ઠા મહોત્સવ યોજાવાનો હતો. આઈના મંદિરમાં આઈના જમણા હાથવાળો પાળિયો જોવા

મળે છે. નીચેનું લખાણ જોવા મળતું નથી. વળી આઈના પાળિયાને કપડાં પણ પહેરાવ્યાં છે. નાત–જાતના ભેદભાવ વિના સૌ ગામજન પૂનઈમાતાને પૂજે છે. મંદિરના વિશાળ આંગણામાં નાગનાથનું મંદિર પણ આવેલું છે અને બીજા પાળિયાઓ પણ દષ્ટિગોચર થાય છે. જેની કથા મળી નથી.

## ૪.૩ * આઈ ગુંદલનો પાળિયો :–(ગુંદિયાળી)

ગુંદિયાળી ગામમાં નાના ભાડિયા જવાના રોડની એક બાજુ ગુંદલમાનું મંદિર છે. અને રોડની બીજી બાજુ એટલે કે, ગુંદલમાતાના મંદિરની સામેના ભાગમાં કાગડાપીરની દરગાહ છે. ગુંદલમાતાના મંદિરની પાછળના ભાગમાં નદી આવેલી છે. તેની બાજુમાં (મંદિરની) અત્યારે ચેકડેમ બની રહ્યો છે. ગુંદલમાતાના મંદિરમાં માતા ગુંદલમાનો પાળિયો બેસાડયો છે. જેમાં ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન છે. લખાણ તો સાવ ઘસાઈ ગયેલું છે, એટલે કે લુપ્ત થયેલું છે. વચ્ચેની આકૃતિમાં ગુંદલમાતાની આખી આકૃતિ કંડારવામાં આવી છે. જો કે, ઘણી જગ્યાએ સતીઓના પાળિયાઓમાં આ પ્રકારની આકૃતિ જોવા મળે છે. આવી આકૃતિની વિશેષતા એ હોય છે કે, તેના એક હાથમાં માળા અને બીજા હાથમાં કમંડલ રાખેલ હોય છે. ગુંદલમાતાના બંને હાથમાં પણ માળા અને કમંડળ છે.

માંડવી તાલુકામાં આવેલું ગુંદિયાળી ગામ લગભગ ૫૦૦ વર્ષ જૂનું છે. પહેલાના જમાનામાં આ ગુંદિયાળી ગામ વલસરા તરીકે ઓળખાતું હતું. વલસરા ગામના ધણીએ આઈ ગુંદલની સ્મૃતિમાં વલસરા ગામને ગુંદિયાળી નામ આપ્યું. આઈ ગુંદલની કથા જોઈએ તો – "કચ્છના દરિયાકિનારે જે રાવળપીર દાદાનું સ્થાનક (મંદિર) આવેલું છે. જેને લોકો પીર તરીકે પૂજે છે. તે રાવળપીરદાદા સાથે ચારણકુળની લાંબા શાખાના મમાયા લાંબાની પુત્રી ગુંદલનું સગપણ થયેલું તે પોતે ધોરમનાથનો અવતાર હતાં. આઈ દેવલના પેટે અવતાર લેતા પહેલાં જ ધોરમનાથ દાદાએ પુત્રનાં સગપણ–લગ્ન કરવાની માતા દેવલને ના પાડી હતી. પરંતુ જેમ–જેમ પુત્ર રાવળ મોટો થતો ગયો તેમ હોંશિલી માતાને રાવળનાં સગપણ કરવાના કોડ જાગ્યા અને જોગીની વાત ભૂલી જઈને ચારણકુળની લાંબા શાખાનાં મમાયા લાંબાની પુત્રી ગુંદલ સાથે તેનું સગપણ રાવળની જાણ વગર કરી નાખ્યું. રાવળે મિત્રો પાસેથી તેનાં સગપણની વાત જાણી. આથી તેણે નક્કી કર્યું કે, પોતે એક યોગી છે એ વાત ગુંદલને જણાવીશ.

રાવળ ગાયો ચરાવી સાંજે ગામમાં પાછો ફરે છે ત્યારે ગુંદલ તેમની સખીઓ સાથે ગામના કૂવેથી પાણી ભરતી હતી. રાવળને જોઈ તેમની સખીઓ ગુંદલની મશ્કરી કરે છે. ત્યાં તો રાવળ–આવીને ગુંદલને કહે છે બેન પાણી પાઈશ ? આ સાંભળી ગુંદલ તો હેબતાઈ ગઈ પણ રાવળ ત્યાંથી ચાલી નીકળે છે. ત્યારપછી તે વલસરા ગામમાં આવે છે. (ઘરનો ત્યાગ કરીને) ત્યાં દેરાજના ઘોડા ચરાવવાનું કાર્ય કરે છે. એક વખત દેરાજને આ ચારણ યુવક એક સિદ્ધયોગી છે એવી ખબર પડે છે. અને તેની સેવા કરે છે. રાવળ બધાનાં દુઃખો દૂર કરે છે. રાવળપીર તરીકે પૂજાવા લાગ્યા. આ વાતના સમાચાર ગુંદલને થયા. ગુંદલે માતા–પિતાને કહ્યું કે, મારે રાવળનાં દર્શન કરવાં છે. માટે જવાની રજા આપો. માવિત્રો ગુંદલને ગાડું જોડી આપ્યું અને સાથે મોટાભાઈ નારણને મોકલ્યા.

ગુંદલ અને તેનો ભાઈ નારણ રાવળના વાવડ પૂછતા–પૂછતા દડમજલ કરતાં ચાલ્યાં આવે છે. આ જાણ જયારે રાવળને થઈ ત્યારે રાવળે જાણ્યું કે મેં જેનો ત્યાગ કર્યો છે તે સામે ચાલીને આવે છે. માટે હવે મારાથી અહિંયા રહેવાય નહીં. મારું અવતાર કાર્ય પૂર્ણ થયું છે. એમ વિચારીને એમણે મહાસમાધિમાં જવાનો નિર્ણય લીધો. બધા અનુયાયીઓ, સેવક વર્ગને જાણ કરી કે કાલે સવારે હું સમાધિ લેવાનો છું. તેનાં અંતિમ દર્શન માટે ભકતજનો ઊમટી પડયાં છે. અને દાદાએ સમાધિ લીધી. ગુંદલ આ વિસ્તારમાં આવી પહોંચે છે અને રાવળપીરની પૂછપરછ કરે છે. કોઈ કાંઈ કહેતું નથી. ગુંદલને થયું કે અહીંના માણસો અમને જવાબ કેમ નથી આપતા ?

આ સમયે નારાયણે ધીરજથી કામ લીધું અને એક વૃદ્ધ ઠાકોરને રામ–રામ કરીને પોતાની બહેનની વાત કરી. તે ઠાકોરને તેની બહેન પર દયા આવી અને મીઠું આશ્વાસન આપીને કહ્યું, બેટા અમારા રાવળપીરે તો ગઈકાલે સમાધિ લીધી છે. ગુંદલ પર તો જાણે વીજળી પડી.

ગુંદલનું શરીર તપાવેલાં લોઢા જેવું થઈ ગયું, અંગેઅંગ ધ્રૂજવા લાગ્યું, માથાના વાળ છૂટા થઈ ગયા. ગુંદલે હાથમાં પહેરેલાં બલોયાં ભાંગી નાખ્યાં. ગામ લોકોને ભાન થયું કે, ગુંદલને સત ચડયું છે. તે ચોક્કસ સતી થશે. વૃદ્ધ લોકો હાથ જોડી વિનવવા લાગ્યા. આઈમા અમને સેવા આપો, હુકમ કરો, શાંત થાઓ. મા અમારો ગુનો માફ કરો અને હુકમ છૂટયા એક ચિતા ખડકાવો, હું સતી થઈશ. મારા રાવળ વગર મારે જીવીને શું કરવું છે ? અહીંયા તો ન મળ્યા પણ ત્યાં ચોક્કસ મેળવીશ. હું પણ ચારણ છું. આઈ છું.

જોગમાયા છું અને આઈ ગુંદલમાં જાણે જગતભરનું સત પ્રગટયું.

થોડી જ વારમાં આખા પંથકમાં સમાચાર પ્રસરી ગયા. શ્રી રાવળપીરની સમાધિ પછી તેની વાગ્દતા ચારણ આઈ ગુંદલદેવી આવી પહોંચ્યાં છે અને સતી થાય છે. સતીમાની જય.... આઈ ગુંદલની જય..... જયકારના નાદ સાથે લોકો દર્શન માટે ઊમટી પડયાં. બુંગિયો ઢોલ ધ્રુબાંગ.... ધ્રુંબાગ વાગવા લાગ્યો, શરણાઈઓ સતીની કઢણ પ્રશસ્તિ ના સૂર છેડયા. ચારણી ચરજો અને વીર ગીતો ગવાવા લાગ્યાં. ભૂદેવોના સામગાનથી વાતાવરણ ગૂંજતું હતું. અબીલ–ગુલાલની છોડો ઊડતી હતી. ફૂલોનો વરસાદ, આજે બીજો દિવસ દુઃખનો હતો. આગલી પ્રભાતે રાવળપીર ધરતીમાં સમાયા હતા અને આજે આઈ ગુંદલ અગ્નિમાં સમાવાનાં હતાં.

સ્ત્રીઓ જયઅંબે... જય ભવાનીની બોલાવી રહી હતી. સતીમાના આશીર્વાદ લઈ રહી હતી. વીરો ભગત પોતાની ભજન–મંડળી સાથે આવી પહોંચ્યો હતો અને મનડા કરી લે વિચાર, મનખા દેહ મળશે નહીં વારંવાર... ભજનો મીઠી હલકથી ગવાઈ રહયાં હતાં.

ગામની પૂર્વ બાજુએ આવેલ નદીના ઉગમણે કાંઠે ઈશાન ખૂણે ચિતા ખડકાઈ, તેના પર અબીલ–ગુલાલ અને ફૂલોની વર્ષા થઈ રહી હતી. મા ભવાનીની જેમ તેજ–તેજના અંબાર અને શકિતની સરિતા વહેતી આવતી હોય એમ ગુંદલ દેવી ધૂણતાં–ધૂણતાં આવ્યાં. તેમનાં પગલાં જયાં–જયાં પડતાં ત્યાં–ત્યાં ગુલાલની છાપ ઊપસી આવતી હતી. તેમનાં બંને કરકમળોમાંથી કંકુ અક્ષત ઝરી રહ્યાં હતાં.

વલસરાના માજનના પટેલ કેશવ ગોરે ગામવતી ફૂલોની માળા પહેરાવી, સ્ત્રી વર્ગ કપાળે ચંદલ તિલક કર્યા. શ્રીફળ ધરી આશિષ માંગ્યા. ચારે દિશાઓમાં ધૂપની સુગંધ પ્રસરી રહી છે. આઈ ગુંદલે ચિતા ભણી ડગ માંડયા. નજીક જઈ ચિતાની પ્રદક્ષિણા કરી. માથું નમાવી ચિતાને પ્રણામ કર્યા અને પછી બે હાથ જોડી સૌનાં દર્શન કરી, આશીર્વાદ આપતાં પોતાનો જમણો હાથ ઊંચો કર્યો અને ધીમે પગલે આગળ વધ્યાં અને એક જયઘોષ સાથે આઈ ગુંદલ ચિતા પર ચડી પદ્માસન વાળી બેસી ગયાં. આંખો બંધ કરી, ધ્યાનસ્થ થયાં. એમનો જમણો હાથ ઊંચો કરી આશીર્વાદ આપ્યા, શાંતિ પ્રસરી ગઈ.

હે .... અગ્નિદેવ... જો મે 'રાવળ સિવાય બીજા કોઈનો વિચાર કર્યો ન હોય અને તન–મન–ધનથી જગદંબાની આરાધના કરી હોય તો હે અગ્નિદેવ પ્રગટ

થાઓ. સતનાં દર્શન કરાવો. જય... ભવાની... જય... અંબેનો પહાડી અવાજ ગાજી ઊઠયો. આકાશમાં જાણે મેઘ ગર્જના થઈ. સાક્ષાત્ત સવિતા નારાયણનાં કિરણો વડે અગ્નિદેવે ચિતામાં પ્રવેશ કર્યો. ભડભડતી અગ્નિશિખા આઈ ગુંદલને ઘેરી વળી. ભેળિયામાં શોભતા આઈ ગુંદલ અગ્નિમાં સમાઈ ગયાં. ચારે બાજુ નગારાં વાગવાં લાગ્યાં, શંખધ્વનિ થવા લાગ્યો. અબીલ–ગુલાલની વૃષ્ટિ થવા લાગી. ગુંદલ માતાની જય. સતી ગુંદલ જુગ–જુગ જીવો.... આઈ ગુંદલ અમર રહેના નારા સાથે પંચ મહાભૂતોનો દેહ અગ્નિમાં સમાઈ ગયો. પણ બીજી બાજુ ? પોતાની નજર સમક્ષ નાની બેન સતી થઈ ગઈ અને એ જોતો જ રહ્યો. પારકા મુલકમાં નારણ એકલો થઈ ગયો. ગુંદલ તો સતી થઈ ગયાં પોતે ગામ જઈ મા–બાપને શું જવાબ આપશે ? એવા તર્ક–વિતર્કમાં અટવાયેલો નારણ આઈ ગુંદલ જયાં સતી થયાં હતાં તે જગ્યાની પ્રદક્ષિણા કરવા લાગ્યો. આ ક્રિયા સતત ચાલુ રહી. સૌએ માન્યું કે બહેનનો ભાઈ સતી બહેનની પ્રદક્ષિણા કરે છે. એટલે વિશેષ કોઈએ ધ્યાન આપ્યું નહીં. લગભગ સૌ વિખેરાઈ ગયાં હતાં, એકલ દોકલ કોઈ હશે તેવા સમયે તે જ નદીમાં આથમણે કાંઠે બીજી ચિતા પ્રજવળી ઊઠી. વળી લોકો ઘર છોડી બીજી ચિતા તરફ દોડયા અને જોયું તો ગુંદલ દેવીનો ભાઈ નારાયણ પણ અગ્નિમાં સમાઈ ગયો હતો. લોકો હતપ્રત થઈ ગયા, રાવળપીરની સમાધિનો શોક, ગુંદલનું સતી થવું અને એના ભાઈ પણ અગ્નિમાં સમાઈ જવું.

આગળ જણાવ્યું તેમ વલસરાના ગામ ધણીએ ગુંદલની સ્મૃતિમાં ગામને ગુંદિયાલી નામ આપ્યું. તેમ નારાયણની સ્મૃતિમાં તળાવનું નામ નારાયણસર તળાવ રાખવામાં આવ્યું. આજે પણ ગુંદિયાળી ગામના ઉગમણા પાદરમાં નદીના કાંઠે વડલાનાં વૃક્ષ પાસે આઈ ગુંદલની દેરી આઈમાના સતીત્વનાં ગાન ગાતી ઊભી છે. જૂનું મંદિર જીર્ણ થતાં અત્રેના સ્વ. શેઠ મંગલદાસ મેઘજી લસણવાળાએ પોતાની હયાતીમાં આ મંદિર નવેસરથી સંવત ૧૯૮૯ માં બંધાવેલ અને તેમની પ્રતિષ્ઠા સંવત ૧૯૯૩ ના વૈશાખ સુદ – ૭ (સાતમ) ને સોમવારની થયેલ." [૪]

ગુંદલદેવીની કથા દુલેરાય કારાણીએ પોતાના 'કચ્છ કલાધર' – ભાગ–૨ માં આપી છે.

આમ, માતા દેવલની કૂખે જન્મેલ અને આઈ ગુંદલ સાથેનો સંબંધને તોડીને જનાર રાવળ છેવટે કચ્છ ધરણી પર પીર થઈને પૂજાયો. આશાનંદે નોંધ્યું છે તેમ,

**" માત દેવલતણી કુખ ઉજાળી, વીર વલસરે ધણી**
**પીર રાવળ જેમાં પ્રગટયો... ગેલવા કુળ કીર્તિ ધણી,**
**આઈ ગુંદલને આવતા જાણી, નિસર્યા નિજ ધામમાં,**
**આમ કચ્છ ધરાની વીરતા તો , અમર છે ઈતિહાસમાં "(૫)**

આ કથા કચ્છ કલાધર પુસ્તકમાં પણ મળે છે.બંને પુસ્તકમાં રહેલ ગુંદલની કથા સરખી જ જોવા મળે છે. કયાંક સંવાદોમાં થોડો ફેરફાર છે. દા.ત. કચ્છ કલાધર – ભાગ–૨ માં રાવળપીરનો સંવાદ બહેન ! હેલ ઉપડાવું કે ? " (૬) જોવા મળે છે, જયારે ધર્મ રક્ષક સંત – શેષાવતારશ્રી રાવળપીર દાદા પુસ્તકમાં – બેન પાણી પાઈશ ? જેવા સંવાદો જોવા મળે છે. એ સિવાય કથા સમાન છે.

ગુંદલમાતાની પૂજા રોજ કરવામાં આવે છે. તેના પૂજારીનું નામ દિનેશભાઈ નિર્મળગિરિ ગોસ્વામી છે. તેઓ ગામમાં પોતાની એક દુકાન ધરાવે છે. જો કે દિનેશભાઈ જોષી પાસેથી પણ ગુંદલ આઈની આ જ કથા મળી હતી.

આ રીતે દેવ સ્વરૂપે ગણાતા રાવળપીરદાદાની પાછળ સતી થનારાં તેમનાં ભાવિ પત્ની ગુંદલઆઈ પણ દેવી તરીકે પૂજાય છે.

## ૪.૪ * ફરાદીના પાળિયાઓ (જેમલજીની છતરડી) :–

ફરાદી ગામમાં જેમલજીની છતરડી ઊભી કરાયેલ છે.છતરડી અંદરનો પાળિયો જર્જરિત છે. લખાણ કાળના પ્રવાહમાં લુપ્ત થયું છે. તેથી તે વાંચી શકાય તેમ નથી. ઘોડેસવારની આકૃતિ પરંપરિત છે.

"માંડવી તાલુકામાં આવેલું ફરાદી ગામ આશરે ૧૦૦૦ (એક હજાર)ની વસ્તી ધરાવતું ગામ છે. માંડવીથી ઈશાન ખૂણે ચૌદ માઈલ દૂર આવેલા આ ફરાદીના સ્થાપનાની કોઈ ચોક્કસ તવારીખ મળતી નથી. પણ ઈતિહાસની દષ્ટિ જયાં સુધી પહોંચે છે તે પ્રમાણે સંવત ૧૭૫૪ ના વૈશાખ સુદ – ૪ ના કચ્છ ભુજના તખ્તા પર રાઓશ્રી રાયધણનો સૂર્ય તપતો હતો. તેમના કુંવર ગોપાલજીએ ગામનું તોરણ બાંધ્યું. દંતકથા અનુસાર નલિયાના ઠાકુરે (ઠાકોરે) પોતાની પુત્રીને ફરાદી ગામ કન્યાદાનમાં આપ્યું. લોકવાયકા મુજબ ખાનપુર, સુખપુર, ફૂલથળો, દિવાતર, ટોબાસર, સોઢાવાસ વગેરે ગામ ભાંગીને ૧૬ મી સદીના અંતમાં ફરાદી ગામની સ્થાપના થઈ. ફરાદી વિશે એક પ્રચલિત

કથા છે કે, આ ગામ વારંવાર લૂંટાતું અને વસતું આથી ત્યાંના લોકો સ્થળાંતર કર્યે જતા. આ વખતે કચ્છમાં (૧૭ મી સદીના ઉત્તરાર્ધમાં) એક કથા મુજબ રણુજાથી રામદેવપીરની પધરામણી થઈ ને ફરાદી ગામને સ્થિર કરવાના પવિત્ર ઉદ્દેશથી ને ભાવિકજનોની વિનંતીથી રામદેવજી એમના ભાઈ વીરમદેવજીના પુત્રાદિકને ફરાદીમાં રહેવા માટે આદેશ આપે છે. આજે પણ રામદેવજીનાં પગલાં પૂજાય છે. આજે આ ગામમાં પરાજિયા સોની, ભાટિયા, લોહાણા, રાજગોર, ત્રિવેદી, બ્રાહ્મણો, જૈનો, મુસલમાન, રાજપૂતો, જેવી વિવિધ જાતિઓ ધરાવતી પ્રજા વસે છે." (૭)

"ક્ષત્રિયના સંતાનવીર જેમલજી ગૌમાતાની રક્ષા કાજે લગ્નમંડપમાંથી ગામને પાદરે પહોંચી દુશ્મનોને મારીને પાછા હટાવીને ગામનું ધણ પાછું વાળ્યું. ગૌધણ વાળ્યા પછી એના દિલમાં હરખનો પાર નો ' તો. હરખમાં ને હરખમાં એ અમારા ગામ ફરાદીના માર્ગે પાછા આવતા હતા. તેવામાં દગાથી જેમલજીની પીઠમાં બંદૂકનો વાર કરી હજામ નાસી છૂટે છે. આ આશા ભરેલા વીર યુવાનનું અણધારતા જ અવસાન થાય છે અને એ જ જગ્યાએ જયાં પોતે મર્યા હતા ત્યાં જ તેમનો અગ્નિસંસ્કાર પણ કરવામાં આવ્યો છે." (૮) આવા વીરપુરુષ જેમલજી જે જગ્યાએ વીરમૃત્યુ પામ્યા હતા તે જગ્યા ભંગલી નામે ઓળખાય છે.

હાલમાં બીજી કોઈ જગ્યાએથી માહિતી ઉપલબ્ધ નથી થઈ.

### ૪.૫ * દેથરની છતરડી (ફરાદી) :-

"ફરાદી ગામમાં બીજી એક પ્રખ્યાત છતરડી છે જે દેથરની છતરડીના નામે ઓળખાય છે. ફરાદીના વતની ડેલીવાળા દેથરની છતરડી પણ આ ગામના નાકે છે. દેઢિયાઓમાં જન્મેલા આ વીરયુવકે પણ ગામમાં જૂના જમાનામાં આવતા અને વારંવાર ગામ ભાંગતી લૂંટારુઓની ટૂકડીથી ફરાદી ગામને બચાવેલ છે. લૂંટારુ સાથેના આ યુદ્ધમાં આ વીરયુવક વીરતાપૂર્વક બે લૂંટારાઓ સામે ઝઝૂમીને એમને ભગાડી મૂકે છે. ઘાયલ થયેલા આ વીરપુરુષે આંતરડાની ભેઠ બાંધી પાણી–પાણી કરતાં ફરાદી ગામના નાકે દેહ મૂકયો." (૯)

આ ગૌરવભરી શૌર્યગાથા આજે પણ એમના વંશજો ગાય છે અને એમને પૂજે છે. ગામના પાદરમાં તેમની છતરડી ઊભી છે. આકૃતિ પરંપરિત છે. કાળના પ્રવાહમાં

લખાણ લુપ્ત થયું છે, છતાં બે–ત્રણ અક્ષરો દેખાય છે.

× × × × × × ×

× × માગશર સુદ ×

× × દે દ થ ર લે જુ

× × × × × × ×

અમારી રૂબરૂ મુલાકાત દરમિયાન માત્ર આટલું જ લખાણ વંચાતું હતું. આ ઉપરાંત આ સિવાય બીજી જગ્યાએથી માહિતી પ્રાપ્ત થતી નથી.

## ૪.૬ * પૂનાબાઈનો પાળિયો (ફરાદી) :–

પૂનાબાઈની ખાંભી ફરાદી ગામમાં મફતનગરી પાછળ અને મુસ્લિમ કબ્રસ્તાન તેમજ સોની જ્ઞાતિના મસાણ પાછળ આથમણી દિશામાં જયાં કેનાલ છે અને પૂર્વ–દિશામાં નદી વહે છે ત્યાં મૂકવામાં આવી છે.

પૂનાબાઈ ગામ ફરાદીમાં ભૂરા પરિવારનાં કુળવધૂ અને મુન્દ્રા તાલુકાના ભુજપુરના થારૂ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. તેની માહિતીદાતાના કહેવા પ્રમાણે તેની કથા નીચે મુજબ છે.

ફરાદી ગામમાં પૂનાબાઈ સવારના પો'રમાં કૂવા ઉપર પાણી ભરવા ગયાં હતાં. તે સમયે આ જ ગામના જાડેજા દરબાર (માહિતીદાતા નામ જાણતા નથી) તેઓ પણ ત્યાં પોતાના બે બળદોને પાણી પીવડાવવા માટે આવ્યા. તેમણે પૂનાબાઈને કૂવા પર પાણી ભરતાં જોઈને મે'ણું માર્યું કે સવારમાં જ વાંઝણીનું મોઢું જોયું છે. તો કોણ જાણે આજ વાવેતર કરેલ ઊગશે કે કેમ ? અને તે દિવસે તેઓ વાવેતર કરવા ગયા નહિ અને આ મે'ણાને લીધે પૂનાબાઈએ ઘેર આવીને તરત જ સતી થવાનો નિર્ણય લીધો. તેમણે લીમડાની ડાળી લીધી અને સળગતા ભઠ્ઠા પર પગ મૂકી ખીર રાંધીને પરચો બતાવ્યો. આમ એને જીવતે જીવ અગ્નિસ્નાન કર્યું. આથી એમનો પાળિયો મૂકયો." [૧૦]

ફરાદી ગામમાં પૂનાબાઈના સતી થયા પછી તેમનાં સાસુ ચાંગબાઈ કાંગી જાતિનાં હતાં. તેઓ પણ તેમની પાછળ સતી થયાં. આ બંને સાસુ–વહુના પાળિયાઓ બાજુબાજુમાં છે. જેમાં કોઈપણ પ્રકારનું લખાણ કે આકૃતિ જોવા મળતી નથી. છીપર આકારના પથ્થર ઊભા કરવામાં આવ્યા છે. જે માહિતીદાતાના કથન મુજબ

ઉપરના સતીઓના છે.

## ૪.૭ * માનબાઈનો પાળિયો (ગઢશીશા) :-

ગઢશીશા ગામના પાદરમાં સ્મશાન તરફ જતાં રસ્તા પર રોડની બાજુમાં છતરડી છે. તેમાં માનબાઈનો પાળિયો ઊભો છે. ઉપર સૂર્ય–ચંદ્રનાં નિશાન તથા જમણા હાથનું નિશાન છે. પરંતુ કાળના ગતિમાન પ્રવાહે અક્ષરોને ધોઈ નાખ્યા છે. માનબાઈના પાળિયા વિષયક કથા નીચે પ્રમાણે છે.

"નખત્રાણા ગામમાં સોંપો પડી ગયો. દેદા પાચાજીની આગેવાની તળે બહારવટિયાની ટોળી આજુબાજુનાં ગામોને લૂંટતી ને રંજાડતી. આ લૂંટારાઓ છાનામાના આવવાને બદલે આગલા દિવસે જાસા ચિટ્ટી મોકલાવતા પણ તેમનો એક વણલખ્યો નિયમ હતો કે તે બ્રાહ્મણોને લૂંટતા નહીં. નખત્રાણામાં પાલીવાડ જ્ઞાતિના બ્રાહ્મણ માનબાઈ નાની ઉંમરે વિધવા થયેલાં. માનબાઈએ પોતાના એકના એક દીકરાને ગામનાં દળણાં દળીને મોટો કર્યો હતો. એક દિવસ ગામને લૂંટારાઓની જાસા ચિટ્ટી મળી આ ગામનો ખીમો કણબી પોતાનાં ગાડા–બળદને માનબાઈને સોંપીને બહાર ગામ જતો રહ્યો. તે જ દિવસે સવારે માનબાઈનો દીકરો પણ બહાર ગામ ગયેલો. બીજે દિવસે બંદૂકોના ભડાકાઓ સાથે બહારવટિયાઓ આવ્યા. લૂંટારાઓ ગામ લૂંટીને જતા રહ્યા. ત્યાં કોઈકે કહ્યું કે, બાવા, ખીમો પોતાનાં ગાડા–બળદને માનબાઈને ત્યાં મૂકીને ગયો છે. આથી લૂંટારાઓ માનબાઈ કાંઈ બોલે એ પહેલાં ગાડા–બળદોને છોડીને લઈ ગયા. માનબાઈ રડવા લાગ્યાં. ગામ લોકોએ સમજાવ્યાં. તેનો દીકરો શંકર કે જે બહારગામ ગયેલો તે પણ આવી પહોંચ્યો. તેણે પણ પોતાની માતા માનબાઈને સમજાવ્યાં કે તેમાં તમારો કાંઈ વાંક નથી. એવું હશે તો આપણે ખીમાને ગાડા–બળદના પૈસા આપી દેશું. પણ માનબાઈ કહે મેં ખીમાને વચન આપેલું. તેની થાપણ સંભાળવાનું તેનું શું ? શંકર મારે કોઈપણ રીતે ગઢશીશા જઈને ખીમાની થાપણ મેળવવી છે. મા–દીકરો ગઢશીશા ગયાં ત્યાં પાચોજીને બળદ–ગાડું પાછું આપી દેવા માનબાઈએ ખૂબજ વિનવણી કરી પણ પાચાએ ચોખ્ખી ના પાડી દીધી. માનબાઈનું રૂપ બદલાઈ ગયું. દીકરાને કહ્યું, ગામમાંથી તલવાર માંગી લાવ. ગામમાં તલવાર ન મળવાથી શંકરે છેક મઉં ગામમાંથી તલવાર લઈ આપી. માનબાઈએ શંકરને કહ્યું, તું મારું મસ્તક ઉડાડી દે. દીકરાએ કચવાતા મને માનું

મસ્તક ઊડાડયું. તેમાંથી ખોબો લોહી માનબાઈએ લૂંટારાઓ તરફ ઉડાડયું અને શ્રાપ આપ્યો કે તમે બધા અંદરો અંદર લડી મરશો ને બહારવટિયાઓને ડોશીનો શાપ લાગ્યો. થોડા જ વખતમાં બધા અંદરો અંદર કપાઈ મૂઆ." [૧૧]

## ૪.૮ * વારૂ બારોટનો પાળિયો (કાઠડા) :-

વારૂ બારોટનો એક પાળિયો શેખડિયા ગામમાં અને બીજો પાળિયો કાઠડા ગામમાં આવડ માતાજીના મંદિરમાં છે.

"માંડવી તાલુકાના આશરે ૨૦૦૦ કરતાં પણ વધારે વસ્તી ધરાવતાં નંદનવન સરખા કાઠડા ગામમાં વારૂ બારોટનો જન્મ વિક્રમ સંવતની ૧૯ મી સદીમાં થયેલો મનાય છે. આભને થીંગડા આપે એવો દિલનો દિલાવર ખમીરવંતા આ બારોટે કાઠડા ગામની ઘણી લીલી–સૂકી જોઈ હતી. વારૂ બારોટ નાનપણથી જ સત્યવકતા, નીડર અને ભકિતભાવ ધરાવતો હતો. યુવાનવયે જ તેની પ્રતિષ્ઠા વધવા લાગી. નાના–મોટા ઝઘડા તે પતાવતો. ગોડજીના વખતમાં રાજાના ભાયાતો ખાસ કરીને રાઉજી અને તેના માણસો ગામ ભાંગીને લૂંટફાટ કરતાં પણ કાઠડા સામે જોવાની હિંમત તેનામાં ન હતી. કેમકે આ ગામનો સિંહની ગર્જનાથી દુશ્મનોની ફે' ફાટતી. વારૂની તબિયત બગડતાં તેનો લાભ રાઉજીએ લઈને કાઠડા ભાંગ્યું. આ વાતની જાણ વારૂને થતાં માતાજી પાસે આશીર્વાદ મેળવી ભુજમાં બિરાજમાન ગોડજી પાસે મદદ માટે ગયો. પોતાની કવિતાથી ગોડજીને પ્રસન્ન કરીને તેની મદદથી રાઉજીને માર્યો. તે જ રીતે તેને બારાડીના તેજા રાણાનું અભિમાન ઉતાર્યું. આ સમય ગાળામાં સિંધમાં હમ્મર જતનો ડંકો વાગતો હતો. તે અભિમાની હોવાથી દરેક ચારણ–બારોટ હંમેશાં તેની પ્રશંસા કરતા પણ વારૂ ત્યાં પહોંચી ગયો અને હમ્મરને અભિમાની કહ્યો અને કહ્યું કે હમ્મર તારું અભિમાન ઉતારે એવો અમારો કચ્છનો મોટી વમોટીનો રવોજી છે. મોટી વમોટીના રવોજી સાથે તારે પાલો પડયો નથી લાગતો ! આથી જત ગુસ્સે થયો અને રવોજીનું અપમાન કર્યું. બારોટથી આ સહન ન થયું અને તે અન્ન–જળનું ત્યાગ કરીને વમોટી જઈને કાવ્યમય બાનીમાં જતની વાત કરી. રવોજી મોટા લશ્કર સાથે સિંધ પર ચડી ગયો અને હમીરને મોતને ઘાટ ઉતાર્યો. તેવી જ રીતે આખા સૌરાષ્ટ્રનો દીવાન મેરૂ ખવાસ જે ખૂબ તાકાતવાળો હતો. ભલભલા રાજા પણ તેની સામે બોલવાની હિંમત કરી શકે નહીં. એક

ખવાસની આવી ઉદ્ધતાથી ગોંડલના કુંભાજી કંટાળ્યા તેને વર્ષના દિવસે સલામ કરવા જવાનું થાય ત્યારે મહારાજની બાજુમાં બેઠેલાં એક ખવાસને પણ સલામ ભરવી પડે છે. ખવાસનું અભિમાન ઉતારવા ઘણા ચારણોને કહ્યું પણ એકેય ચારણ તૈયાર થતાં નહિ. આથી કુંભાજીએ ચારણોને ભેટ–સોગાદો આપવાનું તથા પોતાના દરબારમાં પ્રવેશવાની મનાઈ ફરમાવી. આ વાતની જાણ વારૂને થતાં તે ત્યાં ગયા. મહામુશ્કેલીએ કુંભાજીને મળીને મેરૂ ખવાસને સાતવાર ગોલો કહેવાનું વચન આપ્યું, અને પડવાના દિવસે જામનગરના દરબારમાં પગ મૂકતા જ તેણે ખવાસની પ્રશંસા ભરેલી પણ ગોલા શબ્દવાળી કવિતા રજૂ કરી અને ખવાસને તેની જાતિનું ભાન જાહેરમાં કરાવ્યું. ત્યારબાદ ૧૮૩૫ માં ગોડજીનું અવસાન થતાં તેના કુંવર રાયધણજી ગાદીએ આવ્યા. રાયધણજી અને રતડિયાના દરબાર વચ્ચે મનદુઃખ થતાં વારંવાર ઝઘડા થતા હતા. એક વખત રાઓશ્રીએ રતડિયા પર લશ્કર સહિત ચડાઈ કરી ત્યારે ઠાકોરે વિચાર્યું કે પોતે રા ' સામે ટકી નહીં શકે આથી તેણે સમાધાન કરવા વારૂ બારોટને મધ્યસ્થી સોંપી. વારૂએ તેનો સ્વીકાર કરીને રા ' રતડિયાના દરબારગઢની બહાર પડાવ નાખીને પડયા હતા. ત્યાં જઈને રા ' ને યુદ્ધ અટકાવવાનું કહ્યું રા'એ આ વાતનો સ્વીકાર કર્યો. પછી બારોટ રતડિયાના દરબારને કહેવા ગયા. બંને પક્ષે સમાધાનના એકરાર થયા. બારોટ જેવા દરબાર ગઢમાંથી નીકળ્યા કે, રતડિયાના એક ખવાસે ગઢ ઉપરથી ગોળી છોડીને રા'ના ખાસ વિશ્વાસુ માણસના કાકાને ઠાર કર્યા. આથી દગો થયા જેવું થયું. બારોટને આ વાતની જાણ ન હતી. રા'ને ખોટું લાગવા જેવું થયું. બધા વારૂને ફિટકારવા લાગ્યા. એવામાં બારોટ જેવા રા' ના તંબુ પાસે પહોંચ્યા કે, પોતાના કાકાનો બદલો લેવા રા' ના વિશ્વાસુ માણસે કલમવાઢ તલવારનો વારૂ પર ઘા કર્યો. આ તલવાર બારોટને એવી લાગી કે, તે ઢળી પડયા. પણ તે વખતેય તેના મુખમાંથી કાવ્યઝરણું વહી નીકળ્યું, એમ કહેવાય છે કે રા'ને તેની ભૂલ સમજાણી બારોટની માફ માંગી, પણ બારોટે તેને માફ કર્યો અને પોતાના દેહને શેખડિયા લઈ જઈને અગ્નિસંસ્કાર કરવાનું કહ્યું તે મુજબ થયું." [૧૨]

વારૂ બારોટની કથા 'કચ્છ કલાધર' માં દુલેરાય કારાણીએ પણ નોંધી છે. "જેમાં માત્ર વારૂ બારોટ રતાડિયાના દરબાર અને રા' રાયધણજી વચ્ચે ઝઘડાઓ ચાલતા હતા, તેમાં વારૂ બારોટ સમાધાન કરતા તરીકે હતો. દગાથી રતાડિયાના એક ખવાસે રા'

ના માણસે બાબુરાવ નામના એક જમાદારને વીંધી નાખ્યો. તેનો આરોપ વારૂ પર આવ્યો. મરનારના ભત્રીજાએ વિચાર્યા વગર ઉતાવળમાં ગોળી મારી ઠાર કર્યો." (૧૩)

વતનપ્રેમી, રાજભકત, માનવહિતકારી અને ક્ષમાની મૂર્તિ સમાન વારૂ બારોટના મુખમાંથી પ્રસંગોપાત્ પણ દુહાઓની શેરો છૂટતી. રા'ના વખાણ કરતી વખતે –

**' ભોરા શંભુઅ ભુજ પતી**
**સોરે નરેજા સિધ**
**બે ઓ ડિજે નવનિય**
**કંકણ ન ડી જે કછગુરૂ. '** (૧૪)

મૃત્યુ વખતે પણ તેના મુખમાંથી પંકિતઓ સરી પડે છે. !

**" કટક કેઓ કાછે ધણી, રતાડિયે તે. રા ;**
**સરગ સિધાયો વાનરો, વારૂ રામ હથા. "** (૧૫)

અહીં એક નેક–ટેક, ક્ષમાવાળા સાચા વીરપુરુષનાં દર્શન વારૂ બારોટમાં થાય છે.

અમારી રૂબરૂ મુલાકાત દરમિયાન અમે જાણ્યું કે, વારૂ બારોટનો પાળિયો મંદિરની બાજુમાં નહીં પણ આવડ માતાજીના મંદિરમાં જ ઊભો કરાયો છે. પ્રતિમાને બંને બાજુએ પાળિયા ઊભા કરાયા છે. જેમાં પ્રતિમાની જમણી બાજુએ વારૂ બારોટનો પાળિયો છે. પાળિયો લીસો છે. તેમાં આકૃતિ કે અક્ષરો કોતરેલાં નથી. પરંતુ પાળિયાની બરાબર મધ્યમાં વારૂ બારોટનો નામોલ્લેખ દર્શાવતી તકતી મૂકેલી છે. તકતીમાં નીચે મુજબનું લખાણ જોવા મળે છે.

**આ સ્મારકશિલા કા**
**ઠડાના પ્રખ્યાત શીઘ્ર**
**વારૂના પુણ્યા**
**ર્થે સ્થાપિત કરી છે.**
**જીવનકાળ**
**વિક્રમ સં. ૧૭૮૦–૧૮૪૨.**
**જન્માષ્ટમી સં. ૨૦૨૭.**

માહિતીદાતા જેઠા ભીમા ગઢવીના કહેવા મુજબ આખું ગામ આવડમાતાની સાથે વારૂ બારોટને પણ પૂજે છે.

ઈતિહાસ પ્રમાણે રાયધણજી બીજા અને વારૂની સાલ મળે છે. તકતીમાં પણ એ જ સાલ દર્શાવેલ છે. એનો અર્થ એ થયો કે રાયધણજી બીજાના સમયમાં વારૂ બારોટ થયા હોવા જોઈએ. સાથે–સાથે વારૂ બારોટની કથામાં આગળ જણાવ્યું છે કે, એક વાર વારૂએ ભુજમાં બિરાજમાન ગોડજી (બીજા) ની પ્રસન્નતા કાવ્ય દ્વારા મેળવી હતી. તેનો અર્થ એ થયો કે, વારૂ બારોટ ગોડજી અને રાયધણજી (બીજા) બંને પિતા–પુત્રના શાસનકાળનો સાક્ષી રહ્યો હતો. કેમકે વારૂબારોટની ખાંભીમાં રહેલ તકતી પર બારોટના જીવનકાળની જે સંવત મળે છે તે સંવત ઉપરોકત બંને રાજવીના શાસનકાળ સાથે મેળ બેસે છે.

## ૪.૯ * દેવા મધુડાનો પાળિયો :- (કાઠડા)

કાઠડાના વારૂ બારોટના પાળિયાની રૂબરૂ મુલાકાત દરમિયાન આવડ માતાજીના મંદિરમાં પ્રતિમાની બંને બાજુએ પાળિયા છે. જેમાં પ્રતિમાની જમણી બાજુએ વારૂ બારોટનો પાળિયો છે. તે આગળ જણાવ્યું. જયારે પ્રતિમાની ડાબી બાજુનો પાળિયો દેવા મધુડાનો છે.

* માહિતીદાતાના કહેવા પ્રમાણે–" બાંભડાઈના દરબારો અને કાઠડાના ચારણો વચ્ચે અવારનવાર ઝઘડાઓ થતા. તેમાં એક દિવસ ઉપરોકત વ્યકિત (દેવા) મંદિરમાં પૂજા કરતા હતા. ત્યાં પેલા બાંભડાઈના દરબારો ચડી આવ્યા અને આડા–અવળી ગોળીબાર થયા. તેમાં એક ગોળી દેવા માધુડાને લાગી ગઈ અને તે શહીદ થયાં." [૧૬]

* અમારી રૂબરૂ મુલાકાત સમયે વારૂબારોટના પાળિયાની માફક આ પાળિયામાં પણ પાળિયાની વચ્ચે એક તક્તી લગાવેલી છે. જેમાં નીચે મુજબનું લખાણ જોવા મળે છે.

આ સ્મારક શિલા
કાઠડાના શૂરવીર દેવાંશી
ગ્રામ કાજે આત્મબલિ

દેનાર શ્રી દેવા માધુડાના
પુણ્ય સ્મર્ણાથે સ્થા
પિત થઈ શ્રી દેવા કાનાનો
જીવનકાળ : ૧૭૯૫–૧૮૨૫.
જન્માષ્ટમી : સં : ૨૦૨૭.

* અહીં એ નોંધવું રહ્યું કે ઉપરોકત વીરપુરુષ વિશે માહિતીદાતા પાસેથી આછેરી કથા મળે છે. તથા તક્તીના લખાણ ગામ માટે આત્મબલિદાન આપનાર વીરપુરુષનું નામ તથા તેનો સમય મળે છે. આ સિવાયની આ વ્યકિતની ઉપરોકત ઘટના વિષયક બીજી કોઈ માહિતી હાલમાં મળી શકી નથી.

### ૪.૧૦ * રૂઘા જોશીનો પાળિયો :–

માંડવી તાલુકામાં આવેલ બાયઠ ગામ. આ બાયઠથી દેઢિયા ગામ જતાં મુખ્ય હાઈવે પર (હાઈવેની બાજુમાં) બાયઠથી થોડે દૂર ભડવીર રૂઘા જોશીનો પાળિયો આવેલો છે.

" રૂઘાની ઓળખ લખધીર નામે હતી. રૂઘો ખેંગારજીની બેન કમાબાઈ તથા ઓલિયાજીનો આશ્રિત હતો. તેનો મામો કાળો જોશી મોરબીનો કારભારી હતો. જયારે મહંમદ બેગડાએ રાઓશ્રીને મોરબી સર કરવાનો પરવાનો આપ્યો ત્યારે તેમણે મોરબીમાં ક્ષેત્ર તૈયાર કરવાને આ રૂઘાને પ્રથમથી જ મોકલ્યો હતો. રૂઘો મોરબી જઈ પોતાના મામા કાળાને ત્યાં રહી મોરબીના થાણેદાર નવાબખાન ગોરી વિઢદ્ધ પ્રચાર કાર્ય ચલાવવા લાગ્યો. અધૂરામાં પૂરું કાળાની એક ગાયને ગોરીના માણસોએ કતલ કરી નાખેલી હોવાથી હિંદુ જનતામાં ગોરી રાજય પ્રત્યે ઝેર ફેલાવવામાં રૂઘાને સહાયતા મળી ગઈ. કાળો રાજભકત હોવા છતાં ગાયના કતલ પછી તેણે પ્રતિજ્ઞા કરી કે, જયાં સુધી ગોરી મોરબીના રાજય પર છે ત્યાં સુધી મોરબીનું પાણી હરામ છે. કાળાએ વાંકાનેર જઈને ત્યાંના સુલતાનસિંહને મોરબીનું રાજય અપાવવાની વાત કરી. પણ રાજા સુલતાન હળવદ પર ચડાઈ કરવાનો હોવાથી મોરબી પર જઈ શકયો નહીં. એટલામાં રાઓશ્રી ખેંગારજી પોતાના સઘળા રસાલા સાથે મોરબી આવી પહોંચ્યા. મોરબીના થાણે રહેલ ગોરીને પાદશાહી પરવાનો બતાવવામાં આવ્યો પરંતુ ગોરી સરદારે શાહી પરવાનાને

જરા પણ ન ગણકારતાં ચોખ્ખું જણાવી દીધું કે તે મોરબીની સત્તા કોઈને પણ સોંપવા તૈયાર નથી.

હવે કયો રસ્તો લેવો તેની સલાહ લેવા રાઓશ્રીએ રૂઘાને બોલાવ્યો. રૂઘાએ તેના મામા કાળાને ગોરી સરદાર વિદ્ધ કયારનોય ફેરવી નાખ્યો હતો. તેમણે ગોરીનો ઘાટ ઘડી નાખવાનો પ્રબંધ રચ્યો. કાળા જોશીએ મોરબીના લશ્કરને જુદી–જુદી જગ્યાએ કંઈ ને કંઈ આવશ્યકતા જણાવીને મોકલી દીધું. એ તકનો લાભ લઈને રૂઘા અને કાળાએ પ્રથમથી રચેલા સંકેત મુજબ રાઓના લશ્કરને દાખલ થવા માટે મોરબીના દરવાજા ખોલી નાખ્યા. કચ્છી લશ્કર ખુલ્લી તલવારે શહેરમાં દાખલ થઈને ગોરીને મારીને મોરબી સર કર્યું. નીચેની કંડિકામાં આ વાત રજૂ કરાઈ છે.

**" અચી મારઈ મોરબી જીં તિત્તર તેં બાજ,**
**ગોરી સંઘો રાજ, ઝટે ગિડો જોરસેં. "**

(જેવી રીતે તેતર ઉપર બાજ પક્ષી પડે તેવી જ રીતે રાઓશ્રીએ મોરબીની સત્તા ગોરી સરદાર પાસેથી ઝૂંટવી લીધી.)

કાળો અને રૂઘો રાઓ સાથે કચ્છ ગયા. આગળ જતાં આ બંને એટલા પ્રબળ બની ગયા કે લોકોમાં કહેવત ચાલી કે, ' કારો તાં ભારો, એ રૂઘો તાં રા'. રૂઘાને ભવાનજી નામે એક પુત્ર અને બે પુત્રીઓ અનુક્રમે રાજબાઈ અને હરખબાઈ નામે હતી. પરણાવેલી મોટી પુત્રી રાજબાઈ ગર્ભવતી હતી ત્યારે તેના પતિએ ગુસ્સે થઈને લાત મારી આથી ગર્ભપાતની સાથે બાઈ પણ મરણને શરણ થઈ. આ વાત જાણી ચારેકોર હાહાકાર થયો. રૂઘો પોતાના જમાઈને કેવી શિક્ષા કરશે તેના વિશે લોકો કલ્પનાઓ કરવા લાગ્યા.

રાજબાઈ મરણ પામતાં તેના વરને કેદ કરવામાં આવ્યો. મરનારને તેર દિવસ થતાં નાતરીત પ્રમાણે શોક ઉતારવા સફેદ પાઘડીઓ બદલાવવા જયારે સઘળા સારસ્વતો એકઠા થયા, ત્યારે રૂઘા જોશીના જમાઈને પણ ત્યાં બોલાવવામાં આવ્યો. શોક ઉતારવાની વિધિ સમાપ્ત થતાં રૂઘા જોશીએ પ્રથમથી જ ઘડી રાખેલી યોજના મુજબ તેની નાની દીકરી હરખબાઈના સગપણના કંકુચોખા અને નાળિયેર તેના જમાઈને આપવામાં આવ્યા. આ દશ્ય જોઈને લોકોની અજાયબીનો પાર રહ્યો નહિ. જે માણસને ફાંસીએ લટકાવવો જોઈએ તેને જ ફરીથી પોતાની બીજી પુત્રીનું સગપણ આપતાં રૂઘાની

ઉદારતા કેટલાક લોકોને યોગ્ય  ન જણાતાં તેઓ રૂઘાને તેમ ન કરવા સમજાવવા લાગ્યા. રૂઘાએ તેમને જણાવ્યું કે એ માણસે ઈરાદાપૂર્વક તેની  પુત્રીનું ખૂન કરેલું ન હોવા છતાં હવે તેને કોઈપણ પોતાની કન્યા આપે એવો સંભવ નથી. આથી એક ગરીબ બ્રાહ્મણનું ઘર ભાંગતું બચાવવા તથા તેને નિર્વંશ જતો અટકાવવાના ઉદ્દેશથી જ તેણે આ રસ્તો લીધો છે. આ વાત તેણે સમસ્ત જ્ઞાતિ સમક્ષ જાહેર કરી દીધી. આ જાણી ઘેર–ઘેર રૂઘાની ઉદારતા અને તેના હૃદયની વિશાળતાના ગુણગાન થવા લાગ્યા.

રાઓશ્રી ખેંગારજીએ જયારે ભુજ વસાવ્યું, ત્યારે હાલના દરબારગઢથી ઉત્તરાદી તરફ પબુરાઈ નામે એક તળાવડી હતી. તે ઠેકાણે, રૂઘાના રહેઠાણ માટે જમીન આપવામાં આવી, ત્યાં તેણે વિશાળ ઈમારતો ચણાવી દીધી. આ જગ્યાનો કેટલોક ભાગ આજ પણ રૂઘાના વંશજો પાસે છે અને કેટલોક ભાગ ગીરો તથા વેંચાણ આપવામાં આવેલ છે. રૂઘો પોતે ધાર્મિકવૃત્તિનો પુરુષ હતો. પોતાના રહેણાકની નજીક શ્રી આશાપુરા માતાનું દરબારી મંદિર પોતાની દેખરેખ નીચે બંધાવ્યું અને પોતા તરફથી શ્રી મોહનરાયજીનું મંદિર બંધાવ્યું.

રૂઘાએ એક મોટો યજ્ઞ કર્યો હતો. આ પ્રસંગે તેણે બધાને બોલાવીને એક માસ લગી રોકયા હતા. આ લોકોની સગવડનો પ્રબંધ પણ કરેલો તેને અનાજ વગેરેના મોટા કોઠાર અને પાણીની માફક ઘીના અવાડા ભરાવી નાખ્યા હતા જેને જેટલું જોઈએ તેટલું લઈ લેવાની દરેકને છૂટ હતી. આ કાર્યથી રૂઘાની કીર્તિ ઘણી વધી ગઈ. તેના જ્ઞાતિ બંધુઓ તરફથી સર્વોકૃષ્ટ માન અને મોટાઈ આપવામાં આવ્યા. જે અદ્યાપિ તેના વંશમાં ચાલ્યા આવે છે. રૂઘાના વંશજો હવે રૂઘાણીની ઓળખથી ઓળખાય છે. " (૧૭)

* અમારી રૂબરૂ મુલાકાત દરમિયાન અમે જોયું તો બાયઠથી દેઢિયા ગામ જતાં ડાબા હાથ પર અને દેઢિયાથી બાયઠ થતાં જમણા હાથપર છતરડી આવેલી છે. જેની અંદર રૂઘા જોશીનો તથા તેમનાં ભાઈ પત્ની, નોકર વગેરેના પાળિયા પણ તેમાં આવેલા છે. છતરડીને સળિયાવાળો દરવાજો છે. અંદર આવેલા પાળિયાઓમાં પાળિયા ઉપર દરેકના નામની તક્તી લગાવેલી છે. બીજું લખાણ જોવા મળતું નથી. તેમજ રૂઘા જોશીના પાળિયામાં પણ પાળિયાની નીચે લખાણ જોવા મળતું નથી. પાળિયા પર પોતાના નામની તક્તી છે. મુખ્ય તક્તી બહાર છે.. આકૃતિ પરંપરિત છે. ઘોડેસવારની છે.

* બહારની તક્તીમાં લખેલું લખાણ.

સારસ્વત વીરશ્રી રૂઘા જોશીનું સ્મારક
કા રો કા ભારો ને રૂઘો કારા એ.
કચ્છની વિખ્યાત લોકોકિતના નાયક
વિક્રમ સંવતની સતરમી સદીના કચ્છ
ના મહાન મુત્સદ્દી અપ્રતીમ
સારસ્વત વીરપુરૂષ શ્રી રૂઘા જોશી
તેમના ભાઈઓ પબુ ખીમજી વીરાંગના
પત્ની યશોદાબાઈ અને વફાદાર નોકર
ત્રિકમજી ના વીરમૃત્યુના સ્મૃતિચિહ્નો.

* જેમાં પ્રથમ પાળિયો પબુ જોશીનો છે. બીજો પાળિયો રૂઘા જોશીનો છે ત્રીજો પાળિયો ખીમજી જોશીનો છે. ચોથો પાળિયો ત્રિકમજીનો છે અને પાંચમો પાળિયો યશોદાબાઈનો જોવા મળે છે.

* હાલમાં આ સિવાય રૂઘા જોશીના પાળિયાની માહિતી અન્ય કોઈ જગ્યાએથી પ્રાપ્ત થતી નથી.

## ૪.૧૧ * કરસન રાબડિયાનો પાળિયો (નાગ્રેચા) :-

માંડવી તાલુકાનું નાનકડું ગામ નાગ્રેચા. આ ગામથી થોડે દૂર એક ટેકરી છે. બાજુમાં એક તલાવડી છે. આ ટેકરી ઉપર નાનકડી છતરડી ઊભી છે, એમાં કરસન રાબડિયાનો પાળિયો છે. જેની કથા મુજબ આ ટેકરી ઉપર એક સામાન્ય માણસ થોડાં વાસણો તથા બળદ (ખેતી માટે) એટલી સંપત્તિ લઈને પોતાના ઝૂંપડામાં રહેતો હતો. પણ જીવ બાદશાહ જેવો. ગાડા માર્ગે આવતાં–જતાં માણસો જયારે તલાવડીમાંથી પાણી પીને બેસે ત્યારે " કેર વિંઝાતો ભા ? હલો હલો રબતા પિયા " જેવું બોલીને આ વાણિયો બધાને રાબ પાતો. આથી તેનું નામ લોકોએ કરસન રાબડિયો પાડી દીધું. કુટુંબમાં કોઈ હતું નહીં. પોતે એકલો જ હતો. કઈ જ્ઞાતિનો છે એજ માત્ર ખબર હતી, પોતે જૈન વાણિયો હતો અને એ તલાવડીનું નામ પણ ' રાબડિયારી ' કરી નાખ્યું. કરસનની આ ઉદારતાની વાત આજુબાજુનાં ગામમાં ફેલાઈ ગઈ. આથી માણસો તર્ક–વિતર્ક કરવા લાગ્યા કે તેની

પાસે આટલા પૈસા કયાંથી આવે છે ? કોઈ કહે તેની પાસે બાપદાદાની પૂંજી છે, તો કોઈ કહે ડુંગર પાસેથી તેને દ્રવ્ય મળી આવ્યું છે, તો વળી કોઈ કહે તે અંતર–મંતર જાણે છે. પણ આ બધી વાત વાહિયાત હતી. છતાં લોકો કહેતા જે હોય તે. આપણને તો રાબ મળે છે ને ! કરસનનાં ઉદારપણાની આ વાત ઊડતી–ઊડતી બહારવટિયાના સરદાર ભારાયા પાસે પહોંચી. ભારાયે પોતાના માણસોને મોકલીને કરસનને લૂંટી આવવા જણાવ્યું. ભારાયાના માણસો આવ્યા કરસન કહે કે, જે કંઈ છે તે ઝૂંપડીમાં છે જે જોઈતું હોય તે લઈ જાવ. પણ ઝૂંપડીમાંથી કશું મળ્યું નહીં. આથી બહારવટિયાઓ ગુસ્સે થયા. એક લૂંટારો કહે આ કરસન એમ નહીં માને કહીને પહેલાં કરસનને માર્યો પછી પોતાના ઘોડા સાથે બાંધીને બે–ત્રણ કિલોમીટર ઢસડયો, આથી કરસન લોહીલુહાણ થયો અને બેભાનની અવસ્થામાં જ તેનું પ્રાણપંખરું ઊડી ગયું. લોકોની આંખમાં આસું આવ્યાં. તેની યાદ સાચવવા લોકોએ સંવત ૧૯૪૫ ના ફાગણ સુદ ૨ (બીજ) દિવસે ટેકરી ઉપર નાનકડી છતરડી ઊભી કરી, એમાં કરસનનો પાળિયો બેસાડયો." [૧૮]

* પ્રા. મુકેશ. એન. જોષીએ કરસન રાબડિયાનો સંદર્ભ ટાંકતાં નોંધ્યું છે કે, " નાગ્રેચા ગામની સીમમાં ગરીબોનો બેલી કરસન રાબડિયાનો સંવત ૧૯૪૬ નો પાળિયો છે." [૧૯]

* પાળિયા નીચે પણ થોડું ઘણું લખાણ વાંચવા મળે છે. જે નીચે મુજબ છે.

× વત ૧૯૪૬ ના વ ×
× × ફાગણ સુદ – ૨
૨ વે × ને દન પારસ
ક ર સ ન ર બ ડી આ ર
× ૨ ના × × ×

પાળિયાની આકૃતિ પરંપરિત છે. ઘોડેસવારના હાથમાં તલવાર અને ઢાલ છે.

### ૪.૧૨ * જેઠાણંદ દાદાનો પાળિયો (માપર) :–

કચ્છના માંડવી તાલુકાના માપર ગામની મધ્યમાં જિનાલયની સામે જેઠાણંદનો પાળિયો જોવા મળે છે. માપર ગામમાં માંડ–અઢીસોની વસતિ છે. ખરેખર

તો આ ગામ ત્રણવખત વસ્યું અને વિખેરાયું છે. કચ્છી જૈન આઠ–દશ જણાં માંડ હશે.મુંબઈમાં માપર વાસી જૈનોનાં આઠસો જણાં છે. આ ગામમાં એક તળાવ, દેરાસર, અને ભોજનશાળાની પણ વ્યવસ્થા છે. મઉં યોજનામાંથી પાણી–પૂરવઠો મળે છે.

ગામની સ્થાપના કચ્છના રા' બાવાના સહયોગથી કચ્છી જૈન વીરપુઢષે કરી હતી. એમનું નામ હતું જેઠાણંદ. આ નાનકડા માપર ગામ વસ્યાને અઢીસો વરસ થયાં હશે. જયાં ગામ વસ્યું એ જગ્યાએ પહેલાં ગોધન માટેની રખાલ હતી. એક વાર વીરપુરુષ જેઠાણંદદાદા રખાલ તરફ જઈ રહ્યા હતા. માર્ગમાં કચ્છના રા'બાવા દેશળજીનો ભેટો થયો. રા' બાવાએ જેઠાણંદ દાદાને કહ્યું, અહીં મને કંઈક અહેસાસ થાય છે. માપર ગામ વસાવ. દાદાએ રા' બાવાને કહ્યું, માપર કેમ વસે ? નજીકમાં લૂંટારાઓ વસે છે અને અવાર–નવાર ગામડાં ભાંગે છે, ત્યારે દેશળજી બાવાએ કહ્યું, દાદા ભુજ ચાલો કંઈક રસ્તો કાઢીશું. દાદા ભુજ ગયા. રા' બાવાએ તામ્રપત્ર પર લેખ લખીને મકાનો બાંધવા જમીન આપી. લૂંટારાઓના ભય સામે રા' બાવાએ નજીકના ગામ બાયઠમાં થાણું સ્થાપ્યું અને માપરને રક્ષણ આપ્યું.

કહે છે કે શિવમંદિર હંમેશાં ગામની બહાર હોય અથવા નદી કિનારે હોય, પણ માપર ગામની વચ્ચે શંકરનું મંદિર છે. જે દર્શાવે છે કે, જૂનું માપર વેરાન થયું તેની આ નિશાની છે. માપર વસ્યું ત્યારે ઢલ જાતિ વસી હતી અને રહેવા માટે ભૂંગા હતા. સંવત ૧૭૨૦ પહેલાં માપર ગામ ત્રણવાર વસ્યું અને વેરાન થયું હતું. સંવત ૧૭૨૦ માં ફરીથી જાંજણ સમા પરિવારના ડાઈયા નરશીએ ગામ વસાવ્યું હતું. ડાઈયા બાપાની ચોથી પેઢીમાં જેઠાણંદ વીર થયો." [૨૦]

સંવત ૧૮૫૬ માં એકવાર માપર ગામમાં લૂંટારાઓ ચઢી આવ્યા અને પડકાર ફેંકયો ' છે કોઈ માઈનો લાલ' આ ખબર મળતાં જ દાદાએ ખુલ્લી તલવારે લૂંટારાઓનો સામનો કર્યો. છેવટે લૂંટારાઓ નાસવા લાગ્યા. તેમાંથી એક જણ અટકી ગયો અને વિચારવા લાગ્યો કે માપરમાં તો કચ્છી જૈનો વસે છે, ત્યારે આ સામનો કરનાર બેલી કોણ હશે ? એણે હુમલો કર્યો ત્યારે દાદાએ તલવાર ફેરવી, દાદાને શૂર ચઢયું. તલવાર મ્યાન ન કરી, બીજા લૂંટારાઓ પાછા આવ્યા અને દાદા પર ભાલાનો ઘા કર્યો. દાદા જખમી થયા. ' પાણી .. પાણી ' નો પોકાર કર્યો પણ કોઈએ પાણી પાયું નહીં. છેવટે વીરપુરુષ શહીદ થયા. અષાઢી બીજના રોજ જેઠાણંદદાદાની સ્મૃતિમાં મુંબઈમાં પહેડી ઉત્સવ ઉમંગભેર ઉજવાય છે." [૨૧]

ગામની પૂર્વ બાજુએ દાદાની ખાંભી તથા માપર ગામમાં વચ્ચોવચ્ચ, પૂજય સ્વામી જિનાલયની સામેના ભાગમાં રાધાકૃષ્ણ મંદિરની પાછળના ભાગમાં જુજારદાદા (જેઠાણંદદાદા)ની દેરી છે. જેમાં જેઠાણંદનો નવો પાળિયો બેસાડયો છે અને જૂનો પાળિયો (ખાંભી) જૂની જગ્યાએથી ઉપાડીને મંદિરમાં મૂકયો છે. જયારે નવો પાળિયો બેસાડયો છે. તેમાં પણ લખાણ લખેલું નથી. જયારે આકૃતિમાં ઉપરની બંને બાજુએ સૂર્ય–ચંદ્રનાં નિશાન છે. વચ્ચેની આકૃતિમાં ઘોડેસવારના એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ઢાલ તથા ઘોડાની લગામ છે.

* અહીં એ નોંધવું રહ્યું કે, માપર ગામનો ઈતિહાસ અને જેઠાણંદદાદાની કથા લેખક કનૈયાલાલ જોશીને મૂળ માપરના વતની (મુંબઈ સ્થિત) અને જેઠાણંદદાદાના વંશજ એવા સ્વ. જેઠાલાલ લાલજી શાહ પાસેથી મળી હતી. પરંતુ ગામના ઈતિહાસ અને દાદાની કથામાં થોડી બાબત અસ્પષ્ટ જણાય છે. જેમકે – ગામના ઈતિહાસની વાત કરીએ તો જેઠાણંદદાદા ને કચ્છના રા' બાવા દેશળજી (પહેલાં કે બીજા તે ઉલ્લેખ નથી.) નો ભેટો થયો હતો અને તેમણે જેઠાણંદદાદાને માપર ગામ વસાવવાની વાત કરેલી. એ સંવત ૧૭૨૦ પહેલાં આ ગામ ત્રણ વખત વસ્યું અને વિખેરાયું હતું. ચોથી વખતે એટલે કે, સંવત ૧૭૨૦ માં જેઠાણંદના પૂર્વજ ડાઈયા નરશીએ આ ગામ વસાવેલ. તો શું દેશળજીએ પાંચમી વખત આ ગામ વસાવવાની વાત કરેલી? જયારે આગળ ગામ ત્રણ વખત વસ્યું અને વેરાન થવાનો ઉલ્લેખ મળે છે.

* વળી, જેઠાણંદદાદાના અને દેશળજીના સમય વિશે પણ અસ્પષ્ટતા જણાય છે. કેમકે, લેખમાં જણાવ્યું છે કે, જેઠાણંદદાદા સંવત ૧૮૫૬ માં ધીંગાણામાં કામ આવી ગયા. વળી, ઉપરોકત દેશળજી અને દાદાની ચર્ચાના આધારે બંને સમકાલીન હોય. પરંતુ દેશળજી પહેલાં અને બીજા બંનેની સંવત જેઠાણંદ સાથે મેળ ખાતી નથી. દેશળજી પહેલાં સં. ૧૮૦૮ માં તો સ્વર્ગવાસ પામ્યા હતા. તે સમયે જેઠાણંદની ઉંમર કેટલી હશે તેની માહિતી સ્પષ્ટ થતી નથી. વળી,દેશળજી બીજા સંવત ૧૮૭૨ માં જન્મ્યા હતા અને સં. ૧૯૧૭ માં સ્વર્ગવાસ પામ્યા હતા. જયારે જેઠાણંદદાદા સંવત ૧૮૫૬ માં વીરગતિ પામ્યા. કદાચ એવું બને કે, જેઠાણંદદાદા સંવત નહીં પણ ઈ.સ. ૧૮૫૬ માં વીરગતિ પામ્યા હોય કેમકે, ઈ.સ. ૧૮૧૯ થી ૧૮૬૧ સુધી દેશળજી બીજાનો કચ્છ ઉપર અમલ હતો. એટલે ઈ.સ. ને બદલે સંવત લખાયું હોય તેવું બને.

## ૪.૧૩ * માનબાઈ સતીનો પાળિયો (ભોજાય) :-

માંડવી તાલુકામાં આવેલ ભોજાય ગામ તેની ઉત્તર દિશામાં હાલાપર (કરોડિયા)નો કાચો માર્ગ જાય છે. ત્યાં એક મંદિર બંધાવેલ છે. તે મંદિરના પ્રાંગણમાં એક છતરડી છે. આ છતરડીમાં પ્રથમ પાળિયો સતીના હાથવાળો છે જે માનબાઈ સતીનો છે.

"માનબાઈ ભોજાય ગામમાં રહેતા હતા. તેનું સગપણ નક્કી થયેલું. જે વ્યકિતની સાથે માનબાઈનું સગપણ થયેલું તે પુરુષ અને માનબાઈ બંને કુંવારા જ એક વાણિયાના ઘરે કામ કરતા હતા. એક દિવસ માનબાઈ ભાત લઈને જતાં હતાં તે દિવસે તેમના પતિ પણ તેમની સાથે હતા. રસ્તામાં માનબાઈના પગમાં સાપ વીંટાયો. તેને છોડાવવા તેના પતિએ પ્રયત્ન કર્યો. છૂટેલો સાપ તેના પતિને કરડયો ને તેનો પતિ મૃત્યુ પામ્યો. તેની પાછળ માનબાઈ કુંવારાં હોવા છતાં સતી થયાં." (૨૨)

તાઃ– ૮/૧૧/'૦૮ ના રોજ અમે મુલાકાત લીધી હતી. જેમાં ઉપર દર્શાવ્યા પ્રમાણે છતરડીમાં પહેલો પાળિયો માનબાઈ સતીનો છે. જેમાં કોણી સુધીનો જમણો હાથ બતાવેલ (કંડારેલ) છે. બાજુમાં નીચેના ભાગમાં એક લાંબો ઓટો છે. પાળિયો ઘસાય ગયેલો હોવા છતાં હાથનું નિશાન દેખાય છે. પાળિયા ઉપર ચૂંદડી ઓઢાડેલી છે. લખાણ ઘસાઈ ગયેલ છે. લખાણની જગ્યાએ અત્યારે ખાડા પડી ગયા છે. આખા પાળિયા પર સિંદૂર લગાવેલું છે. દેરી ઉપર શ્રીમાનબાઈ સતી એવું સિંદૂરથી લખેલું છે. માનબાઈ સતીના પાળિયાની બાજુમાં એક ખાંભીમાં ત્રિશૂલ કંડારેલ છે. તેની ડાબી બાજુની ખાંભીમાં નાગની આકૃતિ જેવું છે જેનું લખાણ મળતું નથી.

## ૪.૧૪ * કેસરજી હાજાજીનો પાળિયો (નાગ્રેચા) :-

નાનકડું એવું નાગ્રેચા ગામ જાણે પાળિયાઓ માટે જાણીતું હોય એવું લાગે છે. અહીં કરસન રાબડિયાનો પાળિયો, મલુજી બારાતનો પાળિયો, જેટલો પ્રખ્યાત છે તેટલો જ કેસરજીનો પાળિયો જાણીતો છે.

"કેસરજી હાજાજી જાડેજો જેઓ મૂળ કોઠારા ગામના વતની હતા અને ખૂબ પરાક્રમી હતા. પાછળથી તેઓ નાગ્રેચામાં સ્થાયી થયેલાં. માહિતીદાતાના કહેવા

પ્રમાણે એક વખત સિંધમાંથી બીજર ચડી આવ્યો. તેને કેસરજી બાવાએ પોતાના લશ્કરની મદદદથી ભગાડી મૂકયો હતો. તેરાના ગઢમાં આ લડાઈ થઈ હતી અને તેરાનો ગઢ તેમણે જીતેલો.

બીજો એક બનાવ જેમાં મોથાળાના લોહાણાની જાન માંડવીથી લગ્ન કરીને પાછી ફરતી હતી અને નાગ્રેચાના પાદરમાંથી નીકળી. આ નાગ્રેચામાં બારાત દરબારો વસતા હતા અને વટેમાર્ગુઓને લૂંટતા હતા. લોહાણાની જાન ત્યાંથી પસાર થઈ એટલે બારાત દરબારોએ જાનને લૂંટી. આથી લોહાણા પોતાના ગામ મોથાળા જઈને ત્યાંના દરબારને જાન લૂંટાયાની ફરિયાદ કરી, એટલે મોથાળાના દરબારે પોતાનું લશ્કર નાગ્રેચા ઉપર મોકલ્યું અને નાગ્રેચા ઉપર ચઢાઈ કરી, આથી ડરી ગયેલાં બારાત દરબારો કોઠારાથી કેસરજીને તેડી લાવ્યા. ( જે હાજાજીના ત્રીજા નંબરના દીકરા હતાં, ખૂબજ પરાક્રમી હતા.) અને કેસરજીને નાગ્રેચા આપ્યું. ત્યાંની જમીન વગેરે આપ્યાં. આથી કેસરજીએ મોથાળાના દરબારોને સમજાવીને લૂંટનો થોડો–ઘણો માલ પાછો આપી દીધો અને આ રીતે મોથાળાના લશ્કરથી બારાત દરબારોને બચાવી લીધા." (૨૩)

* તાઃ– ૯/૧૧/'૦૮ ના રોજ અમે નાગ્રેચાની મુલાકાત લીધી હતી. જેમાં નાગ્રેચાની પશ્ચિમ દિશામાં એક તળાવ આવેલું છે. આ તળાવની બાજુમાં એક દહેરી ઊભી કરવામાં આવી છે. જેની આજુબાજુ થોરની ઝાડીઓ અને ઘાસ ઊગેલું છે. દેરીની જમણી બાજુમાં પથ્થરા છે. દહેરી ઉપર જાડેજા દાદા એવું સિંદૂરથી લખેલું છે તથા દહેરીની અંદર દીવા–બત્તીની સામગ્રી પડેલી છે. અક્ષરો કાળના પ્રવાહમાં ધોવાઈ (ઘસાઈ) ગયા છે. પાળિયાની આકૃતિમાં રંગબેરંગી કાગળ ચોટાડયાં છે. પાળિયાની આકૃતિ ઊભેલાં માણસની કળાય છે. દહેરીને ઊભા સળિયાનો લોખંડનો દરવાજો છે. કેસરજીના પાળિયા વિશે બીજી કોઈ માહિતી ઉપલબ્ધ થતી નથી.

## ૪.૧૫ * મલુજી બારાતનો પાળિયો (નાગ્રેચા) :-

આ ગામમાં તળાવની બાજુમાં મલુજી બારાતનો પાળિયો શૌર્યતાના ગાન ગાતો ઊભો છે. ઘોડેસવારની આકૃતિ પરંપરિત છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની નિશાની કંડારેલી છે. નીચેની લિપિ વાંચી શકાય તેવી છે.

સંવત ૧૯૭૦ ના વદ

× જેઠ સુદ ૧૩ × ના શ્રી

મલુજી ૦ ના દી × ×

× × × × × × × ×

× × શ્રી ભીમાજી પાંચજી.

નાગ્રેચા ગામના આ વીરપુઢષ ગાયોને બચાવવા જતાં વીરગતિ પામ્યા હતા. તેટલી જ માહિતી મળે છે. તથા શંકરના મંદિર પાસેનો જગજીવન ભટ્ટનો પાળિયો પણ ગાયોની વહારે થયો છે. તેનો સમય ૧૮૦૦ આસપાસનો છે.

## ૪.૧૬ * ખાનજી અને ખીમોજીના પાળિયા (મોટી ભાડાઈ) :–

માટી ભાડાઈ ગામમાં ખારોડ નદીના કિનારા પર ખીમજી તથા ખાનજીના પાળિયા ઊભા છે. ઘોડેસવારની આકૃતિ પરંપરિત છે. જે દેખાય છે, પરંતુ લખાણ ઘસાય ગયેલું હોવાથી મળી શકતું નથી.

"રાયબજીની ચોથી પેઢીએ તિલાટ પરિવારના બે પુત્રો ખાનજી અને ખીમોજી થઈ ગયા. બંને ભાઈઓ શિવઉપાસક હતા. મકલેશ્વરના મહાદેવ પર નાહી–ધોઈને લોટી ચડાવતા. ખારોડ નદીના કિનારે મકલેશ્વરનું મંદિર તથા મઠ હતાં. તેમાં તેઓ લોટી ચડાવતા. વળી શ્રાવણ મહિનો ચાલતો હતો. એટલે એક દિવસ પણ એવો ન જતો કે તેઓએ લોટી ન ચડાવી હોય. ત્યારે દુષ્કાળનો સમય હતો. વરસાદ થયો ન હતો. એટલે બાજુમાં આવેલ ઢોકળા ગામમાં પાણીની કોઈ વ્યવસ્થા ન હોવાથી ઢોકળાની ભાનુશાળીની સ્ત્રીઓ ઢોકળાથી મોટી ભાડાઈની નદીમાં વીડા ગાળીને પાણી ભરી જતી. તે વખતે ખીમોજીના ચાકરે મહાજન સ્ત્રીઓને કહ્યું કે, " તમારા ઠાકોરને કહો કે પાણીની તો વ્યવસ્થા કરી આપે કે તમારે છેક ભાડાઈ સુધી પાણી ભરવા તો ન આવવું પડે ! તેના ઉપરથી થોડી ઘણી વાતો વધારીને પેલી સ્ત્રીઓએ ઢોકળાના દરબારને ઉશ્કેર્યા અને કહ્યું કે, અમને મેં'ણા માર્યાં. આથી ઢોકળાના દરબારોએ ભાડાઈ પર ચઢાઈ કરી. ખાનજી અને ખીમોજીને તો લોટી ચડાવવાનો નિત્યક્રમ હતો. તેથી તે જગ્યાએ તેમનો કાંટો કાઢવા દરબારો નદી કાંઠે સંતાઈને બેઠા. જેવા ખીમોજી અને ખાનજી નીકળ્યા કે તેમના પર જનોઈ વાઢ માર મારીને મારી નાખ્યા. ખાનજી અને ખીમોજીએ માત્ર ધોતિયું જ પહેર્યું હતું. આ એક વસ્ત્ર અને લોટી સિવાય તેમની પાસે એક પણ વસ્તુ ન હતી.

આથી પેલાં ઢોકળાના દરબારોએ તેમને મારી નાખ્યા અને આ બંને ભાઈઓ શૂરા થયા. તેમના પાળિયા હાલમાં પણ નદી કાંઠે છે. આ બંને ભાઈઓની સાથે આઠ સરવૈયા રાજપૂતોની પાછળના ભાગમાં મુસ્લિમોની કબરો છે. ખીમજી, ખાનજીના વંશજ અંદાજિત પંદર–વીસમી પેઢીએ માહિતીદાતા થાય. સમય જતા આ વાતને ધ્યાનમાં રાખીને સામાપક્ષવાળા (ઢોકળાના દરબારો) એ વિષ્ટિનું કહેણ મોકલાવ્યું અને કહેવડાવ્યું કે, સવારથી સાંજ સુધી ઘોડો ફરે એટલી જમીન બંને ભાડાઈને આપવી. વિષ્ટિ મુજબ તુમેર ચારણ નાના ભાડાઈ અને મોટી ભાડાઈ વચ્ચે કંઈ રીતે જમીનની વહેંચણી કરવી તે માટે સવારથી ઘોડો ફેરવતા–ફેરવતા છેક સાંજે આ ગઢવી ઘોડા સાથે ઢોકળાના ઝાંપામાંથી નીકળી ઉત્તરદિશામાં (જયાં અત્યારે માંકારા તળાવ છે.) જેવા પહોંચ્યા કે ઢોકળાવાળાઓએ ગઢવી તથા તેના ઘોડાને ત્યાંજ મારી નાખ્યાં. તેનો પાળિયો પણ અત્યારે ત્યાં જોવા મળે છે. (તળાવ પાસે) ભાડાઈના દરબારો હાલમાં પણ ગઢવીના પાળિયાને કસુંબો ચડાવે છે અને સિંદૂર ચોપડે છે. આ વાતનું વેર વધ્યું.

એક વખત મોટી ભાડાઈના તિલાટના ઘરે લગ્નનો પ્રસંગ હતો. બધા ભાયાતો લગ્નમાં જોડાયેલા હતા. આ પ્રસંગનો લાભ લઈને ઢોકળાવાળાએ મોટી ભાડાઈની આથો (ગાયો, ભેંસો, ઊંટો) વાળીએ ગોવાળને માર મારીને ભાડાઈ રવાના કર્યો. ગોવાળના કહેવાથી મોટી ભાડાઈના ભાયાતો પોતાની આથો વાળવા ઢોકળાના ઝાંપા પાસે પહોંચ્યા અને પોતાની આથોને પાછી વાળી લીધી અને ત્યાં ધીંગાણું જામ્યું. જેમાં જાન–માલને ઘણું નુકશાન થયું. તિલાટ પરિવારમાં જેમનાં લગ્ન થતાં હતાં તે લગ્ન મંડપમાં બેઠો હતો. તે સમયે તેમણે એક ગોલીનું મે'ણું સાંભળ્યું કે, બધા આથો વાળવા ગયા છે ને તમે અહીં બેઠા છો તેથી વરરાજા પણ આથો વાળવા ભાયાતો પાછળ ગયા. લાગ જોઈને બધા આથો વાળીને પાછા ફરતા હતા ત્યારે અજોજી પાછળ રહી જતાં ઝાડીમાં સંતાઈને બેઠેલા દુશ્મનોએ તેમના પર વાર કર્યો અને તેઓ ત્યાં જ શૂરા થયા. તેમની ખાંભી મોટી ભાડાઈ અને ઢોકળાના મધ્યાંતરે ખેતર (થોભણવાડી) માં જોવા મળે છે. તેમની સાથે જે કન્યાના લગ્ન થવાનાં હતાં તેનું ખાંડુ આવી ગયેલું હતું ને તે ઉતારે બેઠાં હતાં. તેઓ ફેરો ફર્યા વગર પોતાના પતિ સાથે સતી થયાં. તેને (શૂરા) દિવાળીના દિવસે કસુંબો ચઢાવાય છે.

સતી થયાં તે સ્ત્રી ઝાલાનાં દીકરી હતાં. આથી કુટુંબમાં એવો વહેમ પડયો

કે, જે ઝાલાની દીકરી ઘરમાં આવતાં આવો અમંગળ થાય તો ઝાલાની દીકરીને પરણવું નહીં, એવું તો સાત પેઢી સુધી ચાલ્યું. અત્યારે તો ઝાલાની દીકરી લેવાનું અને દેવાનું ચાલે છે.

બાર મહિનામાં ચાર વખત તેમના જુવાર (નૈવેદ્ય) આવે છે.

(૧) પ્રથમ વખત :– મહા સુદ – ૧૩ ના.

(૨) બીજી વખત :– અષાઢ સુદ – ૯ ના.

(૩) ત્રીજી વખત :– આસો સુદ – ૧૦, વિજયાદસમીના.

(૪) ચોથી વખત :– બેસતા વર્ષના દિવસે.

વળી, એવી માન્યતા ચાલે છે કે, ઢોકળાના દરબારને અડીને કોઈ નૈવેદ્ય ચડાવવા આવે તો તે નૈવેદ્ય શૂરાદાદાને ચઢતા નથી." [૨૪]

## ૪.૧૭ * તલવાણાના પાળિયા :–

માંડવી તાલુકાના માંડવીથી દસ કિલોમીટર દૂર આવેલ તલવાણા ગામમાં પણ શૌર્યતાને વરેલા વીરપુરુષોના પાળિયાઓ ઊભા છે. એ જમાનો નેક–ટેક અને શૌર્યતાનો હોઈ, કોઈ રાજપૂત મોતથી ડરીને પાછા ફરતો નહીં. પરંતુ ધીંગાણામાં અદ્‌ભુત યુદ્ધ ખેલીને મોતને ભેટતો. માહિતીદાતા કહે છે કે, "માળીમાંથી ઉતરેલા અજાજીને તલવાણા ગામ મળેલું. ત્યારે ભુજની ગાદી પર લખપતજીના દીકરા ગોડજી (બીજા) નો અમલ હતો. ત્યારે જીવણશેઠની અવળચંડાઈને લીધે ઝારાનું ભયંકર યુદ્ધ થયેલું અને એમાં લાખ જેટલા માણસો મર્યા હતા.

ત્યારે તલવાણા ગામમાં જીવણજી અને મોડજી કરીને બે રાજપૂતભાઈઓ આવ્યા અને ત્યાં વસવાટ કરેલો. તે જમાનામાં લૂંટારાઓનું બળ વધારે હોવાથી અવારનવાર ધીંગાણાં થતાં. એક વખત તલવાણા ગામમાં પણ બાજુના ગામથી (કયું ગામ તે માહિતીદાતાને ખબર નથી.) લૂંટારાઓ આવ્યા અને તલવાણાના ધણને વાળી ગયા. આથી તલવાણાના વીરોની સાથે જીવણજીના દીકરા ડુંગરજી અને ડુંગરજીના પુત્ર અખેરાજજી તથા ડુંગરજીના ભાઈ દેવાજીના કુંવર ભાવસંગજી પણ બધાની સાથે લૂંટારુઓ સામે ધીંગાણે ચડયા અને તેમાં તેઓ શહીદ (વીરગતિ) થયા." [૨૫]

આકૃતિમાં ઉપરની બાજુએ સૂર્ય–ચંદ્રનાં નિશાન છે. વચ્ચે ઘોડેસવારની

પરંપરિત આકૃતિ કંડારેલી છે. લખાણમાં ચુના જેવો પદાર્થ લગાવી દીધો છે. વળી તે ઉખેડવા દેતા નથી. આથી લખાણ પ્રાપ્ત થયું નથી. માહિતીદાતાના કહેવા પ્રમાણે માળીમાંથી ઉતરેલા અજોજીને તલવાણા ગામ આપ્યું હતું ત્યારે ભુજની ગાદી પર ગોડજી બીજા બિરાજમાન હતા. પરંતુ આત્મારામ દ્વિવેદી એ અજોજીના ભાઈ ખેંગારજી બીજા કચ્છની ગાદી પર હોવાનો વંશાવલીમાં ઉલ્લેખ કર્યો છે." (૨૯) આથી આ વાત સાબિત થતી નથી.

## ૪.૧૮ * ગુંદિયાળી ગામના પાળિયા :-

માંડવી તાલુકામાં આવેલ ૪૦૦–૪૫૦ (ચારસો–સાડાચારસો) વર્ષ જૂના ઘણી વસ્તી ધરાવતા ગુંદિયાળી ગામમાં જૂના શિવમંદિરની બહાર તળાવની પાળની બાજુમાં ગુંદિયાળીના વીરોના પાળિયા જોવા મળે છે.

માહિતીદાતાના કહેવા પ્રમાણે "કચ્છના ગુંદિયાળીમાં તે વખતે દલ જાડેજા ભાયાતોનો અમલ હતા. દલ જાડેજાના પૂર્વજો વિંઝાણથી ગુંદિયાળી આવેલા. તેની સાથે હિંગોરજી અને હમીર સુમરોએ બહાદુર લડવૈયા હતા. એ વખતે ભુજની રાજધાની પર સાહેબજીનું રાજય હતું. ભુજના રાજા સાહેબજીએ અજાસર તળાવ બાંધવાનું કામ મુસ્લિમોને સોંપેલું. તેની માટીમાં દાંતણની ઊભી ચીરી ખૂંપી રાખીને તેઓ તેના વિશે એવી માન્યતા ધરાવતા હતા કે, કયામત (મુશ્કેલી) વખતે આ દાતણની ચીરીમાંથી દુર્ગંધ આવશે. આ બાબત સાંભળીને વિંઝાણના ખેંગારજીરાજે તેની મજાક માટે તેના દાતણની ચીરી માથે વિષ્ટા (દુર્ગંધ આપતો પદાર્થ) રાખી આવ્યા. તેથી હિંગોરજી તથા તેના સૈનિકો ગુસ્સે થયા અને ખેંગારજી પર ચઢાઈ કરી અને કહ્યું કે, વિંઝાણ ખાલી કરો ત્યાં (વીંઝાણમાં અજોજીના દાદા પણ રહેતા હતા. તેમના પર પણ ચઢાઈ કરીને વીંઝાણ ખાલી કરવાની વાત કરી.) એ વખતે અજાજીના દાદાએ કહ્યું કે, રાણીબાને દીકરો આવવાનો છે. તેથી બે મહિના વીંઝાણ રહેવા દો, આ સાહેબજીના રાજયમાં એક કુશળ જયોતિષ હતો. તે તેની જયોતિષમાં પારંગત હતો. આથી તેમણ સાહેબજીને સલાહ આપી કે, જો અજોજીનો જન્મ અહીં થયો તો તે અહીંથી ખસસે નહીં. આથી તેમણે અજોજીના દાદા વગેરેને વિંઝાણથી કાઢી મૂકયા. ત્યારબાદ અજોજીના પરિવાર થોડા સમય માટે વિંઝાણથી ત્રણેક કિલોમીટર દૂર આવેલ મહેરામણ ટોચ (ટેકરી) માં રહ્યો અને આ ટોચ(ટેકરી) પર

અજાજીનો જન્મ થયો. ત્યારબાદ સલાયા ગામ પાસે પડાવ નાખીને આ લોકોએ વસવાટ શરૂ કર્યો. એ વખતે ગુંદિયાળી, નાગલપુર, ઢીંઢ, સલાયા, મસ્કા, એમ કુલ પાંચ ગામો દલ જાડેજાઓનાં હતાં. આ ગામડાઓના મુખ્ય વ્યવસાય પશુધન હતો. એ વખતે આ પશુધન પર બાજુના ગામના મુસલમાનો દ્વારા વારંવાર હુમલાઓ થતા. આવા એક સમયે બાજુના ગામના મુસલમાનો ગુંદિયાળીનું પશુધન વાળી ગયા. તેમાં તે ગામના નોંધાજી, ખેંગાર રબારી મમુજી ચાવડા, અને અજોજી ઘોડા પર સવાર થઈ પશુઓની વહારે ગયા અને માંડવી પાસે વહેતી રૂકમાવતી નદીના મેદાનમાં ધીંગાણું થયું. જેમાં નોંધાજી, ખેંગાર રબારી, મમુજી ચાવડા, તથા અજોજી બહાદુરીપૂર્વક લડતાં–લડતાં વીરગતિ પામ્યા. તેનાં પાળિયાઓ રૂકમાવતી નદીના કિનારે મૂકવામાં આવ્યા. એક માહિતીદાતાના કહેવા પ્રમાણે એક એવી દંતકથા ચાલે છે કે, આ પાળિયાઓ થોડાં વર્ષો પછી તૂટી જતાં તેના પર વાઘેર સ્ત્રીઓ કપડાં ધોતી. આથી શહીદ થયેલા વીરો તેના વંશજોનાં સ્વપ્નમાં આવ્યા અને તેઓના પાળિયા ગુંદિયાલી બેસાડવાની વાત કરી. આથી તેના વંશજો પોતે તે ગામમાં રહેતા હતા. તે ગુંદિયાલીમાં ગામમાં દશ (૧૦) વર્ષથી આ પાળિયાઓની વિધિસર પ્રતિષ્ઠા કરી છે. દસેક વર્ષથી તળાવના કાંઠે આવેલ જૂના શિવમંદિરની બહાર પ્રતિષ્ઠા કરવામાં આવી છે. આ પાળિયાની બાજુમાં દહેરીમાં આસાજી અને વિભાજીના પાળિયા પણ આવેલા છે. તેના વિશે વધારે ઈતિહાસ (કથા) મળતો નથી પણ માહિતીદાતા જે કાંઈ જાણતા હતા તે જણાવતાં કહે છે કે, કોઈક ગામમાંથી આશાજી અને વિભોજી મહેમાન બનીને ગુંદિયાળી આવ્યા હતા. જયારે આ ધીંગાણું થયું ત્યારે આ મહેમાનો ભાગવાને બદલે આ ગામના રાજપૂતોની મદદે ગયા હતા. અંતે આ ધીંગાણામાં ઉપરોકત વીરો કામ આવી ગયા. તેના પાળિયા પણ ગુંદિયાળીમાં પૂજાય છે.

ઉપરોકત કથા કચ્છ કલાધર– ભાગ–૨ માં જુદી રીતે મળે છે." [૨૭]

કચ્છ કલાધર પુસ્તકમાં માહિતીદાતાએ કહેલ કથા જુદા સ્વરૂપમાં જોવા મળે છે. "અજાસર તળાવ વીંઝાણના અજાજીએ બંધાવેલ હતું. આ અજાજીના કુંવર રાયઘણે સુમરા અને હિંગોરાઓની ધાર્મિક લાગણીને દુભાવી હતી. આથી હિંગોરા તથા સુમરાઓ ભુજના રાજવી સાહેબજીના કુંવર જસાજીને સાથે લઈને વિંઝાણ ઉપર ચઢાઈ કરે છે. ત્યારે અજાજીએ પોતાની રાણીને સંતાન અવતરવાનું હોવાથીં વિંઝાણમાં બે માસ રહેલા દેવાની અનુમતિ માગી પરંતુ તેનો અસ્વીકાર થવાથી નાછૂટકે

અજાજીને ત્યાંથી ખસી જઈને એક છાવણી નાખી ત્યાં મહેરાણજીનો જન્મ થયો. ત્યાર પછી અજાજી વગેરે માંડવીનામસ્કા,સલાયા,ગુંદિયાળી જેવાં ગામો કબ્જેકરીને ત્યાં વસવાટ કરે છે." (૨૮)

કારાણી ઉપરોક્ત નોંધમાં નોંધણજી,ખેંગાર રબારી,જામુજી ચાવડા જેવા વીરપુરુષોનો ઉલ્લેખ થતો નથી.પરંતુ માહિતીદાતા ઉપરોક્ત વીરપુરુષો ધીંગાણામાં કઈ રીતે કામ આવ્યા તેનો ઉલ્લેખ કર્યો છે.

પાળિયા નીચે લખાણ મળતું નથી પરંતુ માહિતીદાતાના કહેવા પ્રમાણે ઉપરોક્ત વીરો આ સમયમાં કામ આવ્યા તેવું જણાવ્યું છે.

* માહિતીદાતાએ પાળિયા સિવાયની આગળની કથામાં બધાં નામો ઊલટ સૂલટ કરી નાખ્યાં હોય તેવું લાગે છે. કેમકે, સાહેબજી જે ભુજનો રાજા હોય તે વળી અજાસર તળાવ શા માટે બંધાવે એ ઉપરાંત પણ ખેંગારજી મહારાઓ એવા ઉધ્ધત નહોતા કે, પોતાના ભાઈએ બંધાવેલ તળાવના કિનારે ખોડેલાં દાતણનો નાશ કરે.

* માહિતીદાતાએ કહ્યું કે, અજાજીના પૂર્વજો વીંઝાણમાં રહેતા હતા અને અજાસર તળાવ બંધાવ્યું ત્યારે અજાજીનો જન્મ થવાનો હતો. આ વાતમાં કયાંય તથ્ય નથી.

* વળી, ગુંદિયાળીના વીરપુરુષો કે જે ગાયોને (પશુધનને) વાળવા જતાં વીરગતિ પામ્યા. તેઓને ઉપરની કથા સાથે કાંઈ સંબંધ હોય તેવું જણાતું નથી.

* વળી, માહિતીદાતા દલ જાડેજાઓનો ઉલ્લેખ કરે છે. તે ધલ રાજપૂતો હોવા જોઈએ. કેમકે, તેની કથા રાવળપીર સાથે જોડાયેલી છે. રાવળપીર ગુંદિયાળીમાં દેવરાજ ધલને ત્યાં રહ્યા હતા.

* અમારી રૂબરૂ મુલાકાત દરમિયાન અમે એ નોંધ્યું કે, તળાવની પાસે, જૂના શિવમંદિરની બહાર ઓટા ઉપર એક કતારમાં પાળિયાઓ આવેલા છે. જેમાં માહિતીદાતાના કહેવા મુજબ ઉપરોકત વીરોના છે. બાજુમાં બે દેરી છે. જેમાં આશાજી અને વિભાજીના પાળિયાઓ આવેલા છે. દહેરીમાં આશાજી તથા વિભાજી જેવો નામોલ્લેખ મળે છે. પરંતુ આ બધા પાળિયાઓ એટલા બધા સિંદૂરથી રંગાયેલા છે કે, કશું જ લખાણ વંચાતું નથી.

ઉપરોકત દરેક પાળિયાઓમાં ઉપરની બંને બાજુએ સૂર્ય–ચંદ્રની આકૃતિ

કંડારાયેલી છે. વચ્ચે ઘોડેસવારીમાં સજજ થયેલ વીરપરુષની આકૃતિ દષ્ટિગોચર થાય છે. જેમાં એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ઢાલ રાખેલી જણાય છે.

આ ઉપરાંત આસાજી–વિભાજીના પાળિયાની છતરડીની પાછળના ઓટલા પર રાણાજી તથા દાનસંગજીના પાળિયા મળે છે. પણ કથા મળતી નથી. તેમજ ભાડિયા જવાના રોડ પર ઘણા પાળિયાઓ જેમાં એક પાળિયો આસિયારજીદાદાનો છે. તે કોઠારાના હતા તેનો પાળિયો ગુંદિયાળીમાં છે. જેની કથા મળી નથી.

## ૪.૧૯ * રાઓશ્રી ભોજરાજજી (ભોજાય) :-

પાળિયાઓ અનેક પ્રકારના હોય છે. જેમાં વીરગતિ પામીને શૂરા થયેલાનાં, ત્રાંગા કરેલાના, પતિ, પુત્ર, પુત્રી, ભાણેજ, પૌત્ર/પૌત્રીની પાછળ સતી થયેલી સ્ત્રીઓના તેમજ એક પ્રથાના ભાગરૂપે પણ પાળિયાઓ ઊભા કરવામાં આવતા. ભોજાયના ભોજરાજજીનો પાળિયો પણ એક પ્રથાના ભાગરૂપે જ ઊભો કરવામાં આવ્યો છે.જેની કથા નીચે મુજબ છે.

"મહારાઓશ્રી ભારમલ્લજીના કુંવરશ્રી જેહાજી (જીયોજી) માત્ર સોળ (૧૬) વર્ષની નાની ઉંમરમાં જ સ્વર્ગવાસ પામ્યા માટે ગાદીના હક્કદાર ભોજરાજજી બન્યા. ભોજરાજજી એક પ્રતિષ્ઠિત રાજવી હતા. મુન્દ્રાની સ્થાપના પણ તેઓએ જ કરેલી છે. અત્યારે જે મુન્દ્રા છે ત્યાં ડુમરાના ઘણા ઝાડ હતાં અને મિયાણાઓ વસવાટ કરતા હતા. પરંતુ ત્યારે મહારાઓના એક કારભારી વર્ધમાન શાહે ત્યાં મનમોહનરાયનું મંદિર બંધાવ્યું હતું તેના પરથી નામ અપભ્રંશ થઈને મુનરા (મુન્દ્રા) થયું હતું.

રાઓશ્રી ભોજરાજજી પોતે એક ધર્મપ્રેમી અને સાહિત્યપ્રેમી માણસ હતા. તેઓ (મહારાઓ) પોતાને ત્યાં વિદ્વાનોને આશ્રય આપતા. ઠાકરશી પુરુષોતમ કંસારાએ નોંધ્યું છે કે, " રાવશ્રી ભોજરાજજી પોતે વિદ્વાન હતા. અને ધર્મપ્રદીપ નામે સંસ્કૃત ગ્રંથ એમણે રચેલ હોવાનું અને અત્યારે કચ્છના ' આયનામહેલ ' માં રક્ષિત હોવાનું કહેવાય છે." (૨૯)

રાઓશ્રીના જીવનમાં બીજો એક પ્રસંગ બને છે. ભોજરાજજી જયારે ગાદીએ બેઠા ત્યારે તેણે એક નવી પ્રથા ચાલુ કરી. તેમણે તેમના ભાયાતો પાસેથી વરડ માંગી. આ વાત ભાયાતોને યોગ્ય લાગી નહીં પરંતુ કરવું શું ? ત્યારે સાહેબજીના પુત્ર

પચાણજીના પુત્ર દેવાજી ભુજમાં ચોવટિયા હતા. આથી ભાયાતોએ આ વાત (નવી પ્રથાની) દેવાજીને કરી, દેવાજીને ભાયાતોની વાત યોગ્ય લાગી, આ દેવાજી ખૂબજ ચાલાક અને બુદ્ધિશાળી હોવાથી તાકયું તીર મારતા. આથી દેવાજીએ એક ચારણને વરડ ન આપવા બાબત ભોજરાજજીને સંદેશો આપવાનું જણાવ્યું. ચારણે એક ગીતમાં રાઓને કહ્યું –

**"પૂછો ભીમ ને આમર પૂછો નવું, ઘટે નહિં કાછ નરેશ**
**ભાઈયું માથે ભાર ન હોયે, દેવો કહે દાદાણો દેશ."** (૩૦)

ચારણના આ ચારણીગીતે રાઓશ્રીને વરડ ન લેવા સમજાવ્યા અને રાઓશ્રી સમજી ગયા.

રાઓશ્રી ભોજરાજજીના સમયમાં બીજી કોઈ મહાન ઘટના ઘટી ન હતી. મહારાઓને અગિયાર (૧૧) રાણી હતી. પરંતુ સંતતિની ખોટ હોવાથી તેમણે પોતાના ભાઈ મેઘજીના પુત્ર ખેંગારજીને દત્તક લીધા હતાં.

ગુજરાત દીપોત્સવી સં. ૨૦૪૭ ના અંકમાં નાગજીભાઈ ભટ્ટીએ ' કચ્છના પાળિયા ' લેખમાં કચ્છના વિવિધ પાળિયાઓની યાદી આપી છે. જેમાં તેમણે ભોજાયના ભોજરાજજી પાળિયાનો પણ ઉલ્લેખ કરેલો છે. જેમાં તેમણે પાળિયા નીચેનું લખાણ ઉકેલ્યું છે. સંવત ૧૭૦૧ પોષ સુદ – ૪ ....... ભોજાય આટલું લખાણ વંચાય છે.

જયારે અમારી રૂબરૂ મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે, ભોજરાજજીની છતરડી પણ તૂટી ગઈ છે. આજુબાજુ તૂટી ગયેલી છતરડીના પથ્થરો પડયા છે. અને વચ્ચે ભોજરાજજીનો પાળિયો ઊભો છે. કાળના પ્રવાહમાં અક્ષરો લુપ્ત થઈ ગયા છે અને આકૃતિ પણ સ્પષ્ટ દેખાતી નથી. પાળિયો ખૂબજ જૂનો હોવાથી જીર્ણ થઈ ગયો છે. છતાં પરંપરિત ઘોડેસવારની આકૃતિ કળાય છે.

* અહીં એ નોંધવું રહ્યું કે, નાગજીભાઈ ભટ્ટીએ ગુજરાતના દીપોત્સવી અંક–ના કચ્છના પાળિયા વિષયક લેખમાં ભોજાયના ભોજરાજજીના પાળિયા નીચે સંવત ૧૭૦૧ નો ઉલ્લેખ મળે છે. એવી નોંધ કરી છે. જયારે કચ્છ કલાધર–ભાગ–૨ માં ભોજરાજજીના મૃત્યુનો સમય સંવત ૧૭૦૨ ફાગણ સુદ બીજના દિવસે ભોજરાજજી દેવ થયાનો ઉલ્લેખ મળે છે.

## ૪.૨૦ * કમાસતીનો પાળિયો (પંચગંગાજી) :–

રામપર વેકરાથી લુડવા જતાં પંચગંગાજી સ્થાન છે. (જે જામથડાની પૂર્વ બાજુએ છે.) જયાં પોતે સતી થયાં હતાં. ત્યાં તેની છતરડીની જગ્યાએ નાનું એવું સુંદર મજાનું કમાસતીનું મંદિર બનાવવામાં આવ્યું છે. આ સ્થળની બાજુમાં હરિતપોવન ગુરૂકુળ અને આગળ જતાં રામમંદિર અને જલારામનું ધામ આવેલ છે. તેની બાજુની ટેકરી પર આ સતીનું મંદિર ઊભું કરાયું છે. આ મંદિરમા બે સતીઓના પાળિયા મૂકવામાં આવ્યા છે. આ બંને પાળિયાની વચ્ચેની આકૃતિમાં સતીઓના જમણા હાથની નિશાની કંડારવામાં આવી છે. ઉપર સૂર્ય–ચંદ્રનાં નિશાન છે, પરંતુ લખાણ બિલકુલ વંચાતું નથી. પરંતુ બંને પાળિયાઓ ઉપર તક્તીઓ લગાવેલી છે. જેમાં ડાબી બાજુના પાળિયા ઉપર પૂજય આઈશ્રી લાડુબાઈ અને જમણીબાજુના પાળિયાની તક્તી ઉપર પૂજય આઈશ્રી કમાબાઈ એવું નામ વંચાય છે.

"આઈશ્રીના પિતાનું નામ હેમરાજ પગામલ રોહડિયા તેમજ માતૃશ્રીનું નામ લાડુબાઈ હતું. આઈશ્રીના પિતામહનું નામ સુરતાણિયા ઠાકરસી ગોવિંદ હતું. જેઓ મોરઝરના હતા.વાત એમ હતી કે માંડવી તાલુકાના જામથડાની એક વાડીમાં ભાગ અંગે ગઢવીઓ અને વેકરાના મેઘજીવાળા (ભોજાણી જાડેજા) આ વચ્ચે તકરાર થઈ. ભોજાણીઓએ ગઢવીઓનો સાચો અને પૂરેપૂરો હક્ક આપવા તૈયાર ન થતાં લડાઈની નોબત આવી. વેકરાના જાડેજાઓ હથિયારો અને માણસો સાથે લડાઈ કરવા જામથડા સીમાડામાં દાખલ થયો. અહીંથી રાયમલજી (આઈશ્રીના ભાઈ) અને બીજા ગઢવીઓએ પણ સામનો કરવાની તૈયારી કરી લીધી.

આવા સમયે નાહકનો રકતપાત થતો અટકાવવા પોતાના ભાઈઓ અને કુળની રક્ષા કરવા ચારણ આઈઓની ઊજળી પરંપરા નિભાવતા પોતાનો દેહ અગ્નિને સોંપવા સતી થવા આઈએ નિર્ણય કર્યો.

જામથડાની પૂર્વ બાજુએ હાલમાં જયાં ગંગાજી ધામ છે, તે જગ્યા પર આઈ પૂર્વાભિમુખ આસન લઈ ધ્યાનમાં બેસી ગયાં. સ્વયં અગ્નિ પ્રગટ થયો અને જયોત મહાજયોતમાં મળી ગઈ.

આઈએ સત લીધા પછી વેકરાવાળા જાડેજા કુટુંબનો ત્રણ દિવસમાં જ નાશ થયો. બહુ મોટો વર્ગ આઈને માને છે." [૩૧]

આ પાળિયા ઉપર એક મોટી તક્તી લગાવેલી છે. જે ઘટનાનો નિર્દેશ કરે છે. જો કે, તક્તી પરનું લખાણ અને માહિતીદાતાએ આપેલી માહિતી બંને એકજ ઘટના બતાવે છે. છતાં તક્તી પરનું લખાણ જોઈએ તો –

સંવત ૧૭૮૨ માં જામથડાના ગરાસ અંગે વેકરાના દરબારો અને જામથડાના ચારણો વચ્ચે વિવાદ થયો. એક તરફ વેકરાના મેઘજી વાલજી જાડેજા સામે જામથડાના રાયમલ ગઢવીની સરદારી નીચે બંને પક્ષો હથિયારો સાથે સામસામા આવી ગયા. એ ધીંગાણામાં હત્યા અને રકતપાત અટકાવવા આઈશ્રી કમાસતીને સત ચડયું અને માતાજીના દેહમાંથી અગ્નિશાખા પ્રગટ થઈ અને આ સ્થળે તેઓ વિલીન થયાં.

પોતાની કુંવારી પુત્રીની વ્હારે તેમના માતૃશ્રી લાડુબાઈ પણ કમાસતીની સાથે જ સતી થયાં.

મંદિરની બહારના ભાગમાં દરવાજા ઉપર પણ એક તક્તી લગાવેલી છે. જેમાં નીચે મુજબનું લખાણ મળે છે :

પૂ. પિતાશ્રી હરિદાન મનુભાઈ રોહડિયા.
પૂ. માતૃશ્રી ડાહીબહેન ગોવિંદજી દેવા.
ની પુણ્ય સ્મૃતિમાં જેમના પુત્ર મહેશદાન ગઢવી (જામથડા) એ પૂજય શ્રી કમાબાઈ સતી માતાનું આ મંદિર બંધાવી શિવાર્પણ કર્યું.
સંવત – ૨૦૫૯ – જેઠ સુદ – ૮.
રવિવાર, તારીખઃ ૮/૬/૨૦૦૩.

## ૪.૨૧ * પૂંજા રોહડિયાનો પાળિયો :–

જામથડા ગામમાં પ્રવેશતાં ડાબા હાથ બાજુ એક મોટી છતરડી બાંધવામાં આવી છે. જેમાં બે પાળિયાઓ છે. એમાં એક પાળિયો ગ્રામજનોનાં કહેવા પ્રમાણે પૂંજા રોહડિયાનો છે. જયારે બીજો પાળિયો કોનો છે, તે કોઈને ખબર નથી. એટલા માટે કે, બંને પાળિયા નીચેનું લખાણ ઘસાઈ ગયું હોવાથી સહેજેય વાંચી શકાતું નથી. વચ્ચેની ઘોડેસવારની આકૃતિ પરંપરિત છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન દષ્ટિગોચર થાય છે. ઘોડેસવારના એક હાથમાં તલવાર અને બીજા હાથમા ઢાલ છે. પૂંજા રોહડિયાના પાળિયાની કથા નીચે મુજબ છે.

ચારણોની વસતી ધરાવતા જામથડા ગામમાં કમાસતી પછી બીજો એક બનાવ બન્યો. માહિતીદાતાના કહેવા પ્રમાણે આ બનાવ વિક્રમ સંવત ૧૮૪૦ જેઠ સુદ – ૧૧ ને રવિવારનો છે.

વિ.સં. ૧૮૪૦ જેઠ સુદ – ૧૧ ને રવિવારના રોજ જામથડા ગામ ઉપર ભાટી લૂંટારાઓ લૂંટફાટ ચલાવવા હથિયારો સાથે મોટી સંખ્યામાં ચડી આવ્યા. આ વાતની જાણ થતાં આ ગામમાં બૂંગિયો ઢોલ વગાડવામાં આવ્યો. આ સાંભળી આજુબાજુના તથા જામથડાના માણસો ભેગા થયા. તેનું સુકાન પૂંજાએ લીધું અને જોરદાર ધીંગાણું જામ્યું. તેમાં બહાદુર વીર પૂંજાએ ઘણા લૂંટારાઓને માર્યા. છેલ્લે પોતાનું માથું કપાઈને નીચે પડયું. છતાંયે તેનું ધડ લડયું. આ ધડ ગામથી પશ્ચિમ બાજુએ જઈને પડયું. આ લડાઈમાં બીજા ૬૦ એક જણ પણ કામ આવ્યા." (૩૨)

ઉપરોકત પાળિયાની કથા કોઈ બીજી જગ્યાએથી મળી નથી.

### ૪.૨૨ * આઈ દેશામાં (દેવશ્રી આઈ) :-

જે રીતે બહેન, દીકરી, ગાયો અને સ્વભૂમિના રક્ષણ માટે બલિદાન આપવાની પ્રથા વીરપુરુષોમાં હતી, એજ રીતે મધ્યકાળમાં ચારણ આઈઓમાં પણ પોતાના ગામ, જ્ઞાતિ, પરિવાર કે પશુ–પંખીઓ માટે બલિદાન આપવાની પ્રથા હોય તેવું અહીંની ચારણ આઈઓની પાળિયા કથા જોતાં લાગે છે. આવી જ એક પાળિયાકથા ચારણ આઈ દેશામા (દેવશ્રી આઈ) ની જોવા મળે છે. તે જોઈએ તો–

"સંવત ૧૮૪૧ માં પાંચોટિયામાં શ્રી ગોપાલ સિંધિયાને ત્યાં એક તેજસ્વી બાલિકાનો જન્મ થયો હતો. આ બાલિકા મોટી થતાં પોતાની માતા ગોરબાઈને બધાં કામમાં મદદ કરતી. જગદંબા ઉપાસક આઈ દેવશ્રી પોતાની ઉંમરની બાલિકાઓને લઈને માતાજી પુનઈઆઈને ઓરડે જતાં ત્યાં ધૂન, ભજન, છંદ અને પ્રાર્થનામાં ઘણી વખત કલાકો નીકળી જતા.

માતાજી પૂનઈઆઈ માટે આખા પાંચોટિયા અને આજુબાજુનાં ગામોને શ્રદ્ધા અને વિશ્વાસ, માતાજીના મંદિરે સવાર–સાંજ ચારણો આવે, દર્શન કરે. ગામ પાંચોટિયા અને ચારણોની રક્ષા માટે આઈ પૂનઈ માએ બલિદાન આપી ત્યાગનો મહિમા ગાયો હતો. કચ્છના મહારાઓ તે વખતે તમાચીજી હતા. એક વખત માતાજીએ તેને

ચમત્કાર બતાવ્યો હતો. આથી તેઓને (તમાચીજીને) માતાના શરણે આવવું પડયું હતું. આ માતાએ શ્રદ્ધાના બળે ઘણાને રોગમુકત કર્યા હતા. આ માતાજીને દેવશ્રીબાઈ, અન્ય ચારણો શ્રદ્ધાથી પૂજતા. કાઠડા ગામમાં માતાજી પૂનઈનો શાખરા શાખાના ચારણને ઘરે જન્મ થયો હતો. તેનાં લગ્ન મંધુડાની પેટા શાખા રાજદિયાણીમાં થયેલ અને તે પરણીને પાંચોટિયાથી કાઠડા આવ્યાં.

નાના લાયજા ગામમાં ભાટિયાઓનાં ઘણા ઘર હતાં. બધાં ધર્મનિષ્ઠ વૈષ્ણવ હતાં. આ ભાટિયાઓને ચારણો પ્રત્યે માન હતું. સાંધાણથી ઘણા ઠકરાઈઓ આવી નાના લાયજા વસ્યાં હતાં. તેઓ ચારણોથી ડરતાં હતાં. પણ ભાટિયાઓ ઉપર જોર જુલમ કરી તેમની જમીન પચાવી લેવા લાગ્યાં. કેટલાક ભાટિયા ઠકરાઈના દેવાદાર બન્યા.

આ ઠકરાઈઓને નાના લાયજામાંથી ભાટિયાઓને ભગાડીને ભાટિયાઓની જમીનના માલિક બનવું હતું. નક્કી થયેલ મુદ્દતે ભાટિયાઓ દેવી રકમ ભરી શકયા નહિ. આથી ઠકરાઈઓએ સાંધાણ ગામથી માણસોને બોલાવ્યો. સાંધાણથી હથિયારો આવે છે, એ સાંભળી ભાટિયા મોનજી પોતાના કુટુંબ સાથે રાતોરાત મુંબઈ રવાના થયો. આથી સાંધાણથી બોલાવેલાં ઠકરાઈઓ અને નાના લાયજામાં રહેતા ઠકરાઈઓએ મોનજીનો જામીન થયેલ દેન સિંધિયાને નાના લાયજા બોલાવ્યો અને નાના લાયજામાં કેદ કર્યો.

આ દેન સિંધિયા આઈશ્રી દેવશ્રીના સગા કાકા થાય. આઈને ખબર પડતાં એમને ખૂબજ આઘાત લાગ્યો. ચિંતાનો પાર નહિ. તેઓ (દેશામાં) તે વખતે તેના સાસરે હતાં. પરણ્યાને ચાર મહિના થયાં હતાં. પોતાના કાકા મુશ્કેલીમાં છે તે સાંભળી ને ઘેર આવી પોતાની સાસુને કહ્યું " ફૂઈ હું પાંચોટિયા જઈ આવું. " મારા કાકાને ઠકરાઈઓએ કેદ કર્યા છે.

સાસુએ મેણું મારતાં કહ્યું કે, બચાજ કેડી કટારી પેરિનીએ ઉત્તેં ? આ મેણું દશામાને કટારી સમું લાગ્યું. આઈ તરત જ પાંચોટિયા જઈ પુનઈના મંદિર ગયાં ત્યાં ગામના ચારણો એકઠા થયા. પુનઈની પ્રાર્થના કરી, ત્યાંથી બે કટાર લીધી. રણચંડી દેવશ્રીએ તેજ વખતે એક કટાર પોતાના ગળામાં અને એક છાતીમાં ભોંકી. લોહીથી તરબોળ નાના લાયજા તરફ આઈએ દોટ મૂકી. એની પાછળ પાંચોટિયાવાળી ચારણો

માતાજી પાંચોટિયાથી લાયજા આવે છે. તે સાંભળી ઠકરાઈઓને થયું કે હવે આપણું નખ્ખોદ નીકળી જશે. આથી ઠકરાઈઓ સાંધાણ તરફ ભાગી છૂટયા.

માતાજી ઉગ્ર સ્વરૂપે લાયજા પહોંચ્યાં. ઠકરાઈઓએ માતાના કાકાને છૂટા કર્યા અને માતાના શરણે ગયા. નમ્રભાવે વિનંતી કરતાં બોલ્યા કે અમે તમને ઓળખી ન શકયા. અમને માફ કરો. મા કહે મારે કોઈ વિનાશ કરવો નથી પણ હું તમને કહું છું કે તમારા ભલા માટે આ ગામ છોડીને ભાગી જાવ. આથી તેઓ ભાગ્યા.

આઈ દેવશ્રીએ આખા ગામની પરિક્રમા કરી, સાંજના મોટી સંખ્યામાં એકત્ર થઈ માતાજીએ તે વખતે લગ્નનાં કપડાં પહેર્યાં હતાં. માતાજીએ હાજર રહેલ સમૂહને કહ્યું કે, જલદી લાકડાં લાવી ખડકો, માતાજીના ઉગ્ર સ્વરૂપ સામે કોઈ કાંઈ બોલ્યું નહિ.

લાયજાના જામ શાખાના અને બીજા ચારણો માની પાસે કાલાવાલા કરવા લાગ્યાં. આ ગામની રક્ષા કરો. અમે તમારે શરણે છીએ. માએ આશીર્વાદ આપ્યા અને કહ્યું કે કોઈ દિલગીર થતા નહીં. કાઠડા, લાયજા, ભાડા, પાંચોટિયા, વગેરે ગામોના ચારણો સુખી થાઓ.

આમ, લાકડાના ભળભળતા અગ્નિદેવના ખોળામાં દેશામાં બેસી ગયા. અંતિમ આજ્ઞા કરી કે, લગ્નનાં કપડાં પહેરેલ કોઈપણ અહીં આવે નહીં અને મારે માટે પાણી પુનઈઆઈના સ્થાનેથી જ લાવજો. જય અંબેના નાદ સાથે તેમનો દેહ અગ્નિમાં સમાઈ ગયો." (૩૩)

આશાનંદ સુરાભાઈ ગઢવીએ પણ ઉપરોકત કથા કહી હતી. "ઉપરોકત લેખિત કથા અને માહિતીદાતા આશાનંદભાઈની મૌખિક કથામાં કોઈ ફેરફાર ન હોવાથી મૌખિક કથા અહીં લખી નથી." (૩૪)

ગામના પાદરમાં ઊંચા ઓટલા પર દેશામાનું મંદિર (દહેરી) છે. તેની સામેના ભાગમાં પ્રાથમિક શાળાનું મકાન છે. સતીમાની ઊભી આકૃતિ છે. એક હાથમાં માળા અને બીજા હાથમાં કમંડલ છે. લખાણ જમીનના અંદરના ભાગમાં આવી ગયું છે.

### ૪.૨૩ * નોંઘણજી તથા સુમરાજીની ખાંભી :-

નોંઘણજી તથા સુમરાજીની ખાંભી સલાયાની ધરતી પર ઊભી છે. ગુંદિયાળી ગામના ધણી એવા નોંઘણજી એક વીરપુઢષ હતા. ગુંદિયાળી, મસ્કા, માંડવી,

સલાયા, એવાં ગામો તેમને મળેલાં. એવા નોંઘણજી અને તેના મિત્ર સુમરોજીની આ વાત છે. જેવા પરાક્રમી વીરપુઢષ નોંઘણજી એવા જ એના મિત્ર સુમરોજી . જમાનો પણ વટ, વચન, ને નેકટેક વાળો. આ ગુંદિયાળી ગામમાં એક મોટું વડલાનું ઝાડ હતું. જયારે–જયારે આ ગામ ઉપર લૂંટારુઓની ટૂંકડી આવતી ત્યારે–ત્યારે વડલા ઉપર ધ્રુબાંગ–ધ્રુબાંગ કરતો ઢોલ વાગવા લાગે અને ગામના યુવાનો વાયુવેગે પહોંચીને લૂંટારુઓનો સામનો કરે. જેમાં નોંઘણજી અને સુમરોજી તો હોય જ. પણ સાથે–સાથે ગામના બીજા યુવાનો પણ હોય. એમાંય સુમરોજી વિશે તો કહેવાય છે કે, એક વખત મિયાણાની તલવારનો ઘા પોતે ઝીલી લઈને પોતાના પરમમિત્ર નોંઘણજીને બચાવ્યા હતા. જેથી નોંઘણજીએ સુમરાજી ઉપર ખુશ થઈને જમીન આપી હતી.

એકવાર સુમરોજી બળદ–ગાડા સાથે માંડવી તરફ જતા હતા. રસ્તામાં નોંઘણજીનું ખેતર આવતું હતું. આથી સુમરાજીને થયું કે, લાવને નોંઘણજીના ખેતરમાં જઈને નોંઘણજીને મળતો જાઉં. એમ કરીને પોતે નોંઘણજીના ખેતરમાં જાય છે. ત્યારે નોંઘણજીના ખેતરમાં લીલું–લીલું અનાજ ઊભું હોય છે. આથી સુમરોજી કશોય વિચાર કર્યા વિના પેલું અનાજ પોતાના બળદોને ખવડાવવા લાગ્યા. આ દશ્ય નોંઘણજીએ જોયું ત્યારે તેને સુમરોજી પર ગુસ્સો ચડયો અને સુમરોજીને સંભળાવી  પણ દીધું. પછી તો બંને મિત્રો સાથે હર્યા–ફર્યાને ઘણી વાતો કરી. પરંતુ સુમરોજીનું મન ફરી–ફરીને એકજ વાત પર જતું હતું કે નોંધણજીએ પોતાને સંભળાવ્યું. પછીતો ઘણો સમય ગયો.

એ જમાનામાં માંડવીના બંદરનો વ્યાપાર બીજા દેશો સાથે ધમધોકાર ચાલતો હતો. આથી લૂંટારાઓ (ચાંચિયાઓ) ની ટોળકી માલ લૂંટવા વારંવાર આ બંદર ઉપર ત્રાટકતી હતી. એક વખત લૂંટારુઓની એક ટોળકી હોડી લઈને બંદર કાંઠે ત્રાટકી અને બધો માલ પોતાના હોડકામાં નાખવા લાગ્યા. વખતો–વખત આ સમાચાર કોઈકે નોંઘણજીને આપ્યા અને નોંઘણજી ઝડપથી બંદરે પહોંચ્યા અને લૂંટારુઓનો સામનો કરવા લાગ્યા. તે જ વખતે સુમરોજી ખેતરમાં હોવાથી તેની ઘરવાળી ભાથું લઈને સુમરોજીને આપવા આવી. હજુ સૂમરોજી પહેલો કોળિયો જ જયાં મોમા મૂકવા જાય છે ત્યાં જ એની પત્નીએ સમાચાર આપ્યા કે, માંડવી બંદરે લૂંટારાઓ આવ્યા છે. તેને હાંકી કાઢવા નોંઘણજી ગયા છે અને તમને જવાપણ જણાવ્યું છે. ખાધા વગર જ સુમરોજી ભાગ્યા. જઈને જોયું તો નોંઘણજી લૂંટારાઓ વચ્ચે ઘાયલ હાલતમાં લડી  રહ્યા હતા. સુમરોજી

લૂંટારાઓ ઉપર તૂટી પડયા. તેનું વર્ણન દુલેરાય કારાણીએ નોંધ્યું છે, " સુમરોજી માયડો અહીં આવ્યો ત્યારે આ બંને પક્ષો વચ્ચે રણરંગ જામી રહ્યો હતો. શરીર પરના અનેક જખમોથી ઘાયલ થયેલા નોંઘણજી બાવા લૂંટારાની જમાત વચ્ચે ઝઝુમી રહ્યા હતા. સુમરાજીને આવી પહોંચેલો જોઈને એમને પણ નવી હિંમત આવી ગઈ. સુમરોજી પણ આવતાંવેંત તલવાર તાણીને ચાંચિયાની ટોળી પર તૂટી પડયો. તેની તલવાર દુશ્મનોનાં માથાં ઉડાડવા લાગી. તલવારના પ્રહારથી ચાંચિયાનું માથું કપાઈને તૂટી પડે તેની સાથે જ સુમરોજી કચ્છી શબ્દોમાં પોકારી ઊઠતા : ગિન ઠક્કર, ચિંગડીઓ ! " અર્થાત્ લે ઠાકોર, આ વાંકડિયું કણસલું. !" (૩૫)

આ રીતે સુમરોજી અને નોંઘણજી દુશ્મનોનાં માથાં ધરતીમાતાને ભેટ ધરવા લાગ્યા. છેવટે બંને બહાદુરોએ કેટલાક ચાંચિયાઓને મારી નાખ્યા અને કેટલાકને ભગાડી મૂકયા. છેવટે બંને એટલા ઘાયલ થઈ ગયા હતા તે ધરણી પર ઢળી પડયા.

## ૪.૨૪ * રાણબાઈમાનો પાળિયો (મોટા ભાડિયા):-

કચ્છમાં ચારણ જ્ઞાતિમાં ચારણ આઈઓના પાળિયા વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. જેમાં ગામની રક્ષા કાજે, કુટુંબની રક્ષા કાજે, મૂંગા પશુઓને ખાતર તો કયારેય અન્યાય સહન ન થતાં તો વળી કયારેક પોતાના સ્વજનના મૃત્યુ પાછળ પણ સતી થનાર રાણબાઈમાનો પાળિયો મોટા ભાડીયા ગામમાં આવેલો છે. જેની કથા નીચે મુજબ છે.

"૧૫૦ વર્ષ જૂની વાત છે. આ બાઈ ભાડા ગામના દીકરી અને ભાડિયા ગામના વહુ. (પતિનું નામ માહિતીદાતાને ખબર નથી) કચ્છમાં કોઈ ધંધો–રોજગાર ન હોવાથી તે પોતાના પુત્ર સાથે મુંબઈ ગયેલાં. ત્યાં તેમના પુત્રને જુગારમાં મરાઠાઓ સાથે ઝઘડો થયો, આ મરાઠાઓએ બાઈના પુત્રને મારી નાખ્યો. આથી તેની માતા (આઈશ્રી) એ પોતાના પુત્રને લઈને પોતાના ગામ મોટા ભાડિયા આવવાનું નક્કી કર્યું. તે જમાનામાં આજના જેવો વાહનવ્યવહાર ન હતો. આથી દરિયાઈ માર્ગેથી આવવા માટે તેઓ મુંબઈના દરિયાકિનારે પહોંચ્યા, પરંતુ બધાં વહાણ લંગરાઈ ગયાં હતાં. કેમકે, જેઠ મહિનાનો સમય હતો. આથી કોઈપણ વહાણનો માલમ માંડવી આવવા માટે તૈયાર થતો ન હતો. પરંતુ આઈશ્રીએ એક માલમને વિનંતી કરતાં તે તૈયાર થયો. આઈશ્રીએ તેને કહ્યું કે, હું

બેઠી છું તું હાલ આ રીતે તેઓ દરિયાઈ માર્ગે ચાલ્યાં. પંદર દિવસની જગ્યાએ આ વહાણ પાંચ દિવસમાં માંડવી બંદરે પહોંચી ગયું. આથી માલમને પણ કોઈ દૈવી શકિતનો હાથ હોવાનું જણાયું. આઈશ્રી જયારે વહાણમાંથી નીચે ઉતર્યાં ત્યારે માલમને તેના બદલામાં કંઈ માગવા માટે કહ્યું. ત્યારે માલમ પોતે ઉંમરલાયક હોવા છતાં પુત્ર ન હોવાથી પુત્રની માંગણી કરી. આઈએ તેને બીજા દિવસે પોતાના ગામ મોટા ભાડિયા બોલાવ્યો. બીજા જ દિવસે આ આઈએ સતી થવાનું નક્કી કર્યું, અને ગામના લોકો વાજતે–ગાજતે હાલની જે જગ્યાએ સતીનો પાળિયો છે ત્યાં આઈએ નાળિયેરની ચિતા ખડકાવીને પોતાના પુત્ર પાછળ સતી થયાં. તેમના પુત્રનું નામ અરજણ હતું. તેઓ જેઠ સુદ– ૯ (નોમ) ના રોજ સતી થયાં." (૩૬)

* પેલાં માલમને ત્યાં પણ પુત્રનો જન્મ થયો હતો. તેનાં વંશજો હાલમાં પણ આઈને પૂજે છે.

* માહિતીદાતાના કહેવા પ્રમાણે બારોટના ચોપડે નીચેની વિગત મળે છે.

સંવત ૧૯૦૯

જેઠ સુદ – નોમ. શુક્રવાર.

માતાજીના બાપનું નામ માલસી.

ગામની વચ્ચે સતીમાનું મંદિર આવેલું છે. તેમાં રાણબાઈમાનો પાળિયો આવેલો છે. પાળિયો ખૂબ જૂનો છે. સતીમાના ખોળામાં બાળક છે. લખાણ ઘસાઈ ગયેલું છે જેથી વાંચી શકાતું નથી.

### ૪.૨૫ * જશોદામાતાનો પાળિયો (વીંગણિયા) :-

નેક, ટેકના એક જમાનામાં ઘણી વખત તો નાની–નાની વાતોમાં પણ પાળિયાઓ અસ્તિત્વમાં આવતા. ઘણી વખત ચારણ આઈઓ સામાન્ય કહી શકાય તેવી બાબતમાં પણ દુઃખ લાગવાને લીધે સતી થતી. આવો એક પાળિયો વીંગણિયા ગામના પાદરમાં જોવા મળે છે.

"જશોદા આઈનો પાળિયો વીંગણિયા ગામમાં આવેલ રત્નાસર તળાવની પાળ ઉપર ઊભો છે. આ તળાવ વીંગણિયાના જાગીરદાર રતનસિંહે બંધાવેલું હતું. તેના નામ પરથી તળાવનું નામ રત્નાસર રાખવામાં આવ્યું. જશોદાઆઈ એ

રતનસિંહનું એકમાત્ર સંતાન હતાં. આથી રતનસિંહની જાગીર દીકરી જશોદાને મળી. વળી, જશોદાઆઈ પોતે પરણ્યા ન હતાં અને પોતાના ગામમાં જ રહેતાં હતાં. કાળક્રમે તેનાં માતા–પિતા મૃત્યુ પામ્યાં ત્યારે સંપૂર્ણ જાગીર સંભાળીને તેઓ રહેતાં હતાં. આથી તેમના કાકાના દીકરાને થયું કે આ બધી મિલકત જશોદાના નામે છે. જો જશોદા મરી જાય તો બધી મિલકત પોતાને મળી જાય. હવે કોઈ કારણસર જશોદા પોતાનાં ભાભી (કાકાના દીકરાની વહુ) પાસે શાક લેવા જાય છે. જશોદા પોતાને ત્યાં આવે છે એવી જાણ તેના ભાઈઓને થતાં બંને ભાઈઓ જશોદાને મારવાના બદ ઈરાદાથી પોતાની ડેલી પાછળ તલવાર લઈને સંતાઈ ગયા. થોડી વારમાં ત્યાં જશોદા આવી, આખે ડેલી ન ખોલતા ડેલીનો વચ્ચેનો ભાગ ( જે માત્ર આવવા–જવા પૂરતો ઉપયોગમાં લઈ શકાય તેવો ખોલ–બંધવાળો ભાગ) ખોલીને પ્રથમ તો ડોકું નાખ્યું કે ઉતાવળથી તેના એક ભાઈએ તલવારનો પ્રહાર કર્યો અને જશોદાનું નાક કપાઈ ગયું. તેઓ ભાગવાને બદલે ભાઈ સાથે ઝઘડવા લાગ્યા. ત્યારે જાગીરના રક્ષકો રાઠોડો ત્યાં આવી પહોંચ્યા અને પેલા ભાઈઓ પાછળ દોડયા. આથી પેલા ભાઈઓ વાળાસર અને રામપર વેકરાના રસ્તા પર એક તલાવડી આવે છે ત્યાં જઈને લોહીવાળી તલવારો લૂછી અને તે દિવસથી તે તલાવડીના પાણીનો વીંગણિયાવાળાને અપૈયો છે. માતાજી જશોદાઆઈ આ કારણે જ એટલે કે અપમાન થવાથી જ સતી થયાં. પાછળથી તેના કાકાના દીકરાનો પણ નાશ થયો.

પાછળથી ગામજનોએ જશોદાઆઈનો પાળિયો ઊભો કર્યો. પરંતુ થોડા જ સમયમાં આકૃતિમાંનું નાક ખરી ગયું. આથી ખંડિત પાળિયો ન રખાય માટે બીજો પાળિયો ઊભો કર્યો. તો તે પાળિયાની આકૃતિનું નાક પણ ખરી ગયું, આથી ત્રીજી વાર પાળિયો બેસાડયો અને છેલ્લી વખત નાક વગરનો આ પાળિયો બનાવીને બેસાડયો." [૩૭] આથી એક વિશિષ્ટ પ્રકારના પાળિયામાં તેની ગણતરી કરી શકાય.

રત્નાસર તળાવની પાળ ઉપર સતીમાનું મંદિર છે. તેમાં ઉપરોકત ત્રણ પાળિયાઓ બેસાડયા છે. જેમાં ડાબી બાજુથી પ્રથમ પાળિયામાં નીચે મુજબનું લખાણ મળે છે.

શ્રી ગણેશાય નમ : × વંત ૧૭૭૫ માં
× × × × × × × બાઈ જા શ દા
× × × × × × × × × × × ×

× × × × × × ×  × × × ×

× × × × ×  × × × × × ×

જયારે બીજા પાળિયા નીચે આછેરો લેખ મળે છે. પણ તે ઉકેલી શકાતું નથી.

ત્રીજા પાળિયા નીચે પણ લખાણ જોવા મળે છે. જે નીચે મુજબ છે

શ્રી ગણેશાય નમ :  સંવત ૧૭૭૫  ના

વર ષે માઘ સુદ  ૧૬ ને વાર સોમ

× × × × × × × × × ણો દી ના

× × × × × × × રામ શણ છે તેની

× × × × × સુરજની × × × ×

× × × × × × × માહા વદ ૧ ૩

× × વરસે × × × સુદ બાઈ

× × છે તેની × × × × × × × × ૧૫

ઉપરોકત બધા જ પાળિયાઓ જશોદાબાઈના છે જેમાં બે પાળિયાનાં નાક ખરી ગયાં છે અને ત્રીજો પાળિયો નાક વગરનો જ બેસાડયો છે. જે આજેપણ ઊભા છે. બધા જ પાળિયાની આકૃતિ સમાન છે જેમાં પાળિયાના ઉપરના ભાગમાં પરંપરા મુજબ સૂર્ય–ચંદ્રનાં નિશાન છે, વચ્ચેની સતીમાની આકૃતિમાં એક હાથમાં  માળા અને બીજા હાથમાં કમંડલ લીધું છે.

હાલમાં આ પાળિયા વિષયક લેખિત સ્વરૂપમાં કોઈ માહિતી મળી નથી.

### ૪.૨૬ * ઢોકળા ગામના પાળિયા :-

ઢોકળા ગામના પાદરમાં મોટી ભાડાઈ ગામ જવાના રોડ પર માહિતીદાતાના કહેવા મુજબ એક મોટી છતરડી હતી. જે અત્યારે પડી ગઈ છે. માત્ર ઓટા જ ઊભા છે. આ ઓટલા ઉપર અલગ–અલગ ચાર પાળિયા છે જેમાં પહેલં ઓટલા ઉપર જાડેજા રાવજી ઉન્નડજીનો ઝારાના યુદ્ધમાં કામ આવ્યાનો છે. જેમાં નીચે મુજબ લખાણ મળે છે.

સવં × × × × × × × ×

× × × × × × ×

રદી આણી ન ૫ × × જુ × ×

ઝારા ના ચિ × સુત × × × × ×

૧૮૫૨ ના વરષે × × × × × ×

પાળિયાના લખાણ ઉપરથી ખ્યાલ આવે છે કે, રાવજી ઝારાના યુદ્ધમાં કામ આવ્યા હશે. અને તેનો પાળિયો ૧૮૫૨માં બેસાડયો હશે.

ત્યારબાદ વચ્ચેના ઓટલા પર બે પાળિયા જોવા મળે છે. જેમાં એક શૂરાનો અને બીજા સતીનો પાળિયો છે. જેમાં માહિતીદાતાના કહેવા પ્રમાણે "તે પાળિયા માતા–પુત્રનાં છે. પુત્ર કરણજી મોમાયાજી પાછળ તેની માતા લાછુંબા સતી થયાં છે. આ પાળિયાઓની કથા પણ આછેરી મળે છે. જેમાં વૈઘાબૈરના સરવૈયા દરબારો ઢોકળા ગામનું ધણ વાળી ગયા હતા. તેમને પાછું મેળવવા કરણજી ગયા હતા. ધણને પાછું મેળવી આવતા હતા ત્યારે પાછળથી એક લૂંટારાએ કરણજીને બંદૂકની એક ગોળી મારીને હત્યા કરી હતી. તેની પાછળ તેની માતા પણ સતી થયાં." (૩૮) કરણજીના પાળિયાની આકૃતિમાં ઘોડેસવારના હાથમાં તલવાર અને ઢાલ છે. તેની માતાના પાળિયાની આકૃતિમાં હાથનું નિશાન છે. બંનેના પાળિયા નીચેનું લખાણ સાવ ઘસાય ગયેલું છે. તેથી વાંચી શકાતું નથી.

આ કરણજીની બીજી ખાંભી રાયણ પાસે આવેલ કલ્યાણ પાટિયા પાસેની નારણ સંઘારની વાડી પાસે છે. જયાં તેઓ મરાણાં હતાં.

ત્રીજા ઓટલા પરનો ચોથો પાળિયો પણ ઝારાના યુદ્ધનો છે. જેની નીચે નીચે મુજબનું લખાણ મળે છે.

સંવત . ૧૮૧૯ ના . વરષે × ×

લશ્ર સુદ ૧૬ મા પારી ર જા

ખુ ન – ઈ ન ન ડ જ જી મ રા

જી ર વા ની ઝા રા નો મા રા

માખ × × સંવત ૧૮૫૨ ના

ઝા રા ના તૃરમ.

ઉપરોકત પાળિયા નીચેનું લખાણ સ્પષ્ટ રીતે સમજી શકાતું નથી. પરંતુ આ પાળિયો ઝારાના યુદ્ધનો છે. તેનો ખ્યાલ આવે છે.

### ૪.૨૭ * ડોણ ગામના પાળિયા :-

ડોણ ગામમાં સ્મશાનની બાજુમાં લાંબા ઓટલા ઉપર સાત પાળિયાઓ બેસાડેલા છે. તેની ફરતે મોટો વંડો ચણેલો છે. તે પણ ખૂબ જૂનો છે જેમાં પાળિયાની હરોળનાં જમણી બાજુથી પાંચ પાળિયા એક સરખી આકૃતિવાળા અને લખાણવાળા જોવા મળે છે. છેલ્લા બે પાળિયા એક જ સતીના છે. જૂનો અને નવો. જેમાંથી

**પ્રથમ પાળિયા નીચે નીચે મુજબનું લખાણ જોવા મળ છે.**

શ્રી સંવત ૧૮૧૯ ના × ×
× × જાડેજા શ્રી પવીસાજી
ત્રીમજી ગ્ત્રણ શ્રી જાજે
× કામ શ્ર × × સં વ ત ૧૮ –
૨૨ વે સા ષ સુ દ સામના ×
તેવી × બેસાડયા ા શ્રી ા

* **બીજો પાળિયો :**

સંવત ૧૮૧૯ ના .. × × ×

માત્ર આટલું જ લખાણ વંચાય છે. બાકીના ત્રણેય પાળિયામાં માત્ર ૧૮૧૯ જેવું વંચાય છે. બાકીનું લખાણ ઘસાઈ ગયું છે. ઘોડેસવારનું મુખ ઉત્તર દિશામાં છે ઘોડેસવારના જમણા હાથમાં ભાલા અને ડાબા હાથમાં ઘોડાની લગામ છે.

* છેલ્લા બે પાળિયા એક જ સતીના છે. જૂના પાળિયાની બાજુમાં બીજો નવો પાળિયો બેસાડયો છે. નવા છટ્ટા પાળિયા નીચે નીચે મુજબ લખાણ વંચાય છે

શ્રી સવંત ૧૮૫૮ ના આસો
× વદ ૧૧ ના જાહી શ્ર મ સ
જ ન બા જા ડે જા રા ઓ જી ના
ઘરવાલા સતી થયા છે.
તે સંવત ૧૯૩૦ ના વૈશાખ

સુદ – ૪ સોમેના છતેડીમાં
બેસાડયાં છે. શ્રી શ્રી શ્રી.

* **સાતમા પાળિયા નીચેનું લખાણ :**

સંવત ૧૮૫૮ ના
વિદ × × × ×
ના રાઓજી ના ઘરવાલા સતી થયા છે
તે સંવત ૧૯૩૦ ના વૈશાખ સુદ ના
× × × × × બેસાડયા છે. ॥ શ્રી ॥
શ્રી ॥ શ્રી ॥ શ્રી ॥

ઉપરોકત છઠ્ઠા પાળિયામાં છતરડીનો ઉલ્લેખ કરેલો છે. આથી એમ કહી શકાય કે, પહેલાં તેના ઉપર છતરડી બાંધેલી હશે. જો કે, અત્યારે છતરડી નથી પરંતુ ફરતે માત્ર વંડી જેવું જ છે. દીવાલમાં બંને બાજુ ત્રિશૂલ ચિતરેલાં છે.

* સતીના પાળિયાની કોઈ કથા મળી નથી. પરંતુ સતીનો આખી આકૃતિ છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની નિશાનીઓ છે. વચ્ચેની આખી આકૃતિમાં સતીના જમણા હાથમાં કમંડલ અને ડાબા હાથમાં માળા છે. આકૃતિના નીચેના ભાગમાં ખૂણામાં માટલા જેવી આકૃતિ છે. તે શાનું સૂચન કરે છે તેનો ખ્યાલ આવતો નથી.

વળી, છઠ્ઠા નવા પાળિયાની ઉપરની આકૃતિમાં સૂર્ય–ચંદ્રની આકૃતિને બદલે બંને સૂર્યની જ આકૃતિ છે. જયારે સાતમા જૂના પાળિયામાં સૂર્ય–ચંદ્રની આકૃતિ છે. પાળિયાના બનાવનાર (ઘડનાર) સલાટની ભૂલ થઈ હોય તેમ જણાય છે. બીજા પાળિયામાં આ પ્રકારની આકૃતિ જોવા મળતી નથી.

## ❑ સંદર્ભસૂચિ ❑


૧. નરેન્દ્રકુમાર મ. જોશી :–' ભાતીગર ભોમકા કચ્છ ', પૃ. ૧૪૭.

૨. બારોટ ભીમશી કાકુ, :– ' કચ્છના સંત–શૂરવીર ચારણો ', પૃ. ૯૭ થી ૯૯.

૩. વિશ્રામ ગઢવી :– ' કચ્છમિત્ર દૈનિક ' શનિવિશેષ અંતર્ગત માતૃશકિતનો મહિમા : પૃ. ૧૦. તાઃ– ૧૫–૧૧–૨૦૦૮.

૪. આશાનંદ સુરાભાઈ ગઢવી :– ' ધર્મરક્ષક સંત – શેષાવતાર શ્રી રાવળપીરદાદા' (ઈતિહાસકથા) (કવિ–નંદ) પૃ. ૬૬ થી ૭૭.

૫. એજન. પૃ. ૭૭.

૬. દુલેરાય કારાણી :–' કચ્છ કલાધર ' ભાગ– ૨ પૃ. ૨૫૪ થી ૨૫૮.

૭. રામુજી બી. જાડેજા :– ' પાંજો ગામ ફરાદી' , પૃ. ૯.

૮. માહિતીદાતા : રણજીતસિંહ હરિસિંહ જાડેજા, શોખ : જૂની વાતો સાંભળવાનો, ઉ.વ. ૮૫, ગામ : ફરાદી, તા. માંડવી. જિ. કચ્છ.

૯. એજન.

૧૦. માહિતીદાતા : મગનભાઈ કાનજી ઘેડા, ઉ.વ. ૫૭, ગામ : ફરાદી, તા. માંડવી, જિ. કચ્છ.

૧૧. ધનસુખ અજાણી :– 'કચ્છશકિત' સામયિક કચ્છ લોકકથા વિશેષાંક અંતર્ગત : 'પારકી ઉમાણ કાજે', પૃ. ૨૪.

૧૨. બારોટ ભીમશી કાકુ :– 'કચ્છના સંત – શૂરવીર ચારણો', પૃ. ૨૬ થી ૬૭.

૧૩. દુલેરાય કારાણી :– 'કચ્છ કલાધર' ભાગ – ૨, પૃ. ૪૬૭.

૧૪. મહેતા માધવજી શિવરામ :– 'કચ્છના કર્ણધરો' ભાગ – ૨, પૃ. ૫૯૧.

૧૫. દુલેરાય કારાણી :– 'કચ્છ કલાધર' ભાગ– ૨, પૃ. ૪૬૭.

૧૬. માહિતીદાતા : જેઠા ભીમા ગઢવી, વ્યવસાય : ખેતી, ઉ.વ. ૪૯, શોખ : જૂની વાતો સાંભળવાનો, ગામ : કાઠડા, તા. માંડવી, જિ. કચ્છ.

૧૭. દુલેરાય કારાણી :– 'કચ્છ કલાધર' ભાગ – ૨, પૃ. ૧૯૫ થી ૧૯૮.

૧૮. ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી :– 'કચ્છનો સાંસ્કૃતિક વારસો પાળિયા', પૃ. ૧–૨.

१૯. પ્રા. મુકેશ એન. જોશી :– 'ઈતિહાસની આરસીમાં કચ્છ ' અંતર્ગત ' કચ્છમાં પાળિયાઓની વિવિધતા ',પૃ. ૫૩.

૨૦. કનૈયાલાલ જોશી :– 'કચ્છમિત્ર દૈનિક' – શુક વિશેષ અંતર્ગત 'ખમીરવંતો માપરનો ઈતિહાસ ' :પૃ. ૪, તાઃ– ૨–૫–૨૦૦૮ શુક્રવાર.

૨૧. એજન. – પૃ. ૪.

૨૨. માહિતીદાતા : ભારાભાઈ બુધુ , વ્યવસાય : ખેતી,ઉ.વ. ૬૬, ગામ : ભોજાય, તા. માંડવી, જિ. કચ્છ.

૨૩. માહિતીદાતા : કલ્યાણજી બારોટ, ઉ.વ. ૬૫,ગામ : શેખડિયા, તા. મુન્દ્રા, જિ. કચ્છ.

૨૪. માહિતીદાતા : પ્રવીણસિંહ દેશળજી જાડેજા, વ્યવસાય : ખેતી,ઉં.વ. ૪૩, શોખ : ઐતિહાસિક માહિતી મેળવવાનો,ગામ : મોટી ભાડાઈ, તા. માંડવી.

૨૫. માહિતીદાતા : જાડેજા બચુભા વા.વ્યવસાય : ખેતી, અત્યારે નિવૃત્ત. ઉ.વ. ૬૭, ગામ : તલવાણા,તા. માંડવી, જિ. કચ્છ.

૨૬. આત્મારામ દ્વિવેદી :– 'કચ્છદેશનો ઈતિહાસ', પૃ. ૭.

૨૭. માહિતીદાતા : બચુભા બી. જાડેજા, ઉ.વ. ૬૯, ગામ : ગુંદિયાળી, તા. માંડવી, જિ. કચ્છ.

૨૮. દુલેરાય કારાણી :– 'કચ્છ કલાધર' ભાગ – ૨ , પૃ. ૨૬૨ થી ૨૬૪.

૨૯. ઠાકરશી પરુષોત્તમ કંસારા :– 'કચ્છ ઈતિહાસ અને સંસ્કૃતિ ', પૃ. ૬૫.

૩૦. દુલેરાય કારાણી :– 'કચ્છ કલાધર' ભાગ – ૨ , પૃ. ૩૨૯.

૩૧. માહિતીદાતા : મોરારદાન ગોપાલદાન ગઢવી, વ્યવસાય : પોસ્ટખાતામાં, ઉ.વ. ૫૦,શોખ : ચારણી સાહિત્ય.ગામ : મોરઝર, તા. નખત્રાણા, જિ. કચ્છ.

૩૨. એજન.

૩૩. સંપાદક. પચાણ વિશ્રામ ગઢવી :– ' કચ્છ ચારણ પરિવાર ' પૃ. ૧૦૪થી ૧૦૭.

૩૪. માહિતીદાતા : આશાનંદ સુરાભાઈ ગઢવી,વ્યવસાય : શિક્ષક. ઉ.વ. ૫૦, ગામ : ઝરપરા, તા. મુન્દ્રા,

૩૫. દુલેરાય કારાણી :– 'કચ્છની રસધાર' ભાગ – ૫, પૃ. ૫૯.

૩૬. માહિતીદાતા : પચાણ સામંત ગઢવી, વ્યવસાય : ખેતી.ઉં.વ. ૪૨,

ગામ : મોટા ભાડિયા, તા.માંડવી, જિ. કચ્છ.

૩૭. માહિતીદાતા : મોહનદાન દેવીદાન રોહડિયા. વ્યવસાય : પશુ –ડોકટર, ઉં.વ. ૫૬,ગામ : વીંગણિયા, તા. ભુજ, (હાલ) ભુજ.



# મુન્દ્રા તાલુકાનો નકશો



## ❑ પ્રકરણ :- ૫ ❑
## મુન્દ્રા તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય


૫.૧. પ્રસ્તાવના.

૫.૨. વીર શિવુભાનો પાળિયો.

૫.૩. છસરા ગામના પાળિયાઓ.

૫.૪. હાલા દેશળજી તથા રૂપાળીબાના પાળિયા.

૫.૫. આઈ શ્રી પુનશ્રીનો પાળિયો.

૫.૬. મોટા કાંડાગરાના પાળિયાઓ.

૫.૭. બાવાજી ચાવડા ( વીર સતાજી ) નો પાળિયો.

૫.૮. પરજીયા સોનીના પાળિયાઓ.

૫.૯. સુમરાજીનો પાળિયો.

૫.૧૦. વીરાણિયાનો પાળિયો.

૫.૧૧. હનુભા તેજમલજીનો પાળિયો.

૫.૧૨. હરઘોળજીનો પાળિયો ( પ્રતિમા ).

૫.૧૩. ભારોજીનો પાળિયો.

# ❑ પ્રકરણ :- ૫ ❑
# મુન્દ્રા તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય

**૫.૧ * પ્રસ્તાવના :-** રાવશ્રી ભોજરાજજીના રાજયઅમલ દરમિયાન વર્ધમાન શાહે ડુમરાના ઝાડ હતા, ત્યાં એક મોટું ગામ વસાવ્યું. ભોજરાજજીએ પણ ત્યાં મનમોહનરાયજીનું મંદિર બનાવ્યું. તેના નામ પરથી આ શહેરનું નામ મુન્દ્રા પડયું. ૬૧ ગામોમાં વહેંચાયેલા આ તાલુકાની સ્થાપના સંવત ૧૬૯૬ માં થઈ હોવાનું જાણવા મળ્યું છે. મુન્દ્રા કચ્છના દક્ષિણે દરિયા કિનારે આવેલ છે. દક્ષિણ–પૂર્વે કચ્છનો અખાત છે, પૂર્વે અંજાર તાલુકો છે. પશ્ચિમે માંડવી તાલુકો અને ઉત્તરે ભુજ તાલુકો છે. મુન્દ્રા ૨૨.૫૫ અંશ ઉત્તર અક્ષાંશ અને ૬૯.૪૬ અંશ રેખાંશ પર આવેલ છે. કુદરતની ગોદમાં હરિયાળી વચ્ચે ઘેરાયેલા મુન્દ્રા નગરનાં સારાં હવા, પાણી તથા જૂના જમાનાની જાહોજલાલીને લીધે મુન્દ્રાને કચ્છનું ' પેરિસ ' ગણવામાં આવે છે. આ તાલુકાનું પ્રાચીન ગામ ભદ્રે✓ર છે. તેના વિશે નરેન્દ્રકુમાર જોશીએ જગડુચરિતના દ્વિતીય સર્ગમાંથી એક સુંદર શ્લોક ટાંકયો છે.

**મહાપુરન્ધ્રી કરદર્પણામમ્**
**મહેભ્યલોકૈ પરિભાસમાનમ્ ।**
**અસ્તીહ ભદ્રે✓ર નમધેયમ્**
**પરુંપરં કચ્છ કૃતૈકશોભમ્ ॥"** (૧)

( " મોટા ઘરની ગૃહિણીના – હાથમાં શોભતા આયના સમું, મોટા ધનવાન લોકો વડે શોભતું, કચ્છ પ્રદેશની શોભા સમાન ભદ્રે✓ર નામે એક ઉત્તમ શહેર છે.)

ભદ્રાવતીના અવશેષો પર બંધાયેલું મનાતું ભદ્રે✓ર જૈન યાત્રાળુઓ માટે અત્યંત મહત્ત્વનું તીર્થ મનાય છે. તો વસઈના અવશેષો પણ ઈતિહાસ સાચવીને બેઠા છે. મુન્દ્રાની વાત કરીએ તો મુન્દ્રાની ફરતે કિલ્લો છે. મુન્દ્રામાં ઘણાં નાકાંઓ આવેલાં છે. નદીવાળું, તળાવવાળું, બારોઈવાળું, વગેરે. જોકે, છેલ્લે આવેલ ભૂકંપે ગઢને નુકશાન પણ કર્યું છે.

અહીં ચાવડાઓની રાજધાની એક જમાનામાં હતી જેમાં વાઘમ ચાવડાનો

પુત્ર ભુવડ કોઈક લડાઈમાં મરાયો. જે જગ્યાએ ભુવડ મરાયો તે જગ્યાએ તેના નામ પરથી ભુવડ ગામ વસાવેલું છે. આ ગામની નજીકમાં માથા વગરના ધડની પ્રતિમાવાળું એક મંદિર જોવા મળે છે. અહીંનું (આ તાલુકાનું) દરેક ગામ તેની ઈતિહાસ પ્રસિદ્ધિ માટે જાણીતું બન્યું છે.

છ ભાઈઓની લોહીની છસર ભેગી થઈ તેનાં છ પાળિયા ' છસરા ' (કચ્છમાં પાળિયા માટે ' સરા ' શબ્દ વપરાય છે.) છસરા ગામની સીમમાં ઊભા છે. (પાછળથી ગામનું નામ પણ ' છસરા ' પડયું. ) તો મુન્દ્રા તાલુકાના લગભગ ૧૦૦૦ ની આસપાસની વસતિ ધરાવતા ગામ કુંદરોડીથી આશરે ચારેક ગાઉ દૂર આખિયાણ ગામે શૌર્યતાના દર્શન કરાવતો વીર શિવુભાનો પાળિયો ઊભો છે. તો પૌત્ર પાછળ સતા થયેલ નવીનાળ ગામના ચાવડા રાજપૂત વીર સતાજી (બાવાજી ચાવડા) નો પાળિયો કુદરતનો અન્યાય સહન ન થતાં બન્યો છે. એજ રીતે ઈ✓રને કેન્દ્ર બનાવીને શહીદ થયાના પાળિયા બારોઈ ગામમાં ચાર પરજિયા સોની ભાઈઓના મળે છે. તો આપણે ત્યાં પશુઓ અને પંખીઓ માટે પ્રાણ આપવાની ભાવના ભારતીય પ્રજાના વિશિષ્ટ વ્યકિતત્વની દ્યોતક છે. આવા જ એક સસલા માટે પ્રાણ ન્યોછાવર કરનાર સતી પૂનશ્રીનો પાળિયો મુન્દ્રા તાલુકાના શેખડિયા ગામમાં ઊભો છે. તો ખુમારી જેના લોહીમાં નીતરે છે એવા રામાણિયાના ડેલીવાળા સુમરોજી સ્વગામ રક્ષાર્થે શિકારીઓ સામે ઝઝૂમ્યા. પરિણામે રામાણિયા ગામમાં તેનો પાળિયો ઊભો થયો.

આમ, પાળિયાઓનો પનોતો પ્રદેશ બનેલા કચ્છ જિલ્લાના દરેક તાલુકાઓના ગામેગામ તેના પાળિયાઓથી જાજયલ્યમાન બન્યા છે.

## ૫.૨ * વીર શિવુભાનો પાળિયો :–

કચ્છમાં ગામેગામ પડાવ નાખીને પડેલા પાળિયાઓની કથા કેવી અનેરી છે. ગામના, બહેન–દીકરીનો, માતૃભૂમિનો, ગોધનનો, એમ વિવિધ રીતે પાળિયાઓ અસ્તિત્વમાં આવ્યા છે. એમાં કચ્છના મોટાભાગનાં ગામડાઓના વીરપરુષના પાળિયાઓ ગોધનની વહારે થયા હોય તેવું વધારે પ્રમાણમાં જોવા મળે છે. ગામના ગોધનને બહારના કોઈ હરી જતા હોય ને ઘરમાં બેઠો રહે તો તે રાજપૂત શાનો ? આવા વીરપુઢષના પાળિયાઓ તેની બહાદુરી ઉપર પ્રકાશ પાડે છે. આવી રાજપૂતી ટેક ખાતર પોતાની

જાતને રણમાં રોળીનાખનાર વીર શિવુભાનો પાળિયો એક જગ્યાએ નહીં પણ બબ્બે જગ્યાએ આજે પણ શૌર્યનાં ગાન ગાતો ઊભો છે.

દુલેરાય કારાણીએ ' ગોધનની વહારે ' પાળિયા વિષયક લેખમા નોંધ્યું છે. – " દિવાળીના પડવાના દિવસ હતો. કચ્છના મુન્દ્રા તાલુકમાં આવેલ કુંદરોડી ગામના કન્હડદે શિવુભાએ આજે જ ગળામાં વરમાળ આરોપી હતી. વીસ વરસનો એ નવયુવાન હતો. મોઢા પર સહેજ ફૂટેલો મૂછનો દોરો, બાંધી દડીનો સુદઢ અને ઘાટીલો એનો બાંધો અને કનૈયા કાન જેવી મનોહર એની મૂરત !

શિવુભા એની વૃદ્ધ માતાનો એકનો એક પુત્ર હતો. એના પિતા મૂળુભાના સ્વર્ગવાસ પછી એની માતાએ પોતાની દેહની છાંયડી કરીને એને ઊછેરીને મોટો કર્યો હતો. શિવુભા ઉપર જ હાથ શેકીને આ રાજપૂત વિધવા વીરાંગનાએ પોતાનું જીવન જાળવ્યું હતું. કેટલાયે દિવસથી જેની રાહ જોવાતી હતી, એવો મોંઘેરો દિવસ આજે ઊગ્યો હતો. એના ઘરમાં આંગણા પણ આજે ઊજમાળાં દીસતાં હતાં. એની માતાને મન આજે સોનાનો સૂરજ ઊગ્યો હતો. રાજપૂત યુવાનોના દાંડિયારાસ અને રાજપૂતાણીઓના કોકીલ–કંઠી રાસડા આજથી જ શિવભાને આંગણે શરૂ થવાના હતા.

નવી લાડી ઘરે લાવવાના શિવુભાના કોડ સમાતા ન હતા. એની છાતી આજે ગજ ગજ ઉછળતી હતી. અંગે પીઠી ચોળાવવાનો લહાવો લેવાના, ચોરી ફેરા કરતાં લાડીથી આગળ થઈ જવાનાં અને લગ્ન પછી રમાતી લાડા–લાડીની રમતોમાં લાડી પર વિજય મેળવવાનાં સ્વપ્ના એના અંતરમાં રમતાં હતાં. તોરણ, ચાકળા અને બીજા શણગારોથી શણગારેલો એનો ઓરડો જુવાન રાણીના ચમકતા મુખચંદ્રની ચમકતો જોવાની એને તાલાવેલી લાગી હતી.

સવિતાદેવ હજુ મધ્યાકાજે નહોતા પધાર્યા. પડવાનો દિવસ હોવાથી આજુબાજુના ગામડામાં સગાંસંબંધીઓને રામરામ કરવા ગયેલા રાજપૂતો હજુ પાછા ફર્યા નહોતા. શિવુભાએ માળા પહેરેલી હોવાથી તેનાથી બહારગામ જઈ શકાય નહિ, એટલે એ તો આજે સવારથી જ ગામના ચોરા પર ટહેલી રહ્યો હતો. પીઠીથી પીળું બનેલું એનું અંગ હતું. માથે રૂમાલ બાંધેલો હતો. ભેટમાં ફૂમતાવાળી નાડીથી બાંધેલ જોટાળી રૂપાની મૂઠવાળી છરીનું મ્યાન શોભી રહ્યુ઼ં હતું. હાથમાં તલવાર, અને પગમાં તોડો, કાંળી વારંવારના હલન–ચલનથી' ખણક ! ખણક ! ' અવાજ કરી રહ્યાં હતાં. લગ્ન–ગ્રંથિની

મંગળ વિચારમાળાના મણકા એક પછી એક શિવુભાના મનમાં ફરી રહ્યા હતા.

એટલામાં એકાએક ગામમાં ચીસોચીસ થવા લાગી. વાછરડાં ભાંભરવા લાગ્યાં, પાડાં રણકવા લાગ્યાં. ગોવાળિયાએ હાંફતાં હાંફતાં રાડ દીધી કે દોડો, દોડો, ગામનું ધણ લૂંટારા લૂંટી જાય છે. ! ગોવાળિયાની અને ગામની રાડો સાંભળીને ચોરે બેઠેલા ચારણે શિવુભાને એકાએક પડકાર કર્યો.

**રજપૂતાં રી ખોટ, ગઢથી જાવે ગાવડી;**
**દે કન્હડદે દોટ, મત લજાવે માવડી !**

રણ હાકલ પડે ત્યારે ખરો રાજપૂત આંખ આડા કાન કરે એમ કેમ બને ? ચારણની રણહાક સાંભળતાં જ શિવુભાના મનમાં રમતાં મહેક સ્વપ્ના એકાએક અલોપ થઈ ગયાં. વીરરસનો જુસ્સો એની રગેરગમાં ઊછળી આવ્યો. એક પળનો પણ વિલંબ કર્યા વિના શિવુભાએ ચોરા પરથી દોટ મૂકી. નાનપણથી પાળેલી પોતાની તાજણ ઘોડીની પીઠ પર પડછી મૂકી, કૂદીને તેના પર તે સવાર થઈ ગયો. ગૌધણના પગ લેતો તે લૂંટારાની વારે લાગ્યો. પાણીના રેલા જેવી એની ઘોડી ચારે પગે ઊછળતી તીરની પેઠે આગળ ધપવા લાગી.

થોડી જ વારમાં ગાયોના ધણને તગડી જતાં ચાર લૂંટારા પર એની નજર પડી. એમને જોઈને શિવુભાના મનમાં નવું જોમ આવ્યું. તેણે ધણની વચ્ચેથી પોતાની તાજણને મારી મૂકી. લૂંટારાની નજીક આવતાં તેણે કંઈપણ બોલ્યા વિના ઝાટકે ચારમાંથી બે જણનાં તૂંબડાં તો ભોંય ભેગાં કરી દીધાં.

અણચિંતવ્યો આ કડાકો જોઈને બીજા બે જણ પણ હેબતાઈ ગયા. એમના હૈયામાં આવી પડેલી ધાસ્તીને લીધે દોડતી ગાયોના ટોળા વચ્ચેથી એક ને બદલે અનેક વીરોની વાર આવતી હોય તેવો ભાસ થયો. એટલે શિવુભાનો સામનો કરવાનું છોડી દઈને બીકમાં ને બીકમાં બાકીના બે લૂંટારા પોતાનો જીવ બચાવવા મૂઠીઓ વાળીને ભાગવા લાગ્યા. ચોરટો ભાગી જતા શિવુભાએ હરાઈ જતું ગૌધન પાછું વાળ્યું. ગાયોને હાંકીને વિજયના આનંદમાં કુંદરોડીના માર્ગે તે પાછો ફર્યો.

અર્ધોક ગાઉ  આમ રસ્તો કાપ્યા પછી એક નદી આવી. નદીને ઓળંગીને બધી ગાયો–ભેંસો શિવુભાની સાથે સામે કિનારે આવી પહોંચી. એક પાડું નદી કિનારે આવેલા પાણીના ધરાને જોઈને પોતાના જાતિ સ્વભાવ અનુસાર તેમાં કૂદી

પડયું.

બે–ચાર હાકલ માર્યા છતાં પાડું પાણી બહાર નીકળ્યું નહિ. શિવુભા હવે પોતાની તાજણ પરથી નીચે ઉતર્યા. પાણા મારી પાડાને પાણીમાંથી બહાર કાઢવા પ્રયત્ન કરવા લાગ્યા.

ધણને હાંકી જતાં ચાર ધાડપાડુમાંથી બેનાં ડોકાં તો શિવુભાની તલવારે એકાએક ઉડાવી દીધાં હોવાથી નાહિંમત બનીને નાસી છૂટેલા બાકીના બે જણાએ દૂરથી જોઈ લીધું કે, લૂંટેલી ગાયને ઝૂંટવી લેનાર તો માત્ર એક જ છે. પોતાના ડરપોકપણા માટે તેઓ હવે મનમાં ને મનમાં શરમાવા લાગ્યા. એકલા શિવુભાને જોઈને એમનામાં નવી હિંમત આવી ગઈ. એમણે શિવુભાનો પીછો પકડયો. પાણીમાંથી બહાર ન નીકળતા પાડાને બહાર કાઢવા મથી રહેલા શિવુભાનું ધ્યાન પાડા તરફ હતું. એટલામાં સનનન કરતી એક ગોળી છૂટી અને શિવુભાના ખભામાંથી આરપાર નીકળી ગઈ.

અણધાર્યા બનાવથી શિવુભા ચમકી ઊઠયો. કમર પર રહેલી તલવાર ખેંચી. ગોળીનો જવાબ આપવા તેણે લૂંટારા તરફ દોટ મૂકી એટલામાં બીજી ગોળી આવી, આ ગોળી શિવુભાની છાતી વીંધીને ચાલી ગઈ. આશા ભરેલો, પીઠી ચોળેલો આ નવજવાન ત્યાં જ ઢગલો થઈને ઢળી પડયો.

નદી ઓળંગીને ગાયો–ભેંસોના ટોળાએ તો ગામ તરફ દોટ દીધી હતી. આ ટોળું હવે લૂંટારાના હાથમાં આવે તેમ ન હતું. આ ટોળાને પાછું વાળવાની એમની બધી મહેનત વ્યર્થ ગઈ. ગાયો–ભેંસો તો ગઈ, પણ શિવુભાની તાજણ તો શિવુભાની બાજુમાં જ ઊભી રહી ગઈ હતી. લૂંટારા હવે ઘોડીને પકડી પાડવા દોડયા, ત્યાં તાજણ એકદમ છલાંગ મારીને નાઠી. તેની પીઠ પરની પડછી કયાંક પડી ગઈ. ઉઘાડી પીઠે તે ગામમાં દાખલ થઈ. શિવુભા વિનાના સૂના બનેલા આંગણામાં દુઃખની હણહણાટી દેતી તે ઊભી રહી ગઈ. શિવુભાની માતા જે પોતાના લાડકવાયા લાલની ચાતક ડોળે પ્રતીક્ષા કરી રહી હતી, તે તાજણને ઉઘાડી પીઠે એકલી આવેલી જોઈને છળી ઊઠી–કંપી ઊઠી.

ભૂંડણ ! મારા શિવુને મૂકીને એકલી આવતાં તને કાળે કેમ ન ખાધી ? શિવુભાની માતાએ તાજણને તિરસ્કારપૂર્વક ધુત્કારી કાઢી, થોડીવારમાં જ તેને તેના પીઠી ચોળેલા પુત્રના પરાક્રમના અને તેની વીરત્વ ભરેલી વીરગતિના સમાચાર મળી ગયા. પતિના મૃત્યુ પછી આટલા સમય સુધી શિવુભાના સ્નેહે દાબી દીધેલ સતીનું સતીત્વ હવે

એકાએક ઊછળી આવ્યું. વીરમાતાના અંગેઅંગ થરથરી ઊઠયા. જય અંબે ના નાદ સાથે શિવુભાની માતાએ પતિ–પ્રેમી પત્નીએ અને વીર જનનીને છાજે એવી રીતે એના લાડકા લાલને અંકમાં લઈને ચિતા પ્રવેશ કર્યો.

શિવુભાની માતાનો પાળિયો કુંદરોડી ગામના પાદરે એકવીર માતાના સ્નેહ, સત અને વીરતાના ગુણગાન ગાતો ઊભો છે. શિવુભાનો પાળિયો કુંદરોડી ગામથી ચારેક ગાઉ ઉપર અખિયાણા ગામ પાસે યશગાન ગાતો ઊભો છે." (૨)

દાનસંગજીના કહેવા પ્રમાણે હરિજનયુવાન અને શિવુભા પીઠીભર્યા યુવાનો હતા. નવું વર્ષ હોવાથી બધા પુરુષો બાજુના ગામમાં રામરામ કહેવા ગયા હોવાથી ગામમાં કોઈ હતું નહીં એટલે લૂંટારાઓ તક જોઈને આ ગાયનું ધણ વાળી ગયાં. એ વખતે હરિજન યુવાને શિવુભાને ગાયોની વાત કહી અને બંને જણા ગાયો વાળવા ગયા ને ધીંગાણે ચડયા,એમાં હરિજનને ખંજર લાગવાથી તે ત્યાં શહીદ થયો. પણ શિવુભા બહાદુર હતા એટલે ધણ પાછું વાળી આવતા હતા ત્યાં એક પાડું પાણીમાં બેસી ગયું એટલે શિવુભા તેને બહાર કાઠવા ગયાં આનો લાભ બચી ગયેલા લૂંટારા એવા મિયાણાએ શિવુભા પર બંદૂકનો વાર કર્યો. આ રીતે શિવુભા વીરગતિ પામ્યા." (૩)

શિવુભા કાન્હડદે દેદા હતા. તેના વંશજો હજુ આ ગામમાં વસે છે.

* ઉપરોકત લેખિત માહિતીમાં કારાણીએ શિવુભાનો પાળિયો આખિયાણા ગામમાં ઊભો છે. એવો ઉલ્લેખ કરેલો છે. પરંતુ માહિતીદાતાના કહેવા પ્રમાણે અને અમારી રૂબરૂ મુલાકાત દરમિયાન અમે જોયું કે તેનો પાળિયો કોઈ આખિયાણા ગામમાં નહીં પરંતુ કુંદરોડીથી ૧૫–૧૬ કિલોમીટર દૂર મખિયાણા ગામમાં ઊભો છે. જે ગામ અંજાર તાલુકામાં આવે છે. જયારે આખિયાણા જેવું કોઈ ગામ આજુબાજુમાં નથી. કદાચ એવું બને કે પહેલાનાં જમાનામાં મખિયાણા આખિયાણા તરીકે ઓળખાતું હોય. અહીં તેની ખાંભી છે. જયારે તેનો બીજો પાળિયો કુંદરોડીથી છસરા જવાના રસ્તા ઉપર (જયા મોટી નદી છે) ની ટેકરી ઉપર શિવુભા તથા તેની સાથે કામ આવેલ હરિજન (ભોયા) નો પાળિયો છે. આકૃતિ પરંપરિત છે. જેમાં માત્ર સૂર્ય–ચંદ્રની નિશાની છે. વચ્ચેની આકૃતિ દેખાતી નથી. તેની નીચે નીચે મુજબનું લખાણ વંચાય છે.

શ્રી ગ × × × × × ×

સ વ ત ૧ × ૮૨ × × ×

× ×સી × × × × × ×

૨ × × × × × × × × ×

ગા થ ની × × × × × ×

સુરજ × × × × × × ×

× × × × × × × × ×

માત્ર આટલું લખાણ વંચાય છે. ગામમાં શિવુભાની ઘોડીની ખાંભી મૂકવામાં આવી છે તે પણ પૂજાય છે.

બીજું એ કે, કારાણીએ પોતાની કથામાં ચારણનો ઉલ્લેખ કરેલો છે, જયારે માહિતીદાતાના કહેવા પ્રમાણે શિવુભા સાથે હરિજન હતો અને તેને જ શિવુભાને લૂંટારાઓ ગાયો વાળી જાય છે. એવી જાણ કરી હતી અને તેની સાથે (શિવુભાની) તે લડતાં–લડતાં મરાયો હતો. જો કે, ટેકરી પર શિવુભાની સાથે હરિજનનો પાળિયો પણ છે. પરંતુ પાળિયામાં લેખિત માહિતી મળતી નથી.

અહીં મારા મત મુજબ એવું તારણ નીકળી શકે કે, કથા મુજબ શિવુભા પીઠી ભર્યા હતા તેની સાથે માહિતીદાતાના કહેવા પ્રમાણે ગામનો હરિજન યુવક પણ પીઠી ભર્યો હતો. એટલે કે તેમનાં લગ્ન લેવાયાં હતાં. આથી રિવાજ મુજબ તે ગામના બધા પુઢષો આજુબાજુના ગામમાં નવું વર્ષ બેસતું હોવાથી રામરામ કહેવા ગયા હોય પરંતુ આ બંને યુવકો પીઠી ભર્યા હોઈ, ગામમાં જ હોય અને બંને સાથે ગયા હોય અને યુદ્ધમાં ખપી ગયા હોય.

વળી, ગામમાં કોઈ એકાદ ચારણ હોય અને ધણ–વાળી ગયાની જાણ થતાં શિવુભાને જાણ કરી હોય ત્યારપછી શિવુભા તથા હરિજન યુવક મળીને ગાયો વાળવા ગયા હોય તેવું બની શકે. કેમકે, ગામજનોના મુખે શિવુભાની કથા સાથે હરિજનની કથા સંકળાયેલી છે.

### ૫.૩ * છસરા ગામના પાળિયાઓ :–

આપણે ત્યાં પ્રણયી યુગલોના પાળિયાઓ પણ ઘણી જગ્યાએ અસ્તિત્વમાં આવ્યા છે. જેમકે – વીરમાંગણાવાળો – પદ્માવતી, સદેવંત – સાવળિંગા,

ખીમરો અને લોડણ આવા પાળિયાઓમાં એક વધારાનું છોગું લાખણસિંહ અને ચારણ કન્યાનું અહીં એક પાત્ર લડતાં–લડતાં વીરગતિ પામ્યું હોય કે કોઈ કારણસર મૃત્યુ પામે ત્યારે બીજું પાત્ર તેની પાછળ મરીને પાળિયા સ્વરૂપે પૂજાય છે. તો ઘણીવખત પ્રિયપાત્રને પામવા જતાં પણ વીરગતિ પામ્યાના બનાવો જોવા મળે છે. આવા પાળિયાઓ કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના છસરા ગામમાં જોવા મળે છે. તેના વિશે જોઈએ તો –

"કચ્છના મુન્દ્રા તાલુકાના ખીરસરા ગામમાં છ ભાઈઓનું એક કાઠી કુટુંબ રહેતું હતું. છયે ભાઈઓ એકબીજાથી ચડી જાય એવા બળવાન અને બહાદુર હતા. છઠ્ઠો લાખણસિંહ સૌથી નાનો હોવાને લીધે લાડકો અને મનમોજી હતો. હજુ કુંવારો જ હતો તેને લગ્નની વાત ગમતી ન હતી.

આ કુટુંબમાં ગાયો, ભેંસો પુષ્કળ હોવાથી લાખણસિંહ સવારમાં જ ધણ સાથે જંગલમાં નીકળી જતો સાંજે પાછો ફરતો ત્યારે ભાભીઓ ગમ્મત કરીને તેના લગ્ન વિશે કહેતી ત્યારે તે કહેતો ભાભી હું સાચે જ પદમણીને પરણવાનો છું.

તેને વાંસળી વગાડવાનો ગજબનો શોખ હતો. રોજના નિયમ મુજબ આજે પણ તે વાંસળીના મીઠા સૂરોથી જંગલમાં મધુરતા છોડતો હતો. પોતે વાંસળીના સૂરોમાં ખોવાયેલો હતો. ત્યાં દરિયાકિનારા તરફથી રૂપરૂપના અંબાર જેવી કુમારિકા તેના સૂરોથી પાગલ બનીને લાખણસિંહ તરફ દોડી આવતી હતી. તે ચારણકન્યા હતી. તે સામેના કિનારે નેસડામાં તેનાં માતા–પિતા સાથે રહેતી હતી.

ફરીથી બીજા દિવસે પણ આ જ ઘટના ઘટી. લાખણસિંહ જંગલમાં વાંસળીના સૂરોમાં ખોવાઈ ગયો. ત્યાં પેલી ચારણકન્યા આવી ચડી અને તેના સૂરોમાં ખોવાઈ ગઈ. લાખણસિંહ ભાનમાં આવ્યો. આથી પેલી કન્યા શરમાઈ ગઈ. પછી તો લાખણ અને પેલી કન્યાના ઉભયની આંખો મળી ગઈ. જુગજુગથી છૂટાં પડેલાં પ્રેમીઓનું જાણે આજે મિલન થયું હોય તેવો ભાવ સાલવા લાગ્યો. કન્યાના રૂપે લાખણસિંહને દિવાનો બનાવી દીધો હતો.

હવે તો લાખણસિંહના મનઃતટ પર તે કન્યાની જ છબી હતી. તે દિવસે પણ કન્યા આવી અને લાખણને પૂનમની રાત્રિએ પોતાના નેસડા પર આવવાનું આમંત્રણ આપીને ગઈ. લાખણ કચ્છનો અખાત ખૂંદતો પોતાની પ્રેયસીને મળવા છેક નેસડા સુધી ગયો. પેલીએ વરમાળા પોતાના પ્રિયતમ લાખણને પહેરાવી દીધી. રાતનો સમય ઝડપથી

પસાર થઈ ગયો. હવે તો આ નિત્યક્રમ જેવું થઈ ગયું. દરપૂનમની રાત્રિએ આ નેસડાના લોકો પેલા નેસડામાં ભજનકીર્તન માટે જતાં આથી નેસડામાં માત્ર આ કન્યા જ હોય. તેવામાં આ લાખણસિંહ દર મહિનાની પૂનમે નેસડામાં જાય આ વાતની ગંધ નેસડાના ઘણા લોકોને આવવાથી ચર્ચા થવા લાગી. ફરીથી એક પૂનમે લાખણસિંહ નેસડામાં આવ્યો. વહેલી પરોઢે પાછો ફરતો હતો ત્યાં નેસડાના શંકાશીલ માણસો ફરતી બાજુ ગોઠવાઈ ગયા. આથી પેલો લાખણસિંહ નળિયા ઉપરથી જવા માટે ઉપર ચડયો. ત્યાં એક અઘટિત ઘટના ઘટી. લાખણસિંહે પોતાની કમરમાં ખોસેલી કટાર નીચે પડી અને સીધી પોતાની પ્રેયસી ચારણકન્યાના આંતરડા વીંધીને બહાર નીકળી. પેલીના મુખમાંથી ચીસ નીકળી ગઈ. હવે બહાર ચારણો દરવાજો ખટખટાવવા લાગ્યા. આવી પરિસ્થિતિમાં પણ પેલી કન્યા લાખણને ભાગી જવા માટે વિનંતીઓ કરી રહી હતી. લાખણસિંહ પોતાની પ્રેમિકાની આવી મોતની શૈયામાં સૂતેલી જોઈને જવા ઈચ્છતો ન હતો. પણ તેની પ્રેમિકાએ ખૂબ જ વિનંતી કરી. આથી તે ભાગ્યો, પાછળ ચારણો પડયા. પરંતુ લાખણસિંહ તો અખાત ખૂંદતો ખૂંદતો ખીરસરા આવી પહોંચ્યો.

આ બાજુ ચારણો છોડે તેમ ન હતા. ચારણોની મોટી સેના ખીરસરા આવી પહોંચી. લાખણસિંહના ભાઈઓ પણ તેની સાથે લડવા તૈયાર થઈ ગયા. પરંતુ ચારણોની સંખ્યા મોટી હતી. તેથી લાખણસિંહ સહિત છયે ભાઈઓ પણ કામ આવ્યા. આ સાથે ચારણો પણ કામ આવ્યા. લાખણસિંહના બહેન અને બનેવી આંટો દેવા આવેલાં. તેઓ પણ લડયાં અને લડતાં–લડતાં તેઓ પણ મરાયાં. આ છયે ભાઈઓના છ પાળિયા ખીરસરાના પાદરે ઊભા કરવામાં આવ્યા. એમની બાજુમાં એમનાં બહેનની ખાંભી પણ ખોડવામાં આવી છે. થોડે દૂર એમના બનેવીનો પાળિયો છે. તે એક હોવાથી તેને ' એકલસરો ' કહેવાય છે.

આ ઘટના પછી ખીરસરા ગામ સાવ ખાલી થઈ ગયું. એની નજદીકમાં આથમણી બાજુએ એક નવું ગામ વસાવવામાં આવ્યું. લાખણસિંહ વગેરે છ ભાઈઓની વીરતાના સ્મરણને જાળવી રાખવા માટે આ ગામનું નામ ' છસરા ' ( 'સરા' એટલે પાળિયા) એવું રાખવામાં આવ્યું.

આ દિલદ્રાવક ઘટના પર આજે લગભગ પાંચસો વરસ વીતી ગયાં છે. ' છસરા ' ગામને પાદરે આજે પણ આ પાળિયા વીર લાખણસિંહની પ્રેમગાથા ગાતા

ઊભા છે." (૪)

છસરા ગામથી થોડે દૂર બે–ત્રણ કિલોમીટર દૂર આ છ ભાઈઓના પાળિયાઓ એક ખેતરમાં ઊભા છે. છ એક ફૂટ ઊંચા પથરાઓ છે. તેમાં કોઈપણ પ્રકારનું લખાણ કે આકૃતિ કંડારેલી નથી. માત્ર તે પાળિયાઓ ઉપર તે ખેતરના માલિકે સિંદૂરથી ત્રિશૂલની આકૃતિ કંડારી છે. આ છ પાળિયાઓમાંથી એક પાળિયો નીચે પડી ગયો છે. બેસતા વર્ષના દિવસે જેના ખેતરમાં પાળિયાઓ ઊભા છે. તે ખેતરના માલિક પૂજયભાવશ્રી પ્રેરાઈને અગરબત્તી કરે છે. એકલશૂરો પાળિયોએ ખેતરથી ઘણે દૂર છે.

* લાખણસિંહના પાળિયા વિશે જયમલ્લ પરમારે નોંધ્યું છે. ' કચ્છના છસરાનો લાખણસિંહ એનું ઘટનાસ્થળ સૌરાષ્ટ્રમાં જ ચારેક ઠેકાણે બતાવાય છે, અને જુદી–જુદી જાતિઓનો બતાવાય છે. " (૫)

આમ, સૌરાષ્ટ્રમાં લાખણસિંહની ઘટના ઘટી હતી એવું કહેવાય છે. તો સામે કચ્છમાં આવેલ છસરા ગામ લાખણસિંહના પાળિયા માટે પ્રખ્યાત છે. વળી પાળિયા વિષયક દરેક નોંધમાં લાખણસિંહના પાળિયાનો અચૂક ઉલ્લેખ થયેલો છે. જો કે, લખાણના અભાવે આ બાબત વણઉકેલી રહે છે.

* લાખણસિંહની આ કથા ' કચ્છની રસધાર – ભાગ – ૧ ' પ્રેમપંથ પાવકની જવાળા ' એ શીર્ષક તળે દુલેરાય કારાણીએ પૃ. ૧૧૦ થી ૧૨૦ ઉપર આપી છે.આ બંને કથાઓ એક જેવી જ જણાય છે.

## ૫.૪ * હાલા દેશળજી તથા રૂપાળીબાના પાળિયા :–

ભદ્રેશ્વર ગામ વિશે કહેવાય છે કે, પહેલાં અહીં ભદ્રાવતી નગરી હતી. અહીં વસઈના દેરાઓ જૂના છે. બાવન જેટલી દહેરીઓમાં દરેકમાં પ્રતિમા પધરાવી છે. વચ્ચેના ભાગમાં મહાવીર ભગવાન બેસાડયા છે. ભદ્રે✓રની ધરતી ઘણી પ્રાચીન છે. અહીં ઠેકઠેકાણે ઈતિહાસ સચવાયેલો પડયો છે. જેમાં દુદાશાની વાવ, લાલશાની દરગાહ, જગડુશાનો મહેલ, ફૂલસરનું તળાવ, મા ભદ્રકાળીનું મંદિર તથા અહીંના પાળિયાઓ. આ પાળિયાઓમાંથી હાલા દેશળજી તથા તેમનાં પત્ની સતી રૂપાળીબાનો સજોડેનો પાળિયો જોવા મળે છે અને તેમની કથા પણ પ્રાપ્ત થાય છે.

"રાવશ્રી પ્રાગમલ્લજી તેમના પાટવી કુમાર ગોડજીને મોરબી ઠાકોર કાંયોજીને નશ્યત દેવા કચ્છનું સૈન્ય મોકલે છે. ત્યારે કટારિયા (વાગડ) માં આવેલ ભોજાસર તળાવ પર ભયંકર યુદ્ધ થાય છે, જેમાં કચ્છી સૈન્ય તથા મોરબી ઠાકોર કાંયાજીના સૈન્ય વચ્ચે ખૂનખાર યુદ્ધ થાય છે. ત્યારે મોરબી સૈન્યમાં મીંયાણા સૈનિકોનો જોશ જોઈને કચ્છી સેનાપતિ કુમાર ગોડજી તથા અન્ય કચ્છીઓ રણમેદાન છોડીને ભાગી જાય છે જેમાં બિદડા ઠાકોર ભીભોજી જાડેજા જે કુમાર ગોડજીના અંગરક્ષક હોય છે. તેઓ પણ ભાગે છે ત્યારે આ યુદ્ધમાં મીંયાણા સૈન્ય સામે હસતે મોઢે બલિદાન આપનાર કચ્છીઓને બારોટોએ બિરદાવેલા છે. આવા વીરોમાં ભદ્રે✓રના હાલા દેશરજી અને રવોજી, ગુંદિયાળીના હાલા ઓઠાજી અને હક્કાજી, ત્રણ અજાણી જાડેજા, સમાઘોઘા, દેશલપર (માળી) અને ટપરના એમ કુલ સાત યોદ્ધાઓને બિરદાવેલ છે. જેનો દોહો નીચે મુજબ છે.

**(૧) ત્રૈ અજાણી તર રહી**
**ચંચણ હાલા ચાર**
**ભોજાસરજી પાર તા**
**ભગા કૈક ભોપાર**

**(૨) ત્રૈ અજાણી તર રહી**
**ચંચણ હાલા ચાર**
**ઓઠે હથ આછટયા**
**દઠા દે સંસાર.**

જે ચાર હાલાઓમાં ભદ્રે✓રના દેસરજી, હક્કાજી, હાલા કટારિયાના યુદ્ધમાં કામ આવી ગયા તેમનો પાળિયો ગામના પાદરમાં તેમની (દેશરજીની) સતી રાણી રૂપાળીબા સાથેનો ઊભેલો છે. અને સતી રાણી રૂપાળીબાની મેડી પણ મોજૂદ છે." [૬]

ઉપરોકત કથા કારાણીએ પણ નોંધી છે. "રાત્રિનો પ્રથમ પ્રહર વીતી ગયો હતો. કચ્છની ભદ્રાવતી નગરી એટલે કે, આજના ભદ્રે✓રના ઠાકોર હાલા દેશળજી બાવાનાં રાણી રૂપાળીબા દરબારગઢના પોતાના શયનખંડમાં માથું ઓળી રહ્યાં હતાં. મસ્તકના કેશ સંવારી રહ્યાં હતાં. પગની પાની લગી કેશ પહોંચે એવી કાળી નાગણ જેવી લટો. એમના આખા શરીરની આસપાસ ફરી વળી હતી. દીવેલનું નાનું કોડિયું એમના મનોહર

મુખમંડળ સામે ટમટમતું હતું. એક મોટો આયનો એમના રાત્રિના ચહેરા સામે ગોઠવાયેલો હતો. રાણી રૂપાળીબા શાંત વાતાવરણમાં પોતાના બાલ સંવારવામાં એકતાન બની ગયાં હતાં. પોતાના સુંદર સ્વરૂપ પર પોતે જ મુગ્ધ બની ગયાં હતાં, મોહી પડયાં હતાં.

રૂપાળીબામાં નામ પ્રમાણે જ ગુણ હતા. રૂપરૂપના અંબાર જેવાં રૂપાળીબાનું રૂપ જોઈને આકાશનો ચંદ્ર પણ ઘડીભર થંભી જાય. વિધાતાએ એમને ઘડીને જ જાણે હાથ ધોઈ નાખ્યા હશે.

ભદ્રે✓રના દેશળજીબાવા આજે ગામમાં ન હતા. બહારગામથી મોડા પધારવાના હોવાથી રૂપાળીબા નિ✓ત મને પોતાનું કાર્ય કરી રહ્યાં હતાં. દીવડો બાજુમાં જ જલતો હતો. અરીસો રાણીજીના રૂપાળા મુખકમળનાં પ્રતિબિંબનાં દર્શન કરાવી રહ્યો હતો. રૂપાળીબા પોતે જ પોતાનાં અનેરાં સૌંદર્યને નિહાળીને મંદમંદ મલકતાં હતાં.

એટલામાં એકાએક કોઈકનાં પગલાંનો અવાજ કાન પર આવી પડયો. રાણીજી ચમકી ગયાં. વિચારમાં પડી ગયાં કે ભૂલથી આજે શયનગૃહનો દરવાજો અધૂરો જ દેવાયો કે શું ? રાણીએ મુખ ફેરવ્યું ત્યાં તો ખુદ ઠાકોરને જ આવતા દીઠા આ અણધાર્યા ને અણચિંતવ્યા ઠાકોરને આવી પહોંચેલા ભાળીને રાણી પર તો જાણે વીજળી પડી. શરમમાં શરમાઈ ગયેલાં રાણીજીને ધરતીમાં પેસી જવાનું મન થઈ ગયું.

આજે આપણને નવાઈ લાગશે, પણ એ સમયે એ જૂનો જમાનો લાજ–મર્યાદાથી ભરપૂર હતો. પતિની મર્યાદા પણ અમુક રીતે પત્નીને પાળવી પડતી. રાજપૂત સમાજમાં તો લાજ મર્યાદાની આ પ્રથા એની પરાકાષ્ઠાએ પહોંચી હતી. પતિની પણ અમુક હદે મર્યાદા જાળવવી પડતી. મર્યાદાનો ભંગ એ સમયે અસહ્ય ગણાતો.

ઠાકોરને એકાએક આવતા ભાળીને ઠકરાણી ચમકી ગયાં. તેલના કોડિયાની બળતી દીપશિખા પર એમણે એકદમ પોતાની આંગળી દાબીને તેને હોલવી નાખી. શયનગૃહ અંધકારથી ઘેરાઈ ગયું. પુઢષજાતિની એક નબળાઈ છે, એના વહેમી સ્વભાવની. રાણીએ એકાએક દીવો કેમ ઠારી નાખ્યો ? ઠાકોર વહેમાઈ ગયા. એમના મનમાં વહેમનો વસવસો વધી ગયો. એમને વિચાર આવ્યો : આ શું ? વહેમના આવેશમાં ઠાકોરે મ્યાનમાંથી સડસડાટ કરતી તલવાર ખેંચી કાઢી. ક્રોધથી ખોખરા બનેલા અવાજે બરાડી ઊઠયા, કોણ છે મહેલમાં ?

ઠાકોરના મુખમાંથી બહાર પડેલા આ વિચિત્ર ઉદ્‌ગાર સાંભળતાં રાણીની

આનંદજનક લજજાળુતા દુઃખદાયક ભોંઠપમાં ફેરવાઈ ગઈ. રાણીનું પવિત્ર અંતકરણ પોકારી ઊઠયું, અરરર ! મારા ઠાકોરનો મારા પર આટલો બધો અવિશ્વાસ ? અને એ જ વખતે ચમકતી ચાંદની જેવી એમની મુખકાન્તિ પર શ્યામ છાયા પથરાઈ ગઈ.

લોકકથા તો ત્યાં સુધી આગળ વધીને કહે છે કે તે સમયે સતી રાણી રૂપાળીબાએ પોતાની આંગળી, ઠરી ગયેલી દીપશીખાને અડકાડીને દીપકને ફરી ઝળહળતો કરી દીધો હતો. દીવા ના ઝાંખા પ્રકાશમાં રાણીના નિસ્તેજ મુખમંડળને નિહાળીને ઠાકોર પણ છોભીલા પડી ગયા. એમણે પોતાના ઉતાવળિયા અવિચારી શબ્દો માટે દિલગીરી વ્યકત કરી. પણ કુવાકયનો કાપ રુઝવવા માટે દિલગીરીની કોઈ દવા કામયાબ નીવડતી નથી. ઠાકોરનાં કડવાં વેણનો કારમો ઘા રાણીના કોમળ હૃદય પર કારી જખમ કરી ગયો હતો.

રાણીજીનું આખું સ્વરૂપ હવે પલટી ગયું. મેઘ દુઃખદ અવાજે રાણી બોલી ઊઠયાં, ઠાકોર, તમારા મનમાં મારા માટે આવો કુવિચાર પેસી ગયો, તે જોતાં મને જણાય છે કે, આપણો ગૃહસ્થાશ્રમ હવે છ માસ કરતાં વધુ વખત ચાલવાનો નથી. એટલે આપણે આજથી  આપણા સંસારી જીવનને સંકેલી લઈએ એમાં જ આપણું શ્રેય છે. રાણીજીના આ ગંભીરતાપૂર્ણ  શિક્ષાત્મક શબ્દો એક ગુનેગારની અદાથી  ઠાકોર સાંભળતા રહ્યા, પોતાની શંકાશીલ દષ્ટિ માટે એમને હવે પસ્તાવો થવા લાગ્યો પણ પસ્તાવાથી મૂળ હકીકતમાં કશો ફેર પડતો નથી. તે દિવસથી ઠાકોરના ઢોલીઓ ડેલીમાં ઢળતો થઈ ગયો.

આ ઘટના પર છ માસનો સમય વીતી ગયો. એ અરસામાં કચ્છની ગાદી પર મહારાઓ પ્રાગમલ્લજી આવી ગયા હતા. રાજગાદીના સાચા વારસદાર સ્વર્ગવાસી રવાજીના કુંવર કાંયાજીએ વાગડના કટારિયાના પ્રદેશ પર પોતાની સત્તા જમાવી દીધી. કાંયાજી એક પરાક્રમી પુઢષ હતા. થોડા જ વખતમાં એમણે મોટી લશ્કરી જમાવટ કરી લીધી અને કચ્છ રાજયમાં લૂંટ ચલાવવા લાગી.

કાંયાજીના તોફાનને દાબી દેવા માટે ભુજના મહારાઓ પ્રાગમલ્લજીના પાટવી કુંવર ગોડજી એક મોટી ફોજ સાથે કટારિયા પર ચડી ગયા. એ વખતે કચ્છના ગુંદિયાળી ગામથી હાલા ઓઠાજી અને હક્કાજી તથા ભદ્રે✓રથી હાલા દેશળજી અને રવોજી પણ દરબારી સૈન્ય સાથે જોડાઈ ગયા. આ ચારે રણવીરો કાંયાજીના લશ્કર સામે બહાદુરીથી લડયા અને ચારેય કામ આવી ગયા. આ સંગ્રામમાં દરબારી સૈન્યના બીજા

પણ અનેક વીરો કપાઈ ગયા.

કટારિયાના ધીંગાણામાં હાલા દેશળજી કામ આવી ગયા એવા ખબર ભદ્રે✓રમાં આવી પહોંચ્યા. દેશળજી બાવાએ પોતાની પાઘડી અને બેરખો રાણી રૂપાળીબાને મોકલી આપેલા. પતિની મોકલાવેલી આ બે વસ્તુ પર દષ્ટિ પડતાં જ સતી રૂપાળીબાને સત ચડયું અને પતિની પાઘડી અને બેરખો ખોળામાં લઈ સતી માતા રૂપાળીબાએ અગ્નિસ્નાન કર્યું.

સતી રૂપાળીબાની મેડી સતીના સ્ત્રીત્વની યાદી સાથે ઘણાં વરસો સુધી પૂજાતી હતી. હવે તો સતીની આ મેડી પણ સતી રૂપાળીબા સાથે કાળની અનંત ગર્તામાં ગરક થઈ ગઈ છે." (૭)

આ કથા કચ્છ કલાધર ભાગ – ૨ પૃ. ૩૫૪–૩૫૫ ઉપર જોવા મળે છે. પરંતુ ઉપરોકત કથાની માફક વિસ્તૃત સ્વરૂપમાં આપેલી નથી. માત્ર કટારિયાના યુદ્ધમાં યુદ્ધનું વર્ણન તથા થોડા યોદ્ધાઓનાં નામ જોવા મળે છે. પરંતુ અહીં હાલા દેશળજીનો ઉલ્લેખ મળતો નથી. પણ બિદડાના ભાભોજી, ઓઠાજી, હક્કાજીનો ઉલ્લેખ મળે છે." (૮) તેમજ બીજા વીરપુરુષોનો નામ વગર ઉલ્લેખ કર્યો છે. જેમાં દેશળજીનો સમાવેશ થતો હશે. કેમકે સ્વદેશ અંકમાં જે કથા લખી છે તે પણ કારાણીની છે અને કચ્છ કલાધર ભાગ – ૨ માં મળતી માહિતી પણ કારાણીની છે. આમ, બંને બાબતો એક જ સર્જકની હોવાથી યોદ્ધાઓનાં નામ અલગ–અલગ હોવાની શંકા કરી શકાય નહિ.

બારોટ અભેસંગભાઈએ નોંધ્યું છે કે, " રાયધણજીના બીજા નંબરના કુંવર રવાજી જે ગાદીના ખરા હક્કદાર હતા. પ્રાગમલ્લજી દગાથી ગાદીના માલિક બની બેઠા. જો કે, રવાજીને સોઢા ભોજરાજજીએ દગાથી મારી નાખ્યા હોવાથી હવે તેના માલિક તેના કુંવર કાંયાજી ગણાય, પરંતુ પતિના મૃત્યુને લીધે રવાજીના રાણી કલુબા કુંવર કાંયાજીને તેડીને ભીમાસરમાં પોતાનું પિયર હતું ત્યાં આવતાં રહ્યાં. ત્યાં પોતાના ભાઈ હમીરજી સહકારથી કટારિયા કબ્જે કર્યું જે વાગડમાં હતું અને રવાજીને મળેલું હતું. એટલું જ નહીં પણ પોતાનું મોરબી પણ કાંયાજીએ મેળવી લીધું જેની જાણ મહારાઓ પ્રાગમલ્લજીને થતાં તેઓ ફોજ સાથે કટારિયા ઉપર ચડી ગયા હતા અને ભોજાસર ઉપર ધીંગાણું થયું અને તેમાં પ્રાગમલ્લજીના માણસો કામ આવી ગયા." (૯)

*  અહીં એ નોંધવું રહ્યું કે કારાણીએ નોંધ્યું છે કે : કાંયાજી આસપાસનાં ગામોમાં લૂંટફાટ કરતા હોવાથી તેને દબાવવા માટે ભોજાસર પર યુદ્ધ થયું હતું.

જયારે અભેસંગ બારોટે નોંધ્યું છે કે, " કાંયાજીએ મોરબી મેળવ્યું હોવાથી પ્રાગમલ્લજીએ ચઢાઈ કરી હતી.

તારણ તો બંને રીતે નીકળી શકે. આમ છતાં એવું પણ બને કે, કાંયાજીએ મોરબી વગેરે મેળવ્યું હોય છતાં પણ પ્રાગમલ્લજી પરના ગુસ્સાને કારણે તે કચ્છનાં ગામોમાં લૂંટફાટ કરતાં હોય તેવું બને.

ભદ્રે✓ર ગામની વસ્તી ૮૦૦૦ (આઠ હજાર) આસપાસની છે. ગામમાં અનેક જાતિઓ વસવાટ કરે છે. જેમાં દરબારોના અઢીસો (૨૫૦) ઘર છે. ગામમાં ડુંગરાળી પાંખાવી હાલાજીના વંશજો વસવાટ કરે છે. દરબાર સિવાય મુસ્લિમ, માછીમારો, ભાટિયા, લોહાણા, ખોજા, સારસ્વત બ્રાહ્મણ, દરજી વગેરે કોમ રહે છે.

આ ગામના પાદરમાં ક્ષત્રિય સમાજવાડીની સામે પાંચેક છતરડી આવેલી છે. જેમાં પ્રથમ છતરડીમાં નામોરજીનો પાળિયો આવેલો છે, બીજી છતરડીનો પાળિયો રામસંગજી દેશળજીનો છે. ત્રીજી, ચોથી છતરડીના પાળિયાનો ખ્યાલ આવતો નથી. પાંચમી છતરડી રૂપાળીબા તથા તેના પતિની છે.

*  પાંચમી છતરડીના પ્રથમ પાળિયા નીચે નીચે મુજબનું લખાણ વંચાય છે

શ્રી ગણેશાય નમ :
સંવત્ ૧૭૬૦ વરષે × ×
સાકે ૧૬૩૩ × × × × ×
ભે માગસર માસે × × ×
જાડેજા દેસલજી
હક્કાજી × × × × × ×
× × × × × × × ×
× × × × × × ×
શ્રી પાગળી ને કામે આવ્યા
તે કેડે × × × × × ×
× × સ × × × × × ×

૧૯૧૮ ના × × × × ×

શુક્રવાર કીધા × ×

* બીજા પાળિયામાં –

શ્રી ગણેશાય × ×

× × × × × × ×

× × × × × × ×

દેસલજી પ્રા × × × × ×

## ૫.૫ * આઈશ્રી પુનશ્રીનો પાળિયો :–

મધ્યકાળના ખમીરવંતા એ યુગમાં કયારેક તો માનવીની માનવતા હદ કરી નાખતી. કચ્છની આ પાવનભૂમિમાં અનેક શૂરવીરો અને વીરાંગનાઓના પાળિયાઓ અસ્તિત્વમાં આવ્યા છે. તેમાં કોઈક બહેન દીકરીના શીલના રક્ષણકાજ, કોઈક ગામ ખાતર, કોઈક પોતાની ભૂમિ માટે તો કોઈક પત્ની પોતાના વીર પતિ પાછળ તો કોઈક જગ્યાએ પોતાનાં સ્વજનોની પાછળ મૃત્યુને મીઠું કરતાંયે જોયા છે. પરંતુ આ ભૂમિમાં તો કોઈક નાના એવાં પ્રાણી પાછળ આત્મસમર્પણ કરનારાય પાકયા છે. આવા પાળિયામાં શેખડિયાના આઈ પૂનશ્રીનું નામ શ્રદ્ધાથી લેવું પડે. આઈ પુનશ્રીની કથા મળે છે જે નીચે મુજબ છે.

ગૌતમ જોષીએ નોંધ્યું છે "ગુજરાતમાં કચ્છ જિલ્લામાં મુન્દ્રા, શહેરથી પાંચ થી છ કિલોમીટરના અંતરે એક શેખડિયા નામનું ગામ આવેલું છે. આ શેખડિયા ગામમાં આજથી સો વર્ષ પહેલાં પુનશ્રી નામે ચારણીયાણી રહે. ભરયુવાનીએ વિધવા થયાનું દુઃખ, ખિલતા ગુલાબ સમા મુખ ઉપર એક ઓચિંતી આવેલી પારદર્શક વેદનાની વાદળી જેમ જોઈ શકાતું હતું. માવિત્રો અને સાસરિયાઓ પુનઃ લગ્ન કે અન્ય કોઈ રસ્તો અપનાવવા સમજાવી રહ્યાં પણ પુનશ્રીબાઈને હવે સંસાર અસાર લાગ્યો, ભોગ ભોગવવાના ઓરતાને મન મહીં ધરબી ત્યાગમય પવિત્ર જીવન જીવવા તપ✓ર્યા અને પ્રભુ સ્મરણમાં જીવનનો સાર માની પુનશ્રી જીવવા લાગ્યા.

ઘેર ગાયો, ભેંસો હોવાથી તેમાંથી પોતાનું ગુજરાન ચલાવતા રહ્યા. મનની ટેક હતી કે કોઈ પાસે હાથ ન લંબાવવો કે ઉધાર, ઉછીનું લેવું નહીં. કોઈના હિતાર્થે પોતાનું

ખર્ચી નાખવું. તે બચપણની ટેકને કાયમ રાખી પુનશ્રીબાઈ શેખડિયામાં રહેવા લાગ્યાં. આખો દિવસ તો ગાય, ભેંસોની સેવામાં નીકળે અને સાંજ પછી માતાજીના ગરબા અને ભજન કીર્તન કરે. ગામમાં અજાણ્યા સાધુ–સંતો–ફકીરોને અન્નદાન કરે.

એક દિવસની વાત છે. પુનશ્રીબાઈ ગાયો માટે ગામ બહાર સીમના ખેતરોમાં ઘાસ કાપવા ગયાં. ઘાસ કાપી, પૂળો બનાવી માથે ઊંચકી ચાલ્યાં, પણ ઘાસનો પૂળો વજનદાર હોઈ ચાલવામાં હાંફ ચડતાં એક બાવળનાં છાયે પૂળો નીચે મૂકી વિસામો લેવા બેઠાં તે દરમિયાન એક જંગલી સસલાનું બચ્ચું થર થર કાપતું પુનશ્રીબાઈના ખોળામાં આવીને બેસી ગયું.

પુનશ્રીબાઈ તો અચાનક આવી ગયેલા સસલાને વાત્સલ્ય ભાવથી પંપાળી રહ્યાં અને સસલાને ધ્રૂજવાનું પૂછવા લાગ્યા. સસલાનું બચ્ચું તો આંખો બંધ કરી, માતાના સાંનિધ્યમાં જંપીને પડયું રહ્યું હતું, ત્યારે સાડાઉ ગામનો કાનો ખવાસ હાથમાં મોટી ડાંગ સાથે ત્યાં આવી પહોંચ્યો અને ભારે અવાજે બોલ્યો એ બાઈ ..... હી સસલો મુંજો આય, મુંકે ડે ડે, " (એ બેન આ સસલો મારો છે, મને આપી દે.) ત્યારે પુનશ્રીબાઈએ સસલા ઉપર હાથ ફેરવતાં કાના ખવાસને કહ્યું, " મુંજા મિઠા ભા, હીન બચુડે નું તોજો પેટ થોડો ભરાંધો, હિ જીવતાં ન્યાર " (મારા મીઠડા વીરા આ બચ્ચાથી તારું પેટ થોડું ભરાસે આ જીવને તો જો.) ત્યારે કાનો ખવાસ ખડખડાટ હસીને બોલ્યો, " બાઈ શિકાર મુંજો આય, મુંકે ડે ડે, નિકા હિ ખણી ગિન ધો " (બેન શિકાર મારો છે મને આપી દો નહીં તો આમ આંચકી લઈશ) એમ બોલીને સસલાના બચ્ચાને પુનશ્રીબાઈના ખોળામાંથી આંચકી લઈને ભાગ્યો.

પુનશ્રીબાઈ તેની પાછળ દોડયાં ઘણાં કાલાવાલા કર્યા કે " અબોલ જીવની હત્યા ન કરતો... તેના બદલે મને ગુલામ તરીકે રાખી લે... આ સસલાને મેલી દે. મારા ભાઈ તને હું મારી ગાયો દાન આપું પણ, કાનો ખવાસ કંઈ પણ સાંભળ્યા વિના સાડાઉ ગામ તરફ દોડયો, આ તરફ પુનશ્રીબાઈને મનમાં આઘાત લાગ્યો કે, " એક શરણે આવેલા અબોલ જીવની રક્ષા ન કરી શકી ? આશરા ધર્મનું પાલન મારાથી ન થયું હોય રે ! આ જીવન શા કામનું ? અને પુનશ્રીબાઈએ સીમમાંથી લાકડાં ભેગાં કરી ચિતા બનાવી, બન્ને હાથ ઊંચા કરી, કચ્છની કુળદેવી આઈ આશાપુરાને યાદ કરી એક અબોલ સસલાના જીવની રક્ષા ન કરી શકવાને કાજે તે ચિતા પર સતી થયાં.

શ્રી આઈ પુનશ્રીબાઈનો પાળિયો આજે પણ શેખડિયા ગામમાં ઊભો છે. શેખડિયા અને આજુબાજુના ગામના ચારણો એક મૂંગા પશુને માટે પોતાની જાતનું બલિદાન આપનાર આ દેવી આઈને શ્રદ્ધાપૂર્વક પૂજે છે." (૧૦)

* પુનશ્રીની કથા આજ સ્વરૂપમાં ફેરફાર વગર ' આપણાં સાંસ્કૃતિક ઉપાખ્યાન ' પુસ્તકમાં મળે છે. તેથી આ કથાને આધાર મળી રહે છે.

* **નોંધ :–** પુનશ્રીનો પાળિયો શેખડિયા ગામમાં નહીં પણ સાડાઉ ગામમાં મળે છે. તેનું કારણ એ હશે કે, શિકારીની પાછળ તે સાડાઉ સુધી દોડી હતી પણ સસલું ન મળતાં તે ત્યાં જ ચિતા ખડકીને સતી થઈ હતી. એટલે કદાચ આ ગામમાં પાળિયો બેસાડયો હશે.

* **રૂબરૂ મુલાકાત :–** ગૌતમ એસ. જોષી એ આઈ પુનશ્રી શીર્ષક ધરાવતી કથામાં નોંધ્યું છે કે, પુનશ્રીનો પાળિયો શેખડિયા ગામના પાદરમાં ઊભો છે. આ ઉપરાંત બીજાં પુસ્તકોમાં પણ શેખડિયા ગામનો ઉલ્લેખ છે. પરંતુ અમારી રૂબરૂ મુલાકાત દરમિયાન અમને જોવા મળ્યું કે, પુનશ્રીનો પાળિયો શેખડિયા ગામમાં નહિ પણ તેની બાજુમાં આવેલ સાડાઉ ગામમાં ઊભો છે.

સાડાઉ ગામમાં પ્રવેશતાં કાંતિભાઈ વીરજી ગાલા (હાલ મુંબઈ) ની વાડીમાં એક પ્લોટની અંદર આઈશ્રીનો પાળિયો છે. જો કે, તેની નીચે કોઈ લખાણ જોવા મળતું નથી. માત્ર જમણા હાથનું નિશાન જોવા મળે છે.

## ૫.૬ * સુજાજીનો પાળિયો (મોટા કાંડાગરા) :–

ગામના પાદરથી શિરાચા ગામ તરફ જવાના રોડ પર સુજાજીનો પાળિયો આવેલો છે. સુજાજીદાદા કાનાણી શાખાના જાડેજાઓના શૂરાપૂરા છે. જેની કથા માહિતીદાતા પાસેથી થોડી–ઘણી મળે છે, જેમાં એક વખત જમીનની બાબતમાં કાનાણી જાડેજાઓ અને ખેંગાર જાડેજાઓ વચ્ચે પ્રથમ બોલચાલ અને પછી જોરદાર ધીંગાણું થયું જેમાં સુજાજીબાપુએ સામલા (સામેના પક્ષવાળા) ચાલીસેક જણને મારી નાખ્યા અને પછી પોતે મૃત્યુ પામ્યા." (૧૧)

સુજાજીદાદાનો જૂનો પાળિયો હતો ત્યાં પાળિયાનો જીર્ણોદ્ધાર કર્યો છે. ઉપર ચણતર કામ કર્યું છે. આ પાળિયાની ઉપરની ધાર ઉપર લખાણ જોવા મળે છે. જે

નીચે મુજબ છે.

જાડેજા સુજાજી

ગામ : કાંડાગરા – સં : ૨૦૫૮ ની આ × ×

જોવા મળે છે. × × ×

આ ઉપરાંત આ ગામમાં એક વરંડામાં અંદાજિત : ૫૦૦ (પાંચસો) વર્ષ જૂના પાળિયાઓ છે. એ ઉપરાંત બીજા પાળિયાઓ પણ જોવા મળે છે જેમાંથી એક પાળિયાની સંવત : ૧૮૨૭ વંચાય છે.

હાલમાં આ પાળિયા વિષયક બીજી કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી.

## ૫.૭ * બાવાજી ચાવડા (વીર સતાજી) નો પાળિયો :-

અનેક રીતે પાળિયાઓ અસ્તિત્વમાં આવ્યા છે. કયાંક બહેન–દીકરીના રક્ષણ કાજે, કયાંક ગામની રક્ષા કાજે, કયાંક ગાયોની વહારે તો કયાંક અન્યાય સામે ત્રાગાના પાળિયાઓ તો કયાંક અન્ય પ્રાણીઓ ખાતર તો કયાંક પોતાના કુટુંબનાં સદસ્યો પાછળ. જેમાં પોતાના પતિ કે પુત્રની પાછળ સતી થનાર સ્ત્રીઓનાં પાળિયાઓ જોવા મળે છે. તો ઘણીવખત પોતાના પૌત્ર, પૌત્રી, દોહિત્ર, દોહિત્રી પાછળ દાદા, દાદી, નાના–નાની આત્મબલિદાન આપે છે. તેને સાગવનના પાળિયા કહેવાય. કચ્છમાં આવા સાગવનના પાળિયાઓ પણ જોવા મળે છે. આવો એક પાળિયો મુન્દ્રા તાલુકાના નવીનાળ ગામમાં વીર સતાજીનો આવેલો છે.

"આ નવીનાળ ગામ જે ૧૫૦૦ ની આસપાસની વસતિ ધરાવતું એક ગામ છે. આ ગામમાં રાજપૂતોમાં ચાવડા રાજપૂતો વસવાટ કરે છે. આ ચાવડા વંશમાં રાજપૂતોમાં વીર સતાજી (બાવાજી ચાવડા) સતા થયા છે. આજથી ઘણાં વર્ષો પહેલાં તેઓ પાકિસ્તાનમાં આવેલ સિંધમાં બિરાજમાન હિંગળાજ માતાની યાત્રાએ ગયેલા, ત્યાંથી પાછા ફરતાં તેણે જોયું કે, પોતાના દીકરાનો દીકરો એટલે કે તેનો પૌત્ર મૃત્યુ પામ્યો છે. આવી દુઃખદાયક ઘટના ઘટતાં તેને દુઃખ લાગ્યું. પોતે માતાજીની યાત્રાએ ગયેલા અને બદલામાં માતાજીએ આવા દિવસો બતાવ્યા. આથી તેમને સત ચઢયું અને પોતાના પૌત્રના શબને ખોળામાં લઈને ચિતા પર ચડી બેઠા અને માતાજીને પ્રાર્થના કરી કે હે, હિંગળાજ માતા જો શ્રદ્ધાભાવથી હું તારે દ્વારે આવ્યો હોઉં તો મારા જમણા પગના

અંગૂઠામાંથી અગ્નિ પ્રગટ થાઓ અને કહેવાય છે કે, તરત જ અગ્નિ પ્રગટ થયો. તેના વંશજો કહે છે તે મુજબ જયારે જમણા પગના અંગૂઠામાંથી અગ્નિ પ્રગટ થયો ત્યારે તે અગ્નિ પર ખીર રાંધી અને આ ખીર આખા ગામને પ્રસાદીમાં આપી. આ સતાબાવા કડવા લીંબડાની ડાળખીનું દાતણ કરતાં. આથી તેના વંશજો કડવા લીંબડાનો ઉપયોગ આજે પણ કરતા નથી. આમ, સતાબાવા પોતાના પૌત્રના શબને ખોળામાં લઈને સતા થયા. આજે પણ નવીનાળમાં સતાબાવાનો પાળિયો ઊભો છે." (૧૨)

દરબારવાસમાં જવાના રસ્તે આ પાળિયો (સતાબાવાનો) આવેલો છે. આકૃતિમાં પુઢષના ખોળામાં બાળક છે. પાળિયો ખૂબ ઘસાઈ ગયેલી હાલતમાં હોવાથી પાળિયા નીચેનું લખાણ જરાપણ વાંચી શકાતું નથી.

## ૫.૮ * પરાજિયા સોનીના પાળિયા (બારોઈ) :-

મુન્દ્રા તાલુકાનું આશરે ૨૦૦૦ (બે હજાર) કરતાં પણ વધારે વસતિ ધરાવતા આ ગામમાં એક વખતે એવો હતો. જયારે સોની મહાજનનું બળ હતું. તેમાંય પરાજિયા સોની તો મહાપરાક્રમી હતાં. તલવાર વીંઝવામાં પણ એટલા જ કુશળ. કચ્છમાં એક કહેવત ચાલે છે – ' સોનારે જા સો ઘા ને લુઆર જો હિકડો ઘા ! ' પણ પરાજિયાનો એક ઘા તો લુહારના સો ઘા કરતાં પણ ચડી જતો. બારોઈમાં એ વખતે જૈનો અને સોનીઓની મુખ્ય વસતિ હતી. જૈનો સમૃદ્ધ હોવાથી જૂના વખતમાં લૂંટારાઓએ બારોઈને લૂંટવામાં ખામી રાખી ન હતી. નોંઘા લૂંટારાએ તો ત્રાસ ફેલાવી દીધો હતો. નોંઘા માટે કહેવાતું કે – ' બારોઈ મથે નોંઘો કર તિતર મથે ભાજ. ' તિતર (તેતર) માથે જેમ બાજ ઝપટ મારે તેમ બારોઈ (બાળેલી) ઉપર નોંઘાની ઝપટ ચાલુ રહેતી. એકવાર ધાડપાડુઓએ બારોઈને લૂંટીને તેને બાળી નાખી હતી. ત્યારથી તેનું નામ બરઈ (બાળેલી) બારોઈ પડયું. સંવત ૧૭૩૨ ની વાત છે. બારોઈમાં જૈનો અને સોનીઓ વચ્ચે હરીફાઈ ચાલતી. બારોઈમાં જૈન મંદિર ન હોવાથી જૈનોએ બારોઈ ગામ પાસેના તળાવની બાજુમાં ભગવાન મહાવીરનું મંદિર ચણાવવા માંડયું. દેરાસરનું બાંધકામ પૂર્ણ થવા આવ્યું. માત્ર મૂર્તિ પ્રતિષ્ઠા બાકી હતી. તે વખતે આ ગામમાં સાત ભાઈઓનું એક સોની કુટુંબ રહેતું હતું. આ સાત ભાઈઓ વચ્ચે એક બહેન હતી. એક દિવસ સાંજના વાળુ પછી બધા ગપાટા મારવા બેઠા. એવામાં મોટા ભાઈએ જૈન દેરાસરની વાત કરી.

હમણાં જૈન મંદિર ઊભું થઈ જશે. પણ ગામમાં શંકર ભગવાનનું એક પણ મંદિર નથી. આથી સૌથી નાનો ભાઈ બોલ્યો, એમ કરીએ જૈન મંદિરમાં જ શિવલિંગની પ્રતિષ્ઠા કરી દઈએ. આ ભાઈ થોડો ઉચ્છૃંખલ હતો. તેની બહેનને આ વાત ગમી ગઈ. બીજા ભાઈઓએ કહ્યું, પણ આ બધું બંને કઈ રીતે ? ત્યારે સૌથી નાનાભાઈએ કહ્યું જો તમને બધાને વાંધો ન હોય અને મારી વાત પર વિ✓ાસ હોય તો આનો રસ્તો હું તમને બતાવું ! બધા કહે પણ પહેલાં કહે તો ખરો ! નાના ભાઈએ પોતાના મનની યોજના રજૂ કરી, અહીંથી ભદ્રે✓ર તો ' પગડે ઘા ' જેટલું નજદીક છે. ત્યાં ભગવાન શંકરનું મંદિર હાલમાં જ જાડેજા દરબારોએ તૈયાર કર્યું છે. તમે બધા કહો તો રાતોરાત શંકર ભગવાનને ત્યાંથી ઉપાડી લાવીને પછી ભગવાન મહાવીરના સ્થાન પર બેસાડી દઈએ. ભગવાન તો બધા સરખા છે. બધાને આ યોજના ગમી ગઈ, અને કાર્યક્રમ પણ ઘડી કાઢયો. સાતેય ભાઈઓ શૂરવીર પણ સાતમાંથી ચારભાઈઓ સાધન સામગ્રી સાથે લિંગ ઉપાડવા તૈયાર થયા. પાંચ ગાઉનો રસ્તો તેમણે દોઢ કલાકમાં કાપી નાખ્યો. રાતના સમયે આખું ગામ ગાઢ નિંદ્રામાં હતું. પૂજારી પણ ચાલ્યો ગયો હતો. આ તો સોની હતા એટલે તાળું તોડતા કેટલી વાર ! અંદર ઘૂસીને ચારેય બંધુઓએ ખોદીને જળાધારી સહિતની લિંગ ઉપાડી પોઠિયો પાછળ રહી જાય એ ઠીક નહીં. અજાધારી પોઠિયો ઉપાડયો. શંકર ભગવાનની બધી સામગ્રી ઉપાડીને મારતે ઘોડે વહેલી પરોઢે બારોઈ પહોંચીને મહાવીરના દેરાસરમાં શંકર ભગવાનની પ્રતિષ્ઠા પણ કરી દીધી. એક બ્રાહ્મણ પૂજારીને બોલાવીને આરતી ચાલુ કરી દીધી. શંખ–નગારાના રણકારથી ગામ આખું જાગી ગયું. જૈન મહાજનો દેરાસર તરફ દોડયા. જોયું તો દેરાસરમાં ભગવાન શંકર બિરાજમાન હતા. જૈનો શું કરે ? પણ બીજી બાજુ ભદ્રે✓રમાં હાહાકાર મચી ગયો. જાડેજા ભાયાતોને ખબર પડી આથી સવારમાં જ ઘોડાઓનું પગેરું શોધતા બારોઈ પહોંચ્યા. સોની ભાઈઓ તૈયાર જ હતા. ઉભય પક્ષ વચ્ચે મંદિરની બાજુમાં જ ધીંગાણું થયું. જેમાં ઘણા ભાયાતો ઘાયલ થયા, થોડા મર્યાં. તેની સાથે આ ચારેય સોની ભાઈઓ શહીદ થયા. પણ હવે લિંગ ઉપાડવામાં સાર નથી. એમ સમજી ભાયાતો તથા સૌ ઘાયલ થયેલાઓની સારવારમાં લાગી ગયા." (૧૩)

આ હત્યાકાંડની યાદ આપતું મંદિર ત્યાં જ ઊભું છે. દર વર્ષ શ્રાવણ – વદ આઠમના દિવસે અહીં મોટો મેળો ભરાય છે. ધીંગાણામાં કામ આવેલા સોની વીરોના પાળિયા આજે પણ અહીં મોજૂદ છે. મંદિરની બાજુમાં તળાવ પાસે સતીઓની દેરીઓ

અને સોનીઓના પાળિયા છે. તેમાંથી માત્ર એક જ પાળિયા પર નીચેની વિગત મળે છે.

શ્રી ગણેશાય નમ :
સવંત : ૧૭૩૨ માં વર્ષ
અષાઢ માસે કૃષ્ણપક્ષે
ચોદસ મહાશય રાયધણવિજયરાજે
ગામ શ્રી બારોઈ મધ્યે સોની પરાજિયા દેવડા
વંશે સોની પદમશી ભીમા સુત
તસાસુત સોની માંડળ તસા સુત સોની
પદમશી ગામ બારોઈ હરી ચરણ પામેલા
તે સાથે સંબંધવ – હરઘોળ હરભમ સોની.
પદમશી સુત તેજમાલે બાંધવ પદમશી
ઉપરે દેરી કીધી છે.

પરાજિયા ભાઈઓના પાળિયા મંદિરના આગળના ભાગમાં તળાવ પાસેના એક મોટા–ઊંચા ઓટલા પર આવેલા છે. બહાર ફરતે દીવાલ કરેલ છે અને લોખંડનો દરવાજો છે. તેની ઉપર એક છતરડી બાંધેલી છે. તેમાં બાજુના પ્રથમ પાળિયામાં ઉપરોકત લખાણ જોવા મળે છે. બાજુના પાળિયામાં લખાણ છે. પરંતુ વાંચી શકાતું નથી.

## ૫.૯ * સુમરોજીનો પાળિયો (રામાણિયા) :-

ખુમારી જેના લોહીમાં ટપકે છે. એવા કેટલાક વીરપુઢષો મધ્યકાળમાં થઈ ગયા. ત્યારે કચ્છભૂમિ તો આવા શૂરવીરોથી સોળકળાએ ખીલેલી હતી. કચ્છની ધરતી આવા શૂરવીરો, સંતો–મહંતો અને દાતાઓના સોનેરી સંગમથી હંમેશાં ધબકતી રહી છે. આવા એક વીરપુઢષની વાત કરવાનો મારો આશય છે.

" માહિતીદાતા પાસેથી જે પાળિયાની કથા મળે છે તે પાળિયો મુન્દ્રા તાલુકાના રામાણિયા ગામથી બે (૨) કિલોમીટર દૂર દક્ષિણમાં ગૌચર જમીન છે ત્યાં આ જગ્યાએ ચાર પાળિયાઓ ઊભા છે. જેમાં એક ઊંચો પાળિયો છે તેની કથા માહિતીદાતા

પાસેથી મળે છે. માહિતીદાતાના કહેવા પ્રમાણે ઊંચો પાળિયો મોટી ડેલીવાળા સુમરોજીનો છે. હંમેશની જેમ સુમરોજી એક વખત ખેતરની રખેવાળી કરવા ગયેલા ત્યાં જ બાજુના ગામ દેશલપર (માળી) ત્યાનાં કેટલાક શિકારી લોકો શિકાર કરવાના ઈરાદે જઈ રહ્યા હતા. તેમને જોઈને સુમરોજી દાદાએ એવું માન્યું કે, નક્કી આ લોકો પોતાનું ગામ ભાંગવા માટે જઈ રહ્યા છે. આથી રાજપૂત સુમરોજીએ એકલે હાથે પેલા શિકારીઓની વચ્ચે પડીને ધીંગાણે ચડયા. તેમાં સુમરોજી વીરતાપૂર્વક લડયા અને છેવટે સુમરોજીદાદાએ પોતાના પ્રાણનાં બલિદાન આપી દીધાં. તેઓ શૂરા થયા અને પાળિયો થઈને પૂજાયા." [૧૪]

ખેતરમાં ત્રણ–ચાર પાળિયા છે જેમાં માહિતીદાતાના કહેવા પ્રમાણે પ્રથમ પાળિયો સૂમરોજીનો છે. ઘોડેસવારની પરંપરિત આકૃતિ છે. લખાણ ઘસાયેલ હોવાથી વાંચી શકાતું નથી.

* આત્મારામ દ્વિવેદીએ નોંધ્યું છે ,"જામ હમીરજીના અલૈયોજી, ખેંગારજી, સાહેબજી અને રાયબજી કુંવરોમાંથી અલૈયોજીના કુંવર સુમરોજી, સુમરોજીના રામોજી જેમને રામાણિયા ગામ મળ્યું હતું." [૧૫] જો કે પાળિયા નીચેનું લખાણ વાંચી શકાતું નથી. આમ છતાં રામોજીએ તેના પિતા સુમરોજીનો પાળિયો રામાણિયા ગામમાં બેસાડયો હોય તેવું બને.

## ૫.૧૦ * વીરાણિયા ગામનો પાળિયો :-

વીરાણિયાથી ઉત્તરાદી બાજુ પટેલની વાડીની સામે જાડેજા દરબારોની વાડીઓ છે. જેમાં એક સતીમાનો પાળિયો છે. પાળિયા ઉપર છતરડી બાંધેલી છે. વાડીની પાછળ ભૂખી નદી આવેલી છે. પાળિયા નીચેનું લખાણ કાળના પ્રવાહમાં લુપ્ત થયું છે. એટલે કે લખાણ ઘસાઈ ગયું છે. કોણીએથી વળેલો જમણા હાથની નિશાની છે જેની કથા નીચે મુજબ છે.

મુસ્લિમ નાઈ જાતિની સમાધિઓ (કબર) છે. જેની કથા સતીમાં સાથે સંકળાયેલી છે. માહિતીદાતાના કહ્યા પ્રમાણે "સતીમા અંધ હતાં અને તેમના દીકરાને શાપ કરડયો છે, તેવા સમાચાર આ નાઈ જાતિના લોકોએ સતીમાને આપ્યા. આથી સતીમાં પોતાના દીકરા પાસે જવા નીકળ્યાં. અંધ હોવાને લીધે રસ્તામાં પડી ગયાં અને એક ચમત્કાર થયો કે એમને દષ્ટિ મળી પરંતુ પાછળથી તેઓ પોતાના મૃત પુત્ર પાછળ

સતી થયાં." [૧૬]

*	આ સતીમાની કથા બીજી કોઈ જગ્યાએથી અત્યારે પ્રાપ્ત થઈ નથી.

## ૫.૧૧ * હનુભા તેજમલજીનો પાળિયો (મોટી તુંબડી) :-

આ કચ્છ જિલ્લામાં અઢળક પાળિયાઓ બિરાજમાન છે. દરેક પાળિયાની કથા પણ કેવી અદ્‌ભુત ! એ જમાનો જ નેક–ટેક અને ખાનદાનીનો હોવાથી વીરબંકાઓ રણમેદાનમાં કૂદીને પ્રાણોની આહુતિ તો આપતા જ ત્યારે તેની કથા લોકને સામાન્ય કક્ષાની લાગતી હશે. તે સમયે મરનાર વીરપુઢષની સાથે કંઈક ચમત્કારિક ઘટનાઓ જોડાયેલી હોય તો એ વીરપુઢષ વધારે ઊજળો બને એવી કંઈક માન્યતાઓ લોકજીવનમાં હોય કે પછી ગમે તે કારણસર કેટલાક પાળિયાઓની કથાઓમાં ચમત્કારનાં કેટલાંક તત્ત્વો પણ ગૂંથાયેલાં જોવા મળે છે. કચ્છના ઘણા પાળિયાઓમાં આવાં તત્ત્વો જોડાયેલાં છે. આવા પાળિયાઓમાં મોટી તુંબડીના હનુભા તેજમલજીનો પણ સમાવેશ થાય છે. નીચેની કથા માહિતીદાતા પાસેથી પ્રાપ્ત થાય છે તે જોઈએ.

આ ઘટના ઘટી ત્યારે મહારાઓશ્રી ખેંગારજી બીજા ભુજની ગાદી પર બિરાજમાન હતા. વાત એમ બની કે, તે જમાનામાં ધાડપાડુઓ અવારનવાર ગામોને લૂંટવા માટે આવતા. ત્યારે થરપારકરથી પણ કેટલીક ધાડપાડુ ટુકડીઓ ગામ લૂંટવા માટે આવતી. આથી એક વખત રા'એ (ખેંગારજીએ) મોટી તુંબડીવાળા હનુભા બોલાવીને કહ્યું કે તમે વાગડમાં લૂંટારાઓને રોકજો અને ત્યાંના કાંઈ સમાચાર હોય તો મને મોકલતા રહેજો. આમ કહ્યા પછી મહારાજને વિચાર આવ્યો કે હું તમને સમાચાર કેવી રીતે મોકલું ? અને તમે મને સમાચાર કેવી રીતે મોકલશો ? તે વખતે આ ભડવીર હનુભાએ એક દૂધથી ભરેલો વાટકો મંગાવ્યો અને મહારાજ પાસે મૂકતાં કહ્યું કે, જો આ દૂધ લોહી થઈ જાય તો સમજજો કે, હું નથી રહ્યો. આવું કહીને તેઓ તો લૂંટારાઓને રોકવા વાગડ ગયા. તેમના ગયા પછી એક ઘટના ઘટી. એ ઘટના એ હતી કે હનુભા જે દૂધનો વાટકો મૂકીને ગયા હતા તે લોહીનો થઈ ગયો. ત્યારપછી સમાચાર મળ્યા કે હનુભા તેજમલજીનો દેહ પડયો. જો કે, હનુભાએ વાગડમાં જતાં પહેલાં જ જણાવ્યું હતું કે, જો મારું મૃત્યુ થાય તો વાડાની જગ્યા પર મારી ખાંભી રાખજો. તેનાં મૃત્યુના સમાચાર તેની માતાને મળ્યા હતા પણ ત્યારે તેમનો પાળિયો મૂકયો નહીં હોય.

ત્યારપછી છેક ચોથી પેઢીએ તેમના વંશજોને સપનામાં આવ્યા અને ખાંભી મૂકવાની વાત કરી આથી તેમનાં વંશજોએ પાળિયાની સ્થાપના કરી." (૧૭)

બસ સ્ટેશનની સામે એક ઊંચા ઓટલા પર હનુભાનો પાળિયો ઊભો કરવામાં આવ્યો છે. ઓટાની ફરતી બાજુ લોખંડની જાળી બનાવવામાં આવી છે. લગ્ન સમયે વરઘોડિયાં તેમને પગે લાગીને કેસરી વાઘો પહેરાવે છે.

ઉપરની બાજુએ સૂર્ય–ચંદ્રનાં નિશાન છે. ઘોડેસવારની ગતિ દક્ષિણ દિશામાં છે. જો કે, મોટાભાગના પાળિયા ઘોડેસવારની ગતિ ઉત્તર દિશામાં હોય છે. જયારે આની ગતિ ઊંધી દિશામાં છે. લખાણ કાળમાં પ્રવાહની સાથે નાશ પામ્યું છે.

## ૫.૧૨ * હરઘોળજીનો પાળિયો (ટોડા) :-

મુન્દ્રા તાલુકામાં આવેલ અને મુન્દ્રા શહેરથી ૭ (સાત) કિલોમીટર દૂર માંડવી તરફ જતાં આ ટોડા ગામ આવેલ છે. આ ગામની મુખ્ય વસતિમાં જોઈએ તો દરબારોમાં ખેંગાર તથા જેસર જાડેજાઓનો (૩૦–૩૬) ત્રીસથી છત્રીસ જેટલાં ઘર આવેલાં છે. આ સિવાય મુસલમાન જાતિ, બ્રાહ્મણ, જૈન, બાવાજી, હરિજન વગેરે જાતિઓ વસવાટ કરે છે. આ ગામની વસતિ પાંચ–છ હજારની છે. તેમાં ઘણાં જૈન કુટુંબો મુંબઈમાં વસવાટ કરે છે.

આ ગામમાં હરઘોળજીદાદાની ઘોડેસવારની પ્રતિમા આવેલી છે. અહીં બીજી આકૃતિ કે લખાણ જોવા મળતું નથી. માત્ર ઘોડેસવારની કંડારાયેલી એકલી પ્રતિમા જ છે. વાછરાદાદાના સ્થાનકમાં આવી પ્રતિમા ઘણી જગ્યાએ જોવા મળે છે, તેવી પ્રતિમા વિશે વિશેષમાં માહિતી પ્રાપ્ત થતી નથી. પરંતુ માહિતીદાતા પાસેથી આછેરી કથા પ્રાપ્ત થાય છે. તે મુજબ આ દાદા ગાયોની વહારે જતાં રાજસ્થાનના રણમાં મરાણા હતા. હરઘોળજી દાદાના વંશજો જયાં–જયાં વસવાટ કરે છે. ત્યાં–ત્યાં તેના પાળિયા કે પ્રતિમા પૂજાય છે.

ઘણાં ગામમાં હરઘોળજીદાદા પીર તરીકે પૂજાય છે. મુસલમાન જાતિ પણ તેમને પીર તરીકે પૂજે છે." (૧૮)

## ૫.૧૩ * ભારોજીનો પાળિયો (બેરાજા) :–

### * બેરાજાનો ઈતિહાસ :–

મુન્દ્રા તાલુકામાં આવેલ બેરાજા ગામ વિશે એવું કહેવાય છે કે, અહીં પહેલાં નાગમતી અને સૂરજમતી નદીની વચ્ચે જુદા–જુદા નેસડા હતા. પાછળથી આ નેસડાઓ એક થઈને બાટવાસ નામ પડયું. આ બાટવાસનું પણ અપભ્રંશ થઈને ' બેરાજા ' નામ અસ્તિત્વમાં આવ્યું છે. માહિતીદાતાના કહેવા પ્રમાણે પ્રથમ આ ગામમાં પઢિયાર ગરાસિયાઓ વસવાટ કરતાં હતાં. ત્યારબાદ ૧૬૦૦ કે ૧૬૦૪ માં સૈકામાં જેસર જાડેજા આ ગામમાં આવ્યો. ત્યારપછી કચ્છી સંવત ૧૭૭૪માં ખેંગાર જાડેજા ઉમરોજી આવ્યા તે બહાદુર હોવાથી તેમને લગભગ છ જેટલાં ગામો મળ્યાં હતાં. જેમાં : – ગજોડ, બેરાજા, પત્રી, પુનડી, ગોડપર, ઝુમખા (બોરીચા) વગેરે ગામો મળ્યાં હતાં.

ઉમરોજીના વંશજ ભારોજી જે પત્રી ગામમાં વસવાટ કરતા હતા, તે ખૂબ જ બહાદુર વીરપુરુષ હતા. તે સમયે રાયધણજી બીજાનો અમલ કચ્છ ઉપર હોવાથી કચ્છમાં ચારે તરફ અંધાધૂંધી ફેલાયેલી હતી અને બારભાયાની નિમણૂક કરવામાં આવી હતી. આ બારેય સદસ્યો વચ્ચે પણ એકરાગ ન હતો. તેઓ ડોસલવેણ, મેઘજી, ફતેહમહંમદ વગેરે સત્તા માટે આખડતા હતા, અને ફતેહમહંમદ તો કચ્છનાં ગામડાં ભાંગતો હતો. જો કે, તેનાં આવાં કાર્ય પાછળ પણ કોઈક કારણો જવાબદાર હતાં એવું કેટલાક વિદ્વાનો કહે છે.

એક વખત ફતેહમહંમદે રોજના નિયમ મુજબ પત્રી ગામ ઉપર ચઢાઈ કરી. ત્યારે કેટલાક જુવાનોની સાથે ભારોજી પણ લડયા. આ લડાઈમાં ભારોજી ઘાયલ થઈ ગયા. હવે પોતે વધારે જીવશે નહિ એવું લાગતાં તેમણે છુપી રીતે પોતાના સાથીઓને કહ્યું કે, બહાર ફતેહમહંમદ છે અને અહીં હું ખૂબ જ ઘાયલ થયેલો છું . માટે જો હું મૃત્યુ પામું તો મને બહાર કાઢતા નહીં અને મારા અગ્નિસંસ્કાર આ ગઢમાં જ કરી નાખજો. કેમકે, ફતેહમહંમદને માત્ર એટલી જ ખબર છે કે હું ઘાયલ થયો છું, જો એને ખબર પડશે કે મારું મૃત્યુ થયું છે તો તે આ તમારો ગઢ તમારી પાસેથી છીનવી લેશે. આથી ભારોજીના સમજાવ્યા પ્રમાણે તેમના અગ્નિસંસ્કાર છાની રીતે દરબાર ગઢમાં જ કરવામાં આવ્યા અને ભારોજીના મૃત્યુને જાહેર કરવામાં આવ્યું નહીં." [૧૯] પછીથી તો ફતેહમહંમદ પાછો વળી ગયો હતો.

દરબાર ગઢમાં ભારોજીનો પાળિયો ઊભો કરવામાં આવ્યો છે. ઉપરના

ભાગમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન છે. વચ્ચે ઘોડેસવારી આકૃતિ કોતરેલી છે. લખાણ ઘસાઈ ગયેલું છે. માત્ર ' ગણેશાય નમઃ ' જેવું વંચાય છે. બાકીનું લખાણ ઉકલતું નથી.

* જેસર જાડેજાઓ અહીં વસવાટ કરે છે. તેના વિશે નરેન્દ્રકુમાર જોષીએ નોંધ્યું છે, " જેસર કાંઠી પ્રદેશમાં બેરાજા અને નાળ પ્રદેશમાં વસતા મૂળ ગરાસિયા છે." (૨૦)

* નરેન્દ્રકુમારના સંદર્ભથી એ તો સાબિત થાય છે કે, બેરાજામાં જેસરો આવ્યા હશે.

## ❑ સંદર્ભસૂચિ ❑


૧. નરેન્દ્રકુમાર મ. જોશી : ' ભાતીગર ભોમકા કચ્છ ' , પૃ. ૨૭.

૨. દુલેરાય કારાણી : ' ભાગું તો ભોમકા લાજે ', પૃ. ૧૩૭ થી ૧૪૦.

૩. માહિતીદાતા : દાનસંગજી ભોજરાજજી જાડેજા, ઉં.વ. ૫૩, વ્યવસાય : ખેતી, ગામ : કુંદરોડી, તા. : મુન્દ્રા.

૪. સંપાદક હેમરાજ શાહ : ' કચ્છશકિત ' અંક , વર્ષ – ૨૦૦૪, 'પ્રેમપંથ પાવકની જવાળા' , પૃ. ૭૭ થી ૮૦.

૫. જયમલ્લ પરમાર : ' ભાગું તો ભોમકા લાજે ', (ખાંભીને પાળિયાના અભ્યાસક્ષેત્રમાં) પૃ. ૨૭૨.

૬. માહિતીદાતા : જાડેજા મહેન્દ્રસિંહ નવુભા, વ્યવસાયઃ એસ.ટી. કંડકટર, શોખ : ઐતિહાસિક માહિતી એકઠી કરવાનો.ઉં.વ. ૪૫, ગામ : ભદ્રે✓૨, તા. મુન્દ્રા,

૭. દુલેરાય કારાણી : ' સ્વદેશ ' અંક–૧૯૮૦ ,'લજજા અને મર્યાદા', પૃ. ૧૦ થી ૧૨

૮. દુલેરાય કારાણી : ' કચ્છ કલાધર' ભાગ – ૨, પૃ. ૩૫૪–૩૫૫.

૯. અભેસંગભાઈ બારોટ : ' જાડેજા વંશ અને વસુંધરા ' , પૃ. ૩૮૨.

૧૦. ગૌતમ એસ. જોષી : ' કચ્છશકિત ' અંક વર્ષ–૨૦૦૪, અંતર્ગત 'આઈ પુનશ્રી', પૃ. ૪૫–૪૬.

૧૧. માહિતીદાતા : રામસંગજી જીતુજી જાડેજા, વ્યવસાય : ખેતી, ઉં.વ. ૫૮, ગામ : મોટા કાંડાગરા, તા. મુન્દ્રા.

૧૨. માહિતીદાતા : ચાવડા ભાનુભા વી. ,વ્યવસાય : ટી.ડી.ઓ. (હાલ નિવૃત્ત), ઉં.વ. ૬૫, મૂળગામ : નવીનાળ, હાલ : માંડવી.

૧૩. સંપાદક હેમરાજ શાહ : 'કચ્છશકિત' અંક –૨૦૦૪, અંતર્ગત 'હથોડો અને તલવાર પરાજિયાનું પરાક્રમ',પૃ. ૮૧ થી ૮૪.

૧૪. માહિતીદાતા : ગુલાબસંગ ભીખુભા જાડેજા, વ્યવસાય : ખેતી,શોખ : પુસ્તક વાંચનનો,ઉ.વ. ૬૮,ગામ : રામાણિયા,તા. મુન્દ્રા.

૧૫. આત્મારામ દ્વિવેદી : 'કચ્છદેશનો ઈતિહાસ', પૃ. ૬.

૧૬. માહિતીદાતા : જાડેજા હઠુભા જાલમસંગ, વ્યવસાય : ખેતી,શોખ : જૂની વાતો સાંભળવાનો, ઉં.વ. ૬૦, ગામ : વીરાણિયા.

૧૭. માહિતીદાતા : જાડેજા માધુભા ખેતુભા, વ્યવસાયઃ ખેતી,ઉં.વ. ૬૭, ગામ : મોટીતુંબડી, તા. મુન્દ્રા.

૧૮. માહિતીદાતા : ગુલાબસંગ ટપુભા જાડેજા, વ્યવસાયઃ ખેતી, ઉં.વ. ૭૧, ગામ : ટોડા.

૧૯. માહિતીદાતા : સૂરૂભા કારૂભા જાડેજા, વ્યવસાયઃ ખેતી,ઉં.વ. ૮૦, ગામ : બેરાજા.

૨૦. નરેન્દ્રકુમાર જોષી : ' ભાતીગર ભોમકા કચ્છ ' , પૃ. ૫૪.



# નખત્રાણા તાલુકાનો નકશો



# ❑ પ્રકરણ :- ૬ ❑
# નખત્રાણા તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય


૬.૧. પ્રસ્તાવના.

૬.૨. પાચાજીનો પાળિયો.

૬.૩. ધનબાઈનો પાળિયો.

૬.૪. વાનુમાનો પાળિયો.

૬.૫. પાંબાસતીનો પાળિયો

૬.૬. પ્રેમાસતીનો પાળિયો.

૬.૭. આંબાસતીનો પાળિયો.

૬.૮. જીવાસતીનો પાળિયો.

૬.૯. નાના ધાવડાનો પાળિયો.

૬.૧૦. સતી તથા શૂરાનો પાળિયો.

૬.૧૧. ખોંભડી ગામના પાળિયાઓ.

૬.૧૨. આનંદકુંવરબા તથા બાવુભા ( તમાચીજી ) ના પાળિયા.

૬.૧૩. મોકાસતાનો પાળિયો.

૬.૧૪. ભોજરાજજી રત્નુનો પાળિયો.

૬.૧૫. કમાસતીનો પાળિયો ( મોરઝર ).

૬.૧૬. નેણબાઈ સતીનો પાળિયો (ચાવડકાના પાળિયાઓ)

૬.૧૭. નાની અરલ ગામનો પાળિયો.

૬.૧૮. બિબ્બર ગામના પાળિયા.

૬.૧૯. ટોડિયાનો પાળિયો.

# ❑ પ્રકરણ :- ૬ ❑
# નખત્રાણા તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય

## ૬.૧ પ્રસ્તાવના :-

પશ્ચિમ કચ્છમાં આવેલો જેને અસલ ઝાડીવાળો પ્રદેશ કહ્યો છે, તેવો નખત્રાણા તાલુકો જેને કચ્છના બારડોલી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નખત્રાણા ૨૩.૨૦ અંશ ઉત્તર અક્ષાંશ અને ૬૯.૧૫ અંશ પૂર્વ રેખાંશ પર આવેલ છે. કહેવાય છે કે, સો વર્ષ પહેલાં આ તાલુકો અબડાસા તાલુકા સાથે સંકળાયેલો હતો. આજે આ તાલુકો ૧૩૨ (એકસો બત્રીસ) ગામોમાં વહેંચાયેલો છે. અહીં મુખ્યત્વે પાટીદાર કણબીઓ છે. તેનાં સિવાય બ્રાહ્મણ, વાણિયા, લોહાણા, રાજપૂત, ભાવસાર, મુસ્લિમ, અને હરિજનોની વસ્તીને મુખ્ય ગણાવી શકાય. આ તાલુકાના મહત્ત્વનાં મથકોમાં ધીણોધર જે સિદ્ધયોગી ધોરમનાથની તપોભૂમિ છે. ધીણોધરનો ડુંગર ૧૨૬૮ ફૂટ ઊંચો છે. અહીં ધોરમનાથની ત્રણ ફૂટ ઊંચી મૂર્તિ છે. એવી જ કરોલકાસમ પીરની જગ્યા પણ પ્રખ્યાત છે. હાજીપીરના રસ્તે આ જગ્યા એકાંત સ્થળે આવેલી છે. કાસમપીરની કબર પાંત્રીસ ફૂટ લાંબી છે, ખોંભડી જે મેકણદાદાનું જન્મસ્થળ, તથા લાખિયાર વીયરા આ બંને જગ્યાએ પુરાતત્ત્વની સમૃદ્ધિરૂપી પાળિયાઓ પણ આવેલા છે. આ ઉપરાંત, મોરગઢ, જખબૌતેરા, રોહા વગેરેને ગણાવી શકાય. આગળ જે પુરાતત્ત્વની સમૃદ્ધિની વાત કરી, તેવી સમૃદ્ધિ આ તાલુકાના ઘણાં ગામમાં દષ્ટિગોચર થાય છે. જેમકે, આ તાલુકાના દેશલપર પાસે હડ્ડપિયન સંસ્કૃતિના અને કદાચ એનાથી પણ પ્રાચીન સમયના અવશેષોમાં મળી આવ્યા છે. તેમજ દેશલપર પાસેની ધટુડ નદી પાસેથી કિલ્લાના અવશેષો, પથ્થરનાં હથિયારો અને માનવીય વસાહતોનાં તેમજ વહાણવટાનાં વિભિન્ન ચિહ્નો હાથ લાગ્યાં છે. તો આ તાલુકાના બિબ્બર ગામે પણ પોતાની ખૂબ પ્રાચીન સંસ્કૃતિને આજે પણ એવીને એવી જાળવી રાખી છે. શિલ્પસ્થાપત્યમાં અહીંનું શિવમંદિર અદ્‌ભુત છે. આ ગામની પ્રાચીન સેલોરવાવ, ઉપરાંત બીજી ત્રણ પ્રાચીન વાવ આવેલી છે. ગામની વચ્ચે લગભગ અઢીસો વર્ષ જૂનું રામમંદિર પણ આવેલ છે. તો આ તાલુકાના ભડલી ગામે આ ગામની ઉત્તરાદી સીમમાં શૌર્યગાથા ગાતો વીર પાચાજીનો પાળિયો એના બલિદાનની કથા આપતો ઊભો

છે, મંજલ ગામની ચારણની દીકરી ધનબાઈ પોતાનું બબ્બે જગ્યાએ સગપણ નક્કી થવાથી હવે પોતાનાં કુટુંબીજનો અને પોતાને કલંક લાગશે એમ વિચારી ભાવ ભકિતવાળી ધનબાઈ સતી થયાં, તેનો પાળિયો મંજલ ગામથી થોડે દૂર જોવા મળે છે. અહીં જોઈ શકાય છે કે, પાળિયાઓ કેવળ શૌર્યના પ્રતીકરૂપે જ અસ્તિત્વમાં આવ્યા હોય એવું નથી, પરંતુ એ જમાનો ટેક, નેક, સામાજિક બંધનો તેમજ આત્મગૌરવનો હોઈ, તે પ્રકારની વિભિન્ન બાબતોને કારણે પણ પાળિયાઓ અસ્તિત્વમાં આવ્યા હોવાનું જણાય છે. તો આ જ તાલુકાના ઢોરો, આયર, મિયાણી, લાખિયાર વિયરા, મોરઝર, ભડલી, જેવાં ગામોમાં પણ પાળિયા રૂપી સ્મૃતિચિહ્નો વેરાયેલાં પડયાં છે.

## ૬.૨ * પાચાજીનો પાળિયો :-

નખત્રાણા તાલુકામાં આવેલું ભડલી ગામ જે લગભગ ૨૦૦૦ (બેહજાર) કરતાં પણ વધુ વસતિ ધરાવે છે. આ ગામની ઉત્તરાદી સીમમાં શૌર્યગાથા ગાતો વીર પાચાજીનો પાળિયો ઊભો છે.

" અમદાવાદનો સૂબો બુલંદખાન પોતાના શાહી લશ્કર સાથે ભુજનગરી માથે ચડી આવ્યો. તે વખતે ભુજના મહારાવશ્રી દેશળજી હતા. કચ્છના નખત્રાણા તાલુકામાં આવેલ ભડલી ગામ તેમજ સામત્રા ગામના સર્વે હોથી જાડેજાઓ આ યુદ્ધમાં જોડાયા ત્યારે પાચાજી નામના એક જાડેજા પોતાના મોસાળ થરમાં ગયેલો. તેઓ પોતાના ગામ ભડલી પાછો ફર્યા ત્યારે પોતાના ભાયાતો ન કળાતા તેના વિશે પૂછપરછ કરી ત્યારે તેને જાણવા મળ્યું કે, બુલંદખાને ભુજ ઉપર ચઢાઈ કરી છે. આથી સર્વે રાજપૂતો તેની સાથે યુદ્ધ કરવા ત્યાં ગયા છે. આ વાતની જાણ થતાં પાચાજી મારતે ઘોડે ભુજ પહોંચ્યા. ભુજની બાજુમાં માધાપર ગામે છાવણીમાં દુશ્મનો પર મારો ચલાવ્યો. તેમાં કંઈક સૈનિકોને મોતને ઘાટ ઉતાર્યા. પોતે પણ ખૂબ જ ઘાયલ થયા. પેટ પર પોતાની પાઘડી વીંટી. આ દશ્ય જોઈને બુલંદખાન ભાગી ગયો. ત્યારબાદ ઘાયલ પાચાજી દેશળજી પાસે પહોંચ્યા. દેશળજીએ પાચાજીનાં વખાણ કર્યાં. પીઠ થાબડીને કહ્યું કે, ભડલીની ઉત્તરાદી સીમ જે રાજયની છે. તેમાં પાચાજી આપ જેટલો ઘોડો ફેરવો તેટલી જમીન તમારી. આ સાંભળી પાચાજીએ બાર સાંતીની જમીનમાં ઘોડો ફેરવ્યો. પણ પોતે ખૂબ ઘાયલ હોવાથી ઘોડા પરથી પડી ગયા અને વીરગતિ પામ્યા." [૧]

માહિતીદાતા પ્રતાપસિંહ વેરૂભા (વેજરાજજી) પોતે જાણતા હતા. તેવી આછેરી માહિતી આપી છે. માહિતીદાતાના કહેવા પ્રમાણે, "પાચાજીને કચ્છરાજ તરફથી કહેવામાં આવ્યું હતું કે, પાચાજી તમે ઘોડાથી જેટલો વિસ્તાર ફરો તેટલી જમીન તમારી અને પાચાજી ઘોડા પર અસવાર થઈને ફર્યા. તેટલો વિસ્તાર મહારાવે પાચાજીને આપેલો બાદ કચ્છરાજ પાસેથી મળેલ છે." (૨)

વીર પાચાજીનો પાળિયો ગામથી ઉત્તર તરફ જતાં સીમમાં ઊભો છે. ગરીબનાથની જગ્યાથી થોડે દૂર છે. વળી તે ખાંભી છે. લખાણ જોવા મળતું નથી. પરંતુ માહિતીદાતાના કહેવા પ્રમાણે તે પાચાજીની ખાંભી છે. જયારે પાચાજી સાથે તેના જે છ ભાયાતો વીરગતિ પામ્યા હતા તેના પાળિયા ગામથી દક્ષિણભાગમાં જખાઈવાડીમાં ઊભા છે. માહિતીદાતાના કહેવા પ્રમાણે તે જાડેજા હરઘોળજી, ખઅરાજી, દુદાજી, મલુજી, ગગજી, માંડણજીના છે. પરંતુ છ પાળિયામાંથી કયો પાળિયો કોનો છે તે ખબર પડતી નથી. કેમકે, આ છ પાળિયા એક મોટા સિમેન્ટના ઓટા ઉપર મૂકેલા છે. જેમાં જમણીબાજુથી પહેલો અને ચોથો પાળિયો ઊંચો છે. ચોથા પાળિયાની બાજુમાં આવેલ પાળિયો ઉપરથી તૂટી ગયો છે. આકૃતિ પણ દેખાતી નથી. છેલ્લે પાળિયો એટલે કે, છઠ્ઠો પાળિયો ઉપરથી નીચે સુધીમાં પોણો ભાગ તૂટી ગયો છે. માત્ર નાનો કટકો જ ઊભો છે. બીજા અને ત્રીજા નંબરના પાળિયાઓના લખાણવાળા ભાગ ઓટામાં ચણાયેલા છે. બાકીના ઊંચા પાળિયાનાં લખાણમાં મોટા લીસા ખાડા પડી ગયા છે. કે કાળના પ્રવાહે લુપ્ત કર્યા છે. જમણીબાજુના ચારેય પાળિયાઓની આકૃતિ દષ્ટિગોચર થાય છે. જેમાં ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની આકૃતિ સ્પષ્ટ થાય છે, નીચે ઘોડેસવારની પરંપરિત આકૃતિ પણ કળાય છે. જમણા હાથમાં તલવાર અને ડાબા હાથમાં લગામ તથા ઢાલ છે. છેલ્લા બંને પાળિયાઓ તૂટેલા છે. એટલે આકૃતિ પણ તેની સાથે નષ્ટ થયેલ છે.

ઓટાની પાછળના ભાગમાં હરિયાળી પાથરતાં લીલાં વૃક્ષો છે. બંને બાજુ થાંભલા પણ ઊભા છે.

* અત્રે એ નોંધવું રહ્યુ કે, માહિતીદાતા જે આછેરી માહિતી જાણે છે તેને લેખિત સામગ્રીમાંથી ટેકો મળી રહે છે.

## ૬.૩ * ધનબાઈનો પાળિયો :-

નેક–ટેક અને ખાનદાનીના એ જૂના જમાનામાં મરવું એ માણસો માટે

સામાન્ય બાબત ગણાતી. મરનારમાં પુરુષો જ હોય એવું નથી. સ્ત્રીઓ પણ કોઈના દ્વારા થયેલા અન્યાયને કારણે, પતિ, પુત્ર, પુત્રી, કે ભાણેજ, દોહિત્ર, વગેરેમાંથી કોઈ મૃત્યુ પામે તો ઘણી વખત તેની પાછળ સતી થતી. કયારેક લૂંટારાઓથી ગામને બચાવવા તો વળી કયારેક પોતાની ખાનદાનીને સાચવવા પણ મૃત્યુ વહોરીને સતી થતી. આવી સતીઓના પાળિયાઓ, છત્રડી (છતરડી) કચ્છનાં ઘણાં ગામમાં આજ પણ એવીને એવી ઊભી છે. આવી જ એક ધનબાઈ સતીની છતરડી નખત્રાણા તાલુકાના મંજલ ગામમાં જોવા મળે છે. તેની કથા નીચે મુજબ મળે છે.

" મંજલ ગામની બાજુમાં લખાડી ગામ છે. ત્યાંથી વસ્તાભાઈ, નાગદાન જેવા ચારણોએ લખાડીથી આવીને નવું ગામ વસાવ્યું તેનું નામ મંજલ રાખ્યું. અહીંના ચારણો પોઠનો ધંધો કરે. સમૃદ્ધિ પણ સારી એવી. કચ્છના ઈતિહાસ પ્રમાણે સંવત ૧૯૨૮ માં એના માલિક તરીકે જાડેજા જુજાજી હતા. ભુજની ગાદીના મૂળ પુઢષ સાહેબજીના કુંવર પચાણજીને મંજલ વગેરે ગામ ગરાસમાં મળેલાં. આ મંજલ ગામ મૂળ ચારણોનું. આ ગામમાં હજુ પણ ચારણોની વસતિ બહોળા પ્રમાણમાં છે. ચારણોમાં વેરપ, ભોજક, લાંબા, આલંઘા, અને બારી શાખાના ચારણો મુખ્ય છે. એક વખત ભોજક શાખાના એક ચારણ પોતાની પોઠો લઈને ચારવા, નેપાળ તરફ જવા નીકળતા હતા તે પહેલાં તે ચારણ પોતાના ઘરમાં આવ્યો અને ચારણીયાણીની વિદાય લીધી. એકની એક દીકરી ધનબાઈને પણ માથે હાથ ફેરવ્યો.

ચારણ્યે જતી વખતે ચારણને કહ્યુ કે, હવે આપણી ધનબાઈ મોટી થઈ ગઈ છે. એકાદ વરસ માંડ ખમશે. તમે દેશદેશાવરમાં ફરો છો. તો કોઈ ચારણ તમારી નજરમાં આવે તો દીકરીનું સગપણ કરતાં આવજો. ચારણે કહ્યું તું તારી રીતે મુરતિયો શોધતી રહેજે. હું મારી રીતે શોધીશ. એમ કહીને તે નીકળી ગયો પોતાના ધંધામાં લાગી ગયો. બીજી બાજુ ચારણ્યે તો દીકરી માટે ઘર–વરની તપાસ આદરી સાથે–સાથે તેના કરિયાવરની વસ્તુ પણ ઓરવા (ખરીદવા) લાગી. ભગવાનને કરવું કે તેના ભાણેજના ઘરમાં એક મૂરતિયો ધનબાઈ માટે મળી ગયો. ઘર–વર બધું જ સારું. ચારણ તેને કહીને ગયો હતો કે મારી રાહ જોયા વિના સારો છોકરો મળે તો કરી નાખજે. આથી ચારણ્યે ધનબાઈનું સગપણ કરી નાખ્યું. બીજી બાજુ પોઠ લઈ વળતા ચારણને પણ એક છોકરો નજરમાં વસી ગયો. સામેથી માગું આવ્યું પણ પોતે પત્નીને સગપણ કરવાનું કહેતો આવ્યો

છે. એટલે સગપણ કરતાં જીવ ચાલતો નથી. છોકરાવાળાએ આગ્રહ રાખ્યો કે એમાં શું ? તમારી દીકરીનું સગપણ થઈ ગયું હશે તો આપણે આ સગપણ ફોક રાખીશું. ચારણ તરત પોતાના વતન તરફ પાછો ફરતો હતો. પણ વેપારી જીવ એટલે વચ્ચે વેપાર કરતાં આવતાં–આવતાં ચાર–છ મહિના નીકળી ગયા. અહીં ચારણીયાણી તો લગ્નની બધી જ તૈયારીઓ કરીને પોતાના પતિની રાહ જોઈ રહી હતી. પતિ આવ્યો એટલે બધી વાત થઈ, ચારણે કહ્યું કે, મેં પણ છોકરો જોઈને નક્કી કર્યું છે. હવે શું થાય. સગપણ ફોક તો કરવું જ પડશે, પણ ગામના માણસો મહેણાં મારશે. ચારણ કહે વાંધો નહીં, ભલે થોડાં મહેણાં ખાવાં પડે. આ બાજુ આખું ગામ ધનબાઈનો બબ્બે સગપણની ચર્ચા કરવા લાગ્યું લોકો આડી–અવળી વાતો કરવા લાગ્યા. આ વાતની જાણ ધનબાઈને થતાં તેને ખૂબ જ માઠું લાગ્યું. હવે તો જીવન કપરું બની ગયું. પણ લગ્નને એક મહિનાની વાર હતી. ધનબાઈએ નક્કી કરી લીધું કે, માથે કલંક લઈને જીવી શકાય નહીં. તે હર્ષ–શોકથી પર માતાજીનું રટણ કરવા લાગી. માતાને થયું દીકરીએ મન મનાવી લીધું છે. ધનબાઈ તો તૈયાર થઈ પાણી ભરવા ચાલ્યાં. પાણી ભરી આવી સ્નાન કર્યું, નવાનકોર કપડાં પહેર્યાં, ધૂપદીપ કરી માતાજીને પગે લાગી. હળવેથી ઘરબહાર નીકળી ગઈ. ગામથી થોડે દૂર જઈ સાથે આણેલી કટાર ગળામાં પરોવી દઈને ત્યાં જ ઢળી પડી. બીજી બાજુ ધનબાઈ ઘેર પાછી ન વળતાં ઘરનાંઓએ તપાસ આદરી તો ગામથી થોડે દૂર લોહી નીકળતી હાલતમાં ધનબાઈની લાશ મળી. કાળી ચૌદશનાં કાળાં અંધારાં ગામને ઘેરી વળ્યાં. ધનબાઈની પાછળ તેનાં માતા–પિતાએ છતરડી ઊભી કરી, તેમાં પાળિયાનું સ્થાપન કર્યું. આજે પણ મંજલ ગામને પાદરે તેની છતરડી ઊભી છે." (૩)

* નાગજીભાઈ ભટ્ટીએ આ પાળિયા નીચેના લખાણને ઉકેલવા પ્રયત્ન કર્યો છે, નાગજીભાઈને નીચે મુજબનું લખાણ ઉકલ્યું છે.

(૧) શ્રી ગણેશાય નમ : । સંવત ૧૮

(૨) ૩૯ નો આસુ વો ૧૮ ...........

(૩) ........ બઈ સતી થિયા છે. (૪) ....... કેસરીઆણી દીકરી

(૫) મોછક ....... (૬) સતી થીયા છે તેની દેરી સ

(૭) ... વત ૧૮૯૪ ના વૈશાખ સુદ....

(૮) ..... શરણ કધી છે. ॥ " (૪)

મંજલ ગામમાં ધનબાઈની છતરડી ઊભી છે. જેની આકૃતિ પરંપરિત છે. નાગજીભાઈ ભટ્ટીએ જે પ્રમાણમાં લખાણ ઉકેલ્યું છે તેટલા પ્રમાણમાં મને લખાણ ઉકલ્યું નથી. જે લખાણ ઉકલ્યું છે તે નીચે મુજબ છે.

શ્રી ગણેશા × નમ સવત ૧ ×
૩૯ નો આસ × ૬ × ×
× × વ × સતી થયા છે
કેસરઆ × × ૨ × ×
મોછક × ×
સતી × × છ × × દરી ×
× × ત × × ૯ ૪ ની વસા× સુ×
× × × × સ કઘી છ

ઉપર મુજબનું લખાણ મળે છે. આ સિવાયની બીજી વધારાની માહિતી હાલ પૂરતી મળી નથી.

## ૬.૪ * વાનુમાનો પાળિયો (મોરઝર) :–

કચ્છધરાના ગામેગામ જેમ શૂરાઓના પાળિયાઓ આવેલા છે તેમ સતીઓના પાળિયા પણ કચ્છપ્રદેશમાં છવાયેલા છે. અહીં રાજપૂત અને ચારણ સતીઓના પાળિયાઓ સવિશેષ જોવા મળે છે. જેમાં કેટલીક ચારણ સતીઓ દેવી કે જગદંબા તરીકે પૂજાય છે. આવા જ એક દેવી તરીકે પૂજાતા સતી વાનુમાનો પાળિયો મોરઝરમાં આવેલો છે. તેના વિશે માહિતીદાતા મોરારદાન ગઢવીના મુખેથી કથા સાંભળેલી છે. તે નીચે મુજબ છે.

"કચ્છની ઉત્તરે મોટા રણમાં આવેલ ખડીરબેટના વાવડી ગામે ખોડીદાનજી ઝીબા અને માતાજી પુરબાઈના કૂખે જન્મેલ ભગવતી શ્રી વાનુમા પણ જગદંબા સ્વરૂપે પૂજાય છે.

શ્રી વાનુમાનાં લગ્ન નખત્રાણા તાલુકાના મોરઝર ગામના મેકરણ સુરતાણિયા સાથે થયેલ. આઈશ્રીને જન્મથી જ શુભારંભ મળેલ અને ઊજળા ભાગ્ય સાથે આઈ પોતાના સાસરિયામાં મોરઝર પધારેલાં. આઈશ્રીના પુનિત પગલાંને કારણે

મોરઝરના ચારણોને ઘેર સુખ–સમૃદ્ધિ, સંપત્તિ વધવા લાગ્યાં.

પતિના સ્વર્ગવાસ પછી આઈ બધું ધ્યાન ભકિતમય ગાળવા લાગ્યાં. વિક્રમ સંવત ૧૭૭૨ માં આઈની અને ચારણોની મર્યાદા ગણાતી એક ઘટના મોરઝરમાં બની. ચારણોનું બહોળું પશુધન જાડેજા લૂંટારાઓ વાળી ગયા. આઈમા માટે સંકટની ઘડી આવી. ઘટના મોટા રકતપાત લડાઈમાં ફેરવાઈ જશે એવું લાગ્યું ત્યારે આ રકતપાત અટકાવવા આઈ ચારણ પરંપરા પ્રમાણે લૂંટારાઓના ગામે સ્વયં પધારી તેમને માલઢોર પાછા વાળી દેવા માટે સમજાવ્યા પણ મતિહીનો સમજયાં નહીં. એટલે ઘરનાના વિરોધમાં ભગવતીએ આત્મ સમર્પણ કરવાનું નક્કી કર્યું. આઈએ પોતાનાં થાનેલાંઓ કાપી જાડેજા લૂંટારાઓ પર લોહી છાંટયું અને કહ્યું કે, ચારણ ધેનુના દૂધ પીવા કેટલા અઘરા છે તે જોજો. (અસી દૂધ કૂરો, લોહી પણ પી ગીના) દૂધ તો શું અમે તો લોહી પણ પી જશું. રાજપૂતોએ આવું કહેલું. તેના આવા જવાબથી જ માતાએ કહેલું કે, તમારે લોહી જ પીવું છે ને ? એમ કહીને આઈએ તેનાં થાનેલાં (સ્તન) કાપી નાખ્યાં હતાં. તેમની અંતિમ ઈચ્છા મુજબ મોરઝરની પ׀િમે આવેલ ટેકરી પર આઈ અગ્નિદેવને ખોળે બેસી સતી થયાં. આ ઘટના સંવત ૧૭૭૨ વૈશાખ સુદ – ૧૩ ને ગુરુવારની છે.

ચૈત્ર સુદ – ૯ (રામનવમી) આઈની જાતર ઉજવાય છે.

ગાયોના રક્ષણ માટે આઈએ પોતાના દેહનું બલિદાન આપ્યું. તે દિવસથી મોરઝરના ચારણો અને ચારણેતર કોમ આજ સુધી લોરિયા ગામનું પાણી પીતા નથી.

વાનુમાના પુત્રી પાંબા સતીએ પણ આ પ્રસંગમાં તેમની સાથે જ અગ્નિસ્નાન કર્યું છે.

* આઈશ્રી વાનુમાના બહેન વરજુબાઈ પણ સાંગવારી આઈના નામે પૂજાય છે. વાગડ સહિતનો સમગ્ર કચ્છમાં આઈને માનનારો મોટો વર્ગ છે. ખડીરના રત્નાપર ગામ પાસે વાવડી ગામના ભગ્ન ટીંબા પાસે આઈનું સ્થાનક આવેલું છે. પોતાના ભાઈ લાંગાની હત્યા કરનાર સિંઘલ રાજપૂતો સામે આઈએ ચારણોની આનબાન સાચવવા આત્મબલિદાન આપ્યું એટલે સાંગાની સાંગવારી નામે આઈ પ્રસિદ્ધ છે. ભાદરવા મહિનામાં ત્યાં મેળો ભરાય છે." [૫]

મોરઝરમાં ચારણોની વસ્તી વધારે છે. ગામની મધ્યમાં એક ઊંચી ટેકરી પર એક મંદિરમાં સતીઓનાં સ્થાનક આવેલાં છે. જેમાં પ્રથમ પાળિયો પ્રેમા સતીનો છે,

બીજો પાળિયો વાનુમા સતીનો છ, ત્રીજો પાળિયો વાનુમાના દીકરી પાંબા સતીનો છે, ચોથો પાળિયો આઈશ્રી કામલ સતીનો છે, પાંચમો પાળિયો આંબા સતીનો છે, છઠ્ઠો પાળિયો તેનાં પાછળના ભાગમાં દેખાય છે.

સતીમાના મંદિરના પગથિયાની સામે જ પ્રાથમિક શાળા છે. તેમજ પાછળના ભાગમાં પણ રસ્તો છે. મંદિરના પ્રાગણમાં શૂરાપૂરાના ચાર પાળિયાઓ એક હારમાં બાજુબાજુમાં છે. આ પાળિયાઓ નીચે લખાણ મળતું નથી, ઉપરની આકૃતિમાં સૂર્ય–ચંદ્રનાં પ્રતીક છે. ઘોડેસવારે એક હાથમાં તલવાર રાખી છે અને બીજો હાથ આશીર્વાદની મુદ્રામાં છે. વળી ઘોડાના મુખ ઉત્તર દિશાને બદલે દક્ષિણ દિશામાં છે.

* ઉપરોકત સતીઓના જે પાળિયા બેસાડેલા છે. (પ્રતિષ્ઠા કરી છે.) તે પાળિયાઓની ઉપર તેનો નામોલ્લેખ કરતી તક્તી લગાવેલી છે. પાળિયાઓમાં બીજા નંબરનો પાળિયો વાનુમા સતીનો છે. તેની તક્તી ઉપર નીચે મુજબનું લખાણ જોવામળે છે.

શ્રી સરતાણીયા મેકણ ભાખરાણાના
ઘરવાળા.
જીબી વાનુમાસતી –
સંવત ૧૭૭૨ ના વૈશાખ સુદ – ૧૩ ને ગુઢવાર.
ગામ : મોરઝર મધ્યે સતી થયાં છે

પાળિયા ઉપર ત્રણ હાર પહેરાવેલ છે. પાળિયા ઉપર કામળી ઢાંકી છે. પાળિયાની આકૃતિ પરંપરિત છે. આકૃતિના ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની આકૃતિ કંડારેલી છે, સતીનો જમણો હાથ કોણીએથી વળેલો છે. પાળિયાની બાજુમાં પૂજા–વિધિની સામગ્રી પડેલી દેખાય છે. પાળિયાની ઉપર દીવાલ પર તેના નામની તક્તી લગાવેલી છે.

**૬.૫ * પાંબા સતીનો પાળિયો :-**

"આ પાળિયા વાનુમાના દીકરી જેને વાનુમાની સાથે જ અગ્નિસ્નાન કર્યું તે પાંબા સતીનો છે." [૯] પાંબા સતીના પાળિયાની ઉપર લગાવેલી તક્તી ઉપર નીચે મુજબનું લખાણ વાંચવા મળે છે.

શ્રી વાનુમા સતીના દીકરી
પાંબા સતી

સંવત ૧૭૭૨ ના વૈશાખ સુદ – ૧૩ ને

ગુઢવારના

ગામ મોરઝર મધ્યે સતી થયાં છે.

આ પાળિયાની આકૃતિ પણ પરંપરિત છે. પાળિયાના ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની આકૃતિ દેખાય છે, નીચે સતીનો જમણો હાથ કોણીએથી વળેલો છે. પાળિયાની બાજુમાં પૂજાની થોડી સામગ્રી દેખાય છે, પાળિયા ઉપર કાળી કામળી ઓઢાડેલી છે.

*** વાનુમા સતી વિશે :–**

ડૉ. અંબાદાન રોહડિયાના ' સાહિત્યાભિમુખ ' (૭) નામના પુસ્તકમાં મોરઝરમાં વાનુઆઈ સતી થયાની વિગત મળે છે. આ વિગતથી વાનુઆઈના ઊજળા ઈતિહાસને ટેકો મળી રહે છે.

**૬.૬ * પ્રેમાસતીનો પાળિયો :–**

આગળ જણાવ્યું તે મુજબ મોરઝરની સતીઆઈઓનાં સ્થાનકોમાં પ્રથમ પ્રેમાસતીનું સ્થાનક છે. તેની કથા નીચે મુજબ છે.

"સંવત ૧૭૨૭ મૂળ ગામ રોહા જાગીરનું હતું. સંવત ૧૭૪૬ માં પચાણજી સાહેબાણીએ આ ગામ મોરઝરના જગાજી સુરતાણિયાને આપેલું. એમાં થયું એવું કે, આ ચારણો મહેનત કરતા એટલે દાણોપાણીએ સારા હતા. ખેતીની પેદાશો વધવા લાગી જેથી ચારણો સમૃદ્ધ થવા લાગ્યા. કોઈકે કહ્યું કે, આના પર તમે થોડો વેરો નાખો. હકીકતમાં ચારણો પર કોઈ જાતનો વેરો (ટેક્ષ) હોતો નથી. આખા ભારતવર્ષમાં આવો નિયમ હતો. જેથી ગઢવીઓએ આ વાતનો વિરોધ કર્યો. તેવામાં ગામમાં બે લગ્ન આવ્યાં. એ બધા જુવાનો અને ગામલોકો ગામમાં હાજર ન હતા. માત્ર વૃદ્ધો જ ગામમાં હાજર હતા. જગાજી સુરતાણિયા, વજેસંગ સુરતાણિયા, ભાખરજી, અવેડસિંહ સુરતાણિયા જે વજેસંગના પુત્ર હતા. જુવાન એવા આ એક જ ગામમાં હાજર હતો, એ સમય દરમિયાન રોહા ઠાકોર બિમાર હતા. તેથી તેમને મળવાનું શકય નહતું. રોહા જાગીરના દીવાન સાહેબાણી હતો. એમને ખબર પડી કે, આગડે મધમાખી વિના મોરઝરના ચારણોને

પાઠ ભણાવવાનો સારો મોકો છે. તેમણે મોરઝર પર ચઢાઈ કરી. ગામમાં તો જુવાન પુરૂષોમાં તો કોઈ હાજર ન હતો. જેની વિગત ઉપરોકત જોવા મળે છે. આ ચારે જણામાં ત્રણ તો વૃદ્ધો હતા. સો (૧૦૦) ની આસપાસના મહાભારતના યુદ્ધમાં જેવી રીતે ભીષ્મપિતામહે પણ જેવું યુદ્ધ ખેલીને પરાક્રમ બતાવ્યું હતું. તેવું પરાક્રમ ખેલીને આ વૃદ્ધોએ પરાક્રમ બતાવ્યું અને ગામ માટે કામ આવ્યા. આ વૃદ્ધોમાં ભાખરજી સુરતાણિયાના પત્ની પ્રેમા સતી તેમની પાછળ સતી થયેલ છે." (૮) પૂજય પ્રેમા સતીની જગ્યા મોરઝર ગામની ઊંચી ટેકરી પર આગળ જણાવ્યું તેમ જોવા મળે છે. આ બધી સતીઓના પાળિયાઓમાં પ્રથમ પાળિયો પ્રેમા સતીનો જોવા મળે છે.

પ્રેમાસતીના પાળિયાની ઉપર પણ તેનો નામોલ્લેખ કરતી તક્તી કરેલી છે જેમાં નીચે મુજબનું લખાણ વંચાય છે.

શ્રી સુરતાણીયા ભાખરથી ઠાકરણીના
ઘરવાળા.
માતાજી શ્રી પ્રેમાસતી
સંવત ૧૭૨૭ ના વૈશાખ વદ ૧૧ ના
સતી થયાં છે.

અહીં પાળિયાની આકૃતિ પરંપરિત છે. વાનુમા અને તેમનાં દીકરી પાંબાસતીના પાળિયા જેવી જ આકૃતિ જોવા મળે છે. પાળિયાના ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન દેખાય છે. વચ્ચે કોણીએથી વાળેલો સતીનો જમણો હાથ છે.

### ૬.૭ * આંબાસતીનો પાળિયો :-

"કચ્છના વિરાણી ગામમાં આંબાસતીનો ગરાસ આવેલો. ત્યાં ભાગ બાબતે તકરાર થતાં ત્યાંના સોઢા રાજપૂતોએ આંબાસતીના પુત્ર ઉમરદાનનું ખૂન કર્યું. એટલે પોતાના પુત્ર ઉમરદાન પાછળ આઈશ્રી સતી થયેલ છે." (૯)

આંબાસતીનું સ્થાનક પણ ટેકરી પર આવેલું છે. પાંચમા નંબરનો પાળિયો આંબા સતીનો છે. જે પાળિયા ઉપર લગાવેલી તક્તીના લખાણ ઉપરથી ખ્યાલ આવે છે કે પાળિયો આંબાસતીનો છે. તક્તીમાં નીચે મુજબનું લખાણ વાંચવા મળે છે.

શ્રી સોરતાણીયા ગોપાલ મહેરા
અજાણીના ધર્મપત્ની
સિંહયાયચણ ચાંદાસધૂ આંબાસતી
પુત્ર ઉમરદાન પાછળ સતી થયા
છે. સં. ૧૮૭૨ ના ફાગણ સુદ – ૪ ને
ગુરૂવાર પ્રહર પાછલે ઘરેઉ
વિક્રમાજિત

અહીં પણ આગળના પાળિયાઓની માફક પરંપરિત આકૃતિઓ છે. ઉપર આકૃતિમાં સૂર્ય–ચંદ્રની નિશાની નીચેની આકૃતિમાં સતીના ખોળામાં નાનું બાળક છે. તેમજ જમણીબાજુએ ત્રિશૂલ છે.

### ૬.૮ * જીવાસતીનો પાળિયો :–

પારકાના કલ્યાણ માટે આત્મબલિદાન આપવું એવી ભાવના મધ્યકાળમાં ખાસ કરીને અમુક જ્ઞાતિમાં જોવા મળતી. જેમ રાજપૂતો બહેન–દીકરીની રક્ષા કાજે, ગાયની વહારે ચડીને વીરગતિ પામતા તે જ રીતે તે યુગમાં માનવ અને માનવેતરના કલ્યાણ અર્થે પોતાની જાતની આહુતિ આપનાર ઘણાં ચારણ–ચારણ્યોના કિસ્સા કચ્છની ભૂમિમાં જોવા મળે છે. આવો જ એક કિસ્સો નખત્રાણા તાલુકાના લાખિયારવીયરા ગામનાં ચારણીયાણી સતીનો છે.

"રાપર તાલુકાના જાટાવાડા ગામના મહિયા શાખાના ચારણ દિતાજીને ત્યાં જીવાસતીનો જન્મ થયો હતો. આઈશ્રીના માતૃશ્રીનું નામ રૂપાબાઈ હતું. જે કરસનભાઈ પેથાભાઈ મહેકનાં પુત્રી હતાં. આઈનો સમયકાળ વિ.સ. ૧૬૪૦ થી વિક્રમ સંવત ૧૭૧૧ સુધીનો છે.

વિ.સં. ૧૨૦૩ માં સિંધના નગરસમૈથી જામ લાખો જયારે કચ્છમાં આવ્યા ત્યારે તેઓએ પ્રથમ રાઓ પુંઅરાના પદ્ધરગઢ પાસે મેલાણ કર્યું પણ તે જગ્યા તેમને શાપિત જણાતાં તેઓએ છ એક મહિના પછી હાલના લાખિયારવીરા છે એ જગ્યાએ આવ્યા. ત્યાં એ વખતે રબારી લોકોની વાંઢો હતી અને તેમને જત લોકોનો ત્રાસ હતો. એટલે એ રબારીઓએ જતોના ત્રાસથી રક્ષણ મેળવવા લાખાને પોતાના સરદાર તરીકે

સ્થાપ્યો. લાખાએ ત્યાં એક ગામ વસાવ્યું અને પાણી માટે એક મોટો વીયરો ખોદાવ્યો. તેના ભાઈ લાખિયારને પુત્ર ન હોવાથી તેમની સ્મૃતિને કાયમ રાખવા આ ગામનું નામ લાખીયારના નામ પરથી લાખિયારવીરા પાડયું. આ વાતને ટેકો આપતો કચ્છી દોહો પણ મળે છે. જે નીચે મુજબ છે.

**" છ મેણા પદ્ધરગઢ લાખે રાજ કેઓ**
**પોય વસાયો વિયરો તિત નેઢુ થઈ રેઓ "**

લાખિયારવીરાને રાજધાની બનાવી લાખો ધીમે–ધીમે પોતાની સત્તા કચ્છમાં ફેલાવતો ગયો અને ઘણા લાંબા સમય સુધી લાખિયારવીરા કચ્છની રાજધાની–પાટનગર તરીકેનું માન–દરજજો ભોગવતું રહ્યું.

આ લાખિયારવીરા ગામ વિ.સં. ૧૬૬૨ માં કચ્છના રાવ ભારમલ્લજીએ શામળ જગાજી (જેતમાલજી) લાખાણીને દાનમાં આપ્યું હતું. ત્યારથી ત્યાં શામળ શાખાના ચારણો (રોહડિયાની પેટાશાખા) વસવાટ કરે છે.

આઈશ્રી જીવામાનાં લગ્ન લાખિયારવીરાના ઉપર જણાવેલ જગાજી લાખાણીના પુત્ર લાલોજી શામળ સાથે થયાં હતાં. લાલોજી શામળનાં આ બીજાં લગ્ન હતાં, અને તે લગ્ન દ્વારા તેમને એક દીપાબાઈ નામે પુત્રી રત્ન થયાં હતાં.

લાલોજી શામળનાં પ્રથમ લગ્ન મોરઝરના સુરતાણિયા ઠાકરશી ગોવિંદજીનાં પુત્રી હિમાબાઈ સાથે થયાં હતાં. એ લગ્નથી એમને (૧) જશરાજ (૨) માનોજી (૩) પરબતજી નામ ત્રણ પુત્રો તેમજ (૧) ભોજબાઈ (૨) રતનબાઈ અને (૩) લાડુબાઈ નામે ત્રણ પુત્રીઓ થયેલ.

શામળ ચારણો કચ્છરાજમાં હતા ત્યારે રાવ અને ચારણોના સંબંધો સારા હતા, પણ કચ્છના મહારાવ ખેંગારજી (બીજા) એ મારવાડથી આવેલ એક ચારણકવિ ગોપાલ ગઢવીને પોતાના રાજકવિ બનાવ્યા અને આ ગોપાલ ગઢવી રાજના ખૂબ માનીતા અને ખાસ માણસ બની ગયા. આ ગોપાલ ગઢવીએ પોતાની પુત્રીના સંબંધ માટે લાખિયારવીરાના ગઢવી પાસે માંગું નાખ્યું. પણ તેમાં લાખિયારવીરાના ચારણોએ ઈન્કાર કરી દેતાં તેમના સંબંધોમાં ખટાશ આવી અને તેઓ એકબીજાને પોતાના દુશ્મન ગણવા લાગ્યા. મારવાડના ગોપાલ ગઢવીએ રા'ના કાન ભંભેરી, રાજ તરફથી મળતી ભેટ સોગાદો બંધ કરાવી અને ગામ લાખિયારવીરાના ચારણો અને તેમના વચ્ચે અણબનાવ

વધવા લાગ્યો. વળી, તે દરમિયાન લાલાજીના પ્રથમ લગ્નથી થયેલ પુત્ર જશરાજનું ખૂન થયું. લાખિયારવીરાના ગઢવીઓને લાગ્યું કે, આ ખૂન પાછળ ગોપાલ ગઢવીનો હાથ છે. આમ, વેરાગ્નિ પ્રજવલિત થયો. આઈશ્રી જીવામાના પતિ લાલોજી શામળ સ્વર્ગવાસી થઈ ગયા હતા. વળી, તેમના પુત્ર જશરાજનું પણ અકાળ મૃત્યુ થયું હતું. એટલે આઈનું મન સંસારમાંથી ઊડી ગયું અને તેઓશ્રી લાખિયારવીરા છોડી પોતાની પુત્રી સાથે જીંદાપર ગામે રહેવા લાગ્યા અને ત્યાં રહીને ભકિતમય જીવન ગાળવા લાગ્યા. આવા ભકિતમય વાતાવરણને કારણે દીપાબાઈ પણ સંસારમાં લગ્ન સંબંધમાં પડવાની ના પાડી. સંસારના સુખોથી અળગા થઈ અખંડ બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું.

વિ.સં. ૧૭૧૧ ની ચૈત્રની નવરાત્રિ સામે રા' ખેંગાર રાજયના કોઈ કામ સંબંધે પોતાના રસાલા સાથે માતાના મઢ ગયેલા તેમની સાથે રસાલામાં રાજકવિ ગોપાલ ગઢવી પણ હતા ત્યાં રાત્રિ રોકાણ દરમિયાન ગોપાલ ગઢવીનું ખૂન થયું. પણ આ બનાવ માતાનામઢમાં જ બન્યો હશે એવું માહિતીદાતાનું અનુમાન છે. ચૈત્રસુદ આઠમ આસપાસ રાઓની અવમાન થતી લાગી. તેમણે પહેલેથી જ લાખિયારવીરાના ગઢવીઓ સાથેની વાતની ખબર હતી. તેથી લાખિયારવીરાને તોપોથી ઉડાડી દેવા માટે લશ્કર મોકલ્યું.

સમજદાર માણસોએ સમજાવ્યા પણ મહારાઓ સમજયા નહીં. નેત્રા ગામે એક કાપડી સંતે પણ તેલિયો ડગલો પહેરીને પોતાના દેહનું બલિદાન આપ્યું છતાં રાઓ પોતાની પ્રતિજ્ઞામાં અડગ રહ્યા. લાખિયારવીરાના ચારણો આઈને શરણે ગયા તેમનાં પુત્રી દ્વારા સમજાવ્યાં. તેથી આઈએ રા'ને સમજાવ્યા પણ રા'ઓ માન્યા નહીં. એટલે આઈએ ચિતા તૈયાર રાખવા કહ્યું, બે ચિતા તૈયાર કરી. આખું ગામ ત્યાં જમા થયું. વિ.સં. ૧૭૧૧ ચૈત્ર સુદ ૧૫ ના દિવસે આઈ સતી થયાં." [૧૦]

"કચ્છ કલાધર"–ભાગ:૨ માં પણ જીવાંબાઈની કથા મળે છે. એ મુજબ "ખેંગારજી સાહિત્યપ્રેમી હતા.દાનવીર પણ હતા દૂરદૂરના કવિઓ તેમનું નામ સાંભળીને આવતા.એકવાર મારવાડનો મારુ ચારણ બાવા પાસે આવ્યો અને બાવાને સરસ રૂપક સંભળાવ્યા. ખેંગારજી ખુશ થઈ ગયા તેમણે કવિને કચ્છમાં રાખી લીધા અને ઝિંઝવાડા ગામ આપ્યું. આ ચારણને ત્રણ દીકરી હતી.મોટી દીકરી માટે લાખિયારવીરાના ચારણ જશા લાખાણીએ માંગું નાખ્યું,પણ ગોપાલ માંગણીનો અસ્વીકાર કર્યો એટલે લાખિયારવીરાના તમામ ચારણોએ મળીને ઠરાવ કર્યો કે, ગોપાલની દીકરીઓ માટે

કોઈએ માંગું નાખવું જ નહીં.

કચ્છી ચારણોના અસહકારથીગોપાલની દીકરીઓ મોટી થઈ ગઈ છતાં તેમનું કંઈ ઠેકાણું પડયું નહીં.આથી ગોપાલ મૂંઝાણો તેણે પોતાની મૂંઝાણો રા'બાવા પાસે રજૂ કરી અને પાછા પોતાના પ્રદેશમાં જવાની આજ્ઞા માંગી.બાવાને કહ્યુ તમે તમારો રસ્તો કરી લ્યો મારી મદદની જરૂર પડશેતો હું આપીશ.આ આપણો હમણા ચડી ગયો છે." (૧૧)

અહીં એ નોંધવુ રહ્યુ કે,માહિતીદાતા કહે છે કે ગોપાલ લાખિયારવીરાના ચારણો પાસે પોતાની મોટી દીકરી માટે માંગું નાખ્યું હતું પણ લાખિયારવીરાના ચારણો ના પાડી દીધી એટલે બંને વચ્ચે કડવાશ પેદા થઈ.

જ્યારે કચ્છ કલાધર ભાગઃરમાં નોંધ મળે છે કે, લાખિયારવીરાના ચારણ જસરાજે ગોપાલ પાસે માંગુ નાખ્યું હતું અને અભિમાની ગોપાલે તેની ના પાડી હતી એટલે બંને પક્ષ વચ્ચે ઝધડાઓ થયાં હતા જેનાં પરિણામે ગોપાલનું ખૂન અને જસરાજનું ખૂન અંદરો અંદર થયું હતું અને છેવટે જીવામાને ચિતાએ ચડવું પડયું હતું,

મંદિરમાં જીવામા સતીનો પાળિયો જોવા મળે છે. પાળિયાની આકૃતિ પરંપરિત છે. પાળિયા ઉપર કાળી કમળી ઓઢાડેલી છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રના નિશાન જોવા મળે છે. વચ્ચેની આકૃતિમાં સતીનો જમણો હાથ કોણીએથી વળેલો છે. ખૂબજ સિંદૂર ચોપડેલું છે, નીચે લખાણવાળો ભાગ થોડોક જ છે. તે પણ ઘસાઈ ગયો છે, તેના પર સિંદૂર ભરી દીધું છે. એટલે લખાણ વાંચી શકાતું નથી. (કાળક્રમે અક્ષરો લુપ્ત થયા છે.) પાળિયાની આગળ પૂજાની સામગ્રી રાખવામાં આવે છે. અહીં શ્રીફળ પણ માનવામાં આવે છે.

* જે માહિતી માહિતીદાતા આપે છે તે જ માહિતી કચ્છ દર્શન પુસ્તકમાં જોવા મળે છે. એ મુજબ– આ તરફ જીવાબાઈ ચિતાએ ચડયા અને રાવને પણ કેમ્પમાં આખા દિવસનો નકરડો ઉપવાસ, વળી ક્રોધાવેશમાં ઉશ્કેરાયેલા હતા. જયારે સતી ચિતાએ ચડયા બરાબર એ જ સમયે તંબૂમાં તેઓ પણ અતિ ઉશ્કેરાટથી હૃદય બંધ થઈ જતાં ઢળી પડયા. છાવણીમાં સન્નાટો છવાઈ ગયો અને બધી કાર્યવાહી બંધ થઈ ગઈ." (૧૨)

* અહીં એ નોંધવું રહ્યું કે, રા'ઓના ક્રોધ અને ઉશ્કેરાટને લીધે હૃદય બંધ પડી ગયું હોય તે વાત સ્વીકારી શકાય તેવી છે. સમડીવાળી વાત દંતકથા બનતી હોય તેવું

લાગે છે.

### ૬.૯ * ઘાવડા (નાના) નો પાળિયો :-

નાના ઘાવડા ગામ પણ પાળિયા માટે પ્રસિદ્ધ છે. આ ગામમાં જાડેજા દરબારોના સિતેર (૭૦) જેટલાં ઘર છે. આ ગામની વસતિ અંદાજિત પાંચ હજાર (૫૦૦૦) ઉપરની છે. આ ગામમાં સોનબાઈનો પાળિયો આવેલો છે. જે દોઢસો (૧૫૦) વર્ષ પહેલાંની વાત કહી જાય છે.

"દાદુજીનાં ઘરવાળા (પત્ની) સોનબાઈ. આ સોનબાઈનો પૌત્ર રામશરણ થયો. આથી સોનબાઈ સતીને થયું આ કેમ બને ? અને એમના દિલને ઊંડો આઘાત લાગ્યો. ત્યારપછી સોનબાઈએ ગામવાસીઓને ભેગા કર્યા અને ગામના લોકોને કહ્યું કે, ઉપરવાળાએ અન્યાય કર્યો છે. તો આ અન્યાય સામે હું લડીશ, મારા પૌત્રને લેવા માટે હું જાઉં છું.

બીજા દિવસે તેમણે પોતાના પગનો ચુલો બનાવ્યો અને તેના પર ખીર રાંધી અને ગામના લોકોને પ્રસાદ આપ્યો. તેમાં વળી કોઈએ કહ્યું કે, આ ચુડેલ છે. જેણે માને ચુડેલ કહ્યાં તેને તથા બીજાઓને માતાએ જણાવ્યું તમે મારી સેવા કરવા આવજો. ત્યારે લોકોએ કહ્યું અમે તમારી સેવા શા માટે કરીએ ? રોજ એક એક કોરી મળે તો સેવા કરીએ, એટલે માતાએ કહ્યું હા, તમને રોજ એક એક કોરી મળે તો જ સેવા કરજો. આથી રોજ સવારે બધાની ખાંડણીમાં એક એક કોરી આવી જતી. એટલે માતાની સેવા ચાલુ થઈ.

* સોનબાઈના પતિની પણ આછેરી કથા મળે છે. "એક વખત જત લોકો ગામની ગાયોને વાળી ગયા. આથી સોનબાઈના પતિ દાદુજી ગાયોની વારે થયા. તે ધીંગાણામાં તેનું મસ્તક કપાઈ ગયું પરંતુ માથા વગરનું ધડ લડયું હતું. એવી કથા મળે છે." (૧૩)

શૂરા અને સતીના પાળિયા બાજુ–બાજુમાં છે. આ બંને પાળિયાની ઉપર છતર બનાવેલું છે. લોખંડના સળિયાનો દરવાજો બનાવેલો છે. બંને પાળિયાથી નીચેના ભાગમાં પૂજાની સામગ્રી પડેલી છે. તે દર્શાવે છે કે અહીં રોજ શૂરા–સતીની પૂજા થતી હશે. શૂરાના પાળિયા ઉપર હાર પહેરાવેલો છે. જયારે સતીના પાળિયા ઉપર હાર તો છે

જ. સાથે–સાથે પાળિયા ઉપર ફૂલ પણ જોવાં મળ્યાં. બંને પાળિયાની દીવાલ એકબીજાને અડે છે. ત્યાં વચ્ચેના ભાગમાં એક ઊભું ત્રિશૂલ છે, ત્રિશૂલને પણ લાલ ચૂંદડી ઓઢાડી છે. શૂરા દાદુજીના પાળિયામાં ઘોડેસવારની આકૃતિ છે, ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન જોવા મળે છે. જયારે સતીના પાળિયામાં ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની આકૃતિ કંડારેલી છે. વચ્ચેની સતીની આકૃતિમાં સ્ત્રીના ખોળામાં બાળક છે.

* તેનાં (સોનબાઈના) બારોટ મોડજી ભટ્ટ છે.

* આ રીતે સતી સોનબાઈ અને દાદુજી આજે પણ પાળિયા સ્વરૂપે પૂજાય છે.

* સોનબાઈની કે દાદુજીની માહિતી અન્ય કોઈ જગ્યાએથી અત્યારે ઉપલબ્ધ થઈ નથી. તથા લખાણવાળા નીચેનો ભાગ ઘસાયેલો છે. તેમાં પણ સિંદૂર ભરેલું છે. તેથી વંચાતું નથી.

## ૬.૧૦ * સતી તથા શૂરાનો પાળિયો :–

કચ્છના ગામેગામના પાદરમાં જ પાળિયાઓ પથરાયેલા છે એવું નથી, પરંતુ આ ભૂમિની એક એક જગ્યા જેમ કે, નદી કિનારે, વડલા હેઠે, તળાવની પાળે, સ્મશાનમાં, ખંડેરમાં, સીમ–શેઢે એમ દરેક જગ્યાને પાળિયાઓએ પાવન કરી છે. તેવો પાળિયો મંજલગામથી દેવપર ગામ જતાં રસ્તામાં વાડી આવે છે, ત્યાં જમણીબાજુએ વાડીમાં બે પાળિયાઓ આવેલા છે. એક સતીનો પાળિયો અને એક શૂરાનો પાળિયો. જેમાં તેના પાળિયાની ઉપરના ભાગમાં જ તક્તી લગાવેલી છે. જેમાં ઉપરોકત સતી અને શૂરા કઈ રીતે મૃત્યુ પામ્યા તેની વિગત જાણવા મળે છે.

* સતીના પાળિયાની તક્તી પર નીચે મુજબનું લખાણ મળે છે.

ગામ લાખાડીના ચારણ ગઢવી સાંગાભાઈ સેડાના સુપુત્રી બાં.બ્ર. સતી કમઈબેન વિ.સં. ૧૫૯૦ માં જામ જાડેજા હોથી ખેંગારજી નોંઘણજી મોટી તુંબડીવાળા સાથે ધર્મનાં બ્હેન (બહેન) તરીકે સતી થયાં ત્યારે તેમના પિતાશ્રી સાંગાભાઈ ગઢવીને જામની પદવી આપવામાં આવી. પૂ. સતી માતાજીની છતરડી અને પાળિયાનો જીર્ણોદ્ધાર જામ કરમશી ભીમશી તથા જાડેજા હોથી ખીંયરાજીના વંશ વારસદારોના સહયોગથી મોટી તુંબડી જાડેજા હોથી માધુભા ખેતાજી માજી પ્રમુખ મુન્દ્રા તાલુકા પંચાયત તથા ટીલાટ જાડેજા ભુરૂભા દેવાજી મોટા બંદરા, મોટી તુંબડી, મોમાય માતાજીના ભુવા હોથી

રાણુભા હકુભાના પુઢષાર્થે તાઃ– ૧૦/૧૨/૨૦૦૦ ના શુભ દિને થયેલ છે.

* સતીમાના પાળિયાની બાજુમાં શૂરાનો પાળિયો છે. તેની તક્તી પર નીચે મુજબનું લખાણ વંચાય છે.

ગામ : મોટી તુંબડીના જામ જાડેજા હોથી શ્રી ખીયરાજી નોંઘણજી વિ.સં. ૧૫૯૦ મહાસુદ – ૫ ને મંગળવારના શ્રી પુંઅરે✓ર મહાદેવ પર કમળપૂજા કરીને વીરગતિ પામેલ છે. તેમના જૂના પાળિયાનો જીર્ણોદ્ધાર તથા છતરડીનું બાંધકામ વિ.સં. ૨૦૫૭ ને માગસર સુદ – ૧૪ ના રવિવાર તાઃ– ૧૦/૧૨/૨૦૦૦ ના શુભ દિને કરવામાં આવ્યું છે. દાદાશ્રી ખીંયરાજી નોંઘણજી પરિવારના ગામ મોટી તુંબડી, મોટા બંદરા, નાના બંદરા, નાની તુંબડી, જાંબુડી, નરેડી તથા પૂડિયા આ સાત ગામોના ભાયાતોના સહયોગ અને રૂબરૂ હાજરીમાં મોટી તુંબડીના જાડેજા હોથી માધુભા ખેતાજી મુન્દ્રા તાલુકા પંચાયતના માજી પ્રમુખના વરદ હસ્તે પુન : નિર્માણ થયેલ છે. આ પ્રસંગે હાજર રહેલા અતિથિ વિશેષો નીચે મુજબ છે.

(૧) શ્રી પુંઅરે✓ર મહાદેવ મંદિરના ગાદીપતિ શ્રી શંકરગીરીજી મહારાજા.

(૨) શ્રી સંત પ્રેમનાથજી કપિલમુનિ આશ્રમ – કેરા.

(૩) હોથી જાડેજાના ભટ્ટ શ્રી જખુભાઈ લધુભાઈ. ભુજપુર.

(૪) ગુંસાઈ લક્ષ્મણગિરિ ગોપાલગિરિ હબાય માતાજીના પૂજારી.

(૫) માતંગ શ્રી રાજાભાઈ જખુભાઈ – મોટી તુંબડી.

* ઉપરોકત "ખીંયરાજીદાદાની કમળપૂજાની વિગત તથા કામઈસતીની વિગત જખુભાઈ લધુભાઈ ભટ્ટના ચોપડે જોવા મળે છે." [૧૪]

ઉપરોકત શૂરા અને સતીના સંયુકત પાળિયા ઉપર દહેરું બાંધવામાં આવ્યું છે. મંદિરની આજુબાજુ લીલીછમ વાડીની ધરતી કળાય છે. મંદિરનો ડાબી બાજુનો પાળિયો સતીનો અને જમણી બાજુનો પાળિયો શૂરાનો છે. ઉભય પાળિયાની બંને બાજુએ મોટી–મોટી સતી–શૂરાનો નામોલ્લેખ કરતી તક્તીઓ લગાવેલી છે.

પાળિયા નીચેનું મૂળ લખાણ કાળક્રમે નાશ પામ્યું છે. છતાં ઘસાયેલા લખાણની જગ્યાએ શૂરાના પાળિયા નીચે સિંદૂરથી મોટા અક્ષરે જાડેજા એવું લખ્યું છે, જયારે સતીના પાળિયા નીચેના ઘસાયેલા લખાણની જગ્યાએ સિંદૂરથી સતી એવું લખેલું દેખાય છે અને પાળિયાઓની આકૃતિ પરંપરિત છે.

શૂરાની આકૃતિમાં ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન છે, નીચેની આકૃતિ ઘોડેસવારની છે, ઘોડાનું મુખ ઉત્તરમાં દેખાય છે. જયારે સતીના પાળિયાની ઉપરની આકૃતિ સૂર્ય–ચંદ્રની નિશાનીવાળી છે, વચ્ચેની આકૃતિમાં એક સ્ત્રી ઊભી છે, જેના ડાબા હાથમાં કમંડલ અને જમણા હાથમાં માળા છે, શૂરાના પાળિયા ઉપર પાઘડી બાંધવાનો પ્રયત્ન થયો હોય તેમ કપડું વીંટીને રાખ્યું છે. નીચેના ભાગમાં થોડી પૂજાની વસ્તુઓ દેખાય છે. મંદિરના થાંભલા તથા ઉપરનો ઘુમ્મટ રંગીન છે.

ઉપરોકત પાળિયાની બીજી જગ્યાએથી માહિતી મળવા પામી નથી.

* અત્રે એ નોંધવાનું કે, ખીંયરાજીએ કમળપૂજા કરી હોવા છતાં તેનો પાળિયો મસ્તકવાળો જોવા મળે છે.

* જો કે, તકતી ઉપરથી જાણવા મળે છે, કે જાડેજા ખીંયરાજીએ કમળપૂજા કરી હતી ત્યારે તેનાં ધર્મનાં બહેન થયેલાં કમળબહેને ધર્મના ભાઈની પાછળ આત્મસમર્પણ કરેલું.

## ૬.૧૧ * ખોંભડી ગામના પાળિયા :–

ખોંભડીમાં જન્મીને ધ્રંગમાં ધૂણી ધખાવનાર મેકણદાદાનું ગામ ખોંભડી જે દાદાના ગામ તરીકે પ્રખ્યાત તો છે જ,સાથે–સાથે આ ગામમાં ઊભેલી પાળિયાઓ પરની છતરડીઓ પણ પોતાનો અનેરો ઈતિહાસ સાચવીને બેઠી છે. જેમાં જેમલજીના પાળિયા વિશે પ્રાપ્ત માહિતી મુજબ જોઈએ તો–

ખોંભડી ગામમાં ભુવને✓ર મહાદેવ ધર્મગિરિ આશ્રમમાં પાળિયાઓ છે. તેમાં ડાબી બાજુની છતરડીનો પ્રથમ પાળિયો જેમલજીનો છે. પાળિયા નીચે થોડું લખાણ ઉકલે છે –

× × × × × × × ×
× × × × × જાડેજા જેમલજી ×× શ્રી
× × ×

ઉપરોકત પાળિયા નીચે માત્ર તેનો નામોલ્લેખ જ વંચાય છે. બાકીના અક્ષરો ઘસાઈ ગયા છે. વળી લખાણ માટેની જગ્યા થોડીક જ દેખાય છે, પાળિયાનો નીચેનો થોડો ભાગ જમીનમાં છે, છતરડીની અંદર લાદી નખાવેલી છે. આકૃતિ પરંપરિત છે. ઉપરની આકૃતિમાં સૂર્ય–ચંદ્રની નિશાનીઓ દષ્ટિગોચર થાય છે. નીચે ઘોડેસવારના

એક હાથમાં ઢાલ અને ઘોડાની લગામ છે. બીજા હાથમાં તલવાર છે, ઘોડાનું મુખ સામાન્ય રીતે નિયમ મુજબ ઉત્તરદિશામાં છે. પાળિયાની ટોચ ઉપર ફૂલ ચડાવવામાં આવે છે. ધૂપ–દીપ થાય છે, પાળિયાને હાર પહેરાવેલા છે.

* ઉપરોકત પાળિયા વિષયક માહિતીદાતા પાસેથી જે આછેરી વિગત મળે છે. તે નીચે દર્શાવી છે.

* માહિતીદાતાના કહેવા પ્રમાણે "આ જેમલજી દાદા ગાયોની પાછળ શૂરા થયા છે. આ વાત છે ફતેહમહમદના સમયની એટલે કે, સં. ૧૮૦૬ આસપાસની. આ દાદાએ ભુજ પર ચઢાઈ કરવાનો પ્રયત્ન કર્યો હતો. આથી ઉશ્કેરાયેલાં જમાદારે ખોંભડી ગામની ગાયો વાળી, આ ગાયોના વહારે જેમલજી ચડયા તેમાં કામ આવી ગયા." [૧૫]

* માહિતીદાતા તો જમાદાર ફતેહમહમદનો ઉલ્લેખ કરે છે. પરંતુ પાળિયા નીચેના લખાણની અધૂરી વિગતને લીધે અનુમાન કરી શકાય નહીં.

**નોંધઃ–** જેમલજીના બારોટ પ્રવીણદાનભાઈ પાસેથી જેમલજીની વંશાવલી તથા કથા નીચે મુજબ પ્રાપ્ત થાય છે.

* **ખોંભડી : જેમલજી નારણજી**
* **વંશાવલી.**

જેમલજી વિશે પ્રવીણભાઈ બારોટના ચોપડે નીચેની વિગત પ્રાપ્ત થાય છે : "ઠાકોર નારણજીના દીકરા : સાંગોજી, જેમલજી, ખાનજી, મૂળવોજી, તમાચીજી ઉર્ફે બાવુભા : ગામ : ખોંભડી મોટી : નારણજીના સૂત જેમલજી સંવત ૧૭૭૮ માં સતા થયેલ છે : જેમલજી ભેગા ચાર કામ આવ્યા છે : ગોવિંદો વજીર, જગાજી સોઢા, સૂઝો, નાગજી સુમરો ડુંગરની પાછળ યુદ્ધ થયું તેમાં કામ આવ્યા છે." [૧૬]

* **કથા :–**

ઉપરોકત માહિતી ઉપરાંત બારોટજી પાસેથી જેમલજી વિશેની નીચેની વિગત પણ પ્રાપ્ત થઈ છે, "ત્યારે દેશળજીનું રાજય હતું. ઠા. નારણજીના દીકરાઓ સાંગોજી, જેમલજી, ખાનજી, મૂળવોજી, તમાચીજી (બાવુભા) ખોંભડી ગામમાં રહેતા હતા. તેમના સાથીદારો ગોવિંદો વજીર, જગાજી સોઢા વગેરે એવા જ ઉદાર અને ઘોડા

પણ એવા જ !

એક દિવસ જેમલજી સભા ભરીને બેઠા હતા. (તેઓ પ્રજાને પણ પુત્ર જેવી ગણતા) એવામાં એવું બન્યું કે, પાનેલીના સકીલધા નામના શેઠને રાજય સાથે કંઈક વાંધો પડયો, તેથી રાજયનો હુકમ થયો કે, અત્યારે જ તમે ભુજ ખાલી કરીને જતા રહો, ત્યારે શેઠે બધી બાજુ નજર ફેરવી શેઠને કોઈએ સહકાર ન આપ્યો. આ વાતની જાણ જેમલજીને થતાં શેઠને બોલાવી આશરો આપ્યો. દેશળજીને આ વાતની જાણ થતાં તેને મોટા લશ્કરને મોકલીને જણાવ્યું કે ખોંભડીને ફૂંકી મારો, ત્યારે નાગ્રેચાના દરબારો બોલ્યા કે, બાપુ ! ખોંભડી એકલું નથી તેના ભેગાં બાવન (૫૨) ગામો છે. દેશળજીનું લશ્કર પાછું વળી ગયું, પરંતુ વેરને કારણે પાછળથી તેનો માલ વાળવા કુનરિયા સાહેબ કાળોજી લશ્કર લઈને ખોંભડી ગયા ત્યારે જેમલજી તેના સાથીદારો સાથે દુશ્મનો પર ચડી ગયા. આ યુદ્ધમાં ગોવિંદો વજીર કામ આવી ગયો. તેની ખબર જેમલજીને ન પડી ત્યાર પછી ઘાયલ થયેલા જેમલજી ગાયો વાળીને ઘરે આવ્યા ત્યારે તેણે ગોવિંદા વિશે પૂછયું ત્યારે કોઈકે જેમલજીને ગોવિંદાની વાત કરી ત્યારે જેમલજી પોતે ઘાયલ હોવા છતાં ફરીથી કુનરિયાના દરબાર પર ચઢી ગયા અને દરબારને મારીને પોતે મર્યા." (૧૭)

* અહીં માહિતીદાતાએ ફતેહમહમદનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ ફતેહમહમદ અને જેમલજીની સંવત મળતી નથી, વળી પાળિયા નીચે વાંચી શકાતું નથી. પરંતુ જેમલજીના બારોટજી પાસેથી સંવત વંશાવલી વગેરે પ્રાપ્ત થાય છે, માટે તે સ્વીકારવી રહી.

## ૬.૧૨ * આનંદકુંવરબા તથા બાવુભા (તમાચીજી) ના પાળિયા :-

ખોંભડી ગામમાં બીજા નંબરની મોટી દહેરી જે છે તેમાં બે પાળિયાઓની પ્રતિષ્ઠા કરેલી છે. એક પાળિયો સતીનો અને બીજો પાળિયો શૂરાનો. બંને પાળિયાઓની આકૃતિ સારી રીતે (સ્પષ્ટ રીતે) જોઈ શકાય છે. લખાણવાળો ભાગ અંદર છે.

અહીં બાજુનો પાળિયો સતી આનંદકુંવરબાનો છે. પાળિયા ઉપર ચૂંદડી ઓઢાડેલી છે. પાળિયાની ટોચે ફૂલ મૂકવામાં આવે છે, પાળિયાને હાર પહેરાવેલો છે.

પાળિયાની નજીકમાં સામે કંકુવાળી થાળી, તેમાં દીવો જોવા મળે છે. બાજુમાં ફૂલ મૂકવામાં આવે છે. આકૃતિમાં ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન છે. જેમાં ચંદ્રનું નિશાન ચૂંદડી આઠે (ઓઠે) આવી જાય છે. વચ્ચેની આકૃતિમાં સ્ત્રી ઊભી છે. જેના ડાબા હાથમાં કમંડલ અને જમણા હાથમાં માળા છે. છતરડીઓ કલાત્મક અને રંગીન છે. છતરડીઓની આજુબાજુ અનેક વૃક્ષો ઊભાં છે. આનંદકુંવરબા તથા તમાચીજીના પાળિયા નીચેનું લખાણ જમીનમાં છે.

બાવુભા એટલે કે, તમાચીજી નારણજીનો સાંયરામાં ગરાસ હતો. ત્યાંથી સતી ચાલીને અહીં સુધી આવ્યાં હતાં. સતીમાનું પિયર બકરાણા હતું. તમાચીજીને બીજા પત્ની પણ હતાં. તેમનું નામ દુર્ગાબા હતું. તે જમાનામાં જાડેજાઓએ શરૂ કરેલ દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ સમગ્ર રાજપૂત સમાજમાં ચાલતો હતો. વાઘેલી સતી આનંદકુંવરબા આ પ્રથાના ખાસ વિરોધી હતાં. આ સતીએ પોતાની પુત્રીને દૂધપીતી કરવાની ના પાડી. એટલે ઘરમાં મત–મતાંતરો અને ઝઘડાઓ થવા લાગ્યાં. આથી આનંદકુંવરબા સતી થયાં." (૧૮)

## * આનંદકુંવરબા :–

આનંદકુંવરબાની જે માહિતી માહિતીદાતા પ્રતાપસિંહ પાસેથી મળે છે. તેનાં કરતાં જુદા પ્રકારની કથા આનંદકુંવરબાના બારોટજી પ્રવીણભાઈ પાસેથી પ્રાપ્ત થઈ છે. બારોટજીના કહેવા પ્રમાણે તમાચીજીનો ગરાસ સાયરામાં હતો, "ત્યાં તમાચીજીના અણમાનીતા રાણી આનંદકુંવરબા એકલાં રહેતાં હતાં. એક વખત યુદ્ધમાં તેના પતિ તમાચીજી (બાવુભા) ખૂબ ઘાયલ થયા આ વાતની જાણ આનંદકુંવરબાને થતાં તેઓ પતિ પાસે જવા રવાના થયા. તમાચીજી પોતાની રાણીને નફરત કરતા હોવાથી તેણે ગઢ ના દરવાજા બંધ કરાવી દીધા. પરંતુ આ રાણી સતી હોવાથી દરવાજાને હાથ અડતા જ દરવાજો ખુલી ગયો, રાણી અંદર ગયા તો તેના પતિએ મોઢું ફેરવી લીધું. પરંતુ પતિના મૃત્યુ પછી આનંદકુંવરબા સતી થવા તૈયાર થયા ત્યારે તમાચીજીના માનીતા નાનાં રાણીએ આનંદકુંવરબાને કહ્યું કે બહેન તમે છેટાં છો હું નજીક છું માટે મારે સતી થવું જોઈએ ત્યારે આનંદકુંવરે તેને કપડું આપ્યું ત્યારે ઝાલીમા તેના પર સતી થયાં, એ પહેલાં સ્મશાને જતી વેળાએ રસ્તામાં ત્રણ હરિજન સ્ત્રીઓએ આજીજી કરી ત્યારે ઝાલીમાએ

કાપડાની કાશ (કાપડાની પાછળ બાંધવાની દોરી) આપી. તેના પર પેલી હરિજન સ્ત્રીઓ સતી થઈ." (૧૯)

* **બારોટજીના ચોપડે નીચે મુજબ વંશાવલી મળે છે.**

"કલજી પથજી હળવદનાં દીકરી : બાપુભાનાં રાણી ઝાલી દુર્ગાબા. ભીમજી રાયજી બુહુનાં કુંવરી આનંદકુંવરબા સતી થયાં છે. સંવત ૧૭૫૩ માગસર વદ – ૪ મંગળવાર." (૨૦)

*** ત્રીજી દહેરીના પાળિયા :–**

અહીંનો એક પાળિયો ઝાલીમાનો છે. બાજુમાં શૂરાપૂરા ખાનજી–નારણજી જાડેજાનો પાળિયો છે. ઝાલીમાં એટલે તેજકુંવરબા, પિયર મોઢવાણા, તા. લીંબડી.

દહેરામાં શૂરા અને સતીના પાળિયા બાજુ–બાજુમાં છે. બંનેના પાળિયાને હાર પહેરાવ્યા છે. સતીને ચૂંદડી ઓઢાડી છે. આકૃતિ પરંપરિત છે. દહેરું રંગીન છે.

પાળિયા નીચેનો લખાણવાળો ભાગ જમીનમાં છે, માત્ર આકૃતિવાળો ભાગ જ જમીન ઉપર છે. વળી, તક્તી લગાવેલી નથી.

## ૬.૧૩ * મોકાસતાનો પાળિયો (ખારડિયા) :–

### * ખારડિયાનો ઈતિહાસ :–

"સિદ્ધયોગી ધોરમનાથની ક્રોધાયમાન આંખોએ (દૃષ્ટિએ) ઘુઘવતા સમુદ્રની જગ્યાએ વેરાન જમીન બનાવી દીધી. વર્ષો વીત્યાં પછી અસ્તિત્વમાં આવ્યું કચ્છનું રણ. ત્યારપછીના કાળે તે જગ્યાએ વૃક્ષસૃષ્ટિ આણી તેની પાછળ આપોઆપ ફરીથી જીવસૃષ્ટિ અસ્તિત્વમાં આવી. એ ઘાસમાં ઘેટાં–બકરાં ચરવા લાગ્યાં. ગાયો ચારનારાને ગોવાળ કહેવાય, ભેંસો ચારનારાને મૈયર જેવા નામથી નવાજી શકાય. તેજ રીતે ઘેટાં અને બકરાં ચારનારને ' પોવાર ' જેવા નામથી ઓળખી શકાય. આ રીતે અહીં ઘણાં ઘેટાં–બકરાં ચારવાવાળા આવી પડયાં પછીથી તો તે આખો પ્રદેશ ' પોવારપટ્ટી 'જેવા નામથી

અને પાછળથી પાવરપટ્ટી જેવા નામથી ઓળખાવા લાગ્યો. ધનજી ભાનુશાલીએ નોંધ્યું છે. – "નદીની પૂર્વ બાજુએ નવું ગામ અસ્તિત્વમાં આવ્યું અને પછી 'ખાર–દીયા' (ખાર આપ્યું) નું અપભ્રંશ થતાં ખારડિયા થયું હોય તેમ જણાય છે."(૨૧)

ધોરમનાથના પટ્ટણ સો દટ્ટણના શાપ પછી અને ૧૮૧૯ માં એક મોટો ધરતીકંપ થયો હોય અને આ ધરતીકંપમાં ખારડિયા નાશ પામ્યું હોય એવું બને. એટલે નદી કિનારેથી ઉત્તરદિશામાં એકાદ કિલોમીટર ઉપર અત્યારનું નવું ખારડિયા વસાવવામાં આવ્યું છે. આ ખારડિયા પાસે બિબ્બર ગામ આવેલું છે. આ ખારડિયામાં મોકા સતાની જગ્યા પ્રખ્યાત છે. તેની આછેરી કથા લેખિત સ્વરૂપમાં પ્રાપ્ત થઈ છે.

ધનજી ભાનુશાલીએ નોંધ્યું છે, "મોકાસતાના પાળિયાનો સમાવેશ સાગવાનના પાળિયામાં થાય છે. પોતાને વહાલામાં વહાલા ભાણેજ, ભત્રીજા કે દોહિત્રના મૃત્યુનો ઘા સહન નહીં કરી શકનારા દાદા–દાદી કે નાના–નાની પોતાની જાન આપી દે તેને સાગવનના પાળિયા કહેવામાં આવે છે. મોકાજી પણ પૌત્ર પાછળ સતા થયા છે. કચ્છમાં ત્રણ બારઈ થઈ છે. બારઈ એટલે જેમાં બાર (૧૨) જણાએ જીવતાં સમાધિ લીધી હોય તે. દાદા મેકરણ અને બીજા અગિયાર જણાએ ધ્રંગ મુકામે જીવતા સમાધિ લીધી હતી. તે પહેલી બારઈ, બીજી બારઈ લખપત તાલુકાના ગુનેરી ગામમાં આવેલ પીર પુનરાજીનીને હવે ત્રીજી બારઈ મોકાસતાની બારઈ. અહીં પણ મોકાસતા સિવાય બીજા અગિયાર જણાએ જીવતાં સમાધિ લીધી હતી. જેમાં લીલબાઈ ભદ્રા નામની એક બાઈને બીજો મગા હરિજનનો સમાવેશ થાય છે. ગુરુ મોકાજીએ પોતાની શિષ્યા લીલબાઈને વેળાસર સમાચાર ન મોકલ્યા. તેની રીસમાં લીલબાઈએ બાર વામ છેટે પોતે સમાધિ લીધી છે.

સંવત ૧૮૪૮ ના અષાઢ સુદ – ૨ ના (અષાઢી બીજે) મોકાસતા સહિત ૧૨ જણાએ અહીં જીવતે સમાધિ લીધી છે. તેઓના નામ (૧) મોકાસતા પોતે (૨) હકોજી (૩) જીવણજી (૪) સતોજી (૫) દેશરજી (૬) કરમનજી (૭) રખિયો મગો ભગત (૮) લીલબાઈ ભદ્રા (૯) સુરાજી (૧૦) રૂપાબાઈ (૧૧) પત્તોજી અને (૧૨) પરબતજી." (૨૨)

મોકાસતાની દહેરી ઊભી કરવામાં આવી છે. જેમાં ત્રિકોણાકારનો મોટો પથ્થરો ઊભો રાખવામાં આવ્યો છે. જેમાં ઉપર સિંદૂર લગાવેલું છે. આકૃતિ કે લખાણ જોવા મળતું નથી. અહીં રોજ ધૂપ–દીપ કરવામાં આવે છે.

મોકાસતાના બારોટજી પ્રવીણદાન પાસેથી મોકાસતાની વંશાવલી પ્રાપ્ત થઈ છે. જે નીચે મુજબ છે.

**મોકાસતાની વંશાવલી**

"મોકાસતાની વંશાવલી તેના બારોટજીના ચોપડામાં આ મુજબ છે.

પબાજી
।
રવાજી
।
દેશળજી
।
વિજયરાજજી
।
મૂળવાજી
।
આશાજી
।
। ।
મોકાજી ધનોજી

અત્યારે બારોટજીના કહેવા પ્રમાણે મોકાજીની પેઢી ખતમ થઈ ગઈ છે. તથા તેના કાકાની પેઢીમાં પણ કોઈ નથી." (૨૩)

### ૬.૧૪ * ભોજરાજજી રત્નુનો પાળિયો (મોરઝર) :–

વટ, વચન અને વેરના એ જમાનામાં મોતથી ડરી જઈને ભાગવાની કોઈ વાત જ ન હતી. લૂંટારુંઓ કે લશ્કર ગામ ઉપર ચડી આવતું ત્યારે નાત–જાતના ભેદભાવ વગર આખું ગામ ધીંગાણામાં જોડાતું એટલું જ નહીં પરંતુ ગામમાં જો કોઈ મહેમાન આવ્યા હોય ત્યારે લૂંટારુંઓ ગાયોને વાળવા કે ગામ ભાંગવા આવ્યા હોય તો મહેમાનો

પણ ગ્રામજનો સાથે જોડાતા. મોરઝરમાં આવા જ એક ખમીરવંતા મહેમાન આવ્યા હતા અને ચારણો સાથે ત્રાગામાં જોડાયા હતા. તેમની આછેરી કથા માહિતીદાતા પાસેથી મળે છે. જે નીચે મુજબ છે.

માહિતીદાતાના કહેવા પ્રમાણે "ભોજરાજજી રત્નુ આકરીના હતા અને મોરઝરના ભાણેજ થતા હતા. એક વખત ભોજરાજજી મોરઝર ગામમાં આંટો દેવા આવ્યા ત્યારે મોરઝર ગામ રોહા જાગીરમાં હતું. ચારણો ઉપરાંત રાવળો પણ આ ગામમાં રહેતા હતા. હવે મોરઝરના રાવળો સાથે રોહા જાગીરને મતભેદ થતાં રોહા જાગીરે કહ્યું કે, ગામમાંથી રાવળોને કાઢો. આથી ચારણોએ તેનો વિરોધ કર્યો અને જાગીરદારને કહ્યું કે, રાવળો આ ગામમાંથી નહીં જાય. જાગીરદાર પોતાની વાત ઉપર અટલ રહ્યો. આથી ચારણોએ ત્રાગું કર્યું. તેમાં આ ગામના ભાણેજ પણ જોડાયા. તેમણે પણ ચારણો સાથે પોતાના ગળામાં કટાર પરોવી દીધી. આથી, ભાણેજ ભોજરાજજી પણ શૂરા થયા. જેની ખાંભી આ ગામમાં ઊભી છે." [૨૪]

## ૬.૧૫ * કમાસતીનો પાળિયો (મોરઝર) :-

મોરઝર ગામમાં ઊંચી ટેકરી પર સતીઓનાં સ્થાનકો આવેલાં છે. તેમાં ડાબી બાજુથી છઠ્ઠા નંબરનો પાળિયો કમાસતીનો જોવા મળે છે. આ પાળિયાની કથા મળતી નથી પરંતુ પાળિયાની ઉપરના ભાગની દીવાલ પર તક્તી લગાવેલી છે. તેમાં ઉપરોકત પાળિયાનો નામોલ્લેખ મળે છે. જે નીચે મુજબ છે.

શ્રી માતાજી કમાબાઈ તે બ્રહ્મક્ષત્રિય
ખીમજી ખટાઉના ઘરવાલા સંવત
૧૭૭૮ ના શ્રાવણ વદ ૮ ના રોજ
તેમના પુત્ર પાછળ સતી થયાં છે.

પાળિયાની આકૃતિમાં ઉપરની નિશાનીમાં સૂર્ય–ચંદ્રની આકૃતિ કંડારાયેલી છે. વચ્ચેની આકૃતિમાં સતીનો હાથ તથા તેની બાજુમાં એક નાનું બાળક ઊભું છે. વધુ કથા મળતી નથી. પાળિયા ઉપર કાળી ધાબળી ઓઢાડેલી છે અને એ કાળી ધાબળી પર લાલ ચૂંદડી ઓઢાડેલી છે. નીચેનું લખાણ એકદમ ઘસાઈ ગયું છે. તેમાં મંદિરની અંદર ટાઈલ્સ લાદી છે. લખાણની તક્તીની ઉપર મોતીઓનું બનાવેલું તોરણ

લગાડવામાં આવ્યું છે.

### ૬.૧૬ * ચાવડકાના પાળિયા :-

#### * નેણબાઈ સતીનો પાળિયો :-

ચાવડકા ગામનું તોરણ સં. ૧૬૧૩ માગસર સુદ – ૫ ના દિવસે આશાજીએ બંધાવેલ છે. આ ગામમાં જાડેજા દરબારો, હરિજન, બાવાજી, બ્રાહ્મણો વગેરે જ્ઞાતિ રહે છે. આ ગામમાં પણ શૂરા–સતીઓના પાળિયાઓએ સ્વ ઈતિહાસ જાળવી રાખ્યો છે. ચાવડકાની સીમ વિસ્તારમાં તરફ ઓટા પર નેણબાઈ સતીનો પાળિયો ઊભો છે. જો કે, એક જ પાળિયામાં શૂરા અને સતીની આકૃતિ કંડારેલી છે, પાળિયો જૂનો છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની આકૃતિ દેખાય છે. તથા સૂર્ય–ચંદ્રની વચ્ચે સાથિયાની આકૃતિ કંડારેલી છે. નીચે વચ્ચેની આકૃતિમાં ઘોડેસવારના ડાબા હાથમાં ઘોડાની લગામ છે. જમણા હાથમાં તલવાર છે. તેમજ ઘોડાનું મુખ ઉત્તરદિશામાં છે.

જયારે ઘોડેસવારની પાછળ એક સ્ત્રી જમણા હાથમાં તલવાર લઈને ઊભી છે. આકૃતિ નીચેનું લખાણ ઘસાઈ ગયું છે, છતાં પણ થોડું લખાણ ઉકેલવા પ્રયત્ન કર્યો છે. જે નીચે મુજબ છે.

। શ્રી । ૧૬૫૦ વરષે × × × ×<br>
× જા ડ જા શ્રી વેગ × × × ×<br>
લા રા વ ણ<br>
સોઢી ષેણ<br>
સતી.

માહિતીદાતા પાસેથી નેણબાઈ વિશે વિશેષ માહિતી મળતી છે. નેણબાઈના પતિ ગાયો વાળવા માટે ગયેલા ત્યાં કામ આવી ગયા. નેણબાઈ તેની પાછળ સતી થયાં છે." (૨૫)

જયારે બારોટજી પ્રવીણદાન પાસેથી નેણબાઈની વંશાવલી નીચે મુજબ મળી છે. બારોટજી ચોપડે સંવત ૧૬૫૦ નો ઉલ્લેખ છે. પાળિયામાં પણ કંઈક એવી જ સંવત વંચાય છે.

નેણબાઈ સતી તથા તેના પતિ વિશે માહિતીદાતા રામસંગજી પાસેથી

આછેરી કથા પ્રાપ્ત થાય છે. જયારે નેણબાઈ સતીના બારોટજી પાસેથી આ મુજબ માહિતી પ્રાપ્ત થઈ છે :

"હાજાજી સુરતાલજીના દીકરી નેણબાઈ સંવત ૧૬૫૦ મહાસુદ – ૫ સોમવારના પતિ ભારમલજી પાછળ સતી થયા છે. અહીં બારોટજીનાં ચોપડામાં સંવત ૧૬૫૦ નો સમય મળે છે." [૨૬] જયારે અમારી રૂબરૂ મુલાકાત દરમિયાન નેણબાઈ સતી તથા તેના પતિના સંયુકત પાળિયામાં જે આછેરી વિગત વંચાય છે તેમાં સંવત ૧૬૫૦ જેવું વંચાય છે, બારોટજીના ચોપડામાં પણ સંવત ૧૬૫૦ મળે છે.

* આ જ ગામમાં દાતાની જગ્યા પર ઘણા પાળિયાઓ છે, જે પડી ગયેલા છે. ગામથી દક્ષિણે આ જગ્યા છે. તેમાં એક નીચે પડેલો પાળિયો છે. તેમાં નીચે મુજબનું લખાણ ઉકેલાય છે.

સવત ૧૮૧૯ વરષ મા
ઘ સર સુદ ૧૧ વિ ગારજ
મા જર સત બાણ રે ણ
ખે ત્ર જા રા માણ રા ફા ળ શ્રી
ગો ડ જા ને કામ આવ
ત્ર તા છે. ।।

## ૬.૧૭ * નાની અરલનો પાળિયો :-

"નખત્રાણા તાલુકાથી ૧૩ (તેર) કિલોમીટર અંદર આવેલ નાની અરલ ગામમાં આ પાળિયો છે. અજરિયા વાસમાં આ પાળિયો ઊભો છે. પહેલા આ જગ્યાએ વાડી હતી. તેમાં પ્લોટ પાડીને લોકો રહે છે. તેમાં ખાસ કરીને આહિર, મુસલમાનોની વસતિ છે. દરબારોનાં પચાસ (૫૦) ઘર છે. આ ઉપરાંત બ્રાહ્મણ, હરિજન, રબારી, બાવાજી વગેરેની વસતિ ગામમાં વસવાટ કરે છે." [૨૭]

* પાળિયા નીચેનું લખાણ વંચાતું નથી. પરંતુ બે–ત્રણ શબ્દો દેખાય છે. જે નીચે મુજબ છે.

સંવત ૧૮૧૯ × ×
× × × સુદ × ×

× × × × × ગુ × ×

× × શી ઉ રા ઝુ ર ×

× × × × ×

આકૃતિ પરંપરિત છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની નિશાની જોવા મળે છે અને ઘોડેસવારના હાથમાં તલવાર લગામ છે.

## ૬.૧૮ * બિબ્બર ગામના પાળિયા :–

' પાવરપટ્ટી ' ના વિસ્તારમાં આવેલ બિબ્બર ગામ પણ પાળિયાઓ સાચવીને બેઠું છે. ગામના તળાવની પાળ ઉપર શંકરભગવાનનું મંદિર છે. પાળના પાછળ ના ભાગમાં ૮ (આઠ) પાળિયાઓ છે. જે ઝારાના યુદ્ધમાં કામ આવેલા વીરપુઢષોના છે. બધા પાળિયા એકજ હારમાં ઊભા છે. જેમાં ડાબી બાજુથી પ્રથમ પાળિયા નીચે નીચે મુજબનું લખાણ વંચાય છે.

ા સંવત ૧૮૧૯ ના વરષે

× × × ઝારો ના સમા

× × × × × × × × ×

* બીજા પાળિયા નીચે માત્ર એક લીટી વંચાય છે.

સંવત ા ૧ ૮ ૧૯ ઝારો

× × × × × × × ×

* ત્રીજા પાળિયા નીચે થોડું વંચાય છે

સંવત ૧૮ ૧૯ ના વરષે

રા ણો શ્રી × × × × ભારમલજી

× × × ઝારોના × ×

* ચોથા પાળિયા નીચે

સંવત ૧૮૧૯

દેવાજી જા ના ણી તો

× × × × × × ×

## ૬.૧૯ * ટોડિયા ગામના પાળિયા :-

"મુખ્ય હાઈવેથી ટોડિયા ગામ તરફ આવતાં એક ઓટા પર મૂરવાજીદાદાની ખાંભી છે. મૂરવાજીદાદાએ આ ગામનું નામ ટોડિયા રાખ્યું હતું." [૨૮] તે પહેલાં આ ગામનું નામ શામપર હતું. ત્યારબાદ જૂનું ગામ વડનગર–હાજીપીર ફાટક પાસે એક ખેતરમાં ખાંભી છે. તેમાં નીચે મુજબના અક્ષરો છે.

સંવત ૧૮૫૦ વરષ

માઘ સુદ ૧૧ આમર

બલાજી કાસપાણી

રાવ શ્રી ગયધણજી કામ

આવ છે ઝાગુ રમ છે.

સંવત ૧૮૫૦ ની પાળિયાના લખાણ પરની સંવત રાયધણજી બીજા સાથે સંબંધ ધરાવે છે. જે પાળિયામાં રાયધણજીનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

બારોટજી પ્રવીણદાનભાઈના કહેવા પ્રમાણે ઉપરોકત પાળિયો આમર કલાજીનો છે. પાળિયા નીચે બલાજી વંચાય છે પરંતુ તે કલાજી છે. ' ક ' નો ' બ ' વંચાય છે. આમર કલાજીની કથા પ્રવીણદાન પાસેથી પ્રાપ્ત થઈ છે. જે નીચે મુજબ છે.

### * કલાજીદાદાનો પાળિયો :

ટોડિયા ગામથી હાજીપીર જતા ધોરીમાર્ગ પરના ખેતરમાં કલાજીદાદાનો પાળિયો જોવા મળે છે.

કલાજીદાદા વિશે બારોટ પ્રવીણભાઈ પાસેથી માહિતી મળી છે, તેના ચોપડામાં પણ કલાજીની વિગત આપેલી છે."એ મુજબ આમર કલાજી એક સોનારણ (સોનીની દીકરી) ને લઈને ભાગ્યા હતા, ત્યારે ટોડિયા, મથલ, મેરાઈ, દેશલપર, અને ખોંભડી નાનીના દરબારોએ તેને (કલાજીને) ખૂબ જ સમજાવ્યા હતા. પણ કલાજીદાદા તેઓની વાત માન્યા નહીં. ત્યારબાદ બારોટજી (જેઓ પ્રવીણભાઈ બારોટના વડીલ થાય) ના કહેવાથી ગાંગોળના ચાવડા રૂપસિંહ (જે કલાજીના મામા) દાનોલંધો વગેરે મળીને કલાને મારી નાખ્યો, તેમજ ઉપરોકત પાંચેય ગામના દરબારોએ કલાજીના વંશજોને નાતમાંથી બહાર કાઢી નાખ્યા. હાલમાં મંગવાણામાં તેનાં (કલાજીનાં) વંશજો વસવાટ કરે છે." [૨૯]

* કલાજીનાં, વંશજોએ ત્યાં ખેતરમાં કલાજીનો પાળિયો બેસાડયો હશે. પાળિયા નીચેના લખાણમાં સં. ૧૮૫૦ વરષે માઘ સુદ – ૧૧ આમર કલાજી નામ મળે છે. જો કે, બારોટજી પાસેથી માત્ર માહિતી પ્રાપ્ત થઈ છે. સંવત વગેરે નહીં. ઉપરોકત સંવત માઘ–સુદ વગેરે પાળિયા નીચે વંચાય છે.

# સંદર્ભસૂચિ


૧. અભેસંગભાઈ પોપટભા બારોટ : ' જાડેજા વંશ અને વસુંધરા' ,પૃ.૨૪૮– ૨૪૯.

૨. માહિતીદાતા :– પ્રતાપસિંહ વરૂભા જાડેજા, વ્યવસાય : ખેતી, શોખ. ઐતિહાસિક વાતો સાંભળવાનો, ઉં.વ. ૩૫,ગામ : ભડલી, તા. નખત્રાણા, જિ. કચ્છ.

૩. નાગજીભાઈ કે. ભટ્ટી : 'કચ્છનો સાંસ્કૃતિક વારસો પાળિયા' પૃ. ૨૦ થી ૨૨.

૪. એજન, પૃ. ૨૨

૫. માહિતીદાતા : મોરારદાન ગોપાલદાન ગઢવી, વ્યવસાય : પોસ્ટખાતામાં, શોખ : સાહિત્ય લેખનનો,ઉં.વ. ૫૦, ગામઃ મોરઝર, તા. નખત્રાણા,જિ. કચ્છ.

૬. મોરારદાન ગોપાલદાન ગઢવી, ગામ : મોરઝર,તા. નખત્રાણા,જિ. કચ્છ.

૭. ડો. અંબાદાન રોહડિયા : 'સાહિત્યાભિમુખ', પૃ. ૨૩.

૮. મોરારદાન ગોપાલદાન ગઢવી, ગામ : મોરઝર,તા. નખત્રાણા,જિ. કચ્છ.

૯. એજન.

૧૦. એજન.

૧૧. દુલેરાય કારાણી : ' કચ્છ કલાધર', ભાગ– ૨, પૃ. ૩૩૧ થી ૩૩૫.

૧૨. શંભુદાન ગઢવી : 'કચ્છ દર્શન', પૃ. ૪૮.

૧૩. જાડેજા વિજયરાજજી સંગ્રામજી, વ્યવસાય : ખેતી, શોખ : ઐતિહાસિક વાતો સાંભળવાનો,ઉં.વ. ૬૦, ગામ : નાના ઘાવડા, તા. નખત્રાણા, જિ. કચ્છ.

૧૪. જખુભાઈ ભટ્ટના ચોપડે રહેલી વિગત / જખુભાઈ ભટ્ટ

૧૫. માહિતીદાતા : પ્રતાપસિંહ સુજાજી જાડેજા, વ્યવસાય : વેપાર, ઉં.વ. ૫૯, ગામ : ખોંભડી, તા. નખત્રાણા.

૧૬. માહિતીદાતા : પ્રવીણદાન પીરદાન બારોટ,ગામ : મોટી નાગલપર, તા : અંજાર.

૧૭. એજન.

૧૮. માહિતીદાતા : પ્રતાપસિંહ સુજાજી જાડેજા, વ્યવસાય : વેપાર, ઉં.વ. ૫૯, ગામ : ખોંભડી, તા. નખત્રાણા.

૧૯. માહિતીદાતા : પ્રવીણદાન પીરદાન બારોટ,ગામ : મોટી નાગલપર, તા : અંજાર.

૨૦. એજન.

૨૧. ધનજી ભાનુશાલી, ' કડક બંગાલી' : 'ઈતિહાસની આરસીમાં કચ્છ' અંતર્ગત – ' પાવરપટ્ટી ' નો ઈતિહાસ, પૃ. ૭૪.

૨૨. ધનજી ભાનુશાલી:, કચ્છમિત્ર દીપોત્સવી – ૨૦૬૨ અંતર્ગત. ' કહે છે પાળિયા કચ્છના, પૃ. ૨૫૪–૨૫૫.

૨૩. માહિતીદાતા : પ્રવીણદાન પીરદાન બારોટ,ગામ : મોટી નાગલપર, તા : અંજાર.

૨૪. મોરારદાન ગોપાલદાન ગઢવી, મોરઝર.

૨૫. રામસંગજી જશાજી જાડેજા, વ્યવસાય : ખેતી, ઉં.વ. ૫૮, ગામ : ચાવડકા, તા.નખત્રાણા, જિ. કચ્છ.

૨૬. માહિતીદાતા : પ્રવીણદાન પીરદાન બારોટ,ગામ : મોટી નાગલપર, તા : અંજાર.

૨૭. ભુરૂભા વેશલજી જાડેજા, વ્યવસાય : ખેતી,ઉં.વ. ૬૫,ગામ : નાની અરલ. તા. નખત્રાણા,

૨૮. કેશુભા પ્રાગજી જાડેજા, વ્યવસાય : ખેતી,ઉં.વ. ૭૦,ગામ : ટોડિયા. તા. નખત્રાણા.

૨૯. માહિતીદાતા : પ્રવીણદાન પીરદાન બારોટ,ગામ : મોટી નાગલપર, તા : અંજાર.



# રાપર તાલુકાનો નકશો



લોદ્રાણી
ધાબડા
બેલા
બલાસર
જાલાવડા
આનંદપર
મૌવાણા
43
વ્રજવાણી
દેશલપર
ફતેહગઢ
મંજુવાસ
મોમાયમોરા
રવ મોટી
દાવરી
ગેડી
સોનગઢ
ખાંડેક
વણોઈ
ગવરીપર
જેસડા
મોડા
સણવા
સુવઈ
કલ્યાણપર
સેલારી
હમીરપર નાની
ખેંગારપર
નંદાસર
રાપર
ઉમિયા
હમીરપર મોટી
ત્રંબુ
પ્રાગપર
ભીમસર
લાખાગઢ
આદેસર
રામવાવ
ભરુડિયા
પગીવાંઢ
નીલપર
ડાભુંડા
વલ્લભપર
મોટા ટીંડલવા
માખેલ
ટગા
રીટ
પદમપર
બાદરગઢ
ખીરઈ
સાંઈ
બાદલપર
અમરાપર
કિડીયાનગર
22
ડેડરવા
સોમાની વાંઢ
42
ઘાણીથલ
ગોવિંદપર
પલાસવા
સાંય
સુખપર
ચિત્રોડ
મેવાસા
કાનમેર
ગાગોદર
કુંભારિયા
થોરીઆરી
મનાબા

# ❑ પ્રકરણ :- ૭ ❑

# રાપર તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય

૭.૧. પ્રસ્તાવના.

૭.૨. વીર ચાંદોજીનો પાળિયો.

૭.૩. ભીમદેવકાના પાળિયા.

૭.૪. જીવાદાદલનો પાળિયો.

૭.૫. દેશલપરનો પાળિયો.

૭.૬. બાલાસરની ખાંભી (જશાજીદાદા)

૭.૭. જગાદાદાની ખાંભી.

૭.૮. કીડિયાનગરના પાળિયા.

૭.૯. ગેડી (ધૃતપદી) નો આછેરો ઈતિહાસ.

૭.૧૦. વાઘો બારીનો પાળિયો.

૭.૧૧. ટપુભાનો પાળિયો.

૭.૧૨. ખંડોર ગામની ખાંભીઓ.

૭.૧૩. વીર વનાજીનો પાળિયો.

૭.૧૪. કેસરીસંગનો પાળિયો.

૭.૧૫. જેમલજીનો પાળિયો.

૭.૧૬. ગઢડા (રાસાજી) ના પાળિયા.

૭.૧૭. રણમલ્લજી તથા ભોજરાજજીના પાળિયા.

૭.૧૮. ભિયા કક્કલનો પાળિયો.

૭.૧૯. ઢોલીની ખાંભી.

૭.૨૦. સતી જીવણીનો પાળિયો.

૭.૨૧. વ્રજવાણીના પાળિયાઓ.

૭.૨૨. સતીમાના પાળિયા.

૭.૨૩. ભીમાસરના પાળિયા.

૭.૨૪. ગેડીગામના પાળિયા.

૭.૨૫. હમીરપર (મોટી)નો પાળિયો.

૭.૨૬. ભીમાસરનો પાળિયો.

૭.૨૭. કાનમેરનો પાળિયો.

૭.૨૮. વ્રજવાણીનો પાળિયો.

૭.૨૯. ચિત્રોડ ગામનો પાળિયો.

૭.૩૦. સુરબાવાંઢના પાળિયા.

૭.૩૧. માનગઢ (રેલડી) નો પાળિયો.

૭.૩૨. લોદ્રાણી ગામના પાળિયા.

## ❑ પ્રકરણ :- ૭ ❑
## રાપર તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય

**૭.૧ * પ્રસ્તાવના :-**

"જેને કચ્છનો પૂર્વનો પહેરેદાર કહ્યો છે તે રાપર તાલુકો ભારત અને ગુજરાતથી કચ્છનું જોડાણ કરે છે. કચ્છના રણમાં મોટા બેટોમાં ખાવડા, ખડીર, તેમજ અસલ પ્રાંથળ અને ચોરાડ હતા, જેમાં પ્રાંથળ રાપર તાલુકામાં જોડાઈ ગયું છે. કાળક્રમે ચોરાડ સાંતલપુર તાલુકો જે મૂળ કચ્છમાં હતો તે હાલે બનાસકાંઠા જિલ્લામાં છે. ૯૮ ગામોમાં વિભાજિત થયેલો આ તાલુકો અક્ષાંશ ૨૩.૨૫ અંશ ઉત્તર અને રેખાંશ ૭૦.૩૮ અંશ પૂર્વે છે. તાલુકાની પૂર્વે રણ પછી ઝાલાવાડ છે, પ〱મે ભચાઉ તાલુકો છે. ઉત્તરે રણ પછી પાકિસ્તાન આવેલ છે. અહીંની મુખ્યત્વે ગણાવી શકાય તેવી વસતિમાં જૈન, લોહાણા, રજપૂત, કણબી, કોળી, તથા મુસ્લિમો મુખ્યત્વે ખેતી તથા પશુપાલન સાથે સંકળાયેલ છે. આ લોકો કપાસ, બાજરો, મગ, મઠ, જુવાર, એરંડિયા, ઘઉં વગેરે ઉગાડે છે. તો ધોળાવીરા – સૂરકોટડા, ગેડી (ધૃતપટ્ટી–ધૃતપાટી)– ચિત્રોડ, ગાગોદર, વ્રજવાણી, રવ, આડેસર, ભીમાસર, વરણું જેવાં સ્થળો તેનો ઈતિહાસ સંઘરીને બેઠાં છે." (૧)

કચ્છના સુપ્રસિદ્ધ પાળિયાઓમાં જેની ગણના થાય છે. તેવી અજોડ કુરબાનીની ગાથા સંઘરીને બેઠેલો ભિયા ક્કકલનો પાળિયો નવા વસાવેલ રેલડી ગામમાં ઊભો છે. આ જ તાલુકાના પલાંસવા ગામે વીર ચાંદોજીનો પાળિયો પણ ઈતિહાસનાં સોનેરી પૃષ્ઠો ઉપર કચ્છની ગરિમાને ઉજાગર કરતો ઊભો છે, તેમજ મધ્યયુગના જીવન વ્યવહારમાં ન્યાય મેળવવાના મોટા શસ્ત્ર તરીકે ત્રાગાના ઉલ્લેખો મળી આવે છે. જેમાં શણવા ગામે અન્યાયથી ઠક્કરાઈ સામે ત્રાગા દ્વારા આત્મબલિદાન આપી આત્મગૌરવના દસ્તાવેજ જેવો વીર બ્રાહ્મણ જીવા દાદલનો પાળિયો ઊભો છે. તો ગેડી ગામના વાઘો બારીનો પાળિયો, કાનમેર ગામના સતી જીવણીનો પાળિયો વગેરે તત્કાલીન લોક વ્યવહારોના કોઈને કોઈ સ્વરૂપે અસ્તિત્વમાં આવ્યાં છે. એજ રીતે બેલા, બાલાસર, ભીમાસર, દેશલપર, ગઢડા, નાની – મોટી રવ, ખંડોર, વ્રજવાણી, ભીમદેવકા, જેવાં ગામોમાં પણ મધ્યકાલીન પ્રજાજીવનની વિવિધ તાસીરને પ્રગટાવતા અને અતીતની યાદને

સાચવીને આજે પણ આ પાળિયાઓ ઊભા છે.

## ૭.૨ * વીર ચાંદોજીનો પાળિયો (પલાંસવા) :-

રાપર તાલુકામાં આવેલ પલાસવા ગામ આડેસર અને ગાગોદરની વચ્ચે હાઈવે પરનું લગભગ ૬૦૦૦ ની વસ્તી ધરાવતું એક ગામ છે. તેમાં વીર ચાંદોજી અંગ્રેજો સામે લડતાં–લડતાં કામ આવી ગયા. તેનો પાળિયો આજે પણ ઊભો છે. માહિતીદાતા શ્રી બનેસંગ દેવાજી વાઘેલાના કહેવા પ્રમાણે "બ્રિટિશરો (અંગ્રેજો) આપણા દેશમાં હતા ત્યારે ચાંદોજી ટીલાટ હતા. તે દયાળુ જીવ. હવે એવામાં એક વખત દુઃકાળ પડે છે. એટલે ચાંદોજી પોતાની પાસે જે કાંઈ હતું તે લોકોને આપી દે છે. છતાંયે પ્રજાનું પૂરું કરી શકતા નથી. એટલે પોતાના ભાઈ શ્રવણ (સરવણ) ને લઈને બારવટું ખેડે છે. આથી બ્રિટિશરો (અંગ્રેજો) એને પકડવા મહેનત કરે છે. પણ ચાંદોજી હાથમાં આવતા નથી. એટલે બ્રિટિશરો તે વખતના રાજવીને વીર ચાંદોજી પકડવાનું ફરમાન કરે છે અને છેવટે ચાંદોજી અને બ્રિટિશરો તથા રાજવીના સૈનિકો વચ્ચે જોરદાર ધીંગાણું થાય છે. એમાં ચાંદોજી કામ આવી જાય છે." [૨]

* આ જ કથા ' કચ્છ શકિત ' સામયિકમાં પણ જોવા મળે છે. તેની આ કથા થોડી જુદા સ્વરૂપમાં જોવા મળે છે. વાગડભૂમિનું એક ગામ એટલે પલાંસવા. આ વાત છે એ જમાનાની જે જમાનામાં અંગ્રેજો ભારત પર દોમ–દોમ સાહ્યબી ભોગવતા હતા. વળી તે અરસામાં જ માનવ–માનવેતરને ભરખી જાય એવો કારમો દુષ્કાળ પણ પડેલો. આવી કસોટીના કપરા કાળમાં પ્રજાનો હાથ ઝાલ્યો પલાંસવાના ઠાકોર વીર ચાંદોજીએ. પ્રજાવત્સલ સમો આ ભડવીરે પ્રજાને નિભાવવા માટે પોતાનો ખજાનો ખુલ્લો મૂકી દીધો. પણ ભંડાર થોડા ભર્યા રહેવાના હતા. ! આખરે એક દિવસ ભંડાર પણ ખૂટી જાય છે. આવા કટોકટીના સમયે તેમને માળિયા મિયાણાના સરમણ યાદ આવ્યો. બંને જીગરી મિત્રો ચાંદોજીએ સરમણને સંદેશો મોકલ્યો, પલાંસવા આવો. તે સમયે અંગ્રેજોએ કચ્છ ઉપર કબજો જમાવવા પ્રયાસ શરૂ કરી દીધેલો. એક બાજુ દુષ્કાળ અને બીજી બાજુ અંગ્રેજોની ભીંસ. સરમણ તો સંદેશો પહોંચતાં જ મારતે ઘોડે આવી પહોંચ્યો. ચાંદોજીની યોજના મુજબ બંને મિત્રો માંડવી ઉપર ત્રાટકયા. બંનેએ માંડવીના કોઠારો તોડયા. તે વખતે ભુજની ગાદી પર રાવ ભારમલજી હતા. તેને કાને આ વાત જતાં તે ક્રોધમાં આવી

ગયા. અંગ્રેજો ચાંદોજી–સરમણને પકડવા ચારે તરફ પાણીની જેમ ફરી વળી. ચાંદોજીએ પલાંસવામાં એવી ગોઠવણી કરી હતી કે, જેની અંગ્રેજો પલાંસવામાં પગ પણ મૂકી શકે નહીં. અંગ્રેજોએ ઘણા ધમકીભર્યા પત્રો ચાંદોજીને મોકલ્યા પણ ચાંદોજી તેના હાથમાં આવતા નહીં. આખરે હારીને અંગ્રેજોએ ભુજના રાવ ભારમલજી પાસે મદદ માંગી અને મદદ નહીં આપો તો અમે તમારા પર આક્રમણ કરીશું. એવી ધમકી પણ આપી, આથી નાછૂટકે રાવને પોતાની લશ્કર ટૂકડી ચાંદોજી પર મોકલવી પડી. ચાંદોજી કાનમેરા ડુંગર પર સંતાઈને તેના કાળમીંઢા પથ્થરો પાછળ રહીને અંગ્રેજો સાથે યુદ્ધમાં ટક્યા રહ્યા. આખરે ચાંદોજીની ગોળીઓ ખૂટી ગઈ અને ડુંગર નીચેથી વરસતી ગોળીઓમાં ચાંદોજી વીંધાઈ ગયા. ઠાકોર પડયાના સમાચારથી પલાંસવાના લોકોએ જબરજસ્ત પ્રતિકાર કરતાં અંગ્રેજોએ ભાગવું પડયું." [૩] આજે પણ ચાંદોજીની વીરકથા ગાતો તેનો પાળિયો પલાંસવા ગામમાં પ્રવેશ કરતાં તળાવની પારથી થોડે દૂર એક ઊંચા ઓટલા પર છતરડી બાંધેલ છે. તેમાં તેનો પાળિયો છે. ચાંદોજીના પાળિયા નીચે થોડું લખાણ મળે છે જે નીચે મુજબ છે.

૦ સંવત ૧૮૭૨ વરસે<br>
× × દિ × ચાં દો જી શ્રી × × ×<br>
× × ૨ ૩ વા છ શ્રી × × ×<br>
પ જી જી × × × × ઝ × ×<br>
× × × × × × × × × ×<br>
× × × × × × × × ×

આ પાળિયામાં ઉપરનું થોડું જ લખાણ મળે છે. તેમાં સંવત તેમજ ચાંદોજીના નામનો ઉલ્લેખ મળે છે. બાકીનું લખાણ ઘસાઈ ગયેલું છે. તેમજ પાળિયાની આકૃતિ પરંપરિત છે. ઘોડેસવારના હાથમાં તલવાર અને ઢાલ છે. ઘોડાનું મુખ ઉત્તર તરફ છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની નિશાની જોવા મળે છે.

*** નોંધ :–** અહીં એ નોંધવું રહ્યું કે, માહિતીદાતાના કહેવા પ્રમાણે ચાંદોજી અને સરમણ બંને ભાઈઓ હતા. જયારે કચ્છશકિતમાં ચાંદોજી અને સરમણને જીગરી મિત્રો કહ્યા છે. સરમણ ચાંદોજીનો ભાઈ છે કે મિત્ર તેના બીજા કોઈ પુરાવા ઉપલબ્ધ નથી. આથી ભાઈ પણ હોઈ શકે અને મિત્ર પણ હોઈ શકે, કેમકે, મદદ તો ભાઈ પણ કરી શકે અને મિત્ર પણ કરી શકે.

## ૭.૩ * ભીમદેવકા ગામના પાળિયા :–

કચ્છનો વાગડ વિસ્તાર એટલે કે, કચ્છના પૂર્વે આવેલ રાપર તાલુકાનું એક નાનકડું ગામ જે આજે કોળીઓની વસ્તી ધરાવે છે. એ ભીમદેવકા ગામના બસ સ્ટેશનથી પંચાયત ઘરની સામેના ભાગમાં ૨૫ થી પણ વધારે પાળિયાઓ જોવા મળે છે જેમાંથી અમુક પાળિયાઓને કાળના પ્રવાહે ધરતી પર સૂવડાવી દીધા છે. જો કે, દરેક પાળિયાનું લખાણ મળતું નથી. પરંતુ બેક પાળિયા નીચે થોડું – ઘણું લખાણ જોવા મળે છે જેમાં એક પાળિયા નીચે કંઈક આવા પ્રકારનું લખાણ મળે છે.

સંવત ૧૮૦૩ ના વરષ
ફા ગણ સુદ ૨ બધ × × મ
લ જી વ લગ્ગ્ર સવ છ જા × ૨ × ×
× × × ગ જી જી ગ દ ચ ફ બ વર છ
જા ડ જી શ્ર ન થ જી ક્ર શ્ર ૨ જિશ્રમ
જી ગ ૨ પ ક મી શ્ર થ છ પ લ શ્ર
જ ૨ લ ઢા મ ળ બ ઢર ક છ લ છ
'૬'૨ મ ણ જ મકુન જી શ્ર રા
મ જી સ સ છે.

ઉપરોકત પાળિયાની બાજુમાં બીજો એક નમી ગયેલો પાળિયો છે. તેની નીચે નીચે મુજબનું લખાણ વંચાય છે.

સંવ ત૧૮૬૭ વર
ષ વ દ ૪ ક મ દ વર
૨ ગ્ર હ ણ ન પ દ ગ વડે દા વ
× જી ડ જી × ૨ વ જ જી
ખ વ ૨ મહ કમ ગ વ
છ ક ૪ દ જા જી વ ણ ત
લ વ વ ૨ છ સ ત ૨ ૫ ૦ ૦ ।
ડ કા છે લ ષ લ ગ
જી વ ત

આ પાળિયાઓની આકૃતિ પરંપરિત છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન, ઘોડેસવારના હાથમાં ભાલું, કમરમાં તલવાર વગેરે દેખાય છે. બીજા પાળિયાના લખાણમાં ' રવજ ' નામ દેખાય છે. તે નામ કદાચ, રવાજી હશે. માહિતીદાતા શ્રી ભૂપતસિંહ જાડેજાના કહેવા પ્રમાણે આ પાળિયાઓ ૨૦૦ વર્ષ કરતાં પણ વધારે જૂના છે. પાળિયાના નીચેનાં લખાણ જોતાં તે ૨૦૦ વર્ષ કે તેથી જૂનાં જ છે. જો કે, આ પાળિયાની વધારે વિગત મળવા પામી નથી. તે વિસ્તારના ઘણા લોકો તો આ ગામના નામથી પણ અજાણ હોય એવું લાગે છે. એવા આ નાનકડા ગામના પાળિયાઓ વિશે માહિતીદાતાના કહેવા પ્રમાણે "વર્ષો પહેલાં આ ગામમાં જાડેજા રાજપૂતની જાન આવેલી. આ વાતની જાણ બહારવટિયાઓને થતાં જાન લૂંટવાના ઈરાદાથી આ બહારવટિયાઓ ભીમદેવકા ગામ ઉપર ત્રાટકયા. પરંતુ તેની સામે નમતું જોખે તો રાજપૂત શાના? આથી રાજપૂતો તથા બહારવટિયાઓ વચ્ચે જોરદાર ધીંગાણું થયું જેમાં ઘણા બહારવટિયાઓ માર્યા ગયાં. તેની સામે ઘણા રાજપૂતો પણ માર્યા ગયા. આ માર્યા ગયેલાં રાજપૂતોના પાળિયાઓ અહીં છે. પરંતુ પાળિયા નીચેના લખાણ પરથી નામ વગેરે મળતું નથી, પણ ' જાડજી રવજ ' એટલો ખ્યાલ આવી શકે કે, આ પાળિયા કોઈક જાડેજાના છે. આ પાળિયા વિશે બીજી કોઈ માહિતી હાલ ઉપલબ્ધ નથી." [૪]

*** નોંધ :–** મૂળ ભીમદેવકાના અને હાલ વડોદરા વસતા જાડેજા ભૂપતસિંહ ભાવસિંહે ટપાલ દ્વારા પોતે જાણતા હતા તેવી પાળિયા વિષયક માહિતી મોકલી હતી જે લખી છે.

## ૭.૪ * જીવાદાદલનો પાળિયો (શણવા) :–

જીવા દાદલનો પાળિયો શણવા ગામની ઉત્તરે રણમલ તળાવ આવેલું છે ત્યાં પાળિયાઓની હારમાળામાં ડાબેથી પ્રથમ ઊભો છે.રાપર તાલુકાનું શણવા ગામ હાલ આશરે ૪૦૦ ની વસ્તી ધરાવે છે. આ ગામમાં વર્ષો પહેલાં એટલે કે, ૨૪૩ વર્ષ પૂર્વે શૂરાપૂરા જીવાદાદલ થઈ ગયા તેની કથા નાગજીભાઈ ભટ્ટીએ નોંધી છે. એ મુજબ – "જીવો દાદલ પરાજિયા શાખાનો બ્રાહ્મણ દેખાવે હુષ્ટપુષ્ટ અને જીભે પણ એવો જ છુટ્ટો. તેથી તેને કોઈ દબાવવાની હિંમત પણ ન કરે. આ જીવાના ખેતરની બાજુમાં તે જ ગામના ઠકરાઈનું ખેતર એટલે શેઢાને લઈને બંને પક્ષ વચ્ચે વારંવાર ઝઘડાઓ થયા કરતા, પરંતુ

જીવો જેવો તેવો ન હતો. આથી ઠકરાઈઓ તેનાથી થોડા ડરતા, હવે એક વખત જીવાનાં લગ્ન લેવાયાં, જીવાના આંગણે માંડવા નંખાયા, હોંશેહોંશે ગીતોની રમઝટ ચાલુ થઈ, જમણવાર થયો. જીવો નવવધૂને લઈને પોતાના ગામ શણવા પગપાળા જ આવી રહ્યો હતો. (પરાજિયા બ્રાહ્મણોમાં વરવધૂ પગપાળા આવે એવો રિવાજ હતો.) એટલામાં ગામ તરફથી આવતા એક માણસે એક જાનૈયાને રામરામ કર્યા. પેલા જાનૈયાએ પેલા માણસને શણવાના સમાચાર પૂછ્યા. આથી પેલા માણસે કહ્યું કે, સૌ હેમખેમ છે. પણ એક વાત થોડી દુઃખ કરનારી છે. જાનૈયાએ કહ્યું કઈ ? પેલાએ કહ્યું કે, જીવાભાની ગેરહાજરીમાં ઠકરાઈઓ સખણાં ન રહ્યાં. આ શબ્દો વરરાજાના કાને સંભળાયા. આ શબ્દો સાંભળતા જ જીવાનાં રૂવાડાં ઊભાં થઈ ગયાં. તેણે તલવારના ઝાટકાથી વરમાળા તોડીને પત્નીને કહ્યું કે, ' બ્રાહ્મણી કદાચ આવતા ભવે મળીએ કે ન મળીએ. એમ કહેતોક ને ઊઘાડી તલવારે ખેતરભણી દોડયો. ઠકરાઈઓએ સમજાવ્યો પણ એ ન માન્યો, પોતાના ગળામાં કટાર ખોસી દીધી ને લોહી નીતરતી હાલતમાં પોતાના ખેતરમાં ગયો. જીવાનું રૌદ્રરૂપ જોઈને ઠકરાઈઓ ગભરાઈ ગયા. કોઈને કલ્પના પણ ન હતી કે, જીવો આવું ત્રાગું કરશે. જીવો મૃત્યુ પામ્યો. આ જીવા વિશે ગામમાં એવી વાત ચાલતી હતી કે, મૃત્યુ પછી પણ જીવો ઘણાને સામે મળતો અને ખેતર જાઉં છું એમ કહેતો.

પાળિયાની કોતરણી પરંપરિત છે. ઉપરની બાજુએ સૂર્ય–ચંદ્રની નિશાનીઓ જોવા મળે છે. નીચે કોતરેલી આકૃતિમાં ઘોડેસવારના ડાબા હાથમાં ઘોડાની લગામ પકડેલી છે, પરંતુ જમણો હાથ ગળામાં પરોવેલ કટાર ઉપર છે. જે ત્રાગું કર્યું છે, એ દર્શાવે છે. પાળિયો જૂનો છે. એટલે લખાણ બરાબર સ્પષ્ટ થતું નથી.

જો કે, નાગજીભાઈએ લખાણ ઉકેલવા પ્રયત્ન કર્યો છે. તેમણે લખ્યું છે. જે નીચે મુજબ છે.

સંવતા ૧૮૧૯ વરષ
જેઠ સુદ ૧૫ દન દદલ
જવા ગળથળા મરણ
મરજી ક્ષણવા મ્હ ગાતા
× × × × × લ × × છ × ×

નાગજીભાઈએ એ (ઉપરના) લખાણને અત્યારની લિપિમાં આ મુજબ

મૂકયું છે. –

સંવત ૧૮૧૯ વરષે

જેઠ સુદ ૧૫ દિને દાદલ

જીવા ગમધણા મરાણા.

* જયારે અમારી મુલાકાત દરમિયાન અમને પાળિયા નીચેનું લખાણ કંઈક આ પ્રકારે મળ્યું. –

સવંત ૧૮૧૯ વરષો

જે × સુદ ૧ × વેદના કુદલ

જ વા ગ ળ ધ બા પ ર છે

× × × ×× ×× ×× ×

અત્યારે પાળિયો વધારે જૂનો અને ઘસાયેલો હોવાથી અમને પાળિયા નીચેનું લખાણ ઉપર મુજબ જોવા મળ્યું. જો કે, તેમાં ' કુદલ ' જેવું વંચાય છે. તો તે લખાણ ' દાદલ ' હશે. ' જે × ' જેઠ હશે ' વેદ ' એ ' વદ ' હોવું જોઈએ. ' ૧ ' પછી દેખાતું નથી. માટે ૧૫ હશે. નાગજીભાઈ જે ' દન ' લખે છે. તેની જગ્યાએ અત્યારે ' દન ' ની આગળ ' વે ' જેવું દેખાય છે. તે સ્પષ્ટ થતું નથી. તેમજ નીચેની લીટી પણ ઊકલતી નથી. બાકીનું થોડું લખાણ જમીનમાં છે.

## ૭.૫ * દેશલપર ગામનો પાળિયો :-

રાપર તાલુકામાં આવેલ દેશલપર ગામ ગેડીથી પાંચ–છ કિલોમીટર દૂર આવેલ છે. આ ગામમાં જવા માટે ગેડીથી કાચો રસ્તો જાય છે. આ દેશલપર ગામ નાનું છે. તેમાં વાઘેલા દરબારો છે. બે–ત્રણ ઘર આહિરોના તથા એક–બે, એક–બે, ઘર ઈતર કોમના છે.

આ ગામથી થોડે દૂર ગામની ઉત્તરાદી બાજુ સ્મશાનમાં એક પાળિયો છે. જે કાનજીદાદાનો (કાનજી મેરૂજી) છે. દેશલપર ગામનો પણ આછેરો ઈતિહાસ મળે છે. કે, આ ગામ પહેલેથી જ દેશલપર ન હતું પરંતુ માનકૂવા નામે આ ગામ ઓળખાતું ત્યારબાદ આ ગામનું નામ દેશલપર રાખવામાં આવ્યું. કેમકે, આ ગામે દેશળજી સાથે સંધિ કરીને, ભાગ નક્કી કરીને, દેશલજી પરથી દેશલપર એવું નામ રાખ્યું. કાનજી મેરૂજી

વાઘેલા આ ગામના વતની હતા. એક વખત ગામમાં પ્લેગ જેવો ભયંકર રોગ ફાટી નીકળ્યો હતો. તેમાં ઘણાં બધાં માણસો મૃત્યુ પામતાં હતાં. તેથી કાનજીદાદાએ સ્મશાનમાં જઈ પોતાની જાતે આત્મસમર્પણ કરેલ છે. તેથી પ્લેગ જેવો રોગ મટી ગયો હોવાનું મનાય છે. પરંતુ આ માહિતીદાતા બીજી દંતકથાની વાત કરતાં જણાવે છે કે,

બહારગામથી પોતાના ગામ આવતા કાનજીદાદાને અમુક માણસોએ પોતાને ગામ ન જવા જણાવ્યું. આમ છતાં પણ તે પોતાને ગામ ગયા ને રોગમાં સપડાઈને મરી ગયા." [૬] ત્યારબાદ તેમનો પાળિયો ગામથી થોડે દૂર ઉત્તરદિશામાં સ્મશાનમાં બેસાડવામાં આવ્યો. તે દિવસથી લોકો કાનજી દાદાને પૂજે છે.

* પાળિયા નીચેનું લખાણ નીચે પ્રમાણે મળે છે.

સ વં તે × × × ×
× × × × કા ન જી મે
રૂ જી સુ રા ગા × ક
ગયા × × × × ×
× × × × × × ×

પાળિયાની આકૃતિમાં ઊંટ સવાર જોવા મળે છે. ઉપરની દિશામાં સૂર્ય–ચંદ્રની નિશાની છે. ઊંટનું મુખ ઉત્તરદિશા તરફ છે.

*** નોંધ :–** આમ, એક માહિતીદાતા કાનજીદાદાના મૃત્યુ વિશે જુદા–જુદા પ્રકારની માહિતી આપે છે. જેમાં શૂરા પોતે પણ ગામમાં ગયા હોય અને રોગમાં સપડાયા હોય એ બાબત સત્યની નજીક લાગે છે.

## ૭.૬ * બાલાસરની ખાંભીઓ :–

વાગડ પંથકમાં બાલાસર કરીને એક ગામ આવેલ છે. આ ગામના ઉગમણે થોરાળી તલાવડી આવેલી છે આ તલાવડીની ઉત્તરદિશામાં વાઘે✓રી માતાજીનું મંદિર આવેલું છે ત્યાં એક ખાંભી ઊભી કરવામાં આવી છે જે જશાજીદાદાની છે એવું કહેવાય છે. તેની થોડી કથા મળે છે જે આ મુજબ છે.

"બાલાસર ગામમાં જશાજી સાકરજી નામે એક વાઘેલા દરબાર હતા. આ જશાજીનો ગાંગઈના સોઢા સાથે ઝઘડો થતાં તેમાં જશાજી કામ આવ્યો. આ જશાજીનાં

લગ્ન સોઢામાં થયાં હતાં. તેમજ તેમના ભાઈ ખેતાજીનો સંબંધ પણ સોઢામાં કરેલો. છતાં સગાંવહાલાંઓ સાથે કંઈક વિવાદ થયો અને તેમાંથી મોટા પાયે ઝઘડો થયો તેમાં જશાજી કામ આવી ગયા. બારોટના ચોપડે પણ આ બનાવની વિગત મળે છે. તેમનો સમય સંવત ૧૮૪૦ હોવાનું કહે છે." (૭)

## ૭.૭ * જગાદાદાની ખાંભી :-

જગાદાદાની ખાંભી બાલાસર ગામથી ૨ થી ૩ કિલોમીટર દૂર છે. તેની ખાંભી પીરમધુ તળાવની બાજુમાં જે સીમ છે, ત્યાં જગાજી દાદાની ખાંભી છે. જગાજી પાંચાજીના સંતાન હતા. લોદ્રાણી, બેલા, અલિયાજી, ગઢડારાસાનું અને જાટાવાડા તેમના ભાઈઓનું હતું. એ બધા ભાઈઓમાં ગરાસ બાબતે ઝઘડો થતાં જગાજીદાદા તેમાં કામ આવ્યા. તેમનો સમય સંવત ૧૭૮૦ નો માનવામાં આવે છે. તેમની ખાંભી હાલમાં ઉપરોકત જગ્યાએ મોજૂદ છે. જગાજીદાદાનો ઉલ્લેખ પણ બારોટના ચોપડે છે. એમ માહિતીદાતા કહે છે." (૮)

## ૭.૮ * કીડિયાનગર (તા. રાપર) :-

રાપર તાલુકાનું કીડિયાનગર પણ તેનાં પાળિયાઓ માટે પ્રખ્યાત છે. આમ તો વાગડ વિસ્તારમાં ગામે–ગામે પાળિયાઓ પથરાયેલા છે.

જેમાં કીડિયાનગરથી વલમપર જતાં પાબુદાદાના મંદિર પાસે બે પાળિયાઓ દેખાય છે. જેમાંથી એક પાળિયો પબુજીદાદા વાઘેલાનો છે જેઓ કીડિયાનગરના હતા. એ જમાનામાં લૂંટફાટનું જોર વધારે હોવાથી એક વખત કીડિયાનગરમાં ધાડપાડુઓ (લૂંટારાઓ) આવ્યાં. પબુજીદાદાએ એ લૂંટારાઓનો સામનો કર્યો. આ રીતે ગામને લૂંટતું બચાવવા ધીંગાણામાં લડતાં–લડતાં તેઓ કામ આવ્યા.

આ જ ગામ કીડિયાનગરમાં જયાં દાદાની દેરીની જગ્યા ગણાય છે, ત્યાં ધીંગાણું થયું હતું. કોની–કોની વચ્ચે એ માહિતીદાતાને ખબર નથી, પરંતુ એ ધીંગાણામાં સવોજી અને રાહોજી નામના વીરપુરુષો કામ આવ્યા છે." (૯) જેઓના પાળિયા કીડિયાનગરનાં ઊંચા ગઢ ઉપર આવેલા છે. આ પાળિયા ઉપર છતરડી બંધાવેલ છે.

આ પાળિયામાં બે ઘોડેસવારની આકૃતિ છે. એટલે કે, એકજ

પાળિયામાં આ બંનેની આકૃતિ છે. આ પાળિયા નીચેનું લખાણ નીચે પ્રમાણે જોવા મળે છે.

સ વં ત ૧ ૯ ૦ ૯ ના ×

× × × સુ દ ય × × × × ×

× × × × × × × × × લ

× × × × લ સ

ર વા જી × × × લ × ×

× × × × × × × × ×

પછીનું લખાણ વંચાતું નથી. ઉપર છતરડી બાંધેલી છે. અહીં રવાજી જેવું વંચાય છે. એ કદાચ રવોજી હોય અને આ બનાવ ૧૯૦૯ માં બન્યો હોય. માહિતીદાતા પાસે માત્ર આટલી જ માહિતી છે.

## ૭.૯ * ગેડી (ધૃતપદી) નો આછેરો ઈતિહાસ :–

કચ્છ જિલ્લાનો વાગડ વિસ્તાર કે જેને પૂર્વનો પહેરેદાર કહ્યો છે. આ પૂર્વનો પહેરેદાર પંથક એક રીતે નહીં અનેક રીતે પ્રખ્યાત બને છે. કંથકોટનો ઈતિહાસ પ્રસિદ્ધ કિલ્લો આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. "રવગામમાં રવેચી માતાનું મંદિર યાત્રાળુ માટે ભાવ–ભક્તિનું ધામ બન્યું છે. રાપરનું મૂળ નામ શાપર હતું. તેનું ત્યાનું ચિંતામણિનું જૈન મંદિર પ્રખ્યાત છે. તો ધોળાવીરા – સૂરકોટડા પ્રાચીન વસાહતોનાં કેન્દ્ર બન્યાં છે. ધોળાવીરા અને સૂરકોટડા ઉભય કચ્છના પૂર્વ છેડે આવેલાં છે. ચિત્રોડ પાસેના મંદિરમાં સંવત ૧૫૫૯ નો શિલાલેખ છે. ગાગોદર ગામનું તોરણ વીરભદ્ર ગોદડજીએ સંવત ૧૮૮૨ માં બાંધ્યું હતું, બેલા ગામે ગંગા કુંડ પાસે સંવત ૧૮૩૭ નું મંદિર બંધાવ્યાનો શિલાલેખ છે. વ્રજવાણીમાં એક ઢોલી પાછળ ૧૪૦ આહિરાણીઓ સતી થઈ હતી." [૧૦] ગેડી ગામ પણ એક આવું જ અદ્ભુત સ્થળ છે. પુરાણકાળના પાંડવોના પ્રવાસ સાથે સંકળાયેલું વિરાટનગર અહીં હતું. આ ગામમાં લક્ષ્મીનારાયણનું નાનું એવું મંદિર છે. તેનાં પ્રાંગણમાં દશાવતારવાળી વિષ્ણુની એક ખંડિત મૂર્તિ પડેલી છે. "કહેવાય છે કે, ઈ.સ. ૧૭૭૫ માં સિંધના સરફરાજે મૂળ મંદિરનો નાશ કર્યો હતો. આજના મંદિરમાં એક બાજુએ સંવત ૧૭૭૫ ના લેખવાળી ગણેશજીની મૂર્તિ છે. જેની બીજી બાજુએ એક સૂર્યની મૂર્તિ છે. જે

ગોળાકાર પુષ્પના આકારની છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર સંવત ૧૮૯૭ માં ચંડેસરના વંશજોએ કરાવ્યાનો શિલાલેખ મંદિરમાં છે." (૧૧) આ ગેડીમાં પણ જાતજાતના પાળિયાઓ આવેલા છે. જેમાંથી અમુક પાળિયાઓ લીધા છે.

### ૭.૧૦ * વાઘા બારીનો પાળિયો (ગેડી) :-

ગેડી ગામની આથમણી દિશામાં આવેલા મીઠા તળાવમાં વાઘાબારીનો પાળિયો તેનાં અદ્‌ભુત શૂરાતનની વાતો કરતો પીલુવા પાસે ઓટા ઉપર ઊભો છે. પાળિયાની ફરતી બાજુ દીવાલ બનાવેલ છે. અને દરવાજો મૂકયો છે. પાળિયાની આકૃતિ પરંપરિત છે. ઘોડેસવારના હાથમાં તલવાર અને ઢાલ છે. ઉપર સૂર્ય–ચંદ્રનાં નિશાન છે.

રાપર તાલુકામાં આવેલ પ્રાચીન ગામ (ધૃતપદી) હાલનું ગેડી આ ગામમાં અનેક શાખાના દરબારો વસવાટ કરે છે. આ વાત તે જમાનાની છે જયારે ગેડી ગામ ઉપર પચાણજીનો અમલ હતો. વાઘો બારી કરીને એક વ્યકિત રાજાનો ઘણો માનીતો હતો. આમ તો આ ' બારી ' એ રાજપૂતની જ એક પેટા શાખા આ વાઘો શરીરે હુષ્ટપુષ્ટ હતો. અદ્‌ભુત વીરતા વાઘામાં છલકાતી હતી. શ્રી નાગજીભાઈ ભટ્ટી નોંધે છે એ મુજબ – "એક વખત વાઘાની પત્ની તલના તેલની ઘાણી કઢાવવવા બાજુના ગામમાં ગઈ ઘાંચીએ તલ લઈને પીસવાનું શરૂ કર્યું. તેલ પીલાઈ જવા આવ્યું હતું ને પેલો ઘાંચી વાસણ લેવા નીચે નમ્યો ત્યાં કોઈકે રાડ નાખીને કહ્યું કે, એલા ઘાંચી મારા ઘોડાનો આ તોબરો એ તેલમાં બોળી દે ! ઘાંચીએ જોયું તો એ ઘોડાપર સવાર થયેલો વણોલ રાજપૂત હતો અને આજુબાજુ એની ઘણી ધાક હતી. એક બાજુ વણોલ હતો અને બીજી બાજુ વાઘો બારી જેવો વીર પુઢષ બિચારો ઘાંચી તો ફસાયો હવે શું કરવું ? તેણે વણોલને કહ્યું કે બાપ હું તો ગરીબ માણસ મારાથી આવું ન થાય તમે તમારી જાતે કરો, આ તેલ વાઘાનું છે. વાઘાનું હોય કે તેનાં બાપનું ! એમ કહી જાતે વણોલે ઘોડાનો તોબરો તેલમાં બોળ્યો. ઘાંચીએ વાઘાની પત્નીને આ બધુ ભૂલી જવાની વાત કરી પણ વાઘાની પત્નીએ કહ્યું તું તારે આનંદ કર ! વાઘાની પત્ની ઘેર જઈને કમાડ વાસીને સૂઈ ગઈ. સાંજ પડી એટલે વાઘો ઘેર આવ્યો અને અંધારામાં ફંફોસતો પત્ની પાસે જઈને કહેવા લાગ્યો આજે કેમ અંધારું છે ? આથી તેની પત્ની રડવા લાગી. વાઘાએ કહ્યું, કોઈનું મરણ થયું છે કે શું ? પેલીએ કહ્યું, મારા પતિનું. આ સાંભળી વાઘો ગુસ્સે થઈ તલવાર ખેંચી આથી તેની પત્નીએ બધી હકીકત વાઘાને

જણાવી બસ આટલું જ ! કહેતોક ને વાઘો ઉપડયો ને વણોલનું માથું કાપીને તેની પત્ની આગળ નાખ્યું. પત્નીને સંતોષ થયો. સમય સરવા લાગ્યો. વિક્રમની ૧૭૧૫ ની સાલ બેઠી. લોકોએ દિવાળી ઊજવી ન ઊજવી ત્યાં વાવ થરાદના ચાંદોજી મૂળવોજી જોસો કોળીને લઈને ગેડી પર ચડી આવ્યો. જોસો ખૂબ જ જોરમાં હતો. તેની પાસે પાંચસોની ફોજ હતી. તે પાલખીમાં બેસીને નીકળતો ત્યારે ભલભલા રાજપૂતોનાં પાણી ઊતરી જતાં. ગેડીના રાણાઓએ રાજપૂતોને સાથે લઈને રણમેદાનમાં ઊતર્યા. બંને પક્ષ વચ્ચે પૂરજોશમાં લડાઈ થઈ. હાર કે જીતનો ફેંસલો થયો નહીં. આથી રાણા લખધીરજીએ વાઘાને બોલાવીને કહ્યું કે, દિવસે ને દિવસે કોળીનું જોર વધતું જાય છે. બીજા દિવસે વાઘાએ યુદ્ધમાં ભારે વીરતા બતાવી. ઘણા સૈનિકોનો ઘાણ કાઢી નાખ્યો અને કોળી પાસે જઈને તેનું માથું ઊતારી લીધું. આથી ચાંદોજી વાઘા પર તૂટી પડયો અને વાઘાને ખૂબજ ઘાયલ કર્યો. સામે પક્ષે વાઘાએ ચાંદોજીના રણમાં જ રામ રમાડી દીધા. કોળીનું માથું લઈને લખધીરજી પાસે પહોંચી જઈને કોળીનું માથું લખધીરજી પાસે ફેંકીને વાઘો ધરણી પર ઢળી પડયો. લખધીરજીની આંખ ભીની થઈ ગઈ." (૧૨)

શ્રી નાગજીભાઈ ભટ્ટીએ પોતાની મુલાકાત દરમિયાન વાઘાબારીના પાળિયા નીચેના લખાણમાં નીચે મુજબની વિગત લખી છે.

સંવત ૧૭૧૫ વરષે કારતક સુદ ૭ દને
રાણાજી પચાણજી યા, રી અંજોજી ગેહડી
જાડેજો શ્રી ગાહોજી કટક કરી આયા
હતા તે, હો રાણોજી ચાંદાજી તથા જાડેજો
શ્રી મુલઓજી તથા કોલી જાસો કટક માંહ
હતા તે મોજી ગેહડીઅ મામલો કીધો તેહાં
રાણોજી ચાંદોજી મરાવીન ક, ટક જાઓ.
છે તેહાં મામલા માંહે વા, ઘેલા શ્રી કેસરજી
આગલ વારિ ન કર સુત બારી વાઘો કામ આ,
વો – છે. × × લખધીર સુત આપ × × હી અ × ×

આવા પ્રકારનું લખાણ વંચાય છે. જયારે અમોએ મુલાકાત લીધી હતી. ત્યારે અમને આવા પ્રકારનું લખાણ મળ્યું હતું જે નીચે છે.

× × વં × ૧૭૧૫ વરષે કારતગ સુદ
દિને રાણ શ્રી પં × × માંરીણ ભી ની વા ×
રી શ્ર ને જી ગે ૨ ભી શ્ર ભારે ભો શ્રી
ગાહો ભી કટક ક ક આભા યા હતા તે
હારાં ણો શ્રી ચાંદોજી તથા જાડેજો શ્રી
મલૂઓજી તથા કોલી ભેસો કટક
માંહ હતા તે મો જીગે હશે ત્રમાંમ લોકી
× હાંશ ણો શ્રી ચાંદોજીમરાવી × ×
ટક ના ગો છ તે હાં મામલા માંહે
ઘેળા શ્રી લખધીરજી તથા કં × ×
૨ શ્રી વે જા ૨ ભી પૃ.ત્ર્રા ગેલે જારી ના
કર સૂત × × વાઘો કાંમ ત્રવા
× છ × × હર × જધીર જા × × ×
× × × × × ટાં કો છે × × ×
× × × × ×

અમારી મુલાકાત દરમિયાન અમને આવું લખાણ મળ્યું. જો કે, શ્રી નાગજીભાઈ ભટ્ટીના અને અમારા લખાણમાં થોડો ફેરફાર જોવા મળે છે. એ માત્ર થોડો જે ફેરફાર છે. જેમકે, સંવત બંનેની સરખી જ છે. ચાંદોજી, મૂળવોજી, ગેહોજી જેવાં નામો સમાન જ છે. પરંતુ નાગજીભાઈએ પોતાના લખાણમાં ' કેસરજીનો ' ઉલ્લેખ કર્યો છે. જયારે તે નામ અમને લખધીરજીનું પ્રાપ્ત થાય છે. કથામાં પણ લખધીરજીનો ઉલ્લેખ છે. વળી, ભટ્ટી સાહેબે પચાણજીનો ઉલ્લેખ કર્યો છે. તે નામમાં અમને માત્ર ' પં 'જેવું જ વંચાતું હતું તે પચાણજી હોવું જોઈએ. કેમકે, વાઘોબારી પચાણજીની વારમાં કામ આવ્યો હતો. કથામાં કોળી જોસાનું નામ છે. તે અમને ગુજરાતીમાં જ વંચાય છે. ભટ્ટી સાહેબે ' જોસો ' નામ લખ્યું છે. જો કે, આજે વરસોનાં વહાણાં વીતી ગયા હોવાથી લખાણ જોઈએ તેટલું સ્પષ્ટ થતું નથી. છતાં પણ નાગજીભાઈ ભટ્ટીનું લખાણ અને અમારા લખાણમાં ઘણી સામ્યતા જોવા મળે છે. વળી, પાળિયા નીચેનું લખાણ પણ કથાને અનુરૂપ છે. કથામાં જે નામોનો ઉલ્લેખ છે તેવાં જ નામો પાળિયા નીચેના લખાણમાંથી પ્રાપ્ત થાય છે. તેથી તે

પાળિયો વાઘા બારીનો છે તેમાં કોઈ શંકા નથી.

### ૭.૧૧ * ટપુભાનો પાળિયો :-

રાપર તાલુકામાં આવેલું કાનમેર ગામ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ગાગોદરથી આડેસર જતાં વચ્ચે નાનું બસસ્ટેશન (પાટિયું) આવે છે. ત્યાંથી એક કે દોઢ કિલોમીટર અંદર જતાં કાનમેર ગામ આવે છે. ત્યાં ભૂતકાળના ભવ્ય ઈતિહાસની યાદ અપાવતો ગઢ હાલ પણ ટેકરી પર જોવા મળે છે. આ ગામમાં મુખ્ય વસ્તી રાજપૂતોની જોવા મળે છે. એ ઉપરાંત રબારી અને ઈતર કોમ પણ વસવાટ કરે છે.

કાનમેરથી ઉત્તરદિશા તરફ કુંભાર ખાડાની જગ્યા પર ઘણા બધા પાળિયાઓ તેમજ છતરડીઓ છે. તેમાં એક પૂર્વ બાજુનો પાળિયો છે. તેની નીચે ગુજરાતીમાં લખાણ જોવા મળે છે. જે નીચે મુજબ છે.

સં ૨૦૦૮ માં × × ×
× × × × × × × કારા
રા સંગ × × × × × × ×
ટપુભા સાંગાજી કામ આવેલ છે.

આ પાળિયાને વધારે સમય ન થયો હોવા છતાં સમગ્ર લખાણ વંચાતું નથી. તેનું કારણ એ છે કે, પાળિયામાં સિંદૂર લગાવેલું છે. જો તે કાઢવા જઈએ તો તેનાં કુટુંબીજનોની ખફાનો ભોગ બનવું પડે. તેથી જેટલું લખાણ વંચાય છે. તે લીધું છે. જો કે, તેમાં સંવત અને શહીદ થયેલ ટપુભાનું નામ વંચાય છે, તેમજ કારાબાપાનું નામ પણ સ્પષ્ટ દેખાય છે.

ઘોડેસવારના હાથમાં બંદૂક છે. ઉપર સૂર્ય–ચંદ્રનું નિશાન દેખાય છે. ઘોડીનું મુખ ઉત્તરદિશામાં છે. વીર ટપુભાની કથા ટપુભા જે ધીંગાણામાં કામ આવ્યા તે ધીંગાણાના સાક્ષી રહેલા જ નહિ. બલ્કિ, તેમાં જોડાયેલાં કાનમેર ગામના ૭૫ વર્ષના સામંતભાઈ માદેવાભાઈ પાસેથી સાંભળવા મળી તેની સાથે તેના નાના ભાઈ હાજાભાઈ માદેવાભાઈ પણ હતા. તેની કથા નીચે પ્રમાણે છે.

"સંવત ૨૦૦૮ ના મહાસુદ સાતમની રાતે ૯ વાગે ભોપા માદેવા કારા રાસંગના ઘરે ધાડપાડુ આવ્યા. એ વખતે ઘરમાં ભચીમા (સામંતભાઈના બા) અને

બધીમા આ સાસુ–વહુ બાઈમાણસો ઘરમાં હાજર હતાં અને એ વખતે ધાડપાડુઓ ઘરમાં ઘસી આવ્યા. તેમાં સામંતભાઈ (માદેવાભાઈના પુત્ર) ની છાતીમાં બંદૂક રાખી ત્યારે તેમને ખબર પડી કે આ કોઈ મહેમાન નથી કે બેસી જા ! તેવામાં જ તેમના પિતા માદેવાભાઈ, ટપુભા જાડેજા, સામંતભાઈના દાદા કારૂભા જોરૂભાઈ (કારાબાપા), ઘાણીથર, ટપુભાના દીકરા, રૂપુભા, કારૂભાના દીકરા ઘોઘુભા આવ્યા. ત્યાં તેમણે ધાડપાડુને જોયા પછી ધીંગાણું જામ્યું મારવાની શરૂઆત થઈ. તેવામાં માદેવાબાપાને ધારિયાનો ઘા વાગતાં પાઘડીના કટકા થઈ ગયા. તેમજ સામંતભાઈને પણ ગળાના ભાગમાં ભાલું મારતાં તેમને પણ ઈજા થઈ હતી. પછી અંધારી રાતમાં ધાડપાડુએ પોતે બચવા માટે બંદૂકના બાર છોડયા તેમાં તેના છરાથી ઘણાને પગમાં ઈજા થઈ. પછી પા (પંદર મિનિટ ) કલાકના ધીંગાણામાં એક ધાડપાડુ હટી જાઓ, હટી જાઓની બૂમો પાડતા હતા. એવો જ એક બાર ટપુભાને છોડયો. ટપુભાની આરપાર નીકળી ગયો અને તેઓ ત્યાં અંધારામાં ઢળી પડયા. ધાડપાડુઓની જુદી–જુદી વસ્તુઓ પણ આ ગામમાં મૂકીને ભાગી ગયા. પરંતુ તે ધીંગાણામાં ટપુભા સાંગજી કામ આવી ગયા. આમ ટપુભાને માદેવાભાઈ ખડકીની વચ્ચે ઊભા રહ્યા અને ટોડા ઝાલો, ટોડા ઝાલો (ટોડલાની ઓથમાં રહો.) એવું તો કારાબાપાએ કીધું પણ માદેવાભાઈ અને ટપુભા ડગ્યા નહીં. ખડકી મૂકી નહીં અને ટપુભા કામ આવી ગયાં." (૧૩)

આ ગામના વડીલ જે ધીંગાણામાં હતા. તેમાં સામંતભાઈ માદેવાભાઈ, તેમના ભાઈ હાજાભાઈ માદેવાભાઈ, જાડેજા નવુભા, કારૂભા, આ બધી વ્યકિતઓ હજુ હાલમાં જીવિત છે.

### ૭.૧૨ * ખંડોરગામની ખાંભીઓ :–

કાનમેર ગામની ઊગમણી બાજુ ખંડોરગામમાં પહેલાં પરમારો વસતા હતા. જે હાલમાં ખંડિત થઈ ગયું છે. દિલ્લીનો બાદશાહ અધર્મી હતો. તેમાં કોઈક ગામની (ગામનું નામ માહિતીદાતાને યાદ રહયું નથી.) ચારણની દીકરીઓનું શિયળ સચવાય તેમ ન હતું. બાદશાહની કુદષ્ટિ તેમના પર (ચારણની દીકરીઓ પર) હતી. હવે આ ચારણબાઈઓ ત્યાંથી (પોતાના ગામથી) ભાગીને આશરો શોધતી–શોધતી ખંડોરગામ પાસે પહોંચી. આ ગામમાં હરોજી પરમાર અને સાંગોજી પરમાર રહેતા હતા. તેઓની

પાસે ભેંસો ઘણી. કહેવાય છે કે, લગભગ ૩૦૦ જેટલી હતી. આ પરમારો પાસે પેલી ચારણબાઈઓએ આશરો માગ્યો, વચમાં કોઈ રજવાડાએ તેમને આશરો આપ્યો નહીં, પણ હરોજી પરમારે તેમને આશરો આપ્યો અને તેમના શિયળની રક્ષા માટે આજુબાજુના ગામના રાજપૂતોને સંદેશાઓ મોકલાવ્યા. ખંડોરગામમાં બધા કેસરિયા કરેલ રાજપૂતો ભેગા થયા અને બાદશાહના માણસો જે ચારણબાઈને લઈ જવા આવ્યા હતા. તેમની સામે ધીંગાણું થયું. તેમાં હરોજી તથા સાંગોજી કામ આવી ગયા. તેની સાથે ઘણા રાજપૂતો પણ શહીદ થયા. આથી ચારણબાઈઓ પણ ત્યાં સતી થયાની દંતકથા મળે છે." (૧૪) જયાં જે જગ્યાએ ધાર ઉપર રાજપૂતો કામ આવ્યા હતા. એ જગ્યાએ હાલમાં નાની દેરીઓ છે ને માહિતીદાતાના કહેવા પ્રમાણે સાંગાજીની ખાંભી છે. (હાસડી ધાર) કાનમેરના સીમાડે આ ધાર આવેલી છે.

* પરમારોના બારોટના ચોપડે આ કથાનો (બનાવ)નો ઉલ્લેખ જોવા મળે છે. પછીથી આ જમીન રાજપૂતોએ છોડી દીધી છે.

### ૭.૧૩ * વીર વનાજીનો પાળિયો (પલાંસવા) :-

કચ્છના પૂર્વ વિસ્તારમાં આવેલ પલાંસવા ગામના તળાવ વચ્ચે ઘણા પાળિયાઓ છે. તેમાં સૌથી પ્રથમ પાળિયો નીચે પડેલ છે. આ પાળિયા નીચે નીચે મુજબનું લખાણ જોવા મળે છે.

સંવત ૧૬૩૩ વર્ષે
ચૌત્ર સુદ ૧૫
માહે રાઠઉકા
ઘુદાણ સુતજા
લો વનાજી
સા ા ૫ ૫ મ શ્રી ?

આ પાળિયાની આકૃતિમાં કોઈ એક વ્યકિત એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ભાલું લઈને જમીન પર ઊભેલી છે. એટલે કે, તે વ્યકિત ઘોડેસવાર નથી. બાકીના પાળિયાઓ પણ આ રીતે જ જોવા મળે છે. વનાજીનો પાળિયો પણ આ ગામના તળાવની વચ્ચે જ ઊભો કરાયો છે. જે મોટા બાવળની પાછળ સૌથી ઊંચો પાળિયો વીર

વનાજીનો છે. જે ગામમાં આવેલ ધાડપાડુઓ સામે લડતાં–લડતાં વીરગતિ પામ્યા છે." (૧૫) એવું બે માહિતીદાતા કહે છે.

* વીર વનાજીની બીજી કથા પલાંસવા ગામના પીર અમીનહાજી પાસેથી મળે છે. જે ઉપરોકત કથાથી જુદા જ પ્રકારની છે. તે જોઈએ તો –

માહિતીદાતા વાત માંડતા કહે છે કે, અમારા વડવા વાત કરતા દિલ્લી (દિલ્હી) બાજુથી શિરૂખાન અને તેના એક ભાઈ અને બહેન એમ ત્રણેય ભાઈ–બહેન આવેલ. તેની પાછળ બાદશાહની ફોજ હતી. તે જમાનામાં આ ગામનું પરગણું હતું. આ ગામના જાગીરદાર વનારાણા ઉર્ફે વનાજી પાસે આ ત્રણેય ભાઈ–બહેન આવ્યાં અને આશરો માગ્યો અને વનારાણાએ આશરો આપ્યો. હવે બાદશાહની ફોજ ગામ પર ચઢી આવી. અમારા ગુનેગારને પાછા સોંપો, પરંતુ વનાજીએ પાછા સોંપવાની ના પાડી. મારા આશ્રિતોને હું પાછા નહીં સોંપું. પછી આ ગામમાં ધીંગાણું થયું. તે જ ગામમાં બાવાજીની જમાત આવેલ. વનાજીએ તેમને સીધું જમવા માટે આપેલું. સવારમાં ધીંગાણું થયું ત્યારે કોટવાલે બાવાજીને ત્યાંથી જવાની સૂચના આપી. બાવાજીએ કીધું કે, મેં આ જાગીરનું નમક ખાધું છે. તેથી અમે પણ ભેગા લડીશું. એમાં સાતવીસા બાવાજી પણ કામ આવેલ છે." (૧૬) તેમના પાળિયામાં વનાજીનો ઉલ્લેખ મળે છે. હજુરિયા પીર ઉર્ફે શિરૂખાન એ ત્રણેય ભાઈ–બહેન કામ આવેલ છે અને વનાજી પણ આ ધીંગાણામાં કામ આવી ગયા છે. કહેવાય છે કે, ફોજ ત્યાંથી પાછી વળી ગઈ ને સાબર ઊતરી ગયા અને આ ગામ બીજી જગ્યાએ વસ્યું.

આ કથા થોડા ફેરફાર સાથે ત્રીજા માહિતીદાતા પાસેથી મળે છે. જે આ પ્રમાણે છે. "એક વખત વનાજી એના કાકા પાહે ઊભા હતા ને કાકાની લબ (લાળ) પડી તેથી વનાજીનું મોં મલક્યું એટલે કાકાએ ભત્રીજા વનાજીને કીધું કે બેટા ' ઉંમરે ઈના ઈ દી આવે ' તયે વનાજી ૨૭–૨૮ વર્ષના જુવાન હતા. ઈ વખતે અકબર જે પંજાબનો સૂબો હતો. અને ઈ શેરૂ (શેરૂખાન) માથે ચડયો અને શેરૂ પાહેથી દિલ્લી (દિલ્હી) લઈ લીધું. અકબરનો બાપ હુમાયુ અમરકોટ ગયો અને ઊંવા અકબરનો જન્મ થયો. આ અકબર કાબુલ ગયેલો. કાબુલ જઈ ૨૦૦–૫૦૦ માણસોની ટોળકી ભેગી કરી એમાંથી ૫૦૦–૧૦૦૦ માણસો થયા અને કાબુલ કબ્જે કર્યું. એમાં વળી શેરૂ ઉપર ચઢાઈ કરી અને આ લડાઈમાં શેરૂ હાર્યો અને તે પ્લાંસવા (પલાંસવા) કોઈ આશરો ગોતતો ઈ (શિરૂ)

અહીં આવી પુગ્યો. ઈ વખતે વનાજી ખીજડી પૂજન કરવા જતા હતા. ઈ સમયે શિરૂં સામે આવ્યો. એવામાં ગામ આખું ભેગું થઈ ગયું. એનામાં કોઈકે કીધું કે, આ બાદશા જેવો લાગે છે. એટલે વનાજી ઘોડા ઉપરથી હેઠા ઊતરા. ઓલાએ (શેરૂએ) તલવાર આમ હેઠે ધરી. એટલે વનાજીને થ્યું કોક શરણાગત લાગે છે. વનાજીએ એને કીધું કે હું ખીજડી પૂજન કરીને આવું. શેરૂએ કીધું કે, મને રજા ઘો. નકર બાદશાહની ફોજ ચડી આવશે તો એના ધૂંમાડામાં પલાંસવું નહીં દેખાય. વનાજીએ કીધું કે, આપણે લડી લેશું એમાં પ્લાંસવાના માણસોએ સાદ દીધો. અમે હવે ગરઢા થ્યાં પાંચ દી' વેલા મરશું. અમારા એક ગૌહાસી, મહારાજ અને વનાજી ત્રણેય ભેગા હતા. યુદ્ધમાં તોપની પેલી જ વારમાં શેરૂખાન મરાણો. પ્લાંસવા (પલાંસવા) હાલ એ હજુરિયા પીર તરીકે પૂજાય છે. વનાજી પણ આ યુદ્ધમાં કામ આવ્યા. હાલમાં આખું ગામ વનાજીને જાર કરે છે અને શેરૂખાનને નાળિયેર ચડાવે છે." (૧૭)

અહીં અલગ–અલગ માહિતીદાતા પાસેથી જુદી–જુદી કથા મળે છે. જેમાં પ્રથમ માહિતીદાતા બનેસંગ અને ઝુઝારસંગ વાઘેલા વનાજીની (શૂરા) થયા પાછળ ધાડપાડુઓને જવાબદાર ગણાવે છે. જયારે પીર અમીનહાજીના કહેવા પ્રમાણે દિલ્હીનો શેરૂખાન વનાજીના શરણે આવ્યો હતો અને વનાજીએ તેમને આશરો આપ્યો. આથી બાદશાહે વનાજીના ગામ પર ચઢાઈ કરી હોવાની વાત કરી છે. આ જ વાત લોદ્રાણીના જશુભા પણ કરે છે પરંતુ જશુભાના કહેવા પ્રમાણે શિરૂખાન માત્ર એકલો જ આવ્યો હતો. જયારે પીર અમીન કહે છે કે, શિરૂ તેનાં ભાઈ–બહેન સાથે આવ્યો હતો.

આ ઉપરાંત પણ પીર અમીનહાજી કહે છે કે, ગામમાં તે વખતે બાવાજીની જમાત આવેલી અને તેમને વનાજીએ સિધુ આપ્યું હતું. આથી બાવાઓને ના પાડવા છતાં બાવાઓની જમાત બાદશાહ સામે લડી. એવી વાત કરી છે. જયારે જશુભાએ બાવાઓની કોઈ વાત કરી નથી.અહીં એ નોંધવું રહ્યું કે વનાજી શરણાગતને ખાતર ધીંગાણામાં કામ આવ્યા હશે.

નાગજીભાઈ ભટ્ટીએ પણ પલાંસવાના પાળિયામાં રાજવી વનાજીનો ત્રણેક પાળિયામાં ઉલ્લેખ મળ્યાની વાત કરી છે.

વનાજીના પાળિયા સિવાય બીજા ત્રણ પાળિયામાં પણ વનાજીનો ઉલ્લેખ જોવા મળે છે. પાળિયાની પરંપરા પ્રમાણે આ ત્રણેય આકૃતિ પદાતિની જણાય

છે. જે વનાજીની વારમાં કામ આવ્યા હોય.

## ૭.૧૪ * કેસરીસંગનો પાળિયો :-

બેલા ગામથી થોડે દૂર બિલે✓ર મહાદેવનું મંદિર છે. જયાં રાજવંશની છતરડીમાં એક પાળિયો છે. જે કેસરીસંગનો છે એમ કહેવાય છે. આ પાળિયાની કથાના માહિતીદાતા શ્રી ભચુભા વાઘેલાના કહેવા પ્રમાણે વીર કેસરીસંગની બારમી–તેરમી પેઢીએ પોતે (માહિતીદાતા) થયા. કેસરીસંગ સતાજીના શૂરા થયા પાછળનો કંઈક આવો ઈતિહાસ મળે છે જે જોઈએ તો –

"વાવ (થરાદ)નો રાણો (ખબર નથી) કેસરીસંગના મૂળ ગામ ગેડી ઉપર ચઢાઈ કરે છે. આ ગેડી ગામમાં કેસરીસંગ તથા તેમના સાથીદારો એક વાડામાં સૂતા હતા, ત્યારે રાણાના સૈનિકોએ વાડાને બહારથી સળગાવ્યો ત્યારે બહાર રહેલ સૈનિકો સાથે લડવું શી રીતે ? એવો પ્રશ્ન કેસરીસંગ તથા તેમના સાથીદારોને થયો ત્યારે તેના સાથીદારોમાં રહેલ એક વફાદાર વાળંદે ગોદડું ભીનું કરીને પોતે તેમાં વીંટળાઈને વાંકો ઊભો રહ્યો અને કેસરીસંગ તથા તેના સાથીદારોને કહ્યું કે, તમે મારા ઉપરથી ટપીને જતા રહો. આમ કરવાથી કેસરીસંગ, તેના સૈનિકો વગેરે લડતાં–લડતાં વીરગતિને પામ્યા. તેની સાથે રહેલો વાળંદ પણ મરાણો. આ બનાવ ગેડીમાં બન્યો હતો. ત્યારે આ ગેડી ગામ ગેડી તરીકે ઓળખાતું ન હતું. (જૂના જમાનામાં ગેડીનું નામ ધૃતપદી હતું. તેથી કદાચ ધૃપદી તરીકે ઓળખાતું હશે.) કેસરીસંગના કામ આવ્યા પછી કેસરીસંગના સગાભાઈ વીહાજીએ પાછળથી એક નવું બેલાગામ વસાવ્યું હતું અને તે ગામના બિલે✓ર મહાદેવના મંદિરમાં કેસરીસંગ તેમના સાથીદારો તથા પેલા વાળંદનો પાળિયો વીહાજીએ ઊભો કર્યો હતો." (૧૮)

કેસરીસંગના પાળિયા નીચે, નીચે મુજબનું લખાણ વાંચવા મળે છે. –

॥ સંવત ૧૬૬૭ વરૂપ × × ×
× × × × × × × × × ×
× × × × × × × × × ×
× × × × વાઘ × શ્રી ×
× × × × × × ×

કેસરીસંગના પાળિયા નીચે માત્ર આટલું જ લખાણ વાંચવા મળે છે.

આ લખાણ પરથી એવું તો ચોક્કસ કહી શકાય કે, સં. ૧૬૬૭ માં આ બનાવ બનેલો હોવો જોઈએ. વળી, વાઘ શબ્દ વંચાય છે. એટલે વાઘેલા હોવું જોઈએ

પાળિયાના ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની નિશાની જોવા મળે છે. વચ્ચે ઘોડેસવારની આકૃતિ છે. ઘોડાનું મુખ ઉત્તરદિશામાં છે, ઘોડેસવારના હાથમાં તલવાર અને ઢાલ દેખાય છે.

અમારી મુલાકાત દરમિયાન અમને કેસરીસિંહ (કેસરીસંગ) ના પાળિયા નીચે ઉપરોકત લખાણ મળ્યું છે. જયારે નાગજીભાઈ ભટ્ટીએ નોંધ્યું છે.

સં. ૧૭૬૩ પો. સુ. ૭ સોમવાર.

× × × વાઘેલા કેસરજી સુત.

× × × × × ×

અહીં તેમણે કેસરજી સુત એવું લખ્યું છે. વળી સં. ૧૭૬૩ લખી છે. અમને ૧૬૬૭ જેવું વંચાયું હતું. વળી માહિતીદાતાએ કેસરીસંગ કે કેસરીસિંહની માહિતી આપી હતી અને તેનો પાળિયો તેના ભાઈ વીહાજીએ ઊભો કરાવ્યાની વાત કરી છે. પરંતુ ભટ્ટીએ કેસરજી સુતનો ઉલ્લેખ કર્યો છે. જો કે, હાલમાં પાળિયા નીચેનું લખાણ મળતું ન હોવાથી સ્પષ્ટ રીતે કહી શકાય તેમ નથી.

### ૭.૧૫ * જેમલજીનો પાળિયો (મોટી–નાની રવ) :-

જાડેજાની વસ્તી ધરાવતું આ ગામ પાંચ હજાર વર્ષ જૂનું છે. નાની રવ અને મોટી રવ બંને ગામ બાજુ–બાજુમાં છે. મોટી રવ મોટું છે અને નાની રવ નાનું ગામ છે. મદારસિંહજીના કહેવા પ્રમાણે – કંથકોટમાં દેદા રાજ કરતા હતા. રત્તા રાયધણના દીકરા દેદાનો અમલ અહીં હતો. પાંડવોના વખતમાં પણ આ ગામ હતું એવું માહિતીદાતા કહે છે.

આ ગામમાં માલરાય તળાવની સામે જ પ્રાથમિક કન્યાશાળા આવેલી છે. આ તળાવની પાર ઉપર ત્રણ પાળિયાઓ છે. તેમાંનો એક પાળિયો જેમલજીનો છે. પાળિયા નીચેનો લેખ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે.

સવંત ૧૮૨૩ ના વ × × × × ×

દન શ્રી × વ ન દ × × × ×

મ ત × × × × × × × ×

જ ડે જા શ્રી જેમલજી થ × ×

મ શ્ર વ ૭ ત વર્ષણ × × ×

જ ડ જી શ્રી જ × જી વ ણ ૭

સં વ ર મ ર વ છે.

આ પાળિયાની આકૃતિ પરંપરિત છે. ઘોડેસવારના હાથમાં તલવાર અને ઢાલ છે. ઉપર સૂર્ય–ચંદ્રની નિશાની છે. ઘોડાનું મુખ ઉત્તરમાં છે.

માહિતીદાતા શ્રી મદારસિંહ કાળુભાના કહેવા પ્રમાણે "જયારે કચ્છમાં બીજા ખેંગારજીનું રાજ હતું. ત્યારે મોગલો અવાર–નવાર ચઢાઈ કરતા. તે સમયમાં તે સમયે જેમલજી પણ આ મોગલો સામે યુદ્ધે ચડતા કામ આવેલ છે." (૧૯)

* બીજા માહિતીદાતા શ્રી ભુરૂભા પરાગજી જાડેજાના કહેવા પ્રમાણે "આ જેમાલજીનું ધીંગાણું વારાઈના જત સાથે થતાં કામ આવેલ છે. બનાવની વિગત એવી છે કે, જેમલજીના ભાઈઓ જે આજુબાજુના ગામમાં ધાડપાડતા અને લૂંટફાટ ચલાવતા તે સમયે જેમલજી જે નવપરણિત હતાં. તેથી તેમના ભાઈઓએ તેમને સાથે લઈ જવાનું યોગ્ય સમજાયું નહીં. તેથી તેઓ એકલા જ ધાડપાડવા ગયા હતા. એ સમય દરમિયાન વારાઈમાં જતનું શાસન હતું. આ જત લોકો આ રવ ગામ ઉપર અચાનક ચડી આવ્યા. સૌ પ્રથમ તો આ ગામના રબારીઓ ગાયો ચરાવતા હતાં તેમની સાથે તેમનો ભેટો થયો. તેથી રબારીઓએ રોકવા પ્રયત્ન કર્યો અને આ સમયે જેમલજી પણ ઘરની બહાર નીકળ્યા હતા. ત્યારે કોઈ માણસે તેમને સમાચાર આપ્યા કે, આપણા ગામ ઉપર જતલોકો ચડી આવ્યા છે, જેથી જેમલજી દોડી તલવાર લઈ જતોને રોકવા નીકળી પડયા. બંને વચ્ચે બરાબરનું ધીગાણું જામ્યું. જેમલજી સાથે રબારીઓ પણ હતા." (૨૦) જે જગ્યાએ આ બનાવ બન્યો હતો ત્યાં તેમની ખાંભીઓ છે. ત્યારબાદ આ ગામમાં તળાવની પાર ઉપર પાળિયો જડાવેલ છે.

પાળિયાના લખાણ ઉપરથી એવું કહી શકાય કે, જેમલજી સંવત – ૧૮૨૩ ના થયા છે. પાળિયા નીચેના લખાણમાં પણ જાડેજા જેમલજી એવું લખાણ જોવા મળે છે. વળી, ગામનું નામ રવ પણ ઉકલે છે.

આમ છતાં, પ્રથમ માહિતીદાતા જેમલજી ખેંગારજીની વારમાં કામ

આવ્યાની વાત કરે છે. પરંતુ કચ્છના ત્રણમાંથી એકેય ખેંગારજીનો સમય પાળિયા પરના લેખ સાથે સંબંધ ધરાવતો નથી. છતાં બીજા માહિતીદાતાની માહિતી સત્યથી થોડી નજીક લાગે છે. કેમકે, જેમલજી સાથે રબારીઓ પણ કામ આવ્યા હતા. એ જગ્યાએ રબારીઓની ખાંભીઓ જોવા મળે છે.

## ૭.૧૬ * ગઢડા (રાસાજી) ના પાળિયા :–

કચ્છ જિલ્લામાં આવેલ રાપર તાલુકો જે વાગડ તરીકે ઓળખાય છે. શૂરવીરતાની બાબતમાં વાગડ પંથક પાછળ રહ્યું નથી. અહીંના ઘણા પાળિયાઓ શૌર્યતાની ઓળખ આપતા ઊભા છે. આવા પાળિયાઓમાં રાપરથી ૩૦–૩૫ કિલોમીટર દૂર ગઢડા (રાસાજી) કરીને એક ગામ આવેલ છે. આ ગામ જૂના સમયમાં અસ્તિત્વ ધરાવતું હતું. જે બાલાસરથી આઠથી દસ કિલોમીટરના અંતરે આ ગામ આવેલ છે. આ ગામમાં સિંધલ સોઢાની વસ્તી વસવાટ કરતી હતી. (નવા ગઢડામાં વાઘેલાના ઘર આવેલ છે.) જૂના સમયનું આ ગામ જૂના ગઢડા તરીકે ઓળખાય છે. જે હાલમાં અસ્તિત્વ ધરાવતું નથી. આ જૂનું ગઢડા જે જગ્યાએ હતું તે જગ્યાએ અત્યારે ઊંચી ટેકરી પર મોમાઈ માતાજીનું એક મંદિર આવેલ છે. એ ટેકરીના નીચેના ભાગમાં એટલે કે, તળેટીમાં તેર જેટલા પાળિયાઓ આવેલા છે. જેમાં નીચે મુજબનાં લખાણો પ્રાપ્ત થયેલ છે. –

સવત ૧૮૫૯ વરષે ફગવદ ૧૦ દન ×
× × ૨ જ વર ટક છે. વધલજી × × × ×
ક છ ઠ ૫ ૨ × દ વ ૨ જી × × × × × × ×
× × × × × × × ગ ઢ ળ

ઉપરનો પાળિયો શૂરા અને સતીનો ભેગો પાળિયો છે. બોળા અક્ષરો હોવાથી લખાણ સ્પષ્ટ થતું નથી.

* **બીજા પાળિયાનું લખાણ :–**

સંવત ૧૮૫૯ ન વરષ સ વદ ૧ દન સધલ
× ણ મ લ જી × × છે × × નધળ × × ×
× × × × છમજી × ગઢળ

અહીં પણ બાકીનું લખાણ ઉકલતું નથી.

આ પાળિયામાં પણ સૂર્ય–ચંદ્રની નિશાની છે. ઘોડેસવારના હાથમાં તલવાર દેખાય છે.

*        **ત્રીજા પાળિયાનું લખાણ :–**

સં વ ત ૧૮૩૭ વર

ષ સવ વદ ૧૬ લ

વ લ અ ર જી લ ગ

× × × × × × ×

અહીં પણ આકૃતિ પરંપરિત છે. ઘોડેસવારના હાથમાં તલવાર, ઢાલ દેખાય છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્ર નાં નિશાન દેખાય છે. વળી, આ પાળિયાની સંવત ૧૮૩૭ છે. આગળના બંને પાળિયાની સંવત ૧૮૫૯ ની હતી.

*        **ચોથા પાળિયાનું લખાણ :–**

શ્રી । સંવત ૧૮૩૭ પ સ વદ પ

સઘલ વસન પલ ગ્શ્ર છે

સધલ ગબ × × વ છે × ×

× × ને પરમ × × × ×

× × × છે આગળ દેખાતું નથી.

*        **પાંચમા પાળિયાનું લખાણ :–**

શ્રી સંવત ૧૮૩૭

વદન સ ધ લ અ ળ જી ×

ન ધ લ પ લ ગ્શ્રી રૂ ળ છે

લ ગ × × × ×

## ૭.૧૭ * રણમલ્લજી તથા ભોજરાજજીના પાળિયા :–

આ ઉપરાંત છઠ્ઠા પાળિયામાં પણ ૧૮૩૭ વંચાય છે. આનો અર્થ એ થયો કે આ બધા પાળિયાઓ એક સમયમાં થયા હોવા જોઈએ. ઉપરોકત ત્રણેય પાળિયાની સંવત ૧૮૩૭ મળે છે.

આ ઉપરાંત બીજા બે પાળિયાઓ ઉપર પથ્થરનું મંદિર બનાવેલ છે.

તેમાં એક જ પાળિયામાં બે ઘોડેસવારની આકૃતિ ઉપર સૂર્ય–ચંદ્રની નિશાની, હાથમાં ઢાલ–તલવાર જોવા મળે છે. તેની નીચેનું લખાણ નીચે મુજબ છે.

સ ઘ લ મ ભ શ્રી વ ર ર
ણ મ લ જી મ લ ફ પ
ગ્ર ત વ છ ક ટ ક મ
ન ક મ શ્રી વ ઘ ક ×
× × × ×

આ પાળિયાના બીજા ભાગ પર સંવત ૧૮૬૬ વરષે જેવું વંચાય છે. તેની નીચેનું લખાણ વંચાતું નથી.

ઉપરોકત પાળિયાના લખાણમાં રણમલજી નામ વંચાય છે. વળી, આ જ પાળિયાના બીજા ભાગ પર સંવત ૧૮૬૬ વંચાય છે. એટલે કે, આ પાળિયા ૧૮૬૬ ના હશે. આ પાળિયાઓ સિંધલ સોઢાઓના છે. એવું માહિતીદાતા કહે છે. વળી, દરેક પાળિયામાં સઘલ વંચાય છે એટલે કે, સિંધલ હશે. એ ઉપરાંત પાળિયામાં રણમલજીનો ઉલ્લેખ છે. એ રણમલજીની કથા પણ પ્રાપ્ત થાય છે.

પથ્થરના મંદિર નીચેના જે બે ભેગા પાળિયાઓ દષ્ટિગોચર થાય છે, તેમાંનો એક પાળિયો રણમલજીનો છે. જે સિંધલ સોઢો હતા. અને જમણી બાજુનો પાળિયો ભોજરાજજીનો છે. જેમાં ડાબી બાજુના પાળિયામાં રણમલજીનો ઉલ્લેખ મળે છે. જોકે, ભોજરાજજીના પાળિયામાં ભોજરાજજીનો ઉલ્લેખ મળતો નથી. પરંતુ માહિતીદાતાના કહેવા પ્રમાણે તે ભોજરાજજીનો પાળિયો છે. માહિતીદાતાના કથન મુજબ "રણમલજીના ભાણેજ કાયાજી પરિવારમાં હતો. જેઓ નાગડા વાસમાં રહેતા ત્યારે મોરબી ઠાકોર સાથે તેમના ભાણેજને વેર થયેલ. જેથી રણમલજી મોરબી ઠાકોર સાથે સંધિ કરવા માટે મોરબી ગયેલા જેમાં મોરબી ઠાકોર સાથે સંધિ કરવાને બદલે ધીંગાણું થયું અને એમાં રણમલજી કામ આવી ગયાં." (૨૧)

ગઢડા (રાસાજી) ગામ એ છેલ્લું ગામ ગણાય છે. તેની પાછળનો વિસ્તાર બન્ની તરીકે ઓળખાય છે. આ ગામથી પાકિસ્તાન નજીક થાય છે. કોઈ વ્યકિત રાતે સાંઢળી લઈને પાકિસ્તાન જાય તો સવાર થતાં–થતાં પાછો આ ગામ પહોંચી શકે છે. એટલું નજીક થાય છે આ ગામ.

## ૭.૧૮ * ભિયા કક્કલનો પાળિયો (રાપર–રેલડી) :–

વાગડમાં આવેલ રાપર રેલડી ગામ જે અત્યારે નામ શેષ થઈ ગયું છે. પરંતુ એક જમાનામાં એ ગામના એક પુઢષની અજોડ કુરબાનીને કારણે તે ગામ ઈતિહાસના પાના પર અમર બની ગયું છે અને તે પુઢષ બીજો કોઈ નહીં પરંતુ પોતાના ફૂલ જેવા છ–છ દીકરાઓનાં બલિદાન આપનાર ભિયા કક્કલ તેની કુરબાનીની કથાઓ આજે પણ ઈતિહાસના ચોપડે ચમકે છે. તેવા ભિયા કક્કલને કોટિ કોટિ વંદન.

**કચ્છ કક્કલ રખેયો, રખેયો કાછેરા,**
**કાં વિયાણી મલ્લણી, કાં અકબર માં**

**અથવા.**

**રાવલ કક્કલ મારેયા તાણે તેજ તરાર**
**ભીંયે સઘા બાર, પછાડે પિયું કે આ ..." [૨૨] કચ્છી દુહા.**

કચ્છના ગૌરવભર્યા ઈતિહાસનો ઉલ્લેખ થાય એટલે ખુમારીભર્યા જે પાત્રો નજરની સામે આવે તેમાં ભિયા કક્કલ અને તેની વીરાંગના પત્ની મલ્લણીબાઈ અવશ્ય હોય જ ! કચ્છની પ્રજા આજે પણ તેની વીરતાને વિસરી નથી. કારણ કે, તેણે કચ્છના રાજવંશની રક્ષા ખાતર પોતાના દુધમલિયા છ–છ પુત્રોના લુલીડાં માથાં સમર્પિત કરી દીધાં હતાં. "વિક્રમની સોળમી સદીમાં કચ્છ રાજકીય કાવાદાવા અને ખુનામરકીથી ખદબદી રહ્યું હતું. ત્યારે જામ રાવળે કચ્છની ગાદી હસ્તગત કરવા દગા અને કપટથી હમીરજીનું ખૂન કરી હમીરજીના ગાદી વારસ પુત્રો (કુંવરો) ખેંગારજી અને સાહેબજીને શોધીને ખતમ કરવા આકાશ–પાતાળ એક કરવા લાગ્યા." [૨૩] ચૌદ અને બાર વરસની કુમળી વયના આ રાજકુમારોને હમીરજીના વિ✓ાસુ સેવક છચ્છરબૂટાએ ઊંટડી પર બેસાડી અમદાવાદની વાટ પકડી. જામ રાવળની ફોજ તેની પાછળ આવી. જામ રાવળની સાથે તેનો એક પ્રખ્યાત પગી મેરામણ પણ સાથે હતો. તે આજુબાજુના પંથકમાં પંકાયેલો હતો." [૨૪] આ બાજુ અમદાવાદના બાદશાહ મહમદ બેગડા પાસે રાજકુમારોને પહોંચાડવા છચ્છરબૂટો કચ્છનું રણ પાર કરતાં પહેલાં વાગડના રાપર રેલડી (જે ગામ અત્યારે નામશેષ થઈ ગયું છે.) ના પોતાના પરમ મિત્ર ભિયા કક્કલ પાસે વિસામો લેવા રોકાયો.છચ્છરે પોતાના સાથે બે રાજકુમારો પાછળ તોળાઈ રહેલાં

જોખમથી  ભિયાને વાકેફ કર્યા. પણ ભિયા એ ગમે તેવાં જોખમે કુંવરોને આશરો આપવાની તૈયારી બતાવી. મેરાયણ જેવા ચુનંદા પગીઓની મદદથી રાવળ આવી પહોંચ્યો. આથી બુદ્ધિશાળી ભિયાએ છચ્છર, ખેંગારજી, સાહેબજી તથા કુંવરોના મામા સોઢા રાસોજીને ખેતરોમાં ચારાના ડાંડરની કાલરોમાં છુપાવી દીધાં." (૨૫) રાવળે ભિયાને ભીંસમાં લીધો અને કુંવરો અંગે ઘણી પૂછપરછ કરી પણ ભિયો પોતાના નિર્ણયમાં અડીખમ રહ્યો. આખરે ધીરજ ગુમાવી ચુકેલા રાવળે ધમકી આપી કે જો તું કુમારો વિશે માહિતી નહીં આપે તો તારા પરિવારને ખતમ કરી નાખીશ. એમ કહેતાંક ને ગુસ્સાથી લાલ–પીળો થયેલો રાવળે હોંશ ગુમાવીને ભિયાના થરથર ધ્રુજતા છોકરાઓને એક પછી એકને ઢસડીને આગળ કરીને ભિયા–મલ્લણી માતા–પિતાની નજરની સામે જ વધ કરવા માંડયો. ભિયાની આંખો સૂકી બની ગઈ. હવે માત્ર એક જ દીકરો બાકી રહ્યો હતો. ભિયો હારવાની તૈયારીમાં હોય તેવું જણાતું હતું કે, તેની પત્ની મલ્લણી આગળ આવીને ભિયાને સંભાળતા અને જામ રાવળને કહેવા લાગી કે, હવે અધૂરું શું કામ છોડો છો ? અને તમને કેટલી વખત કહ્યું કે, અમે કુંવરો વિશે કશું જ જાણતાં નથી. છતાં તમને અમારા પર તલભાર પણ વિ√ાસ આવતો નથી. તો હવે મારો એક છોકરો બાકી રહ્યો છે, તો તેને પણ ખતમ કરી નાખો અને પછી અમને બંનેને જલદીથી પતાવી દો એટલે આપણે બંને છૂટી જઈએ. હવે રાવળ ઢીલો પડયો, મલ્લણી સામે જોવાની તેનામાં હિંમત રહી નહીં અને વાડીના દરવાજા ભણી ચાલવા માંડયો. પાછળથી તેને ખબર પડી કે કુંવરો તો ભિયાની વાડીના કાલરામાં છૂપાવ્યા હતા. ત્યારે તે ઘડીભર લાલપીળો થઈ ગયો. પણ સાથે જ મલ્લણી જેવી માતાએ પોતાના દીકરાઓની આગળ કુંવરોને અગત્યના ગણ્યા. આથી તે મનોમન મલ્લણીને વંદન કરવા માંડયો. વળી મા આશાપુરાના આશીર્વાદ હમીરજી પર હોવાથી હવે તેના કુંવરોને ઊની આંચ પણ નહીં આવે તેમ જામરાવળને લાગતાં તેણે થયું કે હવે તો અહીંથી ઉચાળા ઉપાડયે જ છૂટકો !" (૨૬)

અહીં એ નોંધવું રહ્યું કે, કચ્છ દેશનો ઈતિહાસ પુસ્તકમાં તેના લેખક આત્મારામ દ્વિવેદી ભિયાએ સંતાડેલ વ્યકિતઓમાં ખેંગારજી, સાહેબજી, છચ્છરબુટો તથા રાસોજી (કુંવરોના મામા) નો ઉલ્લેખ કરે છે. ફકીર મામદ ચાકી પણ કુંવરોની સાથે તેના મામા રાસોજીનો ઉલ્લેખ કરે છે. જયારે ' કચ્છના કળાધરો ' પુસ્તકમાં – લે. દુલેરાય કારાણી કુંવરોના મામા તરીકે રાસોજીનો ઉલ્લેખ કરે છે.

રાપર રેલડી ગામ અત્યારે નામ શેષ થઈ ગયું છે,પરંતુ ભિયાના વંશજોએ ભુજ તાલુકામાં નવું રેલડી ગામ વસાવ્યું છે, ત્યાં પણ ભિયા અને તેની પત્નીનો પાળિયો જોવા મળે છે.

## ૭.૧૯ * ઢોલીની ખાંભી :–

કચ્છ માટે કહેવાય છે કે, કચ્છના ગામડે–ગામડે પાળિયાઓ જોવા મળે છે. એમાંય કચ્છનો વાગડ વિસ્તાર તો જાણે પાળિયાઓની કથા કહેવા જ બેઠો હોય એવું લાગે છે. રાપર તાલુકામાં આવેલા મોડા અને શણવા ગામની સીમમાં એક ટીંબો છે. આ ટીંબા ઉપર એક ખાંભી ઊભી છે. માહિતીદાતાના કથન અનુસાર "એક વખત એક જાન મોડા ગામ પરણવા જતી હતી, ઈ જમાનોય બહારવટિયાનો એટલે બહારવટિયાઓને ખબર પડી કે જાન મોડા પરણવા જાય છે. હવે જાનને લૂંટયા વગર ના મૂકાય એમ વિચારી બહારવટિયાની એક ટોળકી મોડા ગામ સામે ગઈ. એમાં શણવા ગામનો એક ઢોલ વગાડવાવાળો ઢોલી મોડા ગામમાં ઢોલ વગાડવા જતો હતો. એને રસ્તામાં બહારવટિયાને જોઈ લીધા. એટલે એણે વિચાર્યું કે નક્કી આ બહારવટિયાઓ મોડા ગામમાં જતી જાનને લૂંટશે. ગમે તેમ કરીને મારે જાનને ઉગારવી જોઈએ. એટલે એને પાસે જે ઢોલ હતો એ ઢોલ લઈને ધુબ્રાંગ–ધુબ્રાંગ કરતોકને ઢોલ વગાડવા માંડયો એટલે ગામના માણસો પહોંચી જાય અને બચી જાય. બીજી બાજુ ઓલા બહારવટિયાઓને ખ્યાલ આવ્યો કે આ ઢોલીડો જાન બચી જાય એટલે ઢોલ વગાડે છે. ઓલા બહારવટિયા તો ઢોલીની પડખે આવી ગયાને ઢોલીને ઢીબવા માંડયા પણ ઢોલ મૂકે તો એ ઢોલી શેનો ? એટલે એણે ઢોલ વગાડવાનું ચાલુ રાખ્યું. ઓલા બહારવટિયાઓએ તો ઢોલીને ઢાળી જ દીધો. (મારી નાખ્યો)." [૨૭]

## *૭.૨૦ * સતી જીવણીનો પાળિયો :–

આ એ જમાનાની વાત છે. મારે એની તલવાર અને રાખે એની જમીન. નબળાનું તો કામ જ નહીં. સબળા હોય તો અન્યાય સામે માથું ઊંચકે. ઘણા માનપૂર્વક સમાધાન કરે તો ઘણા અન્યાય સામે ખપી જાય. અન્યાય ખાતર ખપી જનાર જીવણી સતીની કથા પણ કંઈક આવી જ છે. વાગડના રાપર તાલુકાનું કાનમેર ગામ. ૩૦૦ વર્ષ

પૂર્વે  કાનમેરમાં દેવાજી ઠાકોરનો અમલ ચાલે. દેવાજીનો ડંકો આજુબાજુના પ્રદેશમાં વાગે. તેના પિતા અલિયાજી ત્રણ સંતાનો મૂકીને સ્વર્ગે સિધાવ્યા હતા. જેમાં દેવાજી મોટા હોવાથી તે ટીલે બેઠા. બીજા બે ભાઈઓ સવાજી અને નારણજી પોતાના મોસાળ સૌરાષ્ટ્રમાં રહેતા હતા. આ ગામમાં રાસુ નામે એક માલધારી રહેતો હતો. તે ગરીબ હતો. થોડાં ઘેટાં–બકરાં જંગલમાં ચરાવીને ગુજરાન ચલાવીને જીવતો. એ જ રીતે એક વખત ઘેટાં–બકરાં ચરાવવા જતાં જંગલમાંથી તેને એક કન્યા મળી. ખૂબ તપાસ કરી પણ તેનાં માતા–પિતાનો પત્તો લાગ્યો નહીં. તેનું નામ જીવણી. તે પણ જંગલમાં ઘેટાં–બકરાં ચરાવવા જતી, ઉપરાંત ઘર કામ કરતી. હવે એક વખત તેના પિતા નિત્યક્રમ જંગલમાંથી ઘેટાં–બકરાં ચરાવીને આવતા હતા. ત્યાં દેવાજીની નજર ઘેટાં–બકરાં ઉપર પડી. તેમણે ચાર–પાંચ ઘેટાં–બકરાંની માંગણી રાસુ સમક્ષ કરી. રાસુ ગરીબ હોવાથી ઘેટા–બકરાં આપવાની ચોખ્ખી ના પાડી દીધી. દેવાજીને આ વાત ગમી નહીં. તેણે ગુસ્સે થઈને રાસુને કેદમાં પૂર્યો તથા તેનાં ઘેટાં–બકરાં ઉપર કબ્જો કર્યો. સાંજ થઈ પણ રાસુ આવ્યો નહીં. આથી જીવણીને ચિંતા થઈ. તપાસ કરતાં જાણવા મળ્યું કે, દેવાજીએ રાસુને કેદ કર્યો છે. આથી તેણે ગામના માણસોને કાલાવાલા કરીને દેવાજી પાસે જવા વિનંતી કરી પણ કોઈ દેવાજી પાસે જવા તૈયાર ન થતાં જીવણી જાતે ગઈને દેવાજીને સાદ દીધો અને પોતાના પિતાને મુકત કરવાની નમ્રતાથી વાત કરી કે, આપ તો ધણી છો ! ત્યારે એક જણે કહ્યું કે, તો તું બાપુની ધણીયાણી થઈ જા ને ! આવા અપમાન છતાંય દેવાજી હસતા હતા. આથી ચારણિયાણી (રાસુને પાછળથી ખબર પડી હતી કે, જીવણી કોઈક ચારણની દીકરી છે.) એવી જીવણીનું રૂવાડું કંપી ઊઠયું. તેણે એ જ સમયે પોતાના નખ વડે પોતાની છાતીને ચીરવા માંડી, તેમાંથી લોહીના ફૂવારા ઊડવા લાગ્યા. છતાંયે દેવાજીને જરાયે અસર થઈ નહીં. આથી જીવણીએ પોતાના લોહીનો ખોબો ભરીને દેવાજી તથા ત્યાં બેસીને જીવણીની મશ્કરી કરતાં બધાં પર લોહીના છાંટા ઊડાડયા અને દેવાજીને શાપ આપ્યો કે, તારે દીકરીએ દીવો નહીં રહે. લોહી નીતરતી હાલતમાં જીવણી માંડ ગામ સુધી પહોંચી અને ગામમાં પહોંચતા જ તે ઢળી પડી. એવામાં જસા નામના એક મુસલમાન કોળીએ તેને ઊઠાવી લીધી અને તેની શુશ્રૂષા કરી. મરતી વખતે સતીએ જશાને આશીર્વાદ આપ્યા કે તારા કુટુંબમાં કોઈ દિવસ મુશ્કેલી વેઠવી નહીં પડે. લોકો કહે છે કે, એના કુટુંબને મુશ્કેલી આવી નથી. જીવણીના મૃત્યુ પછી દેવાજીના ઘરની માઠી બેઠી. સૌરાષ્ટ્રમાં વસતા તેના

બંને ભાઈઓએ દેવાજી પાસે ગરાસ માંગ્યો. દેવાજીએ ના પાડી એટલે બંનેએ મળીને પોતાના ગરાસ ઉપરાંત દેવાજીનો ગરાસ પણ ઝૂંટવી લીધો. દેવાજી ભીખારી બનીને ગાંડાની જેમ રખડવા લાગ્યો. કુટુંબમાં કોઈ બિમારીને કારણે તો કોઈ આઘાતને કારણે મૃત્યુ પામવા માંડયાં. તો કોઈ પાગલ બન્યાં. લોકો કહે છે કે દેવાજીને સતી જીવણીનો શાપ લાગ્યો. દેવાજી દેદાણી શાખાના હતા. બધા દેદાણીઓ ખોરડા મૂકીને ચાલ્યાં ગયાં. ત્યાંના લોકો કહે છે કે, કોઈ વ્યકિત તેમના મકાનનો પથ્થર ઉપાડે તો પણ એ માંદા પડે." [૨૮] ત્યાંના લોકોના કહેવા મુજબ જીવણી સંવત ૧૫૭૭ માં સતી થયાં. પરંતુ નાગજીભાઈ ભટ્ટીએ નોંધેલા પાળિયા નીચેના લખાણમાં તો

સંવત ૧૭૭૪ .... ન જ, સુદ – ૨

સુદ ૨ ચરણ તેનો અર્થ નાગજીભાઈ એ નીચે મુજબ બેસાડયો છે.

સંવત ૧૭૭૪ ના જે (ઠ) સુદ ચરણ – ૨ તેમના કહેવા મુજબ હજુ નીચે લખાણ છ. પરંતુ તે વંચાતું નથી.

નાગજીભાઈ ભટ્ટી પાળિયા નીચેનું લખાણ ઉકેલતાં જીવણીનો સમય ૧૭૭૪ નો ગણે છે. જયારે ગામવાસીઓ સંવત – ૧૫૭૭ માં સતી જીવણી થયાનો ઉલ્લેખ કરે છે.

પરંતુ તાઃ– ૨૫/૫/'૦૮ ની અમારી મુલાકાત દરમિયાન મેં સતી જીવણીનું મંદિર / દેરી જોઈ પણ પાળિયા નીચે બિલકુલ લખાણ વંચાતું નથી. પરંતુ આ જ ગામમાં અલીયાજીનો પાળિયો મળે છે જેનું લખાણ મળે છે.

આ અલિયાજી તે જીવણી સાથે અન્યાય અને અપમાન કરનાર ઠાકોર દેવાજીના કદાચ પિતા હોય, કેમકે દેવાજીના પિતાનું નામ અલિયોજી હતું.

### ૭.૨૧ * વ્રજવાણીના પાળિયાઓ :–

વ્રજવાણી ગામ ગેડીથી બેલા જવાના રસ્તે આવેલું છે. આ ગામના અમરસર તળાવની બાજુમાં પાળિયાવાળી જગ્યાને ઢોલીથર કહેવાય છે. જયાં ઢુઆ (પીલું) નું ઝાડ છે. તેની નીચે સતીના પાળિયાઓ છે. તે માત્ર પથ્થરો જ છે. એમાંથી કેટલાક પથ્થરો ઊભા છે અને કેટલાક પથ્થરો નીચે પડી ગયા છે. તે પથ્થરોની વચ્ચે એક

મોટો પાળિયો છે. જેના વિશે એવું કહેવાય છે. કે, તે પાળિયો ઢોલીનો છે.

"રાપર તાલુકામાં આવેલ વ્રજવાણી ગામનું નામ સાંભળતાં જ કૃષ્ણ અને ગોપીઓની યાદ આવી જાય. કંઈક આવો જ સંબંધ વ્રજવાણી ગામની આહિરાણીઓ અને ઢોલીનો. આજ ઢોલી પણ એવા રંગમાં હતો કે ન પૂછો વાત. ઢોલીના તાલના તાલે ગામની આહિરની બાયું પણ એટલી જ મસ્તીમાં રમતી હતી. હાથીદાંતના જાડા ચૂડલાવાળા હાથની તાળીઓ પણ ઢોલના અવાજની હારોહાર રમઝટ બોલાવતી ' તી." (૨૯)

આમ તો ઢોલીનું આગળ–પાછળ કોઈ હતું નહિ પરંતુ ઉત્સવના દિવસે ઢોલીનો ભાવ પૂછાતો એ સિવાયના દિવસોમાં તે એકલો પડી રહેતો. આજે ગામમાં અખાત્રીજનો ઉત્સવ હતો. ગામ આખું હેલે ચડયું હતું. પુઢષો પણ અનેક સ્પર્ધાઓમાં લાગેલા હતા. સ્ત્રીઓને તો પેલા ઢોલીએ ગાંડી જ કરી નાખી હતી. તે ઢોર–ઢાંખર, છોકરાં ઘર બધું જ ભૂલીને –

**"વૃજ માધા આવણાં, ગીત ગરૂઆ ગાવણા,**
**વૃજ માધા આવણાં, ઢોલે રમાવણાં,**
**રાસે રમાવણાં, વૃજ માધા આવણાં,**
**આહીરાં વીચ આવણાં, વૃજ માધા આવણાં."** (૩૦)

"આમ સાંજ પડવા આવી. સીમમાંથી ઘણાં પાછા વળ્યાં. રાસ જોનારાંય થાકયાં ને ધીમે–ધીમે ઘર બાજુ વળવાનું વિચારવા લાગ્યાં... પણ રાસ રમવામાં બધુંય ભૂલી ગયેલી આહિરાણીઓ અને બારેય મેઘ ખાંગા થયા હોય એમ એકધારો એકધારો વાગતો ઢોલ ... જાણે આ રાસ કયારેય પૂરો થવાનો ન હતો, એમ એનાં તાલ કે ગતિમાં રજમાત્ર ફેર પડતો ન હતો." (૩૧)

"હવે આહિરોની ધીરજ ખૂટવા આવી હતી. પહેલાં આહિરાણીઓને અને પછી ઢોલીને ગાળો ભાંડી હતી. એવામાં બાજુના ગામમાંથી એક વહીવંચો આ તાલ જોવા ઊભો રહી ગયો હતો... તેને આહિરોની દશા પર હસવું આવ્યું. આથી આહિરો વહીવંચા પર ગુસ્સે થયા. વહીવંચાએ કહ્યું કે, તું મારી પર ગુસ્સે કેમ થાય છે. હવે તારી બાયડીએ તારું કહ્યું કરવાની નથી. એ પહેલાં ઢોલીનું કહ્યું કરશે. આથી પેલા જુવાન આહિર બરાબરનો ગુસ્સે થયો અને કોઈ એને સમજાવે,વાળે એ પહેલાં તો તે આહિર જુવાન

ગોળ કુંડાળામાં રમતી આહિરાણીઓને વીંધીને ઢોલી પાસે પહોંચી ગયો અને થોડી જ વારમાં લોહીના ફૂવારા ઊડવા લાગ્યા. ઢોલીનું ધડ તરફડતું હતું. ઢોલ હાથમાંથી પડી ગયો ત્યારે આહિરાણીઓ ભાનમાં આવી ઢોલીના મૃત્યુને તે મૂંગા મોઢે નિહાળતી રહી. એક પણ આહિરાણી રડી નહીં કે મૃત્યુ પર વિલાપ નહીં અને એ સાતવીસુ એટલે કે, ૧૪૦ આહિરાણીઓએ નક્કી કરી લીધું કે હવે તો ઢોલીના પાછળ ગ્યે જ છૂટકો ! આહિરોએ તેને ઘણી સમજાવી માથા પછાડવા લાગ્યા. પણ આહિરાણીઓએ તો જાણે આસકિત છોડી દીધી હતી. ગામમાં સરોવરના કિનારે આ રાસરમતના મેદાનમાં જ મોટી–મોટી ચિતાઓ ખડકાઈ ગઈ. અગ્નિ પ્રકટાવવામાં આવ્યો. એકસોને ચાલીસ એટલે કે સાતવીસું આહિર સુંદરીઓ પોતાના પવિત્ર પ્રેમપાત્ર ઢોલી સહિત અગ્નિદેવની ગોદમાં સમાઈ ગઈ – ભસ્મીભૂત બની ગઈ." (૩૨)

આ બનાવ ૧૫૧૧ માં બન્યો હતો. ત્યારે વ્રજવાણીમાં બહોળી સંખ્યામાં આહિરો વસતા હતા. પરંતુ બનાવ પછી આહિરોએ આ ગામનું પાણી હરામ કરીને ત્યાંથી ઊંચાળા ભર્યા. આ આહિરોનું જૂનું વ્રજવાણી ગામ આજે નાશ પામ્યું પરંતુ આજે નવું વ્રજવાણી ગામ વસાવ્યું છે. તેમાં એક પણ આહિર વસતો નથી. પટેલોની વસ્તી જ છે. બીજી જ્ઞાતિનાં થોડાં ઘર છે.

ડૉ. હસુ યાજ્ઞિક સંપાદિત ' ગુજરાતી લોકકથા ' પુસ્તકમાં નોંધ્યું છે. એ મુજબ "ઢોલીની ખાંભી ઉપર સંવત ૧૫૧૧ ના વૈશાખ સુદ–૪ ની મિતિ વંચાય છે." (૩૩) તેમજ શ્રી મૂળરાજ રૂપારેલે ઢોલીની ખાંભી ઉપર "સંવત ૧૫૧૧ ના વૈશાખ સુદ –૪ ની મિતિની વાત કરી છે." (૩૪)

એ જ રીતે ' ભાતીગર ભોમકા કચ્છ ' પુસ્તકમાં પણ વ્રજવાણીની ખાંભીઓની નોંધ છે. આ પુસ્તકમાં પણ ઢોલીની ખાંભી ઉપર "સંવત ૧૫૧૧ ના વૈશાખ સુદ ચોથ એવો ઉલ્લેખ મળે છે." (૩૫) ઢોલીની ખાંભીમાં સતીનો હાથ છે. નીચેના ભાગમાં કશુંક નિશાન છે જે સ્પષ્ટ થતું નથી. જેની નીચે આ પ્રમાણે લખાણ છે.

સંવત ૨૬૧૧
વષ વમાષ ક
૬૪ × મા ("

વ્ર મ વા × × ×

× × × ×

આવું વંચાય છે. તેમાં અમને કયાંય સંવત ૧૫૧૧ જેવું વાંચવામાં આવ્યું નથી.

## ૭.૨૨ * સતીમાના પાળિયા (ગામ : વરણું) :-

વરણું ગામમા સતીઓના પાળિયાઓ વરણુંદાદાના મંદિરની સામે આવેલા છે. "દંતકથા મુજબ વરણું ગામમાં ૧૪૦ (એકસોને ચાલીસ) એકર જેટલી ગૌચર જમીન જે ત્યાંના આયરો (આહિરો) એ ખેડેલી, પરંતુ ગામ લોકોએ એનો વિરોધ કર્યો અને વેણુદાદાના મંદિરમાં બધા બેઠા હતા છતાં પણ વેણુદાદાએ કોઈ પરચો આપ્યો નહીં. આથી ગામના એક વીરપુરુષે કટારી કાઢીને દાદાની મૂર્તને ટેકો આપી. અણીનો ભાગ પોતાના પેટ ભણી અને પાછળનો ભાગ મૂર્તિ સાથે રાખીને મૂર્તિને ભેટવા જેવો પ્રયત્ન કરતાં એ છરો તેના પેટમાં ખૂંપી ગયો. છતાં પણ વેણુદાદાએ કોઈ પરચો બતાવ્યો નહીં.

હવે ધીરજનો અંત આવ્યો હતો. આથી આ જ ગામની ત્રણ દીકરીઓએ પોતાનાં થાનલાં કાપીને ત્રાગું કરીયું (કર્યું). આમ થતાં તે ગામના આયરો (આહિરો) એ જમીન મૂકીને ગયા." [૩૬]

આ પાળિયા નીચેનું લખાણ નીચે મુજબ છે –

× વં ત ૧ ૮ ૩ ૫ ના વરષે × × ×

જી વા ળી × × × × × × ×

જા × × × × × × × × × ×

ભ ય સ ખ ડા છે જી ણ જી તી લ

જા ક × × ય રા વ જી ર જી મ

( । મ × સ શ્ર × × × ×

× × × × × × × × × ×

પાળિયાની આકૃતિમાં ત્રણ સ્ત્રીઓ છે. મધ્યમાં રહેલ સ્ત્રીની ઊંચાઈ વધુ છે. જયારે બંને બાજુ રહેલ સ્ત્રીની ઊંચાઈ થોડી ઓછી છે. ત્રણેય સ્ત્રીઓના હાથ

ખુલ્લા છે. પાળિયાના ઉપરના ભાગમાં પરંપરિત સૂર્ય–ચંદ્રની નિશાનીઓ દેખાય છે. જો કે, પથ્થર યોગ્ય આકારવાળો ઘડેલો નથી. છતાં તેમાંની ઉપરોકત આકૃતિ કોતરાવેલ છે.

### ૭.૨૩ * ભીમાસર ગામના પાળિયા :–

ભીમાસરનાં ડુંગર (ટેકરી) પર પાળિયાની મોટી હારમાળા જોવા મળે છે. કહેવાય છે કે, અહીં આખી જાન કપાઈ ગઈ હતી. આ પાળિયાઓની હારમાળાઓમાં એક પાળિયો વિશિષ્ટ છે,. જેમાં એક રથ ઉપર બે વ્યકિતઓ સવાર થયેલા જોવા મળે છે. આ ઉપરાંત દક્ષિણ દિશાથી અગિયારમો પાળિયો છે તેના વિશે વધારે કથા મળતી નથી. પરંતુ ત્યાંના લોકોના કહેવા પ્રમાણે તેમજ પાળિયા નીચેના લખાણ પરથી કહી શકાય કે એ પાળિયો વિભાજીનો છે જેઓ જાન લૂંટાઈ ત્યારે ધાડપાડુઓ સાથે ધીંગાણામાં લડતાં–લડતાં શૂરવીર થયા હતા. આ પાળિયા નીચે નીચે મુજબનું લખાણ વંચાય છે.

સંવત ૧૭૭૩ વરષે કાતી વદ ૬
દને ધક ફનુધાપાલી ૨વુ : વાઘે
મા શ્રી વિભાજી : સાથે માર ધકડ
કરસન નારણ ટાંકા ફિગ્શ્રા સુતા
વર વાવીસાનુ ઝાત તલ
વાઘેલા શ્રી મુલુજીજા વારીમા

ઉપરોકત લખાણમાં વિભાજીનું નામ મળે છે. વાઘેલા શ્રી મૂલુજીની વારી માં એવું નામ મળે છે. તે પરથી કહી શકાય કે ગામના તિલાટ મલુજી હોય.

વળી ત્યાંના પાળિયાઓમાં જુદા–જુદા સંવત જોવા મળે છે. તેથી એવું કહી શકાય કે, આ પાળિયાઓ જુદી–જુદી સંવતોમાં ટંકાવ્યા હોય અથવા તેનો આ બનાવ સાથે સંબંધ ન હોય. વળી તે પાળિયાઓનું લખાણ પણ વિભાજીના પાળિયા સાથે મળતું નથી. આથી તેના વિશે કશું કહી શકાય તેમ નથી. "પરંતુ ગામલોકો માત્ર વિભાજીનો ઉલ્લેખ કરે છે. જેઓ જાનમાં કપાણાં હતાં." [૩૭]

*** માત્ર પાળિયા નીચેનું લખાણ મળતું હોય તેવા પાળિયાઓ નીચે મુજબ છે. :-**

### ૭.૨૪. ૧ * ગેડી ગામના પાળિયા :-

પચાણજીના સમયમાં કામ આવેલ વીરનો પાળિયો. પાળિયા નીચેનું લખાણ નીચે મુજબ જોવા મળે છે.

સંવત ૧૬૮૨ વર્ષે ભાદરવા વદ
૧૧ દિને ગેહડી ગામે વીસ્ત્ર બુબુવ
વરશી સ્કૂજક જા સુત કુમાજ
તે ગાય ત્રુ કી ધુ ત હ સુમ ભારત
હાર જત ની ઘોડી ગૂડી જગજત
ભીર તરુના વહન્તે મત હુ જન્ને ગદ
ત્રં કીધુ ગ જ ઘરના રા ત ક છ
દ વે વશ રામ લષંત શ્રી રામ :

આ જ ગામમાં તળાવની બાજુમાં ઉત્તર બાજુના ત્રીજા પાળિયાનો લેખ નીચે પ્રમાણે જણાય છે.

સંવત ૧૬૯૨ વર્ષ માં ડૂબી ૫દ
૧૧ દિને ગેહડી ગામે વીસ્ત્રકા લેટ
કરણ સૂત કમા સૂત રામ ગાયની વા
રે બને સૂણી કો દે દેરામ જતુ ક્ષુમા
મલ દે દે શ્રી થી કા લેટ ટંક કા મ
ગદ બી દેવી સૂત ટ કા છ શ્રી રા
મે :

ઉપરોકત પાળિયો કમાના પુત્ર રામનો મળે છે. જે ગામની વહારે કામ આવ્યા છે. માત્ર પાળિયા નીચેનું લખાણ મળે છે. પરંતુ તેની કથા મળતી નથી.

## ૭.૨૫ * હમીરપર મોટી (તા : રાપર) નો પાળિયો :-

હમીરપરના દાથરું તળાવની પાળે ભરવાડ જ્ઞાતિના ઠાકોરજીનું મંદિર છે. તેના પરનો લેખ નીચે મુજબ મળે છે. પરંતુ આ પાળિયાની કથા મળતી નથી.

સંવત ૧૮૬૫ વર ×
શ્રી વત તર શ્રુદ્ ૧૪
દે × ન વ ધ ળ જી અ હુ જી
મ જી શ્રુ અ ર વ ર સં ૮ ૬ ર
ના વર મા ક્રમ અવ છે
તે – × × વ છ ળ જી
× × × × × ×

આ લખાણ જોતાં તેની સંવત ૧૮૬૫ ની મળે છે. સુદ – ૧૪, દેદા નવઘણજી અડુજી એવું નામ હશે.

## ૭.૨૬ * ભીમાસર (તા : રાપર) ના પાળિયા :-

આ ગામના ડુંગર ઉપર પાળિયાઓની હારમાળા છે. તેના વિશે કહેવાય છે. કે, જાન કપાઈ ગઈ હતી. તેના પાળિયાઓમાં એક પાળિયાનો લેખ –

શ્રી સંવત ૧૭૬૪ વરષે : : ત
શ્રી એ સદ ૩ દિન એ ગ લ લ :
લ ષ ધી ર ની દો ક રી વા શ્રી
ર ડી નુ પાઅી શ્રા : કમાર :
ન પાજ્ઞીનૂં : પરમાર : સત્
સત વસરામનું – ૧ વા જ્ઞી શ્રા
સો તા ર ખો જા ણ ને ટાંકલ
ર ૪ ૦ ૧ શ્રા ડ ક રતા કછ છ
ડા ભી : વા ર હ શ્રા માના ન સ
ષ :

આ પાળિયામાં સતીનો હાથ છે. એટલે આ પાળિયો સતીનો છે. પરમાર વંચાય છે.

### ૭.૨૭ * કાનમેરનો પાળિયો :–

આગળ જણાવ્યા મુજબ સતી જીવણીના પાળિયા નીચેનું લખાણ મળતું નથી. પરંતુ આ ગામમાં બીજો એક પાળિયો જોવા મળે છે. જે કુંભારખાડાની જગ્યા પર આવેલો છે. તેની નીચે નીચે મુજબનું લખાણ વંચાય છે.

સંવત ૧૭૧૭ વરષે ગણાસાય
દ મ વદ ને સૃતા × ય વા સ ત
× × દાસન પાલી ગ્શ્ર જાડેજા
શ્રી અલરાગ્શ્ર × × ×૨ × ×
સ ત વ જ ડ વ × × છે.

પાળિયા નીચેના લખાણમાં પણ અલીયાજી જેવું નામ જણાય છે. વળી, ત્યાંના લોકોનું પણ કહેવું છે કે, તે પાળિયો અલિયાજીનો છે. બીજી માહિતી આ પાળિયા વિશે મળતી નથી.

### ૭.૨૮ * વ્રજવાણીનો પાળિયો :–

આગળ વ્રજવાણીના ઢોલીની પાછળ સતી થયેલી ૧૪૦ સાતવીસુ આહિરાણીની કથા અને તેના પાળિયા વિષયક લખાણ લખ્યું છે. જયાં ઝારાના ઝાડ નીચે ઢોલી અને આહિરાણીઓના પાળિયાઓ છે. તેનાથી થોડે દૂર આગળ પણ એક પાળિયો છે. આ પાળિયા નીચે નીચે મુજબનું લખાણ વંચાય છે.

સંવત ૧૬૧૧
વરષે વેસાષ
સટૃ જ બધ ના
× × × × × × × × × ×
× × × × × × × × × ×
વાઘલા મદ × × × ×

આ પાળિયાની વિશિષ્ટતા એ છે કે, ઘોડેસવારની આકૃતિની નીચેથી લખાણ શરૂ થતું નથી. પરંતુ આકૃતિની જમણી બાજુથી લખાણ ચાલુ થયેલ જોવા મળે છે. આ પાળિયો કોઈક વાઘેલાનો છે.

### ૭.૨૯ * ચિત્રોડ ગામનો પાળિયો :-

આ ગામની સામે ઊંચી ટેકરી પર (રેલ્વેના પાટાની સામેની ટેકરી પર) એક પાળિયો છે. જેનું લખાણ મળે છે તે નીચે મુજબ છે

સ્વ બાપુશ્રી અલીયાજી
દેશળજી જાડેજા ૧૯૬૨
જા ગ ત સં ૨૦૫૩ ચૈત્ર સુદ પૂનમ
મંગળવારના ૨૧–૪–૧૯૯૭

### ૭.૩૦ * સુરબાવાંઢ ગામના પાળિયા :-

મૃતકો પાછળ તેની સ્મૃતિરૂપે ખાંભી કે પાળિયા બેસાડવાની પ્રથા માત્ર મધ્યકાલીન રાજાશાહીના યુગ પૂરતી જ સીમિત હતી એવું નથી. આજે પણ મૃતકોની પાછળ તેની યાદમાં આપણે ત્યાં કોઈક જગ્યાએ પાળિયાઓ બેસાડવાનો રિવાજ છે. તેનો એક નમૂનો છે. – રાપર તાલુકાનું નાનું એવું ગામ સુરબાવાંઢ. આ ગામની મુખ્ય વસ્તી કોળી અને ગઢવીઓની. આ ગામના પાળિયાઓ પણ ગઢવીઓના જોવા મળે છે.

"સુરબાવાંઢની સીમમાં ડુંગરના મંદિરથી પશ્ચિમ દિશામાં ડાવરી તરફ જતાં તલાવડીની બાજુમાં નવ (૯) પાળિયાઓ થોડા સમય પહેલાં જ અસ્તિત્વમાં આવ્યા છે. આ પાળિયાઓ તાઃ– ૧૩/૬/૨૦૦૧ ના બનાવના છે. જેમાં ગામ : રવ (નાની)ના સાબા પરિવારનાં ૯ સભ્યો સુરબાવાંઢના કોળી સાથે ઝઘડો થતાં કામ આવેલ છે." [(૩૮)]
આ પાળિયાઓમાં નીચે મુજબનાં નામ જોવા મળે છે.

| | |
|---|---|
| વીરસલભા | ધનાભા સાબા |
| જેઠાભા | ધનાભા સાબા |
| રાજાભા | ધનાભા સાબા |
| રતનભા | ધનાભા સાબા |

| | | |
|---|---|---|
| ગોવિંદભા | અરજણભા | સાબા |
| દેવાભા | ધનાભા | સાબા |
| રામાભા | બાલુભા | દેવશુર |
| રામાભા | કરમણભા | સાબા |
| નારણભા | દેવાભા | સાબા |

આ પાળિયાઓમાં ચોથા પાળિયામાં શહીદ લખેલું છે, સમય સવારના ૧૦.૦૦ વાગ્યાનો અને બુધવારનો ઉલ્લેખ જોવા મળે છે.

### ૭.૩૧ * માનગઢ (રેલડી) ગામનો પાળિયો :-

આ ગામમાં સાંગાસર તળાવની પાર ઉપર ત્રણ ખાંભીઓ ઊભી છે. જેમાં એક ખાંભી વિશે થોડી વિગત મળે છે. માહિતીદાતા શ્રી પૂજાભાઈના કથન અનુસાર આ ખાંભી કરસન રાઘા કોળીની છે.

"સાંગાસર તળાવની દક્ષિણદિશા અને ગામથી ઉત્તરદિશામાં ગાયોને ચરવા માટેનું ગૌચર હતું (વીડી હતી) જેમાં ચોકી કરતા કરસન રાઘા કોળીને કાનમેરના દરબારોએ મારી નાખ્યો હતો." (૩૯)

### ૭.૩૨ * લોદ્રાણી (તાઃ રાપર) ગામનો પાળિયો :-

રાપરથી ૩૩–૩૪ કિલોમીટર દૂર આવેલ લોદ્રાણી ગામ બાલાસરથી જ જવાય છે. આ ગામના અંદાસર તળાવની જગ્યા ઉપર શિવજીનું જૂનું મંદિર આવેલું છે. ત્યાં પાળિયાઓની હારમાળામાં પ્રથમ પાળિયો સતીનો છે. બીજો શૂરાનો છે અને ત્રીજો પાળિયો પણ શૂરાનો છે. જેમાં ત્રીજો પાળિયો આમરજી અખેરાજજીનો મળે છે. જેઓ માહિતીદાતાના કહેવા પ્રમાણે ગાયોની વારે શૂરા થયા હતા. જેનું લખાણ નીચે મુજબ છે.

સંવત ૧૭૭૯ વરષં ૫!
શ્રી × શ્રી ધીર વધલ શ્રી ૫
ગરતા માલજી ણ : × × ×
× × × × × × × સંવત

૧૭૯૧ના

આ પાળિયાની બાજુનો બીજો એક પાળિયો જેનું લખાણ પણ જોવા મળે છે જે નીચે મુજબ છે. તેની કથા મળતી નથી, પરંતુ આમરણ જેવું વંચાય છે.

સંવત ૧૮૦૬વર છે× × × × ×

× × × શ્રી ઉમર ણ જી શ્ર મ સ વ છ

સંવત૧૮૧૯× × × ×

નજી× × × × × × ×

× × × ×

આ જ ગામ લોદ્રાણીમાં એક ખેતરમાં ડુંગરાજીની ખાંભી જોવા મળે છે. જયારે લોદ્રાણી ગામમાં ડુંગરાજીનો પાળિયો એક મંદિરમાં જોવા મળે છે. જેની કથા નીચે મુજબ મળે છે. –

"ડુંગરાજી કુંવરશ્રી લખધીરજીની માતાના ધરમનો ભાઈ થયેલા. તે વખતે કુંવરશ્રી લખધીરજીના દુશ્મનોનો ભય કુંવર ઉપર સતત રહેતો હતો. એક વખત કુંવર લખધીરજી બાજુના ગામમાં ગયેલા તેના દુશ્મનોને આ વાતની ખબર પડી ત્યારે તેના દુશ્મનોએ તેને કાપી નાખ્યા.

આ વાતની જાણ તેના મામા ડુંગરજીને થતાં તેને ઘણું દુઃખ થયું, પોતે મામા થઈને ભાણેજનું રક્ષણ કરી શકયા નહીં. આથી પોતે લખધીરજીને પોતાની ગોદમાં લઈને સતા થયા." [૪૦]

ડુંગરા ભગતની  કથા કચ્છશકિત સામયિકમાં જોવા મળે છે. કચ્છ–વાગડની ઉત્તર સરહદ પર આવેલું લોદ્રાણી ગામ થરપારકર અને કચ્છ વચ્ચેની એક કડી સમાન છે. પારકરમાં તો ઘી પાણીના મૂલે વેચાય. દૂધ–દહીંની છોળો ઊડે. માલધારીઓ રોટલો તો ભાગ્યે જ જુએ, પશુધન થકી જ તેમની શ્રીમંતાઈ અંકાતી આવી જાહોજલાલી તો એક સદી પહેલાં હતી.

આ થરપારકરમાંથી હાથણી જેવી ભેંસોનું એક ટોળું લઈને વારૂ બારોટ નામનો એક ચારણ કચ્છ ભણી નીકળ્યો. ત્યારે આ ચારણો વણજારા સાથે મળીને વેપાર પણ કરતા એવો જ વેપાર વારૂં ચારણ ભેંસોનો કરતો. આ બારોટે ભેંસો સાથે રણના પાણીને ખૂંદતાં–ખૂંદતાં એક રાત અને એક દિવસના પ્રવાસ પછી બીજા દિવસે સવારે રણ

કાંઠાંના લોદ્રાણી ગામે આવી પહોંચ્યો. લોદ્રાણીની ધરણી એટલે ઘાસ—ચારાનો અખૂટ ખજાનો. કાળા ઉનાળામાં અને દુકાળમાં પણ ઘાસ—ચારાની ખોટ ન વરતાય. આ ભેંસોએ રણનો પ્રવાસ ખેડયો હોવાથી રસ્તામાં કયાંય લીલું તણખલું તેને ચાખવા મળ્યું ન હતું તેથી આવું લીલું ઘાસ જોતાં ભેંસો ઘાસમાં મુકત મને ચરવા લાગી. બબ્બે દિવસથી ભૂખી ડાંસ બનેલી વારૂ ચારણની ભેંસો તો મેદાન સાફ કરવા લાગી. લોદ્રાણીમાં આ વખતે સબરાણી વંશના વાઘેલાઓનો અમલ હતો. એ જમાનામાં કાં માથું દેવું અને માથું લેવું એ તો એ જમાનાની રમત વાત હતી. આવી પરિસ્થિતિમાં પણ વારૂ બારોટ નિર્ચિંત હતો. રાજપૂત રાજયના પ્રદેશમાં ચારણોની સલામતી હતી. અહીં એમને કશું કરવાપણું ન હતું. એટલે આ ચારણે પોતાની ભેંસોને છૂટી મૂકી દીધી હતી. પોતે પણ વિશાળ વટવૃક્ષનો શીળો છાંયડો જોઈને તેની નીચે થોડો આરામ લેવા આડે પડખે પડયો. ભેંસોને ગળે બાંધેલી ઘંટડીના મીઠા રણકાર વચ્ચે તે નિદ્રાધીન થયો. તેની સાથેના માણસો પણ થાકયા હોવાથી ઊંઘી ગયા. આ સમાચાર વાઘેલા સરદારના કાને પહોંચતાં તે તરત જ માણસો સાથે ત્યાં આવી પહોંચ્યાં. તેણે જોયું તો ભેંસો તો લોદ્રાણીની ધરતીમાં ધણીયાણી થઈને ધરાર ચરતી હતી. આથી સરદારને ગુસ્સો આવ્યો અને તેને બધી જ ભેંસોને હાંકીને દરબારગઢમાં પૂરી દેવાનો માણસોને હુકમ કર્યો. થાકેલા બારોટ અને તેના માણસો ઊંઘતા રહી ગયા.

જયારે પાછલા પહોરે ચારણની ઊંઘ ઊડી ત્યારે તેણે પોતાની ભેંસો ચરતી હતી ત્યાં નજર દોડાવી તો ભેંસો તો કયાંય જોવા ન મળે. તેની ઘંટડીનો અવાજ પણ ચારણને કયાંય સાંભળવા મળ્યો નહીં. આથી તેને ખાતરી થઈ કે, ભેંસો નજીકમાં નથી. આથી તે ભેંસોનાં પગલાં લેતો લેતો છેક દરબારગઢમાં પહોંચ્યો. ચારણને ત્યાં આવેલો જોઈને વાઘેલાએ તેને ધક્કા મારીને કાઢવાની વાત કરી, ચારણના પેટમાં ફાળ પડી કેમકે તેનું ધન આ ભેંસો હતી. વળી, ચારણ થઈ તે તલવાર થોડો ઉપાડે તેની આંખમાં આંસુ આવી ગયાં. ભેંસો મેળવવા તે સરદારને કરગરવા લાગ્યો પણ આવી હાથણી જેવી ભેંસો જોઈને સરદારની નીતિ બગડી હતી. આથી તેણે ચારણને ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે, " ભાગી જા ભીખારી અહીંથી. ભીખારી ભેંસો તારી હતી નહિ ને મળવાની પણ નથી."

ચારણની ઘણી વિનંતી છતાં સરદાર પીગળ્યો નહિ. આથી ચારણે કહ્યું કે

વાઘેલા ચારણોની સંપત્તિ કાચા પારા જેવી હોય છે, કાચો પારો કોઈ દિવસ પચે નહીં. યાદ રાખજે. છતાંયે સરદારે પોતાના માણસો પાસે ચારણને ધક્કા મરાવીને દરબારગઢ ની બહાર હાંકી કાઢયો. જતાં જતાં ચારણે કકળતી આંતરડીથી કહ્યું, " વાઘેલા, તારો જુલમ હું સાંખી લઉં છું. પણ મારો ભગવાન સાંખવાનો નથી. ચારણનો મારો શ્રાપ છે, તારે દીકરી–દીવો નહિ રહે ! " આમ કહીને તે ચારણ પોતાની લોહી વરસતી આંખે સદાને માટે લોદ્રાણી છોડીને ચાલતો થયો.

આ ઘટનાને છ માસનો સમય ગયો કે વાઘેલા વંશ પર આફત ઊતરવા લાગી. સબરાણી પાંખડીના જૂથમાં કુસંપનું ઝેર વ્યાપી ગયું, કજિયા–કંકાસ દિવસે ને દિવસે વધતો ચાલ્યો. આ વંશ સમૂળગો નષ્ટભ્રષ્ટ બની ગયો. આખા વંશમાં આખરે એક જ માણસ લધોજી અને તેમનો નાનકડો કુંવર લખધીરજી બાકી રહી ગયા. થોડા સમય પછી લાધાજીનો જીવનદીપ પણ ઝાંખો પડવા લાગ્યો. આ લાધાજીનો એક પરમમિત્ર હતો ડુંગરજી. આ ડુંગરજી રાઠોડ વંશનો હતો. તેને સૌ ડુંગરા ભગતના નામથી ઓળખતા તેને પ્રભુભકિતની લગની હોવાથી રાત–દિવસ તે રામનામમાં જ મગ્ન રહેતા. આ ભગત ટેકીલો અને એકવચની હતો. સબરાણી વંશના સમસ્ત જથ્થાનો નાશ તે પોતાની સગી આંખે જોતો રહ્યો હતો. તાવડામાં ધાણી ફૂટે તેમ આખા વંશનો નાશ થઈ ગયો હતો. એ વંશમાંથી બાકી રહેલો લાધાજી હવે છેલ્લા ✓ાસ લઈ રહ્યો હતો.

લાધાજીનો એકનો એક બાળકુંવર લખધીરજી હતો. તે ખૂબ નાનો હોવાથી તેની ચિંતા લાધાજીને કોરી ખાતી હતી. સબરાણીવંશના આ છેલ્લા છોડવાનું જીવન ઉચ્છેદન થઈ જાય તો આખો વંશ નાબૂત થઈ જાય તેવી ચિંતાને ચિંતામાં લાધાજીના જીવની મુકિત થતી ન હતી. પોતાના મિત્રની આવી સ્થિતિ જોતાં ડુંગરાજીને દુ:ખ થયું. છેલ્લી પથારી પર પડેલા લાધાજીને ડુંગરાએ કહ્યું " લાધાજી તમારો જીવ અકળાતો જોઈને મને પણ દુ:ખ થાય છે. તમારી કોઈ આકાંક્ષા રહી જતી હોય તો મને બેશક જણાવી દો. "

" ભગતરાજ ! મારા અંતરમાં હવે એક ચિંતા રહી છે તે તમે દૂર કરી શકશો ? " ભગતે કહ્યું તમારી ઈચ્છા જણાવો." હે ! રાઠોડવીર મારા જીવને માત્ર એકજ ચિંતા છે કે કુંવર હજુ નાનો છે. આખા વંશમાં હવે એ છેલ્લો તાંતણો જ બાકી છે. એના જીવનની ફિકર મને સતાવી રહે છે. હે, ભગત મને વચન આપીને મારું મૃત્યુ સુધારો." ડુંગરાજીએ કહ્યું કે હે, " મિત્ર તમે જરાયે ચિંતા ન કરો. કુંવરને હું મારા જીવના જોખમે

પણ સાચવીશ. લાધાજી હવે તમે તમારા જીવની ગતિ કરો ! હું મારી સાત પેઢીના સોગંદથી તમને વચન આપું છું. જયાં કુંવર ત્યાં હું." તે જ સમયે શાંતિથી લાધાજીનો આત્મા ઊડી ગયો.

ત્યારપછીથી ડુંગરાજીએ કુંવરને પોતાની સાથે લઈને તેની સતત કાળજી રાખવા માંડી, ' જયાં કુંવર ત્યાં હું ' ની સ્મૃતિ કાયમ બની. કુંવરના ખાનપાન, હરવું ફરવું વગેરે ભગતની દેખરેખ તળે થતાં. આટઆટલી કાળજી રાખ્યા છતાં પણ એક દિવસ અણધારી આફત આવીને ઊભી રહી. ભગતની આટલી કાળજી છતાં સામા પક્ષવાળો ઝેરનો પ્રયોગ કામ કરી ગયો. પહેલાંના જમાનામાં ઝેરના પ્રયોગો ખૂબ થતા, પહેરવાના પગરખા બરાબર સાચવેલાં ન હોય તો તેમાંથી પણ ઝેર નીકળતું. ગમે તે બન્યું પણ ઝેરના પ્રયોગથી ફૂલ જેવા કુંવરનો જીવનદીપ એકાએક બુઝાઈ ગયો.

ભગતની વ્યથાનો કોઈ પાર રહ્યો નહીં. મિત્ર લાધાજીને આપેલ વચન તેને યાદ આવ્યું " જયાં કુંવર ત્યાં હું ! " ભગતે કુંવરની સાથે જ અગ્નિદાહ ગ્રહણ કરવાનો નિ✓ય કર્યો. આ ડુંગરજીનો એક પરમમિત્ર રતનો ભગત રાપરમાં રહેતો હતો. અંતિમક્રિયા રતનાભગતના હાથે કરાવવાની ડુંગરાજીની ઈચ્છા હોવાથી તેણે એક કાસદને તાબડતોબ બોલાવી રાપર રવાના કર્યો.

કુંવરના શબ પાસે ભગત બેરખો લઈને બેસી ગયો. આખી રાત તેણે પ્રભુભજનમાં વીતાવી. પ્રભાત થવાં છતાં રતનો આવ્યો નહિ. દિવસ ઊગતાં જ આજુબાજુના ગામવાળાઓ ભગતના દર્શને આવી ચડયા. રતનો ન આવવાથી લોકોને અકળામણ થવા લાગી, સમય વીતતો હતો. ઝાજ, પખવાજ સહિતની આખી મંડળી સ્મશાનમાં આવી પહોંચી. ચિતા ખડકાઈ ગઈ. ભગત બાલકુંવરના શબને પોતાના ખોળામાં રાખીને ચિતામાં ગોઠવાયા. આ રતનો હજી આવ્યો ન હતો. તે શકિતશાળી મનાતો અને ચમત્કારી પણ ખરો જ ! સામેના વાઘેલાઓને એ બીક હતી કે, જો આ રતનો સમયસર આવી જશે તો કદાચ લખધીરજીને સજીવન પણ કરે, એટલામાં કોઈકે પાછળથી ચિતામાં દીવાસળી ચાંપી દીધી અને ચિતા ભડભડ સળગવા લાગી, દગાખોરીની ખબર ભગતને તે જ ક્ષણે થઈ ગઈ હોવાથી તે અડગતાથી ચિતા પર બેઠા રહ્યા. રાપરથી એક જ ✓ાસે નીકળેલો રતનો બરાબર એ જ વખતે આવી પહોંચ્યો, પોતાના મિત્રને આ રીતે સળગતો જોઈને તેની વ્યથાનો પાર રહ્યો નહિ તે તે જ વખતે

ચિતાને નમસ્કાર કરીને રતનો રાપર ગયો અને ત્યાં જઈને આ રતના ભગતે સમાધિ લીધી. ડુંગરાભગતની આ કથા ' આપણાં સાંસ્કૃતિક ઉપાખ્યાનો' ડૉ. ગોવર્ધન શર્મા અને ભાવના મહેતા, પૃ. ૭૬ થી ૮૦ પેઈજ ઉપર મળે છે. જે આજ કથા છે. તેમાં કોઈ ફેરફાર નથી.

આ ઘટનાને આજે દોઢસો વર્ષનો સમય વીતી ગયો. ડુંગરાજી ભગત થયા તે પ્રસંગનું ચારણ કવિ જયમલ્લદાનજીએ રચેલું એક ચારણી કાવ્ય –

**"પુરૂષોતમ પારસમણિ, ભગત ડુંગરો ભૂપ,**
**કુંવર લખધર કારણે, સતા ચડયા નિજ શ્રુપ.**
**સન્મધરી ધનધન હુવા, ધન હો માતા તાત,**
**વીર રતનદે વૈકુંઠે, સિધાવિયા સાક્ષાત,**
**બાંહ મદો લસ બેરખો, શિવ શિવ નામ સંભાર,**
**અગર, ચંદન ધૂપ, આગળે જળકત નેન જવાબ**
**રૂપ પલટયું રાઠોડનું, સત સત ચડયું શરીર.**
**જયમલ ઊગ્યે જગ ચખે, ઉજજડ મુખ અમીર."** (૪૧)

અહીં એ નોંધવું રહ્યું કે, પ્રથમ કથાના માહિતીદાતાના કહેવા પ્રમાણે લખધીરજી બાજુના ગામમાં ગયેલા ત્યાં દુશ્મનોએ તેમને કાપી નાખ્યા. જયારે અહીં કચ્છશકિતમાં આવેલ કથા મુજબ તે સબરાણીવંશના વાઘેલાના વંશજ હતા. વંશને શ્રાપ હોવાથી કોઈ જીવતું રહેવા પામ્યું ન હતું. માત્ર લાધાજીના આ બાળકુંવર જ બાકી હતા. લાધાજી પણ છેલ્લા ✓ાસે લઈ રહ્યા હતા. તેના મૃત્યુ પછી નાનકડા કુંવરને દુશ્મનો ઝેરનો પ્રયોગ કરીને મારી નાખે છે.

પણ કુંવર નાના હોવાથી બાજુના ગામમાં જવાનું શંકાસ્પદ લાગે છે, વળી કુંવર ભગતની દેખરેખ નીચે જ રહેતા હતા. તેનાંથી એક પળ પણ દૂર રહેતા ન હોવાથી બાજુના ગામમાં જવાનો પ્રસંગ કાપી નાખવાની વાતને ટેકો આપતો નથી.

# ❑ સંદર્ભસૂચિ ❑


૧. પ્રા. જિતેન્દ્ર અંતાણી : ' કચ્છ તારી અસ્મિતા ' ,સામયિક – 'કચ્છ અને તેનાં નવ તાલુકાની ઝલક', પૃ. ૨૪.

૨. માહિતીદાતા :– જશુભા ચાંદોજી વાઘેલા, વ્યવસાય : ખેતી, ઉં.વ. ૭૫, ગામઃ લોદ્રાણી.

૩. સંપાદક હેમરાજ શાહ :–'કચ્છ શકિત ' –સામયિક – ૨૦૦૪, ' દુકાળ ખાતર',પૃ. ૧૪ –૧૫.

૪. માહિતીદાતા :– જાડેજા ભૂપતસિંહ ભાવસિંહ, વ્યવસાય : કંપનીમાં મેનેજર, ઉં.વ. ૫૯, હાલ – વડોદરા.

૫. ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી : 'કચ્છનો સાંસ્કૃતિક વારસો : પાળિયા', પૃ. ૧૦.

૬. માહિતીદાતા :– ટપુભા ભુરૂભા વાઘેલા, વ્યવસાય : ખેતી તથા સસ્તા અનાજની દુકાન, ઉં.વ. ૬૦,ગામ : દેશલપર.

૭. માહિતીદાતા :– દોલુભા નગુભા વાઘેલા, વ્યવસાયઃ ખેતી, ઉં.વ. ૭૦, ગામ : બાલાસર,

૮. માહિતીદાતા :– વેલુભા ભારૂભા વાઘેલા, વ્યવસાય : ખેતી, ઉં.વ. ૪૩, ગામઃ બાલાસર.

૯. માહિતીદાતા :–ભુરૂભા રતનજી વાઘેલા, વ્યવસાય : ખેતી, ઉં.વ. ૮૮, હાલ : નિવૃત જીવન,ગામ : કીડીયાનગર.

૧૦. પ્રા. જીતેન્દ્ર અંતાણી : 'કચ્છ તારી અસ્મિતા ' સામયિક–૨૦૦૪ – કચ્છ અને એના નવ તાલુકાની ઝલક, પૃ. ૨૪.

૧૧. નરેન્દ્રકુમાર મ. જોશી : ' ભાતીગર ભોમકા કચ્છ ' , પૃ. ૧૧૬.

૧૨. ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી : ' વારસો : પાળિયા ' ,પૃ. ૧૪ થી ૧૭.

૧૩. માહિતીદાતા :– સામંતભાઈ માદેવાભાઈ ભોપા, વ્યવસાય : ખેતી.ઉં.વ. ૭૫, બીજા માહિતીદાતા : હાજાભાઈ માદેવાભાઈ ભોપા , વ્યવસાય : ખેતી. ઉં.વ. ૬૫, ગામ : કાનમેર,

૧૪. માહિતીદાતા : હાજાભાઈ માદેવાભાઈ ભોપા , વ્યવસાય : ખેતી.

ઉં.વ. ૬૫, ગામ : કાનમેર,

૧૫. માહિતીદાતા :– બનેસંગ દેવાજી વાઘેલા, વ્યવસાય : ખેતી, ઉ.વ. ૭૦, ગામ : પલાંસવા.

બીજા માહિતીદાતા :– ઝુઝારસંગ નરસંગજી વાઘેલા, વ્યવસાય : ખેતી, ઉં.વ. ૬૦, ગામ : પલાંસવા.

૧૬. માહિતીદાતા :– મીર અમીન હાજી, વ્યવસાય : ઢોલી, ઉં.વ. ૫૨, ગામ : પલાંસવા.

૧૭. માહિતીદાતા :– જશુભા ચાંદોજી વાઘેલા, વ્યવસાય : ખેતી, ઉં.વ. ૭૫, ગામ : લોદ્રાણી,

૧૮. માહિતીદાતા :– ભચુભા આધુજી વાઘેલા, વ્યવસાય : ખેતી,ઉં.વ. ૭૦, શોખ : ઐતિહાસિક માહિતી મેળવવાનો, ગામ : બેલા.

૧૯. માહિતીદાતા :– મદારસિંહ કાળુભા વાઘેલા, વ્યવસાય : ખેતી,ઉં.વ. ૭૫, ગામ : નાની રવ.

૨૦. માહિતીદાતા :– ભુરૂભા પરાગજી જાડેજા, વ્યવસાય : ખેતી,ઉં.વ. ૭૯, મુ. નાની રવ,

૨૧. માહિતીદાતા :– મોકાજી જીલુભા સિંધલ સોઢા, વ્યવસાય :ખેતી, ઉં.વ. ૪૨, બીજા માહિતીદાતા :– સોઢા હકાજી ગોપાલજી, ઉં.વ. ૯૦, કાર્યમાંથી નિવૃત્તિ, ગામઃ ગઢડા (રાસાજી).

૨૨. દુલેરાય કારાણીઃ– 'કચ્છના કળાધરો', પ્રકરણ : ૧૯, પૃ. ૬૮૯.

૨૩. ફકીરમામદ ચાકી :–'કચ્છમિત્ર વર્તમાનપત્ર – અષાઢપર્વ – વિશેષપૂર્તિ – ૨ તાઃ– ૨૬/૬/'૦૬ સોમવાર, કોલમ પૃ. ૮, ૯.

૨૪. મૂળરાજ રૂપારેલ :– 'ભલો ભટારો કચ્છ ', ' રંગ તને મિયાણી 'માંથી.પૃ. ૪૭.

૨૫. આત્મારામ દ્વિવેદી :–' કચ્છ દેશનો ઈતિહાસ ' પૃ. ૩૧–૩૨.

૨૬. મૂળરાજ રૂપારેલ :– ' ભલો ભટારો કચ્છ ' અંતર્ગત – રંગ તને મિયાણી' પૃ. ૫૩ થી ૫૫.

૨૭. જાડેજા લાલુભા ગેમરસંગ, વ્યવસાય : ખેતી,ઉં.વ. ૪૫, ગામ : ફતેહગઢ,

૨૮. નાગજીભાઈ કે. ભટ્ટી : – 'કચ્છનો સાંસ્કૃતિક વારસો : પાળિયા',પૃ. ૧૧,૧૨.

૨૯. ' કચ્છમિત્ર ' શુક્રવાર વિશેષપૂર્તિ પાના નં. ૩ તાઃ– ૩૧/૮/'૦૮.

૩૦. મૂળરાજ રૂપારેલ :– ' ભલો ભટારો કચ્છ ' અંતર્ગત 'મૃત્યુનો મહોત્સવ', પૃ. ૧૦૬.

૩૧. એજન. પૃ. ૧૦૯.

૩૨. સંપાદક : ડૉ. હસુ યાજ્ઞિક :– 'ગુજરાતી લોકકથા' અંતર્ગત ' કચ્છની સાતવીસુ સતીઓ', પૃ. ૧૮૨.

૩૩. એજન. પૃ. ૧૮૨.

૩૪. મૂળરાજ રૂપારેલ, ભલો ભટારો કચ્છ અંતર્ગત 'મૃત્યુનો મહોત્સવ',પૃ. ૧૧૪.

૩૫. નરેન્દ્ર જોષી :– 'ભાતીગર ભોમકા કચ્છ ' , પૃ. ૧૦૩.

૩૬. માહિતીદાતા :– બારોટ ભૂપતદાન અમરદાન, ઉં.વ. ૬૫,ગામ : આડેસર.

૩૭. મ્યાજરભાઈ જે. ગઢવી, વ્યવસાયઃ ખેતી, સેવાપૂજા, ઉં.વ. ૬૪, ગામ : ભીમાસર.

૩૮. માહિતીદાતા :– બટુકસિંહ બી. સોઢા, વ્યવસાય : ખેતી, ઉં.વ. ૨૨, ગામ : ડાવરી.

૩૯. પૂંજાભાઈ શંભુભાઈ કોળી,વ્યવસાય : ખેતી અને મજૂરી, ઉં.વ. ૮૧, ગામ : માનગઢ રેલડી,

૪૦. માહિતીદાતા :– (૧) વાઘેલા જશુભા ચાંદોજી, વ્યવસાય : ખેતી, ઉં.વ. ૭૫, ગામઃ લોદ્રાણી. (૨) હેતુભા ચાંદોજી વાઘેલા,વ્યવસાય : ખેતી, ઉં.વ. ૭૦, ગામ : લોદ્રાણી.

૪૧. સંપાદક : હેમરાજ શાહ :– 'કચ્છ શકિત' અંતર્ગત ' વચનપાલન ' લેખ, (કચ્છ લોકકથા વિશેષાંક,) પૃ. ૭૦ થી ૭૩, કચ્છી નવું વર્ષ, ૧૮ જૂન, ૨૦૦૪.


અબડાસા
ગાંધીધામ
ભચાઉ
અંજાર
લખપત
નળિયા
ગાંધીધામ
ભચાઉ
અંજાર
લખપત
કોરી ખાડી

# ❑ પ્રકરણ :- ૮ ❑

## અંજાર, ગાંધીધામ, લખપત, અબડાસા, અને ભચાઉ તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય


૮.૧. પ્રસ્તાવના.

૮.૨. વીર અલિયાજીનો પાળિયો.

૮.૩. ભમા ભાલારાનો પાળિયો.

૮.૪. દેવલબાઈનો પાળિયો.

૮.૫. ઠાકોર લાખાજીની છતરડી.

૮.૬. કાંઈયા બારોટનો પાળિયો.

૮.૭. વીર ભીમોજી તથા વિસોજીના પાળિયા.

૮.૮. વીર અબડાનો પાળિયો.

૮.૯. હમીરજીનો પાળિયો.

૮.૧૦. જેતમાલજી તથા તેજમાલજીના પાળિયા.

# ❑ પ્રકરણ :- ૮ ❑
# અંજાર, ગાંધીધામ, લખપત, અબડાસા, ભચાઉ તાલુકાના પાળિયાઓ અને તેનું કંઠસ્થ પરંપરાનું સાહિત્ય

## ૮.૧ પ્રસ્તાવના :-

*** અંજાર :-**

આમ તો કચ્છ જિલ્લાની ભૌગોલિક શરૂઆત અંજાર તાલુકાથી થાય છે. આ તાલુકાનાં સ્થાન–સરહદ જોઈએ તો અંજાર ૨૩.૦૭ અંશ ઉત્તર અક્ષાંશ અને ૭૦.૦૧ અંશ પૂર્વ રેખાંશ પર આવેલું છે. તાલુકાની ઉત્તરે બન્ની, દક્ષિણે કચ્છનો અખાત, પૂર્વે ભચાઉ તાલુકો અને પશ્ચિમે ભુજ તાલુકો છે. અંજાર શહેર જે વ્યકિતના નામ સાથે જોડાયેલું છે. તે અજેપાળદાદા કે જેઓએ ગામની ખાતર પોતાના માથાનું બલિદાન આપ્યું છે. તેવા અજયવીરના સ્થાનકની સામે જ જેસલ–તોરલની સમાધિની જગ્યા આવેલી છે.

**કચ્છમાં અંજાર મોટા શહેર છે હોજી રે.. –**
**જયાં – જેસલના હોય રંગમોલજી.....**

એમ કહેતા કચ્છવાસીઓ આ સંતોને નમે છે. અહીંના ભૂરિયા બાવાને નામે જાણીતા મેકમર્ડોનો બંગલો જોવાલાયક છે. આ ઉપરાંત ભૂવડનું ભૂવડેશ્વરનું મંદિર, ભીમાસરના ચકાસર તળાવ પાસે હોથલ–પદમણીનાં લગ્ન થયેલાં.

*** અબડાસા :-**

"નલિયા ૨૩.૬ અંશ ઉત્તર અક્ષાંશ, ૬૮.૪૯ અંશ પૂર્વ રેખાંશ અબડાસા તાલુકાની પૂર્વમાં માંડવી તાલુકો, ઉત્તરે નખત્રાણા તાલુકો તથા લખપત તાલુકો, દક્ષિણે તથા પશ્ચિમે અરબી સાગર આવેલ છે. આ તાલુકાનાં જોવાલાયક સ્થળોનો ઉલ્લેખ કરીએ તો કોઠારા, જખૌ, તેરા વગેરેમાં જૈન મંદિરો આવેલાં છે. વળી, અરબી સમુદ્રને કાંઠે જખૌમાં શ્રી મહાવીર સ્વામીનું મોટું જિનાલય આવેલું છે. નલિયાથી આઠેક કિલોમીટર દૂર અબડા–અણભંગનું સ્મારક આવેલ છે. યક્ષ લોકો જખૌબંદરેથી આવ્યા હોવાનું મનાય છે." [૧] નલિયા શહેરમાં જંગલેશ્વરનું મંદિર પણ એટલું જ પ્રખ્યાત છે. અબડાસા તાલુકામાં

આવેલ હિંગરિયામાં પોષ મહિનાની સુદ આઠમના રોજ એક પ્રખ્યાત મેળો ભરાય છે. ત્યારે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે છે. આ જગ્યા રાયસાહેબની જગ્યા તરીકે પ્રખ્યાત છે. આ સમયે હરિ સાહેબને પણ યાદ કરવામાં આવે છે. જયંતગિરિ પી. ગોસ્વામીએ નોંધ્યું છે," આ સ્થાને હરિ સાહેબ નામે ભકત કવિ પણ થઈ ગયા છે. જેમની કચ્છી વાણીની ભજન રચનાઓ કચ્છી ભાષામાં ભજનિકો આજે પણ ગાય છે." (૨)

*** લખપત :-**

ગુજરાતના પ૶િમ ભાગમાં આપણો કચ્છ જિલ્લો આવેલો છે. આ કચ્છ જિલ્લાના પણ પ૶િમ ભાગમાં છેક લખપત તાલુકો બિરાજમાન છે. આ તાલુકાની પૂર્વમાં નખત્રાણા અને ઉત્તરમાં રણ આવેલ છે. દક્ષિણે અબડાસા આવેલ છે. લખપતની પ૶િમે અરબી સમુદ્ર પાય પખાળે છે. લખપત તાલુકો ૨૩.૪૯ અંશ ઉત્તર અક્ષાંશ અને ૬૮.૪૭ અંશ પૂર્વ રેખાંશ પર ઊભો છે. એક જમાનામાં લાખોની ઊપજ આપતા લખપત તાલુકામાં પણ ઘણાં જોવાં જેવાં સ્થળો આવેલાં છે જેમાં નારાયણ સરોવર, અને કોટે✓ર મુખ્ય ગણાવી શકાય. નારાયણ સરોવરનું પ્રખ્યાત મંદિર રા' દેશળજીનાં રાણીએ બંધાવ્યું હોવાનો ઈતિહાસમાં ઉલ્લેખ મળે છે. કોટે✓ર એ પુરાણ પ્રસિદ્ધ સ્થળ છે. આની સાથે પણ દંતકથા જોડાયેલી છે. આ ઉપરાંત લખપતમાં મણિયારા, ગુનાય વગેરેનાં સ્થળ ઈતિહાસને ઉજાગર કરનારાં છે. મહાભારતના યુદ્ધ સાથે જેની તુલના થાય છે એવું પ્રખ્યાત ઝારાનું યુદ્ધ પણ આ તાલુકાના ઝારાના ડુંગર પર ખેલાયું હતું.

*** ભચાઉ :-**

પૂર્વનો પહેરેદાર ગણાતો ભચાઉ તાલુકો પણ તેનાં અનેક સ્થળોને કારણે પ્રખ્યાત બન્યો છે. આ તાલુકો અક્ષાંશ ૨૩.૧૮ અંશ ઉત્તર અને રેખાંશ ૭૦.૨૦ અંશ પૂર્વ છે. કંથકોટ પ્રાચીન ગામ છે. તો કટારિયામાં ૫૦૦ વર્ષ જૂનું જૈન મંદિર છે. ભીમ ગૂડા પણ ઐતિહાસિક સ્થળ છે. તેના વિશે જયંતગિરિએ નોંધ્યું છે." પાંડવોના વનવાસ ગાળાના પરિભ્રમણ સમયે અહીંથી પસાર થતાં સૌ પાંડવો અને દ્રોપદીને ખૂબ તરસ લાગેલી ને ગળું સુકાતું હતું, ત્યારે ભીમે પોતાના ડાબા પગના અંગૂઠા વડે જમીનમાંથી

પાણી કાઢયું હતું." (૩)

*** ગાંધીધામ :–**

ગાંધીધામ ખાસ કરીને તેના ઔદ્યોગિક વિકાસને કારણે આખા કચ્છમાં જાણીતો બન્યો છે.

ઉપરોકત તાલુકાઓમાં ઐતિહાસિક સ્થળોની સાથે તે જૂના જમાનાને ઉજાગર કરતાં વીરપુરુષો અને સતીઓના પાળિયાઓ દષ્ટિગોચર થાય છે જેમાં વિંઝાણના લાખાજી, વડસરનો અબડો, દેવલબાઈ, અલિયોજી, ભમો ભાલારો વગેરેના પાળિયા આજે પણ કચ્છને ઉજાળે છે.

## ૮.૨ * વીર અલિયાજીનો પાળિયો :–

માત્ર બહેન, દીકરી, ગાય કે ગામના રક્ષણ કાજે ખપી જનાર વીર પુરુષોના જ પાળિયાઓ બને એવું નથી, પરંતુ આપણે આગળ જોયું તેમ રાજપૂતોમાં પ્રથાના એક ભાગ તરીકે પણ પાળિયા મૂકવાનો રિવાજ હતો. તે સાથે આપણે એટલું તો ચોક્કસ કહી શકીએ કે તે જમાનામાં રાજપૂતોનો ઈતિહાસ કોઈને કોઈ બહાદુરીભર્યા કાર્યનો નિર્દેશ કરે છે. એવા જ એક વચનસિદ્ધ અલિયાજીના જીવનમાં ડોકિયું કરતાં આવી બહાદુરીનાં દર્શન થાય છે. એ જમાનો નેક–ટેક અને શૌર્યતાનો હતો. તેથી લૂંટફાટ કરવી એ જેવા–તેવાનું કામ ન હતું. આ દષ્ટિએ વિચારતા કોરા ગામના અલિયોજીએ આવા પ્રકારનું હિંમતભર્યું કાર્ય કર્યું હતું. તેથી ઓલિયોજીને બહાદુર ગણાવી શકાય. તેની કથામાં તેની કેવા પ્રકારની બહાદુરીનાં દર્શન થાય છે. તેના વિશે જોઈએ.

દુલેરાય કારાણીએ નોંધ્યું છે : "ખેંગારજીના યુવરાજ ભોજરાજજી રાયધર આમર સાથે લડતાં કામ આવ્યા. ભોજરાજજીના કુંવર અલિયોજી નાની ઉંમર હોવાથી, રાઓશ્રી ખેંગારજીના સ્વર્ગવાસ પછી રાજયની લગામ બીજા કુમાર શ્રી ભારમલ્લજીના હાથમાં આવી. ભારમલ્લજીએ ઘણી ઉદારતા રાખીને દેશ–વિદેશમાં પોતાનું નામ પ્રખ્યાત કર્યું. આથી જનસમાજમાં કહેવત ચાલી કે, ' ખાટયો ખેંગાર ને ભોગવ્યો ભારે. '

ભોજરાજજીના કુંવર અલિયાજીને કોરા પરગણું આપવામાં આવ્યું.

અલિયોજી ઉંમરમાં આવતાં તેણે પોતાના હક્ક માટે દાવો ઉઠાવ્યો. રાઓશ્રી ભારમલ્લજી સામે તેણે બળવો પોકાર્યો અને રાઓશ્રીના પ્રદેશમાં વારંવાર લૂંટફાટ ચલાવવા માંડી, રાઓશ્રી ભારમલ્લજી અલિયાજી પાછળ કદી વાર મોકલતા નહિ. તો મોટું મન રાખીને હંમેશાં આંખ આડા કાન કરતા. આથી અલિયાજીનો માર્ગ વધુ સરળ બન્યો. તેણે પોતાની હદ વિંઝાણ સુધી વધારી અને પોતાના નામ પરથી અલિયાસર નામે એક તળાવ બંધાવ્યું. અલિયાજીની લૂંટફાટ સંબંધમાં ચારણ કવિ કહે છે કે :

**"વાંગડ જાડેજો રણવંકો, ડંકા દેશ લગાવે,**
**ઊગે સુરજ કાછ અલૈયો, ઓટક લેવા આવે,**
**આથુ કેક અનમ અલૈયો, લોહ તણે બલ લીધી,**
**ગાયું–ભેંસુ–સાંઢણિયુંને, પટલે કાંઠે કીધી,**
**સૂર ઊગે ને રાવ, સુણાવે, રાણા રાજ રબારી,**
**આમ રહરા અભંગ અલૈયા, તો હથ્થા બલિહારી".**

અલિયાજીએ કચ્છની માફક સિંધમાં પણ લૂંટફાટ ચલાવવા માંડી હતી. એક વખત તે સિંધના એક રાયસીપોત્રા બુરાનશાહની ભેંસો વાળી આવ્યો. આ ખબર બુરાનશાહને થતાં તે અલિયાજી પાસે આવ્યો અને પોતાની ભેંસો પાછી આપવાની માંગણી કરવા લાગ્યો. અલિયાજીએ તેને જણાવ્યું કે, ' મિયાં મારી વાળેલી આથો કદી કોઈને પણ પાછી વળતી નથી, ' માટે જેમ આવ્યા છો તેમ ચાલ્યા જાઓ. બુરાનશાહ બોલ્યા કે, ' મારી ફકીરની ભેંસો રાખી મૂકવાથી તમારું સારું નહિં થાય. આમ, કેટલોક વાદ–વિવાદ થતાં આખરે ફકીરે અલિયાજીને શાપ આપ્યો કે, તારી મેડીમાં ગધેડા લોટશે અને તારો વંશ કે તારી દુહાઈ રહેવા પામશે નહીં. '

ફકીરના આવા શબ્દો સાંભળતાં અલિયોજી બોલી ઊઠયો કે ' કોરીનો કાંઠો તો તું પણ ઓળંગીશ નહિ. આમ, આ સામસામા વચનો નીકળવા માંડયાં. બુરાનશાહ ફકીર કોરી નદીને કિનારે આવ્યો કે તરત જ તેણે દેહ મૂકયો ને આ તરફ અલિયોજી પણ દેવલોક પામ્યા. પેલા ફકીરને કોરીથી દોઢ ગાઉ દૂર લઈ જઈ દફનાવવામાં આવ્યો. ત્યાં તે ઓલિયા તરીકે પૂજાય છે. અલિયાજીના પાળિયાને લોકો આજે પણ કસુંબો ચડાવે છે. અલિયાજીના મૃત્યુ પછી એના વિયોગમાં એક ચારણ કવિએ રચેલી બારમાસીની કેટલીક

પંક્તિઓ જોઈએ –

**"ઘરપતિ કે ઘોંખા કરે, પચ્છમ ઘર પનશાહ,**
**સારંગ ધન શોભે અતિ, આયો માસ અષાઢ",**
**છંદ વૈતાલ**
**"કિની બરે બેલીયેં, કિની ધાણીએ ઘર,**
**ઉપર અસાંજો અલૈયો, પારીએ વારો પીર".** [૪]

શંભુદાન ગઢવીએ અલિયાજી વિશે નોંધ્યું છે. : " અલિયાજી એક વીર અને પવિત્ર વચનસિદ્ધ પુરુષ હતાં. તેઓ પાછળથી એક ફકીર નામે બુરાનશાહના શાપથી કે ગમે તે કારણે નાની ઉંમરે દેવ થયા. એ ફકીરે અલિયાજીને શાપ આપેલો. ત્યારે અલિયાજીએ પણ ફકીરને વળતો શાપ આપેલો. તેના પરથી ફકીર કચ્છમાંથી વળતાં સિંધની સરહદે પહોંચ્યો કે તરત જ મરણ પામ્યો. જયાં આજે પણ તે પીર થઈને પૂજાય છે. અલિયાજી પણ મૃત્યુ પામતાં આખા ઘરડા પ્રાતમાં પીર તરીકે પૂજાય છે. એક વિશાળ ઓટલા પર તેમની જયાં ખાંભી–પાળિયો ઊભો કરવામાં આવ્યો છે. ત્યાં દર વર્ષ આજુબાજુના ગામોના ભાયાતો ભેગા થઈ એક મેળો ઊજવે છે." [૫]

આત્મારામ દ્વિવેદીએ અલિયાજી વિશે જણાવ્યું છે :" ભોજરાજજીના કુંવર અલિયાજીને રાઓશ્રીને કોરા પરગણું આપ્યું હતું. તેમણે ઉંમર પહોંચતા રાઓશ્રી સામે બળવો ઉઠાવ્યો પણ જમીન દબાવી અને ત્યાં અલીયાસર નામનું તળાવ બંધાવ્યું. એક વખત અલિયોજીએ સિંધના પીર બુરાનશાહની ભેંસો વાળી. તે પાછી મેળવવા પીરે માંગણી કરી. પણ અલિયાજીએ આપી નહીં. તેથી પીરે તેમને નિર્વંશ જવા શાપ આપ્યો. અલિયાજીએ પીરને શાપ આપ્યો કે તું સિંધના કિનારા ઉપર મરીશ. પીરનું તેમ થતાં અલિયાજીપ્રતાપી કહેવાયા અને અદ્યાપિ કોરામાં પીર થઈ પૂજાય છે. તેમના મરણ પછી કોરા પરગણું ખાલસા થયું." [૬]

આ જ કથા વિ✓નાથ જોષીએ ' ઈતિહાસની રસપ્રદ કહાણી ' નામક ઐતિહાસિક લેખમાં નોંધી છે. "કચ્છ રાજવંશમાં ભોજરાજજી ઉર્ફે ભારાજીના નાના ભાઈ અલિયાજીને લખપત તાલુકાના કોરા પ્રાંગણા એટલે કે નાની વિરાણી અને દયાપરની

પશ્ચિમે બે કિ.મી. દૂર આવેલાં આ કોરા પરગણું આપ્યું હતું.

રા' અલિયાજીની ઉંમર વધતાં તેમણે હક્ક માટે દાવો ઊઠાવ્યો અને તેમના ભાઈ ભારમલ્લજી સામે બળવો પોકાર્યો. અલિયાજીએ કચ્છ રાજય વિસ્તારમાં લૂંટફાટ ચલાવવા માંડી, પણ ભારમલ્લજી નાના ભાઈના નાતે કડક પગલાં લેતાં ન હતાં." (૭)

* ' કચ્છ દર્શન', ' કચ્છ દેશનો ઈતિહાસ', ' કચ્છ કલાધર ભાગ' – ૨ વગેરે પુસ્તકોમાં અલિયાજી શાપ મળ્યો હોવાથી મૃત્યુ પામ્યાની નોંધ જોવા મળે છે.

* 'કચ્છમિત્ર' નામક દૈનિકપત્રમાં વિશ્વનાથ જોશીએ પણ અલિયાજીને ફકીર બુરાનશાહનો શાપ લાગ્યો હોવાથી મૃત્યુ પામ્યાની વાત કરી છે. પરંતુ દૈનિકપત્રના લેખક નોંધે છે. ભોજરાજજી અને ભારાજી તો એક જ. વળી, અલિયાજીને ભોજરાજજીના નાના ભાઈ ગણાવ્યા છે ,પુત્ર નહીં.

જયારે ઉપરોકત ઐતિહાસિક પુસ્તકોમાં અલિયાજી ભોજરાજજીના કુંવર હતા. તેવી નોંધ મળે છે. આ પરથી એવું લાગે છે કે કદાચ 'કચ્છમિત્ર' દૈનિકપત્રમાં લેખ આપનાર વિશ્વનાથ જોશીની ભૂલ થઈ હશે. અલિયાજી ભોજરાજજીના કુંવર હતા. કેમકે, કચ્છના રાજવંશની વંશાવલિ (કચ્છ દેશનો ઈતિહાસ – પૃ. ૬) ઉપર પણ આજ માહિતી મળે છે.

* અત્યારે કોરા ગામ તો પડીને પાદર થઈ ગયું છે. બાવળ અને ખંડેર સિવાય કંઈ નજરે ચડતું નથી. આજુબાજુ બાવળો અને વચ્ચે સાફ–સૂફરી જગ્યામાં એક ઓટા પર અલિયાજીનો પાળિયો આજુબાજુનાં ગામોના ભાયાતોના કસુંબો પીએ છે. પાળિયાની ઉપર એક થાંભલાંને આધારે છતર ઊભું કરેલું છે. ઘોડેસવારની આકૃતિ પરંપરિત દેખાય છે. ઘોડેસવારની ગતિ ઉત્તર દિશામાં જોઈ શકાય છે. લખાણવાળો ભાગ નથી.

* માંડવી તાલુકામાં આવેલ સાંભરાઈ ગામમાં અલિયાસર તળાવની ઉપર પણ અલિયાજીનો પાળિયો ઊભો કરવામાં આવ્યો છે.

## ૮.૩ * ભમો ભાલારો :-

જેને પૂર્વનો પહેરેદાર કહ્યો છે તેવા વાગડ વિસ્તારના ભચાઉ તાલુકાએ પણ પાળિયાની પરંપરા ચૂકી નથી. કહેવાય છે ને ! કે, બહાદુરી કોઈના બાપની નથી, અને એટલે જ કચ્છના આ વિસ્તારમાં પણ કેટલાયે બહાદુર વીરપુરુષો પાળિયાના

સ્વરૂપમાં આજે પણ બેઠા છે. આવા વીરપુઢષોમાં ભમા ભાલારાનું નામ આદરથી લેવું પડે. આ વીરપુઢષની વાત ' કચ્છ કલાધર' ભાગ – ૨ માં સચવાયેલી પડી છે. તેના વિશે જોઈએ તો –

કચ્છની સંઘાર જાતિ એક શૂરવીર અને લડાયક જાતિ છે. સૌરાષ્ટ્રના સંઘારો દરિયાઈ લૂંટારા – ચાંચિયા તરીકે પ્રખ્યાત હતા. કચ્છના સંઘારો પોતાના બાહુબળથી કચ્છની ઘણી જાગીરો પર પોતાની સત્તા જમાવી બેઠા હતા.

આજથી એકહજાર વર્ષ પહેલાં કચ્છમાં સંઘારોનું મોટું પરિબળ હતું. કચ્છના જાડેજા રાજવીઓના વડીલો મિસરથી સિંધમાં આવ્યા અને સિંધમાંથી કચ્છમાં ઊતરી આવ્યા. એ સમય દરમિયાન સંઘાર વીરો એમની સાથે ખભેખભા મિલાવીને ઊભા હતા. સંઘારોના સાથ અને સહકાર એમને ન મળ્યો હોત તો જાડેજાના વડીલ સમા સરદારો કચ્છની સત્તા કબજે કરી શકયા હોત કે કેમ એ પણ એક સવાલ છે.

કચ્છમાં જામીને બેઠેલા કાઠી લોકોને હાંકી કાઢવામાં સંઘારોનો પણ મોટો હિસ્સો હતો. હજાર વર્ષ પહેલાં કાઠીઓ અને સંઘારો વચ્ચે સત્તાની સાઠમારી ચાલતી કચ્છ અને વાગડની ઘણી જાગીરો પર સંઘારોએ પોતાની સત્તા જમાવી દીધી હતી.

જામ લાખા ફૂલાણીના પિતા ફૂલ જામે તેની વાઘેલી રાણીના અવસાન પછી કંથકોટનો ત્યાગ કરીને હબાયના ડુંગર પર વસવાટ કર્યો હતો. હબાયને જ તે હવે કંથકોટ બનાવવા માંગતો હતો.

ફૂલ જામ જતાં સંઘારોએ કંથકોટનો કબ્જો પોતાના હાથમાં લઈ લીધો. કંથકોટ પર ઘણાં વરસ લગી સંઘારોની સત્તા રહી હતી. આજથી એકસો વરસ પહેલાં પણ કંથકોટમાં છુંછીયા નુખના સંઘારોનું જોર હતું. એ વખતે છુંછીયા કુટુંબના સાત સંઘાર ભાઈઓ હતા. સાતે ભાઈઓ બળવાન હતા. તેમાં ભમો સંઘાર સૌથી ચડી જાય તેવો બળવાન અને બહાદુર હતો. આ સાતે ભાઈઓમાં એકવાર જમીન બાબત તકરાર જાગી ત્યારે ભમો સંઘાર તેમનાથી છૂટો થયો અને કંથકોટની દક્ષિણે દસેક માઈલ પર તેણે એક ગામ વસાવ્યું. આ ગામ ' ભમાની વાંઢ ' ના નામે ઓળખાવા લાગ્યું. ભમાની ઘા કરવાની કુશળતાને લીધે લોકો તેને ' ભમો ભાલારો' એ નામથી ઓળખતા.

એ અરસામાં કચ્છ અને મોરબી રાજય વચ્ચે ઝઘડો ચાલુ હતો. લાંબા સમયથી એ સંઘર્ષ પેઢી–ઉતાર ચાલ્યો આવતો હતો. કચ્છ–વાગડમાં મોરબીનાં પાંચ

ગામ હતાં. સૌથી મોટું ગામ આધોઈ હતું. આધોઈના લોકો કચ્છની ઠેકડી ઉડાવતા કહેતા

**ચૌદ ચારો કચ્છડો,**

**પાંચના પાણી ભરે.**

(ચૌદસો અને ચાર ગામની માલિકી ધરાવનાર કચ્છ–મોરબીનાં પાંચ ગામ પાસે પાણી ભરે એવો એ શબ્દનો આશય હતો.)

મોરબી તાબાનાં અને કચ્છનાં ગામો વચ્ચે ખૂન–ખરાબી અને ચોરી લૂંટફાટ ચાલ્યા જ કરતાં. એક રાજયનો ગુનેગાર બીજા રાજયમાંથી પકડી શકાતો નહીં. પરિણામે ધાડ અને લૂંટનાં તોફાનો વધતાં જતાં હતાં. મોરબીની આ સત્તા કચ્છ રાજય માટે માથાના દુઃખાવા જેવી થઈ પડી હતી.

ભમાની વાંઢથી આધોઈ બહુ દૂર ન હતું. ભમાની વીરતાની વાતો આધોઈ સુધી પહોંચી ગઈ હતી. આધોઈના મોરબી રાજયના અધિકારીઓએ ભમાને સાધી લીધો. આધોઈ અને મોરબી તાબાનાં બીજાં ગામોનાં રક્ષણનું કામ ભમા સંઘારને સોંપવામાં આવ્યું. પરિણામ એ આવ્યું કે, ભમો મોરબી રાજયનો માનીતો બની ગયો અને કચ્છ રાજયનો દુશ્મન બની બેઠો. કચ્છ રાજયનાં ગામોમાં ચોરી અને લૂંટફાટ કરનારા આધોઈમાં દાખલ થઈ જાય એટલે સલામત બની જાય, એમનો વાળ પણ વાંકો કોઈ કરી શકે નહિ. આ પ્રકારની લૂંટફાટ પાછળ ભમા સંઘારનો હાથ છે એવી બાતમી કચ્છની પોલીસને મળતાં ભમા પ્રત્યે કચ્છ રાજયની નજર કરડી બની ગઈ.

ભમાની વાંઢ અને વામકા ગામ વચ્ચે એક પિયાવો હતો. આ પિયાવા પર ભમો એક દિવસ પોતાની આથને પાણી પાઈ રહ્યો હતો. એ વખતે કચ્છની પોલીસના હરામ જમાદારે તેને એકાએક ઝડપી લીધો. રાજદ્રોહી તરીકે તેના પર કેસ ચલાવી તેને બે વરસની કેદની સજા ફટકારવામાં આવી.

બે વરસની મુદત પૂરી થતાં ભમા સંઘારને જેલમાંથી મુકત કરવામાં આવ્યો, જેલમાંથી છૂટીને ભમો હવે કચ્છ રાજયનો ખુલ્લો દુશ્મન બની ગયો. એના જેલવાસ દરમિયાન એ રાજા ખુદ પ્રાગમલ્લજી બાવાએ પોતે ભમાને સમજાવવામાં કંઈ બાકી રાખ્યું ન હતું. પણ ભમાએ તો કચ્છના રા' ને સ્પષ્ટ જવાબ આપ્યો હતો કે ' મોરબીને સલામ ભરી છે, હવે કચ્છને સલામ કરવાનો નથી. ' ભમાના આ જવાબથી કચ્છની પોલીસ એને ફરીથી ઝડપી લેવાની તક શોધતી હતી.

જેલમાંથી મુકત થઈ પોતાની વાંઢમાં આવીને ભમા સંઘારે એક મોટું અટકચાળું કર્યું. જે રાજાના અપમાન જેવું હતું. તેણે પોતાના ગામનું નામ ' ભમાની વાંઢ હતું તે બદલીને નવું નામ ' હલરા ' હલરા એટલે રા' તું ચાલતો થા ! ' આ નામમાં કચ્છના મહારાઓનું અપમાન હતું. કચ્છના રાઓશ્રીની બધી સમજાવટને ભમાએ ઠુકરાવી દીધી. એ વાતની યાદગીરી માટે ' હલરા ' ગામ રાખવામાં આવ્યું હતું. આ હલરા ગામ આજે પણ કંથકોટ અને આધોઈ વચ્ચે ભમા સંઘારની ખુમારીની યાદ આપતું મોજૂદ છે.

આ ભમાને કોઈપણ રીતે ટૂંકો કરવા પોલીસ અધિકારીઓએ નક્કી કરી લીધું. ભમાના રક્ષક તરીકે હંમેશાં તેની સાથે રહેતા તેના ભાણેજ દેવણ કોરંગાને મોટી આશા આપીને કચ્છ પોલીસે તેને સાધી લીધો અને કોરંગો ખૂટી પડયો.

એક વખત ભમો વરલી ગામનો પોતાનો ગરાસનો વહીવટ સંભાળવા હલરાથી વરલી જતો હતો. તેની સાથે તેની પત્ની તથા તેનો ધાવણો પુત્ર હમીર પણ હતો. આ બધા ઊંટ પર સવાર થઈને જતાં હતાં. સાથે તેનો ભાણેજ કોરંગો ભરેલી બંદૂક સાથે ઘોડી પર સવાર હતો. આ રીતે આ નાની મંડળી હલરાથી વરલી જવા કૂચકદમ કરતી આગળ વધી રહી હતી.

ભમા સંઘારના રક્ષણ માટે તેની સાથે આવવા આધોઈની ટુકડી તૈયાર હતી પણ ભમાને પોતાની તાકાત પર પૂરો ભરોસો હોવાથી કોઈને લીધા વિના જ તે વરલી જવા તૈયાર થયો. કોરંગા પર તેને પૂરો વિ✓ાસ હતો.

ભમો વરલી જાય છે. એવી બાતમી કચ્છ પોલીસને મળતાં ભમાનો ઘાટ ઘડી નાખવાનો તેઓએ નિ✓ય કરી લીધો હતો. ભમાના દુશ્મનો ભારમલ સંઘાર અને ગાંગા છુછીઆને પણ પોતાની સાથે લીધા હતા. આ હથિયારબંધ માણસો વરલીના રસ્તા પર ચાંદ્રાણી અને કોટડા ગામ વચ્ચે એક મોરા પાછળ છુપાઈને ભમાની વાટ જોતા બેઠા હતા. ભમો જેવો મોરા પાસે આવ્યો ત્યારે છુપાઈને બેઠેલા દુશ્મનો પર તેની નજર પડી આથી તે તરત ચેતી ગયો. પોતાના ભાણેજ કારંગા પાસેથી પોતાની જોટાળી બંદૂક હાથ કરવા તેણે દેવલ કારંગાને હાકલ કરી. દેવલ તરત જ ઘોડીને દોડાવીને ભમાના ઊંટ પાસે આવી પહોંચ્યો અને બંદૂક ભમાના હાથમાં આપી દીધી. આ કોરંગાએ ભમાની બંદૂકની નેવલમાં બાવળની શૂળો દાબી દીધી હતી. આથી જોટાળી બંદૂક હવે નકામી બની ગઈ હતી.

ભમા સાથે દગો થયો છે. એવી જાણ તેને (ભમાને) થતાં ભમા એ પોતાના હાથ પછાડયા. તે ચમકી ગયો– મૂંઝાઈ પડયો. આ કટોકટીના વખતે હવે શું કરવું તે સૂઝતું ન હતું. બંદૂક તેણે જમીન પર ફેંકી દીધી. એક હાથમાં ઊંટની રાશ અને બીજા હાથ તરત જ કમર પરની તલવાર પર આવી પડયો. પણ અફસોસ આ પ્રસંગે કમર પરની તલવાર પણ કંઈ કામ આપે તેમ ન હતી. ભમો વિહ્‌વળ બન્યો.

એટલામાં તો એના દુશ્મનો માર–માર કરતા બાજુમાં જ આવી પહોંચ્યા. ભારમલ સંઘારની બંદૂકની ગોળી ભમાને વીંધીને આરપાર નીકળી ગઈ. ભમો તે જ વખતે ઊંટ પરથી ઊથલી પડયો. પલવારમાં આ બધું બની ગયું.

ભમો ઠાર થતાં તેના શત્રુઓની મંડળી સરકવા લાગી, પણ ગાંગો છુંછીયો રહી ગયો. આ ગાંગો ભમાના વંશનો હતો. ' રકત ઠીકરામાં પણ તપી ઊઠે... ' એ કહેવત અનુસાર ભમાને પટકાઈ પડેલો જોઈને તેનું અનુવંશીય લોહી ઉછળી આવ્યું. પોતાના સાથીઓને છોડીને ભમા પાસે તે દોડી આવ્યો ઊંટ પરથી પડેલો ભમો હજુ વીરરસમાં મસ્ત હતો. વીર આસન માંડીને તે બેસી ગયો હતો. એનાં અંતરમાં વૈરાગ્નિ પ્રજળી રહ્યો હતો. શરીરના લોહીથી ધરતી રંગાઈ ગઈ હતી. એના એક હાથમાં ખુલ્લી તલવાર હતી. બીજો હાથ લોહીથી લાલ ધૂળને મસળતો હતો. આંખોમાંથી જાણે ખૂન ઝરતું હતું. એની ઘરવાળી નાના પુત્રને લઈને ઊભી–ઊભી રોતી હતી.

ગાંગો ભમાની બાજુમાં આવીને ઊભો રહ્યો. ભમાને પગે પડીને એકવાર તો તે પોતાની ભૂલની માફી માંગવા લાગ્યો. ગાંગો સમજી ગયો કે, ભમાના અંતરમાં શૌર્યના ઉછાળાનો બહાર નીકળવાની તક ન મળતા ભમાનો જીવ અકળાય છે. ગાંગાએ પોતાની બંદૂકનો કૂદો જમીન પર મૂકીને ભમાને પડકાર કર્યો મા ! તલવાર તો તારા હાથમાં છે. ! ઘા કર અને તારો જીવ ગતે કર ! '

ગાંગાના પડકારથી ભમો તેજમાં આવ્યો તેણે ગાંગાની બંદૂકના કૂંદા પર તલવારનો ઘા કર્યો અને તેની સાથે તેના પ્રાણ પરવારી ગયા. ! આ વખતે ભમાની ઉંમર સાઠ વરસની હતી. બાજુના ખેતરમાં જારાવાડીઆ બ્રાહ્મણ ખેડ કરતા હતા. આ ધડાકા–ભડાકા સાંભળી એ લોકો જટ દોડી આવ્યાં. અહીં ભમાની પત્ની કલ્પાંત કરી રહી હતી. કોરંગો તો કયાં ગયો તેની ખબર ન જ પડી. બ્રાહ્મણો તેના કામ પડતા મૂકીને, લાશને ગાડામાં નાખીને હલરા લઈ આવ્યાં, ત્યાં તેના અગ્નિસંસ્કાર કરવામાં

આવ્યા." (૮)

* હલરા ગામમાં આ પાળિયો ઊભો છે. આકૃતિ ઘોડેસવારની પરંપરિત છે. અક્ષરો ઘસાઈ ગયા છે. માત્ર સં. ૧૯૧૮ જેવું વંચાય છે.

* ઉપરોકત કથા કચ્છની રસધાર – ભાગ – ૩ માં પણ જોવા મળે છે.

* કચ્છમિત્ર દીપોત્સવી – ૨૦૬૨ પૃ. ૨૫૨ પર ધનજી ભાનુશાલીએ ' કહે છે પાળિયા કચ્છના ' એ પાળિયા વિષયક લેખમાં હલરા ગામના ' ભમા ભાલારા ' ના પાળિયાનો ઉલ્લેખ કર્યો છે." (૯)

આ સિવાય બીજી જગ્યાએથી કથા પ્રાપ્ત થઈ નથી. વળી, ઉપરોકત પુસ્તકો તથા સામયિકોમાં ભમા ભાલારાની કથા સરખી જ મળે છે.

' કારા ડુંગર કચ્છજા ' પુસ્તકમાં પ્રાગમલ્લજી તથા તેના સમયમાં આધોઈના લૂંટારાઓનો ત્રાસ વગેરેની આછેરી ચર્ચા જોવા મળે છે, પરંતુ તેમાં ભમા ભાલારાનો ઉલ્લેખ જોવા મળતો નથી." (૧૦)

## ૮.૪ * દેવલબાઈ :–

પારકાને કાજે પોતાના પ્રાણોની આહુતિ આપનાર સ્ત્રીઓમાં કચ્છની ચારણદેવીઓ અગ્રેસર રહી છે, અને એટલે જ તો તે કચ્છમાં સદીઓથી ઠેકઠેકાણે પૂજાતી રહી છે. આવી દેવીઓમાં દેવલઆઈનાં સ્થાનકો કચ્છમાં ઘણી જગ્યાએ જોવા મળે છે.

દેવલબાઈ કાંઈયાજીના કટારિયાથી ત્રણ ગાઉ દૂર આવેલા રાયથરી ગામના ભાચરિયા શાખાના મ્યાજર ચારણને ત્યાં વિક્રમની ઓગણીસમી સદીના ચોથા દાયકામાં જન્મ્યા હતાં. બાલ્યકાળથી જ તેની તેજસ્વિતા અન્ય બાળકો કરતાં કંઈક જુદા જ પ્રકારની અને અનોખી તરી આવે તેવી દેખાતી હતી. યોગ્ય ઉંમરે દેવલબાઈને ખોડાસર ગામે પરણાવવામાં આવ્યાં હતાં. તેમને એક દીકરો હતો. તેમનું નામ હતું વાસો. આ વાસો જયારે પાંચ વરસનો થયો ત્યારે કટારિયામાં એક મહત્ત્વનો બનાવ બન્યો.

કટારિયામાં ગોરાણી અટકનો જેરાજ નામનો એક વાણિયો રહેતો હતો. એ વખતના વાણિયા પણ પોચી માટીના ઘડેલા ન હતા અને તેમાં પણ વાગડના વાણિયાનું તો પૂછવું જ શું ? અક્કલમાં તો એ સૌને ઊઠાં ભણાવી જાય, પણ મર્દાઈમાં એ પાછો પડે નહીં. આ જેરાજ શાહ આગ્રહી હતો, અટીલો હતો. વેપાર તો વાણિયાના ઘરનો ધંધો.પણ

જેરાજ શાહ તો લાગ ફાવતો ત્યારે ધાડ મારી આવવાનું પણ ચૂકતો નહિ. વાગડના વાઘેલા અને મિયાણા પણ એની સાથે બાખડતા વિચાર કરતા.

રાયથરીના ચારણો સાથે જેરાજનો ધીરધારનો જૂના વખતનો વ્યવહાર હતો. એનું વ્યાજ હતું મારવાડી અને ઉઘરાણી હતી પઠાણી ! આ વખતે વરસ નબળું આવી પડવાથી રાયથરીના ચારણો તેનું દેવું ચૂકવી શકયા ન હતાં. ચારણોના આ લાસરિયાપણાથી જેરાજને એકવાર ગુસ્સો આવી ગયો. ઘોડી પર પલાણ નાખી ચારણો પાસેથી પોતાના લેણાંની રકમો વસૂલ કરવા તે રાયથરી આવી પહોંચ્યો.

ઘોડીને બાંધી ગામના ઠાકર મંદિરમાં ખાટલો ઢાળી તે બેઠો. ચારણોને ભેગા કરીને હમણાં ને હમણાં એનાં લેણાંની રકમો વ્યાજ શીખે ભરી આપવા તે તાકીદ કરવા લાગ્યો. ધાકથી અને ધમકીથી હાકોટા કરવા લાગ્યો. જેરાજ શેઠ આજે છેડાઈ પડયો હતો અને પડકાર કરતો હતો, કે " નાણાં ન હોય તો બાયડિયું વેચીને પણ લેણાં ભરી દો ! " શેઠની આ રીતભાતથી તમામ ચારણો નારાજ થઈ ગયા. પણ શું કરે ? નાણાંનો ધણી લાડકો કહેવાય, એટલે કંઈ બોલી શકતા ન હતા. આ તરફ જેરાજ શેઠ વધુને વધુ ઉદ્ધતાઈ વાપરતો જતો હતો – છકતો જતો હતો. તેને આમ હદ બહાર જતો જોઈને એક વૃદ્ધ ગઢવી બોલી ઊઠયો. " શેઠ ચારણોની તો તમને શરમ નથી પણ મંદિરના દેવોની તો શરમ રાખો ! " " શરમ ? શરમ તો તમને નથી ગઢવી ! " શેઠ તાડૂકી ઊઠયો. " શેઠ, હું એમ કહેવા માંગું છું કે આજ સુધી આ મંદિરમાં કોઈ ખાટલો ઢાળીને બેઠું નથી. તમે જ આજે આ માજાનો ભંગ કર્યો છે. તો હવે તમારાથી થાય તે કરી લ્યો ! શેઠ, ચારણો તો બીજું શું કરે. બહુ બહુ તો ત્રાગું કરે ! " ચારણો ત્રાગું કરે તો આ વાણિયો એના પર પેશાબ કરે ! " – શેઠ બોલ્યા.

બસ આ વાત ચારણોને સ્પર્શી ગઈ. પછી તો બોલાચાલી વધવા લાગી. બધા ચારણો ઉશ્કેરાઈ ગયા. થોડી મારામારી પણ થઈ. પરિણામે જેરાજ શેઠને વગર પછેડીએ છોડી છોડીને તરત ભાગી જવું પડયું. પણ જતાં જતાં જેરાજ શેઠ જાસો આપતો ગયો કે, " હું હમણાં તો જાઉં છું. પણ રાયથરીમાં તમે કેટલા દિવસ રહી શકો છો તે પણ હું જોઈ લઈશ ! " ચારણો સમજી ગયા કે આ તો સાપને બાંડો કરવા જેવો તાલ થયો. જેરાજ શેઠ હવે રાયથરી ભાંગ્યા વિના રહેવાનો નથી. હવે કયો રસ્તો લેવો, બધા વિચારમાં પડી ગયા. ઘણી ઘણી વાતો થઈ– ઘણા ઘણા વિચારો રજૂ થયા. આખરે ચારણોએ એમના

અમોઘ શસ્ત્રનો ઉપયોગ કરવાનું નક્કી કરી લીધું એ શસ્ત્ર હતું – ત્રાગું ! રાયથરીમાં પોણો સો વરસની એક વૃદ્ધ ડોશી રહેતી હતી. આખું ગામ એને આઈમા કહીને બોલાવતું. બધા ચારણો મંદિરમાંથી ઊઠીને આઈમા પાસે આવ્યા – કહેવા લાગ્યા – આઈ, આજે તો તમારી ખપત પડી છે. ! "

" મારી ખપત પડી ? બાપલા, મારી પાસે તો હવે મારાં હાડકાં છે ! જોઈએ તો લઈ જાઓ. ! આ એની જ ખપત છે આઈ ! પેલો કટારિયાવાળો જેરાજ ઉઘરાણીએ આવેલો તે ચારણોનાં ત્રાગાની ઠેકડી ઉડાવીને હાલતો થઈ ગયો છે મા ! એને બતાવવું છે કે હજી ચારણોનાં ત્રાગાં જોયાં નથી. એમ છે માડી ? " ત્યારે તું ભણ તો ખરો, શું આપું ? " આઈ બોલી બીજું કશું નહિ આઈ, અમને તો તમારું માથું ખપે છે !" માથું જ ખપે છે ને ? તો આ માથું હમણાં જ વાઢી જા ને વીરા ! તમારું ભલું થતું હોય તો આ રહ્યું મારું માથું. ચારણોને માથાનો મોહ કે દિ હતો ? " અને આઈમાએ માથું ચારણોની સામે ધરી દીધું. ચારણો કહી ગયા હમણાં નથી ખપતું માડી ! અમે આવતી કાલે વહેલી સવારે આવીએ છીએ, તમે તૈયાર રહેજો ! "

નિશ્ચય થઈ ગયો. વળતે દિવસે દિ' ઊગતાં જ આઈનું માથું વાઢીને જેરાજ શેઠને હાથોહાથ આપવાનું નક્કી થઈ ગયું. વળતે દિવસે વહેલી સવારે રાયથરીના ચારણોનાં જૂથનાં જૂથ ગામ બહાર આવેલ. દેવલમાતાની દાદી જશોદા આઈના મંદિરમાં એકત્ર થઈ ગયાં. કણેરનાં ફૂલની માળા ગળામાં પહેરી, લાકડીને ટેકે–ટેકે પેલાં ડોશીમા પણ આવી પહોંચ્યાં. મસ્તક સમર્પણનો વિધિ ચાલુ થયો. વિધિ પૂર્ણ થતાં આઈએ માથું નમાવ્યું. એક ચારણ યુવાન હાથમાં પાણીદાર તલવાર લઈને ખડો થઈ ગયો. આઈના મસ્તક પર જયાં તલવારનો ઘા કરવા જાય છે ત્યાં દૂરથી જોગમાયા જેવી કોઈ ચારણ દેવી દોડતી આવતી દેખાઈ. ચારણ યુવાનનો હાથ થંભી ગયો. થોડી વારમાં જ ખબર પડી કે એ તો ખોડાસરથી દોટમદોટ આવતી દેવલ માતા છે.

રાયથરીના ત્રાગાની વાત સાંભળીને એનું લોહી ઊકળી ઊઠયું હતું. એને વિચાર આવ્યો કે એનાં બેઠાં છતાં એક વયોવૃદ્ધ આઈનું ચીમળાયલું અને કરચલીઓ વાળું માથું કપાય એ ઠીક નહિ. !

ત્રાગાની થાળીમાં તો તાજું લીલા નાળિયેર જેવું માથું જોઈએ અને દેવલ માતાએ એના પોતાના લીલા માથાનું દાન કરવાનો નિર્ણય કરી લીધો. પાંચ વરસના

પોતાના પુત્ર વાસાને પતિને હવાલે કરીને તે વહેલી પરોઢે ખોડાસરમાંથી નીકળીને રાયથરી ગામે આવી પહોંચી હતી. " દેવલ તું આવી ? ભલે આવો હો ! હવે આ આઈના માથાને જરા ઠીક કરીને પકડ તો ઝટ એક જ ઝાટકે બે કટકા પડી જાય ! " ગામના ગલઢેરાએ દેવલનો સત્કાર કરતાં કહ્યું. " પણ દાદા, આઈના આવા સૂકા કોચલા જેવા માથાને શું કરશો ? " દેવલ માતાએ પ્રશ્ન કર્યો." એ તો દીકરી, પેલો કટારિયાવાળો દૈત જેરાજ છે ને એને પોગાડવું છે ! ચાલ હવે વાર મા કર ! " પણ આઈના આ કરચલિવાળા માથા કરતાં મારું લીલું માથું આપું તો ? " દેવલની આંખોમાં વીજળીના કિરણો ફૂટી નીકળ્યાં. " તું છો દેવલ, રાયથરીની દીકરી ! તારું માથું વાઢીએ તો તો અમારું જડાબીડ જાય ! " પણ કટારિયાવાળા એ કાળિયાને બારણે લોહીના થાપા હું લગાવીશ દાદા ! આ ડોશીથી નહિ લાગે ! ચાલો એક વાર કટારિયાના પાદરે પોગીએ ! બીજું બધું પછી ! " અને દેવલનું આખું રૂપ પલટી ગયું. આંખોમાંથી જાણે આગ ઝરવા લાગી. સાક્ષાત્ ચંડી સામે ઊભી હોય એવી એ દેખાવા લાગી. આખું ચારણ મંડળ એના વિકરાળ સ્વરૂપથી અંજાઈ ગયું. બધા એની આજ્ઞાને વશ થઈ ગયા.

આગળ રણચંડી જેવી દેવલ અને પાછળ આખા ગામના ચારણો કટારિયાને માર્ગે ચાલવા લાગ્યા. સતીને જાણે સત ચડી ચૂકયું હોય એવી દેવલ, તીરની ગતિથી સૌથી પહેલાં સપાટાબંધ રસ્તો કાપ્યે જતી હતી. કટારિયાના પાદરમાં સતી માતા થોભ્યાં. ખુલ્લી તલવારે એમની સાથે જ દોડયા આવતા ચારણ વીરને એની ફરજ બજાવવા સૂચના આપી અને સતીમા મસ્તક નમાવી ઊભાં રહ્યાં. " હર હર મહાદેવ ! " ના ગગનભેદી અવાજ સાથે તલવારને એક જ ઝાટકે દેવલ માતાનું માથું ધડથી દૂર થઈ ગયું. ચારણોએ એને હાથોહાથ અધ્ધર ઝીલી લીધું. દેવલ માતાના રકત નીંતરતા મસ્તકને એક મોટા થાળમાં પધરાવી ચારણ મંડળી આગળ વધવા લાગી. માથાની પાછળ–પાછળ દેવલ માતાનું ધડ પણ ચાલવા લાગ્યું. આ અદ્ભુત દશ્ય જોઈને કટારિયાના લોકો સ્તબ્ધ બની ગયા. કેટલાંક તો ખેતર જતાં–જતાં પોતાનાં સાંતીડાં છોડી જેરાજ શેઠને સમાચાર પહોંચાડવા દોડયા કે " લોહી વહેતું દેવલ માતાનું ધડ તમારે બારણે થાપા દેવા દોડયું આવે છે. માટે ચેતજો ! " આ સમાચાર સાંભળીને જેરાજ શેઠ એકદમ હેબતાઈ ગયો. દેવલ માતાનો ત્રાગાનો તાપ એનાથી ઝીરવાયો નહિ. એ એની મેડીની બારીએ ઊભો હતો ત્યાંથી ઊથલી પડયો અને ખોપરી તૂટી જતાં તે જ વખતે મરણ પામ્યો.

એનો ભાઈ  હીરજી મોઢામાં તરણાં લઈને ત્રાગે ચડેલાં ચારણો સામે આવ્યો અને માતાના પગ પાસે પડીને માફી માંગવા લાગ્યો. શરણે આવેલા હીરજીને ક્ષમા આપતાં ચારણ મંડળે પોકાર કર્યો " હીરજીની જય ! જેરાજની ખેં ! " આજે પણ ચારણો મસ્તકના દાન દેનારી દેવલ માતાને બિરદાવતા કહે છે. –

**ભલા જેના ભાગ, દેવલ જેવી દીકરી,**
**સાસરિયે સોભાગ, પિયર પરચા પૂરિયા,**
**દેવલ દોયલાં ટાળિયાં, રાખ્યાં કાયમ રાજ,**
**મન માન્યાં મ્યાજર તણા, કવિ સુધારણ કાજ.**

અને દેવલ માતાનો દીકરો વાસો જેને પાંચ વરસનો છોડીને દેવલબાઈ ખોડાસરથી નીકળી પડયાં હતાં. તે વાસાને પણ એની માતાનો વારસો મળી ચૂકયો હતો.

કચ્છની ચિત્રોડ જાગીરના ઠાકોર એ વખતે પૃથુરાજજી બાવા હતા. વાસાએ ચિત્રોડ જાગીર સામે પોતાને થયેલા ખેતરના અન્યાય માટે ત્રાગું કરેલું. ચિત્રોડથી એક માઈલ દૂર એણે ત્રાગું કરીને તેલિયો ડગલો પહેરી લીધો હતો. સળગતાં ડગલાં સાથે સળગી રહેલાં વાસા ચારણે છેક ગામમાં આવીને દરબારગઢ પર થાપા માર્યા હતા. દરબાર ગઢની મેડી સામે ખારી ભાગોળ પાસે એનું સળગતું શરીર જમીન પર પટકાઈ પડયું હતું. એની યાદમાં ચારણો કહે છે –

**"દેવી જેનાં માત, દેવલ તે સાક્ષાત્**
**એ દેવીનો દેવ, વાહો થ્યો વિખ્યાત.**

જો કે, વાહો પોતે પણ ત્રાગા વખતે દુહા બોલતો બોલતો ચાલતો હતો. તે ત્રણસો દુહા બોલ્યો હતો. "[૧૧] જો કે, દેવલઆઈના દીકરા વાસા વિશે તો એક માહિતીદાતાએ કહ્યું હતું કે, "તેઓ મૂળ ખોળાસરના હતા અને નાતે ચારણ હતા. ગાયો ચરાવતા હતા. એ જમાનામાં લૂંટારાઓ ગાયો લૂંટવા આવતા. એક દિવસ લૂંટારાઓ ગાયોના ધણને લેવા માટે આવ્યા વાહા (વાસા) દાદાને ખબર પડી કે લૂંટારાઓ ગાયોના ધણને લઈને જાય છે. તેઓ ગાયોના વારે ગ્યા બેઉ વચ્ચે ઝઘડો થયો. વાહાદાદા એકલા હતા અને લૂંટારાઓ ઘણા હતા અને ખોડાસરની સીમમાં લૂંટારાઓએ તેમનું માથું કાપી નાખ્યું પણ તેઓ સતીયા હોવાથી તેમનું ધડ ચિત્રોડ તરફ ચાલવા લાગ્યું. ગામના લોકોને આ વાતની જાણ થતાં ગામના લોકોએ ચારે તરફ ગામમાં ગરીનો દોરો બાંધ્યો. કારણ

કે, તેનાથી તે અભડાય એવું માનવામાં આવતું હતું. તે ધડ દોરા પાસે પહોંચ્યું પણ ત્યાંથી પાછું વળીને તે ધડ ડુંગર ઉપર ચડી ગયું. ત્યાંથી તે ધડ પડયું અને ગામના ગઢવીઓને શાપ આપ્યો કે તે ઘી ખાસે તો તેમાં તેઓનું ધડ દેખાશે. આમ વાસાની કથા કચ્છની રસધારમાં પણ અલગ છે. અને માહિતીદાતા પણ અલગ રીતે આપે છે. જે હોય તે પણ માતા દેવલનો વારસો તેને મળ્યો હતો. તેવું કહી શકાય." (૧૨)

દેવલઆઈ વિશે પણ માહિતીદાતા પાસેથી કથા મળે છે. જે કચ્છની રસધાર – ભાગ – ૨ ની કથા કરતાં જુદા જ પ્રકારની છે. માહિતીદાતાના કહેવા પ્રમાણે "આ બાઈ એટલે કે દેવલઆઈ પોતાના ગામ ખોડાસરમાં રહેતાં હતાં. તેને પાંચ વર્ષનો દીકરો હતો. (નામ જાણતા નથી.) ગામમાં કંઈક ઉત્સવ કે તહેવાર હતો. એટલે બધાંના ઘરે આનંદ હતો. તે સમયે દેવલબાઈ પોતાના પાંચ વરસના પુત્રને સરસ મજાના કાનુડા જેવો તૈયાર કરે છે. અને પોતે મોટી કડાઈમાં તેલ લઈને પૂરી તળવા બેસે છે. એવામાં તેને (દેવલઆઈને) બહારથી કોઈક બોલાવે છે. આથી દેવલઆઈ પૂરી તળતાં–તળતાં બહાર જાય છે. ત્યાં તેનો દીકરો રમતો–રમતો તેલીની કઢાઈ પાસે આવી પહોંચે છે. અને અચાનક જ તેમાં (મોટી કઢાઈમાં ) પડી જાય છે અને દીકરો મૃત્યુ પામે છે. હવે માતા માટે જીવવું અસહય બની જાય છે. અને દીકરાની પાછળ પોતે પણ સતી થાય છે." (૧૩)

માહિતીદાતાની કથામાં તથ્ય જણાતું નથી. કેમકે, માહિતીદાતા પુત્રનું નામ જાણતાં નથી. વળી આગળની કથા સાથે તેની કથાનું કયાંય સામ્ય દેખાતું નથી. જયારે કચ્છની રસધાર – ૨ માં દેવલઆઈના દીકરા તરીકે વાસાનો ઉલ્લેખ જોવા મળે છે. તેમજ વાસાદાદાની કથામાં પણ તે ખોડાસરનો ચારણ છે એવી વિગત પ્રાપ્ત થાય છે. આથી કહી શકાય કે, માહિતીદાતા કદાચ ભૂલી ગયા હોય એવું પણ બને.

વળી આ દેવીના સ્થાનકેથી પણ બીજી માહિતી મળી નથી. દેવી તરીકે પૂજાય છે. લખાણ ઘસાયેલું છે. આકૃતિ હાથના નિશાનવાળી પરંપરિત છે.

## ૮.૫ * ઠાકોર લાખાજીની છતરડી (વિંઝાણ) :–

મહાભારતના યુદ્ધ જેવા ભયંકર ઝારાના યુદ્ધમાં અનેક વીરપુઢષોએ પોતાનાં બલિદાન આપ્યાં છે. જેમાં લશ્કરના સરદાર અને સાવજ જેવા, વિંઝાણના ઠાકોર લાખાજીએ તો તુમુલ યુદ્ધમાં આખા ઝારા ડુંગરને હચમચાવી નાખ્યો હતો. તેની શૌર્યગાથા

જાણવા જેવી છે. જે નીચે મુજબ છે.

"રા' લખપતજીના અવસાન પછી તેના કુંવર ગોડજી (બીજા) ગાદીએ આવ્યા. (સં. ૧૮૧૭–૧૮૩૫) અને રા'ઓ ની પદવી પામ્યો. પૂંજા શેઠને ગોડજીના રાજયાભિષેકની ખબર પડતાં તે હોંશભેર ભુજ આવવા તૈયાર થયો, પણ જીવણશેઠને ખ્યાલ આવતાં તેણે પૂજાને ભુજમાં પ્રવેશવા દીધો નહીં. ગુસ્સે થયેલ પૂંજો પ્રથમ તો કંથકોટ ગયો, ત્યાં આશ્રય ન મળવાથી વીરાવાવમાં દેવકરણ શેઠે થાણું બેસાડેલું હતું. તે ઊડાવી સોઢાઓને સ્વાધીન કર્યું હતું. આથી સોઢાને તેને આશ્રય આપ્યો. પૂંજો ત્યાં રહીને કચ્છના વિનાશની યોજનાઓ ઘડવા લાગ્યો. પૂંજાએ સિંધપતિ ગુલામશાહને કચ્છની કુંવરી પરણાવવાની લાલચ આપી, આથી ગુલામશાહ લાલચમાં આવી ગયો અને પૂંજાને પોતાની પાસે બોલાવી લીધો. તેણે વિશાળ ફોજ તૈયાર કરીને કચ્છ પર ચઢાઈ કરી. આ વાતની જાણ થતાં ગોડજીએ દરબાર ભર્યો, પોતાના ભાયાતોની સલાહ લીધી. હવે લશ્કરની સરદારી કોને સોંપવી, એ પ્રશ્ન હતો. કોઈ સરદારી સ્વીકારવા તૈયાર ન હતું પણ –

**"મઈ હુઈ પટતેં, તેરા ડીં તરાર,**
**કચ્છમેં કેજો ભાર, લિખઈ સાહેબ લખે કે",**

(કચ્છી સૈન્યની સરદારીની તલવાર ઘણો વખત જમીન પર પડી રહેલી છતાં કચ્છમાં કોઈની મગદૂર ન હતી કે તે ઉપાડી શકે. તે તો માત્ર સાહેબ લાખાજીને જ લખેલી હતી.)

તેમાં વળી કોઈએ વિંઝાણવાળા લાખાજીને ટોણો માર્યો. એટલે લાખાજીએ સરદારની તલવાર ઉપાડી લીધી. કચ્છી સૈન્ય દુશ્મનોનો મુકાબલો કરવા ઝારાનાં ડુંગર તરફ ગયું.

લાખાજી તાજો જ પરણેલો હતો. તેથી તેને વિચાર આવ્યો કે, લડાઈ પહેલાં એક વખત પત્નીને મળવું, તેની પત્નીને આ વાતની ખબર પડતાં વિચાર આવ્યો કે, પોતાનો પતિ યુદ્ધના મેદાનમાંથી ફરીને પોતાને મળવા આવ્યો છે, ત્યારે તેને શંકા પડી કે, રખેને લડાઈ લડતાં પોતાની યાદ લાખાજીનાં મનમાં આવી જશે તો ! વિંઝાણમાંથી વિદાય થતી વખતે લાખાજી પોતાની પત્ની પાસે આવ્યા. ત્યારે એ વીર રાજપૂતાણીએ પોતાનું મસ્તક કાપીને પતિને ભેટ કર્યું. રાજપૂતાણીની વ્યથા તે તરત જ સમજી ગયો. હવે ઝારાના યુદ્ધમાં મારવું કે મરવુંના ઈરાદાથી તે મારતે ઘોડે સમરભૂમિમાં જઈ પહોંચ્યો.

બંને પક્ષે તલવારોની ઝડીઓ વરસવા લાગી. સૈનિકો ગાજર મૂળાની માફક કપાઈ–કપાઈને રણભૂમિમાં પડવા લાગ્યા. કેસરિયાધારી કોડીલા રાજપૂતો સ્વદેશની રક્ષાર્થે પોતાની ફરજ બજાવતા પોતાના પ્રાણ ન્યોછાવર કરવા લાગ્યા, પણ વીંઝાણના રણવીર લાખાજી જેનું નામ –

**" મ બી ડુંગર માઠ, મ રખ ધિલમેં ધ્રા,**
**એડયું લખું લ્હેરૂં, સમેં લંગાઈયું સિર મથા."**

( હે ડુંગર ! તું ડર નહીં, શાંત થા. સમા સરદારે એવી અનેક લ્હેરો પોતાના મસ્તક પરથી પસાર કરેલી છે.)" તે કેસરીસિંહની માફક રણભૂમિમાં ઘુમતા શત્રુસૈન્યનો પ્રચંડ સંહાર મચાવવા લાગ્યા. આ રણઘેલો રાજવી પોતાની વીર રજપૂતાણીને વહેલો ભેટવા માટે જાણે ગાંડોતુર બન્યો. સામી છાતીએ લડતાં–લડતાં તેનું આખું શરીર અનેક જખ્મોથી ઘેરાઈ ગયું. આખરે કચ્છભૂમિનો એ નર, વીર જનની વિંઝાણનો એ રાજવી રણસંગ્રામની રણશય્યામાં કચ્છના ઈતિહાસ પર પોતાનું નામ અમર કરીને સદા માટે પોઢી ગયો. આજે પણ પાછલા ભાગમાં તેની છતરડી ઊભી છે. આકૃતિ પરંપરિત છે." (૧૪)

※ 'ડૉ. પુલિન વસાએ ' નરા ગામના વીરો ' એ લેખમાં નોંધ્યું છે." વિંઝાણ ગામના જાગીરદાર લાખાજીને સેનાપતિ બનાવવામાં આવ્યા હતા." (૧૫)

## ૮.૬ * કાંઈયા બારોટનો પાળિયો :-

પ્રજા કે પ્રદેશના રક્ષણ કાજે ખપી જનાર વીરો રાજપૂતો જ હતા એવું નથી. પરંતુ નેક–ટેકના એ જમાનામાં ભેદભાવ વગર સર્વજ્ઞાતિઓ એક થઈને દુશ્મનોનો સામનો કરતી. તેમાં અઢારેય વર્ણના લોકનો સમાવેશ થતો. અરે, ત્યાં સુધી કે, શૂરવીરોને લડવા માટે પાણી ચઢાવનારા, વીરોની કીર્તિગાથા ગાનારા ચારણો–બારોટો પણ રણમેદાનમાં ઉતરી પડતા અને અનેક દુશ્મનોનાં માથાં વાઢીને હસતે મોંએ શહીદી વહોરી લેતા. આવા જ એક બારોટ કે જેને દુશ્મનોને મૂળા–ગાજરની જેમ વાઢીને પોતે પણ ઢળી પડયા એવા કાંઈયા બારોટનો પાળિયો અબડાસા તાલુકાના મોટા કરોડિયા ગામમાં ઊભો છે અને બીજો પાળિયો વિંઝાણ ગામમાં છે.

"ઝારાના યુદ્ધમાં ' કોટ ' કહેવાતા કાંઈયા બારોટનો જન્મ અબડાસા

તાલુકાના ગામ મોટા કરોડિયામાં થયા હતો. તેઓશ્રી શૂરવીર અને ખમીરવંતા ચારણ હતા. તેમના પરાક્રમના અનેક પ્રસંગો કચ્છના ઈતિહાસમાં પ્રચલિત છે. કાંઈયા બારોટનું કુટુંબ સંસ્કારી અને સાધન સંપન્ન હતું. તેમનાં માતા–પિતા ભૂખ્યાંને આશરો આપી ભોજન કરાવતાં. વિંઝાણના વીર લાખાજીની તમામ જમીનનો વહીવટ કાંઈયા બારોટ કરતાં લાખોજીની આવક–જાવકનો હિસાબ તેમની પાસે રહેતો હતો. રાઓશ્રી ગોડજી તથા લાખોજી વિંઝાણથી અવાર–નવાર કાંઈયા બારોટને ત્યાં કરોડિયા આવતા અને ડાયરો ભરી ત્રણ–ચાર દિવસ રોકાઈ રહેતા. આમ, કાંઈયા બારોટ સાથે ગોડજી તથા લાખાજી બંનેને સારો એવો સંબંધ.

ઝારાના યુદ્ધ પહેલાં રાઓશ્રી ગોડજી તથા વિંઝાણના વીર લાખાજી વચ્ચે અણબનાવ થતાં મનદુઃખ ચાલ્યું હતું. કચ્છમાં એક વખત મોટો દુષ્કાળ પડયો, પશુધન ટપોટપ મરવા લાગ્યું અને માણસોને ખાવાના સાંસા પડવા લાગ્યા. આથી ગોડજીએ સિંધથી અનાજ તથા ઘાસચારો લાવવા માટે પોતાના માણસોને મોકલ્યા હતા. તે માણસો ઘાસચારો, અનાજ વગેરે ઊંટો પર નાખીને લાવતા. તેઓ જયારે વિંઝાણ પાસે આવ્યા ત્યારે આ વાતની લાખાજીને ખબર પડતાં તેણે પોતાના માણસોને હુકમ કર્યો કે, " આ માલમાંથી તમારાથી જેટલો લઈ શકાય તેટલો લૂંટીને લઈ લ્યો. " આ વાતની ગોડજીને ખબર પડતાં તેને ખૂબ જ દુઃખ થયું અને ગુસ્સો પણ આવ્યો. પરંતુ આ દુઃખને તેણે દિલમાં સમાવી દીધું. આ બનાવથી બંનેની મિત્રતા તૂટી આ અંગેનો દોહરો જોઈએ તો.

❑ દોહરો ❑

**"ખબર પઈ મહારાવ કે, લાખે લાયો અન**
**ઘર સાવજની કમ ઈ, માંદા થેઅલ મન."**

આ ઘર સાવજની શબ્દ લાખાજીને ખૂંચ્યો તેમણે રાઓશ્રીને સંદેશો મોકલી સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે,

**" સિંહ અસીં ઘર ખૂણજા, કે વન પતિ વનરાજ,**
**પોંધા કેનીક પારખા, ખબર ડીજ મહારાજ. "**

કાંયાજી આ વાત જાણતા હતા. આથી ફરીથી બંનેનો સંગમ થાય તે સમયની રાહ જોવા લાગ્યા. ઝારાના યુદ્ધ વખતે રાઓશ્રી કચ્છના સૈન્યની સરદારી લેવા માટે તમામ ભાયાતોને આમંત્રણ મોકલીને ભુજ તેડાવ્યા છે. તે વાતની કાંઈયા બારોટને

જાણ થતાં તેઓ વિંઝાણ ગયા અને લાખાજીને ઉપદેશ આપી, ભુજ તેડી ગયા. કચ્છના સૈન્યની સરદારી લેવા કોઈ તૈયાર થતું ન હતું. કારણ કે, હાથે કરીને મૃત્યુના મુખમાં જવા કોણ તૈયાર થાય ? આ વખતે બારોટે લાખાજીને સરદારી લેવા સમજાવ્યા અને લાખાએ બીડું ઝડપી લીધું, ત્યારે કાંઈયા બારોટે લાખાજીને બિરદાવતાં કહ્યું કે –

**" તેરો ડીં તરાર, સે પઈ પટને**

**માંજી દઈ મલાર, લખો સાહેબ સોઢેઓ."**

આમ, કાંઈયાએ પોતાનું કર્તવ્ય અને માભોમ પ્રત્યેની ફરજ બરોબર બજાવી પોતે પણ માભોમ કાજે અભૂતપૂર્વ પરાક્રમ બતાવી અનેકને ગાજર–મૂળાની પેઠે કાપી અંત સુધી લડતાં–લડતાં વીરને છાજે તે રીતે વીર લાખાજી સાથે જ મૃત્યુને ભેટયા.

કાંઈયા બારોટ તથા લાખાજીની વીરતાને બિરદાવતું કાવ્ય આજે પણ આ વાતની સાક્ષી પૂરે છે.

*** કાવ્ય ***

**"વૈકુંઠ પૂરી વિંઝાણ, જીત સીંઅ લખો સપનું**
**કુંવર જસાણી કાન, અવતારી આવ્યો ભલે,**
**લખે ઝારો જલ્યો, કાંઈયું થ્યો મિજ કોટ**
**ઘણા નચાયે ગોટ, બારોટ બીરદ ખટેઓ**
**મલી ડુંગર માઠ, મ રખ દિલમેં ધ્રા.**
**એડી ઉં લખુ લોરી ઉં, સમે લધાઉયું શિર મથા.**
**વીર વંક વિંઝાણ, ભૂપક મુગટ મોડેઆ**
**બ્યો ચેલો સૌ સંસાર, શૂરેજો ગુરૂ સાહેબો**
**ઝનન ઝનન ઝાલેરી વજે, વજે રૂક વિકરાર**
**જસાણી જુડધાર, સેવા મંઢે સાહેબે**
**ભાલેસે ભરપૂર, હુઈ ઝાટકે જુડી**
**કાયર કરમેં માળ, વીર ઝબૂકે વીજળી**
**અધ ધડ ઉન ડીં મણ, અધ વિમી અલગા પએં**

**ખેલે રાવળ ખાગ, યુદ્ધ જસાણી ખટેઓ**
**જે હુએં પુવ્વંગે પકખ, ત ઉડામી કેકાણી**
**સૌંએ ડૈંએ સાહેબો, ઈન્દ્રાસન મેં આણ**
**યુદ્ધ જરાસંઘ જો, અબડે પણ કયો ઈ**
**લખે ઝારે ચાડેયું, ભૂચર મોરી જીઅં**
**ઝારે મથે થાણું, સે સૂરેં સતાણીજો**
**ડુંગર ડાડાણું, સે રંગે ડિનાં તે રતસે**
**વિસર સૂરે તે વગીયું, સે ભેરી બીં ભરા**
**સાહેબ મુછ ફંફોડઈ, તડેં ધૂબણ લગી ધરા.**
**તોપેં ટુકર ઉથડેં, ફિફડ ધડ ફાટે**
**ઘડેઓ મિંજ ઘાટેં ભાલે અણીએં ભીમજી**
**જાડેજા ઝુડધાર, બ્યો કાકો કેસરસિંહ**
**હથ વતાયાં હાથીએ અને મોકડસીં પણ તી.**

આવા કાંઈયા બારોટના વંશજો અત્યારે પણ કરોડિયા ગામમાં તેમનો ગ્રાસ ભોગવી રહ્યા છે." (૧૬)

* ભીમશી કાકુ એ નોંધ્યું છે કે," કાંઈયા બારોટ ઝારાની લડાઈમાં વિંઝાણના લાખાજી સાથે રહીને સિંધના સૈન્યનો સફાયો બોલાવતા–બોલાવતા વીરગતિ પામ્યો. આ લેખકના પુસ્તકમાં રહેલ કાવ્યમાં–

**લખે ઝારો ઝલ્યો, કાંઈયું થ્યો મિજ કોટ**
**ઘણા નચાયે ગોટ, બારોટ બિરદ ખટેઓ.**

આ પંકિત પરથી લેખકે એવું તારણ કાઢયું છે કે, કાંઈયો બારોટ 'કોટ' સમાન હતો. અને તેના વિશે (બારોટ વિશે) કથા પણ પોતાના પુસ્તકમાં આપેલી છે.

જયારે ઝારાના યુદ્ધમાં ખૂબ ઝઝૂમીને વીરગતિ પામનાર વિંઝાણના લાખા વિષયક લેખ કચ્છના કળાધરો અથવા 'ચંદ્રવંશ ચરિત્ર' તેમજ તેના બીજા લેખમાં લાખાની સાથે કાંઈયા બારોટનો ઉલ્લેખ જોવા મળતો નથી. આ ઉપરાંત પણ ' ચંદ્રવંશ ચરિત્ર ' પુસ્તકમા. –

"લખે નારો ઝલેયો, કાંઈયું થ્યો મિજ કોટ

ઘણાં નચાયે ગોટ, વીર ધણી વિંઝાણજે". (૧૭)

આવું લખાણ જોવા મળે છે. આમ, બંને લેખકોએ પોતાના પુસ્તકમાં ટાંકેલી પંકિતઓ એક જ છે. છતાં પણ તેના ચોથા ચરણમાં તફાવત છે. આ લેખક કાંઈયાના વંશજ લાખાને ઝારાના યુદ્ધમાં ' કોટ ' કહે છે. આમ, બંને લેખકો પોતપોતાની રીતે પંકિતને મૂલવે છે. ત્રીજી જગ્યાએથી કાવ્યપંકિતઓ અને લાખાજી તથા કાંઈયા બારોટનો ઉલ્લેખ મળે તો કદાચ સાચી માહિતીથી નજીક જઈ શકાય.

અત્યારે કોઈ બીજી જગ્યાએથી આ માહિતી પ્રાપ્ત થઈ નથી.

## ૮.૭ * વીર ભીમોજી તથા વીસોજીના પાળિયા :-

મહાભારતના યુદ્ધની સાથે જેની સરખામણી થઈ શકે તેવું તુમુલ યુદ્ધ કચ્છના ઝારા ડુંગર ઉપર થયું હતું. આ યુદ્ધ માત્ર અઢી દિવસ ચાલ્યું હતું. છતાંપણ કચ્છ અને સિંધના મળીને એક લાખ માણસ મર્યા હતા. ત્યારે જે રીતે સૂરજ આકાશમાં વાદળાની છાયે છૂપો રહે નહીં. એ રીતે કચ્છના વીરપુઢષોએ આ યુદ્ધમાં પોતાના પ્રાણોની આહુતિ આપી હતી. જેમાં નરા ગામના ભીમોજી તથા વીસોજી મુખ્ય હતા જેના વિશે જોઈએ તો

દુલેરાય કારાણી નોંધે છે, "નરાના ઠાકોર મહેરામણજી અત્યંત શૂરવીર અને પરાક્રમી પુરુષ થઈ ગયાં. તેઓ બહારવટું ખેલતા અને ઝારાના ડુંગરમાં જ રહેતા. એક વખત દાતણ કરતી વખતે દૂધની તાંબડીઓ લઈને ગામમાં આવતી એક મનોહર મુગ્ધા પર તેની દષ્ટિ પડી. તે વખતે રસ્તા પર બે પાડા લડી રહ્યા હતા. ત્યાંથી નીકળવાની કોઈની હિંમત ચાલતી ન હતી. છતાં આ કન્યા દૂધ લઈને ત્યાં આવી. બંને પાડાના શિંગને પકડીને એકને આ બાજુ અને બીજાને બીજી બાજુ ધકેલી તે ચાલતી થઈ. ઠાકોરે વિચાર્યું કે, આ કન્યા સાથે લગ્ન થાય તો તેના પેટે જે ફરજંદ થાય તે જન્મભૂમિનું પાણી રાખનાર વીરપુઢષ થાય. એવું વિચારી તેની સાથે પોતે લગ્ન કર્યાં. તે નોતિયાર કન્યાના પેટે ઝારાના રણઝુંઝાર ભીમજીનો જન્મ થયો. બીજી રાણીના પેટે કુમાર વીસોજી જન્મ્યા. બંને અનૌરસ પુત્રો. આ બંને બંધુઓ અનૌરસ હોવાને લીધે મહારાજે ઝારાના યુદ્ધમાં પોતાના લશ્કરમાં લીધા નથી. એવી જાણ ગુલામશાહને થતાં તેણે બંને ભાઈઓને બોલાવીને પોતાના પક્ષમાં

લેવા ઘણા પ્રયત્નો કર્યા પણ નિરર્થક. પોતાના પ્રયત્નમાં નિષ્ફળ જતાં ગુલામશાહે તેમને પૂછયું કે, " તમારા જેવા જાડેજા કચ્છમાં કેટલાક છે ? " આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં વીસાજીએ જણાવ્યું " કલ્હોરા વંશમાં જેવો તું છે, તેવા જાડેજા વંશમાં અમે છીએ. ખરા જાડેજા તો હજુ બીજા છે અને છેલ્લે બંને ભાઈઓ યુધ્ધમાં ઝંપલાવીને મૃત્યુ ને વરે છે." (૧૮)

ગુલામશાહે કહેલી વાત વિશે ડો. ગોવર્ધન શર્મા અને ભાવના મહેતાએ નોંધતા કહ્યું છે, "ઘરે આવી ભીમજી અને વીસાજીએ પોતાની માતાને બધી વાત કરી. તરત જ બંને ભાઈઓ અને માતાએ નિર્ણય કર્યો કે, માદરે વતનની સેવા, વતન પ્રત્યેની ફરજ, એ સત્તા, ધન, વૈભવ કે ધર્મથી મહાન છે. આજે મા–ભોમની હાકલ પડી છે અને ફોજમાં સૌથી મોખરે રહેવાનો લહાવો મળી રહ્યો છે. આ તો અમૂલ્ય અવસર છે ! આ રીતે બંને ભાઈઓ બીજા જાડેજા યુવાનો સાથે મોતનો ફાગ ખેલી રહ્યા. આવા વિરલ દશ્યનું તાદશ અંકન કરતાં કચ્છી દુહા ઘણા પ્રસિદ્ધ છે.!

**"ઝારે મથે થાણું, શૂરે સતાણી જો.**
**ડુંગર ડાડાણું, રંગે ડિનેં રત્તાસેં,**
**સિર લથે ધડ ઝૂઝેઆ, મિયાં પૂછે તો કેર ?**
**આસાણી અભંગ ભડ, સમા શૂરા શેર. "**

(ઝારાના ડુંગર પર શૂરવીર ભીમજીએ થાણું જમાવ્યું, એણે પોતાના બાપ–દાદાના ઝારા ડુંગરને રકત વડે રંગી નાખ્યો, માથુ ઊતરી ગયા પછી ઝઝૂમી રહેલા એમના ધડ જોઈને મિયા ગુલામશા પૂછે છે કે, આ કોણ છે ? આ તો આસાજીના વંશજો સિંહ જેવા શૂરવીર ભીમજી અને વીસાજી છે! )

આખરે ઠેઠ સાંજે બંને ભાઈઓ ધરતી પર પોઢયા. રણયજ્ઞમાં હોમાઈ ગયેલા આ બંને ભાઈઓ સાથે તેમની માતા સતી થયાં." (૧૯)

'કચ્છ સમયની સરવાણી' પુસ્તકમાં નીચે મુજબ વીરાંગનાની નોંધ જોવા મળે છે. આ યુદ્ધમાં વીરાંગના એવી નોતિયાર માતાએ બીજી વીરાંગનાઓને એકઠી કરી લડવૈયાઓ માટે રોટલા, છાશ, (મઠો) અને પાણી લઈને બધા યોદ્ધાઓની પાસે પહોંચી જતી.એટલુ જ નહીં ઘાયલોની સેવા–ચાકરી તેમજ લડનારાઓનો જુસ્સો વધારવાનું મહત્ત્વપૂર્ણ કામ પણ તેઓ કરતી હતી.

એક વખત યુદ્ધની વચ્ચે નોતિયારમાં છાશનો ઘડો લઈને આવ્યો તો કોઈએ

કહ્યું મા, તમારા દીકરાઓ બીજી તરફ ગયા છે. ત્યારે નોતિયારમા બોલ્યા : " તમે બધાજ મારા દીકરા છો અને મને એટલા જ વહાલા છો જેટલા ભીમો અને વીસો. "

આ યુદ્ધ ખતમ થયા પછી કેટલીય વીરાંગનાઓ સતી થઈ ગઈ. કેટલાય કહે છે કે નોતિયારમા પોતાના બંને બેટાઓના મૃત્યુ પછી ખુદ યુદ્ધના મેદાનમાં સામેલ થઈ અને પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું. આ યુદ્ધમાં બધી જ જાતિઓના નવજવાનો સામેલ હતા. આ યુદ્ધમાં જેટલું ભારે નુકશાન થયું હતું કે કદાચ કેટલાંય વર્ષો વીતી ગયાં હશે આટલા વીર યોદ્ધાઓને પેદા કરવામાં." [૨૦]

* ઉપરોકત ત્રણેય પુસ્તકોમાં ભીમોજી તથા વીસોની કથા આપેલી છે. જેમાં આપણા સાંસ્કૃતિક ઉપાખ્યાન તથા 'કચ્છ સમયની સરવાણી' પુસ્તકમા બંને વીરોની માતા કેવી બહાદુર હતી ! તેની નોંધ પણ જોવા મળે છે. નરા ગામની એક છતરડીમાં નરા ના બંને વીર ભાઈઓ તથા વિંઝાણના લાખાજીનો પાળિયો છે, જેમાં ડાબી બાજુથી પ્રથમ વિસોજી વચ્ચે લાખાજી અને જમણી બાજુથી પ્રથમ ભીમોજીના પાળિયાઓ ઊભા છે. ઘોડેસવારની આકૃતિ પરંપરિત છે. અક્ષરો ઘસાય ગયા છે, લખાણ ઉકલતું નથી.

## ૮.૮ * વીર અબડો :-

શરણાગતોની રક્ષા કરવી એ રાજપૂત ધર્મ રહ્યો છે. કોઈપણ શરણાગત ક્ષત્રિયને શરણે આવ્યો હોય ત્યારે આ રાજપૂત વીરે પોતાના કુળની ઊજળી પરંપરાને નીભાવી છે અને તેના માટે તે છેલ્લા ✓ાસ સુધી લડતો રહ્યો છે. આ પરંપરા તો સદીઓથી ચાલી આવી છે અને સાચા રાજપૂતે હસતા મુખે તેને નીભાવી છે. અબડાસા તાલુકાના વડસરનો વીર અબડો જામ આનુ જલવંત ઉદાહરણ છે. તેનો પાળિયો વડસરમાં ઊભો છે. તેના વિશે લેખિત સ્વરૂપમાં જે માહિતી મળે છે તે જોઈએ તો. –

વીર વિક્રમની ચૌદમી સદીની વાત છે. આજથી ૭૦૦ વર્ષ પહેલાં દિલ્હીની ગાદી પર અલાઉદ્દીનનો અમલ હતો. હિંદુસ્તાનની જનતા એના અત્યાચારી અમલથી ' ત્રાહિમામ્ ' પોકારી રહી હતી. એ સમયમાં સિંધના ઉંમરકોટમાં ભૂંગળ સૂમરાની સત્તા હતી. આ ભૂંગળ શૂરવીર, ન્યાયી સત્તાધીશ હતો. તેને બે કુમારો હતા. મોટો ચનેસર અને નાનો ઘોઘોકુમાર. પરંતુ ઘોઘો બુદ્ધિશાળી, ન્યાયી હોવાથી લોકોની એવી ઈચ્છા હતી કે ગાદીનો વારસ ઘોઘોકુમાર બને પણ ગાદીનો ખરો હક્કદાર ચનેસર

હતો. આથી ઘોઘાની ઈચ્છા ગમે તે રીતે ચનેસરને ગાદી આપવાની હતી. રાજયાભિષેક માટે ચનેસરને બોલાવવામાં આવ્યો. બધી તૈયારીઓ થઈ ગઈ છેલ્લી ઘડીએ ચનેસરે કહ્યું કે હમણા અમ્માને પૂછીને આવું એમ કહીને તે પોતાની માતાને પૂછવા માટે ગયો. તેની માતા તરત જ સમજી ગઈ કે પુત્રએ દાટ વાળ્યો છે. ચનેસર પાછો દરબારમાં આવ્યો ત્યાં સુધીમાં લોકોએ ઘોઘાને ધરારીથી રાજગાદી પર બેસાડી દીધો. બાજી હાથમાંથી સરી જતી જોઈને ચનેસર ગુસ્સાથી દરબાર છોડી દિલ્હી અલ્લાઉદ્દીનના દરબારમાં ગયો અને ફરિયાદ કરી. અલ્લાઉદ્દીન રાહ જોઈને જ બેઠો હતો. કેમકે સુમરાઓની બહાદુરી તેને ખટકતી હતી. વળી ચનેસરને ખ્યાલ હતો કે અલ્લાઉદ્દીન હવસખોર છે. આથી સિંધની ખૂબ જ સ્વરૂપવાન સુંદરી અપાવવાની વાત પણ કરી. આથી અલ્લાઉદ્દીન તૈયાર થયો અને યોદ્ધાઓને તૈયાર કરીને સિંધ તરફ રવાના થયો. આ વાતની જાણ સુમરા ઘોઘાને તથા અન્ય સુમરાઓને થતાં તેમણે વિચાર્યું કે આવી અપ્સરા જેવી સુમરીઓને અહીં રાખી શકાય નહિ. હવે શું કરવું ? ખૂબ વિચાર કર્યા પછી નક્કી કર્યું કે સુમરીઓનું રક્ષણ કરી શકે તેવો વીર કચ્છમાં એક જ છે અને તે છે વડસરનો અબડો. અબડાને સમાચાર મોકલવામાં આવ્યા કે સિંધની સુમરીઓ આપની શરણાગતે આવી રહી છે. ત્યારે અબડાએ સુમરીઓને લેવા માટે સામાં ગાડાં મોકલાવ્યાં અને પોતાની બહેન ગણીને રાખી. બીજી બાજુ અલ્લાઉદ્દીન સિંધમાં પહોંચી ગયો અને ઘોઘા સુમરા સાથે તથા અન્ય સૈન્ય સાથે ખૂબ જ લડયો. ઘોઘો પૂરી તાકાત લડાવીને અલ્લાઉદ્દીનના સૈન્ય સાથે લડયો. અંતે તે રણભૂમિમાં સદાયને માટે પોઢી ગયો. ત્યારે એક મુસ્લિમ સૈનિકે ઘોઘાની લાશને ઠેબુ માર્યું ત્યારે ત્યાં રહેલા ચનેસરનું લોહી ઉકળી ઊઠયું અને અલ્લાઉદ્દીનના સૈન્ય પર તૂટી પડયો. ચનેસરજી બાજી આ રીતે બદલતી જોઈને અલ્લાઉદ્દીને ચનેસરના કટકે–કટકા કરી નાખ્યા. આ રીતે કુટુંબ કલેશના એક તણખલાએ ઉમરકોટની સુમરાસત્તાને ભસ્મીભૂત કરી નાખી. તમામ સુમરા સરદારોને નષ્ટ કરી નાખ્યા.

ત્યારબાદ સુમરીઓની ભાળ મેળવવા સુમરીઓના સગડ લેતો બાદશાહ વડસર આવ્યા વિના નહીં રહે તે વાત તેના ખ્યાલ બહાર ન હતી. એટલે અબડાએ પ્રથમથી જ લાંબો વિચાર કરીને અલ્લાઉદ્દીનનો સામનો કરવા અને તેને રૂક્કના ચણા ચખાડવા શૂરવીર કચ્છી વીરોની સેનાને તૈયાર કરવા માંડી હતી. અબડો કચ્છના લડાયક વીરોને પાણી ચડાવવા કચ્છી ભાષામાં ચેતનાનો મંત્ર ફૂંકવા લાગ્યો.

**માદર વતન લા અજ, મરી ફિરજા માથાહથ મેં ખણી ?**

**રણ વીર રણ જી મોજ મેં, મટજા મથા હથ મે ખણી !**

( માદરે વતનને માટે આજે માથાં હાથમાં લઈને મરી ફીટજો રણની મોજામાં માથા હાથમાં લઈને મરી જજો. !)

અબડાનો આ પડકાર આખા કચ્છમાં ફરી વળ્યો અને આખા કચ્છના નરબંકાઓ મિયાણા, સમા, સુમરા, સાહેબ, રાયબ, નોતિયાર, જત, જાડેજા, હોથી વગેરે લડાયક વીરો અબડાની કુમકમાં હાજર થઈ ગયા. બીજી બાજુ અલ્લાઉદ્દીન પોતાના સૈન્ય સાથે સુમરીઓનાં પગલાં લેતો લેતો વડસર આવી પહોંચ્યો ત્યારે વીર અબડાએ સુમરીઓને બચાવવા વડસરથી પણ ઝાડીના રસ્તેથી રોહા તરફ રવાના કરી દીધી હતી. આ અબડાના દરબારમાં ઓરસો કરીને એક મેઘવાળ હતો. તે ખૂબ જ બહાદુર અને ચાલબાજ હતો. આ સમયે ઓરસાએ અબડાને કહ્યું મહારાજ આપ મને ભૂલી ગયા કે શું ? ત્યારે અબડાને ખૂબ ખુશી થઈ. આ મેઘવાળે અબડાને કહ્યું કે, આપ આજ્ઞા આપો તો હું અલ્લાઉદ્દીનનું માથું આજે જ આપણા ચરણોમાં હાજર કરી દઉં ! ત્યારે અબડાએ કહ્યું કે તું માથું લઈ આવીશ ? ત્યારે મેઘવાળે કહ્યું બાપુ ! તમારે રોટલાથી કામ કે ટપાકાથી પણ ઓરસા આપણે દગાની રમત નથી રમવી. રાજપૂત બચ્ચો કદી દગાનો આશરો લેતો નથી ત્યારે ઓરસાએ કહ્યું બાપુ ! કાળા નાગને દગાથી જ દાબી શકાય. ત્યારે અબડાએ કહ્યું ઓરસા તારી પાસે કળા છે તો તું એક ચમત્કાર કરીને બતાવ. બાપુની આજ્ઞા મુજબ ઓરસો રાત્રિના સમયે છાનોમાનો તંબુમાં પ્રવેશ્યો. લશ્કર થાકેલું હોવાથી બધા સૂઈ ગયા હતા. નીરવશાંતિમાં તે મંઘરો (કદમાં નાનો) એવો મેઘવાળ બાદશાહની તલવાર ઉપાડી લાવ્યો. તલવારની જગ્યાએ રાંપડી મૂકી દીધી હતી. સવારમાં તે મહારાજ પાસે પહોંચીને તલવાર આપી. બીજી બાજુ બાદશાહે ઊઠીને જોયું તો તેની તલવારની જગ્યાએ રાંપડી પડેલી હતી. આથી તે ક્રોધમાં ધૂંવાપૂંવા બન્યો. ત્યારે તે એ પણ સમજી ગયો કે તલવાર ઉપાડનારે જો ધાર્યું હોત તો તે પોતાના માથાને પણ ઉડાવી દેત. આથી તેણે અબડાને સંદેશો મોકલાવ્યો કે જો તે સુમરીઓને સોંપી દે તો અમારું લશ્કર તમને નુકશાન કર્યા વગર જ અહીંથી ઊપડી જશે. ત્યારે અબડાએ કહ્યું કે, સુમરી તો શું પણ તેના પગની એક મોજડી પણ તમને મળવાની નથી.

ત્યારપછી વડસરના મેદાનમાં ૧૮ દિવસ સુધી ભયંકર લડાઈ થઈ. જેમાં

કેટલાયે નરવીરો લડતાં–લડતાં રણયજ્ઞમાં હોમાઈ ગયા હતા. અબડાને હવે સુમરીઓની ચિંતા ન હતી. આથી તે મરણિયો થઈને શાહી લશ્કર ઉપર તૂટી પડયો હતો. આ રીતે પોતાની ટેક જાળવવા સામી છાતીએ લડીને અબડા સહિત અનેક વીરો કામ આવી ગયા. સાથે–સાથે શાહી લશ્કરનો પણ ઘાણ કાઢી નાખ્યો હતો." [૨૧]

* આ કથા ' ભલો ભટારો કચ્છ ' પુસ્તકમાં મૂળરાજ રૂપારેલે આપી છે. જેમાં લેખકે નોંધ્યું છે કે, ખૂનખાર જંગ જામી ગયો. સવાર પડતામાં તો, લોહીની નીકો વહેવા લાગી. હાડમાંસના ટુકડા ઊડવા લાગ્યા. ચીસો ને પડકારોથી હથિયારોના ખણખણાટથી વાતાવરણ ખળભળી ઊઠયું.

વીરના મોતે મર્યો એ અબડો એ દિવસે, એના મૃત્યુના સમાચાર મળતાં જ એની મા જગદંબાનું નામ લઈને જીવતે જીવ ભળભળ બળતી ચિતામાં કૂદી પડી અન્ય રાજપૂતાણીઓએ પણ ધર્મ રક્ષા માટે અગ્નિસ્નાન કર્યું. ચૌદમી સદીમાં થઈ ગયેલા આ અબડાને આજેય લોકો યાદ કરે છે. એથીયે વિશેષ આવા વીરને જન્મ આપનાર એની જનેતાને યાદ કરે છે." [૨૨]

* આ અબડાની જગ્યા વડસરમાં આવેલી છે. લોકો તેને પીર તરીકે પૂજે છે.

' કચ્છનો ટૂંક પ્રવાસ ' પુસ્તકમાં લેખક જયંતગીરી પી. ગોસ્વામીએ વીર અબડા વિશે ટૂંકમાં કથા આપી છે". [૨૩]

* કચ્છના ઈતિહાસ વિષયક ઘણાં પુસ્તકોમાં વડસરના અબડાની કથા આપેલી છે. દરેક પુસ્તકમાં શરણાગત ખાતર પોતાના પ્રાણોની આહુતિ આપતો અબડાને બિરાદાવ્યો છે. આ રીતે દરેક પુસ્તકમાં એક સરખી કથા મળતી હોવાથી મૂળ કથાને ટેકો મળી રહે છે.

### ૮.૯ * હમીરજીનો પાળિયો :-

બારા અને તેરા ગામની વચ્ચે હમીરજીની છતરડી ઊભી છે જેની કથા નીચે મુજબ છે.

"જામ ઓઠાના વંશમાં કાંઈયા નામનો કુમાર આમર થયો. આ આમર જામનો સૌથી મોટો કુમાર ભીમજી થયો. આ ભીમજીએ જામની પાઘડી તેના ઓરમાન ભાઈ આમરને સોંપી. પરંતુ તે જામની પાઘડીને જાળવી શકયો નહીં. આથી પ્રજાએ

ફરીથી ભીમજીને ગાદીપતિ બનાવ્યો. આ ભીમજી ઘણો જ બહાદુર અને વ્યવહારકુશળ હતો, પરંતુ એક વાતની સમસ્યા હતી કે જામ ગજણ અને જામ ઓઠાના વંશમાં શરૂઆતથી જ વૈમનસ્ય ચાલ્યું આવતું હોવાથી બંને પક્ષે દુશ્મનાવટ હતી. કારાણીએ નોંધ્યું છે કે,

**"હકાંઈયે ઘર આમર થેઓ, આમર ઘરજો ભીમ,**
**સમે સંધી સીમ, પસી કઈ પિંઢજી".**

(જામ કાંઈયાને ત્યાં આમર થયો અને આમરનો ભીમજી થયો. તેણે સઘળી હદ સાંભળીને તે પર પોતાની હકુમત બેસાડી)

આ વખતે બારાની ગાદી પર હરધોળ જામનો પુત્ર લાખો હતો. આ લાખો જામ અત્યંત પરાક્રમી તેમજ બળવાન હોવાથી તેણે પણ પોતાની રાજય–સત્તા સારી રીતે જમાવવા માંડી હતી.

**બારેમેં હરધોળજો, લાખો ચાયે જામ,**
**સે ભીમકે હામ, લાખેજો લેખો ગિના.**

(બારામાં હરધોળ જામનો કુમાર લાખો જામ કહેવાય છે. તેની પાસેથી જૂના વેરનો હિસાબ લેવાની ભીમજીના મનમાં અભિલાષા છે.)" (૨૪)

જામ લાખોએ વાગડમાં લગ્ન કર્યાં હતાં. કહેવાય છે કે, પોતાના સસરાને ત્યાંથી પાછા ફરતાં લાખાજી ભીમજીને મળવા હબા ડુંગર ઉપર ગયો. (તે વખતે ભીમજી હબા ડુંગર ઉપર હતો.) આ ડુંગર ઉપર ભીમજીના વિ✓ાસુ સંઘારો રહેતા હતા. લાખાજી અને ભીમજીનાં કુટુંબો વચ્ચે વૈમનસ્ય હતું તથા ભીમજી લાખાજીનું વેર વાળવા ઈચ્છતા હતા. એવી જાણ સંઘારોને હોવાથી લાખાજીને આવતા જોઈને એક સંઘાર ભીમજીને આ સમાચાર આપવા દોડયો. ત્યારે લાખાજીને આજે સામેથી આવતો જોઈને ભીમજી ખુશ થયા. આ ખુશી બનાવટી હતી. ત્યારબાદ બંને રાજવીરો મોડી રાત સુધી વાતચીત કરતા રહ્યા. ભીમજીએ પહેલેથી જ સંઘારોને સૂચના આપી દીધી હતી કે, લાખાજીનું ખૂન તમારે કરવાનું છે. આ ગોઠવણ મુજબ મોડી રાત્રે સંઘારોએ લાખાજીનું ખૂન કરી નાખ્યું.

રશબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે કે, ખૂનખાર લડાઈ કરી લાખાએ પોતાની નવી જાગીરનો કબજો મેળવ્યો, અને જાડેજા વંશના બારા જાગીરના આદિ પુઢષ ગજણ પછીના જાડેજા રાજવી હાલાજી. જે તે તેના વડીલ થાય તે હાલાના નામ પરથી તેનું નામ હાલાર તરીકે જાહેર કરી ત્યાં એક મોટું જાડેજા રાજય કાઠિયાવાડમાં સ્થાપ્યું.

પરંતુ આ જાગીરોના મૂળ માલિકોને હાંકી કાઢવાનું કે, તેમનો સદંતર નાશ કરવામાં તેમનાં કુટુંબો સાથે તેણે અનેક વેરઝેર ઊભાં કર્યાં, આમાંના એક ઝઘડાનું પાછળથી બહુ જ ભયંકર પરિણામ આવ્યું. એમ કહેવાય છે કે," ૧૬ – મી સદીની શરૂઆતમાં લાખાએ પોતાના વડીલોની જાગીરમાં ફરી આવવાનો વિચાર કર્યો, અને બારા જતાં રસ્તામાં લાખિયાર વીરા જાગીરની હકૂમતમાંથી તે પસાર થયો. તે જાગીર સાથેના ખરાબ સંબંધોને કારણે તેમને ત્યાં મહેમાન થવા તે ખુશી ન હતો અને તેની હબાય ડુંગરથી થોડે દૂર આવેલ એક સંઘારના તાબાની વાંઢમાં ઊતર્યો. જયારે લાખો અહીં વિશ્રામ લઈ રહ્યો હતો ત્યારે કેટલાક ઝનૂની માણસોએ તેને મારી નાખ્યો.

આ માણસોનાં કુટુંબો ઉપર લાખાએ જે કેર વર્તાવ્યો હતો તેનું વેર લેવા માટે તેઓ હાલારથી જ લાખાની પૂંઠે પડયા હતાં." (૨૫)

આમ જામ લાખાના ખૂનની બાબતમાં લેખકોમાં મતભેદ જોવા મળે છે. જામ લાખાનું ખૂન ગમે તેને કર્યું હોય કે કરાવ્યું હોય પણ જામ લાખાના કુંવર રાવળજી પોતાના પિતાના ખૂન માટે ભીમજીને જ જવાબદાર ગણતા હોવાથી, ભીમજીનો કાંટો કાઢી નાખવાનો વિચાર રાવળ જામ કરવા લાગ્યો. આ માટે જામ રાવળે ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ ભીમજી ચેતી ગયેલ હોવાથી કયારેય જામ રાવળની વાત કે યોજનામાં ફસાતા નહીં.

આમ ભીમજીને મારી નાખવાની જામ રાવળની મનની મનમાં જ રહી. છેવટે ભીમજી મૃત્યુ પામ્યા. ભીમજીના અવસાન પછી સત્તાનો દોર ભીમજીના કુમાર હમીરજીના હાથમાં આવ્યો, ત્યારે હમીરજીએ પોતાના પિતાનું પરોજણ ખૂબ ધામધૂમથી કર્યું. જેમાં બધા જ ભાયાતોને આમંત્રિત કર્યા. ત્યારે અંદરથી સળગતો પણ બહારથી બનાવટી પ્રેમ બતાવતો જામ રાવળ પણ અન્યની સાથે ભીમજીની પરોજણમાં પહોંચી ગયો અને હમીરજી વિ✓ાસ જીતવા માટે તેની સાથે પ્રેમપૂર્વકનો વ્યવહાર કરવા લાગ્યો. આ રીતે તે હમીરજીને ત્યાં અવારનવાર આવતો જતો અને ભૂતકાળના વેરઝેર ભૂલવાની વાતો કરતો. આમ છતાં હમીરજીને રાવળજી પર બહુ વિ✓ાસ આવતો નહીં. આમ છતાં રાવળ મનમાં વેર રાખીને હમીરજી સાથે સારા સંબંધો બનાવવાના પ્રયત્નોમાં હતો. આ રીતે જામ રાવળને જામ હમીરજી સાથે ભળતો જોઈને રાવળનાં કુટુંબીજનો તેને સંભળાવવા લાગ્યા. જેનાં વિશે ' કારાણીએ દુહો નોંધ્યો છે.

**"ભા – ભાત્રીયા – ભેનરૂ ; રાવર મેણાં ડીં,**
**વડા વેર વિસારે, કાયર થઈ વેં કીં "?**

("ભાઈઓ, ભત્રીજાઓ અને બહેનો જામ રાવળને મહેણાં આપે છે કે વંશપરંપરાના મોટા વેરની વીસરી જઈને તું કાયર કેમ બની ગયો છે?)" (૨૬)

ત્યારે પણ જામ રાવળ પોતાના મનની ઈચ્છા મનમાં જ રાખીને જામ હમીરજીને મારવાની તક શોધવા લાગ્યો. આમ એક દિવસ ફરીથી જામ રાવળ હમીરજીને ત્યાં ગયો અને જામ હમીરજીને પોતાને ત્યાં આવવાનું આગ્રહપૂર્વકનું આમંત્રણ આપ્યું. આમ તો હમીરજીના મનમાં હંમેશાં શંકા–કુશંકા રહ્યા કરતી હતી. આમ છતાં એક દિવસ જામ રાવળના આગ્રહને કારણે તે છેતરાઈ ગયો. તેના વિશે ' આત્મારામ દ્વિવેદીએ નોંધ્યું છે. કે, " જામ રાવળના મનમાં હમીરજીને દગો કરી મારવાનો વિચાર હતો. પણ તે બહાર ન દર્શાવતાં પાંચ–સાત દિવસે હમીરજીની સલામે આવતો. એવામાં એક વખત અરજ કરી કે તમે પધારી મારું ગામ પાવન કરો. તો હું મિજબાનીની તૈયારી કરું. હમીરજીએ ના કહી તેથી રાવળે કાંઈ દગો ન રમવા હમીરજીને વિ✓ાસ આવે એટલા માટે પોતાની કુળદેવી આશાપુરાજીના સોગન ખાધા અને મિજબાનીમાં આવવાનું કબૂલ કરાવ્યું". (૨૭)

રશબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે કે, " જામ રાવળે ખાનગી રીતે દગાબાજી કરી જે હજી ગવાય છે. તેની ભેઠના આડઆમાં તેણે એક જીવતી ચકલી સંતાડી હતી. (આવી આડીઆ સહિતની ભેઠ જાડેજા ભાયાતો બાંધે છે.) અને જાણે કે તે પોતાની છાતી પર હાથ મૂકતો હોય તે રીતે ચકલી પર હાથ રાખી, માતાજી સમક્ષ પોતાના જીવના સમ ખાઈ પ્રતિજ્ઞા કરી, કે હું જાડેજા હમીરજીનો વાંકો વાળ પણ નહિ થવા દઉં. માતા આશાપુરાજી તો આથી છેતરાય નહિ, પણ હમીરજી છેતરાઈ ગયા." (૨૮)

આ રીતે જામ રાવળે માતા આશાપુરાના ખોટા સોગંદ ખાઈને હમીરજીને પોતાના વિ✓ાસમાં લીધા. માતાજીના સોગંદ જામ રાવળે ખાધા છે માટે હવે ડરવાનું કોઈ જ કારણ નથી, એમ વિચારીને હમીરજી જામ રાવળને ત્યાં જવા માટે તૈયાર થઈ ગયા. તેની સાથે તેના બે પુત્રો પણ હતા. ખેંગારજી તથા સાહેબજી. નાના રાયબજી તેના મોસાળે હતા. આથી બંને પુત્રોને લઈને તેઓ નીકળ્યા. રસ્તામાં વીંઝાણ મુકામે આ કુંવરોની માસી રહેતાં હતાં. તેઓ રાવળના સ્વભાવથી વાકેફ હોવાથી બંને કુંવરોને પોતાને ત્યાં રોકી

રાખ્યા. આથી જામ હમીરજી તથા તેના સાતેક જેટલા સાથીદારો જામ રાવળની મહેફિલમાં ગયા. આ જામ રાવળને તથા તેના સાથીદારોને જોઈને જામ રાવળ હરખઘેલો બની ગયો. તેના આદર સત્કાર કર્યો ને એક મોટા ખંડમાં બધાને લઈ ગયો. ત્યાં મહેમાનોને ખૂબ જ દારૂ પાયો. બધા દારૂના નશામાં ચકચૂર બન્યા ત્યારે જામ રાવળના માણસોએ જામ હમીરજી તથા તેના સાથીદારોનું ખૂન કરી નાખ્યું. કહેવાય છે કે, તેની સાથે એક લંગો પણ હતો. તેનું ખૂન પણ કરી નાખ્યું ત્યારે તે લંગાનું લોહી જામ હમીરજીના લોહીમાં ભળવા જતું હતું ત્યારે પેલા લંગાએ પોતાના સ્થાન પ્રમાણે લોહીના અટકાવવાનો પ્રયત્ન કર્યો. ત્યારે હમીરજીએ લંગાને આમ કરતો અટકાવતા કહ્યું કે, ભાઈ, હવે તો આપણે એક જ છીએ. આમ થોડી વારમાં જ જામ હમીરજીએ જામ રાવળને ત્યાં તેની મહેફિલમાં દેહ મૂકયો.

જામ હમીરજીના કતલની કથા ' કચ્છ ઈતિહાસ અને સંસ્કૃતિ ' નામના પુસ્તકમાં જુદી રીતે મળે છે. મૂહુણોત નેણસી નામે વિખ્યાત રાજકર્મચારી તથા ઈતિહાસ લેખક સત્તરમી સદીમાં થઈ ગયો. તે મારવાડના રાજા જશવંતસિંહના દરબારમાં થોડા વખત સુધી સત્તા પર હતો. તેણે રચેલ એક ઐતિહાસિકગ્રંથમાં જામ હમીરજીની હત્યા તથા જામ રાવળ અને જામ લાખાજીએ ભજવેલ ભાગ સંબંધમાં આ પ્રમાણે જણાવેલ છે કે, એક વખત જામ હમીરજી ગુમ થયેલ એક ગાયની શોધમાં થોડા સાથીદારો સાથે નીકળેલ ત્યારે દૂર સુધી નીકળી જતાં જામ લાખાજીનું ગામ બારા રસ્તામાં આવવાથી લાખાજીના આગ્રહથી તેને ત્યાં મહેમાન બન્યો હતો. એ રાત્રે ત્યાં પોઢયો હતો. ત્યારે લાખાજીના કુંવર રાવલજીએ એના મોસાળ પક્ષના લોકોના ઉશ્કેરવાથી રાજયલોભથી પ્રેરાઈને હમીરજીનું ખૂન કર્યું હતું. લાખાજીને આ વાતની ખબર પડતાં પરથી એણે રાવલજીને સખ્ત ઠપકો આપીને, કોઈવાર મોઢું ન બતાવે એમ કહીને હમીરજીના કુંવરો ખેંગારજી તથા સાહેબજી બચાવીને એમની સાથે લાખિયાર વીયરા ગયો હતો અને ત્યાં ખેંગારજીનો રાજતિલક કરાવ્યું હતું. થોડાં વર્ષો બાદ લાખોજી પોતાને સૌરાષ્ટ્રમાં મળેલ ગરાસના ગામેથી કચ્છમાં બારા તરફ પાછો આવતો હતો તે વખતે કોઈ દુશ્મન ગરાસદારે એનું ખૂન કર્યું હતું." (૨૯)

* પરંતુ જામ હમીરજીના ખૂન વિશે ઈતિહાસના દરેક પુસ્તકમાંથી એક જ માહિતી મળે છે. કે, જામ હમીરજીનું ખૂન જામ લાખાના કુંવર જામ રાવળે કર્યું હતું.

આમ, જામ હમીરજીના ખૂન વિશે કોઈ મતભેદ જોવા મળતો ન હોવાથી તેનું ખૂન જામ રાવળે કોઈક હેતુથી કર્યું હશે. એવા તારણ ઉપર આપણે આવી શકીએ.

* બારા અને તેરા ગામની વચ્ચે આ રાજવીની છતરડી ઊભી છે. અંદર હમીરજીનો પાળિયો જોવા મળે છે. તથા છતરડીની બહાર લંગા સહિત તેના સાથીદારોના પાળિયા ઊભા છે. ઘોડેસવારની આકૃતિ દેખાય છે. લખાણ કાળના પ્રવાહમાં વહી ગયું છે.

## ૮.૧૦ * જેતમાલજી તથા તેજમાલજીના પાળિયા :-

જાડેજા જેતમાલજીનો સમય મળતો નથી. પરંતુ કહેવાય છે કે, જેતમાલજી કોઠારા સામેના યુદ્ધમાં કામ આવ્યા હતા. તેનો પાળિયો વીંઝાણમાં રખે✓ર મહાદેવના મંદિરની બાજુમાં આવેલ છતરડીમાં જોવા મળે છે. લખાણ સાવ ઘસાઈ ગયેલ છે. ઘોડેસવારની આકૃતિ જોવા મળે છે. ડાબા હાથમાં ઢાલ અને જમણા હાથમાં તલવાર છે.

આ છતરડીની બાજુમાં બીજી એક નાનકડી છતરડી છે. જેમાં એક પાળિયો તેજમાલજીનો છે, તેઓ પ્રખ્યાત એવા ઝારાના યુદ્ધમાં કામ આવ્યા હતા". [૩૦]

બંને પાળિયાની આકૃતિ સમાન છે. ઘોડેસવારના એક હાથમાં ઢાલ અને બીજા હાથમાં તલવાર છે. ઉપરના ભાગમાં સૂર્ય–ચંદ્રની આકૃતિ કંડારેલી જોવા મળે છે. એક પાળિયા નીચેનું લખાણ થોડું વંચાય છે.

× × ત ૧ ૮ ૧ ૯

× સુદ દશમ × × ×

× × × ઝારે × × ×

* પ્રખ્યાત ઝારાનું યુદ્ધ સંવત્ ૧૮૧૯ ની સાલમાં થયું હતું. વળી પાળિયા નીચેના લખાણમાં પણ ૧૮૧૯ જેવું વંચાય છે.

# ❑ સંદર્ભસૂચિ ❑


૧. પ્રા. જિતેન્દ્ર અંતાણી :– 'કચ્છ તારી અસ્મિતા '–સામયિક ઈ.સ.૧૯૯૬–૯૭, અંતર્ગત વિવિધ તાલુકાઓની ઝલકો. , પૃ. ૨૬.

૨. જયંતગિરિ પી. ગોસ્વામી,' કચ્છનો ટૂંક પ્રવાસ ' – પૃ. ૩૬.

૩. એજન, પૃ. ૫૧.

૪. દુલેરાય કારાણી :–' કચ્છનાં કલાધર ભાગ ' – ૨ પૃ. ૨૯૯ થી ૩૦૧.

૫. શંભુદાન ગઢવી :– ' કચ્છ દર્શન ', પૃ. ૪૩–૪૪.

૬. આત્મારામ દ્વિવેદી :– ' કચ્છ દેશનો ઈતિહાસ ' પૃ. ૪૨–૪૩.

૭. વિ✓નાથ જોષી :– ' કચ્છમિત્ર દૈનિકપત્ર અંતર્ગત ' ઈતિહાસની રસપ્રદ કહાણી ' પૃ. ૨ તાઃ– ૩૧/૮/૦૮.

૮. દુલેરાય કારાણી :– ' કચ્છની રસધાર' – ભાગ – ૩,પૃ. ૪૪ થી ૫૦.

૯. ધનજી ભાનુશાલી :–' કચ્છમિત્ર' દીપોત્સવી – ૨૦૬૨, પૃ. ૨૫૨.

૧૦. રશબ્રુક વિલિયમ્સ :–' કારા ડુંગર' કચ્છજા ', પૃ. ૨૩૪.

૧૧. દુલેરાય કારાણી :– ' કચ્છની રસધાર ભાગ – ૨, પૃ. ૮૦ થી ૮૬.

૧૨. માહિતીદાતા :– રાઠોડ રાયમલભાઈ પી. ઉં.વ. ૪૭, હાલ : નાની અરલ,

૧૩. માહિતીદાતા :– ગઢવી મીતા એમ, વ્યવસાય : પી.ટી.સી. લેકચરર.ઉં.વ. ૨૫, ગામ : વીંગણિયા, હાલ : ભુજ,

૧૪. દુલેરાય કારાણી :–' કચ્છના કળાધરો ', પૃ. ૮૨૬–૮૨૭.

૧૫. ડૉ. પુલિન વસા :– ' કચ્છ સમયની સરવાણી ', પૃ. ૬૧.

૧૬. ભીમશી કાકુ બારોટ :–' કચ્છના સંત – શૂરવીર ચારણો', પૃ. ૧૧૩ થી ૧૨૧.

૧૭. દુલેરાય કારાણી,' ચંદ્રવંશ ચરિત્ર ', પૃ. ૮૨૭.

૧૮. એજન, પૃ. ૮૨૦–૮૨૧.

૧૯. ડૉ. ગોવર્ધન શર્મા અને ડૉ. ભાવના મહેતા :– ' આપણા સાંસ્કૃતિક ઉપાખ્યાનો', પૃ. ૧૬ થી ૧૮.

૨૦. ડૉ. પુલિન વસા,' કચ્છ સમયની સરવાણી ', પૃ. ૬૧–૬૨.

૨૧. દુલેરાય કારાણી, ' કચ્છની રસધાર ભાગ' – ૩,પૃ. ૭૨ થી ૮૪.

૨૨.	મૂળરાજ રૂપારેલ :– ' ભલો ભટારો કચ્છ ', પૃ. ૪૫.
૨૩.	જયંતગિરિ પી. ગોસ્વામી :– ' કચ્છનો ટૂંક પ્રવાસ ',  પૃ. ૩૩.
૨૪.	દુલેરાય કારાણી :– ' ચંદ્રવંશ ચરિત્ર ' , પૃ. ૬૮૫.
૨૫.	રશબ્રુક વિલિયમ્સ :– ' કારા ડુંગર કચ્છજા ' , પૃ. ૧૦૧.
૨૬.	દુલેરાય કારાણી :– ' કચ્છના કળાધરો',  પૃ. ૬૮૬.
૨૭.	આત્મારામ દ્વિવેદી :– ' કચ્છ દેશનો ઈતિહાસ ' , પૃ. ૩૦.
૨૮.	રશબ્રુક વિલિયમ્સ :– ' કારા ડુંગર કચ્છજા ' , પૃ. ૧૦૩.
૨૯.	ઠાકરશી પુરુષોત્તમ કંસારા :–  ' કચ્છ ઈતિહાસ અને સંસ્કૃતિ ', પૃ. ૬૧.
૩૦.	માહિતીદાતા :– જાડેજા સાવજસિંહ વી.ઉં.વ. ૬૦. ગામ : વિંઝાણ, હાલ : ભુજ.

# પ્રકરણ – ૯

# ઉપસંહાર

# ❑ પ્રકરણ – ૯ ❑
# ઉપસંહાર

કવિ ' ઉશનસ્ ' જેને રણ અને મહેરામણ વચ્ચે આવેલો પ્રદેશ કહે છે, તે કચ્છપ્રદેશ તેની ઉત્કૃષ્ટ ગણાવી શકાય તેવી ભાતીગળ સંસ્કૃતિથી છલોછલ ભરાયેલો હોઈ. તેના ખેડાયેલા પ્રદેશને વધારે ખેડવાની ઈચ્છા ઈતિહાસના કયાં સંશોધકને ન હોય ? અને એવા જ હેતુસર શોધકાર્યના પ્રસ્તુત ગ્રંથમાં કચ્છ પ્રદેશના રાજકીય, સામાજિક, ધાર્મિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક તેમજ પુરાતાત્ત્વિક બાબતોની ઘટમાળમાં રહેલા લોકતત્ત્વની શોધ સ્વાધ્યાય દ્વારા પ્રકાશમાં લાવવાનો આઠેય પ્રકરણમાં નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

કચ્છપ્રદેશનું નામ, આ પ્રદેશનાં ભૌગોલિક સ્થાનો, પ્રાકૃતિક રચના સાથે જ સુસંગત જણાય છે. અહીંનો વિસ્તાર અને તેની રચના પણ અહીંના વન્યજીવન અને માનવજીવન સાથે સુપેરે વણાયેલી છે. બેમિશાલ રણપ્રદેશને કારણે આ પ્રાંતને ભલે સુકોભટ્ઠ કહેવામાં આવ્યો હોય, પણ અહીંની ખનીજસંપત્તિ, જોવાલાયક ધાર્મિક અને ઐતિહાસિક સ્થળો, અવિરત લહેરાતો મહાસાગર વગેરેને કારણે કચ્છ પ્રદેશ કામણગારો બની રહ્યો છે.

આ ભૂમિમાં શું નથી ? બહારની અનેક પ્રજા આવી અને કાળની ગર્તામાં વિલુપ્ત થઈ ત્યારે આ પ્રદેશની રાજસત્તાએ અનેક રંગો બદલ્યા છે. આ સૌમાં નિરાળું રહ્યું છે, અહીનું ભાતીગળ લોકજીવન. પ્રજાના રીત–રિવાજો, માન્યતાઓ, લોકશ્રદ્ધાઓ, એમનાં વટ–વ્યવહાર, વહેમો તેની સાથે જ મેળાઓ, ઉત્સવો, છૂંદણાં, ગોકુળિયાં લગ્ન, ભૂમિપૂજન, લોકવાદ્યો વગેરેએ લોકજીવનમાં અનેરી ભાત પાડી છે.

તો મેકણદાદા, ધોરમનાથ, માતંગદેવ, વગેરે સંતો–મહંતો તેમજ હાજીપીર, મોડપીર, રૂકનશાપીર, અલિયાપીર, જેસલપીર વગેરે પીરોએ પણ આ પ્રદેશમાં ધર્મની ધૂણી ધખાવીને ભૂમિને પાવન બનાવી છે. તેની સાથે જ જગડુશાહ દાતાર, સુંદરજી સોદાગર, જમાદાર ફતેહમહમદ, શ્યામજી કૃષ્ણવર્મા જેવા જયોતિર્ધરોએ આ ભૂમિ માટે સદાય કમર કસી છે.

આ મલકને ઊજળો બનાવવામાં અહીંના સાહિત્યનો પણ સિંહ ફાળો

રહ્યો છે. સાહિત્યએ ભારતમાં જ નહીં, પરંતુ ભારત બહાર પણ આ પ્રદેશનીઓળખ કરાવી છે. કુદરતે અનેકવાર થપ્પડો મારી હોવા છતાં પણ કુદરત સામે પડકાર ફેંકનાર કચ્છ માડુ કયારેય હિંમત હાર્યો નથી. એટલું જ નહીં પણ તેની કલા–કારીગરી અને તેની ઉત્તમબુદ્ધિને કારણે આજે ભારતમાં જ નહીં પરંતુ વિ✓માં કચ્છીમાડુઓએ પોતાની ઓળખ ઊભી કરી છે. કચ્છની અનેક પ્રજા આજે ભારતમાં અને અનેક દેશોમાં વસવાટ કરે છે. આમ, કચ્છની જાતિઓમાં અને તેની લોકસંસ્કૃતિમાં ભારતીય સંસ્કારોનું પ્રતિબિંબ ઝીલાયેલું જોવા મળે છે.

દરેક જ્ઞાતિનો પોતાનો અનેરો ઈતિહાસ હોય છે. આ ઈતિહાસને આધારે જ તે વ્યકિતઓ પોતાના ભવ્ય અતીતના આયનામાં ડોકિયું કરી શકે છે. પરંતુ જો ઈતિહાસ જ ન હોય તો તેનો પોતાનો ભૂતકાળ ગમે તેટલો સુવર્ણમય હોય તો પણ તેનાથી અજાણ રહે છે. આ ઈતિહાસની સાથે અનુશ્રુતિ પણ ચાલી આવતી હોય છે. એક પેઢી પછી બીજી પેઢી અને બીજી પેઢી એ પછીની પેઢી. આમ બધુ કંઠસ્થ પરંપરામાં ચાલ્યું આવતું હોય છે. આપણું લોકસાહિત્ય કંઠસ્થ પરંપરામાં જીવતું હોય છે. આપણા ઈતિહાસ અને સંસ્કૃતિના પ્રસંગો, બનાવો, લોકકંઠે માળો બાંધીને રહેતા હોય છે. જો કે, આવા ઈતિહાસમૂલક પ્રસંગોને સાચવવામાં ચારણી સાહિત્યનો પણ મોટો હિસ્સો છે. જયારે કોઈ ઘટના ઘટે છે ત્યારે ચારણે તેને દુહા કે બિરદાવલીમાં બાંધતા હોય છે. આમ જનતા તેને લોકકંઠે કે રાસડામાં જીવતી રાખે છે. ખાસ કરીને કચ્છના દુહાઓમાં વીરરસ વધારે રેલાતો જોવા મળ્યો છે. કેમકે, કચ્છ જિલ્લાનું એકપણ ગામ એવું નહીં હોય જયાં સંતો, શૂરા અને સતીઓ ન પાકયાં હોય ! અને એટલે જ કચ્છમાં પાળિયાઓનો એક મોટો માહોલ અસ્તિત્વમાં આવ્યો છે. ત્યારે કંઠસ્થ સાહિત્યએ અને ચારણી સાહિત્યએ આ પાળિયાઓના ઈતિહાસમૂલક પ્રસંગોનાં રખોપાં કર્યાં છે અને એટલે આજે કચ્છના એક–એક ગામમાંથી નેક–ટેક, ન્યાય, ધર્મ, જાતિ ખાતર પોતાનાં લીલુડાં માથાંનાં બલિદાન આપનાર વીર નર–નારીઓની કથા સાંભળવા મળે છે. પરંતુ સાથે–સાથે બીજો પ્રશ્ન એ ઉદ્‌ભવે કે પાળિયા એ શું છે ? ત્યારે કહી શકાય કે પાળિયા એટલે મૃત્યુના સ્મારક. આ મૃત્યુનું સ્મારક મૂકવાની પ્રથા માત્ર ગુજરાત કે ભારતમાં મધ્યકાળમાં જ થઈ છે એવું નથી. આવાં સ્મૃતિચિહ્‌નો તો છેક વેદકાળમાં પણ મળે છે. વળી પાળિયો શબ્દ વિશે પણ અનેક મંતવ્યો જોવા મળે છે. કોઈ કહે છે કે, આ શબ્દ ' પાળ ' ઉપરથી

આવ્યો છે. તો કોઈ કહે છે કે સંસ્કૃત શબ્દ ' પાલયિતૃ ' (પાલક) ઉપરથી આવ્યો છે. આ ઉપરાંત પણ પાળિયો જુદી–જુદી જગ્યાએ જુદા–જુદા નામે ઓળખાય છે. જેમકે, ખાંભો–ખાંભી, નાગલિયા, ચગલિયા, લાઠ, લાઠય કે લાટ, ઠેશ કે ઠેશ્ય, શગ, છગ, ચગ, ફળા, ફડેલા, પોરસો, ઝુઝાર કે ઝુંઝાર, પાળિયા, પારીઆ, પાવરિયા, પાવલિયા જેવાં અનેક નામોથી ઓળખાય છે. આ પાળિયાની પરંપરા ઋગ્વેદમાંથી ઉદ્‌ભવી હશે. આમ, સ્તૂપ અને પાળિયાનું ઉદ્‌ગમસ્થાન એક જ ગણાવી શકાય. વળી ઈતિહાસની દષ્ટિએ પણ પાળિયાનું ખૂબ જ મહત્ત્વ છે. પાળિયાએ લોકજીવનનો ધબકાર છે. કેમકે, આવા સ્મારકો સાથેના અભિલેખોમાં ઈતિહાસ, પુરાતત્ત્વ વિશેની માહિતી પ્રાપ્ત થાય છે.

આ દરેક પાળિયાઓ વિવિધ હેતુભાવે અસ્તિત્વમાં આવ્યા છે. કેટલાક પાળિયાઓ પ્રણાલિકાગત અસ્તિત્વમાં આવ્યા છે. તો કેટલાક ગામ, ગોધન, બહેન–દીકરી, ન્યાય, કે ધર્મને ખાતર અસ્તિત્વમાં આવ્યા છે. તો કેટલાક પોતાના વહાલા સ્વજનની પાછળ મરીને ઊભા થયા છે. જેઓ શૂરા–પૂરા, સતીમા તરીકે પૂજાય છે. જેઓ પરહિતાર્થે મરી ફીટે છે તેઓ ખરા અર્થમાં વીરપૂજાને લાયક બને છે. પરંતુ આજે તો અનુમરણ, અવગતિયાઓના પાળિયા પણ પૂજાય છે. આ ઉપરાંત ઓટો, પગલાં, સમાધિ, વગેરે પણ સ્મૃતિચિહ્‌ન જ છે. સાંકેતિક પાળિયાનો પણ એક પ્રકાર છે. આ બધા પાળિયાઓની માંડણી, સ્થાપનાવિધિ, સ્થળ, પ્રતિષ્ઠાનો સમય, ઉત્થાપન તથા જિર્ણોદ્ધાર ગમે તે રીતે થતુ નથી. તેના માટે ચોક્કસ વાર તિથિ, સમય, સ્થળ વગેરે ભૂવા કે રાવલિયાની મદદથી જાણીને નક્કી થાય છે.

આ પાળિયા ઘડનાર સલાટો વિવિધ પ્રકારના પથ્થરો પર વિવિધ કોતરણી કાઢે છે. મરનાર સ્ત્રી કે પુરુષની જ્ઞાતિ, તેની પરંપરા, તે કઈ રીતે મૃત્યુને વર્યાં છે. તે દરેક બાબતને ધ્યાનમાં રાખીને કોતરણી કરે છે. ઉપરની આકૃતિમાં સૂર્ય–ચંદ્રનાં નિશાન વચ્ચે સ્ત્રી કે પુરૂષની આકૃતિ નીચેનો ભાગ લખાણવાળો જેમાં મરનારની બધી વિગત આપેલી હોય છે. જો કે, માનવના જ પાળિયાઓ અસ્તિત્વમાં આવે છે એવું નથી. પરંતુ પશુ–પક્ષીઓના પાળિયાઓનો પણ એક આગવો માહોલ છે. જેમાં ગાય, બળદ, ઘોડો, ગધેડો, કૂતરો, સૂવર, વાંદરો, જેવાં પશુઓ મોર, પોપટ, જેવાં પક્ષીઓની કોતરણી પણ દષ્ટિગોચર થતી હોય છે.

આની સાથે સાથે પાળિયાઓની ઊંચાઈ, પહોળાઈ, કદ, આકારાદિ

બાબતોને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. જો કે, જૂના જમાનામાં મોતને મીઠું કરવું એ રમત વાત હતી. મરવામાં માણસ ગૌરવ સમજતો હશે. સ્ત્રીઓ અને પુરુષો ધર્મન્યાય, પરહિતાર્થે, કયારેક કુટુંબ ખાતર, આબરૂ ખાતર, અરે ! પશુઓ ખાતર પ્રાણ આપનારાઓનાં પાળિયા પણ પાદરમાં પૂજાય છે. આમ, કયાંક ખાનદાની તો કયાંક ખૂટલાઈ એમ બધુ સાથે ચાલ્યું તેમાં અનેક યુદ્ધો થયાં પરિણામે અસંખ્ય પાળિયાઓ પાદરના પ્રતિહારી થઈને ઊભા થયા છે.

આ પાળિયાઓ વિષયક ગુજરાતમાં ઘણા વિદ્વાનો દ્વારા ઘણું સંશોધન થયું છે. જેમાં કર્નલ ટોડ, કેપ્ટન જેમ્સ, મેકમર્ડો, વોટસન, જેજસ, બર્જસ, બાર્ટન, જેવા અંગ્રેજ અભ્યાસુઓએ આ દિશામાં કાર્ય કરીને રાહ ચીંધ્યો છે જે ગૌરવની વાત છે.

તાઃ– ૬/૧૨/૧૫૪૯ માગસર સુદ – ૫ સંવત ૧૬૭૫ માં સ્થપાયેલી અને કચ્છ મ્યુઝિયમ, આયના મહેલ, પ્રાગમહેલ, શરદબાગ પેલેસ, લખપતજીની છતરડી જેવા પર્યટન મથકોથી શોભતી આ ભુજ નગરીની ઉત્તરે મોટું રણ અને પછી પાકિસ્તાન, પશ્ચિમે નખત્રાણા તાલુકો, દક્ષિણે માંડવી અને મુન્દ્રા તથા પૂર્વેઅંજાર તાલુકો છે. આ જિલ્લામાં ૧૬૦ ગામોનો સમાવેશ થાય છે. અહીં રાજપૂતો, કણબી, આયર (આહિર), મીયાણા, ખોજા, જત, ચારણ, રબારી, લોહાણા, વાણિયા, બ્રાહ્મણ વગેરેની વસ્તી જોવા મળે છે. આ લોકોને તેના અજોડ ઈતિહાસની વાત કહેવા બેઠાં છે ત્યાંના પાળિયાઓ. ભુજ તાલુકાના લગભગ ગામમાં પાળિયાઓ જોવા મળે છે. તેમાંય રાજા–મહારાજાઓની છતરડીઓને લીધે ભુજનગરી પ્રખ્યાત બની છે. અહીં દેશળજી, રાયધણજી, લખપતજી, ગોડજી, જેહોજી, પ્રાગમલ્લજી, રૂપાળીબા વગેરે તે સમયનો રાજકીય ઈતિહાસ છતો કરે છે. તો સામાન્ય માનવીઓના કેરામાં વાજાજીનો પાળિયો, લાખોંદમાં કમાબાઈનો પાળિયો, માનકૂવામાં કલાદાદા અને તેમની માતાનો પાળિયો, ધાણેટીમાં કરસનજીનો પાળિયો વગેરે પાળિયો થઈને પૂજાતાં શૂરા–સતીઓએ પોતાની જાતિઓને (જ્ઞાતિઓને) ઊજળી કરી છે.

સન ૧૮૭૮ માં સ્થાપાયેલ માંડવી તાલુકો ૨૨.૫૦ અંશ અક્ષાંશ અને ૬૯.૨૦ અંશ રેખાંશ પર આવેલ છે. તેની દક્ષિણે કચ્છનો અખાત, પશ્ચિમે પણ કચ્છનો અખાત અને અબડાસા તાલુકો, ઉત્તરે નખત્રાણા તથા ભુજ તાલુકો અને પૂર્વે મુન્દ્રા તાલુકો આવેલો છે. બાણું (૯૨) જેટલાં ગામોમાં વિભાજિત થયેલ આ તાલુકામાં પણ જૈન,

લોહાણા, ભાટિયા, કણબી, ખારવા, રાજપૂત, મુસ્લિમ, કોમ વસવાટ કરે છે. આ તાલુકાના મોટા ભાગનાં ગામો કોઈને કોઈ ઈતિહાસ સાચવીને બેઠાં છે જેમાં પાળિયાઓ, કિલ્લાઓ, ઈમારતો વગેરેનો સમાવેશ થાય છે. આ બધામાં પુરાતત્ત્વની વિપુલતા પાળિયામાં દેખાઈ આવે છે. ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માના માંડવી તાલુકાના પાંચોટિયા, ગુંદિયાળી, તલવાણા, ફરાદી, ગઢશીશા, કાઠડા, ઢોકળા, વીંગણિયા, જામથડા, બાયઠ, નાગ્રેચા, માપર, ભોજાય, મોટી ભાડઈ, મોટા ભાડિયા, ડોણ વગેરે ગામો પોતાના પાળિયાને કારણે ઈતિહાસમાં અમર બન્યાં છે.

મહેરઅલીનો મુન્દ્રા તાલુકો તેનાં એકસઠ ગામોમાં વહેંચાયેલો છે. આ શહેરની સ્થાપના સંવત ૧૬૯૬ માં થઈ હોવાનું જાણવા મળ્યું છે. દક્ષિણ–પૂર્વે કચ્છનો અખાત છે, પૂર્વે અંજાર તાલુકો છે, પ✓મે માંડવી તાલુકો અને ઉત્તરે ભુજ તાલુકો આવેલ છે. મુન્દ્રા ૨૨.૫૫ અંશ ઉત્તર અક્ષાંશ અને ૬૯.૪૬ અંશ રેખાંશ પર આવેલ છે. અહીંની ઉત્તમ આબોહવાને લીધે આ તાલુકાને કચ્છનું ' પેરિસ ' ગણવામાં આવે છે. આ તાલુકાનું જૂનામાં જૂનું ગામ ભદ્રે✓૨ છે, આ પ્રાચીનનગરી ઈતિહાસના અનેક અવશેષો સાચવીને બેઠી છે. આ સાથે જ અહીંના પાળિયાઓએ પણ પોતાનો આગવો ઈતિહાસ ઊભો કર્યો છે. છ ભાઈઓની લોહીની છ સર ભેગી થઈ તેનાં છ પાળિયા ' છસરા ' ગામમાં ઊભા છે. તો ગૌધનની વહારે થયેલા વીર શિવુભાનો પાળિયો મખિયાણા ગામે ઊભો છે. પૌત્ર પાછળ સત્તા થનાર ચાવડા વીર સત્તાજીનો પાળિયો નવીનાળ ગામમાં ઊભો છે. ઈ✓૨ને કેન્દ્ર બનાવીને શહીદ થયેલા ચાર સોની ભાઈઓના પાળિયા બારોઈ ગામમાં જોવા મળે છે. એ જ રીતે નાનકડા પશુ માટે પ્રાણ આપનાર પુનશ્રીનો પાળિયો સાડાઉ ગામમાં ઊભો છે. આવાં તો કેટલાંય ગામો તેના પાળિયાઓથી ભર્યાં ભાદર્યાં છે.

કચ્છના બારડોલી તરીકે જેની ગણના થાય છે તે નખત્રાણા તાલુકો ૨૩.૨૦ અંશ ઉત્તર અક્ષાંશ ને ૬૯.૧૫ અંશ પૂર્વ રેખાંશ પર આવેલ છે. આ તાલુકામાં મુખ્યત્ત્વે પાટીદાર કણબીઓ, બ્રાહ્મણો, વાણિયા, લોહાણા, રાજપૂત, ભાવસાર, હરિજન, અને મુસ્લિમ જેવી જ્ઞાતિઓ વસવાટ કરે છે. આ તાલુકાના દેશલપર પાસે હડ્પિયન સંસ્કૃતિના અને કદાચ એથીયે જૂના (પ્રાચીન) અવશેષો પ્રાપ્ત થાય છે. તો ધીણોધર, પુંઅરાનો ગઢ, જખબૌતેરા, ખોંભડી વગેરે મહત્વનાં મથકો છે. આ તાલુકાનાં ગામોમાં અન્ય અવેશષોની સાથે પાળિયાઓએ પણ પડાવ નાખીને પોતાની શૌર્યતા

અને ખુમારીનાં દર્શન કરાવ્યાં છે. એવાં પાળિયાઓમાં ભડલી ગામનો પાચાજીનો પાળિયો, બબ્બે જગ્યાએ સગપણ નક્કી થવાથી હવે પોતાનાં કુટુંબીજનો અને પોતાને કલંક લાગશે. એમ વિચારીને ભાવ ભકિતવાળી ધનબાઈ સતી થયાં. તેનો પાળિયો મંજલ ગામમાં ઊભો છે. તો મોરઝર મુકામે ચારણઆઈ વાનુમાસતી, તેમનાં દીકરી પાંબાસતી, પ્રેમાસતી, આંબાસતી, લાખિયાર વીયરાનાં જીવાસતી, નાના ધાવડાનાં સોનબાઈ સતી, ખોંભડીમાં જેમલજી, ખારડિયામાં મોકાસતા, બિબ્બર, નાની અરલ વગેરેના પાળિયાઓ ઈતિહાસની કહાણી કહેવા બેઠા છે.

જે તાલુકાને પૂર્વનો પહેરેદાર કહેવામાં આવ્યો છે. તે રાપર તાલુકો તેના મૂળનું નામ (શાપર) માંથી બદલીને રાપર બનેલું. આ તાલુકો તેનાં ૯૮ ગામોમાં વિભાજિત થયેલ છે. આ તાલુકો અક્ષાંશ ૨૩.૨૫ અંશ ઉત્તર અને રેખાંશ ૭૦.૩૮ અંશ પૂર્વ છે. આ તાલુકાની પૂર્વે રણ, તે પછી ચોરાડ એટલે બનાસકાંઠા અને દક્ષિણે રણ પછી ઝાલાવાડ, પિ્મે ભચાઉ તાલુકો આવેલો છે. આ તાલુકાનાં ગામોમાં મુખ્યત્વે કણબી, કોળી, જૈન, લોહાણા, મુસ્લિમો વગેરે જાતિઓ વસવાટ કરે છે. આ લોકો ખાસ કરીને ખેતી તથા પશુપાલન સાથે સંકળાયેલા છે. અહીં આવેલ ધોળાવીરા, સૂરકોટડા, ગેડી વ્રજવાણી, વરણું જેવાં ગામ અનોખો ઈતિહાસ સંઘરીને બેઠા છે. તો કચ્છના સુપ્રસિદ્ધ પાળિયાઓમાં જેની ગણના થાય છે. તેવા પલાંસવા ગામના વીર વનાજી તથા ચાંદોજીના પાળિયા અગ્રેસર રહ્યા છે. તે જ રીતે ગેડી ગામમાં વાઘો બારીનો પાળિયો, વ્રજવાણીના ઢોલી તથા આહિરાણીના પાળિયા, કાનમેરનાં જીવણીસતીનો પાળિયો, બ્રાહ્મણવીર જીવા દાદલનો પાળિયો મુખ્ય છે. આ સાથે બેલા, બાલાસર, સૂરબાવાંઢ, ભીમાસર, ભીમદેવકા, ચિત્રોડ, વગેરે ગામોમાં આજે પણ પાળિયાઓ અસ્તિત્વ ધરાવે છે.

એ જ રીતે, કચ્છ પ્રદેશને પાળિયાઓનો પ્રદેશ કહ્યો છે, તે કચ્છ જિલ્લાના અન્ય તાલુકાઓ જેવા કે, અંજાર, ગાંધીધામ, અબડાસા, લખપત, ભચાઉ વગેરે તાલુકાઓ પાળિયાઓથી શોભે છે જેમાં પીર થઈને પૂજાતા બહાદુર અલિયાજીનો પાળિયો કોરા ગામમાં આજે પણ પૂજાય છે. ' હલરા ' નો ભમો ભાલારો, વિંઝાણના વીર લાખાજી જે ઝારાના યુદ્ધમાં શહીદ થયેલા, નરા ગામનાં વીર ભીમજી તથા વીસોજી જેની કુરબાનીની કથા આજે પણ ચારણોના દુહામાં સચવાયેલી છે. મોટા કરોડિયાના કાંઈયા બારોટ, જામ હમીરજી, આઈ દેવલ, વીર અબડો, વગેરે ઉપરોકત પાળિયાઓમાંથી અમુક

પાળિયાઓ આજે લોકદેવ તરીકે પણ પૂજાય છે.

આમ, પાળિયાઓનો પનોતો પ્રદેશ બનેલ કચ્છ જિલ્લામાં જે પાળિયાઓ પથરાયેલાં છે, તે કચ્છનું ગૌરવ છે જે કચ્છ ઈતિહાસના ઊજળાં પાનાં બતાવે છે. આમ છતાં પણ માનવીની અજ્ઞાનતા અને ઋતુઓના ફેરફાર, કુદરતી પ્રકોપને કારણે ઈતિહાસ અને સંસ્કૃતિને જીવંતતા બક્ષનાર પાળિયાઓ જ વિનાશના આરે ઊભેલા દેખાય છે, ત્યારે એક ઊંડો નિઃસાસો નંખાઈ જાય છે.

આજે માનવીએ પોતાની અબુધતાને કારણે જયાં–જયાં અને જયારે–જયારે જરૂર પડી છે. ત્યારે–ત્યારે તેને પાળિયાનો ઉપયોગ કર્યો છે. કોઈએ ખેતરમાં પાળી બનાવવા, કોઈએ નદીએ કપડા ધોવા, કોઈએ મકાન કે ઢોરની ગમાણ બનાવવામાં તો વળી કોઈએ ઓટલા બનાવીને બેસવા માટે પણ આ સંસ્કૃતિની ઘરોહરનો બેફામ દુરુઉપયોગ કર્યો છે. આમ છતાં પણ જે પાળિયાઓ આજે બચ્યા છે તે ઈતિહાસ અને સંસ્કૃતિના રક્ષકો આજે કેવી હાલતમાં ઊભા છે, તેનો ચિતાર તો જેઓ પાળિયા પાસે તેની મૂંગી વાચા સાંભળવા ગયાં છે તેઓ જ આપી શકે. પાળિયાની દશા જોતાં માનવીની માનવતા મરી પરવારી હોય તેવું લાગે છે. જેઓએ એક જમાનામાં નેક–ટેક, ધર્મ, સદાચાર, ન્યાય, ને દેશ ખાતર પોતાના અમૂલ્ય જીવનની આહુતિ આપી હતી. તેઓના પાળિયાઓ આજે કેવી દયનીય સ્થિતિમાં પોતાના હૃદયની વાત કહેવા ધરારીથી ઊભા હોય તેવું લાગે.

જો આમને આમ પાળિયાઓની ઘોર ખોદાતી રહેશે તો એક દિવસ એવો આવશે કે આ અમૂલ્ય વીરાસતનું નામ–નિશાન પણ નહીં રહે. જે આવતીપેઢી માટે ખૂબ જ ચિંતાજનક પુરવાર થશે. કેમકે ઈતિહાસ સંસ્કારોને જાળવવાનું કાર્ય કરે છે, પરંતુ ઈતિહાસ જ નહીં રહે તો આવતી નવી પેઢી પોતાના પૂર્વજોનાં પરાક્રમો તેની ખુમારી અને તેના સંસ્કારોથી અજાણ રહેશે. પરિણામે એ ભારતીય સંસ્કૃતિના પરંપરાગત સંસ્કારોથી નવી પેઢી પણ વંચિત રહેશે. તેમાં કોઈ શંકા નથી. માટે પાળિયાઓને બચાવી લેવા ખૂબ જ જરૂરી બની ગયા છે.

જો કે, પાળિયાઓને બચાવવાનું કાર્ય કોઈ એકલ–દોકલ વ્યકિતથી શકય બનવાનું નથી. તેના માટે તો સરકાર અને સમગ્ર સમાજનો સહિયારો પુરુષાર્થ જ કામયાબ નીવડશે.

* ખરેખર તો સરકારના પુરાતત્ત્વ ખાતાએ પાળિયાઓને જાળવવા પ્રયત્ન કરવો જોઈએ. પાળિયાઓનો સર્વે થવો પણ જરૂરી છે.

* તેમજ દરેક ગામમાં સરપંચ કે એવી પ્રતિષ્ઠિત વ્યકિતઓએ ગામના સહયોગથી પાળિયાઓનો વિનાશ થતો અટકાવવો જોઈએ. તેમજ પાળિયાઓનું રક્ષણ થઈ શકે તે માટે છતરડી કે દહેરી બનાવવી જોઈએ. તેમજ જરૂર જણાય ત્યાં વિનાશને આરે ઊભેલા પાળિયાઓનો જીર્ણોદ્ધાર પણ કરવો જોઈએ.

* આ ઉપરાંત દરેક પ્રજાએ પોતાના વડીલોના પાળિયાઓને સાચવવા જોઈએ. તેમજ પાળિયા નીચેના લેખને જાળવવો જોઈએ જેથી ભવિષ્યના સંશોધકો માટે એક નવી દિશા ઊભી થઈ શકે.

* દરેક શાળાના શિક્ષકોએ પણ પાળિયા, પાળિયાનું મૂલ્ય બાળકોને સમજાવીને તેના (પાળિયા) તરફ આદર–સત્કારની ભાવના ખીલાવવી જોઈએ જેથી બાળકો આ ધરોહરનું મહત્ત્વ સમજી શકે.

* મારા પાળિયા વિષયક અભ્યાસ દરમિયાન મેં જાણ્યું કે જીવનના સનાતન મૂલ્યોની સાથે–સાથે ઈતિહાસ, પુરાતત્ત્વ અને નૃવંશશાસ્ત્રને લગતી પુષ્કળ વિગતો આ પાળિયાઓના અભ્યાસ થકી સાંપડતી હોવાથી, આ સ્મૃતિચિહ્નોની જાળવણી કરવાની તાતી જરૂરિયાત છે. આવા સંશોધન થકી આવેલી જાગૃતિથી એ શકય બનશે.

# પરિશિષ્ટઃ– ૧



ડાબી બાજુથી પ્રથમ રૂપબાની દીકરી બીજો રૂપબા તથા ત્રીજો રતનબાનો
પાળિયો ગામ : ભુજ, પ્ર.-૩



મચ્છર જ્ઞાતિના સતીમાનો પાળિયો(પાળિયા નીચેનું લખાણ)
ગામ : ભુજ, પ્ર.-૩



મહારાવ શ્રી પ્રાગમલજી(બીજા)નો પાળિયો ગામ : ભુજ, પ્ર.-૩



જાડેજા વાજાજીના પાળિયા નીચેનું લખાણ ગામ : કેરા, પ્ર.-૩



કમાબાઈ સતીના પાળિયા નીચેનું લખાણ ગામ : લાખોંદ, પ્ર.-૩



બેનબાઈ સતીના પાળિયા નીચેનું લખાણ ગામ : લાખોંદ, પ્ર.-૩



કરસનજીના પાળિયા નીચેનું લખાણ ગામ : ધાણેટી, પ્ર.-૩



રા'દેશળજી(બીજા)નો પાળિયો ગામ : ભુજ પ્ર.-૩



ડાબેથી પ્રથમ ભારમલ્લજી(પહેલા)નો તથા બીજો લીલાવતીનો
પાળિયો ગામ : ભુજ, પ્ર.-૩



અજાજીના પાળિયા નીચેનું લખાણ ગામ : માનકૂવા, પ્ર.-૩



વાઘજી આશાજીના પાળિયા નીચેનું લખાણ
ગામ : માનકૂવા, પ્ર.-૩



ડાબેથી પ્રથમ સજણકુંવરનો તથા બીજો જેહોજીનો પાળિયો
ગામ : ભુજ પ્ર.-૩



ડાબેથી પ્રથમ સુમરાજીનો તથા ત્રીજો વિભાજીનો પાળિયો
(લખાણમાં ઝારાનો ઉલ્લેખ) ગામ : નાનારેહા, પ્ર.-૩



વચ્ચેનો લખપતજીનો પાળિયો તથા બંને બાજુએ લખપતજીની
પાછળ સતી થયેલ સ્ત્રીઓના પાળિયા ગામ : ભુજ, પ્ર.-૩



ડાબેથીપ્રથમ ભાણબાઈ સતી અને કલાદાદાનો પાળિયો
ગામ : માનકૂવા, પ્ર.-૩



આઈ શ્રી પુનઈમા, ગામ : પાંચોટિયા, પ્ર.- ૪



જમણી બાજુ પ્રથમ રાણબાઈ સતીનો પાળિયો,
ગામ : નાના ભાડિયા, પ્ર.- ૪



આઈશ્રી ગુંદલ સતીનો પાળિયો, ગામ :- ગુંદિયાળી, પ્ર.- ૪



દેથરની છતરડી ગામ : ફરાદી, પ્ર.-૪



આવડ માતાજીના મંદિરમાં વારૂ બારોટનો પાળિયો
ગામ : કાઠડા, પ્ર.-૪



રૂઘા જોષીનો પાળિયો (ડાબેથી બીજો) ગામ : બાયઠ, પ્ર.-૪



માનબાઈ સતીનો પાળિયો ગામ : ભોજાય, પ્ર.-૪



કેસરજી હાજાજીનો પાળિયો ગામ : નાગ્રેચા, પ્ર.-૪



ડાબેથી પ્રથમ અજાજીનો તથા બીજો જીવણજીનો પાળિયો
ગામ : તલવાણા, પ્ર.-૪



જમણી બાજુથી પ્રથમ કમાસતીનો પાળિયો તથા
લાડુબાઈનો પાળિયો
ગામ : જામથડા (સ્થળ : પંચગંગાજી), પ્ર.-૪



જશોદામાના પાળિયા ગામ : વીંગણિયા, પ્ર.-૪



જમણેથી છેલ્લા બે જનકબા જાડેજાના પાળિયા તથા બાકીના
સૂરાઓના પાળિયા ગામ : ડોણ, પ્ર.-૪



સતાબાવાનો પાળિયો
ગામ : નવીનાળ, પ્ર.-૫



સતાબાવાનો પાળિયો
ગામ : નવીનાળ, પ્ર.-૫



હનુભા તેજમાલજીનો પાળિયો
ગામ : મોટી તુંબડી, પ્ર.-૫



જખ્ખાઈ વાડીમાં આવેલ પાળિયા
ગામ : ભડલી, પ્ર.-૬



વાનુમા સતીનું ટેકરી પર આવેલું મંદિર
ગામ : મોરઝર, પ્ર.-૬



વાનુમા સતીના મંદિરના બહારના ભાગમાં આવેલા પાળિયા

ગામ : મોરઝર પ્ર.-૬




જીવામા સતીનો પાળિયો(ડાબી બાજુથી પ્રથમ)

ગામ : લાખીયારવીરા પ્ર.-૬



સતી કમઈબેન/હોથી ખીંયરાજીના પાળિયા

ગામ : મંજલ પ્ર.-૬



ડાબી બાજુથી પ્રથમ તમાચીજીનો પાળિયો તથા બીજો

આનંદકુંવરબાનો પાળિયો ગામ : ખોંભડી પ્ર.-૬



સતીઓની છતરડીઓ ગામઃ ખોંભડી પ્ર.-૬



ડાબી બાજુથી ત્રીજો ભારમલજીનો તથા ચોથો
દેવાજીનો પાળિયો ગામઃ બિબ્બર, પ્ર.-૬



ધીણોધર ડુંગર,પ્ર.-૬



જામ હમીરજીની છતરડી જેમાં ગર્ભમાં જામ હમીરજીનો
પાળિયો તથા તેના સાથીદારોના પાળિયા
ગામઃ બારા(તેરા), પ્ર.-૮



જમણેથી ચોથો વીર લાખાજીનો પાળિયો ગામઃ વિંઝાણ, પ્ર.-૮



રખેશ્વર મંદિરની બાજુની છતરડીમાં રહેલ જેતમાલજીનો પાળિયો
ગામઃ વિંઝાણ, પ્ર.-૮



જાનના પાળિયા
ગામઃ ભીમદેવકા, પ્ર.-૭



જાનના પાળિયા નીચેનું લખાણ
ગામઃ ભીમદેવકા, પ્ર.-૭



જગાજીદાદાની ખાંભી
ગામ: બાલાસર, પ્ર.-૭



જેમલજીનો પાળિયો (ઘોડેસવારીવાળો)
ગામ:મોટી રવ, પ્ર.-૭



સિંધલ સોઢાના પાળિયા
ગામ: ગઢડા, પ્ર.-૭



ડાબી બાજુનો સિંધલ રણમલજીનો તથા
જમણી બાજુનો ભોજરાજજીનો પાળિયો
ગામ: ગઢડા, પ્ર.-૭



ડાબી બાજુનો સતી જીવણીનો પાળિયો
ગામ: કાનમેર, પ્ર.-૭



આહિરાણીઓ તથા ઢોલીનો પાળિયો
ગામ: વજવાણી, પ્ર.-૭



ઢોલીથરમાં આવેલાં પાળિયા
ગામ: વજવાણી, પ્ર.-૭



ગઢવીઓના પાળિયા
ગામ: સુરબાવાંઢ, પ્ર.-૭



જમણેથી પ્રથમ કરસન રાઘા કોળીની ખાંભી
ગામ: માનગઢ, પ્ર.-૭



ડુંગરજીનો પાળિયો (કુંવર લખધીરજીને ખોળામાં
લઈને સતા થયા હતાં) ગામ: લોદ્રાણી, પ્ર.-૭



લખપતજીનો પાળિયો
ગામ : ભુજ(છતરડી વિભાગ), પ્ર.-૩



કુંવરજી સામતસિંહનો પાળિયો
ગામ : ભુજ(છતરડી વિભાગ), પ્ર.-૩



જમણેથી પ્રથમ સતી રૂપાળીબાનો પાળિયો
ગામ : ભુજ(છતરડી વિભાગ), પ્ર.-૩



મચ્છર જ્ઞાતિના સતીમાનો પાળિયો
ગામ : ભુજ (છતરડી વિભાગ), પ્ર.-૩



જેઠીનો પાળિયો
ગામ : ભુજ(રામધૂન પાસે), પ્ર.-૩



વાજાજીનો પાળિયો
ગામ : કેરા,પ્ર.-૩



કમાબાઈ સતીનો પાળિયો
ગામ : લાખોંદ, પ્ર.–૩



બેનબાઈ સતીના પાળિયા
ગામ : લાખોંદ, પ્ર.–૩



કરસનજીનો પાળિયો
ગામ : ધાણેટી, પ્ર.–૩



રૂપકુંવરબા સતીનો પાળિયો
ગામ : વડવા(હોથી), પ્ર.–૩



વચ્ચેનો જેહોજીનો પાળિયો
ગામ : ભુજ(છતરડી વિભાગ), પ્ર.–૩



અજાજી નોંઘણજીનો પાળિયો
ગામ : માનકૂવા, પ્ર.–૩



જાડેજા વાઘજીનો પાળિયો
ગામ : માનકૂવા, પ્ર.-૩



જાડેજા પરવાજી સોગરામજીનો પાળિયો
ગામ : કેરા, પ્ર.-૩



હોથી શ્રીવનાજીનો પાળિયો
ગામ : કેરા, પ્ર.-૩



ફરાદીની ખાંભી
ગામ : ફરાદી,પ્ર.-૪



માનબાઈનો પાળિયો
ગામ : ગઢશીશા,પ્ર.-૪



વારૂ બારોટનો પાળિયો
ગામ : કાઠડા,પ્ર.-૪



જેઠાણંદદાદાનો પાળિયો
ગામ : માપર, પ્ર.-૪



મલુજી બારાતનો પાળિયો
ગામ : નાગ્રેચા, પ્ર.-૪



ડાબેથી ખાનજીનો તથા ખીમોજીનો પાળિયો
ગામ : મોટી ભાડાઈ, પ્ર.-૪



આશાજીદાદા તથા વિભાજીદાદાના પાળિયા
ગામ : ગુંદિયાળી, પ્ર.-૪



ભોજરાજજીનો પાળિયો
ગામ : ભોજાય, પ્ર.-૪



પૂંજા રોહડિયાનો પાળિયો
(ઊંચો પાળિયો) ગામ : જામથડા, પ્ર.-૪



દેશામાનો પાળિયો
ગામ : નાના ભાડિયા, પ્ર.-૪



જશોદામાનો પાળિયો
ગામ : વીંગણિયા, પ્ર.-૪



જાડેજા રાવજીનો પાળિયો
ગામ : ઢોકળા પ્ર.-૪



કરણજી તથા લાંછુબાના પાળિયા
ગામ : ઢોકળા, પ્ર.-૪



ઢોકળા ગામમા આવેલ પાળિયો
ગામ : ઢોકળા, પ્ર.-૪



જનકબાના પાળિયા
ગામ : ડોણ, પ્ર.-૪



શિવુભાનો પાળિયો તથા
તેના માહિતીદાતા
ગામ : મખિયાણા, પ્ર.-૫



બહારનો શિવુભાની માતાનો પાળિયો
ગામ : કુંદરોડી, પ્ર.-૫



લાખણસિંહ તથા તેમના
ભાઈઓના પાળિયા
ગામ : છસરા, પ્ર.-૫



રૂપાળીબા તથા હાલાજીના
પાળિયા ગામ : ભદ્રેશ્વર, પ્ર.-૫



હાલાજીના પાળિયાનું લખાણ
ગામ : ભદ્રેશ્વર, પ્ર.-૫



પુનશ્રીનો પાળિયો
ગામ : સાડાઉ, પ્ર.-૫



સુજાજીદાદાનો પાળિયો
ગામ : મોટા કાંડાગરા, પ્ર.-૫



સોનીભાઈઓના પાળિયા
ગામ : બારોઈ, પ્ર.-૫



સતીમાનો પાળિયો
ગામ : વીરાણિયા, પ્ર.-૫



હરઘોડજીદાદાની પ્રતિમા
ગામ : ટોડા, પ્ર.-૫



વાનુમા સતીનો પાળિયો
ગામ : મોરઝર પ્ર.-૬



વાનુમાના દીકરી પાંબાસતીનો પાળિયો
ગામ : મોરઝર પ્ર.-૬



પ્રેમાસતીનો પાળિયો
ગામ : મોરઝર, પ્ર.-૬



આંબાસતી/પુત્ર ઉમરદાન પાછળ
ગામ : મોરઝર, પ્ર.-૬



જીવામા સતીનો પાળિયો
ગામ : લાખીયારવીરા, પ્ર.-૬



સતી સોનબાઈ
ગામ : ઘાવડા(નાના), પ્ર.-૬



સતી કમઈબેન તથા હોથી ખીયરાજીના
પાળિયા પરની છતરડી,
ગામ : મંજલ, પ્ર.-૬



ડાબી બાજુથી પ્રથમ પાળિયો ખાનજી
નારાણજી તથા બીજો પાળિયો
ઝાલીમાનો ગામ : ખોંભડી, પ્ર.-૬



મોકાસતાની સમાધિ
ગામ : ખારડિયા, પ્ર.-૬



કમાસતીનો પાળિયો
ગામ : મોરઝર, પ્ર.-૬



નેણબાઈ સતીનો પાળિયો
ગામ : ચાવડકા, પ્ર.-૬



કુંભાજીનો પાળિયો
ગામ : નાનીઅરલ, પ્ર.-૬



ચાંદોજીનો પાળિયો
ગામ : પલાંસવા, પ્ર.-૭



જીવા દાદલનો પાળિયો
ગામ : સણવા, પ્ર.-૭



કાનજી મેરૂજીનો પાળિયો
ગામઃ દેશલપર, પ્ર.-૭



જશાજીનો પાળિયો / ખાંભી
ગામઃ બાલાસર, પ્ર.-૭



ઊંચા પાળિયામાં ડાબી બાજુ રવોજી
જમણીબાજુ રાહોજીનો પાળિયો
ગામ : કીડિયાનગર, પ્ર.-૭



વાઘોબારીનો પાળિયો
ગામ : ગેડી, પ્ર.-૭



વાઘોબારીનો પાળિયો
(લખાણવાળો ભાગ) ગામ : ગેડી, પ્ર.-૭



ટપુભા સાંગાજીનો પાળિયો
ગામ : કાનમેર, પ્ર.-૭



વીર વનાજીનો પાળિયો
ગામ : પલાંસવા, પ્ર.-૭



કેસરીસંગનો પાળિયો
ગામ : બેલા, પ્ર.-૭



જેમલજીના પાળિયા નીચેનું લખાણ
ગામ : મોટી રવ, પ્ર.-૭



આહિરાણીઓ અને ઢોલીનો પાળિયો
ગામ : વ્રજવાણી, પ્ર.-૭



વરણુંના સતીઓના પાળિયા
ગામ : વરણું, પ્ર.-૭



વીરોના પાળિયા
ગામ : ભીમાસર, પ્ર.-૭



વાઘેલા વિભાજીનો પાળિયો
ગામ : ભીમાસર, પ્ર.-૭



પચાણજીના સમયમાં વીર
પુરુષનો પાળિયો ગામ : ગેડી, પ્ર.-૭



જાડેજા અલિયાજીનો પાળિયો
ગામ : કાનમેર, પ્ર.-૭



જાડેજા અલિયાજી દેશળજીનો પાળિયો
ગામ : ચિત્રોડ, પ્ર.-૭



આમરજી અખેરાજજીનો પાળિયો
(ગાયોની વારે થયેલો) ગામ : લોદ્રાણી, પ્ર.-૭



ડાબી બાજુથી પ્રથમ વિસોજી, વચ્ચે વીરલાખાજી તથા
ત્રીજો ભીમોજીનો પાળિયો
ગામ:નરા, પ્ર.-૮




વીર અબડાનો નવો બેસાડેલો પાળિયો
ગામ:વડસર, પ્ર.-૮



જામ અબડાના મંદિરમાં અબડાની ખાંભી
ગામ:વડસર, પ્ર.-૮



વીર અલિયાજી નો પાળિયો ગામ : કોરા, તાઃ લખપત. પ્ર.- ૮



જામ હમીરજીનો પાળિયો
ગામ : બારા-તેરા, પ્ર.- ૮



તેજમાલજીનો પાળિયો
ગામ : વિંઝાણ, પ્ર.- ૮



કાંઈઆ બારોટનો પાળિયો
ગામ : વિંઝાણ, પ્ર.- ૮



જામ હમીરજીની છતરડી જેમાં ગર્ભમાં જામ હમીરજીનો પાળિયો
તથા તેના સાથીદારોના પાળિયા ગામઃ બારા(તેરા), પ્ર.-૮



જમણેથી ચોથો વીર લાખાજીનો પાળિયો ગામઃ વિંઝાણ, પ્ર.-૮



રખેશ્વર મંદિરની બાજુની છતરડીમાં રહેલ જેતમાલજીનો પાળિયો
ગામઃ વિંઝાણ, પ્ર.-૮

# માહિતીદાતા



પ્રવીણસિંહ જાડેજા
ગામ : મોટી ભાડઈ



મીર અમીનહાજી
ગામ : પલાંસવા



વિજયરાજજી એસ.જાડેજા
ગામ : ઘાવડા નાના



ડાબેથી હાજાભાઈ અને સામતભાઈ
ગામ : કાનમેર



ભુરૂભા આર. વાઘેલા
ગામ : કીડિયાનગર



ડાબેથી જશુભા અને હેતુભા
ગામ : લોદ્રાણી

# પરિશિષ્ટઃ- ૨

# ❑ પરિશિષ્ટ :- ૨❑
# * માહિતીદાતાની સૂચિ *

૧. અજયદાન શંકરદાન ગઢવી, ઉ.વ. ૫૨, ગામ :– લાખોંદ, વ્યવસાય :– ખેતી.

૨. આશાનંદ સુરાભાઈ ગઢવી, ઉ.વ. ૫૦, ગામ :– ઝરપરા, તાઃ મુન્દ્રા–કચ્છ, વ્યવસાય :– શિક્ષક

૩. કલ્યાણજી બારોટ, ઉ.વ. ૬૫, ગામ :– શેખડિયા, તા. મુન્દ્રા.

૪. કાનજીભાઈ રવજીભાઈ બારોટ , ઉ.વ. ૪૦, ગામ :– લાખોંદ,તાઃ– ભુજ–કચ્છ.

૫. કેશુભા પ્રાગજી જાડેજા, ઉ.વ. ૭૦, ગામ :– ટોડિયા, તા. નખત્રાણા–કચ્છ.

૬. ગુલાબસંગ ટપુભા જાડેજા, ઉ.વ. ૭૧, ગામ :– ટોડા, તા.મુન્દ્રા–કચ્છ, વ્યવસાય :– ખેતી ( હાલ નિવૃત્ત).

૭. ગુલાબસંગ ભીખુભા જાડેજા, ઉ.વ. ૬૮, ગામ :– રામાણિયા,તા. મુન્દ્રા–કચ્છ, વ્યવસાય :– ખેતી, શોખ :– પુસ્તક વાંચનનો.

૮. જશુભા ચાંદોજી વાઘેલા, ઉ.વ. ૭૫, ગામ :– લોદ્રાણી,વ્યવસાય :– ખેતી, (કાર્યમાંથી નિવૃત્તિ).

૯. જેઠા ભીમા ગઢવી, ઉ.વ. ૪૯, ગામ :– કાઠડા, વ્યવસાય :–ખેતી, શોખ :– જૂની વાતો સાંભળવાનો, તા. માંડવી–કચ્છ.

૧૦. ઝુઝારસંગ નરસંગજી વાઘેલા, ઉ.વ. ૬૦, વ્યવસાય :– ખેતી,ગામ :– પલાંસવા, તા. રાપર–કચ્છ.

૧૧. દાનસંગજી ભોજરાજજી જાડેજા, ઉ.વ. ૫૩, વ્યવસાય :– ખેતી, ગામ :– કુંદરોડી,તા. મુન્દ્રા–કચ્છ.

૧૨. નરપતસિંહ ગજુભા જાડેજા , ઉ.વ. ૫૦, વ્યવસાય :– ખેતી,ગામ :– માનકૂવા.

૧૩. પચાણ સામંત ગઢવી, ઉ.વ. ૪૨, ગામ :– મોટા ભાડિયા, તા.માંડવી–કચ્છ, વ્યવસાય :– ખેતી.

૧૪. પૂંજાભાઈ શંભુભાઈ કોળી, ઉ.વ. ૮૧, વ્યવસાય :– ખેતમજૂરી (નિવૃત્ત), ગામ :– માનગઢ રેલડી, તા. રાપર–કચ્છ.

૧૫. પ્રતાપસિંહ વરૂભા જાડેજા, ઉ.વ. ૩૫, વ્યવસાય :– ખેતી,

ગામ :– ભડલી, તા. નખત્રાણા, શોખ :– ઐતિહાસિક વાતો સાંભળવાનો.

૧૬. પ્રતાપસિંહ સુજાજી જાડેજા, ઉ.વ. ૪૯, વ્યવસાય :– વેપાર,ગામ :– ખોંભડી, તા. નખત્રાણા,

૧૭. પ્રવીણસિંહ દેશળજી જાડેજા, ઉ.વ. ૪૩, ગામ :– મોટી ભાડઈ, તા. માંડવી–કચ્છ, વ્યવસાય :– ખેતી, શોખ :– ઐતિહાસિક વાતો સાંભળવાનો.

૧૮. બચુભા બી. જાડેજા, ઉ.વ. ૬૯, ગામ :– ગુંદિયાલી,તા. માંડવી.

૧૯. બચુભા વા. જાડેજા , ઉ.વ. ૬૭, ગામ :– તલવાણા,તા. માંડવી–કચ્છ, વ્યવસાય :– ખેતી અત્યારે કાર્યમાંથી નિવૃત્તિ.

૨૦. બટુકસિંહ બી. સોઢા, ઉ.વ. ૨૨, વ્યવસાય :– ખેતી, ગામ :– ડાવરી, તા. રાપર–કચ્છ.

૨૧. બનેસંગ દેવાજી વાઘેલા, ઉ.વ. ૭૦, વ્યવસાય :– ખેતી,ગામ :– પલાંસવા, તા. રાપર–કચ્છ.

૨૨. બહાદુરસિંહ સુમરાજી જાડેજા , ઉ.વ. ૬૦, વ્યવસાય :–જમાદાર (નિવૃત્ત), ગામ :– માનકૂવા, તા. ભુજ–કચ્છ.

૨૩. ભચુભા આધુજી વાઘેલા, ઉ.વ. ૭૦, વ્યવસાય :– ખેતી, શોખ :– ઐતિહાસિક માહિતી મેળવવાનો, ગામ :– બેલા,તા. રાપર–કચ્છ.

૨૪. ભાનુભા વા.ચાવડા , ઉ.વ. ૬૫, મૂળગામ :– નવીનાળ, હાલમાં–માંડવી–કચ્છ, વ્યવસાય :– ટી. ડી. ઓ. ( હાલ નિવૃત્ત ).

૨૫. ભારાભાઈ બુધુ, ઉ.વ. ૬૬, ગામ :– ભોજાય, તા. માંડવી–કચ્છ, વ્યવસાય :– ખેતી.

૨૬. ભીખુભા એમ. જાડેજા , ગામ :– ધાણેટી, વ્યવસાય :– ખેતી, ઉ.વ. ૪૮, તા. ભુજ–કચ્છ.

૨૭. ભૂપતદાન અમરદાન બારોટ , ઉ.વ. ૬૫, ગામ :– આડેસર,તા. રાપર–કચ્છ.

૨૮. ભુરૂભા પ્રાગજી જાડેજા, ઉ.વ. ૭૯, વ્યવસાય :– ખેતી,ગામ :– નાની રવ, તા. રાપર–કચ્છ.

૨૯. ભુરૂભા વેશલજી જાડેજા, ઉ.વ. ૬૫, ગામ :– નાની અરલ,તા. નખત્રાણા, વ્યવસાય :– ખેતી.

૩૦. મગનભાઈ કાનજી ઘેડા, ઉ.વ. ૫૭, ગામ :– ફરાદી, તા.માંડવી–કચ્છ, વ્યવસાય :– ખેતીમજૂરી.

૩૧. મદારસિંહ કાળુભા વાઘેલા, ઉ.વ. ૭૫, વ્યવસાય :– ખેતી,ગામ :– નાની રવ, તા. રાપર–કચ્છ.

૩૨. મહેન્દ્રસિંહ નવુભા જાડેજા , ઉ.વ. ૪૫, વ્યવસાય :– એસ. ટી. કંડકટર, ગામ :– ભદ્રે✓ર, તા. મુન્દ્રા–કચ્છ, શોખ :– ઐતિહાસિક માહિતી એકઠી કરવાનો.

૩૩. માધુભા ખેતુભા જાડેજા , ઉ.વ. ૬૭, ગામ :– મોટી તુંબડી, તા.મુન્દ્રા–કચ્છ, વ્યવસાય :– ખેતી.

૩૪. મીતા એમ. ગઢવી , ઉ.વ. ૨૫, ગામ :– ભુજ, વ્યવસાય :–પી.ટી.સી. કોલેજમાં લેકચરર.

૩૫. મીર અમીન હાજી, ઉ.વ. ૫૨, વ્યવસાય :– ઢોલી, ગામ :–પલાંસવા, તા. રાપર–કચ્છ.

૩૬. મોકાજી જીલુભા સિંધલ સોઢા, ઉ.વ. ૪૨, વ્યવસાય :– ખેતી, ગામ :– ગઢડા (રાસાજી).

૩૭. મોબતસિંહ મમુજી સોઢા , ઉ.વ. ૫૦, ગામ :– વાંઢાય, શોખ :–ઐતિહાસિક વાતો સાંભળવાનો, તા. ભુજ–કચ્છ.

૩૮. મોરારદાન ગોપાલદાન ગઢવી, ઉ.વ. ૫૦, ગામ :– મોરઝર, તા. નખત્રાણા, વ્યવસાય :– પોસ્ટખાતામાં, શોખ :– સાહિત્ય લેખનનો.

૩૯. મોહનદાન દેવીદાન રોહડિયા, ઉ.વ. ૫૬, વ્યવસાય :– પશુ ડૉકટર, ગામ :– વીંગણિયા, હાલમાં– ભુજ.

૪૦. મ્યાજરભાઈ જે. ગઢવી, ઉ.વ. ૬૪, ગામ :– ભીમાસર, વ્યવસાય :– ખેતી તથા સેવાપૂજા, તા. રાપર–કચ્છ.

૪૧. રણજીતસિંહ હરિસિંહ જાડેજા, ઉ.વ. ૮૫, ગામ :– ફરાદી,તા. માંડવી–કચ્છ. વ્યવસાય :– ખેતી (નિવૃત્ત), શોખ :–જૂની વાતો સાંભળવાનો.

૪૨. રામસંગજી જશાજી જાડેજા, ઉ.વ. ૫૮, ગામ :– ચાવડકા,તા. નખત્રાણા, વ્યવસાય :– ખેતી.

૪૩. રામસંગજી જીતુજી જાડેજા ઉ.વ. ૫૮, વ્યવસાય :– ખેતી,
ગામ :– મોટા કાંડાગરા, તા. મુન્દ્રા–કચ્છ.

૪૪. ડૉ. રામસંગજી દેશલજી જાડેજા, ઉ.વ. ૮૧, શોખ :– વાંચનનો,ગામ :– કેરા,

૪૫. રાયમલભાઈ પી. રાઠોડ , ઉ.વ. ૪૭, ગામ :– ચિત્રોડ, હાલ :–નાની અરલ,
વ્યવસાય :– ખેતી, તા. નખત્રાણા–કચ્છ.

૪૬. લાલુભા ગેમરસંગ જાડેજા , ઉ.વ. ૪૫, વ્યવસાય :– ખેતી,
ગામ :– ફતેહગઢ, તા. રાપર–કચ્છ.

૪૭. વાલજીભાઈ રઘુરામ ત્રિવેદી, ઉ.વ. ૫૮, ( રૂપબા, રતનબાના મંદિરના
પુજારી ),ઠે : દેશદેવી આશાપુરા મંદિરની બાજુમાં, ગામ :– ભુજ–કચ્છ.

૪૮. વિજયદાન ખોડીદાન રેંઢ, ઉ.વ. ૪૫, ગામ :– લાખોંદ,
શોખ :– ઐતિહાસિક વાતો જાણવાનો, તા. ભુજ–કચ્છ.

૪૯. વિજયરાજજી સંગ્રામજી જાડેજા , ઉ.વ. ૬૦,વ્યવસાય :– ખેતી,
ગામ :– નાના ધાવડા, તા. નખત્રાણા, શોખ :– ઐતિહાસિક વાતો સાંભળવાનો.

૫૦. શિવનારાયણજી બારોટ ( કરસનજીના બારોટ ) મૂળ ગામ :– ધાણેટી,
હાલ :–રાજસ્થાન, ઉ.વ. ૬૨.

૫૧. સાવજસિંહ વી. જાડેજા ,મૂળગામ :– વીંઝાણ, હાલે :– ભુજ,ઉ.વ. ૬૦

૫૨. સુરૂભા કારૂભા જાડેજા, ઉ.વ. ૮૦, ગામ :– બેરાજા, તા. મુન્દ્રા–કચ્છ,

૫૩. હકાજી ગોપાલજી સોઢા , ઉ.વ. ૯૦, કાર્યમાંથી નિવૃત્ત,
ગામ :– ગઢડા (રાસાજી).

૫૪. હઠુભા જાલમસંગ જાડેજા , ઉ.વ. ૬૦, વ્યવસાય :– ખેતી,
ગામ :– વીરાણિયા, તા. મુન્દ્રા–કચ્છ, શોખ :– જૂની વાતો સાંભળવાનો.

૫૫. હઠુભા ઝુઝારસિંહ જાડેજા (માજી સરપંચ), ઉ.વ. ૭૫, વ્યવસાયઃ– ખેતી,
ગામ :– ગજોડ, શોખ :– ઐતિહાસિક વાતો – સાંભળવાનો તથા રાજકારણનો.

૫૬. હરભમજી ખુમાનસંગજી જાડેજા , ઉ.વ. ૭૫, ધો. – ૪ પાસ, વ્યવસાય :– ખેતી,
શોખ : વાંચનનો, વ્યવસાયમાં ખેતી ઉપરાંત આરોગ્ય કેન્દ્રમાં ચાલીસ વર્ષ ડ્રેસર
તરીકે બજાવેલ. ગામ :– કેરા, તા. ભુજ–કચ્છ.

૫૭. હરભમજી સંગ્રામજી જાડેજા , ઉ.વ. ૬૨, વ્યવસાય :– ખેતી, ગામ :– વડવા,

તા. ભુજ–કચ્છ. શોખ :– ઈતિહાસની વાતો સાંભળવી અને કહેવી.

૫૮. હેતુભા ચાંદોજી વાઘેલા, ઉ.વ. ૭૦, વ્યવસાય :– ખેતી, ગામ :– લોદ્રાણી.

## ❑ વિશિષ્ટ વ્યક્તિઓની લીધેલ મુલાકાત ❑

૧. આશાનંદ સૂરાભાઈ ગઢવી. – ઝરપરા.

૨. ઉમિયાશંકર અજાણી. – રેવન્યુ કોલોની ભુજ.

૩. દિલીપ વૈદ્ય. – આનંદ કોલોની – ભુજ.

૪. પ્રમોદભાઈ જેઠી. – કચ્છ મ્યુઝિયમ કયુરેટર ભુજ.

૫. મોરારદાન ગોપાલદાન ગઢવી. – મોરઝર.

૬. વાઘુભા જાડેજા– માનકૂવા.

૭. સાવજસિંહ વી. જાડેજા– વિંઝાણ.

# સંદર્ભગ્રંથ સૂચિ
# પરિશિષ્ટઃ- ૩

| | | | |
|---|---|---|---|
| ૧ | અસ્મિતા અને અનુસંધાન | ડો. અંબાદાન રોહડિયા વાસુકી પ્રિન્ટીંગ પ્રેસ | ૨૦૦૧ |
| ૨ | આપણાં સાંસ્કૃતિક ઉપાખ્યાનો | ડો. ગોવર્ધન શર્મા અને ભાવના મહેતા જ્ઞાનલોક પ્રકાશન –ગાંધીનગર | પ્રથમ ✓✓✓✓✓ ૧૯૯૩ |
| ૩ | ઈતિહાસની આરસીમાં કચ્છ | કંચનપંસાદ છાયા<br>ઉમા ઓફસેટ,સ્ટેશન રોડ ભુજ<br>✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓ | પ્રથમ ✓✓✓✓✓ ૨૦૦૪ |
| ૪ | કચ્છ ઈતિહાસ અને સંસ્કૃતિ | ✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓<br>✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓<br>–અમદાવાદ | વિ.સં. ૨૦૪૬ ઈ.સ. ૧૯૯૦ |
| ૫ | કચ્છ,કચ્છ ને કચ્છ | ✓✓✓✓✓✓ ✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓<br>માર્ગ કોમ્પ્યુટર્સ એન્ડ ગ્રાફિકસ ગાંધીનગર | પ્રથમ ✓✓✓✓✓ ૧૯૯૪ |
| ૬ | કચ્છ કલાધર–ભાગ:૨ | દુલેરાય કારાણી<br>પ્રવીણ પ્રકાશન–રાજકોટ | ✓✓✓ ✓✓✓✓✓ ૨૦૦૫ |
| ૭ | કચ્છના કર્ણધરો ભાગ–૨ | ✓✓✓✓✓✓✓✓✓ ✓✓✓✓✓✓✓<br>કમલેશ પ્રકાશન ભુજ (કચ્છ) | વિ.સં. ૧૯૪૪ |
| ૮ | કચ્છ : કેટલાક અવલોકનો | હરેશ ધોળકિયા<br>✓✓ ✓ ✓✓✓✓✓ ✓✓✓✓✓ | ફેબ્રુઆરી ૨૦૦૪ |

| | | | |
|---|---|---|---|
| ૯ | કચ્છનો ટૂંક પ્રવાસ | જયંતગીરી પી. ગોસ્વામી<br>ગોસ્વામી પ્રકાશન– માધાપર<br>ભુજ (કચ્છ) | પ્રથમ<br>✓✓✓✓✓<br>૨૦૦૫ |
| ૧૦ | કચ્છ દર્શન | શંભુદાન ગઢવી<br>✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓<br>અમદાવાદ | પ્રથમ<br>✓✓✓✓✓<br>૧૯૭૮ |
| ૧૧ | કચ્છ દેશનો ઈતિહાસ | ✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓<br>નિર્ણયસાગર છાપખાનું | સં. ૧૯૩૨<br>ઈ.સ. ૧૮૭૬ |
| ૧૨ | કચ્છની રસધારા ભાગ–૨ | દુલેરાય કારાણી<br>ગૂર્જર ગ્રંથરત્ન<br>કાર્યાલય–અમદાવાદ | ✓✓✓<br>✓✓✓✓✓<br>૧૯૮૦ |
| ૧૩ | કચ્છની રસધારા ભાગ–૩ | દુલેરાય કારાણી<br>ગૂર્જર ગ્રંથરત્ન<br>કાર્યાલય–અમદાવાદ | આઠમી<br>✓✓✓✓✓<br>૧૯૮૦ |
| ૧૪ | કચ્છની રસધારા ભાગ–૫ | દુલેરાય કારાણી<br>ગૂર્જર ગ્રંથરત્ન<br>કાર્યાલય–અમદાવાદ | પાંચમી<br>✓✓✓✓✓<br>૧૯૮૦ |
| ૧૫ | કચ્છ :લોક અને સંસ્કૃતિ | ડૉ. ગોવધન શર્મા અને ભાવના<br>મહેતા જ્ઞાનલોક<br>પ્રકાશન ગાંધીનગર | પ્રથમ<br>✓✓✓✓✓<br>૧૯૮૭ |
| ૧૬ | કચ્છ સમયની સરવાણી | ડો. પુલિન વસા<br>ટાઈપસેટીંગ –માંડવી(કચ્છ) | પ્રથમ<br>✓✓✓✓✓<br>૨૦૦૦ |
| ૧૭ | કચ્છના સંત–શૂરવીર ચારણો | બારોટ ભીમસી કાકુ<br>અશોક પ્રિન્ટરી<br>–માંડવી(કચ્છ) | પ્રથમ<br>✓✓✓✓✓✓✓<br>ડિસેમ્બર<br>૧૯૮૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | કચ્છનું સંસ્કૃતિ દર્શન | ✓✓✓✓✓ ✓✓✓✓✓✓✓✓✓<br>✓✓✓✓✓ ✓✓ ✓✓✓✓✓ ✓✓✓✓✓<br>રાયપુર – અમદાવાદ | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૫૯ |
| ૧૯ | કચ્છનો સાંસ્કૃતિક વારસો<br>પાળિયા | ✓✓✓ ✓ ✓✓ ✓✓✓✓✓✓✓✓<br>✓✓✓✓✓✓ ✓✓✓ ✓✓✓ | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૮૭ |
| ૨૦ | ✓✓✓✓✓ ✓✓✓✓✓ | એલ. એફ. રશબ્રુક વિલિયમ્સ<br>સિલસેસ્ટર, હેમ્પશાયર ઈંગ્લાંડ<br>(ગુ.મા.અમદાવાદ) | સપ્ટેમ્બર<br>૧૯૬૩ |
| ૨૧ | ગુજરાતી લોકકથા | ડો. હસુ યાજ્ઞિક અને હરિવલ્લભ<br>ભાયાણી ગુજરાતી<br>સાહિત્ય અકાદમી –<br>ગાંધીનગર | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૯૭ |
| ૨૨ | ✓ ✓✓ ✓✓✓ ✓✓✓✓✓ | અભેસંગભાઈ બારોટ | – |
| ૨૩ | દુહો દશમો વેદ | જયમલ્લ પરમાર<br>પ્રવીણ પ્રકાશન–રાજકોટ | પ્રથમ<br>✓✓✓✓<br>૨૦૦૫ |
| ૨૪ | ✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓✓<br>રાવળપીરદાદા | આશાનંદ સુરાભાઈ ગઢવી | પ્રથમ<br>✓✓✓✓ |
| ૨૫ | ભલો ભટારો કચ્છ | મૂળરાજ રૂપારેલ<br>સુમન પ્રકાશન –મુંબઈ | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૭૪ |
| ૨૬ | ભાતીગર ભોમકા કચ્છ | ✓✓✓✓✓ ✓✓ ✓✓✓✓✓✓✓✓<br>નીરવ પ્રકાશન, અમદાવાદ | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૭૭ |
| ૨૭ | ભાગું તો ભોમકા લાજે | જયમલ્લ પરમાર<br>રાજુલ દવે<br>પ્રવીણ પ્રકાશન–રાજકોટ | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૯૪ |

| | | | |
|---|---|---|---|
| ૨૮ | મારી કચ્છયાત્રા | ✓✓✓✓✓ ✓✓✓✓✓✓✓✓ ✓<br>રાયચુરા પ્રકાશન વડોદરા | વિ.સં.<br>૧૯૯૮ |
| ૨૯ | મેઘધનુષી કચ્છ | હરેશ ધોળકિયા<br>✓✓✓✓ ✓✓✓ ✓✓✓✓✓✓✓✓<br>ભુજ(કચ્છ) | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૯૭ |
| ૩૦ | રઢિયાળી રાત | ✓✓✓✓✓✓✓✓ ✓✓✓✓✓✓✓✓✓✓<br>પ્રિન્ટરી –અમદાવાદ | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૯૭ |
| ૩૧ | ✓✓✓ ✓✓✓✓✓✓ | ✓✓✓✓✓✓✓✓ ✓✓✓✓✓<br>ગુજરાત રાજય લોકસાહિત્ય<br>સમિતિ –અમદાવાદ | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૭૫ |
| ૩૨ | લોક સંસ્કૃતિનાં કલાધરો | જયમલ્લ પરમાર<br>પ્રવીણ પ્રકાશન–રાજકોટ | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૯૭ |
| ૩૩ | લોક સાહિત્ય અને ચારણી<br>સાહિત્ય | ઝવેરચંદ મેઘાણી<br>✓✓✓✓✓✓ ✓✓✓✓✓ ✓✓✓✓✓ | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૯૭ |
| ૩૪ | ✓✓✓✓ ✓✓✓✓✓✓✓✓✓✓ ✓✓<br>મૂલ્યાંકન | જયમલ્લ પરમાર | પ્રથમ<br>✓✓✓✓ |
| ૩૫ | સંશોધનની કેડીએ કચ્છ | નરેશ અંતાણી<br>વલો કચ્છડો કાર્યાલય<br>ભુજ (કચ્છ) | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૯૯ |
| ૩૬ | સંસ્કૃતિ દર્શન ભૂજ | પ્રમોદ જેઠી<br>શ્રી લિંબની પ્રકાશન, ભુજ<br>(કચ્છ) | પ્રથમ<br>✓✓✓✓✓✓<br>૨૦૬૧ |
| ૩૭ | સંત મેકરણ:એક વીરલ<br>✓✓✓✓✓ | હરેશ ધોળકિયા<br>✓✓✓✓ ✓✓✓ ✓✓✓✓✓✓✓<br>ભુજ(કચ્છ) | પ્રથમ<br>✓✓✓✓<br>૧૯૯૯ |
| ૩૮ | સાહિત્યાભિમુખ | ડૉ. અંબાદાન રોહડિયા પ્રવીણ<br>પ્રકાશન–રાજકોટ | માર્ચ<br>૧૯૯૯ |

## ❑ શબ્દકોશ ❑


❑ સાર્થ ગુજરાતી જોડણીકોશ, ગુજરાત વિદ્યાપીઠ – અમદાવાદ,
પ્રકાશક :– ડૉ. રાજેન્દ્ર ખીમાણી (કુલસચિવ), પાંચમી આવૃત્તિ – ૧૯૬૭.


### ❑–: સામયિકો :–❑


૧. ' કચ્છ તારી અસ્મિતા ' અંતર્ગત કચ્છની વનૌષધિઓ,લે. નિપુણ પી. બુચ, પૃ. ૧૪૩.

૨. ગુજરાત દીપોત્સવી અંક, વિ. સં. ૨૦૫૯ અંતર્ગત ' ભીલ આદિવાસીઓની મૌખિક પરંપરા ' લેખકઃ– ડૉ. ભગવાનદાન પટેલ,

૩. ગુજરાત દીપોત્સવી અંક વિ. સં. ૨૦૫૪ અંતર્ગત ' કંઠસ્થ પરંપરાની ઈતિહાસમૂલક રચનાઓ : તત્ત્વ અને તથ્ય ડૉ.બળવંત જાની, પૃ. ૫૯.

૪. કચ્છમિત્ર "દૈનિકમિત્ર મધુવન પૂર્તિ, લે. પ્રવીણચંદ્ર શાહ,પૃ. ૨ તાઃ– ૧–૩–'૦૯.

૫. ' સાધના ' ૨ જૂન – ૨૦૦૧ ' પાળિયા ' લે. મણિભાઈ વોરા,પૃ. ૧૨.

૬. કચ્છ શકિત ( કચ્છી નવા વર્ષ નિમિત્તે બહાર પડેલ સામયિક )૧૮ જૂન – ૨૦૦૪, વર્ષ – ૨૪ અંતર્ગત ' પ્રાણી અને પુત્ર પ્રેમના બલિદાનની લોકગાથા, લે. મહેશ સોલંકી (બેનામ),પૃ. ૨૬ થી ૨૮.

૭. કચ્છમિત્ર દૈનિક શનિવિશેષ અંતર્ગત માતૃશકિતનો મહિમા,લે. વિશ્રામ ગઢવી, પૃ. ૧૦, તાઃ– ૧૫–૧૧–૨૦૦૮.

૮. ઈતિહાસની આરસીમાં કચ્છ અંતર્ગત ' કચ્છમાં પાળિયાઓની વિવિધતા ' લે. પ્રા. મુકેશ એન. જોશી, પૃ. ૫૩.

૯. ' સ્વદેશ ' ૧૯૮૦ અંતર્ગત ' લજ્જા અને મર્યાદા ' લે. દુલેરાય કારાણી, પૃ. ૧૦ થી ૧૨.

૧૦. કચ્છમિત્ર દીપોત્સવી – ૨૦૬૨ અંતર્ગત ' કહે છે પાળિયા કચ્છના ', લે. ધનજી ભાનુશાલી, (કડક બંગાલી) પૃ. ૨૫૪–૨૫૫.